BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## પ્રથમ વર્ષ એમ.એ. - સંસ્કૃત
## સેમેસ્ટર- 02
## પેપર - 07
## MASKT - 07
## અલંકારશાસ્ત્ર અને મુદ્રારાક્ષસ



# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમતા પૂર્વક કરે છે. સમાજના વિશાળ વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતાં છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખૂ રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘર સુધી શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન આપવા સાથે અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*
*અસ્તુ!*

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

# MASKT-07

# અલંકારશાસ્ત્ર અને મુદ્રારાક્ષસમ્


| | |
|---|---|
| **નિદર્શન:** | |
| પ્રો. યોગેન્દ્ર પારેખ | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **વિષયસમિતિ:** | |
| પ્રો. નિરંજન પટેલ | કુલપતિ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદ |
| પ્રો. લલિત પટેલ | આચાર્ય, ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ કોલેજ, ગાંધીનગર |
| ડૉ. વિનોદ માજીરાણા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **સંપાદન** | |
| ડૉ. વિનોદ માજીરાણા | આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **સહ-સંપાદન** | |
| ડૉ. રાખી જૈન | આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **લેખન** | |
| ડૉ. ઈશિતા જે. ઠક્કર | આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી બી.ડી. એસ. આર્ટ્સ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, પાટણ |
| ડૉ. રીટાબેન પારેખ | પ્રોફેસર, શ્રી પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણ |
| ડૉ. રાજવી ઓઝા | આસિસ્ટન્ટ પ્રોફેસર, સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ |
| ડૉ. આનન્દ પણ્ડ્યા | આસિસ્ટન્ટ પ્રોફેસર, એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સુરત |
| **વિષય પરામર્શન** | |
| ડૉ. અમૃતલાલ ભોગાયતા | પ્રધાનાચાર્ય, શ્રી બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલય, નડીયાદ |
| ડૉ. દિલખુશ પટેલ | આચાર્ય, વી.એન.એસ.બેંક લી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વડનગર |
| ડૉ. મહેન્દ્ર દવે | આચાર્ય, સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડિયાદ |



**પ્રકાશક:** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રથમ આવૃત્તિ-2025**

**ISBN : 978-93-5598-675-7**



## સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

BAOU
Education for all

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**પ્રથમ વર્ષ એમ.એ.-સંસ્કૃત**

**સેમેસ્ટર-02**

**પેપર : 7**

**MASKT : 07**

**અલંકારશાસ્ત્ર અને મુદ્રારાક્ષસ**

# વિભાગ : 1 કાવ્યશાસ્ત્રની વિવિધ પરંપરાઓ


| | |
|---|---|
| **એકમ : 1**<br>**રસ સંપ્રદાય** | **1** |
| **એકમ : 2**<br>**અલંકાર સંપ્રદાય** | **17** |
| **એકમ : 3**<br>**ધ્વનિ સંપ્રદાય** | **34** |
| **એકમ : 4**<br>**રીતિ સંપ્રદાય** | **52** |
| **એકમ : 5**<br>**વક્રોક્તિ સંપ્રદાય** | **69** |
| **એકમ : 6**<br>**ઔચિત્ય સંપ્રદાય** | **86** |

## વિભાગ : 2 કાવ્યપ્રકાશ ઉલ્લાસ - 5


**એકમ : 7** **103**
**કાવ્યપ્રકાશ : સામાન્ય પરિચય**

**એકમ : 8** **116**
**કાવ્યપ્રકાશ – ઉલ્લાસ-5 મૂળ ગ્રન્થ અને ભાષાંતર**


## વિભાગ : 3 સાહિત્યદર્પણ


**એકમ : 9** **129**
**સાહિત્યદર્પણ : સામાન્ય પરિચય**

**એકમ : 10** **151**
**સાહિત્યદર્પણ પરિચ્છેદ 6 શ્લોક (1 થી 31)**

**એકમ : 11** **166**
**સાહિત્યદર્પણ પરિચ્છેદ 6 શ્લોક 40 થી અંત સુધી**


## વિભાગ : 4 સાહિત્ય દર્પણ


**એકમ : 12** **191**
**વિશાખદત્ત : જીવન, સમય અને કવન**

**એકમ : 13** **199**
**મુદ્રારાક્ષસ : સામાન્ય પરિચય**

**એકમ : 14** **215**
**મુદ્રારાક્ષસ : અંક 1 થી 3**

**એકમ : 15** **370**
**મુદ્રારાક્ષસ : અંક 4 થી સમાપ્તિ સુધી**

# વિભાગ : 1 કાવ્યશાસ્ત્રની વિવિધ પરંપરાઓ

# એકમ : 1 : રસ સંપ્રદાય

## રૂપરેખા

**1.0 ઉદ્દેશ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 રસ શબ્દનો અર્થ**

**1.3 રસ સંપ્રદાયની પરંપરા**

**1.4 રસની વ્યાખ્યા**

**1.5 રસસૂત્રના પ્રમુખ તથ્ય**

**1.6 રસના પ્રકારો**

**1.7 સ્થાયી ભાવ**

**1.8 રસના અંગ**

**1.9 આચાર્ય ભરતમુનિની રસ વિચારણા**

**1.10 રસ સંબંધી પરિભાષાનું ખંડન મંડન**

**1.11 રસ સંપ્રદાયની વૈજ્ઞાનિક વ્યાખ્યાઓ**

**1.12 તમારી પ્રગતિ ચકાસો**

## 1.0 ઉદ્દેશ

*આ એકમનો અભ્યાસ કર્યા બાદ આપ*

- *રસના વિષયમાં તમને પરિચય મળશે.*
- *રસ સંપ્રદાયના વિષયમાં તમને પરિચય મળશે.*
- *રસની વ્યાખ્યા વિશે જાણકારી પ્રાપ્ત થશે.*
- *રસના પ્રકારોની જાણકારી મળશે.*
- *રસ નિષ્પત્તિના અંગ વિશેની જાણકારી મળશે.*
- *રસ સંપ્રદાયની વૈજ્ઞાનિક વ્યાખ્યાઓનો પરિચય મળશે.*

## 1.1 પ્રસ્તાવના

*કાવ્ય એ વિશાળ વટ વૃક્ષના સમાન છે. જેની શાખાઓ શબ્દ, અર્થ, ગુણ, દોષ, રીતિ, છંદ અને અલંકાર વગેરે અને જેની પ્રાણ આપી શકનારી શક્તિ એ રસ છે. ગુણદોષ કાવ્યના બાહ્ય સૌંદર્ય માટેના ઉપકરણ છે અને તેને સચેતન કરવાનું કામ રસ કરે છે. ભારતીય સાહિત્યના આચાર્યોને હજારો વર્ષોના તપ પછી અમૃત સ્વરૂપે જે*

*રસ તત્ત્વને પ્રાપ્ત કર્યું હતું. તે દિશામાં પાશ્ચાત્ય આચાર્યોનું ધ્યાન બહુ પાછળથી આકર્ષિત થયું.*

## 1.2 રસ શબ્દનો અર્થ

*વ્યાકરણ વ્યુત્પત્તિ અનુસાર રસ શબ્દની વ્યુત્પત્તિ બે પ્રકારે છે.*

1. रस्यते इति रस: *એટલે કે જેનું આસ્વાદન કરી શકાય તે રસ છે. અને*
2. सरते इति रस: *એટલે કે જે વહી જાય તે રસ છે.*

*આ પ્રકારે રસમાં સ્વાદ અને દ્રવ્ય એ બે જોવા મળે છે. ઋગ્વેદમાં રસનો પ્રયોગ એક જગ્યાએ સોમરસ માટે આસ્વાદનના અર્થમાં લેવામાં આવ્યો છે. બ્રાહ્મણ ગ્રંથોમાં તેને મધુના અર્થમાં ગ્રહણ કરવામાં આવ્યો છે, તેથી* 'रसो वै मधु' *અને ઉપનિષદ ગ્રંથોમાં તેના આસ્વાદન અને દ્રવ્યતત્ત્વ બંને પ્રકારના સ્વભાવનું વર્ણન બહુ જ સૂક્ષ્મ રીતે કરેલ છે. રસને ચિદાનંદ સ્વરૂપ પરમાત્મા કહેવાય છે અને રસથી જ ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદની રચનાઓનો ઉદ્ભવ બતાવવામાં આવ્યો છે. રસ શબ્દ આ અનેક વિવેચન દર્શન ગ્રંથો, રામાયણ અને મહાભારતમાં કરવામાં આવ્યો છે. પરંતુ કાવ્યના અનુરૂપ એની સમ્યક વ્યાખ્યા પ્રથમ આચાર્ય ભરતે જ કરી છે.*

## 1.3 રસ સંપ્રદાયની પરંપરા

*પોતાના માનસ જાતના 18 શિષ્યોમાં બ્રહ્માએ રસવિષયક દીક્ષા નંદીકેશ્વરને આપી. આ દૃષ્ટિથી નંદીકેશ્વર સંપ્રદાયના પ્રથમ આચાર્ય કહી શકાય. નંદીકેશ્વર નાટ્ય, અભિનય, સંગીત વગેરેના આચાર્ય હોવાની સાથે સાથે કામશાસ્ત્રના પણ આચાર્ય છે અને કામશાસ્ત્રમાં શૃંગારરસની પ્રધાનતા હોવાથી અને કાવ્યશાસ્ત્રમાં પણ શૃંગારને રસરાજના રૂપમાં સ્વીકાર કરવાના કારણે નદીકેશ્વર રસના પણ આચાર્ય છે. તેમ છતાં પણ રસનું પ્રથમ વિવેચન તો નાટ્યશાસ્ત્રમાં જ જોવા મળે છે. તેથી રસના સ્વતંત્ર શાસ્ત્રીય વિવેચન ન તો આચાર્ય ભરતમુનિના પહેલા કોઈએ કર્યું છે અને ના તો ભરત એ કર્યું છે. રસનો અર્થ ભરત થી પહેલા સામાન્ય રીતે શૃંગારને સમજવામાં આવતું હતું. નંદીકેશ્વરનો રસવિષયક અભિમત આ દૃષ્ટિકોણ પર આધારિત છે. આચાર્ય ભરતનો આ મત નંદીકેશ્વરની અપેક્ષાથી વધારે વિચાર પૂર્ણ અને વ્યવસ્થિત છે. પરંતુ ભરતનો આ દૃષ્ટિકોણ નાટકનું વિવેચન કરવું હતું. રસનું નહીં.*

*ભરતમુનિએ 'દૃશ્યકાવ્ય'ની વિવેચનના સંદર્ભમાં નાટ્યરસનું વિવેચન કર્યું છે. જે કાલાન્તરમાં કાવ્યશાસ્ત્રનો એક પ્રમુખ વિચારણીય વિષય બની ગયો છે. તેમને નાટકને ત્રણ તત્ત્વો – વસ્તુ, નેતા અને રસને માન્યો છે. જેમાં રસને સૌથી વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે.* 'नहि रसादृते कश्चिदर्थ: प्रकल्पते' *અર્થાત્ 'રસ વગર કોઈ અન્ય અર્થ પ્રાપ્ત થતો નથી.' આ પંક્તિ તેનું પ્રમાણ છે. રસ અને ભાવની વિવેચના કરતા તેમને અલંકારો, ગુણ અને દોષને પણ રસને રસના આશ્રિત જ માન્યા છે.*

*આનંદવર્ધને ધ્વનિ સિદ્ધાંતની પ્રતિષ્ઠા કરતા રસધ્વનિને જ કાવ્યની આત્મા કહે છે. વિશ્વનાથે* 'रसात्मकं वाक्यं काव्यम् *આ સૂત્રમાં રસને જ કાવ્યનો આત્મા માનવામાં*

*આવ્યો છે. મમ્મટ અને તેના પૂર્વવતી આચાર્યો દ્વારા રસ સંપ્રદાયને વિશેષ મહાત્વ આપ્યું છે અને 'રસગંગાધર'ના પ્રણેતા પંડિતરાજ જગન્નાથે તો 'રસગંગાધર' નામનો ગ્રંથ જ તેને પરમકોટી સુધી પહોંચાડ્યો છે. જેનું વિસ્તૃત અને ગંભીર વિવેચન આચાર્ય આનંદવર્ધનકૃત 'ધ્વન્યાલોક' ગ્રંથની લોચનટીકામાં મળે છે. રીતિવાદી અલંકારવાદી આચાર્યોઓને છોડીને રસનું પ્રતિપાદક અને સમર્થન હિન્દીના આધુનિક આચાર્યોએ પણ કર્યું છે. જેનો મહત્ત્વપૂર્ણ પક્ષ તેમની મનોવૈજ્ઞાનિક વ્યાખ્યાથી જોવા મળે છે.*

## 1.4 રસની વ્યાખ્યા

*શ્રુતિઓમાં જે રસ તત્ત્વને અનંત, અખંડ, સ્વયંપ્રકાશ, સચ્ચિદાનંદઘન સ્વરૂપ પરબ્રહ્મની સંજ્ઞા આપવામાં આવી છે, કાવ્યશાસ્ત્રીઓએ તેને શ્રદ્ધા અને વિદ્વત્તાની સાથે રસને સત્વગુણ વિશિષ્ટ, સ્વયંપ્રકાશ, ચિન્મય આનંદસ્વરૂપ અને બ્રહ્મસ્વાદ જેવા વગેરે વિશેષણોથી કાવ્યના આત્માના રૂપમાં પ્રતિષ્ઠિત કરી છે. પ્રત્યક્ષ રૂપથી રસનું આસ્વાદન મધુર, અમ્લ, કટુ, તીક્ત વગેરે છ રસો દ્વારા થાય છે અને અપ્રત્યક્ષ રૂપથી કાવ્ય વિષયક રસનો અનુભવ રતિ વગેરે સ્થાયી ભાવના માધ્યમથી હૃદય દ્વારા થાય છે. જેમાં વિભાવ, અનુભવ અને સંચારીભાવ કારણ સ્વરૂપ વિદ્યમાન થયેલ છે. રસ નિષ્પત્તિના સંબંધમાં કાવ્યશાસ્ત્રના પૂર્વ આચાર્ય ભરતનું કહેવું છે કે,* विभावानुभावव्यभिचारिसंयोगाद्रसनिष्पत्तिः। *એટલે કે વિભાવ અનુભવ અને વ્યભિચારિ ભાવના સંયોગથી રસની નિષ્પત્તિ થાય છે.*

*સ્થૂળ લૌકિકભૂમિકાએ આપણે જે લાગણીઓ અનુભવીએ છીએ તેનાં કારણો, કાર્યો અને સહકારી કારણો રહેલાં હોય છે. તે આખી સામગ્રી કાવ્ય નાટ્યાર્પિત થાય છે. અર્થાત્ કવિ-નટ વડે કાવ્યકળા તથા નાટ્યકળાના માધ્યમથી રજૂઆત પામે છે. ત્યારે તેમને વિભાવો, અનુભાવો, વ્યભિચારી કહેવાય છે. જેનાથી અલૌકિક એવો રસ નિષ્પન્ન થાય છે. ભરતમુનિના આ સૂત્રને આધારે આલંકારિકોએ પોતાનો રસ વિચાર રજૂ કર્યો છે. દશરૂપકાર ધનંજય અને ધનિક પણ પોતાના ગ્રંથોમાં તેના વિશે વિસ્તૃત ચર્ચા કરે છે. આમ રત્યાદિ સ્થાયી જ્યારે વિભાવાદિ દ્વારા આસ્વાદિત ત્યારે રસનિષ્પત્તિ થાય છે.*

## 1.5 રસસૂત્રના પ્રમુખ તથ્ય

*ભરતમુનિએ રસ સૂત્ર દ્વારા જે તથ્ય આપ્યા છે. તેને રસના વિષયમાં નીચે પ્રમાણેના નિષ્કર્ષ નીકળે છે.*

*રસનું મૂળ તો તે મૂળ પાત્રોના હૃદયમાં માનવામાં આવે છે. જેમનો અભિનય અભિનેતાઓ (નટ કે નટી) દ્વારા કરવામાં આવે છે. પોતાની અભિનયકળા અથવા નાટક નિપુણતાના કારણે તે તેને ખૂબ જ અસલી રૂપમાં અભિનય કરીને ચેષ્ટા કરે છે. જેના માટે તેમની માનસિકતામાં પણ વધારો થાય છે. આ માનસિકતામાં તેઓ પોતાને મૂળ પાત્ર સમજવાનો ભ્રમ કરીને તેની જેમ જ તે સમાન ભાવોનું આરોપણ પોતાની અંદર કરે છે તેનું તાત્પર્ય એ છે કે તેમની માનસિકતાથી રસ સંબંધ જોડાયેલો*

છે. તેથી વ્યવહારિક દષ્ટિથી સાચા રૂપમાં તેમના હૃદયમાં પણ રસનો અધિવાસ માનવામાં આવે છે. જો તે મૂળ પાત્ર સાથે સાચી અનુભૂતિ ન કરી શકે તો તેના અભિનયમાં વાંછિત કળા અથવા તો નિપુણતા આવતી નથી.

રસની નિષ્પત્તિમાં એક પ્રમુખ બિંદુ દર્શક અથવા પ્રેક્ષકની માનસિકતા સાથે જોડાયેલું છે. અભિનેતાઓના કુશળ અભિનયથી ચમત્કૃત થઈને સહૃદય પ્રેક્ષક તેમાં મૂળ પાત્રની પરિકલ્પના કે અનુમાન 'ચિત્રતુરંગન્યાય' થી કરી લે છે. જેના કારણે તેઓ મૂળ પાત્રો અને અભિનેતાઓનો ઉલ્લેખનીય અંતર લાગતો નથી. તે અભિનેતાઓને જ મૂળપાત્ર સમજી તેમના સુખ-દુઃખમાં સમાન અનુભવતી કરવા લાગે છે. જેની સાથે તેમના હૃદયની સંવેદનાઓનો સહજ ભાવ જોડાઈ જાય છે અને તેમને રસની અનુભૂતિ થવા લાગે છે, ભલે તે મૂળ ઉત્પત્તિ, મૂળ પાત્રોના હૃદયમાં ન હોય તો પણ.

કેમ કે નાટક અથવા દૃશ્ય કાવ્યમાં એક પ્રમુખ પ્રયોજન દર્શકો અથવા સામાજિકોના મનને આનંદિત કરવાનું હોય છે. તેથી રસ નિષ્પત્તિનો એક અત્યંત મહત્ત્વપૂર્ણ પક્ષ તેમની માનસિકતાથી જોડાયેલું છે. તેનું સ્પષ્ટીકરણ આ રીતે કરી શકાય કે જ્યારે દર્શક મંચ પર અભિનય કરે છે, નાટક વગેરે જોવે છે. ત્યારે જે સૌથી પહેલા અભિધાશક્તિ દ્વારા તેનો અર્થબોધ કરે છે. તેથી તે વિભાવન-વ્યાપાર દ્વારા તેની સાથે પોતાના હૃદયનું સાધારણીકરણ કરે છે. આ સાધારણીકરણથી મનની સ્થિતિમાં તે સ્વયં ને મૂળપાત્ર સમજવાના ભ્રમ વશ અભિનય કળાની સાથે પોતાના ચિત્તનું સામંજસ્ય કરે છે. સામંજસ્યની આ સ્થિતિ જ્યારે બને છે, ત્યારે તે 'સ્વ' અને 'પર' અર્થાત્ કે પોતાના અને પરાયાની ભાવનાને ભૂલીને એવું સમજવા લાગે છે કે જાણે તે પોતે જ મૂળ પાત્ર છે. જેનો અભિનય તેની સામે કરવામાં આવી રહ્યો છે. તેથી એક એવી અન્ય સ્થિતિ આવી જાય છે, જ્યારે તે સાધારણકરણના ક્ષેત્રથી આગળ વધીને રસની ભુક્તિ અથવા ભોગ કરવા લાગે છે. આ પ્રકારે રસનું રસની નિષ્પત્તિ સહૃદય સામાજિકોની માનસિકતાથી સ્વતઃ જ નૈસર્ગિક રૂપમાં જોડાયેલું માની લેવામાં આવે છે.

રસ નિષ્પત્તિનો પ્રશ્ન કવિ અથવા કાવ્યપ્રણેતાની માનસિકતાથી તો સૌથી વધારે જોડાયેલો છે. કેમકે પોતાની સર્જનાનું જે સુખ તેને પ્રાપ્ત થાય છે. તે બીજા કોઈ અન્ય વ્યક્તિને પ્રાપ્ત થતું નથી. તેના માટે આવશ્યક એ છે કે તે સર્વપ્રથમ પોતાની કૃતિને પ્રાકૃતિક વિષય સાથે પોતાના તાદાત્મય સ્થાપિત કરે ત્યાર પછી તે પોતાની પ્રતિભાના બળથી તેને એવી રીતે નિર્મિતિ પ્રદાન કરે કે જેનાથી આત્મસુખના હેતુથી જ નહીં પરંતુ સાથે સાથે તેમાં એવા ગુણોનો પણ સમાવેશ રહેલો હોય કે જે લોક માનસમાં પણ ચિત્રનું અનુરંજન કરી શકે. તેની સર્જનાના મૂળમાં આદિ કવિ વાલ્મીકીના રામાયણની રચના જેવી એક મહત્ત્વપૂર્ણ ઘટનાની દિવ્ય પ્રેરણા પણ સંયોજિત રહે છે. જેથી તે કરુણતા કરી સર્જકને પ્રતિ ઉન્મુખ કરવાની શક્તિ પ્રદાન કરી શકે છે. તેનું આ સર્જન 'स्वान्तः सुखाय' થઈને પણ 'सर्वजनहिताय'' થઈ જાય છે. સર્જકનું એ સુખ છે કે તેને રસની અનુભૂતિનું સુખ અથવા આનંદ છે, તેથી

*કવિના મન ઉપર પણ રસનો વાસ થયેલો માનવામાં આવે છે. જે પોતાની સંવેદનાઓની સાથે પોતાના સહૃદય માત્રને પણ આનંદિત કરે છે.*

## 1.6 રસના પ્રકારો

*રસની સંખ્યા આઠ હોવાનું ભરતમુનિ સ્વીકારે છે. જેને કાવ્યપ્રકાશકાર આચાર્ય મમ્મટ પણ અનુમોદન આપે છે. પણ તેમણે નવમા રસ તરીકે શાન્ત રસને પણ સ્વીકાર્યો છે. આ રસોના સ્થાયીભાવ પણ આચાર્ય ભરતે જણાવ્યા છે. જેને પણ આચાર્ય મમ્મટ અનુમોદન આપી નવમાં શાંત રસના સ્થાયીભાવ તરીકે શમને ગણાવે છે.*

*નાટકના આઠ રસ કહ્યા છે. શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ અને અદ્દભુત. આ આઠ રસ સ્થાયીભાવ ઉપર આધારિત હોય છે. તે સ્થાયીભાવ નીચે પ્રમાણે છે.*

## 1.7 સ્થાયી ભાવ

*રસની પ્રક્રિયામાં આલંબન અને ઉદ્દીપન ભાવને રસનું બાહ્ય કારણ ગણવું જોઈએ. રસભૂતિનું આંતરિક અને મુખ્ય કારણ સ્થાયી ભાવ છે. સ્થાયી ભાવ એ નિષ્ક્રિય સંસ્કાર છે જે મનમાં કાયમ માટે રહે છે. જે સાનુકૂળ પ્રસરણ અને ઉત્તેજના સ્વરૂપે પ્રેરક સામગ્રી પ્રાપ્ત કર્યા પછી અભિવ્યક્ત થાય છે અને હૃદયમાં અનુપમ આનંદ પ્રસરે છે. આ સ્થાયી ભાવની અભિવ્યક્તિ રસ શબ્દ દ્વારા રસાસ્વાદજનક અથવા રસમાં હોવાને કારણે સમજી શકાય છે.*

व्यक्तः सः तैर्विभावाद्यैः स्थायी भावो रसः स्मृतः ।

*એટલે કે, ઉપરોક્ત વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવના સંયોજન દ્વારા વ્યક્ત થતા સ્થાયીભાવને રસ કહેવાય છે.*

*વ્યવહારની દશામાં વ્યક્તિ કેવા પ્રકારની અનુભૂતિ અનુભવે છે. તેને ધ્યાનમાં રાખીને સાહિત્યમાં સામાન્ય રીતે આઠ પ્રકારના સ્થાયીભાવ ધ્યાનમાં લેવામાં આવે છે. કાવ્યપ્રકાશકારે તેની ગણતરી આ પ્રમાણે કરી છે.*

**रतिहासश्च शोकश्च क्रोधोत्साहौ भयं तथा ।**

**जुगुप्सा विस्मयश्चेति स्थायिभावाः प्रकीर्तिताः ॥**

*એટલે કે રતિ, હાસ, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા કે દ્વેષ અને વિસ્મય – આ આઠ સ્થાયીભાવ કહેવાય છે. આ ઉપરાંત નિર્વેદને નવમો સ્થાયીભાવ પણ માનવામાં આવ્યો છે.*

*સ્થાયીભાવની સંજ્ઞા આ રીતે માનવમાત્રમાં રહેલી મૂળભૂત વૃત્તિ કે ભાવને અનુલક્ષે છે. પણ રસતત્ત્વની દીર્ઘકાલીન ચર્ચાવિચારણાઓમાં સ્થાયીભાવોના સ્થાન કે સંદર્ભ પરત્વે એકથી વધુ ભૂમિકાઓ જોવા મળે છે અને તેની નોંધ લેવાનું અહીં પ્રાપ્ત થાય છે.*

(1) *સ્થાયીભાવનું એક અધિષ્ઠાન તે સામાજિક છે. આ સામાજિકના ચિત્તમાં સ્થાયીભાવો જન્મજાત વૃત્તિઓ રૂપે રહ્યા હોય છે. અભિનવે રસનિષ્પત્તિ વિચારણામાં, સામાજિકના સ્થાયીભાયોને કેન્દ્રમાં આણ્યા છે. તેમનું એવું પ્રતિપાદન રહ્યું છે કે કાવ્યનાટકાદિમાં રજૂ થતા વિભાવાદિના યોગે સામાજિકમાં સુષુપ્તપણે પડી રહેલા સ્થાયીભાવો જ સાધારણીકૃત રૂપમાં ઉદ્દબુદ્ધ થઈ ઊઠે છે અને પોતાના એ સાધારણીકૃત સ્થાયીભાવોને જ તે રસરૂપે પ્રતીત કરે છે. તેના સ્થાયીભાવોનું સાધારણીકૃત રુપ એ જ રસ સ્વયં. અહીં આપણે એમ નોંધવાનું છે કે, સામાજિકમાં ઉદ્દબુદ્ધ થતા સર્વ સ્થાયીભાવોને કાવ્યનાટકના તત્સમ ભાવો જોડે અનુસંધાન છે. આ સંદર્ભમાં આપણે સામાજિકને સ્થાયીભાવોના અધિષ્ઠાન તરીકે સ્વીકારાતો જોઈએ છીએ. જોકે કાવ્યનાટકના યોગે જાગ્રત થતા એ સ્થાયીઓ તેના અંગત ભાવો રહેતા નથી, એટલે આચાર્ય અભિનવગુપ્તપાદે* स्थायिविलक्षणो रसः *એમ કહીને રસની સ્થાયીભાવથી ભિન્નતા રેખાંકિત કરી આપી છે.*

(2) *આચાર્ય અભિનવગુપ્તની રસમીમાંસામાં સમસ્ત નાટક કે કાવ્યમાં વ્યાપી રહેલા કોઈ એક સ્થાયીભાવનો વિચાર પણ મળે છે. મુખ્યપાત્રની પ્રધાન ચિત્તવૃત્તિ રૂપે એ આખી કૃતિમાં વ્યાપી રહ્યો હોય છે. કૃતિનાં પ્રધાન-ગૌણ બધાયે પાત્રોનું મુખ્યપાત્રના સંવિદમાં પ્રતિબિંબ પડતું હોય છે. એ રીતે કૃતિમાં મુખ્યપાત્રનો સ્થાયિવિશેષ તે સમસ્ત કૃતિનો સ્થાયિવિશેષ બની રહે છે.*

(3) *પ્રાચીન રસમીમાંસકોમાં આચાર્ય લોલ્લટે રસની 'ઉત્પત્તિ'નો સિદ્ધાંત રજૂ કર્યો છે. તેમની ચર્ચામાં નાટકમાં પ્રવેશ પામેલાં પણ મૂળ ઐતિહાસિક એવાં પાત્રોના સ્થાયીભાવોનો ઉલ્લેખ આવે છે. તેમનું એમ કહેલું છે કે યોગ્ય 'કારણ' મળતાં આ પાત્રોમાં સ્થાયીભાવો 'ઉત્પન્ન' થાય છે અને યોગ્ય પોષણ મળતાં તે 'પુષ્ટ' બને છે. આવો પરિપુષ્ટ સ્થાયી સ્વયં રસ રૂપ છે. એવું કહી શકાય કે રસની કોટિએ પહોંચે છે. અહીં મૂળ ઐતિહાસિક પાત્રોના સ્થાયીભાવોનો ઉલ્લેખ જોવા મળે છે. તે આપણે ધ્યાનમાં રાખવાનું છે.*

(4) *આચાર્ય શ્રીશંકુકની રસમીમાંસામાં સ્થાયીભાવોના અધિષ્ઠાનને લગતી વળી એક ભિન્ન ભૂમિકા જોવા મળે છે. તેઓ એમ કહે છે કે તખતા પર અભિનય કરતાં નટનટીઓ અનુકાર્ય રામાદિની 'અનુકૃતિ' કરે છે. અર્થાત્ તેઓ વિભાવાદિ સમેત સ્થાયીભાવોની 'અનુકૃતિ' રજૂ કરે છે. એ સ્થાયીભાવો એ રીતે તેમના અંગત ભાવ હોતા નથી. રસ-વિચારણામાં નટનટીઓ દ્વારા અનુકૃત સ્થાયીઓનો ખ્યાલ નવા પ્રશ્નો ઊભા કરે છે.*

(5) *કાવ્યનિર્માણની ક્ષણોમાં કવિચિત્તમાં મુખ્ય ચિત્તવૃત્તિ રૂપે જે ભાવ જન્મે છે. તેને પણ ઉપચારથી સ્થાયીવૃત્તિ કે સ્થાયીભાવ તરીકે ઉલ્લેખવામાં આવી છે,*

*રસવિચારણાના વિકાસક્રમમાં આ રીતે સ્થાયીભાવનાં ભિન્ન ભિન્ન અધિષ્ઠાનોનો ઉલ્લેખ મળે છે. સામાજિકના ચિત્તમાં સુષુપ્ત રહેલો સ્થાયી, કૃતિમાં વ્યાપકપણે રહેલો સ્થાયી, ઐતિહાસિક પાત્રોનો સ્થાયી, નટનટીઓનો અનુકૃત સ્થાયી અને કવિનો સ્થાયી એ દરેકનું સ્વરૂપ અને સ્થાન જુદાં છે.*

## 1.8 રસના અંગ

**વિભાવ**

*દશરૂપકકાર ધનંજય મુજબ જેનું જ્ઞાન થઈ શકે, જેનું આસ્વાદન કરવાથી સામાજિક રસાસ્વાદ કરી શકે તે વિભાવ કહેવાય છે.*

**ज्ञानमानतया तत्र विभावो भावपोषकृत् ।**

**आलम्बनोउददीपनत्वप्रभेदेन सा च द्विधा ॥**

*જયારે ભરત મુજબ વાણી અને અંગના અભિનયને આધારે અનેક અર્થો આના વડે વિભાવિત થાય છે. તેથી આને વિભાવ એવી સંજ્ઞા આપવામાં આવે છે.*

**बहवोऽर्था विभाव्यन्ते वागङ्यामिनयाश्रयाः ।**

**वागङ्गोपाङ्ग संयुक्तस्त्वनुभाव इति स्मृतः ॥**

*તે વિભાવ બે પ્રકારના છે. (અ) આલંબન વિભાવ તથા (બ) ઉદ્દીપન વિભાવ*

*(અ) આલંબન વિભાવ : જેના પર આધારિત હોય તે. શકુન્તલા દુષ્યંત માટે આલંબન વિભાવ છે.*

*(બ) ઉદ્દીપન વિભાવ : નાયક-નાયિકાને અસર કરતાં પરિબળો જેવાં કે ઉદ્યાન, વસંતઋતુ વગેરે ઉદ્દીપન વિભાવ છે.*

*આ વિભાવો જે તે રસને અનુરૂપ હોય છે. અને સહૃદયોમાં એ રીતે અસ્તિત્ત્વ ધરાવે છે કે જાણે તેનું સાક્ષાત જ્ઞાન પ્રાપ્ત કરી શક્યાં હોય. વળી કાવ્યાગત વિભાવનું ભાવન અને શાન તેમાં પ્રયુકત થયેલા શબ્દ વડે જ થાય છે અને સાથે સાથે તે લૌકિક જ્ઞાનથી વિશિષ્ટ હોય છે.*

*તાત્પર્ય કે, કાવ્યનાટકાદિમાં રજૂ થયેલા વિભિન્ન ભાવોને, અને તેના સમગ્ર ભાવસંકુલને, બોધિત કરી આપનાર, તેને પ્રકાશિત કરી આપનાર પાત્ર કે પદાર્થને 'વિભાવ' તરીકે ઓળખવામાં આવે છે. ભાવના પ્રાકટયમાં વિભાવ એ રીતે 'કારણ', 'નિમિત્ત' કે 'હેતુ' માત્ર છે. વ્યવહારજગતમાં વ્યક્તિને અન્ય વ્યક્તિ, પદાર્થ કે પરિસ્થિતિના આઘાતરૂપે જુદી જુદી લાગણીઓનો અનુભવ થતો હોય છે. એ રીતે તેના ચિત્તમાં જાગતી અમુક લાગણી માટે અમુક પાત્ર કે પદાર્થ કારણભૂત જણાય છે. સાહિત્યમાં નિરૂપાયેલી લાગણીઓ માટે કારણભૂત પાત્રો કે પદાર્થોને 'વિભાવ' જેવી વિશિષ્ટ સંજ્ઞા આપવામાં આવી છે. કેમ કે, વ્યવહારજગતથી સાહિત્યનું જગત સ્વરૂપતઃ ભિન્ન સંભવે છે. સાહિત્યસૃષ્ટિનાં પાત્રો અને પદાર્થો લૌકિક ભૂમિકાથી જુદી ભૂમિકાનાં હોય છે.*

*કવિના વિશ્વમાં તેના અનુભવજગતનો કોઈ પણ જડ કે ચેતન પદાર્થ વિભાવ તરીકે આવી શકે છે. કવિ પોતાના સંવેદનને અભિવ્યક્તિ આપવા પ્રવૃત્ત થાય છે. ત્યારે કે પાત્રોનું સંવેદન રજૂ કરવા ચાહે છે. ત્યારે વિરાટ વિશ્વની કોઈ પણ વિગત તેને ઉપયોગમાં આવી શકે. વિભાવો એ રીતે અસંખ્ય કોટિના હોય શકે.*

*કાવ્યનાટકાદિમાં વ્યક્ત થતા ભાવનો બોધ થવા માટે 'કારણ' ('હેતુ' કે 'નિમિત') બની રહેતાં પાત્રો અને પદાર્થોને આચાર્યોએ આમ 'વિભાવ' સંજ્ઞાથી ઓળખાવ્યા છે. આ 'વિભાવ' સંજ્ઞાનો મર્મ આપણે બરોબર લક્ષમાં લેવાનો છે. આપણે આગળ જોયું કે કવિતાની સૃષ્ટિ વ્યવહારજગતથી સ્વરૂપતઃ ભિન્ન છે. વ્યવહારમાં કોઈ એક વ્યક્તિના હૃદયમાં અમુક ભાવ જગાડનાર વ્યક્તિ કે પદાર્થ જેને 'કારણ', 'હેતુ' કે 'નિમિત્ત' રૂપ ગણાતાં હોય તો કવિતાની સૃષ્ટિમાં પાત્રના ભાવ જગાડનાર કે તેનું ઉદ્દીપન કરનાર વ્યક્તિ (કે પદાર્થ) પણ પહેલી નજરે એના જેવું 'કારણ', 'હેતુ' કે 'નિમિત્ત' લાગશે. પણ હકીકતમાં કવિતાની સૃષ્ટિમાં ભાવ અને તેના 'કારણ' વચ્ચેના સંબંધની ભૂમિકા બદલાઈ ગઈ હોય છે. લૌકિક કાર્યકારણની એ ઘટના રહી નથી. કાવ્યસૃષ્ટિના પાત્રે પોતાનું લૌકિક સ્તરનું 'કારણત્વ' અને તેનાથી જાગતા સંવેદને પોતાનું 'કાર્યત્વ' ત્યજી દીધું હોય છે. બંને વચ્ચે હવે જુદા સ્તરેથી સંબંધ થાય છે.*

*અનુભાવ*

*વાણી અને અંગ અભિનયોથી જેમાંથી અર્થ વિભાવિત થાય છે તે વાણી અંગ-ઉપાંગોથી સંયુકત અનુભાવ કહેવાય છે.*

**वागङ्गसत्वाभिनयैर्यस्मादयों विभाव्यते ।**

**वागडमोपाडग संयुक्तस्त्वनुभाव इति स्मृतः । वागङ्गसत्वाभिनयैर्यस्मादर्थोऽनुभाव्यते ।**

**वागङ्गोपाङ्ग संयुक्तस्त्वनुभाव इति स्मृतः ॥**

*રામાદિ નાયકના હૃદયમાં ઉદ્‌ભાવના રતિ વગેરે વ્યકત કરનારાં જેવા કે ભ્રૂવિશેષ, કટાક્ષાદિ દ્વારા વ્યકત થાય તે અનુભાવ કહેવાય છે.*

**સાત્ત્વિક ભાવ**

*વિભાવ અને અનુભાવ સાથે સાથે સાત્ત્વિક અને વ્યભિચારી બંનેની સાથે 'ભાવ' શબ્દ પ્રયોજાયો છે. આ 'ભાવ' નું લક્ષણ આપતાં ધનંજય જણાવે છે કે સુખ-દુઃખ, હર્ષ-શોક, વગેરે ભાવો રામાદિ અનુકાર્ય દ્વારા જયારે વ્યકત કરવામાં આવે છે. ત્યારે સહૃદયો દ્વારા તેનું ભાવન થાય છે. એટલે કે મૂળ રામાદિ અનુકાર્ય દ્વારા જયારે વ્યક્ત કરવામાં આવે છે ત્યારે સહૃદયો દ્વારા તેનું ભાવન થાય છે. એટલે કે મૂળ રામાદિ પાત્રમાં રહેલ ભાવો કાવ્ય દ્વારા કવિ રજૂઆત કરે છે. તેથી તે સહૃદયને આનંદિત કરે છે. આમાં અનુભાવત્વ છે તેમ છતાં તેને અનુભાવોની જેમ જ વિકાર હોવા છતાં અલગ શા માટે મનાય છે ? આ પ્રશ્નનો જવાબ આપતાં ધનંજય કહે છે કે આ 'સાત્ત્વિક' એમ સંજ્ઞા એટલા માટે આપવામાં આવી છે કે 'સત્ત્વ' થી અર્થાત્ માનસિક સ્થિતિ ઉદ્‌ભવે છે. સત્ત્વનો અર્થ અનુકાર્ય રામાદિના દુઃખાદિથી ભાવકનું ચિત્ત ભાવિત થાય છે. આ સાત્ત્વિકભાવ આઠ પ્રકારનો છે સ્તંભ, સ્વેદ, રોમાંચ, સ્વરભંગ, વેપથુ, વૈવર્ણ, અશ્રુ અને પ્રલય.*

**વ્યભિચારીભાવ**

*આ ભાવ પ્રધાનપણે સ્થાયીભાવ અંતર્ગત કયારેક આરોહ તો કયારેક અવરોહ પામતા જેવા મળે છે. જેવી રીતે સમુદ્રમાં મોજાં પેદા થાય છે અને વિલિન થાય છે. આ*

વ્યભિચારીભાવોની સંખ્યા 33 છે. નિર્વેદ, ગ્લાનિ, શંકા, અસૂયા, મદ, શ્રમ, આલસ્ય, દૈન્ય, ચિંતા, મોહ, સ્મૃતિ, ધૃતિ, વ્રીડા, ચપલતા, હર્ષ, આવેગ, જડતા, ગર્વ, વિષાદ, ઔત્સુક્ય, નિદ્રા, અપસ્માર, સુપ્ત, પ્રબોધ, અમર્ષ, અવહિત્થા, ઉગ્રતા, મતિ, વ્યાધિ, ઉન્માદ, મરણ, ત્રાસ અને વિતર્કનો સમાવેશ થાય છે.

સંસ્કૃત આચાર્યોએ સ્થાયી અને વ્યભિચારીઓ વચ્ચે ભેદરેખા આંકી છે. તે એમ પ્રતિપાદિત કરવા ચાહે છે કે, સ્થાયી ગણાયેલા ભાવો માનવ પ્રકૃતિમાં મૂળમાં રોપાયેલા મૂળભૂત ભાવો છે. માનવચિત્તમાં તેનું નિરપેક્ષ અસ્તિત્ત્વ રહ્યું છે. સ્થાયીભાવની ઉપસ્થિતિ એ રીતે સ્વયંભૂ ઘટના છે અને એના પોતાના સિવાય અન્ય આશ્રયની અપેક્ષા નથી, જોકે અન્ય રસ વિભાવના આશ્રયે એ આવી શકે છે. આથી ઉલ્ટું, વ્યભિચારિભાવોને કોઈ ને કોઈ સ્થાયીની પૂર્વસત્તાની અપેક્ષા રહે છે. સ્થાયિભાવના આવિર્ભાવ રૂપે જ તે અસ્તિત્ત્વમાં આવે છે. અર્થાત્ સ્થાયીથી નિરપેક્ષ તેને કોઈ સત્તા સંભવતી નથી. સ્થાયીને જો આપણે વિશાળ પ્રવાહરૂપે કલ્પીએ તે વ્યભિચારીઓને એની સપાટી પર નિરંતર જન્મીને લય પામતા બુંદ કહેવા પડે. મહત્ત્વની વાત એ છે કે પરસ્પર ભિન્ન અને પરસ્પર વિરોધી લાગતા વ્યભિચારીઓને સ્થાયિભાવ આત્મસાત્ કરી લેવા સમર્થ હોય છે; એટલું જ નહિ, આવા અસંખ્ય વ્યભિચારીઓને પચાવીને તે પોષણ અને સંવર્ધન પામતો હોય છે.

સ્થાયી અને વ્યભિચારી વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરતાં અભિનવે મણિમાળાનું જે દૃષ્ટાંત આપ્યું છે તે સૂચક છે. એ દૃષ્ટાંત પ્રમાણે સ્થાયી એ મણિમાળામાં રહેલા સૂત્ર સરખી વસ્તુ છે. સમગ્ર માળામાં એ સળંગ સત્ર રૂપે આવે છે, જ્યારે વ્યભિચારીઓએ સૂત્રમાં પરોવાયેલા રંગબેરંગી મણિઓ જેવા છે. એની વિવિધરંગી ઝાંયથી એ આખુંયે સૂત્ર રંગીન ઝાંય ધારણ કરે છે. એનો સૂચિતાર્થ એમ થશે કે જેને મૂળ સ્થાયિભાવ ગણ્યો તે ખરેખર તો વ્યભિચારિભાવોની અપારવિધ અર્થચ્છાયાઓ આત્મસાત્ કરીને વિશિષ્ટ સ્થાયી તરીકેની સંજ્ઞા પામે છે. વ્યભિચારીઓ એ રીતે સ્થાયિભાવને અભિમુખ રહીને સક્રિય બને છે, તેમાં સમર્પક બનીને તે આત્મલય સાધે છે, અને એમાં જ તેની કૃતકૃત્યતા રહી છે. પણ સ્થાયિભાવોનું ગૌરવ તેને મળ્યું નથી તે પણ સૂચક છે. પ્રાચીન પરંપરાના મોટા ભાગના આચાર્યોએ એવી ભૂમિકા સ્વીકારી છે કે સ્થાયી જ રસત્વની ક્ષમતા ધરાવે છે, વ્યભિચારી નહિ. સંસ્કૃત રસવિચારણાની પરંપરામાં પાછળથી જે રીતે સ્થાયિવિશિષ્ટ ભાવો અને તજ્જન્ય વિશિષ્ટ રસોની સંખ્યા પરત્વે વિચારભેદ ચાલતો રહ્યો તેમાં આ સમજ કારણભૂત રહી દેખાય છે. સંસ્કૃત આચાર્યોએ પોતાની સમક્ષ નવા નવા ઉન્મેષોવાળું સાહિત્ય ઊઘડતું જોયું, તે સાથે જ તેમને નવા નવા રસોની વ્યવસ્થા કરવાનું જરૂરી લાગ્યું હતું, અને દરેક નવા રસની પ્રતિષ્ઠા કરતાં તેના આશ્રયભૂત સ્થાયિભાવની અલગ સત્તા પણ તેમને સ્વીકારવી પડે એમ હતું. અભિનવની શાંતરસની વ્યવસ્થા અને તેના આશ્રયભૂત 'નિર્વેદ' કે 'તત્ત્વજ્ઞાન' જેવા સ્થાયીનો સ્વીકાર-અસ્વીકાર એ રીતે એક રસપ્રદ પ્રકરણ બની રહે છે.

વ્યભિચારીઓ તરીકે ગણાવવામાં આવેલા 33 ભાવોનું આધુનિક માનસશાસ્ત્રના પ્રકાશમાં અવલોકન કરવામાં આવે તો, સમજાશે કે એ બધા એક જ કોટિના એકસરખા મનોવ્યાપારો નથી. એ પૈકી ગ્લાનિ, કૃતિ, નિર્વેદ જેવા ભાવો મનના ઊંડા વ્યાપક વ્યાપારો સંભવે છે. એના દૈહિક આવિષ્કારો એટલા સ્ફુટ નથી, પણ એની માનસિક ભૂમિકા સંકુલ હોઈ શકે છે. એટલે સ્થાયિભાવ જેવા કે લગભગ એ ભૂમિકાએ પહોંચતા એ ભાવો છે. મતિ, વિતર્ક અને સ્મૃતિ એ 'ભાવો'માં વળી ખરેખર તો અમુક બૌદ્ધિક વ્યાપારોનું પ્રાધાન્ય સૂચવાય છે. આથી ભિન્ન, આલસ્ય, જડતા, નિદ્રા, અપસ્માર, સુપ્ત અને મરણ જેવા 'ભાવો' વ્યક્તિના મનોભાવો કરતાંયે વધુ તો તેના દેહની અવસ્થાને જ વધુ અનુલક્ષે છે.

## 1.9 આચાર્ય ભરતમુનિની રસવિચારણા

રસવિચારણાના ઈતિહાસમાં આચાર્ય ભરતમુનિની નાટ્યરસની વિચારણા, આ વિશેની ઉપલબ્ધ વિચારણાઓમાં સૌથી પ્રાચીન છે. આચાર્ય લોલ્લટ વગેરેની રસવિચારણા તેમના પ્રસિદ્ધ રસસૂત્રની વ્યાખ્યા વિચારણા રૂપે, કહો કે અર્થઘટનરૂપે વિકસી છે. રસ વિશે ભરતની ચર્ચા સંક્ષિપ્ત પણ એટલી શાસ્ત્રીય રૂપની છે કે, આજના વિદ્વાને આચાર્ય ભરતમુનિની પહેલાં રસની વ્યવસ્થિત ચર્ચા આરંભાય હોય એમ માનવા પ્રેરાયા છે. રસ એ જ નાટ્યનું પરમ પ્રયોજન છે અને એ જ તેનું પ્રાણતત્ત્વ છે, એમ કહી ભરતે તેનું અપૂર્વ ગૌરવ કર્યું છે. નાટકમાં ભાવ અભિનય આદિ સર્વે તો રસનિષ્પત્તિ અર્થે જ આવે છે, અને તેને સમર્પક બનીને જ સાર્થક બને છે. આમ, નાટ્યમાં તેમણે રસનું અનન્ય સ્થાન સ્વીકાર્યું,

આચાર્ય ભરતમુનિ 'નાટ્યરસ' એવી વિશિષ્ટ સંજ્ઞા પ્રયોજી છે, અને નાટ્યપ્રયોગના સંદર્ભમાં જ તેઓ રસના તત્ત્વનો વિચાર કરી રહ્યા છે. બીજું, સુમનસ્ પ્રેક્ષકો આ 'નાટ્યરસ'નો આસ્વાદ લેતા હોય છે, એમ તેઓ કહે છે. ત્રીજું, એ 'નાટ્યરસ'માં સ્થાયિભાવ જ આસ્વાદની મુખ્ય સામગ્રી છે. 'ભોજ્યરસ'ના દૃષ્ટાંતમાં આસ્વાદની મુખ્ય સામગ્રી તો અન્ન છે અને જુદાં જુદાં વ્યંજનાદિ એની રોચકતા વધારવામાં ફાળો આપે છે; કંઈક તેવી જ રીતે 'નાટ્યરસ'ની બાબતમાં સ્થાયિભાવ આસ્વાદની મુખ્ય સામગ્રી બની રહે છે, અને વિભાવાદિ તેમાં માત્ર રોચકતા ઉમેરે છે. તાત્પર્ય કે, 'નાટ્યરસ'નો મુખ્યસ્રોત સ્થાયિભાવ જ છે, એટલે વિભાવાદિરૂપ બીજી બધી સામગ્રી તેને અવલંબીને અને તેને અર્થે જ પ્રયોજાય છે. આ દૃષ્ટાંતમાંથી એમ પણ તારવી શકાય કે અન્ન આદિ પદાર્થોથી 'ભોજ્યરસ' જે રીતે અનેરો સ્વાદ પ્રાપ્ત કરે છે, તે જ રીતે ભાવ, વિભાવ આદિના પરિપાક રૂપ 'નાટ્યરસ' પણ અનેરો સ્વાદ ધરાવે છે.

## 1.10 રસ સંબંધી પરિભાષાનું ખંડન મંડન

આચાર્ય ભરતના રસ સંબંધી ઉક્ત પરિભાષાનું ખંડન મંડન કાવ્યશાસ્ત્રના અંતિમ વિદ્વાન પંડિતરાજ જગન્નાથ સુધી થતું રહ્યું છે. ભરતના રસ સિદ્ધાંતના પહેલા વિરોધી આચાર્ય ભામહ હતા. આચાર્ય ભામહ એ અલંકાર સિદ્ધાંતની સ્થાપના કરી. દંડી, ઉદ્ભટ અને રુદ્રટ પણ અલંકારવાદી આચાર્ય હતા. વામન એ કાવ્યની આત્માનું સ્વરૂપ રીતિ સિદ્ધાંતમાં સિદ્ધ કર્યું. આચાર્ય ઉદ્ભટ એ પણ આ અલંકાર સિદ્ધાંતનું જ

*અનુગમન કર્યું. તો પણ તેમની દૃષ્ટિ અપેક્ષા કૃત થી વધુ વૈજ્ઞાનિક અને સૂક્ષ્મ હતી. તેમને આચાર્ય ભરત અને આચાર્ય ભામહના સમાન રૂપ થી અનુકરણ કર્યું. આચાર્ય રુદ્રટ એ રસને અલંકારની કથાથી મુક્ત કરી રસની સર્વ સામાન્ય સત્તાનું પ્રતિપાદન કર્યું. આમ છતાં પણ આચાર્ય રુદ્રટ સુધી અલંકાર અને રીતિની પ્રાધાન્ય રહી. આ બધી વિવિધતાઓ અને વિષમતાઓનું સમાધાન આચાર્ય આનંદવર્ધનએ ધ્વનિ સિદ્ધાંતની પ્રતિષ્ઠા કરી આપ્યું. આચાર્ય અભિનવગુપ્તને પૂર્વવર્તી બધા જ આચાર્યના મતને યુક્તિપૂર્વક ખંડન કરીને રસના મહત્ત્વને સર્વોપરી સિદ્ધ કર્યું. આચાર્ય અભિનવ ઉચ્ચકોટિના દાર્શનિક પણ હતા. તેમને રસની મનોવૈજ્ઞાનિક વ્યાખ્યા આપી. આચાર્ય મહીમભટ્ટે આચાર્ય અભિનવની માન્યતાઓનું ખંડન કરી શંકુકના આધાર પર રસની સ્થિતિને સામે લાવ્યા. ભોજ રસ સંપ્રદાયના પ્રબળ પક્ષપાતી હતા અને કાવ્યશાસ્ત્રના અટલદર્શી પ્રતિભાના આચાર્યો મમ્મટ અને વિશ્વનાથની રસ સંપ્રદાયના સિદ્ધાંતોને કાપ્યા વગર તે રૂપમાં પ્રતિપાદિત કર્યું. આચાર્ય વિશ્વનાથના રસ સિદ્ધાંતનો ઉગ્ર વિરોધ અંતિમ આચાર્ય પંડિતરાજ જગન્નાથે કર્યો. તે ધ્વનિ સમર્થક આચાર્ય હતા.*

## 1.11 રસ સંપ્રદાયની વૈજ્ઞાનિક વ્યાખ્યાઓ

*રસસંપ્રદાયના સંબંધમાં કાવ્યશાસ્ત્રીઓનો ખૂબ જ મોટો સંઘર્ષ રહ્યો છે. રસવિષયક આચાર્ય ભરતમુનિના પૂર્વોક્ત સૂત્રો પર અનેક પ્રકારની આલોચના-પ્રત્યાલોચના થઈ. ભરતસૂત્રના પ્રમુખ ચાર વ્યાખ્યાકાર આચાર્ય થયા, જેમણે પોતપોતાના દૃષ્ટિકોણથી કાવ્યશાસ્ત્રના ચાર વિભિન્ન વચનોની પ્રતિષ્ઠા કરી.*

**આરોપ વાદ**

*આચાર્ય ભરતમુનિ સૂત્રના પ્રથમ વ્યાખ્યાતા આચાર્ય લોલ્લટ ભટ્ટ હતા. તેમના મત અનુસાર રસનું આસ્વાદનો વાસ્તવિક આનંદ નાયક અને નાયિકાને થાય છે. સામાજિક લોકોમાં નટ-નટીના માધ્યમથી પ્રતીતિજન્ય આનંદની અનુભૂતિ થાય છે. લોલ્લટ ભટ્ટની રસની અનુભૂતિની શક્તિ અને સીમાઓને ડો.નગેન્દ્ર એ આ પ્રકારે સમજાવ્યું છે.*

1. *આચાર્ય લોલ્લટ ભટ્ટે રસ આસ્વાદનના મૂળ તત્ત્વ સહાનુભૂતિની તરફ સફળ સંકેત આપ્યો છે. તથા ઐતિહાસિક વ્યક્તિઓમાં રસની સ્થિતિ માની સૌંદર્ય કે રસને વિષયગત માન્યો છે અને આ પ્રકારે કાવ્ય વિષયની મહત્તાનું પ્રતિપાદન કર્યું છે.*

2. *તેમાં નટની રસની અનુભૂતિની સ્થિતિને સ્વીકાર કરતા એવું માનવામાં આવ્યું છે કે અભિનયના સમયે નટ ને તન્મય, રસ મગ્ન હોવું જ જોઈએ, નહીં તો અભિનય સફળ થતો નથી.*

3. *તે એ સ્પષ્ટ કરી શક્યા નથી કે જે પ્રમાણે સામાજિક નાટકને જોતા ની સાથે જ રસનો અનુભવ થાય છે અને નટને અભિનયના સમયે રસ અનુભૂતિ થાય છે, તે પ્રકારે કવિ કે નાટ્યકાર કાવ્ય કે નાટકનું નિર્માણ કરતી વખતે રસનો પૂર્ણ આનંદ પ્રાપ્ત થાય છે કે નહીં.*

*4. આચાર્ય લોલ્લટે સામાજિકના રસ આસ્વાદનને ગૌણ સ્થાન આપ્યું છે. લોલ્લટ ભટ્ટના મત અનુસાર વિભાવ અને રસમાં કાર્ય-કારણ સંબંધ હોય છે. વિભાવ વગેરે કારણોથી રતિ વગેરે કાર્યભાર ઉત્પન્ન થાય છે અને અનુભવોના દ્વારા પ્રતીતિગમ્ય હોવાથી અભિનેતા કે રસ આસ્વાદનું કારણ બની જાય છે. તેમ છતાં પણ તેમના વિવેચનથી વિભાવ વગેરે અને રસની સ્થિતિની સમાધાન પૂર્વક પૂરી અનુભૂતિ થતી નથી. લોલ્લટના મત આરોપવાદના નામથી પ્રચલિત છે. જે અનુસાર શકુંતલા નાટકના અભિનય અવસર પર દુષ્યંતના નટને અલગ સમજતા હોવા છતાં તેના પર દુષ્યંતનો આરોપ કરી સહ હૃદય સામાજિક રસનો અનુભવ કરી લે છે.*

**અનુમિતિવાદ**

*આચાર્ય લોલ્લટ, આચાર્ય ભટ્ટના સ્થાપનાઓ એટલી નિર્બળ અને એકાંગી હતી કે લગભગ એક શતક પછી ભરત સૂત્રના બીજા વ્યાખ્યાકાર શંકુકે તેનો તીવ્ર વિરોધ કર્યો. આચાર્ય શંકુકે લોલ્લટના આરોપવાદના વિરોધમાં પોતાની માન્યતા આપી કે રસ ઉત્પન્ન થતો નથી. અનુભૂતિ થાય છે અને તેમનું મંતવ્ય છે કે કોઈ બીજાને રસ અનુભવમાં દેખીને પ્રથમ તો દર્શકને રસની પ્રતીતિ થતી નથી અને જો થાય છે તો તે આવશ્યક નથી કે તે અનુકૂળ જ હોય પ્રતિકૂળ ના હોય. શંકુકના વિચારથી રસ, કાર્ય સ્વરૂપ નથી. પરંતુ દર્શક તેમના અભિનય દ્વારા સ્થાયીભાવનું અનુમાન લગાવી શકે છે. આ અનુમાનની પરિસ્થિતિના અનુસાર સમ્યક, મિથ્યા, સંશય અને સાદૃશ્ય આ ચાર પ્રકાર હોય છે. જે સહદય સામાજિક દ્વારા અનુમાપક-અનુમાપ્ય-ભાવ કે ગમ્ય-ગમક-ભાવ સંબંધી અનુભવ કરવામાં આવે છે. આચાર્ય શંકુકનો આ સિદ્ધાંત પણ અવૈજ્ઞાનિક અને લોક રુચિઓથી પ્રતિકૂળ છે. રસની અનુભૂતિના સંબંધમાં શંકુકે એક નવા યુગને જન્મ આપ્યો છે. તેમના સિદ્ધાંતોની એકમાત્ર વિશેષતા એ હતી કે તેમને રસ સિદ્ધાંતના વસ્તુ પરખ સ્થિતિથી ઉભા રહીને વ્યક્તિ પરક સ્થિતિમાં મૂકી દીધું. તેથી આચાર્ય લોલ્લટ અને આચાર્ય શંકુકના મત ક્રમશઃ મીમાંસા અને ન્યાયની શૈલી છે. પરંતુ તેમનો સંતોષજનક હલ તેમના અધૂરા સિદ્ધાંતોમાં આપણને મળતા નથી.*

**ભુક્તિવાદ**

*આચાર્ય ભરતની રસ વિષયક પરિભાષાના ત્રીજા વ્યાખ્યાકાર ભટ્ટ નાયક હતા. જેમને ખૂબ જ મોટા આધારિત પ્રમાણથી લઈને આચાર્ય લોલ્લટ, આચાર્ય શંકુક અને ધ્વનિકારની સ્થાપનાઓનું ખંડન કરી અને તે જણાવ્યું કે રસની અનુભૂતિ જ્ઞાન, ઉત્પત્તિ અને અભિવ્યક્તિથી ઉપર છે. આચાર્ય ભટ્ટનાયકનું કથન છે કે વગર આલંબનથી સ્થાયી ભાવની અનુભૂતિ અસંભવ છે અને પ્રેમના આલંબન સ્વરૂપ શકુંતલા વગેરે સામાજિકો દ્વારા રસની અનુભૂતિ પાપાચારની કોટીમાં કરવામાં આવે છે. તેથી નિર્વિકાર, નિર્લિપ્ત આ શબ્દ સ્વરૂપ તત્ત્વને સંકેત, ભાવના અને યોગ દ્વારા જાણકાર કરવામાં આવે છે. સાધારણીકરણ સંબંધના દ્વારા દ્વેષ ભાવના વિલુપ્ત થઈ જાય છે અને સામાજિક થઈને રસ મગ્ન થઈ જાય છે.*

*ભટ્ટ નાયકના મત અનુસાર રસની સ્થિતિ નાયક અને નાયિકામાં હોતી નથી અને નટ અને નટીમાં પણ હોતી નથી. એ તો સીધી સીધી હૃદયમાં જાય છે. તેની અભિધા,*

ભાવકત્વ અને ભોજકત્વ, આ ત્રણ શક્તિઓના માધ્યમથી રસ સિદ્ધાંતોને સ્પષ્ટ કરવામાં આવે છે. પહેલી શક્તિથી સામાજિક શબ્દાર્થ ગ્રહણ કરવામાં આવે છે. બીજી શક્તિથી અર્થનો ભાવ ગ્રહણ થાય છે. ભાવકત્વ કે રસ ભાવના દ્વારા સાધારીકરણ થાય છે. તેથી ભાવ અને વિભાવ કોઈપણ વ્યક્તિ વિશેષમાં ન થઈને સર્વ સાધારણ થઈ જાય છે. તેવી જ રીતે નાયક અને નાયિકા કે નટ અને નટી માટેના સ્થાયિભાવ કે વિભાવ દર્શકોના પોતાના સ્થાયિભાવ કે વિભાવ થઈ જાય છે. સાધારણીકરણના દ્વારા ભાવ વિશિષ્ટ સ્થિતિમાં ના રહીને સાધારણ સ્થિતિમાં આવી જાય છે. ત્રીજી સ્થિતિ ભોજકત્વમાં વિભાવો દ્વારા રસ અનુભવ થાય છે. તેથી રસની અભિવ્યક્તિ નહીં, મુક્તિ થાય છે. જેથી ભુક્તિવાદના નામથી આચાર્ય ભટ્ટ નાયકનું આ રસ વિશે સિદ્ધાંત પ્રસિદ્ધ થયો.

આચાર્ય ભટ્ટ નાયકના સંબંધમાં ડો.નગેન્દ્રનું કથન છે કે ભટ્ટ નાયક સંસ્કૃતના મોટા વિવેચકોમાંથી એક છે. તેમના વિવેચનથી રસ શાસ્ત્ર અત્યંત સમૃદ્ધ અને સંપન્ન થયું. તેમાં કોઈ શંકાનું સ્થાન નથી. તેમને આચાર્ય અભિનવગુપ્ત પહેલા રસને વિષયગત ન માનીને, વિષયીગત માન્યું હતું. તેમનો સાધારણીકરણનો સિદ્ધાંત કાવ્યશાસ્ત્રના માટે અમર વરદાન સિદ્ધ થયો, જેના વગર રસની સમસ્યાનું સમાધાન થઈ શકે તેમ ન હતું. ડોક્ટર સાહેબે ખૂબ જ પાંડિત્ય પૂર્ણ શૈલીમાં વિસ્તારથી આચાર્ય ભટ્ટનાયકના સાધારણીકરણ પર પ્રકાશ પાડ્યો છે.

**અભિવ્યક્તિવાદ**

આચાર્ય લોલ્લટ, આચાર્ય શંકુક અને આચાર્ય ભટ્ટનાયક પછી ભરત સૂત્રના ચોથા વ્યાખ્યાકાર આચાર્ય અભિનવગુપ્ત હતા. આચાર્ય ભટ્ટનાયકે ભાવકતત્ત્વ અને ભોજકત્વ નામની બે શક્તિઓનો આર્વિભાવ કર્યો. પરંતુ તેમની અનિવાર્યતાને તેઓ સાચા રૂપમાં બેસાડી શક્યા નહીં. તેમના મતની આ ખામીને આચાર્ય અભિનવગુપ્તે પૂરી કરી.

આચાર્ય અભિનવગુપ્તના મત અનુસાર રસની ના તો ઉત્પત્તિ થાય છે ના તો અનુમતિ અને ના તો ભુક્તિ. તેની તો કેવળ અભિવ્યક્તિ થાય છે. તેનો સંબંધ આત્માથી હોય છે. તે વિષયગત ન થઈને વિષયીગત હોય છે. અભિનવગુપ્તે ભટ્ટ નાયકના સાધારીકરણના સિદ્ધાંતને અક્ષર એ અક્ષર સ્વીકાર કર્યો છે. તેમનું કહેવું છે કે પ્રત્યેક વ્યક્તિના અંતઃકરણમાં વાસના રૂપમાં અભિવ્યક્ત જે મનોવિકાર એટલે કે સ્થાયીભાવ છે. વ્યંજના એ લૌકિક વિભાવન વ્યપાર દ્વારા જ્યારે એ જાગ્રત થાય છે. ત્યારે સુખ અને દુઃખની અનુભૂતિ આપે છે. તે રસની અભિવ્યક્તિ કે રસની પ્રાપ્તિ છે. તેને જ ભટ્ટ નાયકે ભાવના કે સાધારણીકરણ કહ્યું છે. પરંતુ અભિનવગુપ્તની દષ્ટિથી આ ભાવનાનું સાધારણીકરણ ન થઈને વ્યંજનાનું સાધારણીકરણ છે અને તે જ અભિવ્યક્તિવાદ છે.

આચાર્ય અભિનવગુપ્તના અનુસાર શાશ્વત સત્તાધારી આત્મામાં સંસારિક અનુભવ, પૂર્વ જન્મ કે અધ્યયન વગેરેના કારણે વાસનારૂપમાં વિદ્યમાન રહે છે. વિભાવ, અનુભાવ અને સંચારી કે કુશળ પ્રદર્શનથી ગુપ્તરૂપમાં આત્માની વાસનાઓનું ઉદ્બુધ્ધ

થઈ રસરૂપમાં પરિણીત થઈ જાય છે. અભિનવગુપ્ત વિદ્વાન, વિચારક અને આભાસવાદી વેદાન્તી છે. તે ભાવકત્વ અને ભોજકત્વની જગ્યાએ વ્યંજના અને ધ્વનિની સત્તાને સ્વીકારે છે. તેમની આ રસ વિષયક પરિભાષા સંસ્કૃત સાહિત્યના ક્ષેત્રમાં મોટી સાક્ષી માનવામાં આવે છે. આચાર્ય મમ્મટ, આચાર્ય ભાનુદત્ત, આચાર્ય વિશ્વનાથ અને આચાર્ય પંડિતરાજ જગન્નાથ જેવા પરિવર્તી ઉચ્ચકોટિના કાવ્યશાસ્ત્રીઓએ આચાર્ય અભિનવગુપ્તના અભિવ્યક્તિવાદનું પૂર્ણ સમર્થન કર્યું.

આચાર્ય મમ્મટે આચાર્ય ભરતની પરિભાષાને અને આચાર્ય અભિનવગુપ્તના દ્વારા પ્રતિપાદિત તેમની વ્યાખ્યાને સ્વીકાર કરતા કહ્યું છે કે લોક વ્યવહારમાં જે કારણથી કાર્ય અને સહકારી કારણોના આપણે દૈનિક જીવનમાં ઉપયોગ કરીએ છીએ. કાવ્યશાસ્ત્રની દૃષ્ટિએ જ્યારે આપણે તેનું અધ્યયન અથવા અનુભવ કરીએ છીએ. ત્યારે તે જ કારણ ક્રમશઃ વિભાવ, અનુભાવ અને સંચારી ભાવની સંજ્ઞા પ્રાપ્ત કરે છે અને આ ભાવ દ્વારા જે સ્થાયિભાવ અભિવ્યક્ત થાય છે. તે કાવ્યનું આત્મા સ્વરૂપ રસ છે. આચાર્ય વિશ્વનાથ રસને જ કાવ્યનો આત્મા માને છે. તેમની પરિભાષા ખૂબ જ માર્મિક અને પાંડિત્યપૂર્ણ છે. તેમને પોતાની ઉક્ત પરિભાષા દ્વારા કાવ્યશાસ્ત્રના બધા જ અસ્તિત્ત્વને રસ સમાવેશ કરી દીધો અને રસની પ્રતિષ્ઠાને આનંદની એ પરાકાષ્ઠાએ પહોંચાડી દીધું. જ્યાં આનંદ અને કેવળ અંત્યત આનંદની જ અનુભૂતિ છે.

આચાર્ય પંડિતરાજ જગન્નાથની રસ વિષયક પરિભાષા આચાર્ય અભિનવગુપ્ત અને આચાર્ય મમ્મટથી થોડી અલગ છે. જેના લીધે અનેક પ્રમુખ સિદ્ધાંત સાધારણીકરણના અનુકૂળ છે. શ્રુતિઓમાં રહેલ જે રતિ સંયુક્ત અનાવૃત, ચૈતન્યને રસ સ્વરૂપ માનવામાં આવે છે. પંડિતરાજે એ આત્મા વગેરેને આલંબન વગેરે સાંસારિક વિષયોથી યુક્ત માન્યું છે અને તેમાં સમાધિજન્ય સુખને ગૌણ કહ્યો છે. પંડિતરાજે રતિને ગૌણ અને ચૈતન્યને મુખ્ય માને છે પરંતુ આચાર્ય અભિનવ અને આચાર્ય મમ્મટે રતિની મુખ્યતાને ચૈતન્ય અને ગૌણ સ્વરૂપે સ્વીકાર કર્યો છે.

## 1.12 તમારી પ્રગતિ ચકાસો.

પ્રશ્ન-1. નીચેના પ્રશ્નો સવિસ્તાર નોંધ આપો.

1. રસ સંપ્રદાયની વૈજ્ઞાનિક વ્યાખ્યાઓ વિશે સવિસ્તાર નોંધ લખો.

2. રસના અંગ વિશે સવિસ્તાર નોંધ લખો.

3. *રસ શબ્દનો અર્થ જણાવી, રસ સંપ્રદાયની પરંપરા વિશે નોંધ લખો.*

4. *રસની વ્યાખ્યા જણાવી, રસસૂત્રના પ્રમુખ તથ્ય વિશે નોંધ લખો.*

**પ્રશ્ન-2. ટૂંકનોંધ લખો.**

1. *રસના પ્રકારો વિશે નોંધ લખો.*
2. *ભરતની રસ વિચારણા વિશે નોંધ લખો.*
3. *રસ સંબંધી પરિભાષાનું ખંડન મંડન વિશે નોંધ લખો.*
4. *સ્થાયીભાવ વિશે નોંધ લખો.*

**પ્રશ્ન-3. એક બે વાક્યમાં પ્રશ્નોના જવાબ આપો.**

1. *રસની વ્યાખ્યા જણાવો.*

2. *રસના પ્રકારો જણાવો.*

3. *સ્થાયિભાવ એટલે શું? તેના પ્રકારો જણાવો.*

4. *રસના અંગની વ્યાખ્યા જણાવો.*

5. *વિભાવ એટલે શું? તેના પ્રકારો જણાવો.*

**પ્રશ્ન-4 સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

1. *ભરતમુનિ મુજબ રસના કેટલા પ્રકાર છે?*

   (A) આઠ (B) નવ (C) છ (D) બાર

2. *શૃંગારસનો સ્થાયિભાવ કયો છે?*

   (A) ક્રોધ (B) ભય (C) હાસ (D) રતિ

3. *આલંબન અને ઉદ્દીપન કોના પ્રકાર છે?*

   (A) અનુભાવ (B) વિભાવ (C) સ્થાયીભાવ (D) વ્યભિચારીભાવ

4. *સાત્વિક ભાવ કેટલા છે?*

   (A) ત્રણ (B) નવ (C) છ (D) આઠ

5. *રસ સંપ્રદાયના પ્રથમ આચાર્ય કોણ છે?*

   (A) ભરતમુનિ (B) નંદીકેશ્વર (C) વિશ્વનાથ (D) વામન

6. *વિભાવ, અનુભાવ અને વ્યભિચારિભાવના સંયોગથી રસની નિષ્પતિ થાય છે.- આ વ્યાખ્યા કોણે આપી?*

   (A) વામન (B) ભરતમુનિ (C) રુદ્રટ (D) આનંદવર્ધન

7. *મમ્મટે નવમા રસ તરીકે કયા રસને સ્વીકાર્યો છે?*

   (A) ભયાનક (B) શૃંગાર (C) શાન્ત (D) કરુણ

8. *વ્યભિચારીભાવોની સંખ્યા કેટલી છે?*

   (A) 30 (B) 25 (C) 33 (D) 28

---

**લેખક : ડૉ. ઈશિતા જે. ઠક્કર, આસીસ્ટન્ટ પ્રોફેસર,**
**બી.ડી.એસ. આર્ટસ એન્ડ સાયન્સ કોમર્સ કોલેજ, પાટણ.**

---

# એકમ : 2 : રીતિ સંપ્રદાય

**રૂપરેખા**

**2.0 ઉદ્દેશ**

**2.1 પ્રસ્તાવના**

**2.2 'રીતિ' શબ્દનો અર્થ**

**2.3 રીતિ સંપ્રદાયનો સમય**

**2.4 'રીતિ' પર અન્ય આચાર્યોના મત**

**2.5 આચાર્ય વામન દ્વારા રીતિ વિવેચન**

**2.6 'રીતિ'ના પ્રકારો**

**2.7 તમારી પ્રગતિ ચકાસો**

## 2.0 ઉદ્દેશ

*આ એકમનો અભ્યાસ કર્યા બાદ આપ*

- *રીતિ વિષયમાં તમને પરિચય મળશે.*
- *રીતિ સંપ્રદાયના વિષયમાં તમને પરિચય મળશે.*
- *રીતિ શબ્દનો અર્થ વિશે જાણકારી પ્રાપ્ત થશે.*
- *રીતિના પ્રકારોની જાણકારી મળશે.*
- *'રીતિ' પર અન્ય આચાર્યોના મત વિશેની જાણકારી મળશે.*
- *આચાર્ય વામન દ્વારા રીતિ વિવેચન વિશેની જાણકારી મળશે.*

## 2.1 પ્રસ્તાવના

*ભારતીય કાવ્યશાસ્ત્રમાં રીતિના સ્વરૂપની ચર્ચા નાટક અને કાવ્યને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. ભારતીય કાવ્યશાસ્ત્રમાં રીતિને કાવ્ય ભાષાના વિશેષ ગુણોવાળી પદરચના માનવામાં આવે છે. રસ સંપ્રદાયના પ્રવર્તક આચાર્ય વામન માનવામાં આવે છે. આચાર્ય વામને રીતિને કાવ્યની આત્મા માની છે. સૌપ્રથમ આચાર્ય વામને જ રીતિના લક્ષણ આપીને તેની પરિભાષા કરી હતી. તેથી જ રીતિ શબ્દના પ્રથમ ઉપયોગ કર્તા, રીતિના લક્ષણ કર્તાના રૂપમાં આચાર્ય વામન જ રીતિ સંપ્રદાયના સંસ્થાપક કહેવાય છે.*

## 2.2 'રીતિ' શબ્દનો અર્થ

'રીતિ' શબ્દનો પ્રયોગ સર્વપ્રથમ આચાર્ય વામને કર્યો છે. ભોજની પરિભાષાને ગ્રહણ કરતા રીતિ શબ્દના અર્થ પર આચાર્ય બળદેવ ઉપાધ્યાય લખ્યું છે કે- 'રીતિ' શબ્દ रीड् ધાતુથી क्तिन प्रत्ययना योगथी બને છે. તેથી રીતિનો વ્યુત્પત્તિલભ્ય અર્થ છે – માર્ગ. પન્થા, વિથિ, ગતિ, પ્રસ્થાન આ બધા જ રીતિના પર્યાયવાચી શબ્દ છે. આ માર્ગ, પન્થ કે વિથિ, જેમાં કાવ્યના અંતર્ગત શબ્દ વિન્યાસની કળા જણાવવામાં આવે છે. તે રીતિ કહેવાય છે. જેમ કે શરીરના અંગ વિન્યાસનું મહત્ત્વ છે. તેવી જ રીતે કાવ્યમાં શબ્દ વિન્યાસનું મહત્ત્વ છે. જે અંગ જ્યાં જેવી રીતે હોવું જોઈએ એ ત્યાં તેવી જ રીતે હોય તો જ સુંદર લાગે છે. કાનની જગ્યાએ આંખ હોય કે માણસના કાન, હાથીના કાન જેટલો મોટો હોય તો તે સૌંદર્ય કામ કરતું નથી. તેવી જ રીતે જ્યાં જે શબ્દનો પ્રયોગ ઉચિત હોય. ત્યાં તે જ શબ્દ હોવો જોઈએ. તો જ કાવ્યમાં સુંદરતા આવે છે.

કાવ્યશાસ્ત્રમાં રીતિનો પ્રયોગ બે અર્થોમાં થાય છે. એક કાવ્ય રચનાની પદ્ધતિ, શૈલી વગેરેના અર્થમાં અને બીજો સંસ્કૃતના એક સંપ્રદાય વિશેષના અર્થમાં અને એ સંપ્રદાય છે. આચાર્ય વામન દ્વારા પ્રવર્તિત રીતિ સંપ્રદાય.

## 2.3 રીતિ સંપ્રદાયનો સમય

આચાર્ય વામનને ભવભૂતિ અને માઘના પદ ઉદ્ધત કરવાના કારણે તેમનો સમય ઈ.સ. 750 પછી માનવામાં આવ્યો છે. આચાર્ય વામને પોતાની રચનામાં મહાકવિ માઘ અને ભવભૂતિના પદ્યોને ઉદાહરણના રૂપમાં આપ્યા છે. આ બંને કવિ ઈ.સ. 750 પહેલાના છે. આનંદવર્ધન રચિત ધ્વન્યાલોકમાં પણ વામનનો સમય આવે છે. આ સ્થિતિમાં તો ઈ.સ. 850 પૂર્વે તેમનો સમય માની શકાય છે. વિદ્વાનોમાં વામનના સમયના માટે એક મત નથી. કાશિકાકારે તો કાવ્યાલંકારસૂત્રના રચયિતા વામન અને રીતિના પ્રવર્તક વામનને ભિન્ન માન્યો છે. પરંતુ તમામ મત પછી નિશ્ચિત થાય છે કે વામન 850 પૂર્વે થયા હતા. તેથી એમ કહી શકાય કે આચાર્ય વામન ઈ. સ.ના આઠમા સૈકામાં થઈ ગયા. તેમણે રીતિ મતને સ્થાપિત કર્યો હતો અને આગળ વધાર્યો હતો.

## 2.4 રીતિ' પર અન્ય આચાર્યોના મત

રીતિને કાવ્યના આત્મારૂપે પ્રસ્થાપિત કરનાર આચાર્ય વામન પહેલા છે. એમણે નિસંદિગ્ધપણે કહ્યું છેઃ रीतिरात्मा काव्यस्य। અને એમ કહેવા પાછળની પોતાની વિચારણાને 'કાવ્યાલંકારસૂત્રવૃત્તિ' નામના પોતાના ગ્રંથમાં એમણે વિશદ રીતે રજૂ કરી છે. વામન ઈ. સ.ના આઠમા સૈકામાં થઈ ગયા. એમની પહેલાં રીતિ તત્ત્વની એક અથવા બીજા નિમિત્તે ચર્ચા કરનાર આચાર્યોમાં ભામહ અને દંડી મહત્તવના છે. પણ આપણે આચાર્ય ભરતની ગુણચર્ચાથી એનો ક્રમિક વિકાસ તપાસીએ, કારણ કે રીતિવિચારમાં ગુણનું સ્થાન અત્યંત મહત્તવનું છે.

## આચાર્ય ભરતમુનિ

*આચાર્ય ભરતે એમના 'નાટ્યશાસ્ત્ર 'માં રીતિની ચર્ચા કરી નથી, પણ પ્રવૃત્તિ વિશે ચોક્કસ વિધાનો કરેલાં છે. પ્રદેશવિશેષ પ્રમાણે લોકજીવનમાં દેખાતી સર્વ પ્રકારની વિશેષતાઓને 'પ્રવૃત્તિ'ની વિભાવનામાં ભરતે સમાવી લીધી છે. તેઓ કહે છે :* प्रवृत्तिरिति कस्मात्? उच्यते पृथिव्यां नामादेशवेशभाषाचारवार्ताः ख्यापयतीति प्रवृत्तिः । *અને તે ચાર પ્રકારની છે એમ કહ્યું છે:* चतुर्विधा प्रवृत्तिश्च प्रोक्ता नाट्यप्रयोगतः । आवन्ती दाक्षिणात्या पाञ्चाली गौड़ मागधी ॥ *જગતમાં તો અનેકવિધ દેશો છે એટલે પ્રવૃત્તિઓ પણ અનેકવિધ હોવી જોઈએ; પણ લોકરૂઢિ પ્રમાણે ભરતે ભારતમાં ચાર પ્રવૃત્તિઓ ગણાવી. ભારતના પશ્ચિમ ભાગની પ્રવૃત્તિ તે આવન્તી; દક્ષિણ ભાગની પ્રવૃત્તિ તે દાક્ષિણાત્યા; ઔડ્ર-ઓરિસ્સા અને મગધની- એટલે કે પૂર્વ ભારતની પ્રવૃત્તિ તે ઔડ્રમાગધી; અને મધ્યપ્રદેશની પ્રવૃત્તિ તે પાંચાલી.*

*'પ્રવૃત્તિ'નું લક્ષણ બાંધતાં ભરતે તેમાં 'ભાષા'નો સમાવેશ કરી લીધો છે તે નોંધપાત્ર છે. પ્રદેશવિશેષની સાથે પ્રવૃત્તિનો સંબંધ એમણે જોડયો છે. એ રીતે રીતિ કે માર્ગનો સંબંધ પણ પ્રદેશ-વિશેષ સાથે પ્રાચીન સમયથી જોડાતો આવ્યો હોય. ભરતે ગુણની જે ચર્ચા કરી છે તે પરથી લાગે છે કે તેઓ રીતિ તત્ત્વથી અજાણ નહોતા. એમણે ગણાવેલા દસ ગુણોનો સ્વીકાર એમની પછી, ભલે થોડા ઘણા અર્થફેર સાથે, આચાર્ય દંડી અને આચાર્ય વામને કરેલો છે. તેથી ભરતની ગુણચર્ચા જોવી, ઐતિહાસિક દૃષ્ટિએ, અનિવાર્ય છે.*

*'નાટ્યશાસ્ત્ર'ના સત્તરમા અધ્યાયમાં કાવ્યનાં લક્ષણો, અલંકારો, દોષો અને ગુણોની, વાચિક અભિનયના સંદર્ભમાં, ભરતે ચર્ચા કરેલી છે. પ્રયોગ માટેનું નાટયસાહિત્ય મૃદુ અને મધુર હોય તો તે ઇન્દ્રિયગમ્ય અને સુખબોધક બને એમ ભરત કહે છે :*

मृदुशब्दं सुखार्थे च कविः कुर्यात्तु नाटकम् ।

*જો એમ ન હોય તો વાચિક અભિનય અસરકારક ન નીવડે. એટલે વાચિક અભિનયના સંદર્ભમાં કાવ્યગુણોની ચર્ચા ભરતે કરેલી છે. નાટ્ય ઉદાર, મધુર, લલિત અને મૃદુ હોવાની આવશ્યકતા એમણે, આ દૃષ્ટિએ, સ્વીકારેલી છે. માધુર્યથી ઊલટું તે નૈષ્ઠુર્ય. 'ચેક્રીડિત' વગેરે પદોના પ્રયોગથી માધુર્ય જોખમાય છે અને નૈષ્ઠુર્ય પ્રવેશે છે. તેથી એવાં પદોનો પ્રયોગ ન કરવા એમણે જણાયું છે.*

**चेक्रीडिताधैः शब्दैस्तु काव्यबन्धा भवन्ति ये ।**

**वेश्या इव न शोभन्ते कमण्डलुधरैर्द्विजैः ॥**

*નાટક ગૂઢશબ્દાર્થહીન હોવું જોઈએ એવો એમનો આગ્રહ છે. ગૂઢશબ્દાર્થ ન આવે તેનો અર્થ એ કે કાવ્યપદાવલીમાં પ્રસાદ ગુણની સત્તા રહેવી જેઈએ. નાટયના શબ્દાર્થબન્ધની આ સામાન્ય ચર્ચા છે. આ ચર્ચામાંથી જોઈ શકાય છે કે નાટ્યના શબ્દાર્થબન્ધમાં પ્રસાદગુણનું મહત્ત્વ ભરતના મનમાં વસેલું છે. સત્તાવીસમા અધ્યાયમાં તેઓ કહે છે:*

**तस्माद्गंभीरार्थाः शब्दाः ये लोकवेदसंमिद्धाः ।**

**सर्वजनेन ग्राह्याः संयोज्या नाटके विधिवत् ॥**

*નાટ્યપ્રયોગમાં સંવાદરૂપે બોલાતી ભાષાના સંદર્ભમાં એક સૌન્દર્યાધાયક તત્ત્વરૂપે ગુણનું મહત્ત્વ ભરતે સ્વીકારેલું છે, પણ ગુણની કોઈ વિધેયાત્મક વ્યાખ્યા એમણે આપી નથી. એમણે ગુણને દોષના વિપર્યય તરીકે ઓળખાવ્યા છે:*

**एते दोषा हि काव्यस्य मया सम्यक् प्रकीर्तिताः ।**

**गुणा विपर्ययादेषां माधुर्यौदार्यलक्षणाः ॥**

*ભરતે ગુણોને દોષોના વિપર્યય કહ્યા છે, પણ એમણે જે દોષો ગણાવ્યા છે. તેમાંના પ્રત્યેકના વિપર્યયરૂપે ગુણ ગણાવ્યા હોય એવું નથી. શબ્દગત અને અર્થગત એવો સ્પષ્ટ ભેદ પણ એમણે ગુણોની બાબતમાં કર્યો નથી. કોઈ કોઈ ગુણનું લક્ષણ આપતાં 'શબ્દ' કે 'અર્થ'નો ઉલ્લેખ કર્યો છે ખરો, પરંતુ દસે ગુણોને કાવ્યગુણ એવા સામાન્ય ખ્યાલથી સમજવાના રહે છે. અર્થગત અને શબ્દગત એ બંને સ્તર ભરતના ધ્યાનમાં છે એ તો ગુણનાં એમણે જે લક્ષણો આપ્યાં છે તેના પરથી જોઈ શકાય એમ છે. પણ વામનની જેમ સ્પષ્ટપણે શબ્દગત અને અર્થગત એવી ભેદકતા ભરતની ગુણચર્ચામાં જેવા મળતી નથી.*

*ભરતે શ્લેષ, પ્રસાદ, સમતા, સમાધિ, માધુર્ય, ઓજસ્, સૌકુમાર્ય, અર્થ વ્યક્તિ, ઉદારતા અને કાન્તિ એ દસ ગુણો ગણાવ્યા છે:*

**श्लेषः प्रसादः समता समाधिर्माधुर्यमोजः पदसौकुमार्यम् ।**

**अर्थस्य च व्यक्तिरुदारता च कान्तिश्च काव्यस्य गुणा दशैते ॥**

**આચાર્ય બાણભટ્ટ**

*આચાર્ય ભરતના 'નાટ્યશાસ્ત્ર'માં રીતિની ચર્ચા નથી તે આપણે જોયું. ભરતે પ્રવૃત્તિની વાત કરતાં ભાષાને વિશિષ્ટ પ્રદેશ પ્રમાણે વિશેષતા ધારણ કરતી કહી છે તેના અનુસંધાનમાં રીતિ પ્રદેશવિશેષ પ્રમાણે કેવી કેવી વિશેષતા એક કાળે ધારણ કરતી હતી તેનો સૌ પ્રથમ ઉલ્લેખ આપણને બાણ ભટ્ટના 'હર્ષચરિત'માં જેવા મળે છે. 'હર્ષચરિત'ના પ્રથમ ઉછવાસના આરંભિક શ્લોકોમાં બાણ ભારતમાં ચાર દિશાઓના ચાર પ્રદેશોમાં તેમના સમયમાં કેવાં કેવાં લક્ષણોવાળી રીતિઓ પ્રચલિત હતી. તેનો નિર્દેશ કરતાં કહે છે કે ઉત્તર ભારતના કવિઓ શ્લિષ્ટ ભાષાનો પ્રયોગ કરે છે, પશ્ચિમ ભારતના કવિઓ અર્થને જ વધુ મહત્ત્વ આપે છે, દક્ષિણના કવિએ ઉત્પ્રેક્ષાનો આદર કરે છે અને પૂર્વના કવિઓ અક્ષરડંબરમાં રાચતા જણાય છે:*

**श्लेषप्रायमुदीच्येषु प्रतीच्येष्वर्थमात्रकम् ।**

**उत्प्रेक्षा दाक्षिणात्येषु गौडेष्वक्षर डम्बरम् ॥**

*પણ બાણ માને છે કે જુદા જુદા પ્રદેશોની રીતિઓનાં આ લક્ષણો કોઈ ઉત્તમ કવિની રચનામાં જ એકત્ર થયેલાં જોવા મળે; અને એની દુર્લભતા પણ નિર્દેશે છે :*

**नवोऽर्थो जातिरग्राम्या श्लेषोऽक्लिष्टः स्फुटो रसः ।**

**विकटाक्षरबन्धश्च कृत्स्नमेकत्र दुर्लभम् ॥**

*માત્ર અર્થનું જ નિરૂપણ કવિતાને પાંડુ અને નીરસ બનાવી દે છે. તેથી એને નવીન ભંગિથી રજૂ કરવો જોઈએ. ભંગિની નૂતનતા અર્થને આકર્ષક બનાવી શકે. જાતિ-સ્વભાવોક્તિ લોકના અનુકરણમાં ગ્રામ્યતામાં સરી ન પડે તે જોવાવું જોઈએ. શ્લેષનો પ્રયોગ કવિતામાં ત્યારે જ ચમત્કારજનક નીવડે જ્યારે તે અક્લિષ્ટ હોય. કાવ્યમાં રસ સ્ફુટ હોવો જોઈએ; અને એનો અક્ષરબન્ધ વિકટ હોવો જોઈએ. વિકટતા ત્યારે કહેવાય જ્યારે કાવ્યનાં પદ નૃત્ય કરતાં હોય એવાં જીવંત લાગે. બાણને મતે ઉત્તમ કવિતાનાં આ લક્ષણો છે.*

**આચાર્ય ભામહ**

*બાણ ભટ્ટે ભારતના ચાર દિશાઓમાં આવેલા પ્રદેશામાં પ્રચલિત ચાર રીતિઓનાં લક્ષણો સંક્ષેપમાં દર્શાવ્યાં છે; પણ એમ જણાય છે કે એમના સમયમાં મુખ્યત્ત્વે બે રીતિઓ-વૈદર્ભી અને ગૌડી-વિશેષ પ્રચલિત હશે. આચાર્ય ભામહે એ બે રીતિઓને જ નજરમાં રાખીને કેટલીક ચર્ચા કરેલી છે અને આચાર્ય દંડીએ પણ એ બે રીતિઓનાં જ લક્ષણો દર્શાવ્યાં છે. આચાર્ય ભામહ બાણના પુરોગામી હોવાનો સંભવ છે અને આચાર્ય દંડી એમના પૂર્વસમકાલીન હોવાની સંભાવના કેટલાક વિદ્વાનોએ સ્વીકારેલી છે.*

*કાવ્યશાસ્ત્રના આરંભકાળના કહેવાય એવા આચાર્ય ભામહના 'કાવ્યાલંકાર'માં ગુણ અને રીતિની ચર્ચા અછડતી જ જેવા મળે છે. 'કાવ્યાલંકાર'ના દ્વિતીય પરિચ્છેદમાં માત્ર ત્રણ કારિકાઓમાં જ ભામહે ગુણચર્ચા કરેલી છે :*

**माधुर्यमभिवाञ्छन्तः प्रसादञ्च सुमेधसः ।**

**समासवन्ति भूयांसि न पदानि प्रयुञ्जते ॥**

**केचिदोजोऽभिधित्सन्तः समस्यन्ति बहून्यपि ।**

**यथा मन्दारकुसुमरेणु पिञ्जरितालका ॥**

**श्रव्यं नातिसमस्तार्थं काव्यं मधुरभिष्यते ।**

**आविद्वदङ्गनाबालप्रतीतार्थं प्रसादवत् ॥**

*એટલે ભામહને મતે મેધાવીઓ પોતાના કાવ્યમાં માધુર્ય અને પ્રસાદની વાંછના કરતાં, સમાસયુક્ત પદો કાવ્યમાં પ્રેયોજતા નથી. કેટલાક ઓજસ્ ગુણની વાંછના કરીને ઘણાં પદોના સમાસો પ્રયોજે છે. કાવ્ય જ્યારે શ્રવ્યત્ત્વનો ગુણ ધરાવતું હોય ત્યારે અને એમાં જ્યારે અર્થ અતિસમસ્ત ન હોય ત્યારે તે 'મધુર' કહેવાય છે. જે કાવ્યમાં વિદ્વાનોથી માંડી સ્ત્રીઓ અને બાળકોને પણ અર્થની પ્રતીતિ થાય તે કાવ્યમાં "પ્રસાદ' ગુણ રહેલો છે એમ માનવું. આના પરથી આપણે જોઈ શકીએ છીએ કે કાવ્યમાં સમાસના અલ્પત્વ કે અનલ્પત્વને કારણે અર્થપ્રતીતિમાં થતી અનુકુળતા કે*

*પ્રતિકૂળતાને ધ્યાનમાં રાખીને ભામહે ગુણવિચારણા કરી છે અને તે ઉપરાંત 'શ્રવ્યત્વ' એટલે કે કાવ્યની શબ્દગત અસરને ધ્યાનમાં લીધી છે.*

*આ ચર્ચા અત્યંત સંક્ષેપમાં હોવાથી ભામહની ગુણ અંગેની વિભાવના શી હશે તે સ્પષ્ટપણે જાણી શકાતું નથી. ગુણોનું કાવ્યમાં શું સ્થાન છે, કાવ્યનાં અન્ય તત્ત્વો સાથે એમનો કેવો સંબંધ છે વગેરે પ્રશ્નો આ કારણે અનુત્તરિત રહે છે. શ્રી સુશીલકુમાર દે તો એમ કહે છે કે ભામહે ગુણોનાં લક્ષણ નથી આપ્યાં, પણ તેમનું વર્ણન કરેલું છે. શક્ય છે કે વામને ગુણ-રીતિના જેવો અને જેટલો મહિમા કર્યો છે તેવો અને તેટલો મહિમા ભામહને અભીષ્ટ ન પણ હોય, કારણ કે એમને મન તો વક્રતા જ કાવ્યનું જીવ તત્ત્વ છે.*

*ભામહે માધુર્ય, ઓજસ અને પ્રસાદ ગુણોની ચર્ચામાં ક્યાંય 'ગુણ' શબ્દ પ્રયોજ્યો નથી. 'કાવ્યાલંકાર'માં માત્ર એક જ જગ્યાએ 'ગુણ' શબ્દ પ્રયોજાયેલો છે અને તે ભાવિકની ચર્ચા વખતે. ભામહે અલંકારચર્ચાને અંતે ભાવિકની ચર્ચા કરી છે તે પરથી સમજાય છે કે માધુર્યાદિ ગુણોની સાથે ભાવિકની ચર્ચા એમને અભિપ્રેત નથી. ભાવિકને માધુર્યાદિ ગુણોથી જુદો તારવવા એને 'પ્રબંધવિષયક ગુણ' કહ્યો છે. રીતિની વિચારણા સાથે એને કોઈ સીધો સબંધ નથી.*

*ભામહે 'માર્ગ' કે 'રીતિ' શબ્દનો પ્રયોગ કર્યા વિના વૈદર્ભ અને ગૌડીય માર્ગોની ચર્ચા કરી છે. એમના જમાનામાં એ બે ભેદો જ વિશેષ પ્રચલિત હશે. એમાંથી કેટલાક વૈદર્ભને જ શ્રેષ્ઠ માનતા હતા અને ગૌડીયને શ્રેષ્ઠ માનવા તૈયાર નહોતા. આવી પરિસ્થિતિની ટીકા કરતાં ભામહ કહે છે કે આવા ભેદ પાડવા અર્થહીન છે. તેઓ કહે છે :*

**गौडीयम्दिमेतत्तु वैदर्भमिति किं पृथक् ।**

**गतानुगतिकन्यायान्नानाख्येयममेधसाम् ॥**

**ननुचाश्मकवंशादि वैदर्भमिति कथ्यते ।**

**कामं तथास्तु प्रायेण संज्ञेच्छातो विधीयते ॥**

**अपुष्टार्थमवक्रोक्तिप्रसन्नमृजु कोमलम् ।**

**भिन्नं गेयमिवेदं तु केवलं श्रुतिपेशलम् ॥**

**अलङ्कारवदग्राम्यमर्ध्यं न्याप्यमनाकुलम् ।**

**गौडीयमपि साधीयो वैदर्भमिति नान्यथा ॥**

*ભામહ પ્રશ્ન પૂછે છે કે, આ વૈદર્ભ અને આ ગૌડ એવા ભેદ પાડવા શક્ય છે ? જે અર્થ સભર, સાલંકાર, અગ્રામ્ય, ન્યાય્ય અને અનાકુલ હોય એવું ગૌડીય કાવ્ય, જેમાં માત્ર કર્ણમધુર પદાવલી જ હોય અને ન હોય વક્રોક્તિ કે ન હોય અર્થસૌષ્ઠવ એવા વૈદર્ભ માર્ગના કાવ્ય કરતાં શ્રેષ્ઠ હોઈ શકે છે. એટલે બુદ્ધિહીન લોકો જ ગતાનુગતિક ન્યાયે*

*વૈદભને શ્રેષ્ઠ અને ગૌડીયને હીન ગુણે છે. ભામહ કહે છે કે 'અસ્મકવંશ' જેવી રચનાઓ વૈદર્ભ કહેવાઈ છે.*

**આચાર્ય દંડી**

*આચાર્ય ભામહે ગુણ-રીતિ-વિચારને ઝાઝું મહત્ત્વ નહોતું આપ્યું. એથી ઊલટું, એમના ઉત્તર સમકાલીન ગણાયેલા આચાર્ય દંડીના 'કાવ્યાદર્શ'માં પહેલીવાર રીતિઓનું સ્વરૂપનિરૂપણ અને તેમનાં ભેદક લક્ષણોની વિગતે ચર્ચા જેવા મળે છે. દંડીએ એમના ગ્રંથમાં 'રીતિ' નહીં પણ 'માર્ગ' સંજ્ઞાનો સર્વત્ર પ્રયોગ કરેલો છે. દંડીના સમયમાં વૈદર્ભ અને ગૌડ એ બે મોટેભાગે પરસ્પરભિન્ન અને પ્રચલિત માર્ગો હતા, તેથી એમણે એ બે માર્ગની વિગતે ચર્ચા કરેલી છે. માર્ગ વિશેનો દંડીનો ખ્યાલ સૂક્ષ્મ પ્રકારનો હતો તે તે એમના અનેક વચનો પરથી જાણી શકાય છે. તેઓ કહે છે કે શેરડી, ગોળ, દૂધ વગેરે પદાર્થોમાં મધુરતા રહેલી છે, પણ તે પ્રત્યેકની મધુરતામાં સૂક્ષ્મ ભેદ રહેલો છે. એવી જ રીતે વાણીના માર્ગો અનેક છે અને તેમની વચ્ચે સૂક્ષ્મ ભેદ રહેલો છે.* अस्त्यनेको गिरां मार्गः सूक्ष्म भेदः परस्परम् । *દેવી સરસ્વતી પણ એ પાર્થક્યને શબ્દબદ્ધ ન કરી શકે એવી સૂક્ષ્મ અને એટલી અનંત ભિન્નતા માર્ગોમાં રહેલી છે. કવિસ્વભાવભેદે માર્ગભેદ એવું કુન્તકના જેવું સ્પષ્ટપણે દંડીએ કહયું નથી, પણ એ વિચારણા એમનાં અનેક વિધાનો પાછળ રહી હોવાની પ્રતીતિ થાય છે. માર્ગ એ વૈયક્તિક વસ્તુ છે. એવો વિચાર દંડીમાં જોવો હોય તો જોઈ શકાય. એટલે કે વૈદર્ભ માર્ગના અનેક કવિઓ હોય તો તે પ્રત્યેક કવિની કૃતિ કે કૃતિઓમાં વૈદર્ભ માર્ગનું ભિન્ન ભિન્ન રૂપ પ્રગટવાનું. વાણીના પરસ્પર સૂક્ષ્મ ભેદોવાળા અનેક માર્ગોનું વર્ણન તો શક્ય નથી. તેથી, સ્પષ્ટ ભેદરેખાઓવાળા વૈદર્ભ અને ગૌડ માર્ગોનાં લક્ષણો એમણે વર્ણવ્યાં છે.*

*દંડી કહે છે કે માધુર્યાદિ દસ ગુણો વૈદર્ભ માર્ગના પ્રાણરૂપ છે અને તેમને પ્રાયઃ વિપર્યય ગૌડ માર્ગમાં જોવા મળે છે. શ્લેષાદિ દસ ગુણોને આચાર્ય ભરતે કાવ્યગુણો કહ્યા હતા, દંડી એમને કાવ્યના સામાન્ય ગુણો ન કહેતા વૈદર્ભ માર્ગના પ્રાણ કહે છે તે નોંધપાત્ર છે.* 'विपर्ययो प्रायः' *કહેવા પાછળ દંડીની એવી વિચારણા રહેલી છે કે ગૌડ માર્ગમાં દસે દસ ગુણોનો વિપર્યય નથી હોતો, અમુકનો જ હોય છે; અને અમુક ગુણો તો બંને માર્ગમાં સમાન જ રહે છે. જે ગુણો બંને માર્ગમાં સમાનરૂપે રહે છે તે અર્થવ્યક્તિ, ઔદાર્ય અને સમાધિ.*

*આચાર્ય ભરતે દર્શાવેલા દસ ગુણો જ દંડી પણ નિર્દેશે છે, પણ બંનેમાં વૈયક્તિક ખ્યાલોની ભિન્નતાને લીધે એ ગુણોનાં લક્ષણો બધે જ એક સરખાં નથી. દણ્ડી કહે છે :*

**श्लेषः प्रसादः समतामाधुर्य सुकुमारता ।**

**अर्थव्यक्तिरुदारत्वमोजः कान्तिसमाधयः ॥**

**इति वैदर्भमार्गस्य प्राणा दश गुणाः स्मृताः ।**

**प्रायो विपर्ययो ह्येषाम् बक्ष्यते गौडवर्त्मनि ॥**

**આચાર્ય ઉદ્ભટ**

*ગુણ અને રીતિ પ્રત્યે ભામહનું જે વલણુ હતું તે ઉદ્ભટમાં પણ જોવા મળે છે. એટલે આચાર્ય દંડી અને વામને રીતિવિચારને મહત્ત્વ આપ્યું છે તે ઉદ્ભટમાં જેવા મળતું નથી. ગુણરીતિવિચારણાને સ્થાને એમણે માત્ર વર્ણવિન્યાસ ઉપર આધાર રાખતી વૃત્તિઓની વાત કરી છે. વર્ણાનુપ્રાસની છટાઓ રૂપે આ વૃત્તિઓને સ્વીકારીને ઉદ્ભટ અનુપ્રાસના ઉપલક્ષ્યમાં એની ચર્ચા કરે છે. દંડી અને વામનના ગુણરીતિવિચારમાં વર્ણવિન્યાસને ખ્યાલ છે જ, પણ એટલા પૂરતો જ એમનો ગુણરીતિવિચાર મર્યાદિત નથી. ઉદ્ભટ વર્ણવિન્ધાસરૂપી અનુપ્રાસના સંદર્ભમાં પરુષા, ઉપનાગરિકા અને ગ્રામ્યા કે કોમલા વૃત્તિઓની ચર્ચા કરે છે અને કાવ્યગત 'અલંકાર'ના વ્યાપક ખ્યાલમાં એમનો સમાવેશ કરે છે.*

*ગુણ અને અલંકાર વચ્ચેનો વામને દર્શાવેલો ભેદ ઉદ્ભટને માન્ય નથી. ઉદ્ભટને આ અંગેનો મત આચાર્ય મમ્મટે 'કાવ્યપ્રકાશ'માં ઉદ્ધૃત કર્યો અને પછી તેનો અસ્વીકાર કર્યો છે. મમ્મટે ઉદ્ભટનાં આ વિધાનો અત્યારે અપ્રાપ્ય એવા 'ભામહવિવરણ'માંથી લીધાં હોય એવી શક્યતા છે. એ વિધાનો આ પ્રમાણે છેઃ* एष एव च गुणालङ्कारप्रविभागः। एवं च, 'समवायवृत्या शौर्यादयः संयोगवृत्तया तु हारादयः इत्यस्तु गुणालङ्काराणां भेदः । ओजः प्रभृतीनामनुप्राद्योपमादीनां चोभयेषामपि समवायवृत्त्या स्थितिरिति गइरिकाप्रवाहेणैवैषां भेदः'। *અર્થાત્ ગુણ અને અલંકારોનો આ જ વિભાગ છે અને વળી, શૌર્યાદિ સમવાયવૃત્તિથી અને હારાદિ સંયાગવૃત્તિથી એમ ગુણ અને અલંકારોને ભેદ ભલે કહેવાતો. (હકીકતે તો) ઓજસ્ વગેરે અને અનુપ્રાસ, ઉપમા વગેરે ઉભય (ગુણાલંકાર)ની કાવ્યમાં સ્થિતિ સમવાયવૃત્તિથી જ છે.*

**આચાર્ય રુદ્રટ**

*સમય જતાં રીતિઓને વર્ણ્યવિષય કે રસની સાથે સાંકળવામાં આવી. આ અભિગમનો પ્રથમ અણસાર આપણને, પ્રાપ્ત ગ્રંથોના સંદર્ભમાં, આચાર્ય રુદ્રટના 'કાવ્યાલંકાર'માં મળે છે. વામને ત્રણ- રીતિઓની ચર્ચા કરી હતી. વૈદર્ભી ગૌડી અને પાંચાલી. એમાં રુદ્રટ 'લાટીયા' નામની ચોથી રીતિ ઉમેરે છે. આપણે આગળ જોયું કે આચાર્ય ઉદ્ભટે વૃત્તિવિચારમાં જાણે કે રીતિવિચારને સમાવી લેવા જેવું કર્યું છે. રુદ્રટ રીતિઓનો સ્પષ્ટ ઉલ્લેખ કરે છે, તો પણ ઉદ્ભટની જેમ વૃત્તિને જ એમણે મહત્ત્વ આપેલું જોઈ શકાય છે. દંડી અને વામનમાં જોવા મળતી ગુણરીતિચર્ચાથી જુદા જ પ્રકારની રીતિચર્ચા રુદ્રટમાં છે. 'કાવ્યાલંકાર'ના બીજા અધ્યાયમાં કાવ્યલક્ષણ આપ્યા પછી રુદ્રટે શબ્દ અને તેના પ્રકારો નિરૂપ્યા છે. તેઓ કહે છે કે શબ્દ પાંચ પ્રકારના નામ, આખ્યાત, નિપાત, ઉપસર્ગ અને કર્મ પ્રવચનીય. આમાં નામ બે પ્રકારે પ્રાપ્ત થાય છે-સમસ્તરૂપમાં અને અસમસ્તરૂપમાં. એટલે કે નામની વૃત્તિ બે પ્રકારની છે. સમાસયુક્ત અને સમાસરહિત. આમાં સમાસયુક્ત વૃત્તિની ત્રણ રીતિઓ હોય છે.*

**नाम्नां वृत्तिद्वेधा भवति समासासमासभेदेन ।**

**वृत्तेः समासवत्यास्तत्र स्यू रीतियस्तिस्त्र ॥**

*આગળ જતાં તેઓ કહે છે કે આ ત્રણ રીતિઓ તે પાંચાલી, લાટીયા અને ગૌવડીયા. અનુક્રમે લઘુ, મધ્યમ અને આયત કે દીર્ઘ સમાસયુક્ત રચના હોય છે. આમાં લઘુ, મધ્યમ અને દીર્ઘ સમાસ કોને કહેવા? રુદ્રટ કહે છે કે પાંચાલીમાં બે-ત્રણ પદોનો લઘુ સમાસ હોય છે, લાટીયામાં પાંચ કે સાત પદોનો સમાસ હોય છે, જ ગૌડીયામાં કવિ યથાશક્તિ ગમે તેટલાં પદોનો સમાસ રચી શકે છે :*

**पाञ्चाली छाटीया गौडीया चेति नामतोऽभिहिताः ।**

**लघुमध्यायतविर चनसमासभेदादिमास्तत्र ॥**

**द्वित्रिपदा पांचाली हाटीया पंच सप्त वा यावत् ।**

**शब्दाः समासवन्तो भवति यथाशक्तिगौडीया ॥**

**આચાર્ય આનંદવર્ધન**

*આચાર્ય આનંદવર્ધને રસ-ધ્વનિ-વ્યંજના સિદ્ધાન્તના સંદર્ભમાં ગુણ, રીત, અલંકાર વગેરે કાવ્યતત્ત્વોની વ્યવસ્થા વિચારેલી છે. ગુણનું લક્ષણ આપતાં એમણે કહ્યું છેઃ*

**तमर्थमवलम्बन्ते येऽङ्गिनं ते गुणाः स्मृताः ।**

**अङ्गाश्रितास्त्वलङ्कारः बिज्ञेयाः कटकादिवत् ॥**

*અર્થાત્ તે (રસધ્વનિરૂપી) અંગીને જે અવલંબીને રહે તે ગુણો કહેવાયા છે અને શરીર પર અવલંબતા કટક વગેરે જેવા ધર્મો તે અલંકારે જાણવા. વૃત્તિમાં ઉદાહરણ આપતાં એમણે સ્પષ્ટ કર્યું છે કે શૌર્ય વગેરે જેમ મનુષ્યના આત્માના ગુણો છે અને કનકકુંડળ વગેરે જેમ શરીરનાં શોભાધાયક તત્ત્વો છે. તેમ ગુણે એ કાવ્યના આત્મારૂપ ધ્વનિના ધર્મ છે અને અલંકારો શબ્દાર્થ રૂપ કાવ્યશરીરનાં શોભાધાયક તત્ત્વો છેઃ*

**ये तमर्थ रसादिलक्षणमङ्गिनं सन्तमवलम्बन्ते ते गुणाः शौर्यादिवत् ।**

**वाच्यवाचकलक्षणान्यङ्गानि ये पुनस्तदाश्रितास्तेऽलङ्काराः मन्तव्याः ॥**

*શૌર્ય શરીરમાં રહે છે પણ તે મૃત કે સુપ્ત શરીરમાં નહીં, એટલે એમ સ્વીકારવું જ પડે કે શૌર્ય એ આત્માનો ગુણ છે. પણ એ સાથે જ એનો અર્થ એવો નથી કે શરીરની સાથે એને કોઈ સંબંધ નથી, કારણ કે શરીર વિના આત્મા શૌર્યાદિ ગુણો કેવી રીતે પ્રગટ કરી શકે ? એટલે ગુણોનો સંબંધ શબ્દાર્થરૂપ કાવ્યશરીર સાથે તો છે જ, પણ તેમનો સૂક્ષ્મ સંબંધ રસ-ધ્વનિ સાથે છે. અલંકારોને કટકાદિ આભૂષણોની જેમ શરીરધર્મો કહ્યા હોવા છતાં અલંકારને માત્ર બહિરંગ કહેવાનું આનંદવર્ધનને કદાચ ઉદ્દિષ્ટ નથી. સીધી રીતે અલંકારો શબ્દાર્થ સાથે સંકળાયેલા છે એ ખરું, પણ તે રસના પોષક પણ છે જ. ગુણ અને અલંકાર બંનેને અવિર્ભાવ શબ્દ અને અર્થ દ્વારા, કહો કે શબ્દાર્થમાં જ થાય છે, બંને વચ્ચે ભેદ એટલો કે ગુણોનો રસરૂપ આત્મા સાથે સીધો સંબંધ છે. જ્યારે અલંકારોનો એની સાથે આડકતરો સંબંધ છે.*

*આચાર્ય આનંદવર્ધને ભામહની જેમ માત્ર ત્રણ જ ગુણોનો સ્વીકાર કર્યો છેઃ માધુર્ય, ઓજસ અને પ્રસાદ.*

*આનંદવર્ધને ભલે 'રીતિ'ને મહત્ત્વ નથી આપ્યું. પણ તેમની સંઘટનાની અને તેના પ્રકારો વિશેની વિભાવના પર રીતિવિચારની અસર પડેલી જ છે અને ખાસ કરીને રુદ્રટની રીતિવિચારણા તો તેના મૂળમાં રહેલી જોઈ શકાય છે. આનંદવર્ધને રસધ્વનિના સંદર્ભમાં રીતિનો વિચાર કર્યો અને તેને સંઘટના કહીને ઓળખાવી, તેમજ સંઘટનાને ગુણાશ્રિત કહી ગુણ અને રીતિ વચ્ચેનો સંબંધ નવી રીતે પ્રસ્થાપિત કર્યો એ એમનું મહત્ત્વનું અર્પણ છે.*

**આચાર્ય કુન્તક**

*આચાર્ય કુન્તકના મતે કવિઓના પ્રસ્થાનના હેતુરૂપ ત્રણ માર્ગો છેઃ સુકુમાર માર્ગ, વિચિત્ર માર્ગ અને એ બંનેનાં સમન્વિત લક્ષણોવાળો મધ્યમ માર્ગ. કુન્તક 'રીતિ' ને બદલે 'માર્ગ' સંજ્ઞા પ્રયોજે છે. આપણે આગળ જોયું છે કે આચાર્ય દંડીએ પણ 'માર્ગ' સંજ્ઞા જ પ્રયોજેલી છે. રીતિની પરમ્પરામાં ચાલતી આવેલી ચર્ચા કુન્તકને માન્ય નથી એટલે પરમ્પરાથી ચાલ્યાં આવતાં વૈદર્ભી, ગૌડી, પાંચાલી વગેરે નામનો પણ તેઓ અસ્વીકાર કરે છે. ખાસ કરીને પરમ્પરાગત રીતિચર્ચાના બે મુદ્દાઓની સામે કુન્તકને વાંધો છે. એક તો, દેશવિશેષને આધારે વૈદર્ભી વગેરે ત્રણ રીતિઓની જે ચર્ચા ચાલી આવતી હતી. તેમાં દેશવિશેષને કુન્તક કોઈ મહત્ત્વનું તત્ત્વ ગણતા નથી. તેઓ કહે છે તે જો દેશવિશેષ પ્રમાણે રીતિભેદ સ્વીકારીએ તો દેશો તો અનંત છે. તેથી રીતિઓ પણ અનંત સ્વીકારવી પડે.*

**આચાર્ય રાજશેખર**

*રાજશેખરે પ્રવૃત્તિ, વૃત્તિ અને રીતિ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરતાં કહ્યું છેઃ*

तत्र बेषविन्यासक्रमः प्रवृत्तिः, विलासविन्यासक्रमो वृत्तिः, वचनविन्यासक्रमो रीतिः।

*અર્થાત્ પહેરવેશ વગેરેની વિશેષતા તે પ્રવૃત્તિ, નૃત્યગીતાદિ વિલાસકલાઓની વિશેષતા તે વૃત્તિ અને વચનવિન્યાસની વિશેષતા તે રીતિ.*

*આમ, પૂર્વના અંગ, વંગ, સુધ્ન અને બ્રહ્મપુંડ વગેરે જનપદોની પ્રવૃત્તિ માગધી, વૃત્તિ ભારતી અને રીતિ ગૌડી પ્રચલિત બની. ઉત્તરના પાંચાલાદિ જનપદોમાં પાંચાલમધ્યમા પ્રવૃત્તિ, સાત્વતી અને આરભટી વૃત્તિ તથા પાંચાલી રીતિ પ્રચલિત થઈ. પશ્ચિમના આવન્તી વગેરે પ્રદેશોમાં આવન્તી પ્રવૃત્તિ, સાત્વતી અને કૈશિકી વૃત્તિ પ્રચલિત થઈ. દક્ષિણના મલયાદિ પ્રદેશોમાં દાક્ષિણાત્યા પ્રવૃત્તિ, કૈશિકી વૃત્તિ અને વૈદર્ભી રીતિ પ્રચલિત થઈ. જોઈ શકાશે કે રાજશેખરે ચાર દિશાઓની પ્રવૃત્તિઓ અને વૃત્તિઓ ચાર ચાર દર્શાવી છે, પણ રીતિઓ તો ત્રણ જ ગણાવી છે. ગૌડી, પાંચાલી અને વૈદર્ભી.*

**આચાર્ય ભોજરાજ**

*રીતિઓની સંખ્યા પણ ભોજરાજે વધારી છે. વૈદર્ભી, ગૌડી, પાંચાલી અને લાટીયા તો જાણીતી હતી. ભોજરાજે એમાં આવન્તિકા અને માગધી ઉમેરી.*

*ભોજરાજે રીતિચર્ચા ત્રણ વખત કરી છે. એક, અરીતિમત દોષની ચર્ચા કરતાં, અલંકારવિભાગમાં શબ્દાલંકારરૂપે અને છેલ્લે અનુભાવવિભાગમાં ત્રણ બુધ્યારંભ અનુભાવમાંના એક તરીકે. શબ્દાલંકારની દૃષ્ટિએ રીતિ છ પ્રકારની છે પણ અનુભાવની દષ્ટિએ તે ચાર પ્રકારની છે. વૈદર્ભી, ગૌડી અને પાંચાલીનાં લક્ષણોની બાબતમાં ભોજ વામનને અનુસરે છે. ભોજ લાટીયા રીતિ રુદ્રટમાંથી લઈ આવે છે .પણ રુદ્રટનાં લક્ષણોથી ભિન્ન પ્રકારનાં લક્ષણો તેઓ આપે છે. ભોજ કહે છે :*

**समस्तरीतव्यां ( व्या ) मिश्रा लाटीया रीतिरुच्यते ।**

**मिश्ररीतिर्लाटीया ।**

*આવન્તિકાનું લક્ષણ આપતાં કહ્યું છે.*

**अन्तराले तु पाग्-चालीवैदर्भ्योर्याऽवतिष्ठते ।**

**साऽवन्तिका समस्तैः स्याद् द्वित्रैस्त्रिचतुरैः पदैः ॥**

*અર્થાત્ આવન્તિકા પાંચાલી અને વૈદભીની અંતરાલવર્તિની રીતિ છે અને તેમાં બે, ત્રણ કે ચાર સમસ્ત પદો રહેલાં હોય છે. 'શૃંગારપ્રકાશ'માં ભોજરાજ આવન્તિકા વિશે કહે છે કે તે કોઈ એક રીતિ નથી, પણ સર્વ રીતિઓની વચ્ચે તે રહેલી છે !*

वैदर्भादीनामन्तरालरीतिरावन्तिका ।

*માગધીને ભોજરાજે 'ખંડરીતિ' કહી છે. એટલે કે એક રીતિમાં તે શરૂ થાય અને અન્યમાં તે વિરમે.*

पूर्वरीतेरनिर्वाहे खण्डरीतिस्तु मागधी ।

*'સરસ્વતીકંઠાભરણ'માં વૈદર્ભી, ગોડી અને પાંચાલીનાં લક્ષણો ભોજ વામનને અનુસરીને આપે છે, પણ 'શંગારપ્રકાશ'માં એ ત્રણે રીતિઓનાં લક્ષણો તેઓ રુદ્રટ અનુસાર આપે છે :*

असमस्तपदा वैदर्भी। समस्तपाञ्चषपदापञ्चाली। यथाशक्तिसमस्तयदा गौडीया ।

**આચાર્ય મમ્મટ**

*આચાર્ય મમ્મટ આનંદવર્ધનના ધ્વનિપ્રસ્થાનના મહાન પુરસ્કર્તા છે. વામને ગુણ અને અલંકારનો જે સંબંધ કાવ્યસંદર્ભમાં દર્શાવ્યો છે. તેનો મમ્મટે વિરોધ કરેલો છે. મમ્મટે ગુણની વ્યવસ્થા આનંદવર્ધનને અનુસરીને જ નિરૂપેલી છે અને એ દષ્ટિએ વામનના ગુણ-રીતિ સંબંધનો પણ એમણે અસ્વીકાર કર્યો છે. તેઓ 'કાવ્યપ્રકાશ'ના આઠમા ઉલ્લાસમાં ગુણચર્ચાની શરૂઆતમાં વામનની વિચારણને ઉલ્લેખ કરીને પ્રશ્ન પૂછે છે કે, સર્વ ગુણવાળી રચનાને કાવ્ય કહેશો કે અમુક ગુણવાળી રચનાને ? જો સર્વ ગુણોવાળી કૃતિને જ કાવ્ય કહેતા હો, તે જેમાં અમુક જ ગુણો છે. એવી ગૌડી અને પાંચાલી રીતિઓ કાવ્યનો આત્મા શી રીતે બની શકે? વળી, જો અમુક ગુણોથી પણ કાવ્યવ્યવહાર થઈ શકતો હોય તો* अद्रावत्र प्रज्ज्वलत्यग्निरुच्चै प्राज्यः प्रोधन्नुल्लसत्येष धूमः । *(આ પર્વત પર ભારે અગ્નિ ભડભડી રહ્યો છે અને ધૂમના ગોટેગોટ ઊંચે*

*ચડતા દેખાય છે.) ઈત્યાદિ (રસહીન) વાક્યમાં પણ ઓજસ વગેરે કેટલાક ગુણો હોવાથી કાવ્યવ્યવહાર થઈ શકે. પણ એમ થતું નથી.*

**આચાર્ય વિશ્વનાથ**

*વિશ્વનાથ અને મમ્મટની વિચારણામાં એટલો ફેર દેખાય છે કે વિશ્વનાથે રીતિઓનો કાવ્યના સ્વતંત્ર તત્ત્વરૂપે સ્વીકાર કરેલો છે. રીતિને એમણે રસોને ઉપકારક, એવી વિશિષ્ટ અંગવિન્યાસરૂપ પદોની સંઘટના કહીને ઓળખાવી છે અને તેના ચાર પ્રકારો કહ્યા છે. એ નોંધપાત્ર છે કે રુદ્રટે દર્શાવેલી લાટીયા રીતિનો સ્વીકાર વિશ્વનાથે કર્યો છે. તેઓ કહે છે :*

पदसंघटना रीतिरङ्गसंस्थाविशेषवत् । उपकर्त्री रसादीनां सा पुनः स्याच्चतुविषा ।

*એ પછી ચારે રીતિઓના લક્ષણો એમણે આ પ્રમાણે દર્શાવ્યાં છે.*

1. *વૈદર્ભી*

**माधुर्यव्यञ्जकैवर्णैरचना लचितात्मिका ।**

**अवृत्तिरल्पवृत्तिर्वा वैदर्भी रीतिरिष्यते ।**

*અર્થાત્ માધુર્યવ્યંજક વર્ણોવાળી સમાસરહિત કે અલ્પ સમાસવાળી લલિત રચના તે વૈદર્ભી.*

2. *ગૌડી*

ओजःप्रकाशकैर्वर्णैर्बन्ध आडम्बरः पुनः ॥ समासबहुला गौड़ी ।

*ઓજસને પ્રકાશિત કરનાર કઠોર વર્ણોવાળી આડંબરયુક્ત અને સમાસબહુલ રચના જેમાં હોય તે ગૌડી.*

3. *પાંચાલી*

बर्णैः शेषैः पुनर्द्वयोः । समस्तपञ्चषपदो बन्धः पाञ्चालिका मता ॥

*આગળની બંને રીતિઓના જે શેષ વર્ણો છે એટલે કે જે વર્ણો ન તો માધુર્યવ્યંજક છે ન ઓજસવ્યંજક, તેમનાથી જે રચના કરાય અને જેમાં પાંચ-છ પદો સુધીના સમાસવાળો બંધ હોય તે પાંચાલી રીતિ.*

4. *લાટિકા*

लाटी तु रीतिवैदर्भीपाञ्चाल्योरन्तरे स्थिता ।

*વૈદર્ભી અને પાંચાલી એ બે રીતિઓની વચમાંની એટલે કે બંનેનાં કંઈક કંઈક લક્ષણોવાળી રીતિ તે લાટી.*

*આપણે એ જોયું કે જુદાં જુદાં સમયે જુદાં જુદાં આલંકારિકોએ ગુણ અને રીતિની વિભાવનાને જુદાં જુદાં દૃષ્ટિકોણથી ચર્ચી છે.*

## 2.5 આચાર્ય વામન દ્વારા રીતિ વિવેચન

*આચાર્ય વામન રીતિ સંપ્રદાયના શીર્ષસ્થાનીય આચાર્ય છે. એમણે રીતિને કાવ્યનો આત્મા કહીને ઓળખાવી.* रीतिरात्मा काव्यस्य । *વિશિષ્ટ પદરચનાને તેઓ રીતિ કહે છે :* विशिष्टा पदरचना रीतिः । *પદરચનાની વિશેષતા શેને આભારી છે ? તો કહે છે કે* विशेषो गुणात्मा । *વિશેષતા ગુણરૂપ છે.*

*આચાર્ય વામને રીતિને કેન્દ્રમાં રાખીને અન્ય કાવ્યતત્ત્વોનો કાવ્યપદાર્થ અને તેના આસ્વાદના સંદર્ભમાં વિચાર કર્યો છે. તેઓ કહે છે કે કાવ્ય અલંકાર દ્વારા* काव्यं ग्राह्यमलंकारात् । *'અલંકાર' શબ્દનો બેવડા અર્થમાં પ્રયોગ આચાર્ય ભામહાદિની જેમ, આચાર્ય વામને પણ કરેલો છે. જ્યારે સૌન્દર્યને તેઓ અલંકાર કહે છે. ત્યારે 'અલંકાર' શબ્દનો વ્યાપક અર્થ એમના મનમાં છે; જ્યારે બીજો અર્થ 'અલંકાર' એટલે કાવ્યશોભામાં વધારો કરનાર તત્ત્વ એવો એમણે લીધેલો છે.*

*કાવ્યસૌન્દર્ય શી રીતે સિદ્ધ થાય? વામન કહે છે કે દોષોના પરિહારથી અને ગુણ તેમ જ અલંકારના ગ્રહણથી સૌન્દર્ય સિદ્ધ થાય. આમાં કાવ્યસૌન્દયનાં મહત્ત્વના નિષ્પાદક તત્ત્વો ગુણો છે અને અલંકારો એ સૌન્દર્યમાં વધારે કરનારાં તત્ત્વો છે.* काव्यशोभायाः कर्तारो धर्मा गुणाः । तदतिशयहेतवस्त्वलङ्कारा: । *એટલે ગુણોનું સ્વરૂપ વામનને મતે વધુ સૂક્ષ્મ છે અને કાવ્યસૌન્દર્ય માટે તે અનિવાર્ય તત્ત્વ છે. સ્વભાવોક્તિનાં કેટલાંક ઉદાહરણોમાં અલંકારો ન હોવા છતાં કાવ્યસૌન્દર્ય તો હોય છે. એ સૌન્દર્ય ગુણોને કારણે હોય છે એમ વામનનું કહેવું છે. આથી ગુણોને એમણે કાવ્યનાં અંતરંગ તત્ત્વો તરીકે સ્વીકારીને નિત્ય તત્ત્વો કહ્યાં છે. આ વિચારણાએ આગળ વધતાં ગુણો જેનો વિશેષ છે એવી વિશિષ્ટા પદરચના રીતિને એમણે કાવ્યનો આત્મા કહીને ઓળખાવી. કાવ્યના આત્મભુત તત્ત્વની આ રીતે નિસંદિગ્ધપણે વાત કરનાર આચાર્ય વામન પહેલા આલંકારિક છે.*

*આપણે આગળ જોયું છે કે રીતિની વિભાવના પ્રાદેશિક વિશેષતાની સાથે સંકળાયેલી રહી છે. પણ વામન પ્રાદેશિકતાને રીતિનું માત્ર આકસ્મિક લક્ષણ ગણે છે. રીતિના વૈદર્ભી, ગૌડી અને પાંચાલી એવા ત્રણ પ્રકારો સ્વીકારીને તેઓ પ્રશ્ન કરે છે કે, કાવ્યનાં દ્રવ્યગુણોની ઉત્પત્તિ શું માત્ર પ્રદેશવિશેષને જ આભારી છે ? અને કહે છે કે, ના, એવું નથી. જે તે પ્રદેશમાં એ પરમ્પરાથી પ્રચલિત હોવાથી તેનાં એવાં નામો પડ્યાં છે.*

## 2.6 'રીતિ'ના પ્રકારો

*વામને રીતિના ત્રણ પ્રકારો આપ્યા છેઃ વૈદર્ભી, ગૌડી અને પાંચાલી.*

**1. વૈદર્ભી રીતિ –**

*આમાં સમગ્રગુણા તો એકલી વૈદર્ભી જ હોવાથી તેને અંગે વામને કહયું છે કે* तासां पूर्वा ग्राह्या गुणसाकल्यात् । न पुनरितरे स्तोकगुणत्वात् ॥ *અર્થાત્ સકલ ગુણો જેમાં છે. તેવી પહેલી એટલે કે વૈદર્ભી ગ્રહણ કરવી, થોડા ગુણોવાળી બીજી બે એટલે કે ગૌડીયા*

*અને પાંચાલી નહીં. જેમાં સમાસયુક્ત પદ ન હોય તેને વામને 'શુદ્ધ વૈદર્ભી' કહી છે અને કહ્યું છે કે તેમાં ગુણોનો વૈભવ આસ્વાદયોગ્ય હોય છે. વૈદર્ભીની ઓળખ વામને આ પ્રમાણે આપી છે:*

**अस्पृष्टा दोषमात्राभिः समग्रगुणगुम्फिता ।**

**विपञ्चीस्वग्सौभाग्या वैदर्भी रीतिरिष्यते ॥**

*અર્થાત્ દોષોની માત્રાથી પણ અસ્પૃષ્ટ, સમગ્ર ગુણોથી ગુંફિત અને વીણાના સ્વરની જેમ સુભગ એવી વૈદર્ભી રીતિ કહેવાઈ છે અને કવિઓએ તેની સ્તુતિ કરતાં કહ્યું છે કે-*

**सति वक्तरि सत्यर्थे सति शब्दानुशासने ।**

**अस्ति तन्न बिना येन परिस्रवति वाङ्मधु ॥**

*અર્થાત્ (સત્કવિ રૂપ યોગ્ય) વક્તા, (સુંદર મય વિષયરૂપ) અર્થ, અને શબ્દપ્રભુત્વ (શબ્દકોશ) હોવા છતાં પણ જેના વિના વાઙ્મધુ ન સ્રવે (તે વૈદર્ભી રીતિ કહેવાઈ છે).*

*જે રીતિમાં આ બધા જ ગુણો હોય તે રીતિ ઉત્તમ એમ વામનનું કહેવું છે. વામનને મતે એવી ઉત્તમ રીતિ તે વૈદર્ભી-* समग्रगुणा वैदर्भी ।

2. *ગૌડી રીતિ –*

*ગૌડી રીતિનું લક્ષણ બાંધતાં વામને કહ્યું છે :*

ओजः कान्तिमती गौडीया । *અર્થાત્ ઓજસ્ અને કાન્તિ ગુણોથી યુક્ત ગૌડી રીતિ છે. એમાં માધુર્ય અને સૌકુમાર્ય ગુણો ન હોવાથી એ સમાસબહુલા અને અત્યુલ્વણપદા એટલે કે અતિ ઉગ્ર પદોવાળી હોય છે. ટૂંકમાં એમ કહી શકાય કે દીર્ઘ સમાસો અને ઉદભટ પદોથી યુક્ત રીતિ તે ગૌડી.*

3. *પાંચાલી રીતિ -*

*ગૌડીના સામે છેડે છે પાંચાલી. પાંચાલીનું લક્ષણ વામન આમ આપે છે:* माधुर्यसौकुमार्योपपन्ना पाञ्चाली । *અર્થાત્ માધુર્ય અને સૌકુમાર્ય ગુણોથી યુક્ત રીતિ તે પાંચાલી. માધુર્ય અને સૌકુમાર્ય અનુક્રમે ઓજસ્ અને કાન્તિ ગુણોના સામા છેડાના ગુણો છે. એટલે કે પાંચાલી રીતિની પદરચના અસામાસા અને વિચ્છાય એટલે કે અનુલ્વણપદા હોય છે. આનો અર્થ એ થયો કે ગૌડી રીતિમાં માધુર્ય અને સૌકુમાર્યનો અભાવ હોય છે. જ્યારે પાંચાલીમાં ઓજસ્ અને કાન્તિ ગુણોની સત્તા નથી હોતી. વૈદર્ભી સર્વગુણસમ્પન્ના હોવાથી આ બંને રીતિઓ કરતાં ચડિયાતી છે અને સત્કવિઓને માટે તે જ શ્લાધ્ય છે એવો વામનનો મત છે.*

*વામને વૈદર્ભી, ગૌડી અને પાંચાલી એમ ત્રણ રીતિઓ ગણાવી છે અને જોઈ શકાય છે કે આ ત્રણેનાં નામ પ્રદેશવિશેષ પ્રમાણે છે. એટલે કે વિદર્ભ, ગૌડ અને પાંચાલ પ્રદેશોનાં નામો પરથી અનુક્રમે વૈદર્ભી, ગૌડી અને પાંચાલી એવાં રીતિઓનાં નામો*

*પડેલાં છે. વામને એને અંગે પ્રશ્ન ઊભો કર્યો છે.* किं पुनर्देशवशाद् द्रव्यगुणोत्पत्तिः काव्यानां येनाय देशविशेष व्यपदेशः ? *અર્થાત્ કાવ્યોના 'દ્રવ્યગુણ'ની ઉત્પત્તિ શું દેશવિશેષને આભારી છે કે રીતિઓનું નામકરણ એ દેશવિશેષ અનુસાર કર્યું ? વામન કહે છે:* नैवम् । *ના, એવું નથી. કારણ એ છે કે* विदर्भादिषु दृष्टत्वात् तत्समाख्या । *વિદર્ભ આદિ દેશોમાં વૈદર્ભી આદિ રીતિઓના પ્રચલનને કારણે રીતિઓનું એવું નામકરણ થયું છે. ગુણના ભેદે રીતિભેદ દર્શાવ્યો છે એમ વામને નોંધ્યું છે, દેશભેદે નહીં.*

*વામનના સમયમાં કેટલાક લોકો એવું માનતા હશે કે વૈદર્ભી રીતિની પ્રાપ્તિ માટે પહેલાં ગૌડી કે પાંચાલી રીતિનું અનુસરણ કરવું જોઈએ અને ક્રમે ક્રમે વૈદભી સુધી પહોંચવું જોઈએ. વામને એવું માનનારાઓને ચોખ્ખું સંભળાવ્યું છે કે* तच्च न, अतत्त्वशीलस्य तत्त्वानिष्पत्तेः । *એટલે કે એમ માનવું બરાબર નથી કારણ કે અતત્ત્વના અભ્યાસથી તત્ત્વની પ્રાપ્તિ ન થઈ શકે. ઉદાહરણ આપીને આ મુદ્દાને એમણે વધુ સ્પષ્ટ કર્યો છે.* न शणसूत्रवानाभ्यासे त्रसरसूत्रवान वैचित्र्यलाभः । *એટલે કે શણના તાંતણા વણવાના અભ્યાસથી ટસર (રેશમ)ના તાર વણવામાં વિચક્ષણતા ન મળે. એટલે વૈદર્ભીની પ્રાપ્તિ માટે તો વૈદર્ભીનો જ અભ્યાસ કરવાનો રહે, ગૌડી કે પાંચાલીના સેવન દ્વારા વૈદભી સુધી પહોંચી ન શકાય.*

## 2.7 તમારી પ્રગતિ ચકાસો

**પ્રશ્ન-1. નીચેના પ્રશ્નો સવિસ્તાર નોંધ આપો.**

1. *આચાર્ય રુદ્રટ દ્વારા રીતિ વિવેચન વિશે નોંધ લખો.*

2. *આચાર્ય દંડી દ્વારા રીતિ વિવેચન વિશે સવિસ્તાર નોંધ લખો.*

3. *આચાર્ય વિશ્વનાથ દ્વારા રીતિ વિવેચન વિશે નોંધ લખો.*

4. *આચાર્ય વામન દ્વારા રીતિ વિવેચન વિશે નોંધ લખો.*

______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________

**પ્રશ્ન-2. ટૂંકનોંધ લખો.**

1. *'રીતિ'ના પ્રકારો વિશે નોંધ લખો.*
2. *આચાર્ય મમ્મટ દ્વારા રીતિ વિવેચન વિશે નોંધ લખો.*
3. *'રીતિ' શબ્દનો અર્થ*
4. *રીતિ સંપ્રદાયનો સમય*

**પ્રશ્ન-3. એક બે વાક્યમાં પ્રશ્નના જવાબ આપો.**

1. *આચાર્ય વામને રીતિના પ્રકારો કેટલા આપ્યા છે? કયા-કયા?*
2. *આચાર્ય રુદ્રટે શબ્દના કેટલા પ્રકાર આપ્યા છે? કયા-કયા?*
3. *આચાર્ય વામનનો સમય જણાવો.*
4. *રીતિના પર્યાયવાચી શબ્દો જણાવો.*
5. *આચાર્ય વામને આપેલ ગૌડી રીતિનું લક્ષણ આપો.*
6. *આચાર્ય વિશ્વનાથે આપેલ લાટિકા રીતિનું લક્ષણ આપો.*
7. *આચાર્ય આનંદવર્ધને કેટલા ગુણોનો સ્વીકાર કર્યો છે? કયા-કયા?*
8. *આચાર્ય રુદ્રટે રીતિના પ્રકારો કેટલા આપ્યા છે? કયા-કયા?*

**પ્રશ્ન-4. સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

1. *માધુર્ય અને સૌકુમાર્ય ગુણોથી યુક્ત રીતિ કઈ છે?*

   (A) *વૈદર્ભી* (B) *લાટિકા* (C) *ગૌડી* (D) *પાંચાલી*

2. *આચાર્ય રુદ્રટે આપેલ લાટીયા રીતિનો સ્વીકાર કોણે કર્યો છે?*

   (A) *આચાર્ય વામન* (B) *આચાર્ય ભામહ*

   (C) *આચાર્ય વિશ્વનાથ* (D) *આચાર્ય દંડી*

3. *આચાર્ય દંડીના ગ્રંથનું નામ જણાવો.*

   (A) *કાવ્યાદર્શ* (B) *કાવ્યાલંકાર*

   (C) *કાવ્યપ્રકાશ* (D) *કાવ્યાલંકારસૂત્રવૃત્તિ*

4. *આચાર્ય ભોજરાજ મુજબ શબ્દાલંકારની દ્રષ્ટિએ રીતિના કેટલા પ્રકાર છે?*

   (A) 6 (B) 4 (C) 3 (D) 2

5. *આચાર્ય કુન્તક રીતિના બદલે કઈ સંજ્ઞા પ્રયોજે છે?*

   (A) *માર્ગ* (B) *પ્રવૃત્તિ* (C) *વૃત્તિ* (D) *અંગ*

6. *આચાર્ય રુદ્રટ મુજબ કઈ રીતિમાં બે-ત્રણ પદોનો લઘુ સમાસ હોય છે?*

(A) *વૈદર્ભી* (B) *લાટિકા* (C) *ગૌડી* (D) *પાંચાલી*

7. *આચાર્ય ભોજરાજે કયા ગ્રંથમાં ત્રણેય રીતિના લક્ષણો આપ્યા છે?*

(A) *કાવ્યાદર્શ* (B) *કાવ્યાલંકાર*

(C) *કાવ્યપ્રકાશ* (D) *સરસ્વતીકંઠાભરણ*

8. समग्रगुणा वैदर्भी । - *આ વાક્ય કોણે આપ્યું?*

(A) *આચાર્ય વામન* (B) *આચાર્ય ભામહ*

(C) *આચાર્ય વિશ્વનાથ* (D) *આચાર્ય દંડી*

---

**લેખક : ડૉ. ઈશિતા જે. ઠક્કર, આસીસ્ટન્ટ પ્રોફેસર,**
**બી.ડી.એસ. આર્ટસ એન્ડ સાયન્સ કોમર્સ કોલેજ, પાટણ.**

---

## એકમ : 3 : અલંકાર સંપ્રદાય

### રૂપરેખા


**3.0 ઉદ્દેશ**

**3.1 પ્રસ્તાવના**

**3.2 અલંકારની વ્યાખ્યા**

**3.3 અલંકારના પ્રકારો**

**3.4 અલંકારશાસ્ત્રના પ્રતિપાદક આચાર્યો**

**3.5 કાવ્યમાં અલંકારનું અંતરંગત્વ અને મહત્ત્વ**

**3.6 અલંકારોનો ઉદ્ભવ અને તેની સંખ્યામાં વિકાસ**

**3.7 અલંકારોનું વર્ગીકરણ**

**3.8 તમારી પ્રગતિ ચકાસો**


### 3.0 ઉદ્દેશ

*આ એકમનો અભ્યાસ કર્યા બાદ આપ*

- *અલંકારના વિષયમાં તમને પરિચય મળશે.*
- *અલંકાર સંપ્રદાયના વિષયમાં તમને પરિચય મળશે.*
- *અલંકારની વ્યાખ્યા વિશે જાણકારી પ્રાપ્ત થશે.*
- *અલંકારના પ્રકારોની જાણકારી મળશે.*
- *અલંકારોનો ઉદ્ભવ વિશેની જાણકારી મળશે.*
- *અલંકારશાસ્ત્રના પ્રતિપાદક આચાર્યોનો પરિચય મળશે.*

### 3.1 પ્રસ્તાવના

*અલંકાર સંપ્રદાય કાવ્યશાસ્ત્રનો પ્રમુખ સંપ્રદાય છે. કાવ્યશાસ્ત્રનું પહેલા નામ અલંકારશાસ્ત્ર જ હતું. અલંકારવાદી આચાર્યોએ જેમાં ભામહ, દંડી, વામન, ઉદ્ભટ અને રુદ્રટ પ્રમુખ છે. તેઓ અલંકારને કાવ્યની આત્મા માને છે.*

## 3.2 અલંકારની વ્યાખ્યા

*અલંકાર શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે આપવામાં આવી છે :* 'अलंक्रियतेऽनेन इति अलंकारः।'

*અર્થાત્ જેના વડે શોભા કરવામાં આવે તેનું નામ અલંકાર. વ્યાકરણશાસ્ત્રની દૃષ્ટિએ આ શબ્દમાં* अलम् *અને* कारः *એ બે પદો રહેલાં છે. એ બંને પદોમાં અનુક્રમે* अल भूषणपर्याप्तिवारणेषु' *અને* 'डुकृञ् करणे' *એ બે ધાતુઓ રહેલા છે* अल् *ધાતુ 'શોભવું', 'પૂરતું હોવું' અને 'બાકાત રાખવું' એ ત્રણ અર્થોમાં છે. જ્યારે* कृ *ધાતુ 'કરવું' એવા અર્થમાં છે.* अल् *ધાતુને* "उणादयो बहुलम्।' *(અષ્ટા.* 3/3/1) *એ સૂત્ર મુજબ* भाव *ના અર્થમાં* अम् *પ્રત્યય લાગીને* अलम् *પદ બને છે. જેનો અર્થ 'શોભા' એવો થાય છે. જ્યારે* कृ *ધાતુને* भाव *ના અર્થમાં* "अकर्तरि च कारके संज्ञायाम्। ' *(અષ્ટા* 3/3/19) *એ પાણિનીય સૂત્ર મુજબ* घञ् (अ) *પ્રત્યય લાગીને ધાતુના સ્વરમાં વૃદ્ધિ થઈ* कारः *પદ બને છે, જેનો અર્થ 'કરનારાપણું' એવો છે. ફલતઃ* अलम् *એટલે 'શોભા' અને* कारः *અર્થાત્ કરનારા ધર્મોને અલંકાર કહેવાય.*

*વ્યાકરણશાસ્ત્રની આ વ્યુત્પત્તિને પાયામાં રાખીને જ આલંકારિકોએ 'અલંકાર' શબ્દની વ્યાખ્યા બાંધી છે. પ્રાચીન આલંકારિક આચાર્ય દંડી કાવ્યની શોભા વધારનારા અર્થાત્ શબ્દ અને અર્થની શોભા કરનારા ઉપમાદિ અલંકારો અને સંધ્યંગ, વૃત્તયંગ વગેરે કાવ્યની શોભા કરનારા અન્ય પદાર્થોને અલંકાર કહેવા તૈયાર છે.*

काव्यशोभाकरान् धर्मानलंकारान् प्रचक्षते ।

*કાવ્ય શબ્દ અને અર્થની સંપૂકત રચના છે. દંડીના શબ્દોમાં શબ્દ અને અર્થ કાવ્યનું શરીર છે.*

**तैः शरीरं च काव्यानामलंकाराश्च दर्शिताः ।**

**शरीरं तावदिष्टार्थव्यवच्छिन्ना पदावली ॥**

*પરિણામે કાવ્યના શરીર એવા શબ્દ અને અર્થની શોભા કરનારા ધર્મોને અને સંધ્યંગ વગેરે અન્ય પદાર્થોને દંડી અલંકાર માને છે. આમ અલંકાર શબ્દનો સીમિત અર્થ તેના વ્યાપક અર્થની સાથે દંડી સ્વીકારે છે, જે બંને અર્થો આચાર્ય ભરત મુનિના સમયથી અને કદાચ તે પૂર્વે ઘણા સમયથી ચાલ્યા આવે છે. અલંકારશાસ્ત્રના પ્રારંભિક કાળમાં, 'શબ્દ અને અર્થની શોભા વધારનારા ધર્મો એટલે અલંકારો' એવો સીમિત અર્થ તેના વ્યાપક અર્થ સાથે પ્રચલિત હતો. અલંકાર શબ્દનો વ્યાપક એવો બીજો અર્થ ઉપલબ્ધ સામગ્રીને આધારે સારા શબ્દોમાં સર્વપ્રથમ ટાંકી બતાવવાનું માન આચાર્ય વામનને ફાળે જાય છે. કારણ કે આ રીતિવાદી આલંકારિક આચાર્ય વામને તો દંડી વગેરેની જેમ કાવ્યની શોભા વધારનાર કોઈ પણ ધર્મને અલંકાર માન્યો છે. ફલતઃ શબ્દ અને અર્થના અલંકારો ઉપરાંત ગુણ, રીતિ, વૃત્તિ વગેરે કાવ્યના શોભાકારક પદાર્થો દંડી વગેરેની જેમ આચાર્ય વામનને મતે* सौन्दर्यमलंकारः । *અલંકાર કહેવાય. સંક્ષેપમાં,*

*'કાવ્યની શોભા કરનારા ગુણ ઈત્યાદિ ધર્મો એટલે અલંકારો' એવો અલંકાર શબ્દનો વ્યાપક અર્થ આચાર્ય વામને આપ્યો છે. આમ કહેવા છતાં ઉપમા વગેરે, કાવ્યના શરીર શબ્દાર્થની શોભા વધારનારા ધર્મોને અલંકાર કહી, અલંકાર શબ્દનો સીમિત અર્થ પણ આચાર્ય વામન સ્વીકારે છે. આમ છતાં, ગુણ અને અલંકારો વચ્ચેનો ભેદ તો જાળવે છે જ. કાવ્યની શોભા જન્માવનારા ધર્મો ગુણો છે અને કાવ્યની શોભા વધારનારા ઉપમા વગેરે ધર્મો અલંકારો છે,*

काव्यशोभायाः कर्तारो धर्माः गुणाः ।

तदतिशयहेतवस्त्वलंकाराः ।

*એવો વિવેક આચાર્ય વામને બતાવ્યો છે. ધ્વનિવાદી આલંકારિક આચાર્ય રુય્યકે પણ અલંકાર શબ્દની આચાર્ય વામનની બંને વ્યાખ્યાઓ સ્વીકારી છે. તે શબ્દ અને અર્થની શોભાને અલંકાર કહી કાવ્યની કોઈ પણ રીતે થતી શોભાને પણ અલંકાર ગણાવે છે.*

**तथा च शब्दार्थयोर्विच्छित्तिरलंकारः । त्वह्व**

**चारुत्वं हि वैचित्र्यापरपर्यायं प्रकाशमानमलंकारः ।**

*અલંકાર શબ્દનો ત્રીજો અર્થ રાજશેખર અને કુંતકે આ પ્રમાણે કર્યો છે : રાજશેખર પોતાની કપૂરમંજરી નાટિકામાં વિશિષ્ટ પ્રકારની ઉક્તિને કાવ્ય કહે છે.* उत्तिविसेसो कव्वं । *સામાન્ય રીતે કોઈ પણ ઉક્તિ શબ્દ અને અર્થની બનેલી હોય છે. પરંતુ શબ્દાર્થની બનેલી આવી ઉક્તિ જ્યારે વિશિષ્ટ પ્રકારની હોય ત્યારે કાવ્ય બને છે. સામાન્ય માનવી એક વસ્તુ વિશે જે ઉકિત કરે તેના કરતાં કવિ એ જ વસ્તુ વિશે શોભાભરી ઉકિત કરે છે. તે ઉક્તિને કુંતક વક્રોકિત તરીકે ઓળખે છે. કુંતકને મતે તે અલંકાર છે, પરંતુ ત્યાં તેનો અલંકારનો ખ્યાલ ઘણો જ વ્યાપક છે. વળી, શબ્દ અને અર્થ એ બે અલંકાર્યને જે અલંકૃત કરે તેનું નામ અલંકાર.*

**उभावेतावलंकार्यौ तयोः पुनरलंकृतिः ।**

**वक्रोक्तिरेव वैदग्ध्यभङगीभणितिरुच्यते ॥**

*આમ કહીને કુન્તક તમામ અલંકારોને વાયવક્રતામાં અંતર્ભાવિત કરવાનો પ્રયત્ન કરે છે.*

**वाक्यस्य वक्रभावोऽन्यो भिद्यते यः सहस्रधा ।**

**यत्रालंकारवर्गोऽसौ सर्वोऽप्यन्तर्भविष्यति ॥**

*કવિ ચમત્કૃતિભરી અથવા ચતુરાઈભરી વાક્યની રચના કરે તે ધીરે ધીરે સામાન્ય બને છે અને અન્ય કવિઓ પણ એવી જ રીતે રચના કરે છે. આવી ઉકિતને આલંકારિકો માન્ય ગણી તેને ચોક્કસ અલંકારનું નામ આપે છે. આમ રાજશેખર અને કુંતકને મતે વિશિષ્ટ ઉકિત કે વક્રોકિત અલંકાર છે. સંક્ષેપમાં, ઉકિતની શોભા અથવા સૌંદર્ય એનું નામ અલંકાર એવી અલંકારની ત્રીજી વ્યાખ્યા કુંતકને અનુસરીને રસપ્રદીપના લેખક પ્રભાકરે (ઈ.સ. ની 16મી સદીનો અંત) આપી છે. આ અલંકાર વડે જ ઉકિતસૌંદર્ય*

*વડે જ—કાવ્ય, કાવ્ય બને છે અને ઉપાદેય થાય છે એમ પણ આચાર્ય વામનને અનુસરીને પ્રભાકર વધુમાં ઉમેરે છે.*

**उक्तिवैचित्र्यमलङ्कारः । तद्रहित्वं काव्यस्य न संभवत्येव । न ह्युक्तिवैचित्र्याभावे काव्यत्वम् । अत एव वामनेन 'काव्यं ग्राह्यमलङ्कारात्' इत्युक्तम् ।**

*આમ રુય્યકની જેમ જ કુંતક, પ્રભાકર ઈત્યાદિ અલંકાર શબ્દનો અર્થ કરે છે. તેમાં પણ શબ્દ અને અર્થની શોભા વધારનાર ધર્મ તે અલંકાર એ મૂળ વ્યાખ્યાનો જ પ્રભાવ જોવા મળે છે એ દેખીતું છે. આથી જ તમામ આલંકારિકોના અભિપ્રાયના સંક્ષેપમાં કૃષ્ણકવિએ શબ્દ અને અર્થને સુશોભિત કરનાર ધર્મો એટલે અલંકારો.*

**अलङ्करोति शब्दार्थावित्यलङ्कार इष्यते ।**

*એવી વ્યાખ્યા આપી છે તે ધ્યાન આપવા યોગ્ય છે. અલંકાર શબ્દની ઉપર જણાવેલી સીમિત વ્યાખ્યા પાછળના આલંકારિકોએ માન્ય રાખી છે એમ કહી શકાય.*

*અલંકાર શબ્દની આ વ્યાખ્યા તમામ આલંકારિકોને માન્ય છે. તેથી જ મોટા ભાગના આલંકારિકો અલંકાર શબ્દની વ્યાખ્યા વિશે મૌન છે. અપ્પય્ય દીક્ષિત જેવા 124 જેટલા અલંકારોની ચર્ચા કરનારા આલંકારિકે પણ અલંકારની સામાન્ય વ્યાખ્યા આપવાની જરૂર જોઈ નથી. તેથી અલંકાર શબ્દની વ્યાખ્યા કેટલાક જ આચાર્યો આપે છે. જગન્નાથ જેવા સૂક્ષ્મ સૂઝવાળા આલંકારિકે પણ અલંકાર શબ્દની સામાન્ય વ્યાખ્યા આપી નથી. કારણ કે અલંકારનો ખ્યાલ વિવાદીત છે. અપ્પય્ય દીક્ષિત અને જગન્નાથે નહીં કરેલું આ કાર્ય અપ્પય્ય દીક્ષિતના ટીકાકાર વૈદ્યનાથ અને* 'अलङ्कार मंजूषा' *નામનો ગ્રંથ અપ્પય દીક્ષિતને અનુસરીને લખનાર દેવશંકરે પૂરું કર્યું છે. આ બંને લેખકોએ અલંકાર શબ્દની વ્યાખ્યા જગન્નાથની જેમ ન્યાયશાસ્ત્રની પરિભાષામાં આપી છે. જે નોંધ્યા સિવાય રહી શકાય જ નહીં. વૈદ્યનાથે આપેલી વ્યાખ્યા નીચે મુજબ છે.*

*અલંકારપણું, રસાદિથી જુદાં એવાં વસ્તુવ્યંગ્ય અને અલંકાર-વ્યંગ્યથી જુદું તરી આવે છે, તે શબ્દ કે અર્થમાં રહેલું હોય છે, કાવ્યનો તે વિષય બને છે અને ચમત્કૃતિજનકત્વરૂપી વિશિષ્ટ ધર્મવાળું છે.*

**अलङ्कारत्वं च रसादिभिन्नव्यंग्यभिन्नत्वे सति शब्दार्थान्यतरनिष्ठा या विषयितासम्बन्धावच्छिन्ना चमत्कृतिजनकतावच्छेदकता तदवच्छेदकत्वम् ।**

*દેવશંકરે આ વ્યાખ્યા એક કારિકામાં રજૂ કરી છે જે નીચે પ્રમાણે છે : રસ વગેરે વ્યંગ્યાર્થથી જુદાં એવાં જે વસ્તુ અને અલંકાર વ્યંગ્યાર્થ છે તે સિવાયનો શબ્દ અને અર્થના જુદો જુદો જે ચમત્કાર ઉત્પન્ન કરનારો વિશિષ્ટ ધર્મ (અવચ્છેદક) તેનું નામ અલંકાર.*

**रसादिभिन्नव्यंग्यान्यच्छब्दार्थयोश्च या पृथक् ।**

**चमत्कारप्रभवता तदवच्छेदकमलङ्क्रिया ॥**

*રસવદ્ આદિ અલંકારોને માન્ય રાખતી અને આનંદ આપવાનો ગુણ બતાવતી આ વ્યાખ્યાઓ પણ શબ્દ અને અર્થની શોભાને જ અલંકાર કહે છે. અલંકારની આ શાસ્ત્રીય વ્યાખ્યાઓનો સાર પણ એ જ છે કે શબ્દ અને અર્થની શોભાના કારક ધર્મો અલંકારો છે. આમ અલંકાર શબ્દની ન્યાય શાસ્ત્રસંમત વ્યાખ્યા આપવાનું માન જગન્નાથને નહીં, વૈદ્યનાથ અને દેવશંકરને ફાળે જાય છે.*

## 3.3 અલંકારના પ્રકારો

*અલંકારના મુખ્ય ત્રણ પ્રકારો છે.* **1.** *શબ્દાલંકાર,* **2.** *અર્થાલંકાર,* **3.** *ઉભયાલંકાર.*

1. *શબ્દાલંકાર - જ્યાં કાવ્યના શબ્દોમાં ચમત્કાર હોય છે. ત્યાં શબ્દાલંકાર હોય છે. જો આ શબ્દોના સ્થાન ઉપર તેના પર્યાયવાચી શબ્દો મૂકીએ તો ચમત્કાર નષ્ટ થઈ જાય છે. તેથી શબ્દગત પ્રધાનતાના કારણે જ તેને શબ્દાલંકાર કહેવાય છે. જેમ કે- અનુપ્રાસ, યમક વગેરે અલંકાર.*

2. *અર્થાલંકાર - જ્યાં કાવ્યના અર્થમાં ચમત્કાર મળે છે. ત્યાં અર્થાલંકાર હોય છે. જો શબ્દોના સ્થાન પર તેના પર્યાયવાચી શબ્દ મૂકીએ તો પણ તેના અર્થમાં ચમત્કાર રહે છે. ત્યાં અર્થાલંકાર હોય છે. જેમ કે ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, અતિશયોક્તિ વગેરે અલંકાર.*

3. *ઉભયાલંકાર - જ્યાં કાવ્યના શબ્દો અને અર્થો બંનેમાં ચમત્કાર મળે છે. ત્યાં ઉભયાલંકાર હોય છે. તેની સંખ્યા ખૂબ જ ઓછી છે.*

## 3.4 અલંકારશાસ્ત્રના પ્રતિપાદક આચાર્યો

*અલંકારશાસ્ત્રના પ્રતિપાદક આચાર્યોની લાંબી પરંપરા રહી છે. જેમના મત અનુસાર લક્ષણ ગ્રંથોમાં વર્ણિત કાવ્ય, ગુણ, દોષ, રસ, શક્તિ અલંકાર વગેરે બધા વિષયોનો સમાવેશ અલંકાર શાસ્ત્રની અંદર જ થાય છે. કાવ્યાદર્શની ટીકાઓથી એ જાણવા મળે છે કે કાશ્યપ, બ્રહ્મદત્ત, વરરુચિ અને નંન્દિસ્વામી પ્રભુતિ પ્રાચીન આચાર્યોએ અલંકારશાસ્ત્ર પર વિશેષ પ્રકાશ પાડ્યો છે. પરંતુ તેમાં આચાર્યોની કોઈ પણ કૃતિ આ વિષયમાં જોવા મળતી નથી. આચાર્ય ભારતના નાટ્યશાસ્ત્રમાં જ અલંકાર સંપ્રદાયનો આરંભ થયેલો માનવામાં આવે છે. પરંતુ તેમાં ઉપમા, રૂપક, દિપક અને યમક આ ચાર અલંકારનું જ વર્ણન થયેલું છે. અલંકાર શાસ્ત્રનો સૌથી પ્રથમ ગ્રંથ ભામહનો કાવ્યાલંકાર છે. જેમાં અલંકારોની વૈજ્ઞાનિક રૂપથી વ્યાખ્યા કરવામાં આવી છે અને તેમાં સંપૂર્ણ કાવ્યશાસ્ત્રને સર્વસ્વ માનવામાં આવ્યું છે. આચાર્ય ભામહના આ સર્વાંગ પૂર્ણ ગ્રંથથી એવું પ્રતીત થાય છે કે તેમના પહેલા પણ અલંકારો પર કોઈ ગ્રંથ લખવામાં આવેલો હશે. જેમ કે તેમણે પણ તેમના પૂર્વવર્તી મેઘાવિન્ વગેરે અલંકાર શાસ્ત્રીઓનો ઉલ્લેખ પોતાના ગ્રંથમાં કર્યો છે. ભામહ એ કાવ્યાલંકારની રચના કરી અલંકાર સંપ્રદાયની ખોળવાયેલી પરંપરાને ગ્રંથિત જ કરી નથી. પરંતુ ભરતના નાટ્યશાસ્ત્રની ચાર દીવાલોમાંથી ઘેરાયેલા એવા અલંકારની બંધ આત્માને મુક્ત કરીને સ્વતંત્રરૂપથી પ્રશસ્ત પણ કરી છે.*

આચાર્ય ભામહ એ પોતાના આ ગ્રંથમાં એવી વિશેષતાઓને રાખી છે કે જે પૂર્વના ગ્રંથોમાં જોવા મળશે નહીં અને પહેલાના આચાર્યો આ દિશામાં મૌન જ રહ્યા છે. શબ્દ અને અર્થમાં કાવ્યની ચેતનાને પ્રતિપાદિત કરતા ભામહની આ વિલક્ષણ સમજનું કામ હતું. ભરત દ્વારા પ્રતિપાદિત દસ પ્રકારના ગુણોમાં ગુણત્રયી એવા ઓજ, માધુર્ય અને પ્રસાદમાં આ અંતરભાવ કરવો તથા વક્રોક્તિ અલંકારને અલંકાર પરંપરા અને કાવ્યના સર્વસ્વ સમજવું એ ભામહની જ તત્ત્વગ્રાહીણી બુદ્ધિનું પરિણામ હતું.

ભામહ એ જ અંલકૃતિ ને જ કાવ્યનું સર્વસ્વ માન્યું છે. તેમણે રસ અને ભાવનો સ્વતંત્ર અસ્તિત્ત્વ સ્વીકાર ન કરી, તેના અંતર ભાવો અલંકારોમાં જ અંતર્ગત માન્યા છે. ભામહ એ પોતાના ગ્રંથમાં 38 અલંકારોનું પ્રતિપાદન કર્યું છે. ભામહના સિદ્ધાંતો અને ચિંતાઓને ઉદ્ભટ્ટ, આનંદવર્ધન, અભિનવગુપ્ત અને મમ્મટ જેવા પ્રસિદ્ધ કાવ્યશાસ્ત્રીઓએ સમાનની સાથે પોતાના ગ્રંથોમાં ઉદધૃત કર્યું છે. ભામહ પછી અલંકાર સંપ્રદાયના ઉન્નાયક આચાર્ય દંડી છે. તેમના કાવ્યાદર્શમાં પંડિત મંડલીનો અત્યંત પ્રિય ગ્રંથ રહ્યો છે. તેમને દ્વિતીય તૃતીય પરિચ્છેદમાં અલંકારોનો અને વિશેષતઃ અર્થાલંકારોમાં ઉપમાનો અને શબ્દાલંકારોમાં યમક જેવા શાસ્ત્રીય અને સાર ગર્ભિત વિવેચન કર્યું છે. તેવું અન્યત્ર ક્યાંય જોવા મળશે નહીં. અલંકાર સંપ્રદાયની પ્રતિષ્ઠા કરવાવાળા આચાર્યોમાં તેમનું ઉચ્ચ સ્થાન છે.

દંડીએ ભામહની વક્રોક્તિના સ્થાન પર અતિશયને અલંકારની આત્મા સ્વીકાર કર્યો છે. જેમકે અભિનવગુપ્ત વગેરે પૂર્વાચાર્ય આચાર્યએ માન્યું છે. માણસની જગ્યાએ દંડીનો દ્રષ્ટિકોણથી વધારે ઉદાર જોવા મળે છે. કેમકે તેમને અલંકારોની સાથે સાથે ગુણ અને રીતિનું પણ પ્રતિપાદન કર્યું છે. એટલે કે દંડીએ અલંકારોની અપેક્ષાએ રીતિના વિવેચનમાં વધારે ઉત્કૃષ્ટા હતી. તેથી ભામહનો પ્રભાવ દંડીની પ્રવૃત્તિઓ ઉપર લક્ષિત થઈ ગયો. તો પણ તેમણે પોતાની સૈદ્ધાંતિક પ્રતિષ્ઠાના માટે પોતે સ્વતંત્રરૂપથી મૌલિક વિચારોની રચના કરી.

દંડી પછી અલંકાર સંપ્રદાયના ત્રીજા આચાર્ય ઉદ્ભટ છે. તેમના ગ્રંથનું નામ અલંકાર-સાર-સંગ્રહ છે. ભામહના કાવ્યાલંકાર પર તેમને એક વિધ્વતા પૂર્ણ વ્યાખ્યા ભામહ-વિવરણ નામથી લખી. પોતાના ગ્રંથોમાં ઉદ્ભભટે આ ભામહના સિદ્ધાંતોનું વિસ્તારથી પ્રતિપાદિત કર્યું. પરંતુ તેમને સૂક્ષ્મ સૂઝ અને પોતાના દ્રષ્ટિકોણને રાખીને પ્રણાલી એટલી બધી સરળ હતી કે ભામહ સુધીની પ્રતિભાને તેમને એક પ્રકારથી પરાભૂત કર્યો અને આ જ કારણ હતું કે તેમને ઉત્તરવર્તી કાવ્ય શાસ્ત્રીઓનું ધ્યાન ભામહની કૃતિની જગ્યાએ ઉદ્ભટની કૃતિઓ પર કેન્દ્રિત થયું. તેમના હાથેથી અલંકારોને સૂક્ષ્મ વિવેચન એટલી સારી રીતે થયું કે તેમની સંખ્યા 50 સુધી પહોંચી ગઈ. અલંકારોના ક્ષેત્રમાં તેમના વૈજ્ઞાનિક વર્ગીકરણની પદ્ધતિ ખૂબ જ ઉપયોગી સિદ્ધ થઈ.

આચાર્ય વામને અલંકારોની મહત્તા ઉપર વિશેષ બળ આપ્યું છે. તેમને અલંકારોને માત્ર કાવ્યના બાહ્ય સ્વરૂપના સાધન માત્ર બતાવ્યા નથી. પરંતુ તેમને કાવ્યને અંતર્ભુત સૌંદર્યનું પણ કારણ બતાવ્યા છે. અલંકારોના આ યુગમાં કાવ્યની અનુભૂતિ

અને કાવ્ય અભિવ્યંજન માટે અલંકારોનું મહત્ત્વ પણ સ્થાન રહ્યું છે. અલંકારોનું મહત્ત્વ ત્યાં સુધી વધી ગયું કે રસ, ધ્વનિ, ગુણ, દોષ, રીતિ વગેરે બધા વિષયોનો સમન્વય અલંકારશાસ્ત્રની અંદર જ કરવામાં આવવા લાગ્યો.

ભામહથી લઈ રુદ્રટ સુધી અલંકાર સંપ્રદાયને સુવર્ણયુગ કહેવામાં આવે છે. આચાર્ય રુદ્રટના સમય સુધીમાં અલંકારોની સંખ્યા 70 સુધી પહોંચી ગઈ. રાજાનક મમ્મટ અંલકાર સંપ્રદાયના પ્રખ્યાત વિદ્વાન હતા. તેમનો ગ્રંથ કાવ્યપ્રકાશ કાવ્યશાસ્ત્રના પ્રમુખ ગ્રંથોમાંથી એક છે. આ એક જ ગ્રંથમાં ભરત, ભામહ, દંડી, ઉદ્ભટ, રુદ્રટ, વામન, આનંદવર્ધન, અભિનવગુપ્ત, ભોજરાજ અને મહિમ ભટ્ટની પ્રભૃતિ બધી જ પૂર્વવર્તી દિગ્ગજ વિદ્વાનોના અશેષ પાંડિત્યનો સુંદર સમન્વય થયેલો છે. વ્યંજના, રસ અને વિશેષથી ધ્વનિના પ્રતિપાદનમાં તો કાવ્યશાસ્ત્રના આચાર્યોનો આ ગ્રંથ નિર્દેશક રહ્યો છે.

અલંકાર સંપ્રદાયની આચાર્ય પરંપરામાં પ્રતિહારેન્દુરાજ, રુય્યક, ભોજ, રાજશેખર, જયદેવ, પંડિતરાજ અને અપ્પય દીક્ષિતનું નામ ઉલ્લેખનીય છે.

## 3.5 કાવ્યમાં અલંકારનું અંતરંગત્વ અને મહત્ત્વ

ધ્વનિને કાવ્યનો આત્મા માનનારા આલંકારિકોએ અલંકારની વિભાવના બીજી રીતે રજૂ કરી છે. આ વિચારધારાના આલંકારિકો કાવ્યમાં પ્રધાન રીતે આવતા વ્યંગ્યાર્થ કે ધ્વનિને કાવ્યનો પ્રાણ માને છે, જ્યારે શબ્દ અને અર્થને કાવ્યનું શરીર ગણે છે. હવે લૌકિક અલંકારો જેમ માણસના શરીર પર રહેલા હોય છે, તેમ કાવ્યમાંના અલંકારો શબ્દ અને અર્થ સાથે સીધો સંબંધ ધરાવે છે. શબ્દ અને અર્થની શોભા વધારીને, તે દ્વારા આ અલંકારો આડકતરી રીતે કાવ્યના આત્મા ધ્વનિની અર્થાત્ રસધ્વનિની શોભા વધારે છે. આથી આનંદવર્ધને અલંકારની વિભાવના સ્પષ્ટ કરતા જણાવ્યું છે કે હાર વગેરે લૌકિક અલંકારોની જેમ શબ્દાર્થરૂપી શરીરને આશ્રયે રહેલા ધર્મો અલંકારો છે.

**तमर्थमवलम्बन्ते येऽङ्गिनं ते गुणाः स्मृताः ।**

**अङ्गाश्रितास्त्वलङ्कारा: मन्तब्याः कटकादिवत् ॥**

જ્યારે કાવ્યના આત્મા રસધ્વનિનો સીધો આશ્રય લેનારા ધર્મો ગુણો છે. તેથી અલંકારો અસ્થિર ધર્મો છે અને ગુણો કાવ્યના સ્થિર ધર્મો છે. એવો ગુણ અને અલંકાર વચ્ચેનો ભેદ તારવવામાં આવ્યો છે. આનંદવર્ધનને અનુસરનારા આલંકારિકો અલંકારની આ વિભાવનાને સ્પષ્ટ શબ્દોમાં વ્યકત કરે છે. સર્વપ્રથમ મમ્મટ એમ કહે છે કે કાવ્યમાં શબ્દાર્થરૂપી શરીર દ્વારા તેના આત્મા રસને ઉપકારક બનનારા અનુપ્રાસ અને ઉપમા વગેરે લૌકિક અલંકારોના જેવા અલંકારો છે.

**उपकुर्वन्ति तं सन्तं येऽङ्गद्वारेण जातुचित् ।**

**हारादिवदलङ्कारास्तेऽनुप्रासोपमादयः ॥**

હેમચંદ્ર તો આનંદવર્ધનના જ શબ્દો વડે અલંકારની વ્યાખ્યા આપે છે.

अङ्गाश्रिताः अलङ्काराः।

*મમ્મટના વિચારના સ્પષ્ટીકરણમાં એક ડગલું આગળ જઈને વિશ્વનાથ અલંકારોને શબ્દાર્થના અસ્થિર ધર્મો લેખે છે.*

**शब्दार्थयोरस्थिरा ये धर्माः शोभातिशायिनः ।**

**रसादीनुपकुर्वन्तोऽलंकारास्तेऽङ्गदादिवत् ॥**

*પંડિતરાજ જગન્નાથ અજિતસેનની જેમ આનંદવર્ધનની આ વિભાવના સ્વીકારીને અલંકારને કાવ્યના આત્મા ધ્વનિની શોભા કરનારા ધર્મો તરીકે ઓળખાવે છે.*

काव्यात्मनो व्यङ्ग्यस्य रमणीयताप्रयोजका अलङ्कारा निरूप्यन्ते ।

*અલંકારો કાવ્યના આત્મા ધ્વનિની શોભા શબ્દાર્થરૂપી શરીર દ્વારા વધારે છે, જ્યારે ગુણો કાવ્યના આત્મા ધ્વનિની શોભા સીધી રીતે જ વધારે છે. એનું કારણ એ છે કે અલંકારો શબ્દાર્થના ધર્મો છે, જ્યારે ગુણો રસના ધર્મો છે. આથી અલંકારો અસ્થિર ધર્મો છે અને ગુણો સ્થિર ધર્મો છે એ વાત મમ્મટે સ્પષ્ટ શબ્દોમાં કહી છે.*

**ये रसस्याङ्गिनो धर्माः शौर्यादय इवात्मनः ।**

**उत्कर्षहेतवस्ते स्युरचलस्थितयो गुणाः ॥**

*આ કારણે અગ્નિ- પુરાણકાર ગુણ વગર અલંકારની શોભાનો કોઈ અર્થ નથી એમ કહે છે. અગ્નિ- પુરાણકારને મતે સુંદરતારૂપી ગુણ વગરના યુવતીના શરીર પરનો હાર ભારરૂપ બને છે.*

**अलङ्कृतमपि प्रीत्यै न काव्यं निर्गुणं भवेत् ।**

**वपुष्यललिते स्त्रीणां हारो भारायते परम् ॥**

*તે જ અભિપ્રાય કેશવે બીજા શબ્દોમાં વ્યક્ત કરતાં જણાવ્યું છે કે વસૂકી ગયેલી ગાયો ઘૂઘરીઓથી વેચી ન શકાય તેમ ગુણ વગરના કાવ્યમાં હજારો અલંકારોનો કોઈ અર્થ નથી.*

**अलंकारसहस्रैः किं गुणो यदि न विद्यते ।**

**विक्रीयन्ते न घण्टाभिर्गावः क्षीरविवर्जिताः ॥**

*ગુણો અને અલંકારોનું આ સ્વરૂપ જોતાં ગુણો કાવ્યના અંતરંગ ધર્મો છે અને અલંકારો કાવ્યના બહિરંગ ધર્મો છે એમ માનવાની ભૂલ રખે કોઈ કરે એ ખ્યાલે આનંદવર્ધને રસાભિવ્યક્તિમાં અલંકારો બહિરંગ નથી.*

यतो रसा वाच्यविशेषैरेवाक्षेप्तव्याः । तत्प्रतिपादकैश्च शब्दैस्तत्प्रकाशिनो वाच्यविशेषा रूपकाद्योऽलंकाराः। तस्मान्न तेषां बहिरङ्गत्वं रसाभिव्यक्तौ ।

*એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે. તેનું કારણ આપતાં તે જણાવે છે કે વાચ્યવિશેષ વડે રસ આક્ષિપ્ત થાય છે. એ વાચ્યવિશેષનું પ્રતિ- પાદન કરનારા શબ્દો વડે રસને*

*પ્રકાશિત કરનારા વાચ્યવિશેષો જ રૂપક વગેરે અલંકારો છે. તેથી રસની અભિવ્યક્તિમાં રૂપક વગેરે અલંકારો બહિરંગ નથી.*

*આનંદવર્ધનની આ વાત ધ્યાનમાં રાખીને પ્રદ્યોતન ભટ્ટાચાર્ય કહે છે કે કાવ્યના અલંકારોને લૌકિક હાર વગેરે અલંકારોનું જે દૃષ્ટાંત આપવામાં આવ્યું છે, તે દૃષ્ટાંત ફક્ત કાવ્યના અલંકારોની સૌંદર્યજનકતાને સમજાવવા માટે જ આપવામાં આવ્યું છે.*

**एवं च हारादिवदिति दृष्टान्तो न सर्वांशेऽपि तु रमणीयताडधानमात्रे ।**

बालानां सुखबोधाय *આપવામાં આવેલું આ દૃષ્ટાંત કાવ્યના અલંકારોની બહિરંગતા બતાવવા માટે નથી. એનો સીધો અર્થ એ છે કે કાવ્યના અલંકારો રસાભિવ્યક્તિમાં બાહ્ય નથી. એટલું જ નહીં, આનંદવર્ધન તો એવો અભિપ્રાય જણાવે છે કે કાવ્યની રચના કરતી વખતે કવિ પાસે રસાભિવ્યક્તિમાં સ્વયં આવી જાય તેને જ અલંકાર માનવા જોઈએ. યમક વગેરે જે અલંકારો રચવા કવિને જુદો અને ખાસ પ્રયત્ન કરવો પડે તે અલંકારો જ ન કહેવાય, એનું કારણ એ છે કે રસમાં એકતાન બનેલા પ્રતિભાશાળી કવિના એક જ પ્રયત્નથી રસ સાથે અલંકાર પણ આવી જાય છે. આવા એક જ પ્રયત્નથી રચાઈ જતા અલંકારને જ ધ્વનિની વિચારધારામાં અલંકાર માનવામાં આવ્યા છે.*

**अलङ्कारान्तराणि हि निरूप्यमाणदुर्घटनान्यपि रससमाहितचेतसः प्रतिभानवतः कवेरहम्पूर्विकया परापतन्ति।**

*જેને માટે જુદો પ્રયત્ન કરવો પડે તે યમક વગેરે અલંકારો, રસને ગૌણ બનાવી પોતે મુખ્ય બની જતા હોવાથી અલંકાર નથી. તેથી યમક વગેરે અલંકારોની રચના શૃંગાર રસમાં સમર્થ હોવા છતાં કવિએ કુદરતી રીતે આવે તે જ કરવી, તેની રચના માટે પૃથગ્ યત્ન ન કરવો, આનંદવર્ધનની આ જ વાત સ્વીકારીને મહિમ કહે છે કે વિભાવ વગેરે રસની સાક્ષાત્ નિષ્પત્તિ કરતા હોવાથી તે રસનું અંગ છે. વિભાવ વગેરેની શોભાભરી ઉક્તિ જ અલંકારનું શરીર છે. તેથી અલંકારો રસને આશ્રયે વિભાવાદિ દ્વારા રહેલા છે. રસને ગૌણ રહે તેવી રીતે, કુદરતી રીતે, ઘણા અલંકારોમાંથી થોડાક જ સારો કવિ પ્રયોજે છે.*

**रसस्याङ्गं विभावाद्याः साक्षान्निष्पादकत्वतः ।**

**तद्वैचित्र्योक्तिवपुषोऽलंकारास्तु तदाश्रयाः ॥**

**अत एव बहुष्वन्येष्वलंकारेषु सत्स्वपि ।**

**कांश्चिदेव निबध्नाति शक्तिमानपि सत्कविः ॥**

*મહિમ પહેલાં કુન્તકે આ વાત બીજી રીતે કહેલી છે. કુન્તકે વક્રોક્તિ જીવિતમાં* सालंकारस्य काव्यत्व । *એ શબ્દો દ્વારા કાવ્ય શબ્દમાં જ અલંકારનો સમાવેશ થઈ જાય છે એમ કહી કાવ્ય રચાય તેની સાથે જ અલંકારની રચના થઈ જાય છે એવું સૂચવ્યું છે. એનો સીધો અર્થ એ થયો કે કાવ્ય રચતાં જે સ્વાભાવિક રીતે રચાઈ જાય અર્થાત્* अपृथग्यत्ननिर्वर्त्य *હોય તે અલંકારો છે એમ કુન્તક પણ સ્વીકારે છે. સંક્ષેપમાં, રસ*

*મુખ્ય છે અને અલંકાર ગૌણ છે. અલંકાર કાવ્યમાં રસને ગૌણ રહે તે માટે આનંદવર્ધને કવિને નીચેના ઉપાયો બતાવ્યા છેઃ* (1) *અલંકાર રસને બાધક, તટસ્થ કે ગૌણ બનાવે તેવો ન હોવો જોઈએ.* (2) *યોગ્ય સમયે અલંકાર આપવો જોઈએ.* (3) *યોગ્ય સમયે અલંકારને ત્યજી દેવો જોઈએ.* (4) *અલંકારને છેક સુધી લંબાવવો ન જોઈએ.* (5) *ક્યારેક અલંકારને છેક સુધી લંબાવવો પડે તો તેને પ્રયત્નપૂર્વક રસને ગૌણ રહે તે રીતે આપવો જોઈએ.*

**विवक्षा तत्परत्वेन नाङ्गित्वेन कदाचन ।**

**काले च ग्रहणत्यागौ नातिनिर्वहणैषिता ॥**

**निर्व्यूढावपि चाङ्गत्वे यत्नेन प्रत्यवेक्षणम् ।**

**रूपकादेरलंकार वर्गस्याङ्गत्वसाधनम् ॥**

*આમ ન કરવામાં આવે તો અલંકાર રસને ઉપકારક મટી જઈ રસભંગ કરે છે.*

**उक्तप्रकारातिक्रमे तु नियमेनैव रसभङ्गहेतुः सपद्यते ।**

*આ રસભંગ કાવ્યના આત્માને હરી લે છે.*

*હવે કાવ્યમાં રસભંગ રસને ગૌણ બનાવે તેવી રીતે અલંકારો રચવાથી થાય છે. પરિણામે રસને ગૌણ બનાવે તેવા અલંકારોનો પ્રયોગ અનુચિત છે. કોઈ પણ જાતનું અનૌચિત્ય રસભંગ કરતું હોઈ અનૌચિત્યને જ રસભંગનું એકમાત્ર કારણ ગણાવવામાં આવ્યું છે. ધ્વન્યાલોકમાં* नौचित्यादृते नान्यद् रसभङ्गस्य कारणम् । *એમ આનંદવર્ધને કહ્યું છે તેમાં આનંદવર્ધનનો ખ્યાલ આ છે. તેથી આનંદવર્ધનને મતે રસને ગૌણ એવા અલંકારનો વિન્યાસ જ ઔચિત્યપૂર્ણ છે. આનંદવર્ધનની આ વાત આચાર્ય ક્ષેમેન્દ્રે સ્વીકારી છે અને તે ઉચિત સ્થાને પ્રયોજાયેલા અલંકારને જ અલંકાર કહે છે. તથા ઔચિત્ય વિના અલંકાર શોભાજનક નીવડતો નથી.*

**उचितस्थानविन्यासादलङ्कृतिरलङ्कृतिः ।**

**औचित्येन विना रुचिं प्रतनुते नालंकृतिर्न गुणाः ॥**

*ટૂંકમાં, આનંદવર્ધને અલંકાર વિશે કરેલી આ પાયાની મીમાંસા પાછળના આલંકારિકોએ સ્વીકારી છે એ આ ઉપરથી સ્પષ્ટ થાય છે.વળી આનંદવર્ધને અલંકાર વિશે કરેલી આ મીમાંસા સર્વ પ્રથમ આનંદવર્ધન દ્વારા જ થઈ છે. ભામહ વગેરે પૂર્વાચાર્યોએ અલંકારો કાવ્યમાં રસનું સીંચન કરનારા છે, એવું જણાવ્યું છે. આમ છતાં તેઓ રસધ્વનિ વગેરેને અલંકારને નામે તેના વ્યાપક અર્થમાં ઓળખાવે છે. રસને ગૌણ એવા અલંકારોનો આ પ્રકારનો ખ્યાલ સર્વપ્રથમ આનંદવર્ધને જ આપ્યો હોઈ આનંદવર્ધનનો ફાળો આ બાબતમાં અતિશય અગત્યનો છે. આનંદવર્ધનની અલંકારવિષયક આ મીમાંસા જોતાં અલંકારોનું કાવ્યમાં મહત્ત્વનું સ્થાન છે એમ કહી શકાય. ભામહ વગેરે પૂર્વાચાર્યોએ પણ અલંકારના આ મહત્ત્વને સ્વીકાર્યું છે. ભામહ કહે છે કે*

रूपकादिरलङ्कारस्तस्यान्यैर्बहुधोदितः ।

न कान्तमपि निर्भूषं विभाति वनितामुखम् ॥

अनेन वागर्थविदामलङ्कृता ।

विभाति नारीव विदग्धमण्डना ॥

*અલંકાર વિના સુંદર યુવતીનું મુખ ન શોભે તેમ રૂપક વગેરે અલંકારો વિના કાવ્ય શોભતું નથી. અગ્નિપુરાણકારે અલંકારવિહોણી કાવ્યદેવીને મંગળ આભૂષણો નહીં ધારણ કરતી વિધવા સ્ત્રી જેવી કહી છે. આનંદવર્ધનના* अपृथग्यत्ननिर्वर्त्य *અલંકાર હોવો જોઈએ એ મતને ખ્યાલમાં રાખીને મમ્મટે કાવ્યમાં અલંકારો રહેલા જ હોવા જોઈએ, પરંતુ કોઈક વાર અલંકાર સ્ફટ ન હોય તો ચાલે એવો અભિપ્રાય ઉચ્ચાર્યો.*

क्वापीत्यनेनेतदाह यत् सर्वत्र सालंकारौ, क्वचित्तु स्फुटालंकारविरहेऽपि न काव्यत्वहानिः । *પરંતુ નરેન્દ્રપ્રભ જેવા આલંકારિકે તો તેની સામે કાવ્યમાં અલંકાર વગર ખાસ શોભા ન આવે એમ કહ્યું.*

निर्दोषोऽपि गुणाढ्योऽपि शब्दो नालङ्कृति विना ।

*જ્યારે જયદેવે તો આવી વાત કરવા બદલ મમ્મટનો ઉપહાસ કરતા જણાવ્યું કે અલંકાર વગરનું કાવ્ય માનવું એ ઉષ્ણતાવિહીન અગ્નિ માનવા જેવું છે.*

**अङ्गीकरोति यः काव्यं शब्दार्थावनलङ्कृती ।**

**असौ न मन्यते कस्मादनुष्णमनलं कृती ॥**

*જયદેવે મમ્મટ સામે જે વાંધા લીધો તેમાં તેનો આધાર આનંદવર્ધન પર છે. આનંદવર્ધને પ્રતિભાશાળી કવિ પાસે સરસ રચના કરતી વખતે અલંકારો જાતેજ આવી જાય છે એવી જે વાત કરી હતી તે ધ્યાનમાં રાખીને ધ્વનિની વિચારધારામાં મમ્મટની જેમ માનનારા જયદેવે મમ્મટના વિધાનનો ઉપહાસ કર્યો. છેલ્લે, વેણીદત્તે પણ ભામહના જેવી વાત કરતા અલંકારરહિત વાણી અલંકાર વિનાની યુવતીની જેમ શોભતી નથી.*

**अलङ्कारं विना नारी यथा न खलु रोचते ।**

**तथैव तं बिना वाणी कवीनां नैव शोभते ॥**

*તેવો અભિપ્રાય રજૂ કર્યો છે. એટલે એમ કહી શકાય કે અલંકારો કાવ્યના અંતરંગ ધર્મો છે એમ કહી કાવ્યમાં અલંકારોનું મહત્ત્વનું સ્થાન ભામહ વગેરે પૂર્વાચાર્યોથી માંડીને છેક વેણીદત્ત અને કૃષ્ણકવિ સુધીના તમામ આચાર્યો એકી અવાજે સ્વીકારે છે એ આ બધું જોતાં સ્પષ્ટ થાય છે.*

## 3.6 અલંકારોનો ઉદ્ભવ અને તેની સંખ્યામાં વિકાસ

*જગતસાહિત્યના પ્રાચીનતમ ગ્રંથ ઋગ્વેદમાં અનેક વાર ઉપમા વગેરે અલંકારોનો પ્રયોગ થયો છે અને ઋગ્વેદમાં ઉપમા શબ્દ પણ પ્રયોજાયેલો આપણને જોવા મળે છે. આમ, અલંકારની ઉત્પત્તિ છેક ઋગ્વેદના સમયથી થઈ છે એમ કોઈ કહે તો વાંધાજનક નથી. ઋગ્વેદમાં ઉપમા શબ્દ, ઉપમા અલંકાર એવા અર્થમાં ભલે ન યોજાયો હોય, પરંતુ નિરુક્તકારે પોતાના પુરોગામી આચાર્ય ગાર્ગ્યે આપેલી ઉપમા અલંકારની વ્યાખ્યા અદ્ધૃત કરી છે.*

**अथात् उपमाः । यदत्तत्तत्सदृशमिति गार्ग्यः ।**

*જે બતાવે છે કે નિરુક્તકાર યાસ્કના સમય પહેલાં ઉપમા અલંકારની ઉત્પત્તિ થઈ ચૂકી હતી. પાણિનીય અષ્ટાધ્યાયીમાં, કાત્યાયનના વાર્તિકમાં અને પતંજલિના મહાભાષ્યમાં અલંકારશાસ્ત્રના કેટલાક પારિભાષિક શબ્દોનો પ્રયોગ આપણને દષ્ટિગોચર થાય છે.*

**उपमानादाचारे । उपमितं व्याघ्रादिभिः सामान्याप्रयोगे ।**

**इवे प्रतिकृतौ । इवेन समासः विभक्त्यलोपः पूर्वपदप्रकृतिस्वरत्वं च ।**

*રુદ્રદામનના શિલાલેખમાં પણ અલંકૃત ભાષા અને અલંકારશાસ્ત્રના કેટલાક પારિભાષિક શબ્દો જોવા મળે છે.*

स्फुटलघुमधुरचित्रकान्तशब्दसमयोदारालङ्कृतगधपध...... ।

*એ ઉપરથી અલંકાર અને અલંકારશાસ્ત્રની ઉત્પત્તિ અત્યંત પ્રાચીન છે એમ સૂચવાય છે. વળી* पाराशर्यशिलालिभ्यां भिक्षुनटसूत्रयोः । *(અષ્ટા. 4/3/110) એ સૂત્રમાં પાણિનીય અષ્ટાધ્યાયી પહેલાં નટસૂત્રની રચના થઈ ગઈ હતી તેવો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે. એટલે નાટ્યશાસ્ત્રની સાથે સાથે સંકળાઈને અલંકારશાસ્ત્રની ઉત્પત્તિ ઈ.સ. પૂર્વે 4થી સદી પહેલાં થઈ ચૂકી હતી એમ કહી શકાય. આમ છતાં અલંકારનો સર્વપ્રથમ વિકાસ ભરતના નાટ્યશાસ્ત્રમાં આપણને જોવા મળે છે. ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં (1) ઉપમા (2) રૂપક (3) દીપક એ ત્રણ અર્થાલંકારો અને (4) યમક નામનો શબ્દાલંકાર મળી કુલ ચાર અલંકારો ગણાવ્યા છે. ભરત પછી અલંકારોનો વિકાસ થતો જ રહ્યો, પરંતુ તે સમયના અલંકારશાસ્ત્રના ગ્રંથો આપણને ઉપલબ્ધ થતા ન હોવાથી કોણે કયા અલંકારને ખોળી કાઢ્યો તે આપણે કહી શકતા નથી. ભરત પૂર્વે શોધાયેલા અલંકારોનો સંગ્રહ જેમ ભરતના નાટ્યશાસ્ત્રમાં થયેલો આપણને જોવા મળે છે, તેમ તે પછી ઉપલબ્ધ થતા સર્વપ્રથમ ભામહના કાવ્યાલંકારમાં ભરતથી ભામહના સમય સુધી ગણવામાં આવેલા અલંકારોનો સંગ્રહ આપણને પ્રાપ્ત થાય છે. ભરતના એક શબ્દાલંકારમાં અનુપ્રાસ નામનો એક શબ્દાલંકાર ભામહે ઉમેર્યો છે. જ્યારે ભરતના ત્રણ અર્થાલંકારોમાં ભામહે 34 અલંકારો ઉમેર્યા છે. તે જ સમયમાં દંડીએ આ બધા અલંકારો ઉપરાંત આવૃત્તિદીપક નામનો એક અર્થાલંકાર પણ ગણાવ્યો છે.*

દંડી પછી ઉદ્ભટે (1) પ્રતિવસ્તૂપમા (2) દૃષ્ટાન્ત (3) કાવ્યલિંગ અને (4) સંકર-એ ચાર અર્થાલંકારો તથા પુનરુકતવદાભાસ નામનો એક શબ્દાર્થાલંકાર એમ કુલ પાંચ અલંકારો નવા ઉમેર્યા છે. ત્યારબાદ આચાર્ય વામને (1) વ્યાજોક્તિ અને (2) વક્રોક્તિ-એ બે અલંકારો નવા ગણાવ્યા છે. આચાર્ય રુદ્રટે અલંકારના વિકાસમાં ઘણો મોટો ફાળો આપ્યો છે, કારણ કે રુદ્રટે 22 અર્થાલંકારો નવા આપ્યા છે. ચિત્ર નામનો એક શબ્દાલંકાર નવો ગણાવ્યો છે.

રુદ્રટ પછી ભોજે પણ (1) પ્રત્યક્ષ (2) ઉપમાન (3) શબ્દ (4) અર્થાપત્તિ (5) સંભવ અને (6) અનુપલબ્ધિ-એમ છ પ્રમાણવિષયક અલંકારો નવા ગણાવ્યા છે. ત્યાર બાદ મમ્મટે (1) સામાન્ય (2) અતદ્ગુણ (3) સમ (4) વિનોક્તિ અને (5) માલાદીપક-એમ કુલ પાંચ અર્થાલંકારો નવા ઉમેર્યા છે. જ્યારે રુય્યકે (1) પરિણામ (2) વિચિત્ર (3) ઉલ્લેખ (4) વિકલ્પ (5) સમાહિત (6) ભાવોદય (7) ભાવસંધિ અને (8) ભાવશબલ એમ આઠ નવા અલંકારો વધાર્યા છે. વળી અમૃતાનંદે અભાવ નામનો એક અર્થાલંકાર ઉમેર્યો છે.

ત્યાર બાદ અલંકારોના વિકાસમાં પીયૂષવર્ષ જયદેવનો ફાળો મહત્ત્વનો છે, કારણ કે જયદેવે (1) ઉન્મીલિત (2) વિષાદન (3) અસંભવ (4) પ્રૌઢોક્તિ (5) અત્યુક્તિ (6) સંભાવન (7) અનુગુણ (8) પૂર્વરૂપ (9) પ્રહર્ષણ (10) વિકસ્વર (11) ઉલ્લાસ (12) અવજ્ઞા (13) પરિકરાંકુર અને (14) ભાવિકચ્છવિ એમ કુલ 14 અલંકારો નવા ગણાવ્યા છે. જયદેવ પછી વિશ્વનાથે (1) અનુકૂલ અને (2) નિશ્ચય-એમ બે અર્થાલંકારો નવા ઉમેર્યા છે.

એ પછી અલંકારોના વિકાસમાં અપ્પય્ય દીક્ષિતનો ફાળો અતિશય અગત્ય ધરાવે છે, કારણકે અપ્પય્ય દીક્ષિતે 20 નવા અલંકારોની ઉમેરણી કરી છે. ત્યાર બાદ જગન્નાથે (1) અસમ (2) તિરસ્કાર અને (3) ઉદાહરણ એ ત્રણ નવા અર્થાલંકારો ગણાવ્યા છે. એ પછી કૃષ્ણકવિએ (1) આચાર અને (2) પ્રશ્ન-એ બે અર્થાલંકારો ઉમેર્યા છે. છેલ્લે, દેવશંકરે લલિતોપમા નામનો એક અર્થાલંકાર વધુમાં ઉમેર્યો છે.

આમ, અલંકારોનો ફક્ત તેની સંખ્યાના સંદર્ભમાં જણાતો વિકાસ સાધવામાં કુલ 16 આચાર્યોએ ફાળો આપ્યો છે અને કુલ 132 જેટલા સ્વતંત્ર અલંકારો ગણાવવામાં આવ્યા છે, જેમાં (1) ભરતના 4 (2) ભામહના 35 (3) દંડીનો 1 (4) ઉદ્ભટના 5 (5) વામનના 2 (6) રુદ્રટના 23 (7) ભોજના 6 (8) મમ્મટના 5 (9) રુયકના 8 (10) અમૃતાનંદનો 1 (11) જયદેવના 14 (12) વિશ્વનાથના 2 (13) અપ્પય્યના 20 (14) જગન્નાથના 3 (15) કૃષ્ણકવિના 2 અને (16) દેવશંકરનો 1 એટલાનો સમાવેશ થાય છે.

## 3.7 અલંકારોનું વર્ગીકરણ

ઉપરોક્ત 132 સ્વતંત્ર અલંકારો અને 19 અંતર્ભાવ પામતા અલંકારો મળીને કુલ 151 અલંકારોમાંથી જુદા જુદા આલંકારિકોએ જુદી જુદી સંખ્યામાં અલંકારોની ચર્ચા કરી છે. અમુક અલંકારનો સ્વીકાર કે અસ્વીકાર આલંકારિકોએ તે અલંકાર અંગેની

પોતાની વિભાવનાના સંદર્ભમાં કર્યો છે. તમામ અલંકારો ચર્ચ્યા હોય એવો એક આલંકારિક પણ બતાવી શકાય તેમ નથી. પ્રત્યેક આલંકારિક જુદી જુદી સંખ્યામાં અલંકારો આપે છે. એટલું જ નહીં, પ્રત્યેક આલંકારિકે પોતે ચર્ચેલા અલંકારોમાં ચોક્કસ ક્રમનો ખ્યાલ તો રાખ્યો જ છે. પરંતુ તેમાં દરેક આલંકારિક પોતાની આગવી રીત અજમાવે છે. અલબત્ત, પોતાની આગવી રીતનો નિર્દેશ મોટા ભાગના આલંકારિકોએ કર્યો નથી. આ આગવી રીત એટલે અલંકારોના વર્ગીકરણની પદ્ધતિ, અલંકારોના ચોક્કસ વર્ગો છેક ભામહ અને ઉદ્ભટમાં આપણને જોવા મળે છે. પરંતુ અલંકારોનું વર્ગીકરણ પ્રાચીન આલંકારિકો-માં માત્ર રુદ્રટે આપ્યું છે. રુદ્રટે કરેલું અલંકારોનું આ વર્ગીકરણ ચોક્કસ તત્ત્વો પર આધારિત હોઈ શાસ્ત્રીય પ્રકારનું છે. તેમાં અલંકારોના ચાર વિભાગો પાડવામાં આવ્યા છે : (1) વસ્તુના સ્વરૂપનું કથન કરનારા અલંકારોને તે વાસ્તવમૂલક અલંકારો કહે છે. (2) સમાન ધર્મવાળી વસ્તુઓનું વર્ણન ધરાવતા અલંકારોને તે ઔપમ્યમૂલક અલંકારો કહે છે. (3) અર્થ અને ધર્મના નિયમોનો ભંગ ધરાવતા અલંકારોને તે અતિશયમૂલક અલંકારો કહે છે. (4) અનેકાર્થક શબ્દો વડે એક વાકયથી અનેક અર્થોના જ્ઞાનવાળા અલંકારોને તે શ્લેષમૂલક અલંકારો માને છે. રુદ્રટે વાસ્તવમૂલક 23, ઔપમ્યમૂલક 21, અતિશયમૂલક 12 અને શ્લેષમૂલક 10 અલંકારો ગણાવ્યા છે. પરંતુ રુદ્રટે આપેલું આ વર્ગીકરણ સ્પષ્ટ ભેદરેખાવાળું નથી. એમાં એક જ અલંકાર બે વિભાગમાં આવી શકતો હોવાથી તે બરાબર નથી.

રુદ્રટ પછી અલંકારોનું આવું વર્ગીકરણ રુય્યકે પોતાના અલંકારસર્વસ્વમાં આપ્યું છે. રુય્યકનું આ વર્ગીકરણ નીચે મુજબ છેઃ (1) સાદૃશ્યગર્ભ (2) વિરોધગર્ભ (3) શૃંખલામૂલક (4) ન્યાયમૂલક અને (5) ગૂઢાર્થપ્રતીતિમૂલક—એમ કુલ પાંચ મુખ્ય વર્ગો રુય્યકે આપ્યા છે. એમાં સાધર્મ્યની વાતવાળા અલંકારો સાદૃશ્યગર્ભ અલંકારો છે. એવા અલંકારોની સંખ્યા રુય્યકને મતે 28ની છે. એમાં ત્રણ પેટાપ્રકારો છે.

(અ) ઉપમા, ઉપમેયોપમા, અનન્વય અને સ્મરણ એ ચાર અલંકારોમાં ઉપમાન અને ઉપમેય વચ્ચે ભેદ અને અભેદ સમાનહોવાથી તેમને ભેદાભેદતુલ્યપ્રધાન સાદૃશ્યગર્ભ અલંકારો કહ્યા છે.

(બ) રૂપક, પરિણામ, સંદેહ, ભ્રાન્તિ, ઉલ્લેખ અને અપહનુતિ એ છ અલંકારોમાં ઉપમેય પર ઉપમાનના આરોપથી થતો અભેદ મુખ્ય હોવાથી એ આરોપમૂલક અભેદપ્રધાન અને ઉત્પ્રેક્ષા તથા અતિશયોક્તિ એ બે અલંકારોમાં ઉપમાન અને ઉપમેયના અધ્યવસાન વડે થતો અભેદ મુખ્ય હોવાથી એ અધ્યવસાનમૂલક અભેદપ્રધાન સાદૃશ્યગર્ભ અલંકારો છે.

(ક) જ્યારે તુલ્યયોગિતા, દીપક, પ્રતિવસ્તૂપમા, દૃષ્ટાન્ત, નિદર્શના, વ્યતિરેક, સહોક્તિ, વિનોક્તિ, સમાસોક્તિ, પરિકર, શ્લેષ, અપ્રસ્તુતપ્રશંસા, પર્યાયોક્ત, અર્થાન્તરન્યાસ, વ્યાજસ્તુતિ અને આક્ષેપ-એમ કુલ 16 અલંકારોમાં સાદૃશ્ય વ્યંગ્ય હોય છે અને ઉપમેય તથા ઉપમાન વચ્ચેનો ભેદ મુખ્ય હોય છે તેથી તેમને ભેદપ્રધાન સાદૃશ્યગર્ભ અલંકારો ગણ્યા છે. આમાં વિનોક્તિ, અપ્રસ્તુતપ્રશંસા, અર્થાન્તરન્યાસ,

*પર્યાયોક્ત, વ્યાજસ્તુતિ અને આક્ષેપ સિવાયના અલંકારો ગમ્યમાન ઔપમ્યવાળા છે. વિનોક્તિ સહોક્તિની વિરોધી હોવાથી, અપ્રસ્તુતપ્રશંસા સમાસોક્તિની વિરોધી હોવાથી, અર્થાન્તરન્યાસ અપ્રસ્તુતપ્રશંસાનો સજાતીય હોવાથી અને પર્યાયોક્ત તથા વ્યાજસ્તુતિમાં ફક્ત ગમ્યમાન અર્થ હોવાથી આ વર્ગમાં મૂકવામાં આવ્યા છે. એમાં તુલ્યયોગિતા અને દીપક પદાર્થગત ગમ્યમાન ઔપમ્યવાળા તથા પ્રતિવસ્તૂપમા, દૃષ્ટાન્ત અને નિદર્શના વાક્યાર્થગત ગમ્યમાન ઔપમ્યવાળા છે. વ્યતિરેક અને સહોક્તિ ભેદગત ગમ્યમાન ઔપમ્યવાળા છે. સમાસોક્તિ અને પરિકર વિશેષણ વૈચિત્ર્યગત ગમ્યમાન ઔપમ્યવાળા તથા શ્લેષ વિશેષણવિશેષ્યવૈચિત્ર્યગત ગમ્યમાન ઔપમ્યવાળા છે.*

*બીજો પ્રકાર વિરોધવાળું વર્ણન ધરાવતા વિરોધમૂલક અલંકારોનો છે. રુય્યકે તેમાં વિરોધ, વિભાવના, વિશેષોક્તિ, સમ, વિચિત્ર, અધિક, અન્યોન્ય, વિશેષ, વ્યાઘાત, કાર્યકારણપૌર્વાપર્યવિપર્યય પ્રકારની અતિશયોક્તિ, અસંગતિ અને વિષમ-એમ* 12 *અલંકારો મૂકયા છે. સમ અલંકારમાં વિરોધવાળું વર્ણન નથી, છતાં તે વિષમ અલંકારનો વિરોધી હોવાથી આ વિરોધમૂલક અલંકારોમાં મૂકવામાં આવ્યો છે.*

*ત્રીજો પ્રકાર શૃંખલાબદ્ધતા ધરાવતા શૃંખલામૂલક અલંકારોનો છે. તેમાં કારણમાલા, એકાવલી, માલાદીપક અને સાર એ ચાર અલંકારો રુય્યકે ગણાવ્યા છે. આ ચારે અલંકારોમાં શંખલાબદ્ધતા મુખ્યત્વે રહેલી છે.*

*ચોથા પ્રકારમાં વિવિધ ન્યાયો પર આધારિત ન્યાયમૂલક અલંકારો આવે છે. તેમાં* 17 *અલંકારો ન્યાયમૂલક અલંકારો છે.*

*પાંચમા પ્રકારમાં ગૂઢ અર્થના જ્ઞાનવાળા ગૂઢાર્થપ્રતીતિમૂલ અલંકારો રુય્યકે મૂક્યા છે. સૂક્ષ્મ, વ્યાજોક્તિ અને વક્રોક્તિ એ ત્રણમાં ગૂઢ અર્થનું જ્ઞાન હોવાથી એ ત્રણ અલંકારો ગૂઢાર્યપ્રતીતિમૂલ છે.*

*રુય્યકના આ વર્ગીકરણમાંથી સ્વભાવોક્તિ, ભાવિક, ઉદાત્ત, સંસૃષ્ટિ અને સંકર એ પાંચ અલંકારો અને રસવત્, પ્રેયસ્, ઊર્જસ્વી, સમાહિત ભાવોદય, ભાવસંધિ અને ભાવશબલતા એ સાત રસભાવમૂલક અલંકારો બાકાત રહી જાય છે, છતાં રુય્યકનો આ પ્રયત્ન વધુ શાસ્ત્રીય અને મૂળભૂત તત્ત્વો પર આધારિત હોવાથી સ્પષ્ટ, માન્ય, યોગ્ય અને સર્વસંમત છે.*

*રુય્યક પછી ફક્ત વિદ્યાધરે એકાવલીમાં અલંકારોનું સ્થૂળ અને સૂક્ષ્મ બંને દૃષ્ટિએ વિભાજન કરવાનો પ્રયત્ન કર્યો છે. સ્થૂળ દૃષ્ટિએ તે અલંકારોના ચાર ભાગો પાડે છે :* (1) *જેમાં વસ્તુનું જ્ઞાન થતું હોય તેવા વસ્તુપ્રતીતિમૂલ અલંકારો* (2) *જેમાં સાદૃશ્યનું જ્ઞાન થાય તેવા ઔપમ્યપ્રતીતિમૂલ અલંકારો* (3) *જેમાં રસ કે ભાવનું જ્ઞાન થાય તેવા રસભાવપ્રતીતિમૂલક અલંકારો અને* (4) *જેમાં અસ્ફુટ રીતે અર્થાત્ વ્યંગ્યથી જ્ઞાન થાય તેવા અસ્ફુટપ્રતીતિમૂલક અલંકારો. જ્યારે સૂક્ષ્મ દૃષ્ટિએ આ અલંકારોના નવ વિભાગો વિદ્યાધરે ગણાવ્યા છે, જેમાં તેણે રુય્યકનો આધાર સ્પષ્ટ રીતે લીધેલો જણાય છે, કારણ કે તે નીચેના નવ વિભાગો આપે છેઃ* (1) *જેમાં સાદૃશ્ય રહેલું હોય તેવા*

સાધર્મ્યમૂલક અલંકારો (2) જેમાં ઉપમાન વડે ઉપમેયનું અધ્યવસાન હોય તેવા અધ્યવસાયમૂલ અલંકારો (3) જેમાં વિરોધવાળું વર્ણન હોય તેવા વિરોધમૂલ અલંકારો (4) જેમાં પ્રમાણોનો આધાર લેવામાં આવ્યો હોય તેવા વાક્યન્યાયમૂલ અલંકારો (5) જેમાં લોકોના વ્યવહારનો આધાર લેવામાં આવ્યો હોય તેવા લોકવ્યવહારમૂલ અલંકારો (6) જેમાં તર્કશાસ્ત્રનો આધાર લેવામાં આવ્યો હોય તેવા તર્કન્યાયમૂલ અલંકારો (7) જેમાં શૃંખલાબદ્ધતા રહેલી હોય તેવા શૃંખલાવૈચિત્ર્યમૂલ અલંકારો (8) જેમાં ગૂઢ અર્થ અથવા છુપાવવાની વાત હોય તેવા અપહ્નવમૂલ અલંકારો અને (9) જેમાં વિશેષણો બે અર્થવાળાં હોય તેવા વિશેષણવૈચિત્ર્યમૂલ અલંકારો. આમ, વિદ્યાધરે નવ પ્રકારોમાં રુય્યકના પાંચ પ્રકારો અને પહેલા તથા ચોથા પ્રકારના ત્રણ પેટાપ્રકારોને સ્વતંત્ર પ્રકાર તરીકે ગણાવ્યા છે. એ સિવાય તે રુય્યકને જ અનુસરે છે. અલબત્ત, રુય્યક અને વિદ્યાધરના સમય પછી પણ નવા અલંકારો અસ્તિત્ત્વમાં આવ્યા છે.

## 3.8 તમારી પ્રગતિ ચકાસો

પ્રશ્ન-1. નીચેના પ્રશ્નો સવિસ્તાર નોંધ આપો.

1. અલંકારશાસ્ત્રના પ્રતિપાદક આચાર્યો વિશે સવિસ્તાર નોંધ લખો.

2. કાવ્યમાં અલંકારનું અંતરંગત્ત્વ અને મહત્ત્વ વિશે સવિસ્તાર નોંધ લખો.

3. અલંકારોનું વર્ગીકરણ વિશે નોંધ લખો.

4. અલંકારોનો ઉદ્ભવ અને વિકાસ પર નોંધ લખો.

**પ્રશ્ન-2. ટૂંકનોંધ લખો.**

1. *અલંકારની વ્યાખ્યા વિશે નોંધ લખો.*
2. *કાવ્યમાં અલંકારનું મહત્ત્વ*
3. *અલંકારોના પ્રકાર*
4. *આચાર્ય દંડી અને આચાર્ય વામનનો અલંકાર પર મત*

**પ્રશ્ન-3. એક બે વાક્યમાં પ્રશ્નના જવાબ આપો.**

1. *અલંકારશાસ્ત્રનો સૌથી પ્રથમ ગ્રંથ કયો છે?*

___

___

___

2. *અલંકાર શબ્દની વ્યુત્પત્તિ જણાવો.*

___

___

___

3. *ભરતના નાટ્યશાસ્ત્રમાં કુલ કેટલા અલંકારો ગણાવ્યા છે? કયા-કયા?*

___

___

___

4. *વ્યાકરણ શાસ્ત્રના કયા-કયા ગ્રંથમાં અલંકારશાસ્ત્રના શબ્દોનો પ્રયોગ થયેલો છે?*

___

___

___

5. *હેમચંદ્ર એ આપેલી અલંકારની વ્યાખ્યા જણાવો.*

___

___

___

6. *અર્થાલંકારની વ્યાખ્યા આપો.*

___

___

___

**પ્રશ્ન-4. સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ આપો.**

1. *અલંકાર સંપ્રદાયના પ્રણેતા કોણ છે?*

   (A) *આચાર્ય ભરત* (B) *આચાર્ય ભામહ*

   (C) *આચાર્ય વામન* (D) *આચાર્ય ઉદભટ્ટ*

2. *કયા વેદમાં ઉપમા શબ્દ પ્રયોજાયેલો જોવા મળે છે?*

   (A) *ઋગ્વેદ* (B) *સામવેદ* (C) *અથર્વવેદ* (D) *યજુર્વેદ*

3. ભામહના અલંકારશાસ્ત્રના ગ્રંથનું નામ જણાવો.

(A) કાવ્યાલંકાર (B) કાવ્યાદર્શ

(C) કાવ્યપ્રકાશ (D) દશરૂપક

4. રુદ્રટના સમય સુધીમાં અલંકારોની સંખ્યા ક્યાં સુધી પહોંચી?

(A) 75 (B) 70 (C) 60 (D) 50

5. જ્યાં કાવ્યના શબ્દો અને અર્થો બંનેમાં ચમત્કાર મળે છે. તે કયો અલંકાર છે?

(A) ઉભયાલંકાર (B) શબ્દાલંકાર

(C) અર્થાલંકાર (D) વ્યાપક અલંકાર

6. ભામહ એ પોતાના ગ્રંથમાં કેટલા અલંકારોનું પ્રતિપાદન કર્યું છે?

(A) 38 (B) 40 (C) 45 (D) 48

7. નીચેનામાંથી કયો અલંકારનો પ્રકાર નથી?

(A) શબ્દાલંકાર (B) અર્થાલંકાર

(C) વ્યાપક અલંકાર (D) ઉભયાલંકાર

8. કયા શિલાલેખમાં અલંકારશાસ્ત્રના પારિભાષક શબ્દો જોવા મળે છે?

(A) ગિરનાર શિલાલેખ (B) મથુરાનો શિલાલેખ

(C) મોહરોલી શિલાલેખ (D) રુદ્રદામ્નનો શિલાલેખ

---

**લેખક : ડૉ. ઈશિતા જે. ઠક્કર, આસીસ્ટન્ટ પ્રોફેસર,**
**બી.ડી.એસ. આર્ટસ એન્ડ સાયન્સ કોમર્સ કોલેજ, પાટણ.**

---

# એકમ : 4 : ધ્વનિ સંપ્રદાય

## રૂપરેખા

**4.0 ઉદ્દેશ**

**4.1 પ્રસ્તાવના**

**4.2 ધ્વનિનો અર્થ અને પરિભાષા**

**4.3 ધ્વનિ, કાવ્યની આત્માના રૂપમાં**

**4.4 ધ્વનિ સિદ્ધાંત : અવધારણા અને સ્વરૂપ**

**4.5 ધ્વનિ સિદ્ધાંતના સમર્થક આચાર્ય**

**4.6 ત્રિવિધ શબ્દ શક્તિઓ**

**4.7 ધ્વનિના પ્રકારો**

**4.8 ધ્વનિ અને રસ**

**4.9 ધ્વનિ અનુસાર કાવ્યના પ્રકાર**

**4.10 ધ્વનિમાં અન્ય સિદ્ધાંતોનો સમાવેશ**

**4.11 ધ્વનિ અને પાશ્ચાત્ય સાહિત્યશાસ્ત્ર**

**4.12 ધ્વનિ સંપ્રદાય**

**4.13 તમારી પ્રગતિ ચકાસો**

## 4.0 ઉદ્દેશ

*આ એકમનો અભ્યાસ કર્યા બાદ આપ*

- *ધ્વનિના વિષયમાં તમને પરિચય મળશે.*
- *ધ્વનિ સંપ્રદાયના વિષયમાં તમને પરિચય મળશે.*
- *ધ્વનિના અર્થ અને પરિભાષા વિશે જાણકારી પ્રાપ્ત થશે.*
- *ધ્વનિના પ્રકારોની જાણકારી મળશે.*
- *ધ્વનિ અનુસાર કાવ્યના પ્રકાર વિશેની જાણકારી મળશે.*
- *ધ્વનિમાં અન્ય સિદ્ધાંતોનો સમાવેશનો પરિચય મળશે.*

## 4.1 પ્રસ્તાવના

*'ધ્વનિ' માત્ર શબ્દની જ નથી હોતી. પરંતુ ધ્વનિલોકમાં પદ તથા અર્થની પ્રતિત કરાવવાળુ તત્ત્વ છે. આનંદવર્ધને પોતાની રચના 'ધ્વન્યાલોક'ના માધ્યમથી ધ્વનિ સંપ્રદાયનું પ્રતિપાદન કર્યું છે. શરૂઆત ધ્વન્યાલોક'ના રચયિતાને લઈને કેટલાક વિદ્વાનોમાં એક મત ન હતો. પરંતુ કાલાનતરે તે વિવાદ ઉપર પૂર્ણવિરામ લાગી ગયો અને આચાર્ય આનંદવર્ધનને 'ધ્વન્યાલોક'ના રચયિતા હોવાને લીધે આનંદવર્ધન નિર્વિવાદ રૂપથી ધ્વનિ સંપ્રદાયના પ્રવર્તક માનવા લાગ્યા. ધ્વનિના કાવ્ય આત્માના રૂપમાં સ્થાપિત કરવાવાળા આચાર્યના રૂપમાં આનંદવર્ધનની પ્રતિષ્ઠા છે. આનંદવર્ધનની પહેલાં પણ ધ્વનિની ચર્ચા થયેલી છે. પરંતુ તેનું વ્યવસ્થિત વિવેચન આનંદવર્ધન જ કર્યું છે. ધ્વનિનો સીધો સંબંધ શબ્દ શક્તિઓથી છે. તેથી શબ્દશક્તિના આધાર પર ધ્વનિનું વર્ગીકરણ પણ કરેલું છે. આ પ્રકારે રસ અને અલંકારના આધાર પર પણ ધ્વનિઓ ચિન્હિત કરવામાં આવી. ધ્વનિ સિદ્ધાંત શૈવ દર્શન અને સ્ફોટ સિદ્ધાંતથી પણ જોડાયેલો છે. સ્ફોટ જ ધ્વનિનો આધાર છે. મંદિરના ઘટમાં થવા વાળા ધ્વનિનું અનુકરણ જ શબ્દનો અર્થ વ્યંજિત કરે છે. રમણીય અને ચમત્કાર પૂર્ણ અર્થ વ્યંજન કરવા વાળા ધ્વનિ જ વાસ્તવમાં શ્રેષ્ઠ હોય છે. આમ, ધ્વનિનો વ્યાકરણ અને દર્શન બંને સ્થળો પર વિશેષ રૂપથી ઉલ્લેખ છે. તેની મહત્તા આ બંનેના સ્તરો પર માનવામાં આવે છે. ભારતીય કાવ્યશાસ્ત્રમાં ધ્વનિ સંપ્રદાયનું ઉલ્લેખનીય સ્થાન અને મહત્ત્વ છે.*

## 4.2 ધ્વનિનો અર્થ અને પરિભાષા

*ધ્વનિની વ્યાખ્યા માટેની નિઃસંકોચ સૌથી ઉપર્યુક્ત ધ્વનિકારના જ શબ્દ થઈ શકે છે.*

यत्रार्थः शब्दो वा तमर्थमुपसर्जनीकृतस्वार्थौ

व्यक्तः काव्यविशेषः स ध्वनिरिति सूरिभिः कथितः ॥

*જ્યાં અર્થ સ્વયંને તથા શબ્દ પોતાના અભિધેય અર્થને ગૌણ કરીને 'તે અર્થને' પ્રકાશિત કરે છે. આ કાવ્ય વિશેષને વિદ્વાનો ધ્વનિ કહે છે.*

*ઉપરની કારીકામાં સ્વયં ધ્વનિકારે જ આગળ વ્યાખ્યા કરતા લખ્યું છે કે*

"यत्रार्थो वाच्यविशेषो वाचकविशेषः शब्दो वा तमर्थे व्यक्तः, स काव्यविशेषो ध्वनिरिति।"

*અર્થાત્ જ્યાં વિશિષ્ટ વાચકરૂપ શબ્દ 'તે અર્થને' પ્રકાશિત કરે છે. તે કાવ્ય વિશેષ ધ્વનિ કહેવાય છે.*

*અહીં* 'तमर्थम्' *તે અર્થનું' વર્ણન ઉપરોક્ત બે શ્લોકોમાં કરવામાં આવેલ છે.*

**प्रतीयमानं पुनरन्यदेव वस्त्वस्ति वाणीषु महाकवीनाम् ।**

**यत्तत्प्रसिद्धार्थःवयवातिरिक्तंविभाति लावण्यमिवाङ्गनासु ॥**

*પ્રતીયમાન કંઈક અલગ જ વસ્તુ છે જે રમણીયના પ્રસિદ્ધ (મુખ, નેત્ર, સ્તોત્ર, નાસિકા વગેરે) અવયવોથી ભિન્ન તેમના લાવણ્યના સમાન મહાકવિઓની સૂક્તિઓમાં (વાચ્ય અર્થથી અલગ જ ભાષિત થાય છે.)*

*એટલે કે 'તે અર્થ' થી તાત્પર્ય છે. તે પ્રતીયમાન સ્વાદુ (ચર્વણીય, સરસ) અર્થનો જે પ્રતિભાજન્ય છે અને આ મહાકવિઓની વાણીમાં વાચ્યાશ્રિત અલંકાર વગેરેથી ભિન્ન, સ્ત્રીઓમાં અવયવોથી વધુ લાવણ્યની જેમ પ્રકારની કંઈક અલગ જ વસ્તુ છે. તેથી આ વિશિષ્ટ અર્થ પ્રતિભાજન્ય છે, સરસ છે, વાચ્યથી વધુ કંઈક બીજી વસ્તુ છે અને પ્રતીયમાન છે.*

**सरस्वती स्वादु तदर्थवस्तु निःप्यन्दमाना महतां कवीनाम् ।**

**अलोकसामान्यमभिव्यनक्तिपरिस्फुरन्तं प्रतिभाविशेषम् ॥**

*આ સ્વાદુ અર્થવસ્તુને વિખેરતી એવી મોટા મોટા કવિઓની સરસ્વતી અલૌકિક અને અતિભાસમાન પ્રતિભા વિશેષને પ્રગટ કરે છે.*

*તેના પર લોચનકારની ટીપ્પણી છે-*

"सर्वत्र शब्दार्थयोरुभयोरपि ध्वननव्यापार:॥ स (काव्यविशेष:) इति। अर्था वा शब्दो वा, व्यापारो वा। अर्थोऽपि वाच्यो वा ध्वनतीति शब्दोऽप्येवंव्यङ्ग्यो वा ध्वव्यत इति। व्यङ्ग्यो वा शब्दार्थयोर्ध्वननमिति। । कारिकया तु प्राधान्येन समुदाय एव वाच्यरूपमुखतय ध्वनिरिति प्रतिपादितम्।"

*અર્થાત્ સર્વત્ર શબ્દ અને અર્થ બંનેનો ધ્વનન વેપાર થાય છે. આ 'કાવ્ય વિશેષ'નો અર્થ છે: અર્થ કે શબ્દ કે વ્યાપાર. વાચ્ય અર્થ પણ ધ્વનન કરે છે અને શબ્દ પણ, આ પ્રકારે વ્યંઙગ અર્થ પણ ધ્વનિત બને છે અથવા શબ્દ અર્થનું વ્યાપાર પણ ધ્વનન છે.*

*આ પ્રકારની કારીકા દ્વારા પ્રધાનતા સમુદાય શબ્દ, અર્થ વાચ્ય (વ્યંજક) અર્થ અને વ્યંઙ્ગ્ય અર્થ તથા શબ્દ અને અર્થનો વ્યાપાર જ ધ્વનિ છે.*

*અભિનવગુપ્ત કહેવાનો તાત્પર્ય એ છે કે કારિકાના અનુસાર ધ્વનિ સંજ્ઞા માત્ર કાવ્યને જ આપવામાં આવી નથી. પરંતુ શબ્દ, અર્થ અને શબ્દ અર્થના વેપાર આ બધાને ધ્વનિ કહે છે.*

*ધ્વનિ શબ્દની વ્યુત્પત્તિ-અર્થોથી પણ પાંચ પ્રકારો સિદ્ધ થાય છે.*

1. ध्वनति ध्वनयति वा य: स व्यञ्जक शब्द: ध्वनि - *જે ધ્વનિત કરે કે કરાવે તે વ્યંજક શબ્દ ધ્વનિ છે.*
2. ध्वनति ध्यनयति वा य: स: व्यञ्जकोर्थ ध्वनि: - *જે ધ્વનિત કરે કે કરાવે તે વ્યંજન અર્થ ધ્વનિ છે.*
3. ध्वन्यते इति ध्वनि: - *જે ધ્વનિત કરવામાં આવે તે ધ્વનિ છે. તેમાં રસ, અલંકાર અને વસ્તુ-વ્યઙગ અર્થના આ ત્રણેય રુપ જાણવામાં આવે છે.*

4. ध्वन्यते अनेन इति ध्वनिः - *જેના દ્વારા ધ્વનિત કરવામાં આવે તે ધ્વનિ છે. તેનો શબ્દ વ્યાપાર-વ્યંજના વગેરે શક્તિઓનો બોધ થાય છે.*
5. ध्वन्यतेऽस्मिन्निति ध्वनिः- *જેમાં વસ્તુ, અલંકાર, રસ વગેરે ધ્વનિત થઈ જાય તે કાવ્યને ધ્વનિ કહે છે.*

*આ પ્રકારે ધ્વનિ પ્રયોગ પાંચ ભિન્ન ભિન્ન પરંતુ પરસ્પર સંબંધ અર્થોમાં હોય છે:*

1. *વ્યંજક શબ્દ* 2. *વ્યંજક અર્થ* 3. *વ્યંડ્ગ્ય અર્થ, વ્યંજના (વ્યંજના વેપાર) અને વ્યંડ્ગ્ય વાચ્યાતિશાયિ હોવું જોઈએ.* वाच्यातिशायिनि व्यङ्गये ध्वनिः (साहित्यदर्पण)।

*આ અતિશય્ય અથવા પ્રાધાન્યનો અર્થ છે - ચારુત્વ. એટલે કે રમણીયતાનો ઉત્કર્ષ* 'चारुत्वोत्कर्षनिबन्धना हि वाच्यव्यङ्ग्ययोः प्राधान्यविवक्षा' (ध्वन्यालोक)। *તેથી વાચ્યાતિશાયિનો અર્થ થયો વાચ્યથી અધિક રમણીય અને ધ્વનિના સંક્ષિપ્ત લક્ષણ થયો. "વાચ્યથી અધિક રમણીય વ્યંડ્ગને ધ્વનિ કહેવાય છે."*

## 4.3 ધ્વનિ, કાવ્યની આત્માના રૂપમાં

*'ધ્વન્યાલોક'ના વૃત્તિકાર આનંદવર્ધન છે. તેઓ કાવ્યશાસ્ત્રમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આ આચાર્ય એ કાવ્યશાસ્ત્રના ક્ષેત્રમાં જે નવા અનુસંધાન કાર્યો અને નવી વિચારોને અનુમોદન આપ્યું છે. તે ધ્વનિ સિદ્ધાંતના નામથી પ્રચલિત છે. ધ્વનિ સિદ્ધાંતકાર આચાર્ય આનંદવર્ધને જ્યાં કાવ્યમાં વાચ્યાર્થ અને લક્ષ્યાર્થથી વધારે રમણીય અને ચમત્કાર પૂર્ણ અર્થ વ્યંજિત છે. ત્યાં ધ્વનિની સત્તા માની છે. જે પ્રકારે કોઈ સુંદરીના અંગ પ્રત્યાંગના સૌંદર્યથી ભિન્ન લાવણ્યની પૃથક સત્તા વિદ્યામાન રહે છે, તે પ્રકારે મહા કવિઓની વાણીમાં વાચ્ય અર્થથી ભિન્ન કેટલાક ચમત્કાર પૂર્ણ અર્થ હોય છે. તે પ્રતીયમાન અર્થ જ ધ્વનિ છે. આ ધ્વનિ કાવ્યની આત્મા છે.*

*અલંકારીકો એ માન્યું છે કે કાવ્યમાં અકથિત અને પ્રતીયમાન અર્થ જ મૂળ વસ્તુ છે. તેનો બોધ અભિધા અને લક્ષણાથી નથી થઈ શકતો. વ્યંજના શક્તિ જ કાવ્યના ગુઢાર્થ બોધ કરાવી શકે છે.*

*ધ્વનિ સિદ્ધાંતની સ્થાપના નામની સાથે ભારતીય કાવ્ય, ચિંતનની સૂક્ષ્મ સ્થિતિ સુધી પહોંચી ગયું છે.*

'काव्यस्यात्माध्वनिरिति बुधैर्यः समाम्नातपूर्वः' *અર્થાત્ કાવ્યની આત્મા ધ્વનિ છે, એવો પૂર્વવર્તી વિદ્વાનોનો મત છે. તેનાથી એ જાણવા મળે છે કે ધ્વનિ વિષયક ચિંતન 'ધ્વન્યાલોક'ની રચના થયાના પહેલા પણ થઈ ચૂક્યું હતું. પરંતુ* 'विनापि विशिष्टपुस्तकेषु' *થી અહીં સ્પષ્ટ થઈ જાય છે કે કોઈપણ પૂર્વવર્તી આચાર્ય ગંભીરતાપૂર્વક તેના પર સ્વતંત્ર વિવેચન ગ્રંથ રૂપમાં ઉપસ્થિત કર્યું નથી. આચાર્ય ભરતના રસ સિદ્ધાંતથી ધ્વનિકારોને અવશ્ય પ્રેરણા પ્રાપ્ત થઈ હશે. પરંતુ તેના પર સંપૂર્ણ આશ્રિત રહીને નહીં. રસ સંપ્રદાયની માન્યતાના સંબંધમાં 'ધ્વન્યાલોક' પર 'લોચન' ટીકાના લેખક અભિનવગુપ્તે* "काव्यस्यात्मा ध्वनिः' *આ કારિકાની વ્યાખ્યા*

*કરતા સ્પષ્ટ કર્યું છે કે* 'तेन रस एव वस्तुतः आत्मा, वस्त्वलंकारध्वनिस्तु सर्वथा रसं प्रति पर्यवस्यते' *અર્થાત્ ધ્વનિના ત્રણ પ્રકારમાં વસ્તુ, અલંકાર અને રસ છે. રસમાં જ તેનો સમાવેશ થઈ જાય છે. તેથી કાવ્યની વાસ્તવિક આત્મા રસ જ છે પરંતુ અહીં બધે જ ધ્વનિનો સમાવેશ થયેલો છે.*

## 4.4 ધ્વનિ સિદ્ધાંત : અવધારણા અને સ્વરૂપ

*ભારતીય કાવ્ય સંપ્રદાયોમાં ધ્વનિ સંપ્રદાયનું સ્થાન અતિ મહત્ત્વપૂર્ણ છે. આનંદવર્ધને ધ્વનિને જ કાવ્યની આત્મા કહી છે અને ધ્વનિનો સંબંધ વ્યંજના શક્તિથી સ્વીકાર કર્યો. ધ્વનિની પરિભાષા આપતા આચાર્ય વિશ્વનાથ એ સાહિત્યદર્પણમાં લખ્યું છે કે*

*'વાચ્યાર્થથી વધારે રમણીય કે ચમત્કારક વ્યંગ્યાર્થને ધ્વનિ કહેવાય છે.'*

*જે પ્રકારે શબ્દના અલગ અલગ વર્ણોના ઉચ્ચારણથી અર્થની અભિવ્યક્તિ નથી થતી. તે પ્રકારે અભિધા કે લક્ષણોના દ્વારા પણ સંપૂર્ણ અર્થ અને વિશેષ રૂપથી માર્મિક અર્થની અભિવ્યક્તિ થતી નથી. આ માર્મિક અર્થ વ્યંજના દ્વારા પ્રાપ્ત થાય છે. અભિધા અને લક્ષણા ઉપરાંત વ્યંજનાથી ધ્વનિત થવા વાળા ચમત્કારિક અર્થ જ ધ્વનિ છે. આ ધ્વનિ ધ્વન્યાલોકારે અનુસરણના રૂપમાં માની છે. એટલે કે ઘંટ ને વગાડવા થી પહેલા ટંકાર અને પછી મધુર ઝણકાર, એક પછી એક વધારે મધુર રૂપથી અવાજ નીકળે છે. તેવી જ રીતે વ્યંઙ્ગાર્થ પણ ધ્વનિત હોય છે. આ પ્રકારે ધ્વનિત થવા વાળા વ્યંઙ્ગાર્થ જ્યાં મુખ્ય રૂપે હોય છે. ત્યાં ધ્વનિ માનવામાં આવે છે. આનંદવર્ધને લખ્યું છે કે*

**'यत्रार्थ : शब्दो वा तमर्थमुपसर्जनीकृत स्वार्थौ**

**व्यक्तः काण्यविशेषः स ध्वनिरिति सूरिभिः कथितः।'**

*જ્યાં અર્થ સ્વયંને તથા શબ્દ પોતાના અભિદેય અર્થને ગૌણ કરીને પ્રતીયમાન અર્થમાં પ્રકાશિત કરે છે. આ કાવ્ય વિશેષને વિદ્વાનો ધ્વનિ કહે છે.*

*તેનો અભિપ્રાય એ છે કે ધ્વનિમાં વ્યંગ્યાર્થ તો હોય જ છે. પરંતુ માત્ર એટલું પર્યાપ્ત નથી. પ્રતીયમાન અર્થને વાચ્યાર્થથી વધારે મહત્ત્વપૂર્ણ હોવું અપેક્ષિત છે. અહીંયા બે વાતો મહત્ત્વપૂર્ણ છે.*

1. *અર્થનું પોતે ગૌણ બનવું અને શબ્દનું પોતે ગૌણ બનવું.*

2. *એક અન્ય અર્થ વિશેષને વ્યક્ત કરવું. આ વ્યંજિત કરવાવાળા અર્થની પ્રતીયમાનનો અર્થ છે, ભાસિત કે અલૌકિક અર્થ.*

*આચાર્ય મમ્મટ અને પંડિત રાજ જગન્નાથ ઉત્તમૌત્તમ કાવ્ય રૂપની ધ્વનિના માટે પ્રાયઃ આનંદવર્ધનની જ પુનરાવૃત્તિ કરે છે.*

*ધ્વનિની આ પરિભાષા, આ પ્રકાર બે અભિપ્રાયોથી યુક્ત માનવામાં આવે છે.*

1. *જ્યાં શબ્દ અને અર્થ પોતાને અપ્રધાન બનાવીને તે (પ્રતીયમાન વ્યંગ્ય) અર્થને વ્યક્ત કરી, તે પ્રતીયમાન અર્થ વિશેષ ધ્વનિ છે.*

2. જ્યાં વાચ્યાર્થથી વ્યંગાર્થ અતિશય કે ઉત્કર્ષ પ્રધાન હોય તે ધ્વનિ છે.

આનંદવર્ધન પ્રતીયમાન અર્થને જ ધ્વનિ માનીને કહે છે કે મહાકવિઓની વાણીમાં વાંચ્યાર્થથી ભિન્ન પ્રતીયમાન અર્થ બીજી જ કોઈ વસ્તુ છે. જે પ્રસિદ્ધ અલંકારો અથવા પ્રતિત કરવાવાળા અન્ય ગુણો તત્ત્વોથી ભિન્ન સુંદરીઓના લાવણ્યના સમાન (અલંકારો)થી અલગ જ પ્રકાશિત થાય છે. જે પ્રકારે સુંદરીઓના સૌંદર્ય સમસ્ત અંગોથી અલગ દેખાય આવે છે, તેવી જ રીતે ધ્વનિ પણ કાવ્યના બધા રૂપોમાં પોતાનો પૃથક અસ્તિત્વ રાખે છે. ધ્વનિ કાવ્ય આ વિશિષ્ટ પ્રકારનું કાવ્ય છે. જેમાં શબ્દ અને અર્થ પોતાના સ્વરૂપમાં છુપાયેલા આ અર્થને અભિવ્યક્ત કરે છે. જે કાવ્યનું પરમ રહસ્ય છે. તેથી આ વિશિષ્ટ પ્રકારનું ઉત્તમ કાવ્ય છે.

## 4.5 ધ્વનિ સિદ્ધાંતના સમર્થક આચાર્ય

અનેક આચાર્યોએ ધ્વનિ સિદ્ધાંતનું પ્રબળ સમર્થન કર્યું છે. જે નીચે મુજબ છે-

આચાર્ય અભિનવગુપ્તએ 'ધ્વન્યાલોક' પર લોચન શીર્ષકથી એક પ્રૌઢ ટીકા લખીને ધ્વનિના મહત્ત્વનું નિરૂપણ કર્યું, જે ધ્વન્યાલોકલોચન, કાવ્યલોક લોચનના નામથી પ્રસિદ્ધ છે.

ધ્વનિવાદી આચાર્ય મમ્મટે 11મી સદીમાં પોતાના અકાટ્ય તર્કો દ્વારા પોતાના મતને પ્રતિપાદિત કર્યો જે વ્યંજનાનો અંતર્ભાવ અભિધા અને લક્ષણામાં ના થઈ શકે. આ સ્વતંત્ર શબ્દવૃત્તિ છે. વ્યંજના પર આધારિત ધ્વનિ સિદ્ધાંતની તેમને પૂર્ણ પ્રતિષ્ઠા કરી છે. જેને ધ્વનિ પ્રસ્થાપક પરમ આચાર્ય કહેવામાં આવ્યા છે.

પંડિત વિશ્વનાથે 14મી સદીમાં આ સિદ્ધાંતનું પોષણ કર્યું, તેમને 'સાહિત્ય દર્પણ'માં ધ્વનિ અને ગુણીભૂત વ્યંગનું વિસ્તૃત વિવેચન કર્યું અને ધ્વનિ અને વ્યંજનાની મહત્તા સ્વીકારી. પંડિત વિશ્વનાથ રસવાદી હોવા છતાં પણ ધ્વનિ મતના પ્રબળ સમર્થક આચાર્ય છે.

પંડિત જગન્નાથે 17મી સદીમાં ધ્વનિ સિદ્ધાંતનું પોષણ કરતાં ધ્વનિ કાવ્યને ઉત્તમોત્તમ કાવ્ય કહ્યું. તેમને રસ વગેરે ધ્વનિનો અસંલક્ષ્ય ક્રમ હિન માનીને સંલક્ષ્ય ક્રમને પણ સ્વીકાર કર્યો, પંડિત જગન્નાથે ધ્વનિના અનાવશ્યક પ્રકારોને અમાન્ય ઘોષિત કરી, આ સિદ્ધાંતને વધારે વ્યવહારિક બનાવ્યો. પંડિત જગન્નાથ ધ્વનિ પ્રસ્થાના અંતિમ પ્રોઢ આચાર્ય થયા.

ભોજરાજે શૃંગાર પ્રકાશમાં ધ્વનિનું વિવેચન કર્યું અને તાત્પર્ય શક્તિને ધ્વનિથી અભિન્ન માનીને તેના અંતર્ગત જ ધ્વનિનું વિવેચન કર્યું. તેમને તાત્પર્યના ત્રણ ભેદ આપ્યા-

અભિધીયમાન, પ્રતીયમાન અને ધ્વનિરૂપ તાત્પર્યથી ભિન્ન છે.

ધ્વનિના પ્રવર્તક આચાર્ય આનંદવર્ધને સ્વીકાર કર્યો કે ધ્વનિકાવ્ય સર્વોત્તમ કાવ્ય છે. ગુણીભૂત વ્યંગ મધ્યમ કાવ્ય છે અને વ્યંડગહીન કાવ્ય અવર કે અશ્રેષ્ઠ કાર્ય છે.

આ પ્રકારે વાંચ્યાર્થથી અધિક ઉત્કૃષ્ટ વ્યંઙ્ગ જ વિદ્વાનોના દ્વારા ધ્વનિ કહેવામાં આવે છે. ધ્વનિ કાવ્યનો સંબંધ વાંચ્યાર્થ, વ્યંગ્યાર્થથી છે. તેથી ધ્વનિના સ્વરૂપને સમજવા માટે શબ્દશક્તિઓનો પરિચય લેવો આવશ્યક છે.

## 4.6 ત્રિવિધ શબ્દ શક્તિઓ

શબ્દ પદ અને વાક્ય

ભારતીય શાસ્ત્રોમાં ભાષાના અર્થ સૂચિત કરવાની ક્ષમતાને શક્તિ કે વૃત્તિના નામથી જાણવામાં આવે છે.

મહાભાષ્યનું કથન છે કે પ્રતીતપદાર્થને લોક ધ્વનિઃ शब्द इत्युच्ते ।

સ્થૂલ રૂપમાં શબ્દનો અર્થ ધ્વનિ, વાક્ય, પદ, કથન વગેરે થાય છે. શબ્દની શક્તિ ખૂબ જ છે. જે શક્તિના દ્વારા શબ્દનો અર્થગત પ્રભાવ પડે છે તે શબ્દશક્તિ કહેવાય છે, કે શબ્દનો અર્થ બોધ કરાવવા વાળી શક્તિ જ શબ્દશક્તિ છે. શબ્દશક્તિઓ ત્રણ છે.-

1. અભિધા

2. લક્ષણા

3. વ્યંજના

આ સંબંધથી ત્રણ પ્રકારના શબ્દ થાય છે.- વાચક, લક્ષક અને વ્યંજક. ત્રણ પ્રકારના અર્થ પણ થાય છે.- વાંચ્યાર્થ, લક્ષ્યાર્થ અને વ્યંગ્યાર્થ.

1. અભિધા - આ શબ્દશક્તિ, જેનાથી મુખ્ય અર્થનો બોધ થાય છે. તે અભિધા કહેવાય છે. આ શબ્દથી મુખ્ય અર્થનો બોધ થાય, તે વાચક કહેવાય છે અને તેનાથી નીકળવા વાળા મુખ્યાર્થ વાચ્યાર્થ હોય છે. અભિધા દ્વારા ત્રણ પ્રકારના શબ્દોની અભિવ્યક્તિ થાય છે- (અ) રૂઢ (બ) યૌગિક (ક) યોગરુઢ.

(અ) રૂઢ – એવા શબ્દ જેની કોઈ વ્યુત્પત્તિ ના હોય. જેમ કે - પશુ.

(બ) યૌગિક – જેની વ્યુત્પત્તિ હોય અને જે પ્રકૃતિ પ્રત્યયના યોગથી બને છે. જેમ કે - પશુ તુલ્ય.

(ક) યોગરુઢ - એ શબ્દ જે યોગીક હોય છે. તો પણ તેનો અર્થ રૂઢ થઈ જાય છે. જેમ કે - પશુપતિ.

2. લક્ષણા - મુખ્યાર્થમાં બાધ હોવાથી રુઢી કે પ્રયોજનના સહારે, તેનાથી સંબંધિત જ્યાં પણ અન્ય અર્થ લક્ષિત થાય છે. ત્યાં લક્ષણા શક્તિ હોય છે.

3. વ્યંજના - વ્યંજનાથી આશય વિશેષ રૂપથી સ્પષ્ટ કરવું. સાહિત્ય દર્પણકાર પંડિત વિશ્વનાથના શબ્દોમાં પોતાના અર્થ બોધન કરવાથી અભિધા વગેરે વૃત્તિઓના શાંત થવા પર જેનો અન્ય અર્થ બોધિત થાય છે, તે શબ્દમાં તથા અર્થમાં રહેવાવાળી વૃતિ વ્યંજના કહેવાય છે.

આ એ શકિત છે, જે બાહ્ય સૌંદર્ય રેશમી પડદાને હટાવીને કાવ્યના વાસ્તવિક લાવણ્ય વ્યકત કરે છે, તેને વ્યંજના કહે છે.

વ્યંજના ના પ્રકાર

શબ્દ અને અર્થ બંને જ વ્યાપાર વ્યંજનામાં રહે છે. આ કારણે વ્યંજનાના બે પ્રકાર છે. 1. શાબ્દિ વ્યંજના અને 2. આર્થી વ્યંજના.

1. શાબ્દિ વ્યંજના – જ્યાં શબ્દની પ્રધાનતા છે. અર્થાત્ શબ્દ વિશેષના કારણે વ્યંગ્યાર્થ નીકળે છે. તે બે પ્રકારની હોય છે.

(અ) અભિધામૂલાશાબ્દી વ્યંજના

(બ) લક્ષણામૂલાશાબ્દી વ્યંજના

2. આર્થી વ્યંજના – જ્યાં કોઈ પણ શબ્દ કેમ ન હોય પંરતુ અર્થમાં અંતર ના પડતો હોય ત્યાં આર્થી વ્યંજના થાય છે. આ શબ્દ શકિત વક્તા, વાક્ય વગેરેની વિશેષતાના કારણે વ્યંગ્યાર્થની પ્રતીતિ કરાવે છે.

## 4.7 ધ્વનિના પ્રકારો

ધ્વનિના મુખ્ય બે પ્રકારો છે.

1. લક્ષણામૂલા ધ્વનિ

2. અભિધામૂલા ધ્વનિ

1. લક્ષણામૂલા ધ્વનિ

જેના મૂળમાં લક્ષણા હોય, એટલે કે લક્ષ્યાર્થથી વ્યંગ્યાર્થની પ્રતીતિ થાય છે, જ્યાં વ્યંગ્યાર્થ લક્ષ્યાર્થ પર આશ્રિત રહે છે. તે આ લક્ષણામૂલા ધ્વનિ કહેવાય છે. તેના બે પ્રકાર પડે છે.

(અ) અર્થાન્તર સંક્રમિત વાચ્ય

(બ) અત્યંત તિરસ્કૃત વાચ્ય

(અ) અર્થાન્તર સંક્રમિત વાચ્ય – જ્યાં વાચ્યાર્થ બીજા અર્થમાં સંક્રમિત થઈ જાય એટલે કે જ્યાં વાચ્યાર્થ બાધિત થઈને બીજા અર્થમાં પરિવર્તિત થઈ જાય, ધ્વનિકાર તેના ઉદાહરણ આ પ્રમાણે છે.

**तब ही गुन शोभा लहँ, सहृदय जबहिं सराहिं।**

**कमल कमल हैं तबहिं, जब रविकर सों विकसहिं ॥**

અહીં કમળનો અર્થ થાય છે, મકરંદશ્રી અને વિકચતા વગેરેથી યુક્ત. એટલે કે જ્યાં નિરર્થક જ નહીં પરંતુ પુનરક્તદોષનો પણ ભાગીદાર હશે. આ પ્રકારના કમળનો સાધારણ અર્થ ઉપર્યુક્ત વ્યંડ્યાર્થમાં સંક્રમિત થઈ જાય છે.

*(બ) અત્યંત તિરસ્કૃત વાચ્ય - અત્યંત તિરસ્કૃત વાક્યમાં વાચ્યાર્થ અંત્યન્ત તિરસ્કૃત રહે છે, જેને લગભગ છોડી દેવામાં આવે છે. આ ધ્વનિ પદગત અને વાક્યગત બંને પ્રકારની હોય છે. ધ્વનિકારે પદગત ધ્વનિનું ઉદાહરણ આપ્યું છે.-*

**रविसङ्क्रान्तसौभाग्यस्तुशारावृतमण्डलः ।**

**निःश्वासान्ध इवादर्शश्चन्द्रमा न प्रकाशते ॥**

**"साँस सों आँधर दर्पन है जस बाटर ओट लखात है चन्दा।"**

*અહીં અંધ કે આંધર શબ્દનો અર્થ નેત્રહીન ન થઈને લક્ષણોની સહાયતાથી 'પદાર્થોને સ્ફુટ કરવામાં અશક્ત' એવો થાય છે. આ પ્રકારે વાચ્યાર્થનો બધી જ રીતે તિરસ્કાર થઈ જાય છે.*

*વાક્યગત ધ્વનિનું ઉદાહરણ 'ધ્વન્યાલોક'માં આપવામાં આવ્યું છે.-*

सुवर्णपुष्पां पृथिवीं चिन्वन्ति पुरुषास्त्रयः।

शूरश्च कृतविद्यश्च यश्च जानाति सेवितुम् ॥

"सुबरन-पुष्पा भूमि कों, चुनत चतुर नर तीन।

सूर और विद्या-निपुन, सेवा माँहि प्रवीन ॥

*અહીં સંપૂર્ણ વાક્યનો અર્થ મુખ્યાર્થ સંપૂર્ણ અસમર્થ છે, કેમકે ના તો પૃથ્વી સુવર્ણ પુષ્પા હોય છે અને ન તો તેનું ચયન સંભવ છે. તેથી લક્ષણ અને સહાયતાથી તે આ ત્રણ પ્રકારના નર શ્રેષ્ઠ પૃથ્વીની સમૃદ્ધિને અર્જન કરે છે.*

**2. અભિધામૂલા ધ્વનિ**

*જેના મૂળમાં અભિધા અર્થાત્ વાચ્યાર્થ સંબંધ હોય અર્થાત્ અભિધામૂલા માં સીધા અભિધેય અર્થ જ વ્યંગ્યાર્થ ધ્વનિત થાય છે. તે ધ્વનિમાં વ્યંગ્યાર્થ વાચ્યાર્થ પર આશ્રિત રહેતો હોય છે. તેના બે પ્રકાર પડે છે.*

*(અ) સંલક્ષ્યક્રમ વ્યંગ્ય ધ્વનિ*

*(બ) અસંલક્ષ્યક્રમ વ્યંગ્ય ધ્વનિ અથવા તો રસ ધ્વનિ.*

*(અ) સંલક્ષ્યક્રમ વ્યંગ્ય ધ્વનિ - જ્યાં અભિધા દ્વારા વાચ્યાર્થનો સ્પષ્ટ બોધ થવા પર ક્રમથી વ્યંગ્યાર્થ સંલક્ષિત હોય અને જ્યાં સંલક્ષ્ય ક્રમ વ્યંગ્ય ધ્વનિ હોય છે. તેને અનુકરણ ધ્વનિ પણ કહેવાય છે. અનુકરણનો અર્થ થાય છે, પાછળથી થવા વાળી ગુંજ. જે પ્રકારે ઘંટ ઉપર મારવાથી ટંકાર થાય છે, તે પછી ઝણકાર સૂક્ષ્મથી સૂક્ષ્મ સ્પષ્ટ સંભળાય છે. તે પ્રકારના આ ધ્વનિમાં વાચ્યાર્થથી વ્યંગ્યાર્થ પણ સ્પષ્ટ થાય છે. તેના ત્રણ પ્રકાર પડે છે.*

(i) *શબ્દશક્તિ ઉદ્ભવ અનુકરણ ધ્વનિ*

(ii) *અર્થશક્તિ ઉદ્ભવ અનુકરણ ધ્વનિ*

(iii) *શબ્દાર્થભિયશક્તિ ઉદ્ભવ અનુકરણ ધ્વનિ*

*(બ) અસંલક્ષ્યક્રમ વ્યંગ્ય ધ્વનિ અથવા તો રસ ધ્વનિ - જ્યાં પણ વાચ્યાર્થ ગ્રહણ કરવાનો ક્રમ લક્ષીત હોતો નથી કે આ જ વાચ્યાર્થ છે અને તેના પછી પણ વ્યંગ્યાર્થ છે, ત્યાં આ ધ્વનિ હોય છે. આચાર્ય આનંદવર્ધને તેને શતપત્રસૂચિભેદથી સમજાયું છે કે જે પ્રકારે કમળમાં આ નિશ્ચિત કરવું અશક્ય છે કે પાંદડીઓ દ્વારા કમળ કેવી રીતે બીડાયેલું છે. એ જ પ્રકારે કોઈ પણ રચનાને વાંચીને વિભાવ, અનુભવ, સંચારીના સહયોગથી વાચકના મનમાં ક્યારે રસ ઉત્પન્ન થાય તે કહેવું મુશ્કેલ છે. પરંતુ રસની નિષ્પત્તિ થઈ એ વાસ્તવિક છે, અર્થાત્ કે રસની પ્રતિતિનો ક્રમ જરૂરી છે. પરંતુ એ નિશ્ચિત કરવું કે ક્યારે રસ નિષ્પત્તિ થઈ તે અસંભવ છે.*

*આ અસંલક્ષ્યક્રમ વ્યંગ્ય ધ્વનિના આઠ પ્રકાર છે. – રસ, ભાવ, રસાભાસ, ભાવાભાસ, ભાવશબલતા, ભાવોદય, ભાવસનિધ, ભાવશાન્તિ.*

## 4.8 ધ્વનિ અને રસ

*ભરતે રસની પરિભાષા આપી છે. વિભાવ-અનુભાવ વગેરેનું કથન હોય છે. જેના સંયોગના પરિપાક રૂપ રસનો નહીં. અર્થાત્ રસ વાચ્ય હોતો નથી. એટલું જ નહીં રસનો વાચક શબ્દો દ્વારા કથન એક રસદોષ પણ માનવામાં આવે છે. રસ માત્ર પ્રતીત હોય છે. બીજું કે, જેમ કે અત્યારે વ્યંજનાના વિષયમાં કહેવામાં આવ્યું છે કે, તે ઉક્તિનું વાચ્યાર્થ રસપ્રતીત કરતું નથી. માત્ર અર્થ બોધ કરે છે. રસ સહૃદયની હૃદય સ્થિતિ વાસનાની આનંદમય પરિણીતી છે, જે અર્થ બોધથી ભિન્ન છે. તેથી ઉક્તિ દ્વારા રસનું પ્રત્યક્ષ વાચન થતું નથી. અપ્રત્યક્ષ પ્રતીતિ હોય છે. પારિભાષિક શબ્દોમાં વ્યંજના કે ધ્વનન હોય છે. તેથી તર્કથી ધ્વનિકાર એ તેને માત્ર રસ ન માનીને ધ્વનિ માન્યો છે.*

## 4.9 ધ્વનિ અનુસાર કાવ્યના પ્રકાર

*ધ્વનિવાદીઓએ કાવ્યના ત્રણ પ્રકાર આપ્યા છે.*

1. *ધ્વનિ કાવ્ય (ઉત્તમ કાવ્ય)*
2. *ગુણીભૂત વ્યંગ્ય કાવ્ય (મધ્યમ કાવ્ય)*
3. *અવર કાવ્ય (અધમ કાવ્ય)*

1. *ધ્વનિ કાવ્ય (ઉત્તમ કાવ્ય)*

*જ્યાં વાચ્યાર્થથી વધુ મહત્ત્વપૂર્ણ વ્યંગ્યાર્થ હોય તે ધ્વનિ કાવ્ય છે.*

*તેના ત્રણ પ્રકાર છે.- રસધ્વનિ, અલંકારધ્વનિ, અને વિસ્તુ ધ્વનિ. જેમાં રસધ્વનિ સવર્શ્રેષ્ઠ છે.*

2. *ગુણીભૂત વ્યંગ્ય કાવ્ય (મધ્યમ કાવ્ય)*

*જ્યાં વાચ્યાર્થની અપેક્ષા વ્યંગ્યાર્થ ઓછો ચમત્કારી હોય, ત્યાં ગુણીભૂત વ્યંગ્ય કાવ્ય હોય છે.*

*3. અવર કાવ્ય (અધમ કાવ્ય)*

*જ્યાં વ્યંગ્યાર્થ હોતો નથી. તે અવર કાવ્ય છે.*

*આ પ્રકારે ધ્વનિના અનુસાર કાવ્યનું ઉત્તમ રૂપ છે, ધ્વનિ. અને ધ્વનિમાં પણ સર્વોત્તમ રસ ધ્વનિ છે. પંડિત રાજ જગન્નાથે તેને ઉત્તમોત્તમ ભેદ કહ્યો છે. અર્થાત્ રસ કે રસ ધ્વનિ જ કાવ્યનું સર્વોત્તમ રૂપ છે. બીજા શબ્દોમાં રસ જ કાવ્યનું સવર્શ્રેષ્ઠ તત્ત્વ છે. શાસ્ત્રીય દ્રષ્ટિથી રસ અને ધ્વનિનો આ સંબંધ એક તારતમ્ય છે.*

## 4.10 ધ્વનિમાં અન્ય સિદ્ધાંતોનો સમાવેશ

*ધ્વનિકાર પોતાની સામે બે ઉદ્દેશ્ય રાખીને ચાલતા હતા. એક ધ્વનિ સિદ્ધાંતની નિર્ભ્રાન્ત સ્થાપના, બીજું અન્ય બીજા બધા પ્રચલિત સિદ્ધાંતોનો ધ્વનિમાં સમાવેશ. વાસ્તવમાં ધ્વનિ સિદ્ધાંતની સર્વ માન્યતાનું મુખ્ય કારણ પણ આ જ હતું. ધ્વનિને તેમને એટલો બધો વ્યાપક બનાવી દીધો કે જેમાં માત્ર તેમના પૂર્વવર્તી રસ, ગુણ, રીતિ, અલંકાર વગેરેનો જ સમાવેશ થતો. પરંતુ પહેલાના વક્રોક્તિ, ઔચિત્ય વગેરે પણ તેનાથી બહાર કરી શકાતો ન હતો. તેમની સિદ્ધિ બે પ્રકારની થઈ. એક તો તે રસની જેમ ગુણ, રીતિ, અલંકાર, વક્રતા વગેરેથી વ્યંઙ્ગ્ય જ રહે છે. વાચક શબ્દ દ્વારા માધુર્ય વગેરે ગુણોનું કથન થતું નથી અને વૈદર્ભી વગેરે રીતિઓનું પણ કથન થતું નથી, ઉપમા વગેરે અલંકારોનું અને વક્રતાનું પણ કથન થતું નથી. આ બધા ધ્વનિમાં જ ઉપસ્થિત રહેતા હતા. બીજો ગુણ રીતિ, અલંકાર વગેરે તત્ત્વ પછી અર્થાત્ બધા વાક્ય દ્વારા મનને આલાદક આપતા ન હતા. પરંતુ આ બધા ધ્વનિના સંબંધમાં જ તેના ઉપકાર કરતા પોતાના અસ્તિત્ત્વને સાર્થક કરતા હતા. તે તેનાથી વધારે આ બધાનું મહત્ત્વ પણ પોતાના પ્રત્યક્ષ રૂપથી પ્રત્યક્ષ રૂપના કારણ નથી. કેમકે જ્યાં ધ્વન્યર્થ નથી હોતો. ત્યાં આ આત્માવિહીન પંચતત્ત્વો અથવા તો આભૂષણો વગેરેના સમાન જ નિરર્થક હોય છે. તેથી ધ્વનિકાર તેમને ધ્વન્યર્થરુપ અંગેના અંગ માન્ય છે. તેમનામાં ગુણોનો સંબંધ, ચિત્તની ધૃતિ, દીપ્તિ વગેરેથી છે. તેથી તે ધ્વન્યર્થની સાથે અંતરંગ રૂપથી સંબંધ છે. જેવા કે શૌર્ય વગેરે આત્માની સાથે. રીતિ અર્થાત પદસંઙ્ઘટનાનો સંબંધ શબ્દ-અર્થથી છે. એટલે આ કાવ્યના શરીરથી સંબંધ છે. પરંતુ તો પણ જે પ્રકારની સુંદર શરીર સંસ્થાન મનુષ્યના બાહ્ય વ્યક્તિત્ત્વની શોભા વધારે છે. વાસ્તવમાં તેની આત્મા આત્માનો જ ઉપકાર કરે છે. આ પ્રકારે રીતિ પણ અંતે કાવ્યની આત્માનો જ ઉપકાર કરે છે. અલંકારોનો સંબંધ પણ શબ્દ-અર્થથી છે. પરંતુ રીતિનો સંબંધ સ્થિર છે. અલંકારનો અસ્થિર અર્થાત્ આ આવશ્યક નથી કે બધા શબ્દ કાવ્ય શબ્દમાં અનુપ્રાસ કે કોઈપણ અન્ય શબ્દાલંકારનો અને બધા પ્રકારના કાવ્ય અર્થોમાં ઉપમા કે કોઈ બીજા અર્થાલંકારનો ચમત્કાર નિત્ય રૂપથી વર્તમાનમાં જ હોય. અલંકારોની સ્થિતિ આભૂષણો જેવી છે જે અનિત્ય રૂપથી શરીરની શોભા વધારતા એવા અંતે આત્માના સૌંદર્યમાં વૃદ્ધિ કરે છે. કેમકે શરીર સૌંદર્યની સ્થિતિ આત્મા વગર સંભવ નથી. શિવના માટે બધા આભૂષણ વ્યર્થ હોય છે. (અહીં એ*

*સ્પષ્ટ કરવું યોગ્ય રહેશે રહેશે કે ધ્વનિકારે અલંકારનો સંકોચિત અર્થમાં ગ્રહણ કર્યું છે. અલંકારના વ્યાપક રૂપમાં ગ્રહણ કરવા પર, એટલે કે તેના અંતર્ગત બધા પ્રકારોમાં ઊક્તી-ચમત્કારનું ગ્રહણ કરવા પર તેનું નામકરણ થયું જ નથી. ભલે તે લક્ષણોનો ચમત્કાર હોય અથવા તો વ્યંજનાનો. જેમ કે કુન્તકે વક્રોકત્તિના વિષયમાં કર્યું છે. ના તો તેનો શબ્દ અને અર્થમાં અસ્થિર ધર્મ સિદ્ધ કરવો એ સરળ છે અને અલંકાર અલંકાયમાં એટલો સ્પષ્ટ ભેદ કરી શકાય છે.)*

## 4.11 ધ્વનિ અને પાશ્ચાત્ય સાહિત્યશાસ્ત્ર

*સૌથી પહેલા મનોવિજ્ઞાનની દ્રષ્ટિથી ધ્વનિના આધાર અને સ્વરૂપ પર વિચાર કરીએ. મનોવિજ્ઞાન અનુસાર કવિતા એ સાધન છે, જેના દ્વારા કવિ પોતાની રોગાત્મક અનુભૂતિને સહૃદયના પ્રતિ સંવેધ કરે છે. સંવેધ બનાવવાનો અર્થ એ છે કે તેને એ પ્રકારે અભિવ્યક્ત કરે છે કે સહૃદય માત્ર તેનો અર્થ બોધ જ નથી કરતા, પરંતુ તેના હૃદયમાં સમાન રોગાત્મક અનુભૂતિનું સંચાર પણ કરે છે આ રીતિથી કવિ સહૃદયને પોતાના હૃદય રસનો બોધ ન કરાવીને સંવેદન કરાવે છે. તેનું તાત્પર્ય એ છે કે સહૃદયની દ્રષ્ટિથી રસ સંવેદ છે. બૌદ્ધવ્ય અર્થાત્ વાંચ્ય નહીં. આ સિદ્ધ થઈ જવા પછી, હવે પ્રશ્ન એ ઉભો થાય છે કે કવિ પોતાના હૃદયમાં રસને સહહૃદય માટે સંવેધ કયા પ્રકારે બનાવે છે? તેનો ઉત્તર છે કે- ભાષા દ્વારા. પરંતુ ભાષાનો સાધારણ પ્રયોગ ન કરીને વિશેષ પ્રયોગ કરવો પડે છે. અર્થાત્ શબ્દો ને સાધારણ 'વાચકરૂપ'માં પ્રયુક્ત ન કરીને વિશેષ 'ચિત્રરૂપ'માં પ્રયુક્ત કરવો પડે છે. ચિત્રરૂપથી તાત્પર્ય છે કે શ્રોતાના મનમાં ભાવનાનું જે ચિત્ર જગાડવામાં આવે તે ક્ષીણ અને ધ્રુમિલના ન થઈને પુષ્ટ અને ભાસ્વર હોય અને આ કાર્ય કવિની કલ્પનાશક્તિથી અપેક્ષા કરે છે. કેમકે કવિ કલ્પનાની સહાયતા વગર સહૃદયની કલ્પનામાં આ ચિત્રને સાકાર કેવી રીતે કરશે? તેના માટે કવિએ નિશ્ચય જ પોતાના શબ્દોને કલ્પનાગર્ભિત કરવું પડશે. બીજા શબ્દોમાં આપણે એમ કહી શકાય કે આ 'વિશેષ પ્રયોગ' ભાષાના કલ્પનાત્મક પ્રયોગ છે. પોતાની કલ્પનાશક્તિનું નિયોજન કરીને કવિ ભાષા શબ્દ ને એક એવી શક્તિ પ્રદાન કરી દે છે કે જેને સાંભળીને માત્ર અર્થબોધ જ નહીં, પરંતુ તેના મનમાં પણ એક અતિરિક્ત કલ્પના પણ જાગી જાય છે. જો પરિણતિની અવસ્થામાં પહોંચીને રસ સંવેદનમાં વિશિષ્ટતાથી સહાયક બને છે. શબ્દની આ અતિરિક્ત કલ્પના જગાવવાવાળી શક્તિને ધ્વનિકારે 'વ્યંજના' અને રસના આ સંવેધ રૂપને જે 'રસધ્વનિ' કહે છે. ધ્વનિ સ્થાપનાના દ્વારા વાસ્તવમાં ધ્વનિકારે કાવ્યમાં કલ્પના તત્ત્વના મહત્ત્વની પ્રતિષ્ઠા કરી છે.*

*પાશ્ચાત્ય સાહિત્યશાસ્ત્રમાં ધ્વનિના સીધા વિવેચન શોધવા તો અસંગત થશે કેમ કે પશ્ચિમની પોતાની પૃથક જીવન દષ્ટિ અને સંસ્કૃતિ અને તેના અનુસાર સાહિત્ય, કલા, દર્શન, વિજ્ઞાન વગેરેના પ્રતિ પોતાના પૃથક દષ્ટિકોણ પણ રહ્યો છે. પરંતુ માનવ જીવનની મૂળભૂત એકતા ના કારણે જે પ્રકારે જીવનના અન્ય મૌલિક તત્ત્વોમાં અનેક પ્રકારની પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ સમાનતાઓ મળે છે, તે પ્રકારે સાહિત્ય અને કળાના ક્ષેત્રમાં પણ મૂળ તત્ત્વ અત્યંત ભિન્ન નથી. જેમ કે ઉપરોક્ત વિવેચનથી સ્પષ્ટ થાય છે*

*કે, ધ્વનિ સિદ્ધાંત મૂળમાં કલ્પનાની મહત્ત્વ સ્વીકૃતિ છે અને કલ્પનાના પ્રભુત્ત્વ પશ્ચિમ કાવ્યશાસ્ત્રમાં આરંભથી જ થાય છે. પશ્ચિમના આચાર્ય પ્લેટો છે. તેમણે અપ્રત્યક્ષ વિધિથી કાવ્યમાં સત્યના આધારની પ્રતિષ્ઠા કરી. પરંતુ તે વિજ્ઞાનના સત્ય અને કાવ્યના સત્ય પર અંતર સ્પષ્ટ કરી શક્યા નથી. તેમણે બુદ્ધિના (દર્શનના) સત્ય અને કલ્પનાના સત્યને એક માનીને કાવ્યને માનતા એવા કાવ્ય અને કવિની સાથે ઘણો અન્યાય કર્યો. પ્લેટો એ એક કાવ્યને અનુકૃતિ માની, અને આ ભૌતિક પદાર્થો કે ઘટનાઓનું અનુકરણ કરે છે, અને ભૌતિક પદાર્થ અને ઘટનાઓ આધ્યાત્મિક પદાર્થો અને ઘટનાઓની પ્રકૃતિ માત્ર છે, અને કેમ કે વાસ્તવિક સત્ય આધ્યાત્મિક ઘટનાઓ છે. તેથી કવિની રચના સત્યની ભૌતિક પ્રતિકૃતિની પ્રતિકૃતિ છે અને તેનાથી પણ એ વિકૃતિ છે. ભારતીય કાવ્યશાસ્ત્રની શબ્દાવલીમાં તેમણે વાચ્યાર્થને કાવ્યમાં મુખ્ય માન્યું છે. વ્યઙગયાર્થની પ્રતીતિ તેઓ કરી શક્યા નથી, અને તેથી જ તે કાવ્યની આત્માને વ્યક્ત કરી શક્યા નહીં. દાર્શનિક ધરાતલ પર પ્લેટો એ ઉપરોક્ત સિદ્ધાંતોમાં વધારે કંઈ ભારતીય દર્શનોના અભિવ્યક્તિવાદ અને વ્યાકરણના સ્ફોટવાદનો આભાસ મળે છે. જેનાથી ભારતીય આચાર્યોને ધ્વનિ સિદ્ધાંતની પ્રેરણા મળે છે. આ એક વિચિત્ર સંયોગ છે કે જેની દાર્શનિક અનુભૂતિ હોવા પર પ્લેટો કાવ્યમાં રહસ્ય સમજવામાં અસમર્થ છે.*

*પ્લેટોની ત્રુટિકાનું સમાધાન અરસ્તૂ એ કર્યું. તેમને પણ પ્લેટોની જેમજ કાવ્યને અનુકૃતિ જ માન્યો. પરંતુ તેમણે અનુકૃતિનો અર્થ પ્રતિકૃતિ ન કરીને પુનઃ નિર્માણ અથવા પુનઃસર્જન કર્યું. પ્લેટોની ધારણા હતી કે કાવ્ય વસ્તુ કે વિષય ગત પ્રતિગતિ છે. પરંતુ અરસ્તૂ એ તેને વસ્તુનો કલ્પનાત્મક પુનઃ નિર્માણ અથવા પુનઃસર્જન માનવામાં આવ્યું. કવિ કથન કરતું નથી પરંતુ પ્રસ્તુત કરે છે અને શ્રોતા આ પાઠક તે અનુસાર વસ્તુના કે પ્રત્યક્ષ રૂપને ગ્રહણ ન કરતા, નહીં તો કવિ માનસ જાત સ્વરૂપને ગ્રહણ કરે છે. શુક્લજીના શબ્દોમાં આ કવિની ઉક્તિનો અર્થ ગ્રહણ નહીં કરતા બિંબ ગ્રહણ કરે છે. આ પ્રકારે અરસ્તૂને ધ્વનિ કે વ્યઙગ્ય આદિ શબ્દનો પ્રયોગ ન કરતી એવા કાવ્ય અર્થ ને વાક્ય ન માની વ્યંઙગય જ માન્યો છે. તેમની અનુકરણની વ્યાખ્યામાં 'વસ્તુના કલ્પનાત્મક પુનઃસર્જન' નો અર્થ વિભાવ, અનુભવ વગેરે દ્વારા (વસ્તુના ઉદ્બુદ્ધ) ભાવની વ્યંજના જ છે. આ પ્રકારે અરસ્તૂને સિદ્ધાંતમાં પ્રકાર તરફથી ધ્વનિની સ્વીકૃતિ અસન્દિગ્ધ છે.*

## 4.12 ધ્વનિ સંપ્રદાય

*ધ્વનિ સંપ્રદાયનું પ્રવર્તન વસ્તુતઃ આનંદવર્ધને કર્યું છે. તેથી વિનમ્રતાવશ તેમણે તેમના પૂર્વ આચાર્યોનો મત કહયો છે. ધ્વનિનો આધાર પ્રતીયમાન કે વ્યંઙગ્ય અર્થ છે. જે ગુણ, અલંકાર વગેરેથી ભિન્ન છે. આ ધ્વનિ કાવ્યનો આત્મા છે. પ્રતીયમાન અર્થ કાવ્યમાં સ્વીકૃત પરંપરાગત ઉપદાનોથી તે પ્રકારે ભિન્ન છે. જેમ કે કોઈ રમણી નું સૌંદર્ય તેના અવયવોથી ભિન્ન હોય છે. આ અર્થ ત્રૈવિધ્યના કારણે ધ્વનિ પણ ત્રિવિધ છે. - વસ્તુ ધ્વનિ, અલંકાર ધ્વનિ અને રસ ધ્વનિ. અન્ય તત્ત્વ ધ્વનિના ઉપકારક હોય છે.* ण्वनि *પ્રયોગ પાંચ અર્થોમાં થાય છે. વ્યંજક શબ્દ, વ્યંજક અર્થ, વ્યંઙગ્ય અર્થ,*

વ્યંજના-વ્યાપાર અને વ્યંડગય પ્રધાન કાવ્ય. આનંદવર્ધને વાચ્યાર્થ અને વાચક શબ્દના ગુણીભુત થઈ જવા પર પ્રતીયમાન અર્થની પ્રતીતિ કરાવવાવાળા કાવ્યને ધ્વનિ કહ્યું છે.

**यत्रार्थः शब्दो वा तमर्थमुपसर्जनीकृतस्वार्थौ।**

**व्यक्तः काव्यविशेषः स ध्वनिरिति सूरिभिः कथितः ॥**

આનંદવર્ધનની દ્રષ્ટિમાં બે જ કાવ્ય ભેદ છે. - ધ્વનિ (વ્યંડ્યાર્થ પ્રધાન) અને ગુણી ભુતવ્યંડ્ગ્ય (જેમાં વ્યંડ્યાર્થ રહે પરંતુ વાચ્યાર્થ વધારે નહીં) તેમની દ્રષ્ટિમાં ચિત્ર કાવ્ય એક કાવ્યના અનુકરણ માત્ર છે, તે મુખ્ય રૂપથી કાવ્ય હોતું નથી. મમ્મટે આ આનંદવર્ધનને અનુસરી કાવ્ય પ્રકારોનું વિવેચન કર્યું છે, પરંતુ સમન્વયવાદી પ્રવૃત્તિના કારણે તે ચિત્ર કાવ્યને કાવ્ય સંજ્ઞાથી વંચિત કરી શક્યા નથી. ટીકા ભલે કરી હોય. આનંદ વર્ધન (ઈ.સ. 850) થી લઈને મમ્મટ (ઈ.સ. 1050 થી 1100) સુધીના કાળમાં ધ્વનિના પક્ષ-વિપક્ષમાં શાસ્ત્રાર્થ થતાં રહ્યા. આનંદવર્ધને સ્વયં 8 પ્રકારના ધ્વનિ વિરોધીઓની સંભાવના પ્રગટ કરી છે. 1. ત્રણ પ્રકારના અભાવવાદી (ધ્વનિ તત્ત્વ ન હોય) 2. ભક્તિવાદી (ધ્વનિ લક્ષણાવૃત્તિથી ભિન્ન નથી) અને 3. અનિર્વચનીયતાવાદી (ધ્વનિ છે, પરંતુ તેને પ્રગટ કરી શકાતો નથી.) ધ્વન્યાલોકમાં પ્રથમ ઉધોતમાં આ બધા પક્ષોનું સ્પષ્ટ ખંડન કર્યું છે. જેના જેના અંતરાલમાં મહિમ્ભટ્ટે 'વ્યક્તિ વિવેક'ની રચના એટલા માટે કરી છે કે ધ્વનિના બધા ઉદાહરણોમાં અનુમાન વિષય સિદ્ધ કરી શકાય. ભટ્ટનાયકે 'હૃદયદર્પણ' માં વ્યંજનાનું ખંડન કરી, રસના આસ્વાદ કરીને 'ભાવકત્વ અને ભોજકત્વ' નામની શબ્દ વૃત્તિઓની કલ્પના કરી છે. ત્યાં કુન્તકે ધ્વનિને વક્રોક્તિ અને ભેદ વિશેષમાં રાખીને તેનું મહત્ત્વ ઓછું કર્યું છે. રુય્યક કૃત 'અલંકારસર્વસ્વ'ની ટીકામાં જયરથ ધ્વનિ-વિરોધી 12 મતોનો સંગ્રહ કર્યો છે. મમ્મટના 'કાવ્યપ્રકાશ'માં પાંચમાં ઉલ્લાસમાં તથા વિશ્વનાથના સાહિત્ય દર્પણના પાંચમા પરિછેદમાં વ્યંજનની સ્થાપનાના ક્રમમાં ધ્વનિ વિરોધીઓ એ પ્રબળ ખંડન કર્યું છે. તે અનુસાર ધ્વનિના સ્થાન અભિધા કે લક્ષણ વૃત્તિ લઈ શકતી નથી. હેત્વાભાસોની ઉપસ્થિતિને કારણે આ અનુમાન ના કરી શકાય.

ધ્વનિને કાવ્ય આત્મા માનવાથી ગુણ, અલંકાર, રીતિ વગેરે બધા ઉપાદાન કાવ્યમાં પોત પોતાના સમુચ્ચય સ્થાન લઈ શકે છે. વ્યાકરણના અંગો જેવા કે ઉપસર્ગ, નિપાત, પ્રકૃતિ, પ્રત્યય, સમાસ, વાક્ય વગેરેનો પણ સમાવેશ ધ્વનિના ક્ષેત્રમાં થાય છે. કેમકે તેના કારણે ધ્વનિ થાય છે. રસના વધુ વસ્તુ અને અલંકારમાં પણ ધ્વનિ રહે છે. તેથી કાવ્યના ક્ષેત્રમાં 'रसात्मकं काव्यम्' ની અપેક્ષા વધી જાય છે. માત્ર રસ જ નહીં, પરંતુ વસ્તુ અને અલંકારનો સૌંદર્ય પણ કાવ્યની સીમામાં આવી જાય છે. ધ્વનિ પ્રસ્થાનમાં રસને ઉત્કૃષ્ટ પદ પ્રાપ્ત છે, પરંતુ તેના અભાવમાં પણ કાવ્ય થઈ શકે છે, તેથી ઊક્ત સૌંદર્ય પ્રગટ થાય. આ પ્રકારે આ પ્રસ્થાન ગ્રાહ્યતાની દ્રષ્ટિમાં સર્વોત્તમ છે.

## 4.13 તમારી પ્રગતિ ચકાસો

**પ્રશ્ન-1. નીચેના પ્રશ્નો સવિસ્તાર નોંધ આપો.**

1. *ધ્વનિ સિદ્ધાંતનું અવધારણા અને સ્વરૂપ વિશે સવિસ્તાર નોંધ લખો.*

2. *ધ્વનિનો અર્થ અને પરિભાષા વિશે સવિસ્તાર નોંધ લખો.*

3. *ધ્વનિ અને પાશ્ચાત્ય સાહિત્યશાસ્ત્ર વિશે નોંધ લખો.*

4. *ધ્વનિ સંપ્રદાય પર નોંધ લખો.*

**પ્રશ્ન-2. ટૂંકનોંધ લખો.**

1. *ધ્વનિના પ્રકારો વિશે નોંધ લખો.*
2. *ધ્વનિ, કાવ્યની આત્માના રૂપમાં*
3. *ત્રિવિધ શબ્દશક્તિઓ વિશે નોંધ લખો.*
4. *કાવ્યના પ્રકારો વિશે નોંધ લખો.*

**પ્રશ્ન-3. એક બે વાક્યમાં પ્રશ્નના જવાબ આપો.**

1. *ધ્વનિ શબ્દનો અર્થ સમજાવો.*

2. ધ્વનિના પ્રકારો કેટલા છે? કયા-કયા?

3. આચાર્ય વિશ્વનાથ પ્રમાણે ધ્વનિની વ્યાખ્યા આપો.

4. અભિધા એટલે શું?

5. વ્યંજનાના પ્રકારો જણાવો.

6. ઉત્તમ કાવ્યની વ્યાખ્યા આપો.

પ્રશ્ન-4. સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

1. ગુણીભૂત વ્યંગ્ય કાવ્ય બીજા કયા નામથી ઓળખાય છે?

(A) મધ્યમ કાવ્ય (B) ઉત્તમ કાવ્ય (C) ધ્વનિ કાવ્ય (D) અધમ કાવ્ય

2. ધ્વનિ સંપ્રદાયના પ્રવર્તકનું નામ જણાવો.

(A) આનંદવર્ધન (B) વિશ્વનાથ (C) ભરતમુનિ (D) કુન્તક

3. અભિધાના કેટલા પ્રકાર છે?

(A) ત્રણ (B) ચાર (C) બે (D) પાંચ

4. અભિનવગુપ્તે 'ધ્વન્યાલોક' પર કઈ ટીકા લખી છે?

(A) લોચન (B) દ્રષ્ટિ (C) વ્યંજન (D) ધ્વનિ વિવેચન

5. લક્ષણામૂલા ધ્વનિના કેટલા પ્રકાર છે?

(A) બે (B) ત્રણ (C) એક (D) પાંચ

6. અસંલક્ષ્યક્રમ વ્યંગ્ય ધ્વનિના કેટલા પ્રકાર છે?

(A) ચાર (B) છ (C) પાંચ (D) આઠ

7. જ્યાં વ્યંગ્યાર્થ હોતો નથી. તે કયું કાવ્ય છે?

(A) મધ્યમ કાવ્ય (B) ઉત્તમ કાવ્ય

(C) અધમ કાવ્ય (D) ધ્વનિ કાવ્ય

8. આનંદવર્ધનની દ્રષ્ટિમાં કાવ્યના ભેદ કેટલા છે?

(A) એક (B) ચાર (C) ત્રણ (D) બે

**લેખક : ડૉ. ઈશિતા જે. ઠક્કર, આસીસ્ટન્ટ પ્રોફેસર,**
**બી.ડી.એસ. આર્ટસ એન્ડ સાયન્સ કોમર્સ કોલેજ, પાટણ.**

# એકમ : 5 : વક્રોક્તિ સંપ્રદાય

## રૂપરેખા


**5.0 ઉદ્દેશ**

**5.1 પ્રસ્તાવના**

**5.2 વક્રોક્તિ શબ્દનો અર્થ**

**5.3 વક્રોક્તિ એટલે શું?**

**5.4 વક્રોક્તિ પર અન્ય આચાર્યના મત**

**5.5 આચાર્ય કુન્તક દ્વારા વક્રોક્તિ વિવેચન**

**5.6 વક્રોક્તિના પ્રકારો**

**5.7 વક્રોક્તિ સિદ્ધાંત અને અભિવ્યંજનાવાદ**

**5.8 વક્રોક્તિ સિદ્ધાંતનું મહત્ત્વ**

**5.9 રસ અને વક્રોક્તિ**

**5.10 અલંકાર અને વક્રોક્તિ**

**5.11 ધ્વનિ અને વક્રોક્તિ**

**5.12 તમારી પ્રગતિ ચકાસો**


## 5.0 ઉદ્દેશ

*આ એકમનો અભ્યાસ કર્યા બાદ આપ*

- *વક્રોક્તિ વિષયમાં તમને પરિચય મળશે.*
- *વક્રોક્તિ સંપ્રદાયના વિષયમાં તમને પરિચય મળશે.*
- *વક્રોક્તિ શબ્દનો અર્થ વિશે જાણકારી પ્રાપ્ત થશે.*
- *વક્રોક્તિના પ્રકારોની જાણકારી મળશે.*
- *વક્રોક્તિ એટલે શું? - વિશેની જાણકારી મળશે.*
- *વક્રોક્તિ સિદ્ધાંતનું મહત્ત્વ વિશેની જાણકારી મળશે.*

## 5.1 પ્રસ્તાવના

*વક્રોક્તિ સંપ્રદાયના પ્રવર્તકનો શ્રેય આચાર્ય કુન્તકને જાય છે. તેમને પોતાના ગ્રંથ 'વક્રોક્તિ જીવીત'માં વક્રોક્તિને કાવ્યનું અનિવાર્ય તત્ત્વ સ્વીકાર કરતા તેમને કાવ્યની*

આત્મા માની છે. કાવ્યશાસ્ત્રમાં વક્રોક્તિ શબ્દનો પ્રયોગ કુન્તકથી પહેલાં પણ ઉપલબ્ધ થાય છે. પણ તેનો એ અર્થ મળતો નથી. જે અર્થમાં કુન્તકે તેનો પ્રયોગ કર્યો છે.

## 5.2 વક્રોક્તિ શબ્દનો અર્થ

વક્રોક્તિ શબ્દ, બે શબ્દોથી ભેગા થઈને બને છે. — वक्र + उक्ति। વક્રનો અર્થ છે - કુટીલ કે વિલક્ષણ અને ઊક્તિનો અર્થ છે - કથન. તેથી વક્રોક્તિથી અભિપ્રાય થાય છે કે વિલક્ષણથી ભરેલું કથન.

કોઈપણ વાતને સામાન્ય ઢંગથી વ્યક્ત કરવામાં સરળતા આવતી નથી. તેથી તેને ચમત્કારિક ઢંગથી કે વિલક્ષણાથી કહેવું એ વક્રોક્તિ છે. ભાવોની અભિવ્યક્તિના માટે કવિ સામાન્ય મનુષ્યો દ્વારા સ્વીકારેલ માર્ગોથી ભિન્ન વિલક્ષણા કે વક્રતાનો આશ્રય લે છે. કથનની આ વિલક્ષણ ગરીમાને વક્રોક્તિ કહે છે.

## 5.3 વક્રોક્તિ એટલે શું?

ભામહે અ-વક્રોક્તિનું ઉદાહરણ આપી વક્રોક્તિને સમજાવવાનો પ્રયાસ કર્યો છેઃ

**गतोऽस्तमर्को भातीन्दुः यान्ति वासाय पक्षिणः ।**

**इत्येवमादि कि काव्यं वार्तामनां प्रचक्षते ॥**

" 'સૂર્ય આથમી ગયો છે, ચંદ્રનો ઉદય થયો છે અને પક્ષીઓ માળા તરફ પાછાં ફરી રહ્યાં છે.' એમ કહેવામાં કાવ્ય જેવું શું છે ? તે તો સમાચાર માત્ર છે" એમ વક્રોક્તિવાદીઓ કહે છે. જો કે જગન્નાથ તો સ્વૈરવિહારિણી અભિસારિકાના સંદર્ભમાં, આ શ્લોકમાં પણ કાવ્યત્ત્વ જુએ છે.

કુન્તક વક્રોક્તિની વ્યાખ્યા આપતાં પહેલાં, 'કાવ્ય'ની વ્યાખ્યા આપી કાવ્યના કાવ્યજ્ઞને આહ્લાદ આપનાર ગુણ પર ભાર મૂકી, તે વ્યાપાર વક્રકવિનો છે એમ કહી, કાવ્યમાં અભિપ્રેત એવી ઉક્તિની વક્રતાની ભૂમિકા, અનેક દૃષ્ટાંતો સાથે બાંધી આપે છે.

**शब्दार्थौ सहितौ वक्र कविव्यापारशालिनि ।**

**बन्धे व्यवस्थितौ काव्यं तद्विदाह्लादकारिणि ॥**

'વક્રકવિવ્યાપારવાળા કાવ્યમર્મજ્ઞોને આનન્દ આપનારા બધમાં સુયોજિત શબ્દાર્થ તે કાવ્ય.' આ વ્યાખ્યામાં બીજ રૂપે તો शब्दार्थौ सहितौ काव्यम् એવી ભામહની જ વ્યાખ્યા છે. સંસ્કૃત આલંકારિકોએ શબ્દપ્રધાનતાને વેદ સાથે અને અર્થપ્રધાનતાને શાસ્ત્રપુરાણ સાથે સરખાવી, કાવ્યને હંમેશાં તેનાથી ભિન્ન ગણી તેમાં શબ્દાર્થનું સમકક્ષ સહિતત્ત્વ સ્વીકાર્યું છે. કાલિદાસ તેના પ્રસિદ્ધ મંગલ શ્લોકમાં વાગર્થની પ્રતિપત્તિ માટે, વાગર્થ જેવાં સંપૃક્ત પાર્વતીગપરમેશ્વરને પ્રાર્થતાં પણ, વાગર્થ વિશે અભિપ્રેત સંયુક્તતાનો નિર્દેશ કરે છે. અહીં આકૃતિ અને અંતસ્તત્ત્વની એક સરખી પ્રધાનતા અને પરસ્પરની સાયુજ્યતા ધ્વનિત છે. એ શ્લોક વાંચતાં જ અર્ધનારીનટેશ્વરની પ્રતિમા ઊપસી આવે છે અને તે સાથે જ, Idea and form are

two realities in one એવું બોદલેરે આપેલું કાવ્યલક્ષણ ચરિતાર્થ થતું જણાય છે. કાલિદાસ અને બોદલેરનાં નિરૂપણોમાં શબ્દ અને અર્થનું પરસ્પર સાયુજયધર્મી અભિન્નત્વ અનિવાર્ય રીતે સૂચવાતું નથી. તેમાં પરસ્પર વિગલન નથી. જો તેમ હોય તો આ શબ્દ અને આ અર્થ એવી ઓળખાણ જ ન આપી શકાય. કાવ્યમાં બન્નેની અલગ અને અભિન્ન એમ બન્ને પ્રકારની ચમત્કૃતિ અપેક્ષવામાં આવી છે. તેથી અવિગલનપૂર્વકનું સાયુજ્ય જ કવિ અને કાવ્યજ્ઞ બંનેને ઈષ્ટ છે. સંસ્કૃત આલંકારિકો જ્યારે શબ્દ અને અર્થથી કાવ્યશરીર બને એમ કહે છે ત્યારે, Form is the flesh itself of the idea, as the idea is the soul of life.... એવા ફ્લોબેરના મત કરતાં જુદું પ્રસ્થાપિત કરતા નથી. અભિનવે જેનો ઉલ્લેખ કર્યો છે. તે 'શબ્દાર્થની ઉત્કૃષ્ટ સંઘટના' દ્વારા બનેલા કાવ્યશરીરનું પ્રાણભૂત તત્ત્વ તો રસાદિ છે. ત્યાં આ રસાદિ પણ અંતસ્તત્ત્વ અને અંતસ્તત્ત્વની અભિવ્યક્તિ માટેના શિલ્પ રૂપ જ છે. કુન્તકની વ્યાખ્યામાં પણ શબ્દ અને અર્થ ઉત્કૃષ્ટ સંઘટનાના ઘટકો છે. તે કાલિદાસની સંયુક્તતાને સ્થાને સંગતિને ઉપયુક્ત ગણે છે. ત્યાં તે બોદલેરની સમજણનું પૂર્વવિધાન કરે છે. તે શબ્દ અને અર્થને, પોતાની વ્યક્તિતતા જાળવીને, બે મિત્રોની જેમ, - सुहृदौ इव सङ्गतौ - પરસ્પર શોભા માટે સુસંગતતાથી કાર્ય કરતા દર્શાવે છે. તેમાં કેવળ સહઅસ્તિત્ત્વ નથી, સહિતત્ત્વ છે. તે બન્ને મળીને 'સાહિત્ય' સંજ્ઞાની ઉપયુક્તતા સિદ્ધ કરે છે. આ પ્રકારના સુહૃદતાપૂર્ણ સહિતત્ત્વનું નિરૂપણ કરતાં, કુન્તક તે બંનેની એક બન્ધમાં વ્યવસ્થિતિ ઉપર ભાર એટલા માટે મૂકે છે કે બેમાંથી એકના વિચ્છેદ, ગૌણતા કે અતિશયતાથી કાવ્ય બનતું નથી એમ તે દર્શાવવા માગે છે. તેના મત પ્રમાણે આ 'બન્ધ' 'વક્રકવિવ્યાપારશાલી' અને 'તદ્વિદઆહ્લાદકારી' એવાં બે લક્ષણો ધરાવતો હોવો જોઈએ. આ બંને લક્ષણો શબ્દાર્થના પરસ્પર અવિનાભાવનાં પણ દ્યોતકો છે. કવિકૌશલથી સૌન્દાર્યાતિશયપુર્ણ એવો એકલો શબ્દ તે કાવ્ય નથી. તેમ રચનાવૈચિત્ર્યના ચમત્કારવાળો અર્થ પણ એકલો કાવ્ય નથી. કેવળ શબ્દમાં કે કેવળ અર્થમાં કાવ્યમર્મજ્ઞોને આનંદ આપનારું તત્ત્વ નથી.

વર્ણાનુપ્રાસની અતિશયતાવાળા પરંતુ અર્થચમત્કૃતિ વિનાના એક શ્લોકનું ઉદાહરણ આપી કુન્તક તેને પ્રતિભાના દારિદ્ર અને દૈન્યના પરિણામ રૂપ ગણાવે છેઃ

**भण तुणि रमणमन्दिरमानन्दस्यन्दिसुन्दरेन्दुमुखि**

**यदि सलीलोल्लापिनि गच्छसि तत्कि त्वदीयं मे ॥**

**अणणुरणन्मणिमे खलम्मविरतशिग्ज्ञानमञ्जुमञ्जीरम्**

**परिसरणमरुणचरणे रणरणकमकारणं कुरुते ॥**

ચન્દ્રના જેવા આનન્દસ્યન્દી સુન્દર મુખવાળી, મનોહર ચેષ્ટાઓ સહિત સંલાપ કરનારી, લાલાશપૂર્ણ ચરણવાળી, હે યૌવના ! પ્રગટપણે મણિમેખલાને રણઝણાવતી અને નિરંતર નૂપુરનો સિંજારવ કરતી તું (તારા) પ્રિયતમને મહાલયે જાય છે ત્યારે તારું તે ગમન મને અકારણ ઝુરાવનારું કેમ બને છે ?

*નાયિકાના ગુપ્ત પ્રેમીનું આ કથન 'વર્ણસાવર્ણરમ્યતા'માં એવું તો ઢંકાઈ ગયું છે કે તેની ધ્વનિચમત્કૃતિ વ્યર્થ બની જાય છે.*

*કુન્તક શોભાતિશય વિનાના વસ્તુમાત્રને પણ કાવ્ય તરીકે સ્વીકારતો નથી. કેવળ અભ્યાસવંશાત્ પ્રતિભાબળે કલ્પના કરી શુષ્ક તર્ક રૂપ વાચ્ય અથવા ભાવાભાસી વાચ્યને કવિ શબ્દનિબદ્ધ કરે તેથી કંઈ તેને કાવ્યની પ્રતિષ્ઠા મળતી નથી. ઉદા.*

**प्रकाशस्वाभाव्यं विदधति न भावास्तमसि यत्**

**तथा नैते ते स्युर्यदि किल तथा तत्र न कथम् ।**

**गुणाध्यासाभ्यासव्यसनदृढदीक्षागुरुगणो**

**रविव्यापारोऽयं किमथ सदृशं तस्य महसः ॥**

**(***ઘટપટ આદિ) પદાર્થો પ્રકાશ રૂપ હોતા નથી. કારણ કે તે અંધકારમાં દેખાતા નથી. જો તે તેવા (પ્રકાશસ્વરૂપ) હોય તો ત્યાં (અંધકારમાં) તેવા કેમ નથી ? પદાર્થોમાં (ભૂરા, પીળા આદિ) ગુણોની મિથ્યા પ્રતીતિ કરવાના અભ્યાસ અને વ્યસનની દૃઢ દીક્ષાનું કારણ તો આ પ્રબળ ગુણવાળો સૂર્યનો વ્યાપાર છે. તેના તેજ સમાન બીજું શું છે ?*

*આ શ્લોકમાં કવિએ સૂર્યનો તેજવ્યાપાર કેટલો પ્રબળ છે તેનો મહિમા કરતાં, તેના પ્રકાશક ગુણનું વર્ણન કરતાં, તર્કનો આશ્રય લીધો છે. શોભાતિશય વિનાના કેવળ શુષ્ક તર્કથી કાવ્યત્ત્વ નિષ્પન્ન થઈ શક્યું નથી.*

*કુન્તક તો અલંકારશૂન્ય વાચ્યવસ્તુ સહૃદયના હૃદયને આનંદ કેમ આપે એવો પ્રશ્ન કરે છે.* न कान्तम् अपि निर्भूषं विभाति वनितामुखम् **-** *'અલંકાર વિનાની સ્ત્રીનું પ્રિયકર મુખ પણ શોભતું નથી' એવા ભામહના વિધાન સાથે તે પણ સંમત થાય છે. દુષ્યંતના જેવી ઉપલબ્ધિ આ મીમાંસકોને થઈ નહિ હોય તેથી* किमिव हि मधुराणाम् मण्डनं नाऽकृतिनाम् *એ કાલિદાસને સમજાવ્યો હતો તે મર્મ તેમને નથી સમજાયો !*

*પરસ્પર શોભાપ્રદ શબ્દાર્થનું સૌહાર્દ નીચેના શ્લોકમાં ચરિતાર્થ થતું કુન્તક દર્શાવે છે :*

**ततोऽरुणपरिस्पन्दमन्दीकृतवपुः शशी ।**

**देने कामपरिक्षामकामिनीगण्डपाण्डुताम् ॥**

*ત્યાર બાદ અરુણોદય થતાં કાન્તિરહિત થયેલો ચન્દ્ર રતિક્રીડા પછી દુર્બલ કામિનીના કપોલની જેમ ફિક્કો પડી ગયો.*

*આ ઉદાહરણમાં* स्पन्द, मन्द, पाण्डु *જેવા શબ્દોથી સધાતી શબ્દાલંકારની દ્યોતક વર્ણવિન્યાસવક્રતા છે, તેમ ચન્દ્ર અને કામિનીના કપોલ વચ્ચે ફિક્કાપણાનું સામ્ય અર્થાલંકારની વિચ્છિત્તિ - શોભા નિષ્પન્ન કરે છે. એ રીતે કુન્તક* शब्दाभिधेयालङ्कारभेदादिष्टम् द्वयन्तु नः*– 'અમને શબ્દાલંકાર અને અર્થાલંકાર એવા*

*બન્ને ભેદો ઈષ્ટ છે' એવા ભામહના મતને સમર્થી, તે બન્નેની સંગતિ બે સુહૃદોના જેવી હોવી જોઈએ એવી વિશેષ સ્પષ્ટતા કરતાં કહે છે :*

**समसर्वगुणौ सन्तौ सुहृदाविव सङ्गतौ ।**

**परस्परस्य शोभायै शब्दार्थौ भवतो यथा ॥**

*શબ્દાર્થમાંથી એકાદની પણ ન્યૂનતા હોય છતાં* कदाचिदेकस्य मनाङ्मात्रन्यूनतायाम् – *કાવ્યવ્યવહાર થઈ શકે એવો કેટલાકનો મત તેને માન્ય ન હતો. તેથી તેણે શબ્દાર્થની સર્વગુણસંપન્નતા અને બે સુહૃદોના જેવી સંગતિમાંથી નિષ્પન્ન સહિતત્ત્વ ને જ કાવ્યની શોભાતિશયતા – ચમત્કૃતિ માટે અનિવાર્ય ગણાવ્યું છે.*

## 5.4 વક્રોક્તિ પર અન્ય આચાર્યના મત

*કુન્તક પહેલાં 'વક્રોક્તિ' સંજ્ઞાનો અને તેમાં રહેલા કાવ્યચમત્કૃતિના અર્થનો સ્વીકાર તો તેના પુરોગામીઓએ કર્યો જ હતો. 'રાઘવપાંડવીય'નો કર્તા કવિરાજ 'વક્રોક્તિમાર્ગનિપુણો' તરીકે બાણ, સુબન્ધુ અને પોતે એમ ત્રણને જ ઓળખાવી આ સંજ્ઞાની પરિચિતતા દર્શાવે છે. તે જ રીતે બાણ પણ રીતિવિશેષના સંદર્ભમાં 'વક્રોક્તિનૈપુણ્ય'નો ઉલ્લેખ કરે છે. ભામહ, દંડી અને વામન જેવા આલંકારિકો વક્રોક્તિને શબ્દાલંકારથી ભિન્ન ગણે છે. તો રુદ્રટ અને કુન્તકનો અનુગામી મમ્મટ તેને કાકુ અને અર્થશ્લેષમૂલક શબ્દાલંકાર જ ગણે છે. વિદ્યાધર તેને અભિપ્રેત અર્થના અપહ્નવ, ગોપન તરીકે તેને ઓળખાવે છે. તો રુય્યક તેને ગૂઢાર્થપ્રતીતિ કહે છે. કાવ્યશાસ્ત્રમાં વક્રોક્તિનો પ્રયોગ પ્રારંભથી જ થાય છે. ભામહ દંડી વગેરે અલંકારવાદી આચાર્યોએ વક્રોક્તિનું નિરૂપણ કરવાનો પ્રયાસ કર્યો છે.*

**આચાર્ય ભામહ**

*સાહિત્યમીમાંસામાં વક્રોક્તિનો પ્રથમ નિર્દેશ ભામહના* वक्राभिधेयशब्दोक्तिः इष्टा वाचाम् अलङ्कृतिः *એ વચનમાં મળે છે. ત્યાં વક્રોક્તિને ઈષ્ટ વાણી અને ઈષ્ટ અર્થની અલંકૃતિ તરીકે ઓળખવામાં આવી છે. તે વક્રોક્તિને 'અતિશયોક્તિ' સાથે જોડે છે અને ત્યાં 'અતિશયોક્તિ'નો અર્થ કેવળ અલંકાર પૂરતો મર્યાદિત નથી.*

*આચાર્ય ભામહ વક્રોક્તિને અતિશયોક્તિના પર્યાયવાચી સ્વીકાર કરે છે. તેમને બધા અલંકારોના મૂળમાં વક્રોક્તિનો સ્વીકાર કર્યો છે.*

**सैषा सर्वत्र वक्रोक्तिरनयार्थो विभाव्यते ।**

**यत्नोऽस्यां कविना कायः कोऽलङ्कारोऽनया विना ॥**

*આ પ્રકારે ભામહએ વક્રોક્તિને વ્યાપક અર્થમાં ગ્રહણ કર્યો અને બધા અલંકારોના મૂળમાં આ વક્રોક્તિનો સ્વીકાર કર્યો. વક્રોક્તિની પરિભાષા તેમને નીચેના શબ્દોમાં આપી છે.*

'लोकातिक्रान्तगोचरं वचनम्'

*અર્થાત્ 'લોકની સાધારણ કથન પ્રણાલીથી ભિન્ન ઉક્તિ જ વક્રોક્તિ છે. અને તે કુન્તકની વિચારણાનું પ્રધાન લક્ષણ બને છે.* सा एषा सर्वत्र वक्रोक्तिः *કહીને ભામહ અતિશયોક્તિને વક્રોક્તિની પરિધિમાં મૂકી આપે છે.* अनया अर्थः विभाव्यते *કહી, અર્થબોધમાં અતિશયોક્તિમુલક વક્રોક્તિનો મહિમા ભામહ અને અભિનવગુપ્તે સ્વીકાર્યો છે. આમ છતાં, ભામહ વક્રોક્તિને એક અલંકારની પરિધિમાં બાંધી લેતો નથી.* कः अलंकारः अनया विना- *કયો અલંકાર વક્રોક્તિ વિનાનો છે, એવો પ્રશ્ન કરી, તેના ક્ષેત્રને સ્ફુટ તેમજ અસ્ફુટ અલંકારો સુધી વિસ્તારી, વક્રોક્તિનો જેમાં અભાવ છે તેવા હેતુ, સૂક્ષ્મ અને લેશને અલંકાર પણ ગણવાનો નકાર ભણી, તે વક્રોક્તિની અલંકાર માટેની જીવાતુભૂતતા નિર્દેશે છે. ભામહ અલંકારવાદી આચાર્ય હતા અને અલંકારને કાવ્યનું મૂળ તત્ત્વ સ્વીકાર કરતા હતા. તથા તેમને અલંકારોમાં વક્રોક્તિની અનિવાર્યતાને માની છે. તેમના મત હતો કે વક્રોક્તિ વગર વાક્ય કાવ્ય ન રહીને માત્ર વાર્તાના રૂપમાં જ રહી જાય છે.*

**આચાર્ય દંડી**

*ભામહ પછી વક્રોક્તિની મહત્ત્વપૂર્ણ વિચારણા દંડીએ કરી છે. આચાર્ય દંડીએ કાવ્યને બે ભાગમાં વિભક્ત કર્યું છે. 1. સ્વભાવોક્તિ અને 2. વક્રોક્તિ. તે રીતે તેણે કુન્તક માટે સ્વભાવોક્તિને અલંકાર તરીકે નિષેધવાની ભૂમિકા તૈયાર કરી આપી છે. ભામહ વસ્તુના યથાતથ નિરૂપણને, સ્વભાવકથનને વક્રોક્તિક્ષમ ગણે છે, તો દંડી તેમ માનતો નથી. સ્વભાવોક્તિને અલંકાર ન ગણવાનું વિચારબીજ કુન્તકને દંડીમાંથી સાંપડયું છે.*

*વક્રોક્તિને તે અર્થાલંકારોનો સામૂહિક રુપ માને છે અને શ્લેષ આ વક્રોક્તિના સૌંદર્યમાં વૃદ્ધિ કરે છે. આગળ જઈને વક્રોક્તિની સીમા સંકોચિત થતી ગઈ અને આચાર્ય વામને વક્રોક્તિને એકબીજાના રૂપમાં સ્વીકાર કર્યો. તેમને વક્રોક્તિને અર્થાલંકારોમાંથી એક વિશેષ અલંકાર માન્યો છે અને તેની પરિભાષા નીચે આપી છે.*

'सादृश्यात् लक्षणा वक्रोक्तिः।'

*અર્થાત્ કે સાદશ્ય પર આશ્રિત લક્ષણા (ગૌણી લક્ષણા) જ વક્રોક્તિ છે. આ વામનના મતને પૂર્વવર્તી આચાર્યએ સ્વીકાર કર્યો નથી. અલંકારવાદી આચાર્યોએ તેને એક અલંકાર વિશેષ જ માન્યો છે અને આ પ્રકારે આ સંકોચિત અર્થ જ પ્રદાન કર્યો છે.*

**આચાર્ય વામન**

*આચાર્ય વામન વક્રોક્તિને અર્થાલંકાર કહી તેને,* 'सादृश्यात् लक्षणा वक्रोक्तिः।'- *સાદશ્યનિબંધના લક્ષણા (ગૌણી) તરીકે ઓળખાવે છે. પરંતુ સાદશ્યેતરનિબંધના (શુદ્ધા) લક્ષણાના પ્રકારોને વક્રોક્તિ ન ગણવામાં કયો તર્ક છે તે તેણે સ્પષ્ટ કર્યું નથી. વાસ્તવમાં વામનની* विशिष्टा पदरचना रीतिः *એ વ્યાખ્યામાં 'લોકાતિક્રાન્તગૌચરતા', 'લોકસીમાતિવર્તિતા'નું લક્ષણ અવશ્ય છે. કુન્તકની વક્રોક્તિની વ્યાખ્યામાં –*

विदग्धवाद्भङ्गीभणिति -*વામનનાં રીતિવાદી લક્ષણોનો નિષેધ નથી, ઊલટું તેની પ્રતિસ્થાપનાને આત્મસાત્ કરી, તેણે કાવ્યના શબ્દાર્થના સહિતત્ત્વ નો રીતિવાદ સાથે વધુ વિશદતાથી સમન્વય કરી બતાવ્યો છે. એમ તેની માર્ગવિચારણામાં જોઈ શકાય છે. પરંતુ વામને તો વક્રોક્તિનું ક્ષેત્ર ઔપમ્યમૂલક અલંકારો પૂરતું મર્યાદિત કર્યું છે.*

*આચાર્ય રુદ્રટ*

*આચાર્ય રુદ્રટે વક્રોક્તિને એક અલંકાર માનીને તેના બે પ્રકાર આપ્યા છે.* 1. *કાકુ વક્રોક્તિ અને* 2. *શ્લેષ વક્રોક્તિ.*

**આચાર્ય આનંદવર્ધન**

*આનંદવર્ધન વક્રોક્તિને અતિશયોક્તિના પર્યાય તરીકે સ્વીકારી, બધા અલંકારોને અતિશયોક્તિગર્ભ ગણી, ભામહની વક્રોક્તિવિચારણાનું પ્રતિસ્થાપન કરે છે. આનંદવર્ધને અતિશયોક્તિગર્ભ વક્રોક્તિને કવિપ્રતિભાજન્ય ગણી, તેની ચારુતાને કેવળ આહાર્ય માની નથી. કુન્તક પણ લોકાતિકાન્તગોચરતામાં કવિપ્રતિભાને અને રીતિભેદમાં કવિસ્વભાવને નિર્ણાયક ગણે છે. અહીં કુન્તક અને આનન્દવર્ધનનું વિચારસામ્ય નોંધપાત્ર છે. ભામહથી આનન્દવર્ધન અને અભિનવગુપ્ત સુધી ઊતરી આવેલી આ પારંપરિક છતાં પાંખી વિચારણાને પદપ્રત્યયથી માંડી પ્રબન્ધ સુધી વિસ્તારી, કુન્તકે કાવ્યના જીવાતુભૂત તત્ત્વ તરીકે વક્રોક્તિને પ્રતિષ્ઠા આપવાનો અભિગ્રહ દર્શાવ્યો છે.*

**આચાર્ય અભિનવગુપ્ત**

*અભિનવગુપ્ત આનન્દવર્ધનના જ વક્રોક્તિનિરૂપણને આલોચી, શબ્દ અને અર્થની વક્રતાને લોકોત્તર રૂપના અવસ્થાન સ્વરૂપે દર્શાવે છે. લોકોત્તરતા એટલે અતિશયતા* – लोकोत्तरेण च एव अतिशय:*એવું સમીકરણ આપી તે આનન્દવર્ધનના મતને વિશદ બનાવે છે.*

**આચાર્ય ભોજરાજ**

*આચાર્ય ભોજરાજના મતે વક્ર વચન જ કાવ્ય છે. તેમણે સમસ્ત વાંઙમયને ત્રણ ભાગોમાં વિભાજિત કર્યું છે. (અ) વક્રોક્તિ, (બ) સ્વભાવોકિત અને (ક) રસોક્તિ.*

*ધ્વનિવાદી આચાર્ય આનંદવર્ધન અને અભિનવગુપ્તે વક્રોક્તિને પુનઃ મહત્ત્વ પ્રદાન કર્યું છે અને તેથી સમગ્ર અલંકારોના મૂળ તત્ત્વ તરીકે સ્વીકાર કરે છે. અભિનવગુપ્ત અને ભોજ બન્ને કુન્તકના લગભગ સમકાલીન હતા. ભોજ ભામહ, દંડી અને વામનના મત પર પોતાની ચર્ચાની માંડણી કરે છે અને દંડીના સ્વભાવોક્તિ અને વક્રોક્તિ એવા વાઙમયભેદમાં રસોક્તિ નામનો નવો પ્રકાર દર્શાવી, અલંકારપ્રધાનતાને વક્રોક્તિ, ગુણપ્રધાનતાને સ્વભાવોક્તિ અને રસપ્રધાનતાને રસોક્તિ તરીકે પ્રભેદાવે છે. તે રીતે તે આનન્દવર્ધનના રસધ્વનિ કાવ્યને અને અભિનવે ચર્ચેલા રસવિચારને પોતાની વિચારણામાં સમન્વિત કરી લે છે. વામન કેવળ ઔપમ્યમૂલક અલંકારોને વક્રોક્તિ ગણે છે તો ભોજ બધા જ પ્રકારના*

*અલંકારોને વક્રોક્તિમૂલક ગણે છે. સંક્ષિપ્તમાં કુન્તકથી પહેલા વક્રોક્તિનું આ જ સ્વરૂપ હતું.*

## 5.5 આચાર્ય કુન્તક દ્વારા વક્રોક્તિ વિવેચન

*આચાર્ય કુન્તક પોતાના ગ્રંથ 'વક્રોક્તિ જીવીત'માં વક્રોક્તિના સ્વરૂપ અને મહત્ત્વ વિશેની વ્યાખ્યા આપી છે. અને તેને કાવ્યનો પ્રાણ તત્ત્વ સ્વીકાર કરતા તેમને લખ્યું છે કે-*

'वक्रोक्तिः काव्य जीवितम्'

*અર્થાત્ કે વક્રોક્તિ કાવ્યની આત્મા છે. વક્રોક્તિની પરિભાષા કરતાં તેમને કહ્યું છે કે-*

'वक्रोक्तिरेव वैदग्ध्यभंगी भणितिरुच्यते।'

*અર્થાત્ કે વૈદગ્ધ્ય પૂર્ણ વિચિત્ર ઉક્તિ જ વક્રોક્તિ છે. વૈદગ્ધ્યનો અર્થ થાય છે. – વિલક્ષણતા. ભંગીનો તાત્પર્ય છે - ભંગીમાં અને ભણિતીનો અર્થ થાય છે – કથન. આ પ્રકારે વક્રોક્તિ અર્થ થયો કે કથન જે વિલક્ષણાથી યુક્ત છે. કુન્તકે વક્રોક્તિને માટે કાવ્યની ત્રણ વાતોની આવશ્યકતા માની છે. – 1. કવિ કૌશલ 2. ચમત્કાર 3. ઉક્તિ.*

*આચાર્ય કુન્તકે વિશિષ્ટ ઉદ્દેશ્યની દ્રષ્ટિથી તેમને પોતાના ગ્રંથની રચના કરી છે. તે ઉદ્દેશ્ય છે-*

**लोकोत्तरचमत्कारकारि वैचित्रयसिद्धये ।**

**काव्यस्यायमलंकारः कोडप्यपूर्वो विधीयते ॥**

लोकोत्तरचमत्कारकारि वैचित्रयसिद्धिः*અર્થાત્ અલૌકિક કે અસામાન્ય આહલાદકને ઉત્પન્ન કરવાવાળા વૈચિત્ર્યનું વર્ણન આ શબ્દ વક્રોક્તિના તાત્પર્યનું ધોતક છે. કુન્તકે વક્રોક્તિનું પર્યાય વિચિત્રતા અભિધા આપ્યું છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે વક્રત્વ કે વક્રભાવ, વૈચિત્ર્ય ભાવના ધોતક છે. કુન્તકે સાચે જ વક્રત્વ અને વૈચિત્ર્યને સમાન ભાવનું સૂચક શબ્દ માન્યા છે અને તેથી તે આ બંનેના અલગ અલગ પ્રયોગ પોતાના તાત્પર્યની સૂચના માટે કરે છે. વક્રોક્તિની વ્યાખ્યા કુન્તકે અનેક સ્થળો ઉપર આપી છે. કાવ્યના ઉદ્દેશ્ય શ્રોતાઓના હૃદયમાં અલૌકિક અને આલાદકનું મિલન છે. આ મિલન ત્યારે જ સિદ્ધ થઈ શકે છે. જ્યારે શબ્દનો પ્રયોગ શાસ્ત્ર વગેરેમાં માન્ય પ્રયોગોથી દુર થઈને વિચિત્રતા સંપન્ન થાય અથવા લોક વ્યવહારમાં શબ્દોનો પ્રયોગ કોઈના કોઈ અર્થમાં રૂઢ થઈ જાય છે. આ રૂઢ અર્થોથી જ આપણા પરિચય એટલો વધારે હોય છે કે આપણા માટે તેમાં તે પ્રકારના આલાદક રહેતો નથી. તેથી તેમાં પ્રચલિત પ્રકારથી સ્વતંત્ર પ્રયોગમાં જ વૈચિત્ર્ય ઉત્પાદનની ક્ષમતા શબ્દોમાં થાય છે. કુન્તક તેનો જ સ્વીકાર કરે છે. મહીમ ભટ્ટે પણ આ તાત્પર્યને પોતાના ગ્રંથમાં સમાનાર્થી શબ્દોમાં જ અભિવ્યક્ત કર્યો છે. વૈચિત્ર્યની સિદ્ધિના લઈને જ્યાં પ્રસિદ્ધ માર્ગનો પરિત્યાગ કરે છે. ત્યાં જ અર્થ બીજા પ્રકારથી પ્રતિપાદિત કરવામાં આવે છે. તે વક્રોક્તિ છે.*

**प्रसिद्धं मार्गमुत्सृज्य यत्र वैचित्र्यसिद्धये ।**

**अन्यथैवोच्यते सोऽडर्थः सा वक्रोक्तिरुदाहृता ॥**

*કુન્તકના વક્રોક્તિ વિવેચનમાં નીચેના તથ્યો ઉલ્લેખનીય છે.*

1. *વક્રોક્તિ એક કથન પ્રણાલી કે પ્રતિપાદન પદ્ધતિ છે. આ અલંકાર્ય ન થઈને અલંકાર છે. પરંતુ તે એટલું મહત્ત્વપૂર્ણ છે કે કાવ્ય આત્માના પદ ઉપર કુન્તકે તેને પ્રતિષ્ઠિત કર્યું છે.*
2. *પ્રસિદ્ધ કથન પ્રણાલીથી ભિન્ન કથન પ્રણાલી વક્રોક્તિનું આધારમૂલ તત્ત્વ છે. લોક અને શાસ્ત્રથી ભિન્ન કથન પદ્ધતિ જ વક્રોક્તિ છે.*
3. *કાવ્યગત ચારુતા, ચમત્કાર, વક્રતા, વિધ્વતા, શોભા વગેરેનો મૂળ આધાર કુન્તક વક્રોક્તિને માને છે. આ કવિ કૌશલ્ય પર નિર્ભર છે.*
4. *વક્રોક્તિ શબ્દ, ક્રીડા કે નિકૃષ્ઠ કાવ્ય કૌશલ ન થઈને સહૃદયને આનંદિત કરવાવાળું કવિ કૌશલ્ય છે. આ વાત પર કુન્તકે અત્યંત બળ આપ્યું છે.*

## 5.6 વક્રોક્તિના પ્રકારો

*વક્રોક્તિનું સૌંદર્ય શબ્દ અને અર્થ બંનેમાં રહેલું હોય છે. અર્થાત કે ઉક્તિની વિચિત્રતા શબ્દોમાં પણ હોય છે અને અર્થમાં પણ હોય છે. તેનું તાત્પર્ય એ છે કે શબ્દને અર્થ અલંકાર્ય હોય છે અને તેમને અલંકૃત કરવાવાળું તત્ત્વ વક્રોક્તિ છે.*

*આચાર્ય કુન્તકે વક્રોક્તિના છ પ્રકારો આપ્યા છે.*

1. *વર્ણવિન્યાસ વક્રતા*
2. *પદ પૂર્વાર્ધ વક્રતા*
3. *પદ પરાર્ધ વક્રતા*
4. *વાક્ય વક્રતા*
5. *પ્રકરણ વક્રતા*
6. *પ્રબન્ધ વક્રતા*

1. *વર્ણવિન્યાસ વક્રતા - વ્યંજન વર્ણોની એવી વ્યવસ્થા અને વિન્યાસ, જેનાથી સૌંદર્યનું વિધાન હોય, તેને વર્ણવિન્યાસ વક્રતા કહેવાય છે. યમક અને અનુપ્રાસ અલંકાર એની અંદર જ આવે છે. વર્ણોનું કર્ણપ્રિયતા અને વારંવાર આવૃત્તિને પણ વક્રતાનું પરિણામ છે. તેના બે પ્રકાર છે.* (1) *એક વર્ણની આવૃત્તિ,* (2) *બે વર્ણોની આવૃત્તિ.*
2. *પદ પૂર્વાર્ધ વક્રતા - પદથી તાત્પર્ય સવિભક્તિ શબ્દથી છે. પદના બે ભાગ કરવામાં આવે છે. -* (1) *પ્રકૃતિ અને* (2) *પ્રત્યય. પ્રકૃતિપદનો પૂર્વાર્ધ હોય છે અને પ્રત્યય પદ પરાર્ધ હોય છે. આ વક્રતા, જે પદના પૂર્વાર્ધ અર્થાત કે પ્રકૃતિ પર આધારિત હોય છે. તે પદ પૂર્વાર્ધ વક્રતા કહેવાય છે. તેને પ્રકૃતિ વક્રતા પણ કહેવાય છે. કુન્તકે તેના નવ પ્રકાર પાડ્યા છે.*

3. પદ પરાર્ધ વક્રતા - પદના પરાર્ધમાં પ્રત્યય રહે છે. આ વક્રતાને આઠ ભાગમાં સ્થાપિત કરી છે. એ પ્રત્યય વક્રતા પણ કહેવામાં આવે છે.

4. વાક્ય વક્રતા - વાક્ય વક્રતાને વસ્તુ વક્રતા કે વાક્ય વક્રતા પણ કહે છે. આ કવિની પ્રતિભા પર આશ્રિત છે. તેથી આ વક્રતા વિવિધ રૂપોમાં પ્રાપ્ત થાય છે. કુન્તકે તેના અંતર્ગત અલંકારોનું વિવેચન કર્યું છે. અલંકારોમાં પણ ચારુત્વથી વધુ વૈચિત્ર્ય અને કવિ પ્રતિભાને પણ વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

5. પ્રકરણ વક્રતા - વાક્યોના સંયોગથી પ્રકરણ બને છે. એક પ્રબંધ કાવ્યમાં અનેક પ્રકરણ હોય છે. આ પ્રકરણો કે પ્રસંગોને ઔચિત્યપૂર્ણ તથા પ્રભાવશાળી બનાવવું તે પ્રકરણ વક્રતાનું પ્રયોજન છે. અનેક લાલિત્યપૂર્ણ અને સરસ પ્રસંગોથી પ્રકરણમાં સૌંદર્યનો સમાવેશ થાય છે. આ વક્રતા પણ કવિની કુશળતા પર નિર્ભર છે. તેના નવ પ્રકાર માનવામાં આવ્યા છે.

6. પ્રબંધ વક્રતા - જ્યારે સંપૂર્ણ પ્રબંધમાં વક્રતા હોય છે, ત્યારે તે પ્રબંધ વક્રતા કહેવાય છે. પ્રબંધ વક્રતાના અંતર્ગત પ્રબંધાત્મક કાવ્ય રૂપોનું વસ્તુ કૌશલ્ય અપેક્ષિત હોય છે. પ્રબંધનો યોગ સર્વાધિક વ્યાપક છે અને બધા પ્રકારોની વક્રતાનો સહયોગ તેમાં અપેક્ષિત હોય છે. કુન્તકે તેના છ પ્રકાર આપ્યા છે.

## 5.7 વક્રોક્તિ સિદ્ધાંત અને અભિવ્યંજનાવાદ

આચાર્ય રામચંદ્ર શુક્લા એ પાશ્ચાત્ય અભિવ્યંજનાવાદને ભારતીય વક્રોક્તિ સિદ્ધાંતને વિલાયતી ઉત્થાન બતાવ્યું છે. પાશ્ચાત્ય સમીક્ષાશાસ્ત્રમાં અભિવ્યંજનાવાદ પર વિચાર કરવાનો શ્રેય ઈટલીના વિદ્વાન 'ક્રોંચ'ના ફાળે જાય છે. ક્રોંચની માન્યતા હતી કે કલાનો સંબંધ સ્વયં પ્રકાશ જ્ઞાનથી છે. જ્યારે કુન્તક શાસ્ત્રીય જ્ઞાનને પણ કલાથી સંબંધિત માને છે. ક્રોંચે ઉક્તિની સહજતા અને સ્વાભાવિકતામાં કાવ્યનું સૌંદર્ય માન્યું છે, જ્યારે કુન્તકે વક્રતા કે વિચિત્રતાને જ સૌંદર્યનો મૂળ આધાર સ્વીકાર્યો છે. ક્રોચે માનસિક અભિવ્યંજનનાને પ્રમુખ માન્યો છે અને વાચ્ય અભિવ્યક્તિ તેના માટે ગૌણ છે. જ્યારે કુન્તકે વાચ્ય અભિવ્યક્તિની ચર્ચા કરી છે. તે ક્રોંચની જેમ સામાન્ય અભિવ્યક્તિની કલ્પના કરતા નથી.

તેનાથી વધારે આ બંને સિદ્ધાંતોમાં એક બહુ જ મોટું અંતર એ છે કે ક્રોંચ માત્ર કવિની આત્મા તૃપ્તી ને જ કાવ્યનું લક્ષ્ય માને છે. જ્યારે માનસિક અભિવ્યક્તિથી પૂરા થઈ જાય છે. જ્યારે કુન્તક તેના સ્થાન ઉપર સહૃદયના મનમાં પ્રસન્નતા પ્રદાન કરી કાવ્યનું લક્ષ્ય સ્વીકાર કરે છે. આ કારણ છે કે ડો. ગણપતિ ચંદ્રગુપ્તને વક્રોક્તિ સિદ્ધાંત અને અભિવ્યંજનાવાદને અલગ અલગ માને છે અને આ સંબંધમાં શુક્લજીના મતથી સહમત નથી. આગળ જઈને ડો. નગેન્દ્રએ અભિવ્યંજનાવાદ અને વક્રોક્તિવાદના કેટલાક સામ્ય પણ શોધ્યા છે. જે નીચે પ્રમાણે છે.

(i) બંનેનો સિદ્ધાંત અભિવ્યંજનાવાદને જ કાવ્યનો પ્રાણ તત્ત્વ માને છે.

(ii) બંને એ કાવ્યમાં કલ્પના તત્ત્વને પ્રમુખતા આપી છે.

(iii) બંને જ મૂળમાં ઉક્તિને અખંડ અવિભાજ્ય અને અદ્વિતીય માને છે

(iv) *બંને એ જ અલંકાર અને અલંકાર્યનો ભેદ માન્યો નથી.*

(v) *બંને સફળ અભિવ્યંજના અથવા સૌંદર્ય અભિવ્યંજનામાં શ્રેણીઓનો સ્વીકાર કર્યો નથી.*

## 5.8 વક્રોક્તિ સિદ્ધાંતનું મહત્ત્વ

*જો વક્રોક્તિ સિદ્ધાંતનો વધારે પ્રચાર કાવ્યશાસ્ત્રમાં ના થઈ શકે, તો પણ તેનું મહત્ત્વ ઓછું થતું નથી. વક્રોક્તિમાં વ્યાપક રૂપમાં રીતિ, અલંકાર, ધ્વનિ, રસ વગેરે બધા પૂર્વ પ્રચલિત સિદ્ધાંતોનો થોડોક સમન્વય થયેલો છે. વક્રોક્તિના વિભિન્ન ભેદો પર દ્રષ્ટિ કરવાથી એ પણ સ્પષ્ટ થાય છે કે કવિ કૌશલ અને કાવ્ય સૌંદર્ય બંને જ વક્રોક્તિમાં સમાવેશ થાય છે. તેથી આ સિદ્ધાંતને વધારે માન્યતા એટલા માટે મળી નથી કે આ કાવ્યના મૂળ વિષયની એવી વ્યાખ્યા પ્રસ્તુત કરતો નથી, જેમ કે રસ સિદ્ધાંત કરે છે. બીજો તે સિદ્ધાંત પાછળથી સામે આવ્યો છે. તેના પહેલા રસ, અલંકાર, ધ્વનિ, રીતિ વગેરે પર વિચાર કરવામાં આવેલો છે અને કાવ્યશાસ્ત્રમાં તેની પૂર્ણ પ્રતિષ્ઠા થઈ ગઈ છે. તેથી આ નવા સિદ્ધાંતને સ્વીકાર કરવાવાળા લોકોને અરુચી દેખાય છે. ત્રીજુ કારણ એ પણ છે કે વક્રોક્તિના પ્રકારોનું વર્ગીકરણ અસ્પષ્ટ અને જીવિત છે. તેથી આ સિદ્ધાંત લોકપ્રિયતા પ્રાપ્ત કરી શક્યું નથી. કંઈ પણ હોય એટલું તો કહી શકાય છે કે વક્રોક્તિ સિદ્ધાંત આચાર્ય કુન્તકની અદભુત પ્રતિભા, વ્યાપક દૃષ્ટિ અને વ્યવસ્થિત ચિંતનથી અદભુત એક સંપૂર્ણ અને મહત્ત્વપૂર્ણ સિદ્ધાંત છે.*

## 5.9 *રસ અને વક્રોક્તિ*

*કાવ્યમાં રસના મહિમાનો કુન્તકે અનાદર કર્યો નથી, એથી ઊલટું, કાવ્યનાં વિવિધ અંગો, વક્રોક્તિ, ઔચિત્ય, સૌભાગ્ય, માર્ગ આદિની વિચારણામાં કાવ્યમર્મજ્ઞોને આનન્દ આપનાર તત્ત્વ આ સર્વમાંથી નિષ્પન્ન થવું જોઈએ એમ કહીને તેણે રસનું તો ગૌરવ સ્વીકાર્યું જ છે. તે જ રીતે કાવ્યનાં પ્રયોજનોમાં કાવ્યામૃત રસને તેણે ચતુર્વર્ગફલના આસ્વાદ કરતાં ઊંચી ચમત્કૃતિનો વિસ્તાર કરી આનંદ કરાવનાર તત્ત્વ તરીકે ઓળખાવ્યો છે.* — काव्यामृतरसेनान्तश्चमत्कारो वितन्यते । *અહીં 'ચમત્કાર' સંજ્ઞાનો અર્થ તે સ્પષ્ટ રીતે 'આહ્લાદ' કરે છે. કુન્તક રસને આનંદથી પૃથક્ માનતો નથી, તેથી સહૃદયને તે* रसादिपरमार्थज्ञमनः संवादसुन्दरः*કહી, રસાદિના રહસ્યને જાણકાર તરીકે, અથવા* सरसात्मनाम् आर्द्रचेतसाम् *કહી, રસજ્ઞ તરીકે ઓળખાવે છે. કુન્તક બધા પ્રકારની વક્રોક્તિમાં 'પ્રબંધવક્રતા'ને ઉત્કૃષ્ટ ગણે છે અને પ્રબંધનું રસપ્રાણત્વ એક અન્તર શ્લોકમાં દર્શાવતાં તે કહે છે.-*

**निरन्तररसोद्गारगर्भसंदर्भ निर्भराः ।**

**गिरः कवीनां जीवन्ति न कथामात्रमाश्रिताः ॥**

*નિરંતર રસાન્વિત સંદર્ભથી સભર કવિની વાણી કેવળ કથા માત્રના આશ્રયથી જીવિત નથી રહેતી. અહીં કથાવસ્તુની અપેક્ષાએ રસનું ગૌરવ કરવામાં આવ્યું છે. તો 'પ્રકરણવક્રતા'નું લક્ષણ આપતાં,* यत्राङ्गिरसनिष्यन्दनिकषः कः अपि लक्ष्यते *કહી, પૂર્વ*

*તથા ઉત્તર એવા કોઈ અંગ અથવા પ્રકરણ કે સંદર્ભથી ન થઈ શકતી પ્રધાન રસની પરીક્ષા માટેની કસોટી જ્યાં ઉપલબ્ધ થાય છે તેવા અંગ આદિની વક્રતા 'પ્રકરણવક્રતા' કહેવાય છે. આમ રસની પ્રધાનતા અનેક સ્થળે કુન્તકને અભિપ્રેત હોવાનું ઉલ્લેખાયું છે. આ ઉપરાંત રસવત્ અલંકારની ચર્ચામાં પણ રસ વિશેનો તેનો અભિગમ સ્પષ્ટ થયો છે. વક્રોક્તિ અને રસ વચ્ચે કુન્તકે કરેલા સમન્વયને સમજાવતાં ડૉ. નગેન્દ્ર કહે છે તેમ, કાવ્યની પ્રાણચેતના વક્રતા છે અને વક્રતાની સમૃદ્ધિનો મુખ્ય આધાર રસસંપત્તિ છે.*

## 5.10 અલંકાર અને વક્રોક્તિ

*શબ્દ અને અર્થ બન્ને અલંકાર્ય છે એમ કહેવા છતાં, કુન્તક અલંકારવાદી થઈને બહુસંખ્ય અલંકારો સ્વીકારતો નથી. સૌ પ્રથમ તો તે સ્વભાવોક્તિને અલંકાર ગણનારા આચાર્યોને કાચી બુદ્ધિથી વિવેક કરવાના કષ્ટથી દૂર રહેનાર* सुकुमारमानसत्वाद् विवेकक्लेशद्वेषिणः *કહીને વિડંબે છે. કુન્તકના મતે સ્વભાવોક્તિ પોતે જ વસ્તુના ધર્મભૂત સ્વભાવની ઉક્તિ હોઈ અલંકાર્ય છે, તેથી તે અલંકાર ન થઈ શકે. શબ્દ, અર્થ અને અલંકાર એ ત્રણેની સમષ્ટિમાંથી કાવ્ય બને છે એમ તે માને છે.* सालङ्कारस्य काव्यता *એમ કહેવામાં તે અલંકાર અને અલંકાર્ય એવા શબ્દ તથા અર્થ એ ત્રણેની સંયુતિ માટે* अलङ्कारस्य *એવું ષષ્ઠીનું એકવચનનું રૂપ યોજીને કાવ્યની નિરવયવતા સિદ્ધ કરે છે.* सालङ्कारस्य अलङ्करणसहितस्य सकलस्य निरस्तावयवस्य सतः काव्यताः कविकर्मत्वम् । तेन अलङ्कृतस्य काव्यत्वम् इति स्थितिः, न पुनः काव्यस्य अलङ्कारयोगः इतिः । *અલંકાર સહિત એટલે અલંકરણસહિત સંપૂર્ણ અવયવરહિત કવિકર્મ તે કાવ્ય. એટલે કે અલંકારયુક્ત તે જ કાવ્યત્વ છે, નહિ કે કાવ્ય સાથે અલંકારનો યોગ થાય છે. આમ અલંકાર આગંતુક કે બહિરંગ નથી. સ્વભાવોક્તિને અલંકાર તરીકે ઓળખાવતાં પ્રશ્ન થાય કે વિભાજિત નહિ એવો સાલંકાર શબ્દાર્થ જ કાવ્ય હોય તો અહીં અલંકાર્યને અલંકારથી ભિન્ન કેમ ગણવામાં આવ્યો છે ? કુન્તક તેનો ખુલાસો કરતાં કહે છે કે જેમ વ્યાકરણમાં પદથી ભિન્ન વર્ણની સ્થિતિ અથવા વાક્યથી ભિન્ન પદોની સ્થિતિ હોતી નથી, છતાં પ્રત્યય, ક્રિયા, કારક આદિ સંજ્ઞાઓથી તેમને ઓળખવામાં આવે છે તે રીતે અહીં અલંકાર્ય અને અલંકારના ભેદો કેવળ વ્યાવહારિક રીતે, કાવ્યનું સ્વરૂપ સમજવાના હેતુથી જ દર્શાવવામાં આવ્યા છે. સ્વભાવના નિરૂપણ વિના વસ્તુનું વર્ણન શક્ય નથી* - स्वभावव्यतिरेकेण वस्तु एव न युज्यते । *શબ્દમાં જ્ઞાન અને કથન બન્નેનો સમાવેશ થાય છે. તેથી સ્વભાવના કથન વિનાનું વસ્તુ 'સસલાનાં શૃંગ' જેવું શબ્દસંજ્ઞાથી અગોચર રહે છે. આમ સ્વભાવયુક્ત વસ્તુ જ અભિધેયતા, નિરૂપણયોગ્યતા પ્રાપ્ત કરે છે. તેથી કેવળ સ્વભાવવર્ણનને જ અલંકાર માનીએ તો ગાડાખેડુઓ (*शाकटिकाः*)ની ઉક્તિને પણ અલંકાર માનવી પડે ! અથવા શરીરને અલંકાર ગણીએ તો તે બીજા કોને અલંકૃત કરશે ?* शरीरम् चेद् अलङ्कारः किम् अलङ्कुरुते परम् । *કોઈ પોતાના જ ખભા પર થોડું ચઢી શકે છે? તેથી સ્વભાવોક્તિ પોતે જ વસ્તુ છે અને તે વસ્તુ હોવા સાથે પોતાનો અલંકાર ન બની શકે.*

સ્વભાવોક્તિને અલંકાર માનવામાં આવે તો તે સિવાયના ઉપમા આદિ અલંકારોને અલગ ઓળખવા મુશ્કેલ બની જાય. વસ્તુનું સ્વભાવત્વ તો કાવ્યમાં હોય જ, તે સાથે ઉપમા આદિ અલંકારો યોજતાં, સ્વભાવોક્તિ અલંકાર સાથે મળી, જો ઉપમા આદિ અલંકારો સ્પષ્ટ હોય તો સંસૃષ્ટિ અને અસ્પષ્ટ હોય તો સંકર અલંકાર થશે. વાસ્તવમાં ઉપમા આદિની સ્વતંત્ર અભિજ્ઞા રહેશે નહિ. તેથી કુન્તક સ્વભાવોક્તિને અલંકારની માન્યતા આપતી ચર્ચાને આકાશચર્વણ સમાન નિરર્થક માને છે. સ્વભાવોક્તિના અલંકારત્વનિષેધ સાથે અન્ય અલંકારો વિશેના કુન્તકના અભિગમની ચર્ચા પ્રસ્તુત બને છે. કુન્તકે તેના સમય સુધીમાં બહુસંખ્ય બનેલા અલંકારોની વાસ્તવિક સમીક્ષા કરી, તેની સંખ્યા ઘટાડવાનો યત્ન કર્યો હતો. તેમ છતાં વસ્તુવક્રતાની ચર્ચા દરમિયાન તે ફરી આ મુદ્દો ઉખેળે છે. વસ્તુનું તેના સ્વ-ભાવના ઉત્કર્ષશીલ રમણીય સ્વરૂપ સાથેનું વક્ર (સુન્દર) શબ્દ દ્વારા વર્ણન તે વસ્તુની વક્રતા उदारस्वपरिस्पन्दसुन्दरत्वेन वर्णनम् । वस्तुनः वक्रशब्दैकगोचरत्वेन वक्रता ॥

કુન્તક કહે છે કે આ પ્રકારના વસ્તુના સ્વભાવની સુકુમારતાના વર્ણનમાં ઉપમા આદિ વાચ્ય અલંકારો વધુ પડતા યોજવાથી તેનું સ્વાભાવિક સૌન્દર્ય મ્લાન બને છે, ઝંખવાઈ જાય છે. કુન્તક જેને વસ્તુવક્રતા કહે છે તેને ભામહ આદિ સ્વભાવોક્તિ અલંકાર કહે છે. તેઓ માને છે કે અલંકાર્ય તો વસ્તુનો સામાન્ય ધર્મ છે. તેથી વસ્તુસ્વભાવનું—અલંકાર્યનું અતિશયતાપૂર્વકનું વર્ણન તે અલંકાર બને છે. આ અભિગમમાં રહેલા દોષ પ્રત્યે ધ્યાન દોરતાં કુન્તક કહે છે કે ગતાનુગતિકતાથી વસ્તુના સામાન્ય ધર્મનું વર્ણન કરી, ગમે તેમ કરી કાવ્ય રચવું યોગ્ય નથી. કાવ્ય તો કાવ્યજ્ઞ સહૃદયોનાં ચિત્તને આહ્લાદ આપનાર હોય છે. સામાન્ય ધર્મનું તો અ-કવિ પણ નિરૂપણ કરી શકે. એવા ચમત્કૃતિ વિનાના નિરૂપણથી સહૃદયાહ્લાદકારી કાવ્યત્વ નિષ્પન્ન થતું નથી. બીજી તરફ અયોગ્ય ફલક પર આલેખેલા ચિત્રની જેમ, असमुचितभित्तिभागोल्लिखितालेख्यम्,ઉત્કર્ષ વિરહિત ધર્મવાળા વર્ણ્ય પદાર્થને અલંકૃત કરવાથી પણ તે શોભાતિશયતા નહિ દર્શાવી શકે. તેથી કુન્તક આગ્રહપૂર્વક જણાવે છે કે કાવ્ય માટે અત્યંત રમણીય સ્વાભાવિક ધર્મયુક્ત એવા જ વર્ણ્ય વિષયની પસંદગી કરવી - तस्माद् अत्यन्तरमणीयस्वाभाविकधर्मयुक्तम् वर्णनीयम् वस्तु परिग्रहणीयम् ॥અને ઔચિત્યપૂર્વક, યથાયોગ, સંદર્ભ અનુસાર રૂપકાદિની યોજના કરવી.

અલંકારબહુલતા કુન્તકને માન્ય નથી. કારણ કે જ્યાં વસ્તુનું સ્વાભાવિક સૌન્દર્ય જ વિવક્ષિત હોય ત્યાં રૂપકાદિ અલંકારોની બહુલતા ઉપકારક નીવડતી નથી. તેનાથી વસ્તુનું સ્વાભાવિક સૌકુમાર્ય અથવા રસાદિનું પરિપોષણ ગૌણ બની જવાનો સંભવ છે. સર્વ રીતે અલંકાર્ય એવી રમણીને પણ સ્નાન સમયે, વિરહાવસ્થામાં પ્રસાધનાદિ ન કરવાનું વ્રત હોય ત્યારે, અથવા રતિક્રીડા પછી અધિક અલંકારો શોભા આપતા નથી; તેની સ્વાભાવિક સુકુમારતા જ રસિકોના હૃદયને આનન્દ આપે છે, તેમ વાચ્યવક્રતાકાવ્યનું પણ છે. અહીં સ્પષ્ટ થાય છે કે સ્વભાવોક્તિને અલંકાર તરીકે ન સ્વીકારતો કુન્તક તેને વાચ્યવક્રતાના સ્વરૂપે તો કાવ્યની માન્યતા આપે જ છે.

*વાચ્યવક્રતાના એક ઉદાહરણ તરીકે કુન્તકે ટાંકેલો કાલિદાસનો, દુષ્યંતથી ભયત્રસ્ત હરિણના વર્ણનનો શ્લોક સ્વભાવોક્તિનું ઉત્તમ દષ્ટાંત છે :*

**ग्रीवाभङ्गाभिरामं मुहुरनुपतति स्यन्दने दत्तदृष्टिः**

**पश्चार्धेन प्रविष्टः शरपतनभयात् भूयसा पूर्वकायम् ।**

**दर्भैरर्धावलीढैः श्रमविवृतमुखभ्रंशिभिः कीर्णतर्मा**

**पश्योदग्रप्लुतत्वाद् वियति बहुतरं स्तोकमुर्व्यां प्रयाति ॥**

## 5.11 ધ્વનિ અને વક્રોક્તિ

*કુન્તકનો વક્રોક્તિવ્યાપાર અભિધાવાદીનો છે. લક્ષણા અને વ્યંજનાને તે અલગ શબ્દશક્તિ માનતો નથી. તે બન્નેને અભિધાગર્ભ માને છે. દ્યોતક (લાક્ષણિક) અને વ્યંજક શબ્દોને પણ તે વાચક ગણે છે, કારણ બન્નેમાં અર્થપ્રતીતિકારકતા સમાન છે.* — अर्थप्रतीतिकारित्वसामान्याद् उपचारात् तु अपि वाचकौ एव । *તે જ રીતે દ્યોત્ય (લક્ષ્યાર્થ) અને વ્યંગ્યને વાચ્યાર્થ તરીકે નિરૂપતાં તે કહે છે કે, આ બન્ને અર્થોમાં બોધ્યત્વની સમાનતાને કારણે વાચ્યત્વ જ રહે છે* — एवम् द्योत्यव्यङ्ग्ययो: अर्थयो: प्रत्येयत्वसामान्यात् उपचारात् वाच्यम् एव । । *તો વ્યવહારિક વાચક અને વાચ્ય કરતાં કવિતાનો વાચક અને વાચ્ય કઈ રીતે ભિન્ન છે ? તેના મતે અનેક શબ્દોમાં વિવક્ષિતાર્થ માટેનો એક અને અનન્ય શબ્દ તે કવિતાનો વાચક અને સહૃદયોને આનન્દ આપનાર સ્વ-ભાવથી સુન્દર એવો અર્થ તે કવિતાનો વાચ્ય. લાક્ષણિક અને વ્યંજક શબ્દ દ્વારા થતાં કાર્યોને કુન્તક નિષેધતો નથી. પ્રતીયમાન અર્થને, ધ્વનિને આનન્દવર્ધન* किमपि अन्यद् एव *કહે છે. તેમ કુન્તક વક્રોક્તિને* प्रसिद्धप्रस्थान–व्यतिरेकिणी *તરીકે ઓળખાવે છે. ડૉ. દેશપાંડેએ અવલોક્યું છે તેમ, વ્યંજકતા માટે આનન્દવર્ધન જે શ્લોકો ટાંકે છે તે જ વક્રોક્તિને ઉદાહૃત કરવા કુન્તક અવતારે છે. આનન્દવર્ધન જેને રૂપક ધ્વનિ કહે છે. તેને તે પ્રતીયમાન રૂપક કહે છે. આનન્દવર્ધન જેને પદવ્યંજકતા, વસ્તુધ્વનિ, અલંકારધ્વનિ અને પ્રબન્ધવ્યંજકતા કહે છે. તેને કુન્તક અનુક્રમે પદપૂર્વાર્ધ / પરાર્ધ વક્રતા, વસ્તુવક્રતા, વાક્યવક્રતા, અને પ્રબન્ધવક્રતા તરીકે ઓળખાવે છે. આમ છતાં કુન્તકે સ્થળે સ્થળે આનન્દવર્ધનનો મત વિગતવાર ચર્ચી, તેના નિરૂપણને 'અનુચિત વિષયના સમર્થનના ચાતુર્ય – ચાપલ્ય' તરીકે વર્ણવી ઉપહાસ કર્યો છે, તે દર્શાવે છે કે તે મૂળભૂત રીતે ધ્વનિવિચાર સાથે અસંમત છે અને આનન્દવર્ધનનાં ઉદાહરણો અને ધ્વનિભેદો લઈ, વક્રોક્તિસિદ્ધાંત પ્રમાણે તે સમજાવી, ધ્વનિવિચાર કરતાં વક્રોક્તિવિચારની અને આનન્દવર્ધન કરતાં પોતાની વિદગ્ધતાની સરસાઈ દર્શાવવાનો યત્ન કરે છે. અનુગામીઓ હમેશાં પુરોગામીઓના ખભા પર ચઢીને જ તેમના કરતાં પોતે વધુ ચડિયાતા છે તેમ દર્શાવવાની ચેષ્ટા કરતા હોય છે. કુન્તકનો આનન્દવર્ધન પ્રત્યેનો વિડંબનાભાવ આ સ્વભાવલક્ષણ પ્રગટ કરે છે !*

## 5.12 તમારી પ્રગતિ ચકાસો

**પ્રશ્ન-1. નીચેના પ્રશ્નો સવિસ્તાર નોંધ આપો.**

1. *વક્રોક્તિ શબ્દનો અર્થ જણાવી, વક્રોક્તિ એટલે શું? વિશે સવિસ્તાર નોધ લખો.*

2. *આચાર્ય કુન્તક દ્વારા વક્રોક્તિ વિવેચન વિશે સવિસ્તાર નોંધ લખો.*

3. *વક્રોક્તિના પ્રકારો વિશે નોંધ લખો.*

4. *વક્રોક્તિ પર અન્ય આચાર્યના મત વિશે નોંધ લખો.*

**પ્રશ્ન-2. ટૂંકનોંધ લખો.**

1. *રસ અને વક્રોક્તિ*
2. *વક્રોક્તિ સિદ્ધાંતનું સ્વરૂપ વિશે નોંધ લખો.*
3. *ધ્વનિ અને વક્રોક્તિ*
4. *અલંકાર અને વક્રોક્તિ*

**પ્રશ્ન-3. એક બે વાક્યમાં પ્રશ્નના જવાબ આપો.**

1. *વક્રોક્તિ શબ્દનો અર્થ સમજાવો.*

2. *વક્રોક્તિના પ્રકારો કેટલા છે? કયા-કયા?*

3. પદના કેટલા ભાગ કરવામાં આવે છે? કયા-કયા?

4. કુન્તકે વક્રોક્તિને માટે કાવ્યની કેટલી વાતોની આવશ્યકતા માની છે. કઈ-કઈ?

5. આચાર્ય રુદ્રટે વક્રોક્તિના કેટલા પ્રકારો આપ્યા છે? કયા-કયા?

6. વક્રોક્તિ અને અતિશયોક્તિને પર્યાય માનવાવાળા આચાર્ય કોણ છે?

પ્રશ્ન-4. સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

1. આચાર્ય કુન્તકે કોને પ્રાણ રસ કહયો છે?

   (A) રસ (B) અંલકાર (C) ધ્વનિ (D) વક્રોક્તિ

2. વક્રોક્તિનું સર્વપ્રથમ શાસ્ત્રીય વિવેચન કરવા વાળા આચાર્ય કોણ હતા?

   (A) આનંદવર્ધન (B) વિશ્વનાથ (C) ભામહ (D) કુન્તક

3. ભારતીય કાવ્યશાસ્ત્રમાં વક્રોક્તિનો પ્રયોગ ક્યારથી થતો આવ્યો છે?

   (A) પ્રાચીન સમયથી (B) કાલિદાસના સમયથી

   (C) ભામહના સમયથી (D) કુન્તકના સમયથી

4. વક્રોક્તિને કયો અલંકાર ગણાવી શકાય?

   (A) ઉભયાલંકાર (B) શબ્દાલંકાર

   (C) અર્થાલંકાર (D) પ્રાચીન અલંકાર

5. કુન્તક વક્રોક્તિનું મૂળ ક્યાં ગણાવે છે?

   (A) કવિના શબ્દોમાં (B) કવિ પ્રતિભામાં

   (C) કવિના અર્થમાં (D) કવિની ઉક્તિમાં

6. વક્રોક્તિના વિચારોમાં કોનો વિચાર મહત્ત્વનો ગણાય છે?

(A) આચાર્ય કુન્તક (B) આચાર્ય ભામહ

(C) આચાર્ય આનંદવર્ધન (D) આચાર્ય વામન

7. પદ પરાર્ધ વક્રતાને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે?

(A) સંવૃત વક્રતા (B) ઉત્તમ વક્રતા

(C) પ્રત્યય વક્રતા (D) ધ્વનિ વક્રતા

8. પદ પરાર્ધ વક્રતાના ભેદ કેટલા છે?

(A) આઠ (B) ચાર (C) ત્રણ (D) બે

---

**લેખક : ડૉ. ઈશિતા જે. ઠક્કર, આસીસ્ટન્ટ પ્રોફેસર,**
**બી.ડી.એસ. આર્ટસ એન્ડ સાયન્સ કોમર્સ કોલેજ, પાટણ.**

---

## એકમ : 6 : ઔચિત્ય સંપ્રદાય

### રૂપરેખા


**6.0 ઉદ્દેશ**

**6.1 પ્રસ્તાવના**

**6.2 'ઔચિત્ય' શબ્દનો અર્થ**

**6.3 ઔચિત્ય તત્ત્વની કાવ્યશાસ્ત્રમાં માન્યતા**

**6.4 ક્ષેમેન્દ્રનો ઔચિત્યવિચાર**

**6.5 ઔચિત્યના પ્રકારો**

**6.6 રસ, ગુણ અને સંઘટનાનો સંબંધ**

**6.7 પ્રબંધમાં સાચવવાનાં ઔચિત્ય**

**6.8 રતિમાં ઔચિત્યની આવશ્યકતા**

**6.9 તમારી પ્રગતિ ચકાસો**


### 6.0 ઉદ્દેશ

*આ એકમનો અભ્યાસ કર્યા બાદ આપ*

- *ઔચિત્ય વિષયમાં તમને પરિચય મળશે.*
- *ઔચિત્ય સંપ્રદાયના વિષયમાં તમને પરિચય મળશે.*
- *ઔચિત્ય શબ્દનો અર્થ વિશે જાણકારી પ્રાપ્ત થશે.*
- *ઔચિત્યના પ્રકારોની જાણકારી મળશે.*
- *ક્ષેમેન્દ્રનો ઔચિત્યવિચાર વિશેની જાણકારી મળશે.*
- *ઔચિત્ય તત્ત્વની કાવ્યશાસ્ત્રમાં માન્યતા વિશેની જાણકારી મળશે.*

### 6.1 પ્રસ્તાવના

*ભારતીય સાહિત્ય શાસ્ત્રના ઈતિહાસમાં ઔચિત્ય સિદ્ધાંતનું મુખ્ય સ્થાન છે. જે પ્રકારે રસ, ધ્વનિ, અલંકાર વગેરે કાવ્ય તત્ત્વ કાવ્યના પ્રાણ છે. તે જ પ્રકારે ઔચિત્ય પણ કાવ્યના માટે અતિ આવશ્યક છે કેમકે ઔચિત્ય જ કાવ્યનું સાધ્ય છે અને કાવ્યના સમસ્ત તત્ત્વ ઔચિત્ય ઉપર જ આધારિત છે. ઔચિત્ય સંપ્રદાયના પ્રવર્તક આચાર્ય ક્ષેમેન્દ્ર છે. આચાર્ય ક્ષેમેન્દ્ર એ પોતાના ગ્રંથ 'ઔચિત્યવિચારચર્ચા'માં કહ્યું છે કે જેવી રીતે શરીરને અલંકારોના યોગ્ય પ્રયોગથી સુંદર બનાવી શકાય છે અને અયોગ્ય*

*પ્રયોગથી હાસ્યસ્પદ બની જાય છે. તે જ પ્રકારે કાવ્યમાં પણ ગુણ, અલંકાર રસ વગેરેનો યોગ્ય ઉપયોગ જ કાવ્યનો પ્રાણ છે. આ કાવ્ય ઉપાદાનોનો પ્રયોગમાં ભૂલ એટલે કે અનઔચિત્ય હોવાથી કાવ્ય હાસ્યનું પાત્ર બની જાય છે. આચાર્ય ક્ષેમેન્દ્રની એક ઉક્તિ છે. –*

**अलङ्कारास्तवालङ्कारा गुणा एवं गुणाः सदा ।**

**औचित्यं रससिद्धस्य स्थिरं काव्यस्य जीवितम् ॥**

## 6.2 'ઔચિત્ય' શબ્દનો અર્થ

*ઔચિત્યનું નિર્ધારિણ લોક હોય છે. લોકનો વાસ્તવિક અર્થ 'વ્યવહાર' છે. વ્યવહાર કોઈ પણ વાતની સાચી સ્થિતિને જણાવવાવાળું હોય છે. વહેવાર સંસારની મર્યાદા અને સ્થિતિમાં કારણરૂપ હોય છે. વૈદિક ઋષિઓએ પોતાના મનમાં જે શિવાત્મક સંકલ્પ કર્યો હતો.* 'तन्मे मनः शिव संकल्पमस्तु' *તેની અંદર પણ તેમને મનની સાથે બાહ્ય અર્થનું કલ્યાણકારી સંદર્ભ હતો, જેનો સૃષ્ટિના મૂળમાં વિકાસવાદનો સિદ્ધાંત સ્વભાવિક વિકાસના રૂપમાં વ્યવહારિક ઔચિત્ય જ છે.*

दिवादिगण *ગણની સમવાય અર્થ* 'उच्' *ધાતુ* 'क्त्' *પ્રત્યય હોવાથી ઉચિત શબ્દ બને છે. તેથી ઉચિત શબ્દને ભાવાર્થક* ष्यञ्

*પ્રત્યયથી 'ઔચિત્ય' શબ્દની સિદ્ધિ થાય છે.*

*આચાર્ય ક્ષમેન્દ્ર એ રસને કાવ્યનો આત્મા અને ઔચિત્યને કાવ્યનું જીવિત પ્રાણ તત્ત્વ કહ્યું છે.* 'औचित्य रस–सिद्धस्य स्थिर काव्यस्य जीवितम् । *સંસ્કૃત સાહિત્યમાં 'ઔચિત્ય' શબ્દનો આવિર્ભાવ ક્યારે થયો. તેના માટે કોઈ સ્પષ્ટ પ્રમાણ આપી શકાય તેવું નથી. પરંતુ કેટલાક પ્રાચીન વિદ્વાનોના મત અનુસાર ઔચિત્ય શબ્દ બીજા કાવ્ય તત્ત્વોની જેમ જ વૈદિક વાંડમયમાંથી મળે છે. તેના અનુસાર રસ, ધ્વનિ, અલંકાર, વક્રોક્તિ, રીતિ અને ઔચિત્ય વગેરેના નામ ઋગ્વેદમાંથી પ્રાપ્ત થાય છે. પરંતુ એ બધા કાવ્ય તત્ત્વોનો ભિન્ન નામોથી ઉલ્લેખ થયેલો છે. તેથી રસને વાગ્રસ અને અલંકારને અરંકૃત. આ આધાર પર આપણે એમ કહી શકાય કે વૈદિક કાળમાં કાવ્યના અન્ય તત્ત્વો સાથે 'ઔચિત્ય' તત્ત્વ પણ વિદ્યમાન હતો.*

*'ઔચિત્ય' તત્ત્વને આચાર્ય ક્ષેમેન્દ્રએ વિશિષ્ટ રૂપથી પ્રતિષ્ઠિત કર્યો છે. ઔચિત્યના માટે ક્ષેમેન્દ્રના પુર્વવર્તી આચાર્યના ગ્રંથોમાં પણ ઉલ્લેખ મળે છે. તેથી આ પ્રકારે જાણવા મળે છે કે ઔચિત્યનો ઈતિહાસ ખૂબ જ લાંબો છે.*

## 6.3 ઔચિત્ય તત્ત્વની કાવ્યશાસ્ત્રમાં માન્યતા

*ઔચિત્યને જાણવા માટે આપણે કાળને બે ભાગમાં વિભાજીત કરવો પડશે.*

1. *પૂર્વ ધ્વનિકાળ*

2. *ઉત્તર ધ્વનિકાળ*

*પૂર્વ ધ્વનિકાળમાં આચાર્ય ભરત, ભામહ, દંડી, ઉદભટ, વામન અને રુદ્રટના નામ લઈ શકાય છે અને ઉત્તરકાળમાં આનંદવર્ધન, અભિનવ ગુપ્ત, મમ્મટ, ભોજરાજ વગેરેનું નામ આવે છે. જે આચાર્ય ધ્વનિના અનુયાયી નથી, તેમાં આચાર્ય કુન્તક, મહિમ્ભટ્ટ અને ક્ષમેન્દ્ર છે. આ બધા આચાર્યોએ કાવ્યના લક્ષણ અને તત્ત્વની સમીક્ષા કરી છે.*

*આચાર્ય ભરતમુનિ*

*આચાર્ય ભરતના નાટ્ય સાહિત્યના અનુસાર જ ઔચિત્ય તત્ત્વને વ્યક્ત કર્યો છે. ભરતના અનુસાર લોક વૃતનું અનુકરણ જ નાટ્ય છે. નાટ્ય લોકના સ્વભાવથી ઉત્પન્ન થાય છે. તેથી નાટ્યના પ્રયોગમાં લોકને જ પ્રમાણ માનવું જોઈએ.*

**लोकसिद्धं भवेत् सिद्धं नाट्यं लोक स्वभावजम् ।**

**तस्मान्नाट्य प्रयोगे तु प्रमाणं लोक इष्यते ॥**

*ઔચિત્ય પૂર્ણ અભિનયનો મુખ્ય લક્ષ્ય દર્શકોના હૃદયમાં રસનું સંચાર કરવાનું હોય છે. અભિનય, પ્રકૃતિ, પાઠ્ય, છંદ, અલંકાર, સ્વર, સંગીત, નાટ્યની વિશાળ સામગ્રીનો ઉદ્ભવ દર્શકોના હૃદયમાં રસ-ભાવના મિશ્રણથી જ થાય છે. ભરત એ ગુણ-દોષોની વ્યાખ્યા પણ રચના આલંબનને માનીને કરી છે. ભરતે ઉચિત કે ઔચિત્ય શબ્દના સ્થાન પર અનુરૂપ શબ્દનો પ્રયોગ કર્યો છે.*

**वयोऽनुरूप प्रथमस्तु वेषः वेषोऽनुरूपश्च गति प्रचारः।**

**गति प्रचारानुगतं च पाठ्यं, पाठ्यऽनुरूपाऽभिनयश्च कार्यः ॥**

*વેષના વિષયમાં ભરતે કહ્યું છે કે દેશના અનુસાર વેષ હોય, જો મેખલા ગળામાં પહેરવામાં આવે તો હાસ્યનું પાત્ર બને છે. આ વાતનું અનુકરણ આગળ જઈને ક્ષમેન્દ્રએ કર્યું.*

*આચાર્ય ભામહ*

*આચાર્ય ભામહનું ઔચિત્યના વિષયમાં કથન છે કે કાવ્યના નિર્માણમાં કવિ એ લોક સ્વભાવનું ધ્યાન અવશ્ય રાખવું જોઈએ.* मुक्तंलोकस्वभावेन रसैश्च सकलैः पृथक् । *કેમકે લોક પ્રકૃતિ જ ઔચિત્ય અને અનૌચિત્યની નિર્ણાયક સ્થલી છે. કાવ્યમાં રીતિ, ઔચિત્યના માટે કહેવાયું છે કે રીતિ, વૈદર્ભી હોય કે ગૌડી, તેના સહૃદય પાઠકોની રુચિને આકૃષ્ટ કરવી જોઈએ. એવી સ્થિતિ ક્યારેય ન આવવા દે, જેનાથી તેમના મનમાં અરુચિ ઉત્પન્ન થાય.*

*તેમના અનુસાર ઉચિતસ્થાન પર વિન્યસ્ત દોષ પણ ગુણ થઈ જાય છે. ઉચિતસ્થાન પર પ્રયુક્ત દુષ્ટ યુક્તિ પણ તે પ્રકારની શોભા કારક હોય છે, જે પ્રકારે માળાના મધ્યમાં ગુંચવાઈ ગયેલી નીલકમળની પાંખડીઓ. અસાધુ વસ્તુ પણ આશ્રયના સૌંદર્યના કારણે સુંદર લાગે છે. આ પ્રકારે ભામહના સાહિત્યમાં આપણે ઔચિત્યનો વિચાર અત્ર તત્ર દ્રષ્ટિગત થાય છે.*

## આચાર્ય દંડી

*આચાર્ય દંડી એ પણ ઔચિત્યના મહત્ત્વનો સ્વીકાર કર્યો છે. દંડીના મુજબ લોકોના મનોરંજનમાં સમર્થ હોય તે ઉત્તમ કાવ્ય છે અને અલંકારો એવા હોવા જોઈએ કે જેનાથી લોકોના મનમાં અરુચિ ઉત્પન્ન ન થાય. તેથી તેમનો જે કાન્ત ગુણ છે. તે લૌકિક મર્યાદાનું અતિક્રમણ ન કરવાવાળા સર્વ મનોહારી ઔચિત્ય જ છે.*

*તેમના મતમાં દેશ, કાળ, કલા, લોક, ન્યાય, આગમ આ બધાનો વિરોધ હોય તો પણ કાવ્યદોષ કહી શકાય. એક જગ્યા ઉપર તેમણે* 'अत्रत्यंगुणपदं औचित्य परम्' *લખેલું છે. તેથી તે જ્ઞાત થાય છે કે દંડી પણ ઔચિત્યના મહત્ત્વથી પરિચિત હતા. વામનના ગુણ-રીતિના વિવેચનથી પણ વધુ ઔચિત્યના મહત્ત્વની તરફ પણ નિર્દેશ કર્યો છે. આ તથ્ય દોષ પ્રકરણ અને કવિ શિક્ષાના પ્રકરણમાં જોઈ શકાય છે.*

## આચાર્ય રુદ્રટ

*આચાર્ય રુદ્રટે ઔચિત્ય તત્ત્વોનો નામોલ્લેખપૂર્વક નિર્દેશ કરવાવાળા પ્રથમ આચાર્ય છે. રુદ્રટના અનુસાર કાવ્યમાં અલંકાર ગ્રાહ્ય છે. જે પ્રકૃત રસને પોષણ કરે છે. અનુપ્રાસ અલંકારની પાંચ જાતિઓનું વિવરણ આપ્યા પછી કાવ્યમાં તેમના પ્રયોગનું વર્ણન રુદ્રટે કર્યું છે. આ પ્રસંગમાં તેમણે ઔચિત્યને જ પ્રધાનરૂપ નિષ્કર્ષ માન્યું છે. રુદ્રટના અનુસાર અનુપ્રાસ અને યમક ના પ્રયોગમાં ઔચિત્યની નિર્ણાયક ભૂમિકા રહે છે.*

## આચાર્ય આનંદવર્ધન

*આચાર્ય રુદ્રટ પછી ઔચિત્ય સિદ્ધાંતના વિકાસમાં પ્રમુખ ભૂમિકા આનંદવર્ધનની છે. તેમને પોતાના યુગાન્તરકારી ગ્રંથ 'ધ્વન્યાલોક'માં ઔચિત્ય તત્ત્વનું સર્વાંગી વિવેચન કર્યું છે. તેમના પૂર્વ આલંકારીકો એ તો ઔચિત્ય તત્ત્વોની પોતાના ગ્રંથોમાં પ્રકીર્ણ અંગોના વિષયમાં અવધારણા પ્રસ્તુત કરી હતી. પરંતુ આનંદવર્ધને આ કાવ્યના વ્યાપક તત્ત્વના રૂપમાં પ્રતિષ્ઠિત કર્યું.*

*આચાર્ય ક્ષેમેન્દ્ર એ પ્રસિદ્ધ ગ્રંથ 'ઔચિત્ય વિચાર ચર્ચા'ના મૂળ સ્તોત્ર, આચાર્ય આનંદવર્ધન કૃત 'ધ્વન્યાલોક' જ છે. ક્ષેમેન્દ્ર એ આનાથી જ વૈચારિક સ્પંદન પ્રાપ્ત કરી પોતાના ગ્રંથનું નિર્માણ કર્યું છે. તેથી કાવ્ય તત્ત્વના રૂપમાં ઔચિત્યની સર્વ પ્રથમ સ્પષ્ટ અવધારણા કરવાનો શ્રેય આનંદવર્ધનને જ જાય છે.*

*આચાર્ય આનંદવર્ધને 'ધ્વન્યાલોક'ના ત્રીજા ઉદ્યોગમાં પ્રકૃતિના ઔચિત્ય અને અનૌચિત્યના વિષયમાં સ્પષ્ટ રૂપથી કહ્યું છે કે રસભંગનું એક જ માત્ર કારણ અનૌચિત્ય છે. કેમકે રસની ઉત્કૃષ્ટતા અને સમુજ્જલતા નું રહસ્ય છે, ઔચિત્યનું ઉપનિબંધ. ઔચિત્યને કાવ્ય તત્ત્વના રૂપમાં સ્વીકાર કરવાનો આ પ્રબલ મંત્ર છે.*

## આચાર્ય અભિનવગુપ્ત

*ઔચિત્ય તત્ત્વોના અવિચ્છનીય પ્રવાહ ગતિશીલતા પ્રદાન કરવામાં અભિનવગુપ્તનું યોગદાન ઓછું નથી. અભિનવગુપ્ત ક્ષેમેન્દ્રના સાહિત્ય ગુરુ પણ હતા. તેથી ક્ષેમેન્દ્ર એ તેમની પાસેથી પણ પ્રેરણા પ્રાપ્ત કરી હશે, કેમ કે અભિનવગુપ્ત 'ધ્વન્યાલોક'ના*

*ભાષ્યકાર પણ હતા. તેઓ કહે છે કે જો શરીરમાં આત્મા છે, તો શરીર જીવિત છે. તો અલંકાર તેની શોભા સંપાદન કરી શકે છે. પરંતુ શરીર નિર્જીવ છે, તો અલંકાર પણ નિરર્થક છે. આ પ્રકારે જે સ્થાન શરીરમાં આત્માનું છે. તે જ સ્થાન કાવ્યમાં ઔચિત્યનું હોવું જોઈએ.*

**આચાર્ય ભોજ**

*ભોજરાજે ઔચિત્યને સ્વતંત્ર કાવ્ય તત્ત્વોના રૂપમાં સ્વીકાર નહીં કર્યો કેમકે અપદદોષ, વિરુદ્ધ દોષ અને 'ભાવિક' શબ્દ ગુણ વગેરેના આધાર પર અપ્રત્યક્ષ રૂપથી સ્વીકાર્યો છે.*

**આચાર્ય યશોવર્મન**

*આચાર્ય યશોવર્મને પોતાના નાટક* 'रामाभ्युदय' *ના પાત્રોની આયુ, જાતિ અને પ્રકૃતિના અનુરૂપ વાણીનો વ્યવહાર, અવસર ઉચિત રસ પુષ્ટિ અને બાધા વગરની કથાના પ્રયોગની ચર્ચા કરી છે. યશોવર્મનના વચન, રસ, કથન અને શબ્દોમાં ઔચિત્યની ચર્ચા કરી છે. તેમને પહેલીવાર 'ઔચિત્ય' શબ્દનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે.*

**આચાર્ય ઉદ્ભટ્ટ**

*આચાર્ય ઉદ્ભટ્ટે ઉર્જસ્વી અલંકારના નિરૂપણમાં ઔચિત્યનો ઉલ્લેખ કર્યો છે. તેમનો ભાવ એ છે કે અનૌચિત્ય પૂર્ણ રસ, ભાવ વગેરેના પ્રયોગમાં ઉર્જસ્વિ અને તેનાં ઔચિત્યપૂર્ણ બોધમાં રસભાવની સ્થિતિ હોય છે.*

**આચાર્ય કુન્તક**

*આચાર્ય કુન્તક અનુસાર કોઈપણ વસ્તુનું મહત્ત્વ પરિપોષ કરવું જોઈએ તે* 'उचिताख्यान-जीवित' *ઔચિત્ય છે.* आञ्जस्येन स्वभावस्य महत्त्व येन पोषयतब्द्र *અને જ્યાં વક્તા કે શ્રોતાને શોભાતિશયથી યુક્ત સ્વભાવ દ્વારા વાચ્ય સારી રીતે આચ્છાદિત થઈ જાય તે ઔચિત્ય કહેવાય છે.*

**यत्र वक्तुप्रभातुर्वा वाच्यशोभातिशायिना।**

**आच्छाद्यते स्वभावेन तदप्यौचित्यमुच्यते ॥**

*આચાર્ય કુન્તક જે વક્તાને કાવ્યનું જીવન માને છે તે ઔચિત્ય છે. તેમના અનુસાર માર્ગ રીતિના ત્રણ પ્રકાર છે.*

1. *સુકુમાર*
2. *વિચિત્ર*
3. *મધ્યમ*

*ત્રણ માર્ગોમાંથી બે સામાન્ય ગુણ રહે છે. ઔચિત્ય અને સૌભાગ્ય. આચાર્ય કુન્તક ઔચિત્યને સર્વાધિક વ્યાપક કાવ્ય તત્ત્વ સ્વીકાર કરે છે. 'વ્યક્તિ વિવેક'માં કાવ્યના પાંચ પ્રકારના દોષોનો ઉલ્લેખ છે. આ દોષ અનૌચિત્યના જ પ્રકાર છે. જેનાથી રસ*

*પ્રતીતિમાં અડચણ આવે છે. તેમની સંમતિમાં ઔચિત્યની કાવ્યનું સર્વાતિશાયી પ્રસાધન છે. અનૌચિત્ય લક્ષણ આપીને તેમણે ઔચિત્યને સ્પષ્ટ કર્યું છે.*

एतस्य विवक्षितरसादि प्रतीति विघ्नविधायित्वं नाम सामान्यलक्षणम् ।

## 6.4 ક્ષેમેન્દ્રનો ઔચિત્યવિચાર

*આનંદવર્ધન સુધીના અને ત્યાર પછીના કેટલાક આલંકારિકોના ગ્રંથોમાં ઔચિત્યને લગતી વત્તીઓછી ચર્ચા જોવા મળે છે, પણ એ વિશે જ સ્વતંત્ર ગ્રંથ લખનાર તો અભિનવગુપ્તનો શિષ્ય કાશ્મીરી પંડિત ક્ષેમેન્દ્ર જ છે. એ ઔચિત્યને રસના જીવિતભૂત અને સૌંદર્યાનુભવમાં ચમત્કારસાધક તત્ત્વ ગણે છે.*

**कृत्वापि काव्यालंकारां क्षेमेन्द्रः कविकर्णिकाम् ।**

**तत्कलंकं विवेकं च विधाय विबुधप्रियम् ॥**

**औचित्यस्य चमत्कारकारिणश्चारुचर्वणे ।**

**रसजीवितभूतस्य विचारं कुरुतेऽधुना ॥**

*એને મતે તો ઔચિત્ય એ જ રસસિદ્ધ કાવ્યનું સ્થિર અને અવિનશ્વર જીવિત છે. અલંકારો ખાલી અલંકારે છે, અને ગુણો તો ખાલી ગુણો છે. જે કાવ્યમાં તેના જીવિતરૂપ ઔચિત્ય શોધ્યુંયે ન જડતું હોય તેના અલંકારો શા કામના? તેના ગુણો નકામા ગણ ગણ કરવાથી શું?*

**काव्यस्यालमलंकारैः किं मिथ्यागणितैर्गुणैः ।**

**यस्य जीवितमौचित्यं विचिन्त्यापि न दृश्यते ॥**

**अलंकारास्त्वलंकारा गुणा एव गुणाः सदा ।**

**औचित्यं रससिद्धस्य स्थिरं काव्यस्य जीवितम् ॥**

*આમ, ક્ષેમન્દ્ર ઔચિત્યને કાવ્યના જીવિતરૂપ ગણે છે અને તે ગુણ અને અલંકારથી ભિન્ન છે, એમ માને છે. આ જ વસ્તુ ઉપર ભાર મૂકતાં તે કહે છેઃ "હવે પછી જેની વ્યાખ્યા આપવામાં આવશે તે ઔચિત્ય તો કાવ્યનું સ્થિર અને અવિનશ્વર જીવિત છે. તેના વિનાનું કાવ્ય ગુણાલંકાર યુક્ત હોય તાયે નિર્જીવ છે."*

**औचित्यं त्वत्रे वक्ष्यमाणलक्षणं स्थिरमविनश्वरं जीवतं काव्यस्य ।**

**तेन विनास्य गुणालंकारयुक्तस्यापि निर्जीवितत्वात् ॥**

*વળી તે વધારામાં કહે છેઃ "ઉચિત સ્થાને યોજાયા હોય તો જ અલંકારો અલંકારરૂપ શોભારૂપ બને છે, અને ઔચિત્યથી ચ્યુત ન થયા હોય તો જ ગુણો ગુણ બને છે, નહિ તો દોષરૂપ બની જાય છે.*

**उचितस्थानविन्यासादलंकृतिरलंकृतिः ।**

**औचित्यादच्युता नित्यं भवन्त्येव गुणा गुणाः ॥**

*આમ, ઔચિત્યનું માહાત્મ્ય કર્યા પછી તે ઔચિત્યની વ્યાખ્યા આ પ્રમાણે આપે છેઃ "જેને જે અનુરૂપ હોય તેને આચાર્યો ઉચિત કહે છે અને ઉચિતનો જે ભાવ તે ઔચિત્ય કહેવાય છે.*

**उचितं प्राहुराचार्याः सदृशं किल यस्य यत् ।**

**उचितस्य च यो भावस्तदौचित्यं प्रचक्षते ॥**

*આ વ્યાખ્યાથી ઔચિત્યના સ્વરૂપ ઉપર ખાસ પ્રકાશ પડતો નથી. એ તો જ્યારે આપણે એણે ચર્ચેલાં દૃષ્ટાંતો જોઈએ છીએ ત્યારે જ સ્પષ્ટ થાય છે.*

*એ પછી ત્રણ કારિકાઓમાં એ ઔચિત્યનાં અઠ્ઠાવીશ સ્થાનો ગણાવે છેઃ*

*"પદમાં, વાક્યમાં, પ્રબંધના અર્થમાં, ગુણમાં, અલંકારમાં, રસમાં, ક્રિયામાં, કારકમાં, લિંગમાં, વચનમાં, વિશેષણમાં, ઉપસર્ગમાં, નિપાતમાં, કાલમાં, દેશમાં, કુલમાં, વ્રતમાં, તત્ત્વમાં, સત્ત્વમાં, અભિપ્રાયમાં, સ્વભાવમાં, સારસંગ્રહમાં, પ્રતિભામાં, અવસ્થામાં, વિચારમાં, નામમાં, આશિષમાં અને કાવ્યાંગોમાં રહેલા ઔચિત્યને વ્યાપી જીવિત કહે છે."*

**पदे वाक्ये प्रबन्धार्थे गुणेऽलंकरणे रसे ।**

**क्रियायां कारके लिङ्गे वचने च विशेषणे ॥**

**उपसर्गे निपाते च काले देशे कुले व्रते ।**

**तत्त्वे सत्त्वेऽप्यभिप्राये स्वभावे सारसंग्रहे ॥**

**प्रतिभायामवस्थायां विचारे नाम्न्यथाशिषि ।**

**काव्यस्याङ्गेषु च प्राहुरौचित्यं व्यापि जीवितम् ॥**

*મતલબ કે, કાવ્યનું એવું કાઈ અંગ નથી જેમાં ઔચિત્યની અપેક્ષા નથી. ઔચિત્ય એ કાવ્યના કણેકણમાં વ્યાપી રહેલું એનું જીવિત છે.*

*એ પછી એણે ઉપર ગણાવેલાં બધાં સ્થાનોના ઔચિત્યનાં અને ઔચિત્યભંગનાં અનુક્રમે દૃષ્ટાંતો આપી ચર્ચા કરેલી છે, પણ છેલ્લે જેનો કાવ્યનાં અંગો તરીકે ઉલ્લેખ કરેલો છે, તેની સમજૂતી કે તેના ઔચિત્યનાં દૃષ્ટાંત પણ, આપેલાં નથી. માત્ર એટલું કહેલું છે કે, કાવ્યનાં અંગો તો અનંત છે અને તે બધાંનાં દૃષ્ટાંતો આપતાં પાર ન આવે, એટલે અભ્યાસીએ આ પ્રમાણે એ બધાં અંગોમાં પણ ઔચિત્ય જોઈ લેવું.*

*વિવિધ રસોના ઔચિત્યની ચર્ચા કર્યા પછી રસોના મિશ્રણના ઔચિત્યની બાબતમાં એણે કહ્યું છે : " જેમ મધુર તિક્ત વગેરે રસો. કુશળ રીતે યોજવામાં આવ્યા હોય તો વિચિત્ર એટલે કે અનિર્વચનીય આનંદ આપે છે, તેમ જ શૃંગારાદિ રસોનું પણ છે. તેમના પરસ્પરના આશ્લેષમાં મિશ્રણમાં ઔચિત્ય જાળવવું જોઈએ. અનૌચિત્યવાળું મિશ્રણ કોને ગમે?"*

**यदा मधुरतिक्ताद्या रसाः कुशलयोजिताः ।**

**विचित्रास्वादतां यान्ति शंगाराद्यास्तथा मिथः ॥**

**तेषां परस्पराश्लेषात्कुर्यादौचित्यरक्षणम् ।**

**अनौचित्येन संस्पृष्टः कस्येष्टो रससंकरः ॥**

*ક્ષેમેન્દ્રે પોતાના ગ્રંથમાં છૂટે હાથે દષ્ટાંતો આપી તેના ઔચિત્ય - અનૌચિત્યની ચર્ચા કરેલી છે, એટલે એ શું કહેવા માગે છે તે તદ્દન સ્પષ્ટ થઈ જાય છે, એ એના નિરૂપણનો મોટો લાભ છે.*

## 6.5 ઔચિત્યના પ્રકારો

*આચાર્ય ક્ષેમેન્દ્રના વિચારથી ઔચિત્ય ખૂબ જ વ્યાપક છે તેથી તેમને કાવ્યના સૂક્ષ્મથી અતિ સૂક્ષ્મ અવયવોને લઈને તેના વિશાળ રૂપને ધ્યાનમાં રાખીને પ્રકાશ પાડ્યો છે તેમનું કથન છે કે-*

**'पदे वाक्ये प्रवन्धार्ये गुणेऽलंकरणे रसे ।**

**क्रियायां कारके लिङ्गे वचने च विशेषणे ॥**

**उपसर्गे निपाते च काले देशे कुले व्रते ।**

**तत्त्वे सत्त्वेऽप्यभिप्राये स्वभावे सारसंग्रहे ॥**

**प्रतिभायामवस्थावां विचारे माम्न्यथाशिषि ।**

**काव्यस्याङ्गेषु च प्राहुरौचित्यं व्यापि जीवितम् ॥**

*અર્થાત્ ઔચિત્યની વ્યાપ્તિ પદ થી લઈને વિચાર સુધીની છે. ક્ષેમેન્દ્રના મતે ઔચિત્યના પ્રકાર આ પ્રમાણે છે.*

*પદ, વાક્ય, પ્રબંધ, ગુણ, અલંકાર, રસ, ક્રિયા, કારક, લિંગ, વચન, વિશેષણ, ઉપસર્ગ, નિપાત, કાલ, દેશ, કુલ, વ્રત, તત્ત્વ, અભિપ્રાય, સ્વભાવ, સાર-સંગ્રહ, પ્રતિભા, અવસ્થા, વિચાર, નામ, આશીર્વાદ વગેરે..*

*આચાર્ય ક્ષેમેન્દ્રએ ઔચિત્યના અંતર્ગત અનેક વિષયોને રાખીને તેને પાંચ વર્ગોમાં વિભક્ત કર્યું છે. આ વિભાગ નીચે પ્રમાણે છે. –* (i) *પદ, વાક્ય તથા પ્રબંધ ઔચિત્યના મીમાંસા દર્શનનો વિષય છે.* (ii) *ગુણ, અલંકાર અને રસ વિષયક ઔચિત્ય કાવ્યશાસ્ત્રના વિષય છે.* (iii) *ક્રિયા, કારક, લિંગ, વચન, વિશેષણ, ઉપસર્ગ, નિપાત અને કાલ આ આઠ વિષયો ઔચિત્ય વ્યાકરણની પરિધિમાં છે.* (iv) *દેશ, કુલ અને વ્રત આ ત્રણ વિષય લૌકિક છે. જેનું ઔચિત્ય લોક વ્યવહાર પર આશ્રિત છે.* (v) *બાકીના દસ વિષયો- તત્ત્વ, સત્વ, અભિપ્રાય, સ્વભાવ, સાર-સંગ્રહ, પ્રતિભા, અવસ્થા, વિચાર, નામ અને આશીર્વાદ.*

*ઉપરોક્ત અંગોના અવલોકનથી સ્પષ્ટ થાય છે કે આચાર્ય ક્ષમેન્દ્ર એ કાવ્યની વિષયવસ્તુત અને તેની શૈલી બંનેમાં જ ઔચિત્યનું વિધાન કર્યું છે.*

*'ઔચિત્યવિચારચર્ચા'માં ક્ષોમેન્દ્ર દ્વારા જણાવેલા કેટલાક પ્રમુખ ઔચિત્ય ભેદ નીચે મુજબ છે.*

- *વાક્યગત ઔચિત્ય - જ્યાં વાક્યના પ્રયોગ દ્વારા વિશેષ ચમત્કાર પ્રગટ થાય છે. ત્યાં વાક્યગત ઔચિત્ય છે.*
- *પ્રબંધગત ઔચિત્ય - કોઈપણ વાતને સિદ્ધ કરવા માટે કોઈપણ કથા પ્રબંધમાં બાંધવાના કારણે વિશિષ્ટ ચમત્કાર ઉત્પન્ન થાય છે. તે પ્રબંધગત ઔચિત્ય કહેવાય છે.*
- *અલંકાર ઔચિત્ય - જ્યાં અલંકારના પ્રયોગ દ્વારા કોઈ વસ્તુ, ભાવ કે વિશેષ રૂપથી પ્રભાવશીલ થઈ શકે છે. તે અલંકાર ઔચિત્ય હોય છે. અર્થાત્ પ્રતિપાદ અર્થમાં અનુરૂપ જ અલંકારનો પ્રયોગ થયેલો હોવો જોઈએ.*
- *રસ ઔચિત્ય - ઔચિત્ય દ્વારા રસ વધુ આસ્વાદ બનીને બધા હૃદયમાં વ્યક્ત થઈ જાય છે. અર્થાત રસના પ્રયોગથી કાવ્યની પંક્તિઓ જ્યારે વિશેષ રૂપથી પ્રભાવશાળી થઈ ગઈ હોય ત્યાં રસ ઔચિત્ય હોય છે.*

*રસ ઔચિત્યને લઈને ધ્વનિ સિદ્ધાંતકાર આનંદવર્ધન મુખ્ય દસ નિયમ નિર્ધારીત કર્યા છે.*

(i) *શબ્દો અને અર્થનું આયોજન ઔચિત્ય પૂર્ણ હોવું જોઈએ.*

(ii) *પ્રબંધમાં સંધિ, ઘટના અને પ્રયોગ રસ અનુકૂળ હોવા જોઈએ.*

(iii) *વ્યાકરણની દ્રષ્ટિથી પ્રયોગ શુદ્ધ હોવો જોઈએ.*

(iv) *વિરોધી રસના અંગોનું વર્ણન ન હોવું જોઈએ.*

(v) *ગૌણ વસ્તુ, ઘટના, પાત્ર તથા વાતાવરણનો એટલો વિસ્તાર ન થયેલો હોવો જોઈએ કે તેમાં મુખ્ય રસ જ દબાઈ જાય.*

(vi) *પ્રબંધ કાવ્ય કે નાટકમાં રસનો પ્રયોગ યોગ્ય પ્રસંગ પર થયેલો હોવો જોઈએ.*

(vii) *વિભાવ, અનુભાવ સંચારી વગેરેના વર્ણનમાં ઔચિત્ય પૂર્ણ વિવેચન હોવું જોઈએ.*

(viii) *કાવ્યના રસના વિભિન્ન અવયવો તથા વિરોધી રસોનો સમન્વય ઉચિત રૂપથી હોવું જોઈએ. તેથી રસ નિષ્પત્તિ થઈ શકે.*

- *દેશકાળગત ઔચિત્ય - જ્યાં દેશ અને કાળના વર્ણનથી વિષયમાં વિશેષ ચમત્કાર આવી જાય છે તે દેશકાળગત ઔચિત્ય કહેવાય છે.*
- *ગુણ ઔચિત્ય – કાવ્યમાં વિભિન્ન ગુણોનો સમન્વય રસના અનુકૂળ હોવું જોઈએ. જેમકે ઓજનું વીર રસમાં, માધુર્યનું શૃંગાર અને કરુણમાં.*

- *સંઘટના ઔચિત્ય - સંઘટના કે રચનાનો ઉદ્દેશ રસ છે. તેથી તેમાં વિભિન્ન તત્ત્વોનું નિયોજન રસની અનુકૂળ હોવું જોઈએ. તેના ચાર નિયમ છે.-*

(i) *સંઘટના રસના અનુકૂળ હોય.*

(ii) *પાત્રની પ્રકૃતિ, સ્થિતિ અને માનસિક દશા અનુસાર તેની યોજના હોય.*

(iii) *પ્રતિપાદ વિષયથી અનુકૂળ હોય.*

(iv) *કાવ્યની પ્રકૃતિથી અનુકૂળ હોય.*

- *બિમ્બગત ઔચિત્ય - જ્યાં બિમ્બોના સંયોજનથી તેના ઔચિત્ય દ્વારા કાવ્યમાં વિશેષ ચમત્કાર આવી જાય છે, ત્યાં બિમ્બગત ઔચિત્ય માનવામાં આવે છે.*
- *વિચારગત ઔચિત્ય - જ્યાં કોઈ વિચારના કારણે કાવ્યમાં વિશેષ ચમત્કાર આવી જાય છે. તેને વિચારગત ઔચિત્ય કહેવામાં આવે છે.*
- *રીતિ ઔચિત્ય - રીતિનો પ્રયોગ પણ ઉચિત રૂપથી અર્થાત વક્તા, રસ, અલંકાર અને કાવ્યના સ્વરૂપમાં અનુકૂળમાં હોવું જોઈએ.*
- *પદ ઔચિત્ય - જે પ્રકારે કસ્તુરી ધારણ કરેલી ચંદ્રમુખી અને ચંદન ચર્ચિત શ્યામ સુંદર દેખાઈ દે છે. તે જ પ્રકારે એક ઉચિત પદ યુકત સુક્તિને સૌંદર્ય પૂર્ણ બનાવી દે છે.*
- *તત્ત્વ ઔચિત્ય - ક્ષેમેન્દ્ર અનુસાર તત્ત્વોના ઉચિત કથનથી કાવ્ય નિશ્ચિત વિશ્વાસની સાથે હૃદય ગ્રાહી અને ઉપયોગી થઈ જાય છે અને સહૃદયને પોતાની તરફ આકર્ષિત કરે છે.*
- *સ્વભાવ ઔચિત્ય - કાવ્યમાં તેનો ઉપયોગ સ્વભાવિક અને અદ્વિતીય સૌંદર્ય ઉત્પન્ન કરે છે. તે કવિઓની સુક્તિનો શ્રેષ્ઠ અલંકાર છે.*
- *પ્રતિભા ઔચિત્ય - કવિ પ્રતિભાને આચાર્ય ક્ષેમેન્દ્ર વિશેષ મહત્ત્વ આપે છે. તેમનું સ્પષ્ટ કહેવું છે કે પ્રતિભા સંપન્ન કાર્ય લક્ષ્મીથી સુશોભિત, ગુણવાન પુરુષના નિર્મલ કુળના સમાન શોભા પામે છે.*
- *સત્વ ઔચિત્ય - આચાર્ય ક્ષેમેન્દ્રેનું કહેવું છે કે કૃતિનું સત્વ ગુણ ઉચિત કથન દ્વારા આ પ્રકારે ચમત્કાર થાય છે. જેમકે સુબુદ્ધિ અનુમોદિત શ્રેષ્ઠ ઉદાર ચરિત્ર હોય છે.*
- *નામ ઔચિત્ય - કાવ્ય અને લોકવ્યવહારમાં નામનું વિશેષ મહત્ત્વ હોય છે. નામથી જ વ્યક્તિના ગુણોનો આભાસ થઈ જાય છે. કવિએ પોતાની કાવ્ય રચનામાં નામનો ઉચિત પ્રયોગ કરવો જોઈએ.*
- *લિંગ ઔચિત્ય - સંસ્કૃતમાં ત્રણ પ્રકારના લિંગ છે. પરંતુ હિન્દીમાં માત્ર બે જ લિંગ હોય છે. કવિ પ્રસંગ અનુસાર સ્વાભાવિક અર્થની દ્રષ્ટિથી વિશેષ લિંગનો પ્રયોગ કરે છે. લિંગનો ઉચિત પ્રયોગ જ લિંગ ઔચિત્ય કહેવાય છે.*
- *વૃતિ ઔચિત્ય - તેનો અર્થ એ છે કે કોઈપણ વિષય અથવા રસના માટે કયો વૃત્ત અથવા છંદ ઉપયોગી છે. આચાર્ય ક્ષેમેન્દ્રે પ્રાકૃત અર્થ અને રસ ઉચિત અર્થનો પ્રયોગ પર બળ આપ્યું છે. તે જ વૃતિ ઔચિત્ય કહેવાય છે.*

આનંદવર્ધને ઔચિત્યના મુખ્ય છ પ્રકાર જણાવ્યા છે જેમાં- રસ ઔચિત્ય, અલંકાર ઔચિત્ય, ગુણ ઔચિત્ય, સંઘટના ઔચિત્ય, પ્રબંધ ઔચિત્ય અને રીતિ ઔચિત્ય છે.

આચાર્ય કુન્તક અને મહીમભટ્ટે પણ તેનું વર્ણન કર્યું છે. કુન્તક અનુસાર ઔચિત્ય એ છે કે 'જેના દ્વારા સ્વભાવનું મહત્ત્વ પુષ્ટ થાય છે અથવા જ્યાં વક્તા અને શ્રોતામાં અતિ સ્વભાવિક સૌંદર્યના કારણે વાચ્ય વસ્તુ આચ્છાદિત થઈ જાય છે. તે ઔચિત્ય છે.

બીજા શબ્દોમાં કોઈપણ વસ્તુનું સ્વાભાવિક સૌંદર્યનું વર્ણન જ ઔચિત્ય છે. મહિમભટ્ટે વ્યક્તિ-વિવેકમાં ઔચિત્યના બે ભેદ આપ્યા છે. શબ્દ ઔચિત્ય અને અર્થ ઔચિત્ય. ક્ષેમેન્દ્રે 'ઔચિત્ય-વિચાર' લખીને તેને કાવ્યની આત્મા માની અને અંત્યંત વ્યાપક રૂપ આપ્યું.

ઔચિત્યના આ પ્રમુખ ભેદ આજના સમયમાં આધુનિક કાવ્યના સંદર્ભમાં અંત્યંત ઉપયોગી છે. કાવ્યની કોઈપણ વિધા હોય, કાવ્યની કોઈ પણ વિશેષતા કે ગુણ હોય, તેના સંપાદનમાં તથા તેના પ્રભાવિ બનાવવામાં ઔચિત્યનો નિર્વાહ ખૂબ જ આવશ્યક છે. તેથી પાશ્ચાત્ય આચાર્યએ પણ ઔચિત્યના મહત્ત્વને સ્વીકાર્યું છે. અરસ્તૂ એ દ્રશ્ય, ઘટના, કાળ, ભાષામાં ઔચિત્યને મહત્ત્વપૂર્ણ માન્યું છે. લોજાઈન્સે શબ્દ પ્રયોગના ઔચિત્યને કાવ્યનો પ્રાણ કહ્યો છે. હોરેસ, દાન્તે, પોપ, રિચર્ડસ, મૈથ્યુ, આર્નલ્ડ બધાએ કાવ્યના ઔચિત્યને પોત પોતાના ઢંગથી સ્વીકાર્યું છે.

## 6.6 રસ, ગુણ અને સંઘટનાનો સંબંધ

અસંલક્ષ્યક્રમવ્યંગ્ય કાવ્યનો ધ્વનિ વર્ણ, પદ અને વાકયની પેઠે સંઘટનામાં પણ વ્યક્ત થાય છે એમ કહ્યા પછી, સંઘટનાનું સ્વરૂપ નિરૂપતાં કહે છે કે, સમાસ વગરની, મધ્યમ સમાસવાળી અને દીર્ઘ સમાસવાળી એમ ત્રણ પ્રકારની સંઘટના છે.

**असमासा समासेन मध्यमेन च भूषिता ।**

**तथा दीर्घसमासेति त्रिधा संघटनोदिता ॥**

અહીં એ ગુણ, સંઘટના અને રસના પરસ્પર સંબંધની ચર્ચા કરે છે. ગુણો અને સંઘટનાના પરસ્પર સંબંધની બાબતમાં ત્રણ વિકલ્પો સંભવે છે.

1. ગુણે અને સંઘટના એક જ હોય.

2. બંને જુદાં હોય અને ગુણો સંઘટનાને આશ્રયે રહેલા હોય.

3. અથવા સંઘટના ગુણને આશ્રયે રહેલી હોય.

ગુણો અને રસોનો સંબંધ નિત્ય છે. જ્યારે સંઘટનાની બાબતમાં એવું નથી. અમુક રસમાં અમુક જ ગુણ હોય એ નિયમમાં કોઈ અપવાદ નથી, પણ સંઘટનાની બાબતમાં સ્થિતિ જુદી છે. કોઈ પણ સંઘટના કોઈ પણ રસને વ્યંજિત કરી શકે છે. માધુર્ય અને પ્રસાદ કેવળ કરુણ અને વિપ્રલંભ શૃંગારને જ વ્યક્ત કરી શકે, ઓજ કેવળ રૌદ્ર, અદભુત વગેરેને જ વ્યક્ત કરી શકે, કરુણને નહિ. પણ એથી ઊલટું દીર્ઘ

*સમાસવાળી સંઘટના પણ શૃંગારનું અને સમાસ વગરની સંઘટના પણ વીર કે રૌદ્રનું વ્યંજન કરી શકે છે. આમ, ગુણો અને સંઘટના એક નથી, અને ગુણે સંઘટનાને આશ્રયે રહેલા નથી.*

*ગુણો અને રસોનો સંબંધ જેવો નિત્ય છે, તેવો ગુણ અને સંઘટનાનો સંબંધ નિત્ય નથી. માધુર્ય ગુણ ત્રણે પ્રકારની સંઘટનામાં હોઈ શકે છે. સામાન્ય રીતે એમ મનાતું આવ્યું છે કે, ઓજગુણ રૌદ્ર રસ સાથે અવિભાજ્યરીતે સંકળાયેલો છે અને ઓજ ગુણ હોય ત્યાં દીર્ઘ સમાસા સંઘટના પણ હોય જ. પણ ખરું જોતાં, ઓજગુણને તો રસ સાથે જ સંબંધ છે, સંઘટના સાથે નહિ. એટલે સમાસ વગરની સંઘટનામાં પણ ઓજે ગુણ સંભવે છે અને તે રૌદ્ર રસને વ્યક્ત કરે છે. આમ, ગુણોનું અને સંઘટનાનું ક્ષેત્ર પણ ભિન્ન છે. દીર્ઘ સમાસા સંઘટના રૌદ્રનું નિરૂપણ કરવામાં વપરાય છે, પણ ત્યારે પણ દીર્ઘ સમાસા સંઘટના સાથે પ્રસાદ ગુણ ભળે તો જ રસનિષ્પત્તિ થઈ શકે છે. એ જ રીતે, કરુણનું વ્યંજન પણ એકલી અસમાસા સંઘટના કરી શકતી નથી. તેને પ્રસાદ ગુણની મદદની જરૂર પડે છે. આમ સંઘટના ગુણોની મદદથી જ રસને વ્યંજિત કરી શકે છે. મતલબ કે એ ગુણને આશ્રયે રહેલી છે. આનો અર્થ એ થયો કે, સંઘટનાનું નિયમન કરનાર રસ પણ નથી તેમ ગુણ પણ નથી. આનંદવર્ધનને મતે રસો સંઘટનાનું નિયમન કરતા નથી, કારણ, રસ ન હોય ત્યાં પણ સંઘટના તો હોય છે. વળી, સંઘટના જ્યારે રસને વ્યંજિત કરતી હોય છે ત્યારે પણ તે વક્તા વગેરેના ઔચિત્ય દ્વારા જ કરતી હોય છે એટલે એમ નક્કી થાય છે કે, સંઘટનાનું નિયમન કરનાર તત્ત્વ વક્તા અને વાચ્યનું ઔચિત્ય છે.*

## 6.7 પ્રબંધમાં સાચવવાનાં ઔચિત્ય

*વર્ણ, પદ, વાક્ય, અને સંઘટનાની પેઠે પ્રબંધમાં પણ અસંલક્ષ્યક્રમવ્યંગ્ય ધ્વનિ વ્યક્ત થાય છે, એટલે હવે એ તેની ચર્ચા હાથ ધરે છે. પદના કે વાક્યના ધ્વનિની પેઠે સમગ્ર પ્રબંધનો પણ ધ્વનિ હોય છે. સમગ્ર રામાયણ અને મહાભારતને પણ મહાવાક્ય કહેવામાં આવે છે. એનો અર્થ એ છે કે, વાક્યમાં પદો જેમ આકાંક્ષા, યોગ્યતા અને સન્નિધિથી સમન્વિત થઈને એક અર્થને વ્યકત કરે છે, તેમ આખા પ્રબંધના પણ ભિન્ન ભિન્ન અંશો અપરિહાર્ય બનીને આવવા જોઈએ. અને બધા અંશો વચ્ચે પૂરેપૂરું ઔચિત્ય હોવું જોઈએ અને તે બધા સારી રીતે એક-બીજા સાથે ગ્રંથિત થઈને એકત્વ પામેલા હોવા જોઈએ. આખો પ્રબંધ એકવાક્ય બનેલો હોવો જોઈએ. પ્રબંધ રસાભિવ્યંજક બની શકે એ માટે આનંદવર્ધન પાંચ વસ્તુઓની આવશ્યક્તા માને છે, અને તે દરેક ક્રમાનુસાર મહત્ત્વ ધરાવે છે, એટલે કે, પહેલીનું મહત્ત્વ સૌથી વિશેષ છે, બીજીનું તેથી સહેજ ઓછું, એમ ઉત્તરોત્તર સમજવું. હવે આપણે એ પાંચ વસ્તુઓ એક પછી એક જોઈએ.*

1. *પ્રબંધ પણ રસાભિવ્યંજક બને માટે પહેલું તો એ જરૂરનું છે કે, કથાવસ્તુનું શરીર વિભાવ, ભાવ, અનુભાવ અને સંચારીના ઔચિત્યથી સુંદર બનેલું હોવું જોઈએ.*

**विभावभावानुभावसञ्चार्यौचित्यचारुणः ।**

**विधिः कथाशरीरस्य वृत्तस्योत्प्रेक्षितस्य वा ॥**

*અર્થાત્ કથાવસ્તુમાં વિભાવ, ભાવ, અનુભાવ અને સંચારીનું ઔચિત્ય બરાબર સચવાવું જોઈએ. ધારો કે શૃંગારનું નિરૂપણ કરવું છે, તો કથા એવી લેવી જોઈએ જેમાં નાયક-નાયિકાનું પરસ્પર ઔચિત્ય હોય, અને જેમાં વસંત ઋતુ, માલા વગેરે ઉદ્દીપન વિભાવો, અને હર્ષ, કૃતિ વગેરે સંચારીભાવો સ્પષ્ટપણે આવતા હોય. હવે આપણે એક પછી એક આ ચારે ઔચિત્યનો વિચાર કરીએ.*

*વિભાવૌચિત્ય તો પ્રસિદ્ધ છે એમ કહ્યું છે, એનો અર્થ એવો છે કે, લેકામાં એ પ્રસિદ્ધ છે, અને ભરતાદિ આચાર્યોએ એનું વિગતે નિરૂપણ પણ કરેલું છે. લોકોમાં અમુક પ્રેમ ઉચિત મનાય છે, અમુક અનુચિત મનાય છે. કોઈ પ્રસંગે ક્રોધ ઉચિત મનાય છે, કોઈ પ્રસંગે અનુચિત મનાય છે. એવું જ બીજા ભાવો વિશે પણ છે. ભરતે નાટકને લોકનું અનુકીર્તન કહેલું છે. શાસ્ત્ર લોકસ્વભાવને આધારે જ રચાય છે, એટલે નાટકમાં લોક જ પ્રમાણ છે. લોકની પ્રકૃતિ અને પ્રવૃત્તિ તો અનંત છે એટલે શાસ્ત્રમાં તેનું પૂરું નિરૂપણ થઈ શકતું નથી. શાસ્ત્ર તો માત્ર દિગ્દર્શન કરી શકે છે. એ રીતે વિભાવૌચિત્યની બાબતમાં સાહિત્યદર્પણકારે કહ્યું છે કે, ઉપનાયક વિષયક, મુનિ-ગુરુ-પત્ની વગેરે પ્રત્યેની, તથા અનુભયનિષ્ટ રતિ તેમ જ પ્રતિનાયકનિષ્ટ તથા અધમ પાત્ર તિર્યક્ ઈત્યાદિ પ્રત્યેના શૃંગારમાં અનૌચિત્ય હોય છે. ગુરુ વગેરે પ્રત્યેને કોપ, હીન પાત્રનિષ્ટ શાન્ત, ગુરુ વગેરેને અવલંબીને હાસ્ય, બ્રહ્મવધ વગેરે માટેનો ઉત્સાહ, અધમ પાત્રગત વીર અને ઉત્તમ પાત્રગત ભયાનક અનુચિત ગણાય છે. એ જ રીતે ઉદ્દીપન વિભાવોના પણ ઔચિત્યનો ખ્યાલ રાખવો જોઈએ.*

*ભાવૌચિત્ય એટલે પ્રકૃતિ-ઔચિત્ય. પ્રકૃતિના બે રીતે ભેદ પાડી શકાય. એક તો ઉત્તમ, મધ્યમ અને અધમ એવા, અને બીજી રીતે દિવ્ય, અદિવ્ય (માનુષ) અને દિવ્યાદિવ્ય (દિવ્ય-માનુષ). સરખી પરિસ્થિતિમાં જુદીજુદી પ્રકૃતિનાં પાત્રો જુદીજુદી રીતે વર્તે છે, તેમના મનમાં જુદાજુદા ભાવ પ્રગટે છે. વાઘને જોઈને ભીરુ માણસ ભય પામે છે અને ભાગી જાય છે, પણ કોઈ વીરને શિકારનો ઉત્સાહ ચડે છે અને તે શાસ્ત્ર સંભાળે છે. એટલે પાત્રની પ્રકૃતિને બરાબર અનુસરીને જો સ્થાયિભાવનું નિરૂપણ કરવામાં આવે અને તેમાં કોઈ વિરોધી ભાવનું મિશ્રણ ન હોય અને બીજો કોઈ અનુકૂલ કે ઉદાસીન ભાવ પ્રધાન ન બની જતો હોય તો એ સ્થાયિભાવ ઔચિત્યપૂર્ણ ગણી શકાય. નહિ તો કેવળ અદિવ્ય પાત્રો પાસે દિવ્યપાત્રોનાં અથવા કેવળ દિવ્ય પાત્ર પાસે અદિવ્ય પાત્રના જેવાં કાર્યો કરાવવામાં આવે તો તે અનુચિત ગણાય. તેવી જ રીતે, કેવળ અદિવ્ય રાજા વગેરેના નિરૂપણમાં સાત સમુદ્રબંધન જેવાં કાર્યોનું વર્ણન કરવામાં આવે તો તે સુંદર હોય તોયે નીરસ જ બની જાય છે, અને એનું કારણ અનૌચિત્ય છે. સાતવાહન વગેરે રાજાઓ નાગલોકમાં ગયા હતા એવી કિંવદન્તી છે, તો આખી પૃથ્વીનું ભરણપોષણ કરનાર રાજાઓમાં અલૌકિક પ્રભાવનું વર્ણન કરવામાં અનૌચિત્ય શું ? - એવો પ્રશ્ન પૂછો તો કહેવાનું કે, એમાં અનૌચિત્ય નથી જ. પ્રભાવાતિશયનું વર્ણન કરવામાં દોષ છે, એવું અમે કહેતા જ નથી. અમારું કહેવું*

*એટલું જ છે કે, કેવળ અદિવ્ય પાત્રો વિશે જે ઉત્પાદ્ય વસ્તુવાળી કથા હોય તેમાં એ પાત્રોમાં દિવ્ય પાત્રોનું ઔચિત્ય ન યોજવું, અર્થાત તેમની પાસે દિવ્યપાત્ર જ કરી શકે એવાં કાર્યો ન કરાવવાં. પણ દિવ્યાદિવ્ય પાત્રોની કથા હૈય તેમાં એવું દિવ્યાદિવ્ય ઔચિત્ય યોજવામાં વાંધો નથી, જેમ કે, પાંડવોની કથામાં. સાતવાહન વગેરેને વિશે તો જેટલી વાતો પ્રચલિત હોય તેટલી જ યોજવી એ જ ઉચિત ગણાય. એથી વધારે જે કંઈ યોજીએ તે તેમનામાં પણ અનુચિત જ લાગે. એટલે, આ બાબતમાં સાર વાત આટલી કે, અનૌચિત્ય સિવાય રસભંગનું બીજું કોઈ કારણ નથી. પ્રસિદ્ધ ઔચિત્યનું નિરૂપણ એ જ રસની પરાવિદ્યા છે - એમાં જ રસાભિવ્યક્તિની ગુરુકિલ્લી છે.*

**अनौचित्यादृते नान्यद्रसभङ्गस्य कारणम् ।**

**प्रसिद्धार्थौचित्यबन्धस्तु रसस्योपनिषत्परा ॥**

*આથી જ ભરતે નાટકમાં વસ્તુ પ્રખ્યાત અને નાયક પણ પ્રખ્યાત અને ઉદાત્ત હોય એ આવશ્યક ગણાવેલું છે. એમ કરવાથી નાયકના ઔચિત્ય-અનૌચિત્યની બાબતમાં કવિની ભૂલ થતી નથી. જે નાટકનું વસ્તુ ઉત્પાદ્ય હોય છે. તેમાં અપ્રસિદ્ધ અને અનુચિત નાયકનો સ્વભાવ વર્ણવવામાં મોટી ભૂલ થવાનો સંભવ રહે છે.*

## 6.8 રતિમાં ઔચિત્યની આવશ્યકતા

*રતિ તો ભારતવર્ષને ઉચિત વ્યવહાર વડે જ દિવ્ય પાત્રોની પણ વર્ણવવાની હોય છે. તો એના જવાબમાં કહે છે કે, ના, એમ નથી. એમાં ઔચિત્યનું ઉલ્લંઘન થયું તો ભારે દોષ થાય, કારણ કે, ઉત્તમ પ્રકૃતિવાળા પાત્રના શૃંગારનું નિરૂપણ અધમ પ્રકૃતિના ઔચિત્ય પ્રમાણે કરવામાં આવે તો તે શું ઉપહાસપાત્ર ન થાય ? શૃંગારની બાબતમાં પણ ભારતવર્ષમાં ત્રણ પ્રકારનું પ્રકૃતિ-ઔચિત્ય છે. એમાંથી દિવ્ય-ઔચિત્ય શૃંગાર નિરૂપણમાં નિરુપયોગી છે એમ જ કહેતા હો, તો શૃંગારની બાબતમાં દિવ્ય-ઔચિત્ય જુદું છે, એટલે કે, ભારતવર્ષમાં ઉત્તમ નાયકો અને રાજાઓનો શૃંગાર જે રીતે નિરૂપાય છે. તેવી જ રીતે દિવ્ય પાત્રોનો શૃંગાર પણ નિરૂપવામાં આવે તો તે શોભે. નાટકો વગેરેમાં રાજાઓના શૃંગારનું નિરૂપણ પ્રસિદ્ધ ગ્રામ્ય શૃંગારની રીતે કરવામાં આવતું નથી. તે જ પ્રમાણે દેવોને વિશે પણ ગ્રામ્ય શૃંગારનો ત્યાગ કરવો. નાટક વગેરેમાં અભિનય કરવાનો હોય છે, અને સભોગ શુંગારને અભિનય કરવામાં આવે તો તે અસભ્ય બની જાય, એટલે નાટકમાં એનો ત્યાગ કરવામાં આવે છે, એટલે કે જો અભિનયમાં એવા વિષયથી અસભ્યતા આવતી હોય તો, કાવ્યમાં એવા વિષયથી અસભ્યતા આવતી કેવી રીતે રોકી શકાય ? એટલે અભિનેયાર્થ કાવ્યમાં તેમ જ અનભિનેયાર્થ કાવ્યમાં ઉત્તમ પ્રકૃતિના રાજા વગેરે પાત્રનું ઉત્તમ પ્રકૃતિની નાયિકા સાથે વર્ણન કરવું.*

*વળી, સંભોગ શૃંગારનો સુરત એ જ એકમાત્ર પ્રકાર નથી; પરસ્પર પ્રેમદર્શન વગેરે બીજા પણ ઘણા પ્રકારો સંભવે છે, તો પછી ઉત્તમ પ્રકૃતિને વિશે તેનું નિરૂપણ કેમ ન કરવું ? આમ, ઉત્સાહની પેઠે રતિ વગેરેમાં પણ પ્રકૃતિ-ઔચિત્યનું અનુસરણ કરવું જોઈએ. એવું જ વિસ્મય વગેરેમાં પણ, આવી બાબતોમાં મહાકવિઓ પણ વગર*

વિચાર્યે વર્તતા જેવામાં આવે છે. એ પણ દોષ જ છે. એ દોષ કવિની શક્તિને લીધે ઢંકાઈ જતો હોવાથી ધ્યાનમાં આવતો નથી એટલું જ, એ પહેલાં કહેવાઈ ગયું છે.

અનુભાવૌચિત્ય એ ભરતાદિએ વિગતે બતાવેલું અને ખૂબ પ્રસિદ્ધ છે. જે ભાવને જે ચેષ્ટા અનુરૂપ હોય તે જ કરવી અથવા નિરૂપવી એનું નામ અનુભાવ ઔચિત્ય જાળવવું. ધારો કે કોઈ શોકનો અભિનય મોં પહોળું કરીને કરે, અથવા ભ્રમની સ્થિતિમાં ગંભીરતા ધારણ કરે તો તે અનુચિત ગણાય. એ જ રીતે, જેને કોઈ નાયિકા કેઈ કામીદ્વારા સંબોધાતાં ક્રોધનો ઉદ્વેગ હાસ્યની મુદ્રા દ્વારા વ્યક્ત કરે તો તે અનુચિત ગણાય.

સંચારીનું ઔચિત્ય એ જ વેશ્યામાં લજ્જાનું અથવા કુલસ્ત્રીમાં લજ્જાહીનતાનું નિરૂપણ કરવામાં આવે તો અનુચિત ગણાય. વળી, ઉત્તમ પ્રકૃતિનાં પાત્રોમાં જે લજ્જાશીલતા હોય, તે અધમ પ્રકૃતિનાં પાત્રામાં ન હોય, એટલે લજ્જાના નિરૂપણમાં પણ પ્રકૃતિ પ્રમાણે ભેદ પડવાનો.

આ ચારે ઔચિત્યનું ધ્યાન રાખી કથાશરીરનું નિર્માણ કરવું એ પ્રબંધૌચિત્યનું પહેલું અને સૌથી મહત્ત્વનું કામ છે. એટલે અંતે કવિને ફરી સ્પષ્ટ સૂચના આપે છે કે, એટલું કહેવું જોઈએ કે, ભરત વગેરેના લક્ષણગ્રંથોનું અનુકરણ કરીને, મહાકવિઓના પ્રબંધોનો અભ્યાસ કરીને તથા પોતાની પ્રતિભાને અનુસરીને કવિએ સાવધ રહીને વિભાવાદિના ઔચિત્યનો ભંગ ન થાય એ માટે પૂરો પ્રયત્ન કરવો.

## 6.9 તમારી પ્રગતિ ચકાસો.

પ્રશ્ન-1. નીચેના પ્રશ્નો સવિસ્તાર નોંધ આપો.

1. ઔચિત્ય તત્ત્વની કાવ્યશાસ્ત્રમાં માન્યતા વિશે સવિસ્તાર નોધ લખો.

2. ક્ષેમેન્દ્રનો ઔચિત્યવિચાર વિશે સવિસ્તાર નોંધ લખો.

3. ઔચિત્યના પ્રકારો વિશે નોંધ લખો.

4. *પ્રબંધમાં સાચવવાના ઔચિત્ય વિશે નોંધ લખો.*

**પ્રશ્ન-2. ટૂંકનોંધ લખો.**

1. *ઔચિત્ય શબ્દનો અર્થ વિશે નોંધ લખો.*
2. *આચાર્ય કુન્તકનો ઔચિત્યવિચાર વિશે નોંધ લખો.*
3. *રતિમાં ઔચિત્યની આવશ્યકતા*
4. *રસ, ગુણ અને સંઘટનાનો સંબંધ*

**પ્રશ્ન-3. એક બે વાક્યમાં પ્રશ્નના જવાબ આપો.**

1. *રસ ઔચિત્ય એટલે શું?*

2. *ઔચિત્યના કેટલા પ્રકાર મીમાંસા દર્શનનો વિષય છે?*

3. *વ્યાકરણની પરિધિમાં ઔચિત્યના કયા-કયા પ્રકારનો સમાવેશ થાય છે?*

4. *પદ ઔચિત્ય એટલે શું?*

5. *સંઘટના ઔચિત્યના નિયમો જણાવો.*

6. *આચાર્ય કુન્તક અનુસાર માર્ગ રીતિના કેટલા પ્રકાર છે? કયા-કયા?*

7. આનંદવર્ધને ઔચિત્યના કેટલા પ્રકારને મુખ્ય ગણ્યા છે? કયા-કયા?

______________________________________________
______________________________________________
______________________________________________

પ્રશ્ન-4. સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

1. ઔચિત્યનો કયો પ્રકાર કાવ્યશાસ્ત્રનો વિષય છે?

(A) પદ (B) અંલકાર (C) ક્રિયા (D) કારક

2. જ્યાં વાક્યના પ્રયોગ દ્વારા વિશેષ ચમત્કાર પ્રગટ થાય છે. તે કયો ઔચિત્ય પ્રકાર છે?

(A) અંલકાર ઔચિત્ય (B) વાક્યગત ઔચિત્ય

(C) ગુણ ઔચિત્ય (D) પદ ઔચિત્ય

3. શેનાથી વ્યક્તિના ગુણોનો આભાસ થઈ જાય છે?

(A) નામ (B) ક્રિયા (C) વૃત્તિ (D) લિંગ

4. કયા આચાર્યએ વ્યક્તિ-વિવેકમાં ઔચિત્યના બે ભેદ આપ્યા છે?

(A) ક્ષેમેન્દ્ર (B) કુન્તક (C) આનંદવર્ધન (D) મહીમભટ્ટ

5. કોણે શબ્દના પ્રયોગના ઔચિત્યને કાવ્યનો પ્રાણ માન્યો છે?

(A) અરસ્તૂ (B) પોપ (C) લોજાઈન્સ (D) મૈથ્યુ

6. ‘ઔચિત્યવિચારચર્ચા’ કોનો ગ્રંથ છે?

(A) આચાર્ય કુન્તક (B) આચાર્ય ભામહ

(C) આચાર્ય આનંદવર્ધન (D) આચાર્ય ક્ષેમેન્દ્ર

---

**લેખક : ડૉ. ઈશિતા જે. ઠક્કર, આસીસ્ટન્ટ પ્રોફેસર,**
**બી.ડી.એસ. આર્ટસ એન્ડ સાયન્સ કોમર્સ કોલેજ, પાટણ.**

---

# વિભાગ : 2  કાવ્યપ્રકાશ ઉલ્લાસ - 5

# એકમ : 7 : કાવ્યપ્રકાશ : સામાન્ય પરિચય

## રૂપરેખા

7.0 ઉદ્દેશ

7.1 પ્રસ્તાવના

7.2 કાવ્યપ્રકાશ અને આચાર્ય મમ્મટ: સામાન્ય પરિચય

- 7.2.1 અલંકાર શબ્દની વ્યુત્પત્તિ
- 7.2.2 કાવ્યપ્રકાશ- સામાન્ય પરિચય
- 7.2.3 કાવ્યપ્રકાશ પર એક નજર
- 7.2.4 કાવ્યપ્રકાશ- વિષયવસ્તુ
- 7.2.5 આચાર્ય મમ્મટનું જીવન
- 7.2.6 આચાર્ય મમ્મટનો સમય
- 7.2.7 આચાર્ય મમ્મટની વિદ્વતા

7.3 તમારી પ્રગતિ ચકાસો

## 7.0 ઉદ્દેશ

- *પ્રસ્તુત યુનિટમાં કાવ્યપ્રકાશનો મુખ્ય હેતુ કાવ્ય શાસ્ત્રનાં મૂળ તત્ત્વો જેમ કે કાવ્ય શું છે? તેના અંગો અને લક્ષણો શું છે?*
- *કાવ્યપ્રકાશને એવી રીતથી રચવામાં આવ્યું છે કે તે કાવ્યશાસ્ત્ર શીખનાર વિદ્યાર્થીઓ માટે સરળ અને સુગમ બને. તેમાં ઉદાહરણો સાથે સિદ્ધાંતોને સરળતાથી સમજાવ્યા છે.*
- *મમ્મટનું મુખ્ય ઉદ્દેશ્ય રસસિદ્ધાંતને કેન્દ્રમાં રાખીને કાવ્યતત્ત્વોની વિશદ સમજ આપવી છે. તેમના માટે "રસો કાવ્યસ્ય આત્મા" એવો મર્મ છે – એટલે કે કાવ્યની આત્મા રસ છે.*

## 7.1 પ્રસ્તાવના

*કાવ્યપ્રકાશ એ અલંકારશાસ્ત્રનો આકર ગ્રંથ છે. જેમ વ્યાકરણ ક્ષેત્રે પતંજલિના મહાભાષ્યનું અને વેદાંતમાં શંકરાચાર્યના બ્રહ્મસૂત્રભાષ્યનું મહત્ત્વનું સ્થાન છે તેમ અલંકારશાસ્ત્રમાં આચાર્ય મમ્મટના કાવ્યપ્રકાશનું સ્થાન અદ્વિતીય છે.*

*કાવ્યપ્રકાશનાં વિષયવસ્તુની ચર્ચા કરતાં પહેલા આપણે ટૂંકમાં અલંકાર શબ્દને સમજવાનો પ્રયત્ન કરીશું.*

## 7.2 કાવ્યપ્રકાશ અને આચાર્ય મમ્મટઃ સામાન્ય પરિચય

### 7.2.1 અલંકાર શબ્દની વ્યુત્પત્તિ

*અલંકાર શબ્દ* अलम् *અને* कृ *પરથી આવ્યો છે. '*अलम्*' અર્થાત્ ભૂષણ. જે અલંકૃત કરે તે અલંકાર. આચાર્ય દંડીએ પોતાના '*काव्यादर्श*' 'માં કહ્યું છે કે –* 'काव्यशोभाकरान् धर्मान् अलंकारान् प्रचक्षते ।' *અર્થાત્ 'કાવ્યની શોભા કરનારા ધર્મોને 'અલંકાર' કહેવાય છે. આચાર્ય વામન કાવ્યગુણોને તેના શોભાના ધર્મ તરીકે સ્વીકારે છે. અલંકારો તો માત્ર તેના અતિશય હેતુઓ છે. કાવ્યની શોભાને અતિશય બક્ષનારા અલંકાર છે. જો કોઈ સ્વયં સુંદર હોય તો તેને અન્ય પ્રસાધનોની આવશ્યકતા નથી, પણ જો અલંકાર ધારણ કરે તો તે રમણીની રમણીયતામાં ચાર ચાંદ લાગે છે. કાવ્યમાં પણ અલંકાર શોભામાં અભિવૃદ્ધિ કરે છે. કાવ્યશાસ્ત્રમાં એક સમય એવો હતો કે -* 'ऋते अलंकारान्न काव्यम्।' *'વિના અલંકાર કાવ્ય નહિ' એવું ભારપૂર્વક માનનારા આચાર્યો હતા. અગ્નિપુરાણકાર તો એટલે સુધી માને છે કે* 'अर्थालंकाररहिता विधवेव सरस्वती' *અલંકાર વિનાની સરસ્વતી – કવિતા એ વિધવા છે.'*

*પ્રાચીન કાળમાં અલંકાર શબ્દનો અર્થ ખૂબ વ્યાપક હતો. શબ્દ અને અર્થના માધ્યમથી પ્રાપ્ત થતી આ 'કાવ્ય' નામની સામગ્રીમાં રહેલી શોભા વિશે તત્કાલીન સાહિત્યશાસ્ત્રીઓએ વિચાર કર્યો હતો. સાહિત્યમાં પ્રવર્તતા કેટલાક ધર્મો તરફ તેમનું ધ્યાન દોરાયું. આ તત્ત્વો તેમને શોભાદાયક જણાયા કે જેમના વિનિવેશથી સામાજિક તૃપ્તિ અનુભવે, તેને થાય કે હવે '*अलम्*'। આવા '*अलम्*'નો ભાવ જેનાથી જન્મે તે તત્ત્વ એ જ 'અલંકાર'. આચાર્ય વામન તો સ્પષ્ટ કહે છે કે – કાવ્યનું ગ્રહણ અલંકારથી થાય છે. સૌંદર્ય એ જ અલંકાર છે. આમ, અલંકાર શબ્દ વ્યાપક કાવ્યસૌંદર્યના અર્થમાં પ્રયુક્ત થતો. હાલ અલંકાર શબ્દનો અર્થ ઉપમા, રૂપક વગેરે અલંકારોના સંદર્ભમાં સીમિત છે.*

*સમય જતાં વિવેચકોના વિચારોમાં વિશિષ્ટ પરિવર્તન થતાં કાવ્યને શોભા બક્ષનારા તત્ત્વોમાં અલંકાર ઉપરાંત રસ, રીતિ, ગુણ, વૃત્તિ, ધ્વનિ, વક્રોક્તિ, ઔચિત્ય ઈત્યાદિ તત્ત્વો ઉમેરાતાં ગયા, પરિણામ સ્વરૂપ સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં અનેક સંપ્રદાયો અસ્તિત્ત્વમાં આવ્યા.*

*આ અલંકારશાસ્ત્રને 'કાવ્યશાસ્ત્ર' પણ કહે છે, કારણ તેમાં 'કાવ્ય' ને કેન્દ્રસ્થાને રાખીને ચર્ચા કરવામાં આવી છે. આનું બીજું નામ 'સાહિત્યશાસ્ત્ર' પણ છે કારણ સાહિત્ય – શબ્દાર્થનું સાહિત્ય આનો વિષય છે. જેમ કે 'સાહિત્યશાસ્ત્ર'. કાવ્યને માટે 'સાહિત્ય' શબ્દ પણ પ્રયોજાતો હોઈ તેને આપણે સાહિત્યશાસ્ત્ર પણ કહી શકીએ.*

### 7.2.2 કાવ્યપ્રકાશ- સામાન્ય પરિચય

*વૈવિધ્યસભર કાવ્યરચનાઓ અને કાવ્યચમત્કૃતિઓથી શોભતા સંસ્કૃત વાઙમયમાં કાવ્યના શાસ્ત્રની પણ એક ઉજ્જ્વળ વિકાસ પરંપરા અંકાઈ છે. સંસ્કૃત કાવ્યશાસ્ત્ર એની સૂક્ષ્મતા, મર્મગ્રાહિતા અને સર્વગ્રાહી વિચારચર્ચાને કારણે જગતના સૌંદર્યશાસ્ત્રમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે. બે થી અઢી હજાર વર્ષના લાંબા પ્રસ્તારમાં આ શાસ્ત્ર ઉત્તરોત્તર અનેક ઉત્કૃષ્ટતાઓ સિદ્ધ કરી છે; જેનો અભ્યાસ ખૂબ જ રસપ્રદ બને તેવો છે. સંસ્કૃત સાહિત્ય અનેક લક્ષણશાસ્ત્રોથી સમૃદ્ધ છે. કાવ્ય સાથે સંબંધિત એવાં અનેક તત્ત્વોની સાંગોપાંગ ચર્ચા કરતું શાસ્ત્ર તે કાવ્યશાસ્ત્ર.*

*કાવ્યપ્રકાશ* (Kāvyaprakāśa) *સંસ્કૃત સાહિત્યનો એક અતિ મહત્ત્વપૂર્ણ અને પ્રખ્યાત* ṫreatise *(ગ્રંથ) છે, જેનો મુખ્ય વિષય કાવ્યશાસ્ત્ર છે. આ ગ્રંથનો રચયિતા મમ્મટ* (Mammaṭa) *છે, જે* 11*મી*12*મી સદીના પ્રસિદ્ધ આલંકારિક અને કાવ્યશાસ્ત્રી હતા.આચાર્ય મમ્મટના ગ્રંથને 'કાવ્યપ્રકાશ' એવું સાર્થક નામ આપવામાં આવ્યું છે.* 'काव्यप्रकाश:' *એ મધ્યમપદલોપી સમાસ છે. જેનો અર્થ થાય છે 'કાવ્યરૂપી ચંદ્રનો પ્રકાશ.' આ અર્થની પુષ્ટિ કરવામાં આવતી હોય તેમ તેના પ્રત્યેક પ્રકરણને 'ઉલ્લાસ' એવું નામ આપવામાં આવ્યું છે. જેમ ચંદ્રના પ્રકાશથી ઉલ્લાસ-આનંદની ઉપલબ્ધિ થાય છે તેમ કાવ્યરૂપી ચંદ્રના પ્રકાશથી વાચકને પણ એક પછી એક ઉલ્લાસ ઉપલબ્ધ થાય છે. દરેક ઉલ્લાસમાં વિવિધ વિષયોની ચર્ચા કરવામાં આવી છે. પ્રત્યેક ઉલ્લાસમાં કારિકા, વૃત્તિ અને ઉદાહરણ આપીને કાવ્યને લગતા વિષયોની ચર્ચા કરવામાં આવી છે. દરેક ઉલ્લાસમાં કારિકા અને ઉદાહરણની સંખ્યા અલગ-અલગ છે. જેમ કે – પ્રથમ ઉલ્લાસમાં ૫ કારિકા અને* 5 *ઉદાહરણ છે, ત્રીજામાં માત્ર* 3 *કારિકા અને* 10 *ઉદાહરણ છે, છઠ્ઠો ઉલ્લાસ માત્ર* 1 *કારિકા અને ૨ ઉદાહરણનો છે જ્યારે દશમાં ઉલ્લાસમાં* 55 *કારિકા અને* 211 *ઉદાહરણ છે.*

*આચાર્ય મમ્મટ રચિત કાવ્યપ્રકાશના ત્રણ અંગો છે* (1) *કારિકા* (2) *વૃત્તિ અને* (3) *ઊદાહરણ.*

*કારિકા આર્યા અને અનુષ્ટુપ છંદમાં આલેખાયેલ છે જે* 142 *ની સંખ્યામાં છે, જે વિવિધ અર્થનું સૂચન સંક્ષિપ્ત રૂપમાં કરે છે. કારિકાની નીચે અપાયેલ વૃત્તિગ્રંથ કારિકાઓને સહેલાઈથી સમજવામાં સહાયરૂપ બને છે. કાવ્યપ્રકાશના વૃત્તિગ્રંથની વિશેષતા એ છે કે સૂત્ર- વ્યાખ્યાનની સાથે સાથે પ્રસંગોપાત અન્ય વિષયની પણ ચર્ચા કરી છે. ઉદાહરણ, કારિકાઓને સમજવા માટેનું સહાયભૂત અંગ છે. આચાર્ય મમ્મટે વિવિધ સાહિત્યમાંથી અને પૂર્વસૂરિઓના કવનમાંથી આ ઉદાહરણો લીધા છે. આ પરથી તેઓનો સાહિત્યનો ઊંડો અભ્યાસ વ્યક્ત થાય છે, સાથે સાથે તેઓની પ્રતિમા વિવેચકની હોવાનું જણાય છે.*

### 7.2.3 કાવ્યપ્રકાશ પર એક નજર

*કાવ્યપ્રકાશ અલંકારશાસ્ત્રના ક્ષેત્રમાં આવતા લગભગ બધા જ વિષયોની સાંગોપાંગ ચર્ચા કરે છે. આચાર્ય મમ્મટનું દૃષ્ટિબિંદુ ઘણું જ વ્યાપક અને સમન્વયવાદી રહ્યું હોવાથી એમનો ગ્રંથ અલંકારશાસ્ત્રનો એક આકરગ્રંથ બનવા પામ્યો છે. કાવ્યપ્રકાશનું વિષયક્ષેત્ર ઘણું વ્યાપક છે. તેમાં નીચે જણાવેલા વિષયોની ચર્ચા કરવામાં આવી છે.*

**પ્રથમ ઉલ્લાસ :** *કાવ્યનું મંગલાચરણ (કવિનિર્મિતિ સૃષ્ટિ અને બ્રહ્માનિર્મિત સૃષ્ટિ વચ્ચેનો ભેદ), કાવ્યપ્રયોજનો, કાવ્યહેતુ, કાવ્યલક્ષણ, કાવ્યના પ્રકારો.*

**બીજો ઉલ્લાસ :** *શબ્દ અને અર્થના પ્રકારો, સંકેતગ્રહણ અંગેના વિવિધ મતો, વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ,લક્ષણાનું સ્વરૂપ અને પ્રકારો, વ્યંજનાની એક સ્વતંત્ર શક્તિ તરીકે સયુક્તિ સ્થાપના વગેરે.*

**ત્રીજો ઉલ્લાસ :** *અર્થની વ્યંજકતા, અર્થને વ્યંજક બનાવનારા સંયોગ વિપ્રયોગ વગેરે સંજોગો.*

**ચોથો ઉલ્લાસ :** *ધ્વનિકાવ્યના બે પ્રકારો, રસનું સ્વરૂપ, રસવિષયક ભિન્નભિન્ન મતો, આઠ રસો, આઠ સ્થાયીભાવો, તેત્રીસ વ્યભિચારીભાવો, નવમોરસ, ભાવ, રસાભાસ અને ભાવાભાસ, ધ્વનિના વિશેષ ઉપભેદો.*

**પાંચમો ઉલ્લાસ :** *મધ્યમ કાવ્ય એટલે કે ગુણીભૂતવ્યંગ્ય કાવ્ય અને એના આઠ પ્રકાર*

**છઠ્ઠો ઉલ્લાસ :** *અવરકાવ્ય અને એના બે પ્રકારો.*

**સાતમો ઉલ્લાસ :** *દોષની વ્યાખ્યા, સોળ શબ્દગત દોષો, વાક્યના દોષો, અર્થને લગતા તેત્રીસ દોષો, દોષ ક્યારેક ગુણ બનવાની શક્યતાનું નિરૂપણ, રસને લગતા તેર દોષોની ચર્ચા.*

**આઠમો ઉલ્લાસ :** *ગુણની વ્યાખ્યા, ગુણ અને અલંકાર વચ્ચેનો ભેદ, દસને બદલે ત્રણ જ ગુણોની સ્થાપના, ગુણને ઉત્પન્ન કરનારી શક્યતાઓ.*

**નવમો ઉલ્લાસ :** *છ શબ્દાલંકારોની ચર્ચા; ચિત્રકાવ્યની ચર્ચા; ઉપનાગરિકા,પરુષા તેમજ કોમલા નામની તરણ વૃત્તિઓની ચર્ચા,*

**દસમો ઉલ્લાસ :** *બાસઠ* (62) *અર્થાલંકારોની ચર્ચા, અલંકારવિષયક દોષોની ચર્ચા અને એમનો સાતમા ઉલ્લાસમાં ચર્ચેલા કાવ્યદોષોમાં સમાવેશ.*

*ઉપર્યુક્ત વિષયચર્ચા જોતાં જણાય છે કે મમ્મટના કાવ્યપ્રકાશમાં અલંકારશાસ્ત્રના ક્ષેત્રમાં આવતા બધા જ વિષયોનો સમાવેશ થયો છે. માત્ર નાટ્યશાસ્ત્રને લગતી વિગતો મમ્મટે ચર્ચી નથી. આ સિવાય લગભગ બધી જ વિગતોનું કાવ્યપ્રકાશમાં સાંગોપાંગ નિરૂપણ થયેલું હોઈ તેને કાવ્યશાસ્ત્રનો આકરગ્રંથ કહી શકાય તેમ છે.*

### 7.2.4 કાવ્યપ્રકાશ- વિષયવસ્તુ

**ઉલ્લાસ : 1**

*આચાર્ય મમ્મટ 'કાવ્ય-પ્રયોજન-કારણ-સ્વરૂપ વિશેષ નિર્ણય' નામના આ ઉલ્લાસમાં આરંભમાં ભારતીય પરંપરાને અનુસરતા મંગલકરે છે અને કવિ ભારતીને બ્રહ્માની નિર્મિતિ સૃષ્ટિથી શ્રેષ્ઠ  દર્શાવીને તેના વિજયનું વર્ણન કરી નમસ્કારનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ત્યારબાદ કાવ્યના છ પ્રયોજન –* यशसे, अर्थकृते व्यवहारविदे , शिवेतरक्षतये, सद्यः परनिवृतये, कान्तासंमित उपदेश *–ગણાવ્યા છે. ત્યારબાદ શક્તિ, નિપુણતા અને અભ્યાસ એ ત્રણ કાવ્યહેતુની ચર્ચા કરી છે.* तददोषौ सगुणवानलंकृती पुनः क्वापि – *એવી કાવ્યની વ્યાખ્યા આપવામાં આવી છે, અને અંતે કાવ્યના પ્રકારો* – (1) *ધ્વનિ કાવ્ય* (2) *ગુણીભૂતવ્યંગ્યકાવ્ય અને* (3) *શબ્દચિત્ર અને અર્થચિત્ર એવા ત્રણ પ્રકારો આપી તેમના ઉત્તમ, મધ્યમ અને અવર કાવ્ય એવાં નામો આપ્યાં છે.*

**ઉલ્લાસ :  2**

*'શબ્દાર્થસ્વરૂપનિર્ણય' નામના આ ઉલ્લાસમાં શબ્દ અને અર્થના સ્વરૂપની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. શબ્દના વાચક, લક્ષક અને વ્યંજક એવા ત્રણ પ્રકારો દર્શાવી અનુક્રમે તેમાંથી ઉદભવતા વાચ્ય, લક્ષ્ય અને વ્યંગ્ય અર્થની ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત તાત્પર્યાર્થની ચર્ચા પણ કરાઈ છે. વાચક, લક્ષક અને વ્યંજક શબ્દોના સ્વરૂપની વિસ્તારથી ચર્ચા કરાઈ છે. યથાસ્થાને સંકેત વિષયક મતોની ચર્ચા કરી છે. વળી અહીં લક્ષણાના સ્વરૂપ અને ઉદાહરણોની ચર્ચા પણ વિસ્તારથી કરવામાં આવી છે. વ્યંગ્ય લક્ષણાવૃત્તિ થી સિદ્ધ ન થાય એ દર્શાવવા પર્યાપ્ત પ્રમાણમાં દલીલો કરવામાં આવી છે. અભિધામૂલક વ્યંજનાનું સ્વરૂપ અને અનેકાર્થક શબ્દોના અર્થોનું નિયમન કરનાર સંયોગ, વિપ્રયોગ વગેરેની ચર્ચા કરવામાં આવી છે. અહીં તેઓ અભિધા, લક્ષણાની ચર્ચા પછી વ્યંજનાના એક પ્રકાર શાબ્દી વ્યંજનાની ચર્ચા પણ કરે છે.*

**ઉલ્લાસ : 3**

*'અર્થવ્યંજકતા નિર્ણય' નામનો આ ઉલ્લાસ પ્રમાણમાં નાનો છે. આમાં વાચ્ય-લક્ષ્ય-વ્યંગ્ય અર્થોની વ્યંજકતાનાં ઉદાહરણો આપ્યા છે. જ્યારે વાચક અર્થ વ્યંજક બને છે ત્યારે વક્તાની, બોધવ્ય કે કાકુ વગેરેની વિશેષતા તેમાં સહાયક બને છે. આ હકીકતને વિવિધ ઉદાહરણો આપી સ્થાપિત કરવામાં આવી છે. તેઓના મતે કાવ્યમાં આર્થી વ્યંજના જ વિશેષ મહત્ત્વની છે, કારણ કે તેનું કાર્યક્ષેત્ર અમર્યાદિત છે. દ્વિતીય ઉલ્લાસમાં સંક્ષેપમાં નિર્દિષ્ટ અર્થવ્યંજકતાનો વિસ્તાર આ ઉલ્લાસમાં કરવામાં આવ્યો છે.*

**ઉલ્લાસ : 4**

*'ધ્વનિનિર્ણય' નામનો આ ઉલ્લાસ મહત્ત્વનો છે. શબ્દ અને અર્થનો નિર્ણય બીજા અને ત્રીજા ઉલ્લાસમાં કર્યા પછી ક્રમપ્રાપ્ત ગુણ અને દોષની ચર્ચાને બદલે આચાર્ય મમ્મટ આ ઉલ્લાસમાં ધ્વનિની ચર્ચા કરે છે. કારણ તેઓ ગુણ, દોષ વગેરે જેના ધર્મો છે એવા ધર્મી કાવ્યની ચર્ચાને વધારે મહત્ત્વની માને છે. આથી પ્રથમ તેઓ*

*ધ્વનિકાવ્યની તેના પ્રભેદો સાથે ચર્ચા કરે છે. તેમણે શુદ્ધ ધ્વનિના 51 પ્રકારો અને ત્રિવિધ સંકર અને એકવિધ સંસૃષ્ટ દ્વારા 10455 ભેદ દર્શાવ્યા છે. આજ ઉલ્લાસમાં રસધ્વનિની ચર્ચાના પ્રસંગે રસની વ્યાખ્યા, ભરતમુનિના સૂત્ર પર ભટ્ટ લોલ્લટ, શંકુક, ભટ્ટ નાયક, અભિનવ ગુપ્તના મતની ચર્ચા વિસ્તારથી કરે છે, અને પોતાને અભિમત અભિનવ ગુપ્ત દ્વારા પ્રસ્થાપિત રસ સિદ્ધાંતની પણ વિસ્તૃત ચર્ચા કરે છે. ત્યારબાદ શૃંગારાદિ આઠ રસોની ઉદાહરણ સહિત ચર્ચા કરી છે. પ્રસંગોપાત રસાભાસ અને ભાવાભાસની પણ ચર્ચા કરી છે.*

**ઉલ્લાસ : 5**

*'ધ્વનિગુણીભૂતવ્યંગ્ય સંકીર્ણ ભેદનિર્ણય' નામના આ ઉલ્લાસમાં મધ્યમ કાવ્ય-ગુણીભૂતવ્યંગ્યની ચર્ચા કરી છે. તેના અગૂઢ, અપરાંગ,અસ્ફુટ વગેરે આઠ ભેદોના સ્વરૂપનું નિરૂપણ છે. વળી આચાર્ય મમ્મટ રસવત્, પ્રેય વગેરેને અલંકાર માનતા નથી અને તેને ગુણીભૂતવ્યંગ્યમાં સમાવી લેવાનું જણાવે છે. પછી તેઓ ધ્વનિની જેમ ગુણીભૂતવ્યંગ્યના પણ અનેક ભેદોની શક્યતા દર્શાવે છે. જે ભેદોની સંખ્યા ટીકાકારો પ્રમાણે 34,06,23,900 (34 કરોડથી વધારે) થઈ શકે. ત્યારબાદ તેઓ પ્રકારાન્તરથી ભેદો દર્શાવી વ્યંજના વ્યાપારનું સ્વતંત્રરૂપે અસ્તિત્ત્વ સિદ્ધ કરે છે અને અહીં મીમાંસકોના આક્ષેપોનું બુદ્ધિગમ્ય ખંડન કરી બતાવ્યું છે. વેદાન્તીઓના મતથી જોઈએ તો વ્યવહાર દશામાં સ્વતંત્ર રૂપે વ્યંગ્ય વ્યંજક ભાવનો સ્વીકાર કરવો આવશ્યક છે.એમ તેઓ બતાવે છે. અંતમાં મહિમભટ્ટ વ્યંગ્ય પ્રતીતિને અનુમાનમાં અંતર્ગત માને છે તે ખોટું છે એમ સિદ્ધ કર્યું છે.*

**ઉલ્લાસ : 6**

*'શબ્દાર્થસ્વરૂપચિત્ર' નામનો આ ઉલ્લાસ પ્રમાણમાં સંક્ષિપ્ત છે. ઉત્તમ અને મધ્યમ કાવ્યના સ્વરૂપ અને પ્રકારોની વિસ્તૃત ચર્ચા કર્યા પછી આ ઉલ્લાસમાં અવર કાવ્ય એટલે શબ્દચિત્ર અને અર્થચિત્રની ચર્ચા કરવામાં આવી છે. વાસ્તવમાં આ ભેદો શબ્દાલંકાર અને અર્થાલંકારના ભેદોમાં સમાવી શકાય એવા છે. આથી આચાર્ય મમ્મટે તેની વિસ્તૃત ચર્ચા નવમા અને દશમાં ઉલ્લાસમાં કરી હોવાથી અહીં તેનો તેઓ સંક્ષેપ કરે એ સ્વાભાવિક છે. તેઓએ અહીં શબ્દાલંકારમાં અર્થ અને અર્થાલંકારમાં શબ્દ ગૌણરૂપે રહે છે એ વાત જણાવી છે. અહીં તેઓ પ્રાચીન આચાર્યોનો મત દર્શાવીને પોતાનો મત સ્પષ્ટ રીતે જણાવે છે. અંતમાં અવર કાવ્યને અવ્યંગ્ય શા માટે કહ્યું તેનું સ્પષ્ટીકરણ કરે છે.*

**ઉલ્લાસ : 7**

*'દોષદર્શન' નામના આ ઉલ્લાસમાં કાવ્યના દોષોનું વર્ણન કરવામાં આવ્યું છે. આચાર્ય મમ્મટે દોષોનું સામાન્ય લક્ષણ આપ્યું છે અને ૧૬ પદદોષોની ઉદાહરણ સહિત ચર્ચા કરી છે. ત્યારબાદ 16 દોષોને વાક્યમાં દર્શાવીને ચર્ચા કરી છે. તેમાનાં કેટલાકને પદાંશ દોષો ગણાવ્યા છે. તેઓ વાક્યદોષોની પણ સોદાહરણ ચર્ચા કરે છે. તેઓએ 21 વાક્યદોષો દર્શાવ્યા છે. આ પછી અપુષ્ટાર્થતા વગેરે 23 અર્થદોષોની*

*ચર્ચા કરી છે. અંતમાં રસદોષોની ચર્ચા કરતાં 13 રસદોષો ગણાવ્યા છે. અને તેઓનું અદોષત્વ અને ગુણત્ત્વ ક્યારે સિદ્ધ થાય એ પણ દર્શાવ્યું છે.*

**ઉલ્લાસ : 8**

*'ગુણાલંકારભેદ-નિયત-ગુણનિર્ણય' નામના આ ઉલ્લાસમાં ક્રમાનુસાર ગુણોની ચર્ચા આવે, પરંતુ કેટલાક આલંકારિકો ગુણ અને અલંકારોને ભિન્ન માનતા નથી. આથી આચાર્ય મમ્મટ પ્રથમ તેની ભિન્નતા સિદ્ધ કરે છે. ત્યારબાદ ગુણોની ચર્ચા કરે છે. તેઓનું દઢ મંતવ્ય છે કે ગુણો ત્રણ જ છે અને બાકીના આચાર્ય વામન મુજબના સાત શબ્દગુણો અને દશ અર્થગુણોનો અંતર્ભાવ ત્રણ ગુણોમાં, દોષાભાવમાં, સ્વભાવોક્તિ અલંકારમાં, રસધ્વનિ કે ગુણીભૂતવ્યંગ્યમાં થતો દર્શાવ્યો છે. તેઓએ ક્યાંક તો સમાધિ જેવા ગુણોનું સ્વતંત્ર અસ્તિત્ત્વ જ નથી એમ પણ દર્શાવ્યું છે.*

**ઉલ્લાસ : 9**

*'શબ્દાલંકારનિર્ણય' નામના આ ઉલ્લાસમાં ગુણચર્ચા કર્યા પછી અલંકારની વિચારણા કરી છે. આચાર્ય મમ્મટે સૌપ્રથમ શબ્દાલંકારોની ચર્ચા કરે છે. વક્રોક્તિ, અનુપ્રાસ, યમક, શ્લેષ, ચિત્રકાવ્ય અને પુનરુક્તવદાભાસની ઉદાહરણ સહિત ચર્ચા કરી છે. અનુપ્રાસની ચર્ચામાં ઉપનાગરિકા, પરુષા, કોમલા વગેરે વૃત્તિઓના સ્વરૂપની પણ ચર્ચા કરી છે. શ્લેષની ચર્ચામાં 8 પ્રકારના સભંગ અને 1 અભંગ શ્લેષ એમ કુલ ૯ પ્રકારની ચર્ચા છે. શ્લેષને અર્થાલંકાર ગણવો કે શબ્દાલંકાર તેની ચર્ચા પણ કરીને શ્લેષને શબ્દાલંકાર અંવય-વ્યતિરેકના સિદ્ધાંતથી સાબિત કર્યો છે. શબ્દ પરિવર્તન પછી પણ જ્યાં શ્લેષ રહી જાય તેને અર્થાલંકાર માની શકાય. અંતમાં ઉભયાલંકાર ગણતા પુનરુક્તવદાભાસના બે પ્રકારોની ચર્ચા કરી છે.*

**ઉલ્લાસ : 10**

*આચાર્ય મમ્મટે નવમા ઉલ્લાસમાં શબ્દાલંકારોનો લક્ષણ અને દૃષ્ટાંત સહિત પરિચય કરાવ્યો. 'અર્થાલંકારનિર્ણય' નામના આ દસમા ઉલ્લાસમાં ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા વગેરે ૬૧ અર્થાલંકારોની ચર્ચા તેઓના પ્રકારો અને ઉદાહરણો સહિત કરવામાં આવી છે. અહીં શ્લિષ્ટ પરંપરિત રૂપકને ઉભયાલંકાર તરીકે સ્વીકારેલ છે. વ્યતિરેકના 24 ભેદો દર્શાવ્યા છે તો હેતુ જેવા અલંકારોનો ચમત્કૃતિના અભાવને કારણે અલંકાર તરીકે અસ્વીકાર કર્યો છે. અંતમાં એકથી વધારે અલંકારોને પરિણામે ઉદ્ભવતા સંસૃષ્ટિ અને સંકર અલંકારની પણ ચર્ચા છે. અલંકાર દોષોની પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.પરંપરા અનુસાર પરિકર અલંકાર સુધીની રચના આચાર્ય મમ્મટની છે. અને પછીનો ભાગ અલકસૂરિ કે અલ્લટસૂરિનો છે. વિદ્વાનોએ કાવ્યપ્રકાશના દ્વિકર્તૃત્વને સ્વીકારેલ છે.*

*કાવ્યશાસ્ત્રીય ગ્રંથોમાં આપણે નિર્વિવાદરૂપે કહી શકીએ કે પોતાના વિષયના પ્રતિપાદનમાં આ સવર્શ્રેષ્ઠ ગ્રંથ છે. જેમાં આચર્ય મમ્મટે પોતાના પહેલાંના મત મતાંતરોને વ્યવસ્થિત બનાવ્યા અને આચાર્યોને એક વિશિષ્ટ દિશા બતાવી.*

### 7.2.7 આચાર્ય મમ્મટની વિદ્વતા

*સામાન્યતઃ સંસ્કૃત સર્જકોએ પોતાના જીવનનું ગાન નથી કર્યું, પરિણામસ્વરૂપે એમનાં જીવન વિશેની ઐતિહાસિક માહિતી પ્રમાણભૂત રીતે મળતી નથી. વાગ્દેવતાના અવતાર જેવા મમ્મટ વિશે પણ પ્રમાણભૂત ઐતિહાસિક માહિતી પ્રાપ્ત થતી નથી. પણ તેમની કૃતિમાં થયેલા ઉલ્લેખો અને અન્ય ટીકાકારો કે સર્જકોએ તેમના વિશે કરેલા ઉલ્લેખોને આધારે કેટલીક વિગતો પ્રાપ્ત થાય છે –*

*આચાર્ય ભીમસેન દીક્ષિતે 'કાવ્યપ્રકાશ' ઉપર 'સુધાસાગર' કે 'સુધોદધિ' નામની ટીકા ઈ.સ. 1723માં લખેલી છે. આ ટીકામાં તેમણે મમ્મટના જીવન વિશે થોડીક માહિતી આપી છે, તે મુજબ –*

(1) *આચાર્ય મમ્મટ કાશ્મીર પ્રદેશમાં જન્મ્યા હતા. અને સાક્ષાત્ સરસ્વતીનો અવતાર હતા. કહેવાયું છે કે* 'तद्देवी हि सरस्वती स्वयमभूत् काश्मीरदेशे पुमान्'। *(તે દેવી સરસ્વતી જ કાશ્મીર દેશમાં પુરુષરૂપે થઈ). આ ઉપરાંત આ ભીમસેને તેની ટીકામાં* 'वाग्देवता रुपिणः' *અને* 'सा देवी मम्मटाख्या' *એમ પણ નોંધ્યું છે.*

(2) *આચાર્ય મમ્મટના પિતાનું નામ* 'जैयट' *હતું. મમ્મટના બે નાના ભાઈઓ હતા* 1) कैयट *અને* 2) उवट *આમાંથી કૈયટે પતંજલિના મહાભાષ્ય ઉપર 'પ્રદીપ' નામની ટીકા લખી છે. એટલે તે વ્યાકરણશાસ્ત્રનો વિદ્વાન હશે, એવું માની શકાય. ઉવટે શુક્લયજુર્વેદ પર 'મન્ત્રભાષ્ય' નામનો ગ્રંથ રચેલો છે. ઉવટે શૌનકના ઋકપ્રાતિશાખ્ય પર ભાષ્ય પણ રચ્યું અને મંત્રભાષ્ય નામની વાજસનેયી સંહિતા ઉપર વૃત્તિ લખી હતી.*

(3) *આચાર્ય મમ્મટ સ્વયં વાગ્દેવતાના અવતાર હોવા છતાં વારાણસી (બનારસ) ગયા હતા અને શાસ્ત્રાભ્યાસ પછી 'સાહિત્યસૂત્ર' અર્થાત્ 'કાવ્યપ્રકાશ'ની રચના કરી.*

**मर्यादां किल पालयन् शिवपुरीं गत्वा प्रपठ्यादरात् ।**
**शास्त्रं सर्वजनोपकाररसिकः साहित्यसूत्रं व्यदधात् ॥**

*શ્રી ઝળકીકર અને શ્રી કાણેના મત મુજબ ભીમસેન દ્વારા અપાયેલી આ વિગતો ઉચિત લાગતી નથી. તેનું કારણ આપતાં તેઓ જણાવે છે કે, 'ઉવટ' તો અવન્તીનગરીનો રહેવાસી હતો અને વળી રાજા ભોજનો તે સમકાલીન છે. ઉવટે પોતે જે માહિતી આપેલી તે મુજબ તો આનંદપુર એટલે હાલના ગુજરાતના વડનગરના નિવાસી* 'वज्रट' *'નો જ પુત્ર હતો. આમ, તે જૈયટનો પુત્ર સાબિત થતો નથી. છતાં શ્રી કાણે નિશ્ચિતપણે એટલું તો સ્વીકારે છે કે, મમ્મટ, કૈયટ, ઉવટ, જૈયટ આ બધાં નામોની પાછળ 'ટ' કાર આવે છે. નામની પાછળ 'ટ' આવતો હોય તો એવી પરંપરા કાશ્મીરની છે. તેથી મમ્મટ ચોક્કસપણે કાશ્મીરી પંડિત છે.*

*કેટલાક વિદ્વાનોને મતે મમ્મટ, કૈયટ અને ઉવટ એ ત્રણેય જૈયટના પુત્રો હતા. કાશ્મીરના જ તેઓ વતની હતા. ત્યાં કોઈક આનંદપુર નામના ગામમાં વસવાટ*

*કરતા. આ ત્રણેય ભાઈઓ વિશેષ અધ્યયન અર્થે વારાણસી આવ્યા હશે. અને ત્યાં જ મમ્મટે 'કાવ્યપ્રકાશ' રચ્યું હશે. કારણ કે વારાણસી પ્રાચીન સમયથી સંસ્કૃતવિદ્યાનું અધ્યયન કેન્દ્ર હતું. ત્રણેય ભાઈઓ અનુક્રમે અલંકારશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર અને વેદપંડિત તરીકે પ્રસિદ્ધ થયા હતા.*

(4) *આચાર્ય મમ્મટે 'કાવ્યપ્રકાશ'ના પાંચમા ઉલ્લાસમાં* 'चिड्कुपद' *પ્રયોજ્યું છે. તેના પર વિશ્વનાથ ટીકા કરતાં લખે છે કે,* 'चिड्कुपद' *ને કાશ્મીરી ભાષામાં અશ્લીલ અર્થનો બોધક ગણવામાં આવે છે. આથી એમ લાગે છે કે, મમ્મટ કાશ્મીરી જ હશે.*

(5) *આચાર્ય મમ્મટને* 'राजानककुलतिलक' *' એવું બિરૂદ અપાયું હતું. આવું બિરૂદ રાજાઓ દ્વારા કાશ્મીરી પંડિત-બ્રાહ્મણોને અપાતું. આના પરથી કહી શકાય કે* 'राजानक' *ઉપાધિ મમ્મટના કુળમાં પૂર્વપરંપરાથી પ્રાપ્ત થતી આવી હશે.*

(6) *કાશ્મીરી પંડિતોમાં એવી એક દંતકથા પ્રચલિત છે કે, મમ્મટ 'નૈષધ-મહાકાવ્ય'ના રચયિતા શ્રીહર્ષના મામા હતા. શ્રીહર્ષે પોતાનું મહાકાવ્ય મમ્મટને બતાવ્યું. મમ્મટે એ જોઈને કહ્યું કે, 'ભાણા! આ કાવ્ય જો તેં મને વહેલું બતાવ્યું હોત તો મને ઘણું કામમાં આવત. મારા 'કાવ્યપ્રકાશ'માં કાવ્યના દોષો દર્શાવવા માટે મારે જે-જે દોષયુક્ત કાવ્યનાં ઉદાહરણો ભેગા કરવા શ્રમ કરવો પડયો તે બચી જાત; તારા જ મહાકાવ્યમાંથી મને કાવ્યદોષોનાં સર્વ ઉદાહરણો મળી રહેત!' જો કે, આ એક દંતકથા છે, તે સર્વસ્વીકૃત નથી.*

### આચાર્ય મમ્મટનો સમય

*સંસ્કૃત સર્જકો કે પંડિતોની જેમ મમ્મટના સમય અંગેનો નિર્ણય કરવામાં બહુ મુશ્કેલી આવતી નથી. કેટલાંક આંતરિક અને બાહ્ય પ્રમાણોને આધારે આચાર્ય મમ્મટનો સમય નિશ્ચિત થઈ શકે છે જેમ કે, -*

1) *આચાર્ય મમ્મટે કાવ્યપ્રકાશના ચોથા ઉલ્લાસમાં ભરતના નાટ્યશાસ્ત્ર અને આનન્દવર્ધનના ધ્વન્યાલોક પર ટીકા લખનાર આચાર્ય અભિનવગુપ્તનો ઉલ્લેખ કર્યો છે. હવે અભિનવગુપ્તનો સમય નિશ્ચિતપણે ઈ.સ.* 990 *થી ઈ.સ.* 1020 *છે. માટે આચાર્ય મમ્મટનો સમય ઈ.સ.* 1020 *પછીનો ચોક્કસપણે નિશ્ચિત થાય છે.*

2) *આચાર્ય મમમટે કાવ્યપ્રકાશના દસમા ઉલ્લાસમાં પદ્મગુપ્ત વિરચિત 'નવસાહસાંકચરિતમ્'ના શ્લોક ક્રમાંક* 123, 146, 148, 157 *ઉદાહરણ તરીકે ટાંક્યા છે. આ કૃતિની રચના ઈ.સ.*1020*માં થયેલી છે. માટે પણ કહી શકાય કે 'કાવ્યપ્રકાશ'ની રચના ઈ.સ.*1020 *પછી જ થયેલી હોવી જોઈએ.*

3) *'કાવ્યપ્રકાશ'નો ઉદાહરણ તરીકે 'અલંકારસર્વસ્વ'ના રચયિતા રુધ્યકે વિવેચન કરતી વખતે ઘણીવાર ઉલ્લેખ કરેલો છે. આ કૃતિનો રચનાકાળ ઈ.સ.*1135 *થી ઈ.સ.* 1155*નો મનાય છે, માટે 'કાવ્યપ્રકાશ'નો રચનાકાળ પણ ઈ.સ.*1150*ની પૂર્વે જ હોવો જોઈએ.*

4) *'કાવ્યપ્રકાશ'નો ઉલ્લેખ જૈનાચાર્ય માણિક્યચંદ્રની 'સંકેત' નામની ટીકામાં છે. જેમ*

काव्ये काव्यप्रकाशस्य सङ्केतोऽयं समर्पितः ॥

*આ ટીકાનો રચનાકાળ ઈ.સ.1159 થી 1160 છે, માટે 'કાવ્યપ્રકાશ' ઈ.સ. 1159 પૂર્વે જ લખાયું હોવું જોઈએ.*

5) *આચાર્ય મમ્મટે કાવ્યપ્રકાશમાં ઘણીવાર ભોજરાજની ઉદારતાનો ઉલ્લેખ કર્યો છે.*

"यद्विद्वद्भवनेषु भोजनृपतेस्तत्त्यागलीलायितम् । कैयट

*ઉદાત્ત અલંકારના ઉદાહરણ તરીકે આ પંક્તિ મમ્મટે લખી છે. એનો અર્થ એ થયો કે, આ શ્લોક રાજા ભોજના પછીના જીવનકાળ દરમિયાન રચાયો હોવો જોઈએ. કારણ કે તેમની કીર્તિ વિસ્તરતા થોડો ઘણો સમય તો ગયો હશે જ. હવે, ભોજનો સમય ઈ.સ. 1054નો છે, અર્થાત્ 'કાવ્યપ્રકાશ'ની રચના સંભવ છે કે એના પછી જ થઈ હોવી જોઈએ.આ સમગ્ર પ્રમાણોને ધ્યાનમાં રાખી એમ કહી શકાય એમ છે કે, આચાર્ય મમ્મટ અગિયારમી સદીના ઉત્તરકાળમાં થઈ ગયા હશે.*

**આચાર્ય મમ્મટની વિદ્વત્તાઃ-**

*આચાર્ય મમ્મટ માટે ભીમસેને 'સરસ્વતીના અવતાર'ની જે ઉપાધિ આપી છે, તે જ એમની વિદ્વત્તા કે સાક્ષરતા સૂચવી જાય છે. ભીમસેને આપેલી ઉપાધિનો લક્ષ્યાર્થ એ છે કે, મમ્મટ અસાધારણ પ્રતિભાવાન વિદ્વાન આચાર્ય હતા. અલંકારશાસ્ત્રના ઈતિહાસમાં એમનું અનોખું સ્થાન છે, કારણ કે એમણે પોતાની આગવી શૈલીથી એમની પૂર્વેના આલંકારિકોના મતોની સમીક્ષા કરી છે, પણ તેની સંદિગ્ધતાને તેમણે ટાળી છે. મમ્મટના 'કાવ્યપ્રકાશ' ઉપર રચાયેલી ૭૫ જેટલી ટીકાઓ જ દર્શાવે છે કે તેમની પ્રસિદ્ધિ અને મહત્ત્વ કેટલું અનેરું છે. મમ્મટે તેમના પુરોગામી આલંકારિકોના લખાણોનો ક્યાંક સીધેસીધો તો ક્યાંક પરોક્ષ રીતે પણ ઉલ્લેખ કર્યો છે, જે તેમનું પૂર્વેના આલંકારિકોના ગ્રંથોનું સૂક્ષ્મ અધ્યયન સૂચવે છે, કાવ્યશાસ્ત્રના સિદ્ધાન્તનાં ઉદાહરણ આપવા માટે મમ્મટે 600 જેટલાં પદ્યો ટાંક્યાં છે. એ બાબત પણ એમ સૂચવે છે કે, પ્રશિષ્ટ સંસ્કૃત કૃતિઓનો તલસ્પર્શી અભ્યાસ મમ્મટે કરેલો હશે.*

*આ ઉપરાંત મમ્મટનું પાંડિત્ય 'કાવ્યપ્રકાશ'માં અત્ર-તત્ર-સર્વત્ર દ્રષ્ટિગોચર થાય છે. તેઓ મુખ્યત્વે વ્યાકરણ, મીમાંસા, ન્યાય, વેદાન્ત, સાંખ્ય આદિ શાસ્ત્રોના પ્રકાંડ વિદ્વાન હતા. તેના પુરાવા 'કાવ્યપ્રકાશ'માંથી જ પ્રાપ્ત થાય છે. ક્રમશ તેની ચર્ચા કરીએ*

**1. વૈયાકરણ**

*મમ્માટાચાર્ય મુખ્યત : વ્યાકરણના વિદ્વાન છે એવું કેટલાંક વિદ્વાનોનું માનવું છે. પ્રાચીન ભારતમાં શિક્ષણની શરૂઆત જ વ્યાકરણ વિષયથી થતી. કાવ્યપ્રકાશમાં વ્યાકરણશાસ્ત્રના અનેક નિર્દેશો મળે છે, જે દર્શાવે છે કે મમ્મટને વૈયાકરણો માટે વિશેષ માન છે.*

1. *પ્રથમ જ ઉલ્લાસમાં ચોથી કારિકાની વૃત્તિમાં વૈયાકરણો માટે* 'बुधै:' *એટલે કે 'વિદ્વાનો' એવું વિશેષણ પ્રયોજ્યું છે. વૈયાકરણોના 'સ્ફોટવાદ'નો મમ્મટે ખૂબ આદરપૂર્વક ઉલ્લેખ કર્યો છે.*

*મમ્મટે શબ્દના 'સંકેત' (અર્થ સંકેત) વિષયક વિવિધ મતોનું નિરૂપણ કરતી વખતે વ્યાકરણ મહાભાષ્યકાર સંમત જાત્યાદિ (જાતિ વગેરે) મતોને પ્રાથમિકતા આપી છે.* 'जातिरेव' *એવું લખીને મીમાંસકોના 'જાતિ' મતનો ઉલ્લેખ પછીથી કર્યો છે, અને* 'जात्यादि' *મત કે જે પતંજલિ સંમત છે, તેનો ઉલ્લેખ પ્રથમ કર્યો છે. મમ્મટે વ્યાકરણસંમત* 'शब्दानां चतुष्टयी प्रवृत्तिः' *('શબ્દોની ચાર પ્રકારની પ્રવૃત્તિ' એટલે કે ચાર પ્રકારના શબ્દો)નો ઉલ્લેખ પણ કર્યો છે.*

*અલંકારનિરૂપણમાં 'ઉપમા' અને તેના ભેદોની સમજણ આપતી વખતે મમ્મટ વ્યાકરણશાસ્ત્રીય સિદ્ધાંતોને અનુસર્યા છે. 'વિરોધ' અલંકારના ભેદોનું દર્શન કરાવતી વખતે પણ મમ્મટ વ્યાકરણ-શાસ્ત્રીઓએ સ્વીકારેલા ચાર પ્રકારનો આધાર નજર સમક્ષ રાખે છે.*

*મમ્મટ સ્વયં વૈયાકરણ હોવાથી એમણે કાવ્યપ્રકાશમાં અનેક સ્થળે વ્યાકરણશાસ્ત્રની પરિભાષાઓ પ્રયોજી છે. 'અસંગતિ' અને 'વિભાવના' અલંકારના વિવેચનમાં અનુક્રમે 'ઉત્સર્ગની વ્યવસ્થિતિ' અને ક્રિયા એ જ કરણ છે. એવી વ્યાકરણની પરિભાષાઓનો પ્રયોગ પણ કર્યો છે.*

**2. મીમાંસક**

*આચાર્ય મમ્મટ દર્શનશાસ્ત્રની એક શાખા મીમાંસાશાસ્ત્રના પણ ઉત્તમ જ્ઞાતા હતા. આ બાબતનાં પણ ઉદાહરણો 'કાવ્યપ્રકાશ'માં પ્રાપ્ત થાય છે, જેમ કે – 'સંકેત' વિષયક મતોની ચર્ચા દરમિયાન તેમણે પૂર્વ મીમાંસકોના* 'जातिरेव' *મતનો ઉલ્લેખ કર્યો છે. વળી* जातिरेव प्रवृत्तिनिमित्तमित्यन्ये' *વાક્યમાં પણ મીમાંસકોના મતનું સૂચન છે. આચાર્ય મમ્મટે પ્રસિદ્ધ મીમાંસક મંડનમિશ્રના ઉપાદાન લક્ષણવાળા મતનું ખંડન* 'गौरनुबन्ध्यः' *માં કર્યું છે, જે તેમનું મીમાંસા વિષયક જ્ઞાન સૂચવે છે. લક્ષ્યાર્થને સમજાવવા માટે પોતાના મતના પ્રતિપાદન માટે પૂર્વમીમાંસકોને માન્ય મતનો નિર્દેશ* गौर्वाहिक*માં મમ્મટે કર્યો છે, તેમાં પણ તેમનું મીમાંસાનું તલસ્પર્શી જ્ઞાન સૂચિત થાય છે.*

'तात्पयार्थ' *ની ચર્ચા દરમિયાન મમ્મટે મીમાંસકોના 'અભિહિતાન્વયવાદ' અને 'અન્વિતાભિધાનવાદ' જેવા મતોની પણ ચર્ચા કરી છે. એમણે પાંચમા ઉલ્લાસમાં મીમાંસાના મતોનું ખંડન અને નિરૂપણ કરીને તેઓના અંતરંગ મતમતાંતર સુધી પ્રવેશનાર મમ્મટ ખરેખર એક નિષ્ણાત મીમાંસક પણ હતા એમ જણાય છે.*

**3. ન્યાય-વૈશેષિક શાસ્ત્રજ્ઞ**

*આચાર્ય મમ્મટ ન્યાય-વૈશેષિક દર્શન-શાસ્ત્રના પણ ઊંડા અભ્યાસુ હતા. જેના પ્રમાણો પણ કાવ્યપ્રકાશમાંથી પ્રાપ્ત થાય છે. જેમ કે,- કાવ્યપ્રકાશના મંગલ પદ્યની વૃત્તિમાં વૈશેષિકોના પરમાણુકારણવાદ'નો ઉલ્લેખ આચાર્ય મમ્મટ કરે છે, જેમ કે -*
'परमाण्वाद्युपादानकर्मादिसहकारिकारणपरतन्त्रा ।'

*અહીં ન્યાયશાસ્ત્રનાં 'અસમવાયિ' અને 'નિમિત્ત' બંને કારણો માન્ય રાખ્યાં છે. ''કાવ્યના હેતુ'ની ચર્ચા કરતી વખતે મમ્મટ વૃત્તિમાં* हेतु: न तु हेतव:' *એવું કહીને ન્યાયશાસ્ત્રની પરિભાષા પ્રયોજે છે.*

*'વ્યંજના' શક્તિની ચર્ચા કરતી વખતે પણ તેઓ 'જ્ઞાનનો વિષય' અને 'જ્ઞાનનું ફળ' એ બંને ભિન્ન હોય છે, એવી નૈયાયિકોને માન્ય એવી વિચારધારા પ્રસ્તુત કરે છે. પાંચમા ઉલ્લાસમાં પ્રખ્યાત ન્યાયાચાર્ય મહિમ ભટ્ટના મતનું નિરસન કરતાં વ્યાપ્તિ, હેત્વાભાસ, અનુમાન આદિનો વિશેષ પરિચય પણ મમ્મટને છે, એમ સૂચવાય છે. આમ, મમ્મટ ન્યાય-વૈશેષિક શાસ્ત્રમાં પણ ગહન જ્ઞાન ધરાવતા હતા.*

**4. વેદાન્ત-સાંખ્ય દર્શનના જ્ઞાતાઃ**

*આચાર્ય મમ્મટ વેદાન્તશાસ્ત્ર અને સાંખ્યદર્શનના પણ જ્ઞાતા હતા, જેમ કે-પ્રથમ ઉલ્લાસમાં 'કાવ્યના આનંદ'ને 'બ્રહ્માનંદ' સાથે મમ્મટે સરખાવ્યો છે. કાવ્યપ્રકાશના મંગળ પદ્યની વૃત્તિમાં 'બ્રહ્માની સૃષ્ટિ'ને એમણે 'સુઃમોહસ્વમાવા' કહી છે. જેમાં સાંખ્યશાસ્ત્રીઓના ત્રણ ગુણોના ફળનું સૂચન જણાય છે.*

*પાંચમા ઉલ્લાસમાં 'વાક્યાર્થ કેવળ વાચ્ય જ હોય છે' એવા વેદાન્તીઓના મતનું ખંડન મમ્મટે કર્યું છે, આ ખંડન કરવા માટે પણ વેદાન્તદર્શનના સિદ્ધાન્તોનું જ્ઞાન હોવું જરૂરી છે.*

*'કાવ્યપ્રકાશ'માં મમ્મટે વેદાન્તવિષયક માયા, મોક્ષપ્રાપ્તિ, તત્કાર્યપ્રપંચ વગેરેનું જ્ઞાન દર્શાવતા ઘણા શ્લોકો નોંધ્યા છે.*

*મમ્મટે બૌધ્ધદર્શનની શૂન્યવાદી શાખાના 'અપોહવાદ'નો પણ ઉલ્લેખ કર્યો છે. આમ, આચાર્ય મમ્મટ ભિન્ન ભિન્ન શાસ્ત્રોના જ્ઞાતા અને બહુમુખી પ્રતિભાના સ્વામી હતા. કાવ્યપ્રકાશમાં સ્થળે સ્થળે એમની સાક્ષરતા, વિદ્વત્તાનાં ઉદાહરણો પ્રાપ્ત થાય છે.*

## 7.3 તમારી પ્રગતિ ચકાસો.

**નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

1. *અલંકાર શબ્દની વ્યુત્પત્તિ જણાવી કાવ્ય પ્રકાશનો સામાન્ય પરિચય આપો.*
2. *કાવ્યપ્રકાશ નો અર્થ જણાવી કાવ્યપ્રકાશનું વિષયવસ્તુ સમજાવો.*
3. *આચાર્ય મમ્મટના જીવન વિશે માહિતી આપો.*

**ટૂંક નોંધ લખો.**

1. *મમ્મટ નો સમય*

2. કાવ્યપ્રકાશ પર એક નજર
3. મમ્મટની વિદ્વતા

**બહુવિકલ્પ પ્રશ્નોના જવાબ લખો.**

1. કાવ્ય પ્રકાશની રચના ક્યારે થઈ હોવાનું મનાય છે.?
   (A) 1020 (B) 1220 (C) 1420 (D) 1520
2. આચાર્ય મમ્મટ ને કયા નામથી ઓળખાય છે.?
   (A) કવિકુલગુરુ (B) વાગ્દેવતા (C) વિદ્વતવર (D) કવિશિરોમણિ
3. આચાર્ય મમ્મટના પિતા નું નામ શું છે?
   (A) જૈયટ (B) ઉવટ (C) કૈયટ (D) ભામહ
4. પતંજલિના મહાભાષ્ય ઉપર પ્રદીપ નામની ટીકા કોણે લખી છે?
   (A) કૈયટ (B) ઉવટ (C) ભરત (D) મમ્મટ
5. ઉવટે કયો ગ્રંથ લખ્યો છે.?
   (A) સુધાસાગર (B) હ્રસાહિત્ય સુત્ર (C) કાવ્યપ્રકાશ (D) મંત્રભાષ્ય
6. આચાર્યમાં કયા પ્રદેશમાં જન્મ્યા હતા.?
   (A) દક્ષિણ (B) વારાણસી (C) કાશ્મીર (D) ઉજ્જૈન
7. ચોથા ઉલ્લાસનું નામ શું છે.?
   (A) અર્થાલિંકારનિર્ણય (B) ધ્વનિનિર્ણય
   (C) અર્થવ્યંજકતા નિર્ણય (D) દોષદર્શન
8. શબ્દ અને અર્થના સ્વરૂપની વિસ્તૃત ચર્ચા કયા ઉલ્લાસમાં કરવામાં આવી છે.?
   (A) 1 (B) 4 (C) 6 (D) 2
9. કાવ્ય ના કેટલા પ્રયોજનો છે. કયા કયા
   (A) 6 (B) 8 (C) 9 (D) 4
10. 'काव्यशोभाकरान् धर्मान् अलंकारान् प्रचक्षते ।
   (A) કાવ્યાદર્શ (B) સાહિત્યદર્પણ
   (C) નાટ્યશાસ્ત્ર (D) એક પણ નહી
11. કાવ્યશાસ્ત્રના સંપ્રદાયો કેટલા છે
   (A) 6 (B) 9 (C) 7 (D) 3
12. 'કાવ્યપ્રકાશ' ઉપર ભીમસેન કઈ ટીકા લખી છે?
   (A) સુધાસાગર (B) સુધાસિન્ધુ (C) સુધાકર (D) સુધાર્ણવ

---

**લેખક : ડૉ. રીટા પારેખ, પ્રોફેસર, સંસ્કૃત વિભાગ,**
**શ્રી પી.કે. કોટાવાલા આર્ટસ કોલેજ, પાટણ.**

---

# એકમ : 8 : કાવ્યપ્રકાશ – ઉલ્લાસ-5 મૂળ ગ્રન્થ અને ભાષાંતર

## રૂપરેખા

**8.0 ઉદ્દેશ**

**8.1 પ્રસ્તાવના**

**8.2 કાવ્યપ્રકાશ ઉલ્લાસ 5 (ધ્વનિગુણીભૂતવ્યંઙ્ગ્યસંકીર્ણ ભેદનિર્ણય)**

**8.3 તમારી પ્રગતિ ચકાસો**

## 8.0 ઉદ્દેશ

- *કાવ્યપ્રકાશના પાચમાં ઉલ્લાસથી સામાન્ય પરિચય જાણવા મળશે.*
- *ધ્વનિના નિર્ણય થયા પછી ગુણીભૂત વ્યંઙ્ગ્યના પ્રભેદોનું વર્ણન છે.*
- *ગુણીભૂતવ્યઙ્ગ્યના આઠ ભેદોનું વર્ણન શ્લોક અને ઉદાહરણ સાથે સમજી શકાશે.*
- *ધ્વનિગુણીભૂતવ્યંઙ્ગ્યસંકીર્ણભેદનિર્ણય વિશે માહિતી જાણી સમજી શકાશે.*

## 8.1 પ્રસ્તાવના

*ઉલ્લાસ* 5 (पञ्चम उल्लास) — कारिका (*શ્લોકો) અને અર્થ*

*"પંચમ* उल्लास*" વિશે, "ધ્વનિ-ગુણીભૂત વ્યંગ્ય" (અર્ધ-કાવ્ય) વિશે ચર્ચા છે, જેમાં "કારિકા" (અને કદાચ તેનાં વિકલ્પ તરીકે શ્રીમદ શ્લોક) દ્વારા વ્યંજના શ્રેષ્ઠતા દર્શાવવામાં આવે છે.*

*"કારિકા"* (सूत्र / *ગૂઢ શ્લોક) સામાન્ય રીતે સંક્ષિપ્ત શ્લોકો હોય છે. "ઉલ્લાસ ૫" માં "પંચમ ઉલ્લાસ" વિષે વિભિન્ન પ્રકારના* व्यंग्य*-ભેદ (વ્યંગ્યનાં વિવિધ સ્વરૂપો), અને તેમને સમર્થન કે વિવાદ નિવારણ કરવા માટે વિચારો રજૂ કરવામાં આવ્યા છે.*

*"કાવ્યપ્રકાશ" નું "પંચમઉલ્લાસ" એટલે કે* ध्वनि गुणी भूत व्यंग्य संकीर्ण भेदनिर्णय *છે, જેમાં કવિતા અથવા વ્યંગ્યમાં ધ્વની ઓછી હોય પણ મહત્ત્વની હોય છે. આ અધ્યાયમાં ત્યાં 8 પ્રકારના ખાસ સંકેત અને ઉદાહરણ સાથે સમજાવવામાં આવ્યા છે.*

*સૌપ્રથમ, ગુંણીભૂતવ્યંગ્યનું મુખ્ય* (कारिका) *રૂપે એક સંક્ષિપ્ત શ્લોક* - स्यङ्केतगमनम् दत्तं मनस्सुमनसा जन: / ध्वनियाँन्त्रगुणीभूत: श्रोत्रानन्दी *એ છે, જે "ઉલ્લાસ ના આરંભમાં થાય છે.*

## 8.2 કાવ્યપ્રકાશ ઉલ્લાસ-5 (ધ્વનિગુણીભૂતવ્યંજ્ઞયસંકીર્ણ ભેદનિર્ણય

**કારિકા (શ્લોક)**

**सङ्केतगमनं दत्तं मनस्सुमनसा जनाḥ**

**ध्वनियन्त्रगुणीभूत: श्रोत्रानन्दी निरीक्षित:॥**

*અર્થ (સંક્ષિપ્ત ભાષાંતર):*

- *"સંકેત" ના ઉપયોગ દ્વારા, "જના" મન-પ્રસંગમૂળક રીતે સૂચિત ધ્વનિ (અર્થ) આપે છે, જેણે મનસ્વ (મનો-સંવેદનશીલ) ને પ્રસન્ન કર્યો; જે ધ્વની-ગુણી-ભૂત (પ્રવાહી) છે અને શ્રોતાની-આનંદરૂપ (શ્રોતાને આનંદન આપે તેવી) છે, એ વ્યંગ્ય-કાવ્યનું વિશિષ્ટ લક્ષણ છે.*

*"ઉલ્લાસ 5 માં આ મૂળ કારિકાને પીઠભૂમિ બનાવીને પછી 8 વિવિધ પ્રકારના ગુણીભુતવ્યંગ્ય આપવામાં આવ્યા છે. દરેક પ્રકારને વૃત્તિ (વ્યાખ્યા) તથા ઉદાહરણ (ઉદાહરણાત્મક કાવ્યશ્લોક) દ્વારા સમજાવવામાં આવ્યું છે.*

*"ઉલ્લાસ 5" (પંચમ ઉલ્લાસ)* गुणीभूत व्यंग्य *(ગુણીભૂતવ્યંગ્ય) "કાવ્યપ્રકાશ"માં ધ્વનિગુણી ભૂત વ્યંગ્યના ૮ પ્રકારો વિભાજિત રૂપે વર્ણવવામાં આવ્યા છે. આ અંગને "ધ્વનિકાવ્ય" તરીકે ઓળખાય છે, જેમાં કવિતામાં વ્યંગ્ય અર્થ સંકેત રૂપે (જોકે તેનું ઉચ્ચારણ સીધું ન હોય) શક્તિશાળી રીતે સમાવિષ્ટ હોય છે. આ પ્રકારનાં કાવ્યનું શ્રેષ્ઠ પ્રભાવે વિમર્શ કરવામાં આવે છે, જેમાં વ્યંગ્ય અર્થ વાચ્ય અર્થથી ગૌણ હોય પણ અર્થ આપવાનો અવકાશ ઊંડો હોય છે.*

*8 પ્રકારના ગુણીભૂત વ્યંગ્ય (પંચમ ઉલ્લાસમાં વર્ણિત)*

*સૂત્ર :* **अगूढमपरस्याङ्गं वाच्यसिद्ध्यङ्गमस्फुटम्।**

**सन्दिग्धतुल्यप्राधान्ये काक्वाक्षिप्तमसुन्दरम्॥**

**अर्थात् :** *કામિનીના કુચકલશની જેમ ગૂઢ ચમત્કાર કરે છે. અગૂઢ તો સ્ફુટ હોવાને લીધે વાચ્ય જેવુ થઈ જતું હોવાથી ગુણીભૂત જ છે. હવે આ પંચમ ઉલ્લાસમાં કાવ્યના બીજા ભેદ અર્થાત ગુણીભૂત વ્યઙ્ગ્યરૂપ મધ્યમ કાવ્યના ભેદોનું નિરૂપણ પ્રારંભ કરીએ છીએ. ગુણીભૂત જ છે. હવે આ પંચમ ઉલ્લાસમાં કાવ્યના બીજા ભેદ અર્થાત*

ગુણીભૂત વ્યઙ્ગ્યરૂપ મધ્યમ કાવ્યના ભેદોનું નિરૂપણ પ્રારંભ કરીએ છીએ. ગુણીભૂત વ્યંગ્યનાં આઠ પ્રકાર છે.

1. अगूढम् – ઘરબાર માણસ માટે પણ તરત સમજાવટ વાળું (વ્યંગ્ય ગૂઢ નથી)
2. अपरस्याङ्गम् – વાચ્યાર્થી બાદત્યાગ માટે વ્યંગ્ય એટલે "ગુણ" રૂપે ઉમેરાય છે
3. वाच्यसिद्ध्यङ्गम् – વાચ્યાર્થીની સિદ્ધિ માટે વ્યંગ્ય સેવા કરતાં આવે
4. अस्फुटम् – દુર્લભ, અસ્પષ્ટ વ્યંગ્ય, સહૃદય માટે પણ સમજવી મુશ્કેલ
5. संदिग्धप्रधानम् – વ્યંગ્ય કે વાચ્ય, કયા મુખ્ય છે અસ્પષ્ટ
6. तुल्यप्रधानम्– વાચ્ય અર્થ અને વ્યંગ્ય અર્થ બંને સમાન મહત્ત્વના
7. काक्वाक्षिप्तम् – વિલંબ વિનાનું, ખાસ ધ્વનિશૈલી સાથે તરત ચમત્કાર સર્જન કરે.
8. असुन्दरम् – વ્યંજક, પરંતુ રૂપરેખા આપતી હોવા છતાં, વાચ્યથી અપૂરક વ્યંગ્યભાવ પ્રખર

**अगूढं यथा –**

**यस्यासुहृत्कृततिरस्कृतिरेत्य तप्त-**

**सूचीव्यधव्यतिकरेण युनक्तिकर्णौ।**

**काञ्चीगुणग्रथनभाजनमेष सोऽस्मि**

**जीवन्न सम्प्रति भवामि किमावहामि॥**

*અર્થાત્ ના તો આન્ધ્ર દેશની સ્ત્રીયોને કુચકલશના સમાન અત્યન્ત સ્પષ્ટરૂપથી પ્રકાશમાન અગૂઢ વ્યઙ્ગ્ય શોભા આપે છે, અને ના ગુજરાતી સ્ત્રીના સ્તનોની સમાન અત્યન્ત અપ્રકાશિત જરા પણ ન દેખાવાવાળા ગૂઢ વ્યઙ્ગ્ય ચમત્કાર હોય છે. પરંતુ મહારાષ્ટ્ર દેશની સ્ત્રીના કુચકલશના સમાન નહી વધારે અસ્પષ્ટ નહી અને ના સ્પષ્ટ, ફક્ત સહૃદયમાત્રસંવેદ્ય વ્યઙ્ગ્યાર્થ જ શોભિત થાય છે. આ ઉપમાને જ ધ્યાનમાં રાખીને ગ્રન્થકાર કહે છે કે –*

*(મહારાષ્ટ્રની) કામિનીના કુચકલશના સમાન (અંશતઃ) ગૂઢ (વ્યઙ્ગ્ય) ચમત્કારજનક હોય છે એટલે ( આન્ધ્રાની સ્ત્રીના કુચના સમાન) અગૂઢ (વ્યઙ્ગ્ય) તો અત્યન્ત સ્પષ્ટ હોવાથી વાચ્ય પ્રતીત હોવાને કારણ ગુણીભૂતવ્યઙ્ગ્ય જ હોય છે.*

*પ્રાચીન ટીકાકારોએ આ શ્લોકનો અર્થ ભિન્ન પ્રકારથી આપ્યો છે. સુધાસાગર નામની ટીકાના લેખકે લખ્યુ છે કે કિચક દ્વારા કરાયેલા પરાભાવના નિવેદન કરવાવાળી દ્રૌપદી પ્રતિ બૃહન્નલાના રૂપમાં અર્જુનની આ ઉક્તિ છે. ઉદ્યોતકારનુ કહેવું છે કે બૃહન્નલાની દશામાં કોઈએ અર્જુનને એ કહ્યુ છે કે એવું ક્યા છે કે તમે તમારા*

*અભ્યુદય માટે યત્ન શા માટે નથી કરતાં, એમના ઉત્તરમાં અર્જુનની એ ઉક્તિ છે. એ લોકો પ્રમાણે શ્લોકનો અર્થ આ પ્રકારે છે.*

*શ્લોકનો પૂર્વાર્ધમાં અર્જુનએ પોતાની પૂર્વાવસ્થાનું વર્ણન કર્યું છે કે પૂર્વાવસ્થામાં જેમનાં શત્રુ પણ તેમના શરણમાં આવીને ગરમ શલાકાથી પોતાના કાન છેદીને પ્રાયશ્ચિત કરતા હતા. શરણાગતથી તપ્ત શલાકાઓથી સ્વયં કર્ણવેધન કરીને એ સમયનો આચાર હતો આ તે ટીકાકારોનો અભિપ્રાય છે.*

**2. અપરાઙ્ગ-રૂપ ગુણીભૂતવ્યઙ્ગ્યના આઠ ઉદાહરણ**

*આ પ્રકારે અહીયા ગુણીભૂતવ્યઙ્ગ્યના પ્રથમ ભેદ અગૂઢવ્યઙ્ગ્યના ઉદાહરણ જોયા બાદ આ પ્રથમ ભેદના નિરૂપણને સમાપ્ત કર્યા બાદ આ જ ગુણીભૂતવ્યઙ્ગ્યનો બીજો ભેદ અપરાઙ્ગ્વ્યઙ્ગ્ય ના આઠ ઉદાહરણ આપે છે. અપરાઙ્ગ્વ્યઙ્ગ્યનો અભિપ્રાય એ છે કે જ્યા વાક્યના તાત્પર્યવિષયીભૂત પ્રધાન અર્થ રસાદિ તથા વાચ્યાદિ અર્થ હોય અને બીજો વ્યઙ્ગ્ય રસાદિ અથવા સંલક્ષ્યક્રમવ્યઙ્ગ્ય વસ્તુ અથવા અલઙ્કારાદિ વ્યઙ્ગ્ય એમનું અઙ્ગ હોય તેને અપરાઙ્ગ્વ્યઙ્ગ્ય ગુણીભૂતવ્યઙ્ગ્ય કહેવાય છે. આ પ્રકારે ઉદાહરણના આઠ ભાગ આપે છે.*

**પ્રથમ ઉદાહરણ –**

*શ્લોક* – **अयं स रशनोत्कर्षी पीनस्तनविमर्दनः।**

**नाभ्यूरुजघनस्पर्शी नीवीविस्त्रंसनः करः॥११६॥**

*અહીંયા શ્રૃંગાર(રસ) કરૂણ (રસ) નો અઙ્ગ છે.*

**વ્યાખ્યા :** *આ શ્લોક મહાભારત ના સ્ત્રીપર્વના ૨૪ માં અધ્યાયમાથી લેવામાં આવ્યું છે. તેમાં રણભૂમિમાં કપાયને ભૂરિશ્રવાના હાથીને જોઈને વિલાપ કરતી તેની પત્ની કહી રહી છે. તેથી આ શ્લોકનો મુખ્યરસ કરૂણરસ છે. પરન્તુ તેમાં તે સ્ત્રી રતિકાળમા થવાવાળા તે હાથીના વિવિધ કાર્યોનું સ્મરણ કરી રહી છે તેથી તેમા શ્રૃઙ્ગારરસ પણ અભિવ્યક્ત થાય છે. પરન્તુ તે સ્મર્યમાણ શ્રૃઙ્ગારપ્રસઙ્ગ પ્રકૃત કરુણરસનુ અઙ્ગ પણ છે. અતઃ અપરાઙ્ગરૂપ ગુણીભૂતવ્યઙ્ગ્યનું ઉદાહરણ છે.*

**દ્વિતીય ઉદાહરણ :**

*આ પ્રકારે જ્યા એક રસ બીજા રસનું અઙ્ગ છે. એ પ્રકારનુ ઉદાહરણ આપવામાં આવ્યુ છે. હવે આગળ આ પ્રકારથી ઉદાહરણ આપે છે જેમાં રસ ભાવનો અઙ્ગ હોવાથી ગુણીભૂત થઈ ગયો હોય. આગળના શ્લોકમા ભાવ એ છે કે યથા*

શ્લોક :

**कैलासालयभाललोचनरुचा निर्वर्त्तितालक्तक-**

**व्यक्ति पादनखद्युतिर्गिरिभुवः सा वः सदा त्रायताम्।**

**स्पर्धाबन्धसमृद्धयमेव सुदृढ रुढा यया नेत्रयोः**

**कान्तिः कोकनदानुकारसरसा सद्यः समुत्सार्यते ॥११७॥**

**વ્યાખ્યા :** *કૈલાસવાસી (શિવજી) ના લલાટ (તૃતીય) નેત્રની કાન્તિથી મહાવરની (વ્યક્તતા) અથવા શોભા જેમાં સમ્પાદિત કરાયેલી છે એ પ્રકારની પાર્વતીના ચરણોની નખની તે દ્યુતિ, તમારી સદા રક્ષા કરે (પાર્વતીના ક્રોધથી આરક્ત નેત્રોની આરક્તાને જીતવા માટે સ્પર્ધાબન્ધ) શર્તને કારણ વધેલી જે (પાદનખદ્યુતિ) દ્વારા (પાર્વતીના ક્રોધથી) આરક્ત નેત્રોની લાલ કમલ (કોકનદ) નુ અનુકરણ કરવાવાળી સરસ કાન્તિ (પરાજીત કરી દીધી જવાથી) તરત ભગાવી દેવામાં આવી છે. (અર્થાત્ પાર્વતીના માનાપનોદ માટે ચરણો પર ઝુકેલા શિવજીના તૃતીય નેત્રની દ્યુતિથી વધારે આરક્ત થયેલી પાર્વતીની નખદ્યુતિથી જાણો પરાજીત થઈને ક્રોધથી આરક્ત નેત્રોની લાલ કાન્તિ ભાગી જાય છે. અર્થાત્ પાર્વતીનો ક્રોધ શાન્ત થઈ જાય છે.*

શ્લોક :

**अत्युच्चाः परितः स्फुरन्ति गिरयः स्फारास्तथाम्भोधयः**

**तानोतानपि बिभ्रती किमपि न क्लान्ताडसि तुभ्यं नमः**

**आश्चर्येण मुहुर्मुहुः स्तुतिमिति प्रस्तोमि यावद् भुवः**

**तावद्विभ्रदिमां स्मृतस्तव भावो वाचस्ततो मुद्रिताः॥११८॥**

*વ્યાખ્યા – ચારેય તરફ મોટા-મોટા પહાડ અને વિસ્તીર્ણ સાગર દેખાય રહ્યા છે. તે ( જેવા ભંયકર) આ ( ભારે વસ્તુઓ) ને ( સ્વયં) ધારણ કરતી પણ ( હે પૃથ્વી) તુ ધબડાતી નથી એવી ( અદ્ભુત સાહસમયી) તને ( શ્રદ્ધાભાવથી મારા) નમસ્કાર છે. આ પ્રકારે આશ્ચર્યથી ( અભિભૂત થયેલા) હું જ્યા સુધી વારંવાર પૃથ્વીની આ સ્તુતિ કરી રહ્યો હતો ત્યા સુધી આ (પૃથિવી) ને પણ ધારણ કરવાવાળા તમારા (રાજા ભોજને) ભુજની યાદ આવી ગઈ( જે એમના પણ ભારને ધારણ કરેલ છે) ત્યારે ( પૃથિવીની સ્તુતિપરક મારી) વાણી બંધ થઈ ગયી.*

*ચતુર્થ ઉદાહરણ –*

**શ્લોક :**

**बन्दीकृत्य नृपद्विषा मृगदृशस्ताः पश्यतां प्रेयसां**

**श्लिष्यन्ति प्रणमन्ति लान्ति परियश्चुम्बन्ति ते सैनिकाः।**

**अस्माकं सुकृतैर्दृशोर्निपतितोऽस्योचित्यवारान्निधे**

**विध्वस्ता विपदोऽखिलास्तदिति तैः प्रत्यर्थिभिः स्तूयसे॥११९॥**

**વ્યાખ્યા :** *હે રાજના આપના સૈનિક શત્રુઓની સ્ત્રીયોને બન્દી બનાવીને (તેમના) પતિની સામે (એમની પરવાહ ન કરીને) તેમના (બલાત્) આલિઙ્ગન કરે છે. (સૈનિકોની આ ધૃષ્ટતા સ્ત્રીયોના નારાજ થવા પર તેમને પ્રસન્ન કરવા માટે) પ્રણામ કરે છે. ( તેમના વચન માટે સ્ત્રીયોના અહિયા ત્યા હટવા પર) તેમને ચારેય તરફથી પકડી લે છે, અને (ધૃષ્ટતાપૂર્વક બળજબરી થી તેમને) ચુમ્બન કરે છે. અને તેમના શત્રુ આ પ્રકારે (કહીને) તમારી સ્તુતિ કરે છે કે હે ઔચિત્યના વારિધિ ( ઉચિત કાર્યના કરવાવાળા હે રાજન) અમારા (પૂર્વજન્મના) પુણ્યોથી અમને તમારા દર્શન થયાં છે એટલા માટે ( હવે તમારા દર્શનથી) અમારી બધી વિપત્તિઓ મટી ગયી છે.*

**પંચમ ઉદાહરણ :**

**શ્લોક :**

**अविरलकरवालकम्पनैर्भ्रुकुटीतर्जनगर्जनैर्मुहुः।**

**ददृशे तव वैरिणां मदः स गतः क्वापि तवक्षणे क्षणात् ॥१२०॥**

*વ્યાખ્યા : (હે રાજન તમારી અનુપસ્થિતિમાં) નિરન્તર તલવાર ચલાવવા, ડરાવવા અને વારંવાર ગરજવાને કારણે તમારી સ્ત્રીયોનુ મોટુ અભિમાન દેખાય છે. પરન્તુ તમને જોતા જ તે (મદ) ક્ષણભરમાં ખબર નહી ક્યા ઉડી ગયું.*

**ષષ્ઠ ઉદાહરણ :**

**શ્લોક :**

**साक कुरङ्गकदृशा मधुपानलीलां कर्तुं सुहृद्भिरपि वैरिणि ते प्रवृते।**

**अन्याभिधायि तव नाम विभो गृहितं केनापि तत्र विषमामकरोदवस्थाम्॥१२१॥**

*વ્યાખ્યા - હે રાજન તમારા શત્રુ મિત્રો સહિત મૃગનયનીની સાથે જેવુ જ મદ્યપાનને લીલામાં પ્રવૃત્ત થયુ કે (શ્લેષથી) અન્ય અર્થના વાચક તમારૂ નામ કોઈએ લીધુ જેમા*

*( એ મધુપાનગોષ્ઠીમા) ઘણી વિષમ અવસ્થા થઈ ગયી. (તમારુ નામ સાંભળીને બધા ઘબરાઈ ગયા, આમ-તેમ ભાગવા લાગ્યા)*

**સપ્તમ ઉદાહરણ :**

**શ્લોક :**

**असोढा तत्कालोल्लसदसहभावस्य तपसः**

**कथानां विश्रम्भेष्वथ च रसिकः शैलदुहितुः।**

**प्रमोदं वो दिश्यात्कपटबटुवेषापनयने**

**त्वराशैथिल्याभ्यां युगपदभियुक्तः स्मरहरः॥१२२॥**

**વ્યાખ્યા :** *(પાર્વતીની કોમળ અવસ્થાને) એ કાળમાં (પાર્વતી દ્વારા કરવામા આવેલી ) તપની કઠોરતા (અસહભાવ અસહનીયતા) ને (જોઈને દ્રવીભૂત થયા તેથી) ન સહી સકવાવાળા (અર્થાત્ તરત ઈચ્છા પૂર્તિ માટે ઉદ્યત) સાથે જ પાર્વતીની (શિવાનુરાગપરક) વિશ્વસ્તરૂપથી કરવાવાળી વાતો (કથાઓના) ના રસ લેવાવાળા (તેથી અનુરાગચર્ચાના રસાસ્વાદને કારણે એ વેષના પરિત્યાગ કરવા માટે) શૈથિલ્યથી એક સાથે જ અભિયુક્ત થયેલા (સ્મરહર) શિવજી તમને આનન્દ પ્રદાન કરે.*

**અષ્ટમ ઉદાહરણ :**

**શ્લોક :**

**पश्येत्कश्चिच्चल चपल रे का त्वराऽहं कुमारी**

**हस्तालम्बं वितर हह हा व्युत्क्रमः क्वासि यासि।**

**इत्थं पृथ्वीपरिवृढं भवद्विद्विषोऽरण्यवृत्तेः**

**कन्या कञ्चित्फलकिसलयान्याददानाऽभिधत्ते॥१२३॥**

**વ્યાખ્યા :** *હે રાજના (આપના ડરથી ભાગીને) જંગલમાં રહેવાવાળા આપના શત્રુની (ભોજન માટે) ફળ અને પાંદડાઓ તોડતી કન્યા (પોતાના કોઈ કામુકથી) આ પ્રકારે કહે છે.*

**વાચ્યાઙ્ગ અને વાસ્યસિદ્ધ્ઙ્ગવ્યઙ્ગ્યનો ભેદ :**

*અહિયા સુધી ગ્રન્થકારનએ ગુણીભૂતવ્યઙ્ગ્યના અપરાઙ્ગવ્યઙ્ગ્ય નામક દ્વિતીય ભેદના દસ આપ્યા છે. જેમના આઠ ઉદાહરણ જોયા. તેમાથી અન્તિમ બે ઉદાહરણમાં ક્રમશઃ અલઙ્કારધ્વનિ તથા વસ્તુધ્વનિ વાચ્યના અઙ્ગ થઈ રહ્યા છે. એ વાત બતાવી છે.*

वाच्यसिद्ध्यङ्गं यथा –

**શ્લોક :**

**भ्रमिमरतिमलसहृदयतां प्रलयं मूर्छां तमः शरीरसादम्।**

**मरणञ्च जलदभुजगजं प्रसह्य कुरुते विषं वियोगिनीनाम्॥१२६॥**

**વ્યાખ્યા :**

*મેઘરૂપ સર્પથી ઉત્પન્ન વિષ ( વિષ શબ્દનો અર્થ જળ પણ થાય છે અને હાલાહલ વિષ પણ) વિયોગિનીયોને બળપૂર્વક (જબરદસ્તીથી) ચક્કર, બેચેની, ઉદાસીનતા ( અલસહૃદયતા), જ્ઞાન અને ચેષ્ટાનો અભાવ (પ્રલય સુખદુઃખ ચેષ્ટાજ્ઞાનનિરાકૃતિઃ) મૂર્ચ્છા, આંધળાપણુ (તમ), શારીરિક દુર્બલતા અને મરણને ઉત્પન્ન કરે છે.*

**અસ્ફુટવ્યઙ્ગ્યનુ ઉદાહરણ :**

*આગળ ગુણીભૂતવ્યઙ્ગ્યના ચોથા ભેદ અસ્ફુટવ્યઙ્ગ્યનું ઉદાહરણ આપે છે.*

**અસ્પષ્ટ (વ્યઙ્ગ્યનું ઉદાહરણ) યથા :**

*(આપના) દર્શન ન થવાથી દર્શનની ઉત્કંઠા રહે છે અને દર્શન થવા પર વિયોગનો ભય રહે છે. એટલા માટે આપના દર્શન ન થવા અને થવા, બન્ને અવસ્થાઓમાં આપનાથી સુખ મળે છે.*

*અહિયા (કહેવાવાળી નાયિકાનો અભિપ્રાય એ છે કે) તમે એવો (ઉપાય) કરો જેનાથી ના તો આપ અદૃષ્ટ થાવ અને ના આપના વિયોગનો ભય હોય (અર્થાત સદા મારી પાસે રહે) આ (વ્યઙ્ગ્ય અર્થ છે. પરન્તુ એમનુ સમજવુ સહૃદયો માટે પણ અત્યન્ત) ક્લિષ્ટ છે.*

**સન્દિગ્ધપ્રાધાન્યનુ ઉદાહરણ :**

*આગળ ગુણીભૂતવ્યઙ્ગ્યના પંચમ ભેદ સન્દિગ્ધપ્રાધાન્યનુ ઉદાહરણ છે.*

*જે શ્લોક કુમારસમ્ભવમાંથી લેવામાં આવેલો છે. પાર્વતીને જોઈને શિવજીની અવસ્થા થઈ તેમનુ વર્ણન કરતા કવિ કહે છે.*

*ચન્દ્રમાના ઉદયથી આરમ્ભમાં સમુદ્રના ( ઉદ્વેલિત થઈ જવાના) સમાન અધીર થઈને શિવજીએ બિમ્બફલની સમાન (રક્તવર્ણ) અધરોષ્ઠથી યુક્ત પાર્વતીના મુખપર પોતાની ત્રણેય આંખો ગડાવી દીધી.*

**તુલ્યપ્રાધાન્ય (રૂપ ગુણીભૂતવ્યઙ્ગ્યનું ઉદાહરણ યથા) :**

**ब्राह्मणातिक्रमत्यागो भवतामेव भूतये**

**जामदग्न्यस्तथा मित्रमन्यथा दुर्मनायते॥१३०॥**

*અહીંયા (નારાજ થઈ જવા પર) પરશુરામ ( એ બધા ક્ષત્રિયોનો નાશ કરી દીધો હતો. એજ પ્રકારે) બધા ક્ષત્રિયોના સમાન રાક્ષસોનો પણ તે ક્ષણભર નાશ કરી દેશે, આ વ્યઙ્ગ્યની અને વાચ્ય( નારાજ થઈ જવું) ની સમાન જ પ્રાધાન્ય છે. ( એટલે આ તુલ્યપ્રાધાન્ય ગુણીભૂતવ્યઙ્ગ્યનું ઉદાહરણ છે.*

**કાક્વાક્ષિપ્ત વ્યઙ્ગ્યનું ઉદાહરણ :**

*કાકુ આક્ષિપ્ત (ગુણીભૂતવ્યઙ્ગ્યનું ઉદાહરણ) યથા :*

*શ્લોક-*

**मथ्नामि कौरवशतं समरे न कोपाद्**

**दु:शासनस्य रुधिरं न पिबाम्युरस्तः।**

**सञ्चूर्णयामि गदया न सुयोधनोरु**

**सन्धि करोतु भवतां नृपतिः पणेन ॥१३१॥**

**વ્યાખ્યા :**

*યદિ આપના (અર્થાત્ મારુ નહીં) રાજા કોઈ શર્તપર ( કૌરવોની સાથે) સન્ધિ કરીલે તો શું હુ ક્રોધથી યુદ્ધભૂમિમાં સમસ્ત કૌરવોંનો નાશ નહીં કરુ? (પોતાની પ્રતિજ્ઞા અનુસાર ) દુઃશાસનની છાતીથી (તેમનુ) રક્તપાન ન કરુ? અને (પોતાની પ્રતિજ્ઞા અનુસાર ) દુઃશાસનની છાતીથી (તેમનુ) રક્તપાન ન કરુ? અને (પોતાની પ્રતિજ્ઞા અનુસાર) ગદાથી દુર્યોધનની જાંઘ ના તોડુ? (અર્થાત્ યુદ્ધિષ્ઠિર ભલે સન્ધિ કરીલે, પણ હું તો કૌરવોનો નાશ અવશ્ય કરીશ.)*

*અહીંયા અવશ્ય નાશ કરીશ આ વ્યઙ્ગ્ય કાકુથી આક્ષિપ્ત થવાના કારણે વાચ્યનિષેધ* ( न मन्यानमि) *સાથે-સાથે જ પ્રતીત (સ્થિત) થાય છે.*

**અસુન્દર વ્યઙ્ગ્યનુ ઉદાહરણ :**

*ગુણીભૂતવ્યઙ્ગ્યનો આઠમો ભેદ અસુન્દર વ્યઙ્ગ્યનુ ઉદાહરણ યથા :*

**શ્લોક :**

**वानीरकुञ्जोड्डीन-शकुनिकोलाहलं श्रृण्वन्त्याः।**

**गृहकर्मव्यापृताया वध्वाः सीदन्त्यङ्गानि॥१३२॥**

**વ્યાખ્યા :**

*અહિંયા( જેમની સાથે કુન્જમા મળવાનો સમય નિશ્ચિત કર્યો હતો આ પ્રકારનો) દત્તસંકેત કોઈ (અર્થાત્ પ્રેમી પુરુષ નિયત સમયપર) લતાગૃહમાં પ્રવિષ્ટ થઈ ગયો આ વ્યઙ્ગ્યથી વધૂના અંગો શિથિલ થઈ રહ્યા છે. આ વાચ્ય અધિક ચમત્કારજનક છે. ( અતઃ આ ગુણીભૂતવ્યઙ્ગ્યના અસુન્દરવ્યઙ્ગ્ય નામક આઠમાં ભેદનું ઉદાહરણ છે.)*

**ગુણીભૂતવ્યઙ્ગ્યકાવ્યના ભેદોનો વિસ્તાર :**

*આ પ્રકારે ગુણીભૂતવ્યઙ્ગ્યના આઠ ભેદ બતાવ્યા છે. પહેલા ધ્વનિકાવ્યના ૫૧ ભેદ બતાવ્યા હતા. ધ્વનિ અને ગુણીભૂતવ્યઙ્ગ્યના ભેદ વસ્તુતઃ વ્યઙ્ગ્યની પ્રધાનતા અને અપ્રધાનતાના કારણે જ થાય છે અર્થાત્ જ્યા વ્યઙ્ગ્ય અર્થનું પ્રાધાન્ય હોય છે ત્યાં ધ્વનિકાવ્ય અર્થાત્ ઉત્તમકાવ્ય અને જ્યા તેમનું અપ્રાધાન્ય હોય છે ત્યા ગુણીભૂતવ્યઙ્ગ્યકાવ્ય અથવા મધ્યમકાવ્ય કહેવાય છે. એટલે જેવી રીતે વ્યઙ્ગ્યના પ્રધાન થવાથી ધ્વનિકાવ્યરૂપ ઉત્તમકાવ્યના* 51 *ભેદ બતાવ્યા હતા એવી જ રીતે ગુણીભૂતવ્યઙ્ગ્યરૂપ મધ્યમકાવ્યના પણ તે* 51 *ભેદ હોવા જોઈએ. પરન્તુ જ્યા વસ્તુથી અલંકાર વ્યઙ્ગ્ય થાય છે, ત્યા વસ્તુની અપેક્ષા અલંકારનું સદા પ્રાધાન્ય હોવાને કારણે તેમને ગુણીભૂતવ્યઙ્ગ્ય માનવામાં આવતું નથી. એમને સદા ધ્વનિ જ માનવામાં આવે છે. આ વાતનું સમર્થન કરવા માટે ગ્રન્થકારે ધ્વન્યાલોકની કારીકા આગળ ઉદધૃત કરી છે. વસ્તુથી અલંકારવ્યઙ્ગ્યના પહેલા* 1. *સ્વતઃ સમ્ભવી,* 2. *કવિપ્રૌઢોક્તિસિદ્ધ તથા ૩. કવિ ની બદ્ધવક્તૃપ્રૌઢોક્તિસિદ્ધ ત્રણ ભેદ કર્યા હતા. પછી તેમના પદગત, વાક્યગત તથા પ્રબન્ધગત ત્રણ ભેદ થઈને વસ્તુથી અલંકાર વ્યઙ્ગ્યના* $3\times3$=6 *ભેદ, ધ્વનિકાવ્યના ૫૧ શુદ્ધ ભેદોમાંથી ઓછા કરી દેવાથી ગુણીભૂતવ્યઙ્ગ્યકાવ્યના* 51-6 = 42 *ભેદ રહી જાય છે.*

*ધ્વનિકાવ્યના* 51 *ભેદ*

*ચતુર્થ ઉલ્લાસમાં ધ્વનિકાવ્યના* 51 *ભેદ આ પ્રકારે કર્યા છે. – લક્ષણામૂલધ્વનિના બે ભેદ ( અર્થાન્તરસંક્રમિતવાચ્ય તથા અત્યન્તતિરસ્કૃતવાચ્ય), અભિધામૂલધ્વનિના* 16 *ભેદ (અસંલક્ષ્યક્રમવ્યઙ્ગ્ય), સંલક્ષ્યક્રમવ્યઙ્ગ્યના (ક) શબ્દશક્ત્યુત્થ, (ખ) અર્થશબ્દત્યુત્થ, (ગ)ઉભયશક્ત્યુત્થ ત્રણ મુખ્ય ભેદોમાથી શબ્દશક્ત્યુત્થ ધ્વનિના વસ્તુધ્વનિ અલંકારધ્વનિરુપ બે ભેદ+ અર્થશક્ત્યુત્થ ધ્વનિના જે બાર ભેદ છે તે પ્રબન્ધગત પણ હોય છે, તેમને જોડી દેવાથી* 36 +12 = 48 *ભેદ થયા. આમાં અસંલક્ષ્યક્રમનો જે એક ભાગ બતાવ્યો છે તે પદગત, પદાંશગત, વાક્યગત અને અર્થગત ચાર પ્રકારના હોય શકે છે. તેમાથી એકની ગણના ઉપરના* 48 *ભેદોમાં આવી ચુકી છે. એટલે ત્રણ ભેદ આમાં હજું જોડવા પર* 48 + 3 = 51 *ધ્વનિભેદ થઈ જાય છે.*

*ગુણીભૂતવ્યઙ્ગ્યના 42 ભેદ :*

*સામાન્યતઃ આ 51 ભેદ ગુણીભૂતવ્યઙ્ગ્યકાવ્યના પણ હોવા જોઈએ. કિન્તુ, જેવી રીતે ધ્વન્યાલોક ના આધાર પર અત્યારે ગ્રન્થકારોએ લખ્યુ છે, વસ્તુતઃ અલંકાર વ્યઙ્ગ્ય હોવાથી ગુણીભૂતવ્યઙ્ગ્ય નથી થતો. એટલા માટે, સ્વતઃ સમ્ભવી, કવિપ્રૌઢોક્તિસિદ્ધ અને કવિ ની બદ્ધવક્તૃપ્રૌઢોક્તિસિદ્ધ વસ્તુથી અલંકાર વ્યઙ્ગ્યના આ ત્રણ ભેદોને પદગત, વાક્યગત તથા પ્રબન્ધગત રૂપથી પ્રત્યેક ત્રણ ભેદ થઈને કુલ 3 x 3 = 6 ભેદ થઈ જાય છે. ધ્વનિકાવ્યના ૫૧ ભેદોમાંથી યદિ આ નવ ભેદોને ઓછા કરી દઈએ તો વધેલા 51- 6 = 42 ભેદ ગુણીભૂતવ્યઙ્ગ્યના આઠ અવાન્તર ભેદોમાંથી પ્રત્યેક ભેદમાં હજુ આઠને ઉમેરી દઈએ 42×8 = 336 ગુણીભૂતવ્યઙ્ગ્યકાવ્યના શુદ્ધ ભેદ થઈ શકે છે. આમની સંસૃષ્ટિ, સંકર આદિનો આગળ પણ વિસ્તાર થઈ જાય છે.*

**42 ભેદોનો ગુણનપ્રક્રિયાથી વિસ્તાર –**

*સુધાસાગરકારે જેવી રીતે ૪૫ ભેદોનો આગળ વિસ્તાર કર્યો છે એ જ પ્રકારે જો 42 મૂળ ભેદ માનીને વિસ્તાર કરીયે તો 42×42 = 1764 = 4×4 = 7056 ગુણીભૂતવ્યઙ્ગ્યના સંકર સંસૃષ્ટિજન્ય અને એમની સાથે શુદ્ધ 42 ભેદોને મેળવીને 7068 ભેદ, ગુણીભૂતવ્યઙ્ગ્યના પ્રત્યેક અવાન્તર ભેદથી બનશે. આમને ધ્વનિભેદોની સાથે ગુણન કરવાથી 10455×7068 = 74206560 પ્રકારની ધ્વનિ તથા ગુણીભૂતવ્યઙ્ગ્યના ભેદોથી કેવલ સંસૃષ્ટિ બનશે. સંકરસંસૃષ્ટિ બન્ને ભેદ બનાવવા માટે આ સંખ્યાને 4 ગણી કરવી પડશે. આ સંખ્યા ત્યારે 74206560 × 4 = 266838360 થઈ જશે. આ સંખ્યા ગુણીભૂતવ્યઙ્ગ્યના પ્રત્યેક ભેદની ધ્વનીભેદોની સાથે સંકર તથા સંસૃષ્ટિ બનશે. આ આઠ ભેદોની સંકર-સંસૃષ્ટિની ગણના કરવામા આવે તો આ સંખ્યા પણ આઠ થઈને ( 2668360X8 =) 2374706880 થઈ જશે. સુધાસાગરકારે અન્તિમ બે ગુણન નથી કર્યા.*

## 8.3 તમારી પ્રગતિ ચકાસો

**વિચારાત્મક પ્રશ્નો.**

1. *'ધ્વનિગુણીભૂતવ્યઙ્ગ્ય' શું છે? તેનો અર્થ સ્પષ્ટ કરો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

2. *ધ્વનિગુણીભૂતવ્યઙ્ગ્યના મુખ્ય કેટલા ભેદ છે?*

_______________________________________________
_______________________________________________
_______________________________________________

3. કાવ્યપ્રકાશમાં ધ્વનિગુણીભૂતવ્યઙ્ગ્ય કયા ઉલ્લાસમાં આવે છે?

**વ્યાખ્યાત્મક પ્રશ્નો**

1. ધ્વનિગુણીભૂતવ્યઙ્ગ્યના તમામ 8 ભેદોની વિગતો ઉદાહરણ સહિત આપો.

2. ભાવધ્વનિ અને રુદ્રધ્વનિ વચ્ચેનો તફાવત સમજાવો.

3. ધ્વનિગુણીભૂત વ્યઙ્ગ્યના કાવ્યસૌંદર્યમાં યોગદાન વિષે નોંધ લખો.

4. કાવ્યપ્રકાશના ઉલ્લાસ ૫ના આધારે ધ્વનિગુણીભૂતવ્યઙ્ગ્યનો સચોટ પરિચય આપો.

5. અલંકારધ્વનિ વિશે વિસ્તૃતમાં લખો અને યોગ્ય કાવ્યઉદાહરણ આપો.

1. *નીચે પૈકી કયો પ્રકાર ધ્વનિગુણીભૂતવ્યઙ્ગ્યનો નથી?*

   a) *અલંકારધ્વનિ*

   b) *શબ્દશક્તિધ્વનિ*

   c) *અપહ્નવધ્વનિ*

   d) *વ્યવહારિક ધ્વનિ*

2. *ધ્વનિગુણીભૂતવ્યઙ્ગ્યની ઓળખ શું છે?*

   a) *ધ્વનિ મુખ્ય હોય*

   b) *ધ્વનિ હોતી જ નથી*

   c) *ધ્વનિ ગુણરૂપે હાજર હોય*

   d) *ધ્વનિ શબદમાં જ સમાઈ જાય.*

---

**લેખક : ડૉ. રીટા પારેખ, પ્રોફેસર, સંસ્કૃત વિભાગ,**
**શ્રી પી.કે. કોટાવાલા આર્ટસ કોલેજ, પાટણ.**

---

# વિભાગ : 3 સાહિત્યદર્પણ

## એકમ : 9 : સાહિત્ય દર્પણ : સામાન્ય પરિચય

### રૂપરેખા

**9.0 ઉદ્દેશ**

**9.1 પ્રસ્તાવના**

**9.1.1 કાવ્યશાસ્ત્ર પરિચય**

**9.1.2 સાહિત્ય સંપ્રદાય**

**9.1.3 કાવ્યેષુ નાટકમ્ રમ્યમ્**

**9.2 આચાર્ય વિશ્વનાથ અને સાહિત્ય દર્પણ**

**9.2.1 આચાર્ય વિશ્વનાથનું જીવન સમય અને કવન**

**9.2.2 સાહિત્ય દર્પણ પરિચય અને વિશેષતાઓ**

**9.3 તમારી પ્રગતિ ચકાસો**

### 9.0 ઉદ્દેશ

- *ભારતના પ્રાચીન સંસ્કૃત સાહિત્ય અને તેમાં પણ સંસ્કૃત નાટક સાહિત્યનો સમૃદ્ધ અને દીર્ઘ પરંપરાથી વિદ્યાર્થીને પરિચિત કરવાનો*
- *સંસ્કૃત સાહિત્ય અને સંસ્કૃત નાટ્યસાહિત્યના સંદર્ભે વિકસેલી કાવ્યશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રની એક શાખા નાટ્યશાસ્ત્રના વિવેચનક્ષેત્રમાં બહુમૂલ્ય પ્રદાનથી વિદ્યાર્થીને પરિચિત કરવાનો*
- *નાટ્યશાસ્ત્રની વિવેચન પરંપરામાં વિશ્વનાથના સાહિત્યદર્પણના મૂલ્યવાન પ્રદાનથી વિદ્યાર્થીને અવગત કરાવવાનો છે.*

### 9.1 પ્રસ્તાવના

*પ્રાચીન ભારતનું સંસ્કૃત સાહિત્ય અને વિશેષ તો નાટ્યસાહિત્ય વિશ્વને એક મૂલ્યવાન પ્રદાન છે. હવે યુનોએ માનવજાતના વારસાના -સ્મૃતિ દસ્તાવેજમાં નાટ્યશાસ્ત્રનો સમાવેશ કર્યો છે. આ નાટ્યસાહિત્યના પરિવેશમાં પ્રાચીન વિવેચનશાસ્ત્ર વિકસ્યું છે જેને આપણે કાવ્યશાસ્ત્ર અને તેની એક શાખા નાટ્યશાસ્ત્ર તરીકે ઓળખીએ છીએ. આ નાટ્યશાસ્ત્રની સંકુલ વિવેચન -પધ્ધતિનો એક ખંડ સાહિત્યદર્પણના નાટ્યવિવેચનમાં પ્રતિપાદન થયો છે. એનો અભ્યાસ પણ સંસ્કૃત નાટક અને તેના પરનું વિવેચન આજે કેટલું પ્રસ્તુત છે તેની પ્રતીતિ કરાવનારું બની રહેશે.*

### 9.1.1 કાવ્યશાસ્ત્ર પરિચય

#### 1. કાવ્યશાસ્ત્રનો ઉદ્ભવ

*સંસ્કૃત વાઙ્મયના ઝળહળતા નક્ષત્રમાં કાવ્યશાસ્ત્રની એક ભવ્ય પરંપરા સ્થાપિત થઈ છે. તે જગતના સૌંદર્યશાસ્ત્રમાં (છીજંરીંછજ) અનુપમ સ્થાન પામ્યું છે. સંસ્કૃત વાઙ્મય અનેક લક્ષણશાસ્ત્રોથી સમૃદ્ધ છે. કાવ્ય સાથે સંબંધ ધરાવતા એવા અનેક પાસાંઓની સર્વાંગી વિચારચર્ચા કરતું શાસ્ત્ર તે કાવ્યશાસ્ત્ર. કાવ્યના માટે 'સાહિત્ય' શબ્દ પણ પ્રયોજાતો હોય આપણે તેને સાહિત્યશાસ્ત્ર પણ કહી શકીએ.*

- *વૈદિક સાહિત્યઃ વૈદિક સાહિત્યમાં અલંકારશાસ્ત્ર -કાવ્યશાસ્ત્ર જેવા પછીથી વિશાળવટવૃક્ષનું બીજ વૈદિક સાહિત્યમાં જોવા મળે છે. વેદો સર્વ વિદ્યાઓનું મૂળ ઉદ્ગમસ્થાન છે.*

*ઋગ્વેદમાં*

**द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषश्वजाते।**

**तयोरन्यं पिप्पलं स्वाद्वत्ति अनश्नन्योऽभिचाकशीति।। ( 1.164.20 )**

*આ મંત્ર ઉપનિષદ સાહિત્યમાં પણ પ્રાપ્ત થાય છે. અને આ મંત્રણમાં બે પક્ષીઓનું રૂપક પ્રસ્તુત થયું છે. ( રૂપક નામનો અલંકાર) આવાં તો અસંખ્ય ઉદાહરણ આપણને વૈદિક સાહિત્યમાં જોવા મળે છે. બ્રાહ્મણ સાહિત્ય અને ઉપનિષદ સાહિત્યમાં પણ અનેક કાવ્ય અલંકારો પ્રાપ્ત થાય છે. વેદકાલીન ઋષિ-કવિઓને આ સ્પષ્ટરૂપે પણ કાવ્યશાસ્ત્રના સિદ્ધાંતોનો ખ્યાલ હતો એવું આપણે જોઈ શકીએ છીએ.*

*નિરુક્ત અને વ્યાકરણશાસ્ત્રમાં સાહિત્યને અનુરૂપ ઉપમા અલંકારનું ખુબ વિસ્તૃત નિરૂપણ જોવા મળે છે. આચાર્ય યાસ્કે ઉપમા અલંકારની શાસ્ત્રીય અને સુરેખ ચર્ચા કરી ત્રીજા અધ્યાયના ત્રીજા પદમાં પોતાના પુરોગામી આચાર્ય ગાર્ગ્યના મતનું આલેખન કરીને ઉપમાનું લક્ષણ આપે છે* यद् अतत्तत्सदृशं तासां कर्म इति गार्ग्यः। *અર્થાત્ જે ઉપરથી જુદું હોવા છતાં તેના જેવું હોય તે ઉપમાનનો વિષય બને છે.* ज्यायसा वा गुणेन प्रखयाततमेन वा, *આ કૃતિનાં જ ઉદાહરણો છે. આદિકાવ્ય રામાયણમાં કાવ્યશાસ્ત્રની પ્રાચીનતા નિરૂપાઈ છે. કાવ્યને રચનાર તથા કાવ્યના શાસ્ત્રને જાણનારનો ઉલ્લેખ આપણને મળી આવે છે.* क्रियाकल्पविद्श्रेय तथा काव्यविदो जनान्।

*ભરતમુનિનું નાટ્યશાસ્ત્ર હવે તો યુનોએ માનવજાતના વારસાના સ્મૃતિ – દસ્તાવેજમાં એનો સમાવેશ કર્યો છે. લગભગ ઈ.સ પૂર્વે બીજી શતાબ્દી સુધીમાં રચાયેલું માનવામાં આવે છે. નાટ્યશાસ્ત્ર સાહિત્યપદાર્થની શુદ્ધ વિવેચના શોધવામાં અત્યંત મદદરૂપ બને છે. નાટકમાં આવતા વાચિક અભિનયની સૂક્ષ્મ ચર્ચાના અનુસંધાનમાં આચાર્ય ભરતમુનિ ગુણ, દોષ અને ચાર અલંકારોની જ વિશદ ચર્ચા કરે છે. ભરતમુનિએ પોતાની આ સમગ્ર ચર્ચાનું કેન્દ્ર બિંદુ નાટકને જ ધ્યાનમાં રાખ્યું છે, કાવ્યને નહીં. શ્રીદેશપાંડે જેવા વિદ્વાનોના મત પ્રમાણે જ ઈ.સ. પૂર્વે બીજી*

*શતાબ્દીમાં  ભરતમુનિનું નાટ્યશાસ્ત્ર પણ આ કાવ્યશાસ્ત્રની જ શાખા છે. કાવ્યશાસ્ત્રનો ઉદ્ગમ મૂળમાં તો  નાટ્યશાસ્ત્રના એક અંગ તરીકે થયો હતો અને પાછળથી તેનો એક અલગ શાસ્ત્ર, અલંકારશાસ્ત્ર તરીકે વિકાસ થયો.*

*કાવ્યમીમાસાંકાર રાજશેખર કાવ્યશાસ્ત્રને સાતમું વેદાંગ માને છે.* उपकारत्वादलङ्कारः सप्तममङ्गम् इति यायावरीयः।

*(કાવ્યમીમાંસા) અને આ સાતમુ વેદાંગ પણ કાવ્યશાસ્ત્રનો ઉદ્ભવ અને વિકાસ દર્શાવે છે. આમ કાવ્યશા²ાવિષયક વિચારણાની  શરૂઆત ઈ.સ.ની પાંચમી કે છઠ્ઠી શતાબ્દીમાં વ્યવસ્થિત સ્વરૂપ આવ્યું હશે.*

**2. કાવ્યશાસ્ત્રનાં ભિન્ન ભિન્ન નામોઃ**

*કાવ્યશાસ્ત્રના ઉદ્ભવની સાથે કાવ્યની વિશદ્ ચર્ચા કરતા શાસ્ત્રના માટે છ નામો પ્રયોજાયાં છે.*

1. *ક્રિયાકલ્પ*
2. *કાવ્યાલંકાર*
3. *કાવ્યશાસ્ત્ર*
4. *અલંકારશાસ્ત્ર*
5. *સાહિત્યશાસ્ત્ર*
6. *સાહિત્યવિદ્યા*

1. *ક્રિયાકલ્પઃ આચાર્ય ભામહના વગેરેના પહેલાં આ કાવ્યશાસ્ત્ર માટે* क्रियाकल्प  *શબ્દ વપરાતો હતો. ભામહે આના સમર્થનમાં વાત્સ્યાયનના* कामसूत्र *અને વાલ્મીકિ રામાયણના ઉત્તર કાંડ માંથી અવતરણો આપ્યાં છે. બૌદ્ધ ગ્રંથ 'લલિતવિસ્તર' માં પણ ક્રિયાકલ્પ શબ્દનો પ્રયોગ થયો છે.*

*જયમંગલાર્ક નામના ટીકાકાર ક્રિયાકલ્પ શબ્દને આ રીતે સમજાવે છે.-* क्रियाकल्प इति काव्यकरणविधिः काव्यालङ्कार इत्यर्थः। *અર્થાત્ આ ક્રિયાકલ્પ શબ્દથી કાવ્યશાસ્ત્ર જ સ્પષ્ટ છે એમ સૂચન થાય છે.*

2. *કાવ્યાલંકારઃ કાવ્યશાસ્ત્રના આરંભના યુગમાં આ શાસ્ત્રને 'કાવ્યાઅલંકાર' તરીકે માનવામાં આવે છે એવું પ્રસિદ્ધ હશે એમ મનાય છે.*

3. *કાવ્યશાસ્ત્રઃ આચાર્ય દંડીના કાવ્યાદર્શને બાદ કરતાં કાવ્યશાસ્ત્રના આરંભના ગ્રંથોનાં નામો આ મુજબ છે.*

| ઈ.સની સાતમી કે આઠમી સદી | આચાર્ય ભામહ | काव्यालंकार |
|---|---|---|
| ઈ.સ.800 | આચાર્ય ઉદ્ભટ્ | काव्यालंकारसारसंग्रह |
| ઈ.સ.800 | આચાર્ય વામન | काव्यालंकारसूत्र |
| ઈ.સ.850. | રુદ્રટ | काव्यालंकार |

*એટલે આરંભના સમયમાં કાવ્યશાસ્ત્ર માટે કાવ્યાલંકાર નામ જ પ્રચલિત હોય તેમ અનુમાન થાય છે.*

4. *અલંકાર શાસ્ત્રઃ : શાસ્ત્ર શબ્દ અલંકારને લાગુ પાડવામાં આવતાં તે અલંકારશાસ્ત્ર નામથી ઓળખાય છે. કાવ્યશાસ્ત્રના આરંભિક કાળમાં અલંકાર શબ્દ કાવ્યનાં બધાં જ શોભાદાયક તત્ત્વોનો દ્યોતક હતો. 'ભારતીય સાહિત્યશાસ્ત્રની વિચાર પરંપરાઓ' માં પ્રા. તપસ્વી નાન્દીએ અલંકાર શબ્દની વ્યુત્પત્તિ* अलम् *એટલે 'બસ' એવા અર્થના સંદર્ભે કરવાનો પ્રયત્ન કર્યો છે. તેઓ આગળ લખે છે કે ' જેમના વિનિવેશથી સામાજિક તૃપ્તિ અનુભવે, એને થાય કે હવે બસ-* अलम् *તો આ* अलम् *નો ભાવ જેના વિનિવેશથી જન્મે તે તત્ત્વ એ જ* अलङ्कार. *' તેઓ 'અલંકાર' શબ્દ કાવ્ય સૌંદર્યવર્ધકના અર્થમાં પ્રયોજાયો છે તેમ સ્વીકારે છે.*

*અને ધીરે ધીરે 'કાવ્યાલંકાર' માંથી ફક્ત 'અલંકારશાસ્ત્ર' નામ પ્રચલિત થયું.*

5. *સાહિત્યશાસ્ત્રઃ શાસ્ત્ર શબ્દ સાહિત્યની સાથે પ્રયોજાતાં તે સાહિત્યશાસ્ત્ર બને છે અને સાહિત્યશાસ્ત્ર નામથી ઓળખાય છે. ભાષ્યકારે આપેલી આ વૃત્તિ પ્રમાણે ' જે અગોચર તત્ત્વનું શંસન એટલે કે કથન કરે તે શાસ્ત્ર' એવું સૂચિત થાય છે. સાહિત્યશાસ્ત્ર કાવ્યના સૌંદર્ય વિધાયક એવાં અગોચર તત્ત્વોનું શંસન કરતું હોવાથી એને આ અર્થમાં શાસ્ત્ર કહેવું જોઈએ.*

6. *સાહિત્યવિદ્યાઃ કાવ્યશાસ્ત્રના પરવર્તી યુગમાં કાવ્યશાસ્ત્રના માટે વપરાતાં બધાં જ નામોમાં સાહિત્ય શબ્દ વિશેષ પ્રખ્યાત બન્યો. આચાર્ય વિશ્વનાથે પોતાના ગ્રંથનું શીર્ષક પણ સાહિત્યદર્પણ રાખ્યું. પણ કાવ્યને સાહિત્ય તરીકે ઓળખવાની ક્રિયાનો આરંભ તો એની શરૂઆતથી જ થયો હતો. આચાર્ય ભામહે કાવ્યની વ્યાખ્યા આ રીતે આપી છે—* शब्दार्थौ सहितौ काव्यम्। *શબ્દ અને અર્થનું સહિતત્ત્વ તે કાવ્ય. રાજશેખરે પણ પોતાના ગ્રંથનું નામ 'સાહિત્યમીમાંસા' રાખ્યું અને* पञ्चमी साहित्यविद्या इति यायावरीयः *એમ કહીને આ શાસ્ત્રના માટે 'સાહિત્યવિદ્યા' અથવા 'સાહિત્યશાસ્ત્ર' નામનો ઉલ્લેખ કર્યો છે.*

*આમ આ રીતે કાવ્યશાસ્ત્રના વિકાસની સાથે સાથે આ સર્વ નામો અધિક સ્પષ્ટ થતાં ગયાં.*

**3. કાવ્યશાસ્ત્રનો વિકાસઃ**

*કાવ્યશાસ્ત્રના વિકાસની રેખા બે થી અઢી હજાર વર્ષના સમયની છે. ભારતમુનિના નાટ્યશાસ્ત્રને આપણે બહોળા અર્થમાં સાહિત્યશાસ્ત્રીય ગ્રંથ માનીએ કારણ કે રસ, ગુણ તથા અલંકારો જેવી ઘણી બાબતો નાટ્યશાસ્ત્ર અને સાહિત્યશાસ્ત્રમાં સમાન છે. એટલે કાવ્યની શાસ્ત્રીય વિવેચનાનો આરંભ ઈ.સ.પૂર્વે પાંચમી શતાબ્દીમાં થયો અને ઈ.સ.ની છઠ્ઠી શતાબ્દી સુધીમાં તેને વ્યવસ્થિત બંધારણ મળ્યું એમ માનવામાં આવે છે.*

*વિદ્વાનો કાવ્યશાસ્ત્રના વિકાસને કુલ ચાર ભાગમાં વહેંચે છે.*

1. *પ્રારંભિક કાળ : ઈ.સ. પૂર્વે અજ્ઞાતકાળથી શરૂ કરીને ઈ.સ.ની છઠ્ઠી શતાબ્દી સુધી.*
2. *રચનાત્મક કાળઃ ઈ.સ.ની છઠ્ઠી શતાબ્દીથી ઈ.સ.ની દસમી શતાબ્દી સુધી.*
3. *નિર્ણયાત્મક કાળ : ઈ.સ.ની દશમી શતાબ્દીથી ઈ.સ.ની અગિયારમી શતાબ્દી સુધી.*
4. *વ્યાખ્યા કાળ : ઈ.સ. ની અગિયારમી શતાબ્દી થી ઈ.સ.ની સત્તરમી શતાબ્દી સુધી.*

*આ ચાર વિકાસના તબક્કાને આપણે સંક્ષિપ્તમાં જોઈએ તો-*

*1.પ્રારંભિક કાળ : સાહિત્યશાસ્ત્રનો ઉદ્ભવનો પ્રારંભિક કાળ પ્રાયઃ આપણા અનુમાનનો જ વિષય છે. નિરુક્ત, અષ્ટાધ્યાયી, રામાયણ, લલિતવિસ્તર વગેરેમાં જે નિર્દેશનો મળે છે તેના આધારે આપણે અનુમાન કરી શકીએ કે કાવ્યની શાસ્ત્રીય વિચારણાનો આરંભ ઈ.સ.પૂર્વે ઘણા લાંબા સમયથી થયો હોવો જોઈએ. ભરતમુનિનું નાટયશાસ્ત્ર સ્પષ્ટ નિર્દેશે છે કે સાહિત્યશાસ્ત્રની સ્વતંત્ર રીતે કે નાટ્યશાસ્ત્રના એક અંગ તરીકે વિચારણા શરૂ થઈ હશે. મેધાવિન્,રુદ્રાદામન્ વગેરે કેટલાક પુરોગામી આચાર્યનો ભામહે કરેલો ઉલ્લેખ પણ આ શાસ્ત્રનું અસ્તિત્ત્વ ઈ.સ.ના પ્રારંભમાં સિદ્ધ થયું હતું એવા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. એટલે આ શાસ્ત્રીય વિવેચનાની ભૂમિકા શરૂઆતના 500 થી 600 વર્ષના ગાળામાં ઘડાઈ હશે એમ સ્પષ્ટ રીતે અનુમાન કરી શકાય છે.*

*2. રચનાત્મક કાળઃ આચાર્ય ભામહનો કાવ્યાલંકાર કાવ્યશાસ્ત્રનો પહેલો ઉપલબ્ધ પ્રમાણિત ગ્રંથ છે. એટલે મોટાભાગે આ શાસ્ત્રનો પ્રારંભ ભામહથી થયેલો હતો એમ માનવામાં આવે છે. અને ત્યાર પછી માણસના બાદથી 200 વર્ષો દરમિયાન આ શાસ્ત્રની ચર્ચા થઈ હોવાનું મનાય છે. કાવ્ય ને અલંકૃત કરનારાં બાકીનાં તત્ત્વો ગુણ, રીતિ વગેરેની સાથે સાથે કાવ્યનું મૂળભૂત તત્ત્વ નક્કી કરવાનું આરંભાયું. કાવ્ય ' કાવ્ય' કેવી રીતે બને છે તે તત્ત્વની શોધમાં આ 200 વર્ષના ગાળા દરમિયાન જુદા જુદા આચાર્યોએ પોતાના મતો આપ્યા. એટલે જુદા જુદા સાહિત્યસંપ્રદાયોનું નિર્માણ થવા લાગ્યું. જેવાં કે-*

● અલંકારસંપ્રદાયઃ ભામહનું કાવ્યાલંકાર,ઉદ્ભટનું કાવ્યાલંકારસારસંગ્રહ અને રુદ્રટનો કાવ્યાલંકાર આવે છે.

● રીતિ સંપ્રદાયઃ આ સંપ્રદાયમાં દંડીનું કાવ્યાદર્શ અને વામનનું કાવ્યલંકારસૂત્ર આવે છે.

● રસસંપ્રદાયઃ આ સંપ્રદાયમાં લોલ્લટ, શંકુક અને ભટ્ટનાયક ઈત્યાદિ આવે છે.

● ધ્વનિસંપ્રદાયઃ આ સંપ્રદાયમાં આનંદવર્ધનના ધ્વન્યાલોકની ચર્ચા કરી છે.

આ સમયમાં કાવ્યના બહિરંગ અને અંતરંગ સૌંદર્યના નિરીક્ષણનો સંપૂર્ણ પ્રયત્ન થયો છે.

3. નિર્ણયાત્મક કાળઃ ધ્વનિને કાવ્યના આત્મા તરીકે સ્થાપિત કર્યા બાદ આનંદવર્ધને તેને જ ધ્યાનમાં રાખીને તેના પક્ષમાં કે વિરોધમાં સાહિત્યશાસ્ત્રની શૃંખલા આગળ વધારી છે. આચાર્ય મમ્મટ અને આચાર્ય અભિનવે ધ્વનિવાદને સ્થાપિત કરવામાં ખૂબ અગત્યનો ફાળો આપ્યો છે. આજ સમયમાં આચાર્ય કુંતકે પણ વક્રોક્તિવાદનું સ્થાપન કર્યું. સાથે સાથે આ જ સમયમાં આચાર્ય મહિમભટ્ટે પોતાના 'વ્યક્તિવિવેક' નામના ગ્રંથમાં ધ્વનિવાદનું સંપૂર્ણપણે ખંડન કર્યું. છતાં પણ ધ્વનિવાદે ઉત્તમ કાવ્યના માપદંડનું સ્થાન પ્રાપ્ત કર્યું.

સાહિત્યશાસ્ત્રની આ જુદી જુદી પરંપરાઓ ધ્વનિવાદમાં એક નિર્ણયાત્મક તબક્કામાં પહોંચી એટલે કે 200 300 વર્ષના આ ગાળાને આપણે ' નિર્ણયાત્મક યુગ' તરીકે ઓળખાવી શકીએ.

આ નિર્ણાયાત્મક કાળમાં ઉદ્ભટ, ભોજરાજ, ધનંજય અને ધનિકે પણ આ પોતાનું યોગદાન આપ્યું.

4. વ્યાખ્યા કાળઃ 700-800 વર્ષના સમયને 'વ્યાખ્યા કાળ' તરીકે ઓળખવામાં આવે છે. વિશ્વનાથ અને જગન્નાથ જેવા સાહિત્યશાસ્ત્રીઓએ કાવ્યશાસ્ત્રનું ગહન આલેખન કર્યું છે. અન્ય આચાર્યોએ કોઈને કોઈ સાહિત્યવાદને વધું સ્પષ્ટ કરતા ગ્રંથોની રચના કરી કે મૂળ ગ્રંથો પર ભાષ્યો લખ્યાં. એટલે આ સમયને 'વ્યાખ્યા કાળ' કહેવાય છે. આ કાળના આચાર્યોનું વર્ગીકરણ આપણે એમનાં સંપ્રદાયો પ્રમાણે આ રીતે વિભક્ત કરી શકીએ.

● **ધ્વનિસંપ્રદાયઃ** મમ્મટ, વિશ્વનાથ,રુય્યક, હેમચંદ્ર, વિદ્યાધર, વિદ્યાનાથ, જયદેવ તથા અપ્પય્ય દીક્ષિત વગેરે

● **રસસંપ્રદાયઃ** શારદાતનય,શિંગભૂપાલ,ભાનુદત્ત, રૂપગોસ્વામી વગેરે

● **કવિશિક્ષાઃ** રાજશેખર, ક્ષેમેન્દ્ર, અરિસિંહ, અમરચંદ્ર, દેવેશ્વર વગેરે

● **અલંકાર સંપ્રદાયઃ** જગન્નાથ, વિશ્વેશ્વર ભટ્ટ વગેરે

*આચાર્ય આનંદવર્ધન,અભિનવ ગુપ્ત અને મમ્મટના પ્રયત્નોથી ધ્વનિ કાવ્યના આત્મા તરીકે સ્થાપિત થયો અને ધ્વનિને કેન્દ્રમાં રાખીને પણ સાહિત્યશાસ્ત્રને ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે.*

1. *પૂર્વ ધ્વનિકાળ : પ્રારંભથી આનંદવર્ધન* (800 *વિક્રમ) સુધી.*
2. *ધ્વનિકાલ : આનંદવર્ધન (800વિક્રમ) થી મમ્મટ* (1000 *વિક્રમ) સુધી.*
3. *ઉત્તર ધ્વનિકાલ : મમ્મટ* (1000 *વિક્રમ) થી જગન્નાથ* (1750 *વિક્રમ) સુધી.*

*આ સર્વ ચર્ચા પરથી ફલિત થાય છે કે આશરે બે હજાર વર્ષના સમય દરમ્યાન કાવ્યની શાસ્ત્રીય વિચારણાના વિકાસની પરંપરા ઉત્કૃષ્ટ બની. અને એ આપણા પ્રાચીન વિવેચકોની ગહન વિવેચનોનું જ પરિણામ છે.*

### 9.1.2 કાવ્યશાસ્ત્રના સંપ્રદાય

*કાવ્યશાસ્ત્રમાં કાવ્યનો આત્મા શું? આ પ્રશ્ન ખૂબ અગત્યનો છે. સાહિત્યશાસ્ત્રીઓએ આ પ્રશ્નની જુદી જુદી રીતે ચર્ચા કરીને જુદી જુદી રીતે જવાબ આપ્યા છે. અને તેથી કાવ્યશાસ્ત્રના વિવિધ સંપ્રદાયોનો ઉદ્ભવ થયો. સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં છ સંપ્રદાયો પ્રખ્યાત છે જે આ પ્રમાણે છે.*

*રસસંપ્રદાય*

*અલંકારસંપ્રદાય*

*રીતિસંપ્રદાય*

*વક્રોકતિસંપ્રદાય*

*ધ્વનિસંપ્રદાય*

*ઔચિત્યસંપ્રદાય*

*આ સંપ્રદાયો કાવ્યના કોઈ એક મહત્ત્વના બિંદુ પર ભાર મૂકવાને કારણે ઉદભવેલા છે એટલે આ સંપ્રદાયો એકબીજાના વિરોધી નથી. આચાર્ય ભરતથી લઈને પંડિત જગન્નાથ સુધીના બધા જ કાવ્યશાસ્ત્રીઓ મોટાભાગે એક અથવા બીજા સંપ્રદાયને અનુસરે છે. આચાર્ય મમ્મટ સામાન્ય રીતે બધા જ સંપ્રદાયોમાંથી જે ઉપાદેય લાગ્યું તે સ્વીકાર્યું છે. પણ સામાન્ય રીતે આચાર્ય મમ્મટ ધ્વનિ સંપ્રદાયના પ્રવર્તક છે એમ અનુમાન થાય છે.*

### 1. રસસંપ્રદાય :

*કાવ્યશાસ્ત્રના બધા જ સંપ્રદાયોમાં રસસંપ્રદાય સૌથી પ્રાચીન હોય એવું અનુમાન છે. આચાર્ય ભરતમુનિએ આ સંપ્રદાયની સ્થાપના કરી છે. રાજશેખરે પણ તેના 'કાવ્યમીમાંસા' માં રસસંપ્રદાયના સ્થાપક તરીકે નંદીકેશ્વરનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ નંદીકેશ્વરની માહિતી આપણને કોઈપણ ગ્રંથમાં પ્રાપ્ત થતી નથી. એટલે સર્વપ્રથમ રસ*

વિશે માહિતી નાટ્યશાસ્ત્રમાં જ પ્રાપ્ત થતી હોવાને કારણે આચાર્ય ભરત જ આ સંપ્રદાયના પ્રવર્તક છે એમ માની શકાય છે. કાવ્યના પઠન અને શ્રવણ દ્વારા ભાવક તેમાં તલ્લીન થઈને જે આનંદની અનુભૂતિ કરે છે તેને રસ કહેવામાં આવે છે.- 'रस्यते आस्वाद्यते इति रसः। આ રસ એ જ કાવ્યનું આત્મભૂત તત્ત્વ છે. આ રસ સંપ્રદાયનું મુખ્ય સૂત્ર છે. 'विभावानुभावव्यभिचारिसंयोगाद्रसनिष्पत्तिः' છે. એટલે કે વિભાવ, અનુભવ અને વ્યભિચારી ભાવોના સંયોગથી રસ નિષ્પત્તિ થાય છે. આચાર્ય ભરતમુનિએ નાટય શાસ્ત્રના છઠ્ઠા અને સાતમા અધ્યાયમાં અનુક્રમે રસ અને ભાવનું વિસ્તારથી આલેખન અને વિવેચન કર્યું છે.

રસને કાવ્ય નો આત્મા મનાયો છે. શબ્દ અને અર્થની ચમત્કૃતિ થી પૂર્ણ પરંતુ રસ વગરનું કાવ્ય ભાવકોને આકર્ષી શકતું નથી. એટલે જ આચાર્ય વિશ્વનાથે કાવ્ય ની વ્યાખ્યા આ રીતે આપી છે – 'वाक्यं रसात्मकं काव्यम्।'ભરતમુનિના આ રસ સિદ્ધાંતના વિવેચકો તરીકે ભટ્ટ લોલ્લટ, શંકુક, ભટનાયક, અભિનવગુપ્ત વગેરે સુપ્રસિદ્ધ છે. કાવ્ય પ્રકાશમાં આચાર્ય મમ્મટે રસની ચર્ચા કરતા આ ટીકાકારોના મતો નું જ અભિનવભારતીને ધ્યાનમાં રાખીને નિરૂપણ કર્યું છે. આચાર્ય ભરતની રસમીમાંસા મુખ્યત્વે નાટકને અનુલક્ષીને કરવામાં આવી છે છતાં પણ બધા જ અલંકારીકો એ મોટા ભાગે એક યા બીજા સ્વરૂપમાં કાવ્યમાં રસનું પ્રાધાન્ય સ્વીકાર્યું છે.

**2. અલંકારસંપ્રદાયઃ**

આચાર્ય ભામહ અલંકાર સંપ્રદાયના આદ્યપ્રવર્તક છે. ભામહના મત પ્રમાણે અલંકાર જ કાવ્યનો આત્મા છે. અલંકાર કાવ્યની શોભા વધારે છે. કાવ્યમાં અલંકારોનું મહત્ત્વ મોટાભાગે બધા જ કાવ્ય શાસ્ત્રીઓએ સ્વીકાર્યું છે. પણ અલંકાર સંપ્રદાયના આચાર્યના મત પ્રમાણે અલંકાર વિના કાવ્ય સંભવી ન જ શકે. મમ્મટના કાવ્ય ની વ્યાખ્યામાં –'अनलंकृती पुनः क्वापि ' પર ટીકા કરતાં 'ચંદ્રલોક'ના રચયિતા જયદેવે લખ્યું છે કે-

**अङ्गीकरोति यः काव्यं शब्दार्थवनलंकृती।**

**असौ न मन्यते कस्मादनुष्णमनलं कृती॥**

એટલે કે અલંકાર રહિત કાવ્ય એ ઉષ્ણતા વિહીન અગ્નિ સમાન છે. આ સંપ્રદાયની લોકપ્રિયતા એ હકીકત પરથી અનુમાનની શકાય કે સંસ્કૃતમાં કાવ્યશાસ્ત્ર અલંકારશાસ્ત્ર તરીકે જ ઓળખાય છે. આ સંપ્રદાયમાં દંડી,ઉદ્ભટ્ટ,રુદ્રટ,પ્રતિહારેન્દુરાજ,રુય્યક, જયદેવ,અપ્પયદીક્ષિત વગેરે આચાર્યો છે.

આ સંપ્રદાય 'રસ'નો પણ અલંકારમાં સમાવેશ કરી લે છે. જેને રસવત્ અલંકાર કહે છે. રસવત્,પ્રેય,ઉર્જસ્વિત અને સમાહિત-આ ચાર પ્રકારના રસવત્ અલંકારોમાં ભામહ અને દંડીએ રસ ભાવ વગેરેનો સમાવેશ કરી દીધો છે.

### 3. રીતિ સંપ્રદાયઃ

*આચાર્ય વામન રીતિસંપ્રદાયના પ્રવર્તક છે. તેમના મત પ્રમાણે રીતિ એ જ કાવ્ય નો આત્મા છે.* 'रीतिरात्मा काव्यस्य।

*આ રીતિનું લક્ષણ આપતાં કહે છે કે-* 'विशिष्टा पदरचना रीतिः।' ' विशेषो गुणात्मा।' *અર્થાત્ ગુણ યુક્ત પદાર્થના તે રીતિ. વામનના મત પ્રમાણે ગુણ એ કાવ્યનો નિત્ય ધર્મ છે, જ્યારે અલંકાર અનિત્ય ધર્મ છે. ગુણ કાવ્યમાં શોભા ઉત્પન્ન કરે છે, જ્યારે અલંકાર તે શોભામાં અભિવૃદ્ધિ છે-* काव्यशोभायाः कर्तारो धर्मा गुणाः' ' तदतिशयहेतवस्त्वलङ्काराः।' *આમ, વામને કાવ્યમાં અલંકારના મહત્ત્વના બદલે ગુણોના મહત્ત્વની સ્થાપના કરી. એટલે આ સંપ્રદાય 'ગુણસંપ્રદાય' તરીકે પણ જાણીતો છે.*

*આચાર્ય વામને રીતિના ત્રણ પ્રકાર વૈદર્ભી,ગૌડી અને પાંચાલી એમ 'કાવ્યાલંકાર સૂત્રવૃત્તિ'માં દર્શાવ્યા છે. કાવ્યના આત્માને ઓળખવાની બાબતમાં રીતી સંપ્રદાય અલંકાર સંપ્રદાયથી એક ડગલું આગળ વધે છે. છતાં પણ તે કાવ્યના મૂળને સ્પર્શી શક્યો નથી. રીતિનું મહત્ત્વ મમ્મટ વગેરે આચાર્યોએ સ્વીકાર્યું છે. પણ કાવ્યના આત્મા તરીકે તેને માનતા નથી. આચાર્ય મમ્મટના મતે રીતિ એ કાવ્યના અંગ સમાન છે-* 'रीतयोऽवयवसंस्थानविशेषवत्।'

*જેવી રીતે શરીરના અવયવોમાં આંખ,કાન,નાક આદિ અવયવોની અગત્યતા છે પરંતુ તે આત્મા નથી, તેમ કાવ્યમાં રીતિઓની અગત્યતા છે પણ તેને જ કાવ્યનો આત્મા ગણી શકાય નહીં.*

### 4. વક્રોક્તિસંપ્રદાય :

*આચાર્ય કુંતક વક્રોક્તિ સંપ્રદાયના પ્રવર્તક છે.'વક્રોક્તિજીવિત'માં તેમણે વક્રોક્તિને જ કાવ્યનું જીવિત માન્યું છે.-* वक्रोक्तिः काव्यजीवितम्। *ચમત્કારયુક્ત ચતુરાઈભરી ઉક્તિ અર્થાત્ વક્રોક્તિ* – वक्रोक्ति वैदगध्यभङ्गीभणितिरुच्यते ।

*વક્રોક્તિના વર્ણ,પદ, વાક્ય,અર્થ,પ્રકરણ અને પ્રબંધ એમ છ પ્રકાર પડે છે. વક્રોક્તિ શબ્દ પ્રાચીન કાળથી વપરાતો આવ્યો છે. આચાર્ય ભામહે વક્રોક્તિનો ઉલ્લેખ કરતાં કહ્યું છે કે-* सैषा सर्वत्र वक्रोक्तिः। *આચાર્ય દંડીએ પણ વક્રોક્તિનું મહત્ત્વ સ્વીકારીને કહ્યું છે કે* – भिन्नं द्विधा स्वभावोक्ति –वक्रोक्तिश्चेति वाङ्मययम् *કહીને તેની અગત્યતા બતાવી છે. વામને પણ* सादृश्याल्लक्षणा वक्रोक्तिः *એમ કહીને તેનું પ્રતિપાદન કરેલું છે પરંતુ આ સર્વ લોકોએ તેની ગણના અલંકારમાં જ કરેલી છે. ખરી રીતે તો વક્રોક્તિસંપ્રદાય રીતિસંપ્રદાયનું નવસંસ્કરણ છે.પણ કુન્તકને કોઈ અનુયાયીઓ પ્રાપ્ત થયા નથી.*

### 5. ધ્વનિસંપ્રદાયઃ

*આચાર્ય આનંદવર્ધન આ સંપ્રદાયના પ્રવર્તક છે. ધ્વન્યાલોકમાં તેમણે કાવ્યના આત્મા તરીકે ધ્વનિ નું મહત્ત્વ બતાવ્યું છે.* ' काव्यस्यात्मा ध्वनिः'। *કાવ્યશાસ્ત્રના બધા જ સંપ્રદાયમાં ધ્વનિ સંપ્રદાય સૌથી વધુ પ્રબળ અને અગત્યનો છે. આનંદ વર્ધને ધ્વનિના*

વસ્તુધ્વનિ, અલંકારધ્વનિ અને રસધ્વનિ એમ ત્રણ પ્રકારો દર્શાવ્યા છે. એમાંથી રસધ્વનિ સૌથી અગત્યનો છે. અને આ ધ્વનિના આધારે જ કાવ્યના ધ્વનિકાવ્ય,ગુણીભૂતવ્યંગકાવ્ય અને ચિત્રકાવ્ય એમ ત્રણ પ્રકારો ગણાવ્યા છે. જે ઉત્તમ, મધ્ય અને અધમ તરીકે પણ ઓળખાય છે. આ ધ્વનિસંપ્રદાયનો વિરોધ કુતંક, ભટ્ટનાયક, પ્રતિહારેન્દુરાજ તથા અનેક સાહિત્યશાસ્ત્રીઓ, વૈયાકરણો, વેદાંતીઓ, મીમાંસકો, નૈયાયિકો વગેરેએ કરેલો છે. પરંતુ આ સંપ્રદાયને અભિનવ ગુપ્ત, મમ્મટ, વિશ્વનાથ, જગન્નાથ જેવા ઉત્તમ અનુયાયીઓ મળ્યા છે. તેમાં પણ આચાર્ય મમ્મટે આ સંપ્રદાયના વિરોધીઓનું તાર્કિક રીતે ખંડન કરીને પ્રબળ સ્થાપના કરી હોવાથી તેમને 'ધ્વનિપ્રસ્થાપક પરમાચાર્યનું બિરુદ પણ પ્રાપ્ત થયું છે.

**6. ઔચિત્યસંપ્રદાયઃ**

આચાર્ય ક્ષેમેન્દ્ર આ સંપ્રદાયના પ્રવર્તક છે. તેમના ગ્રંથ 'ઔચિત્યવિચારચર્ચા'માં તેમણે ઔચિત્યના કાવ્યના આત્મા તરીકે સ્વીકાર કર્યો છે. -औचित्यं रससिद्धस्य स्थिरःकाव्यस्य जीवितम्। કાવ્યમાં ગુણ, અલંકાર, રસ,ધ્વનિ બધાની જ આવશ્યકતા છે. ઔચિત્યના સિદ્ધાંતને કાવ્યશાસ્ત્રના સૌથી અગત્યના સિદ્ધાંત તરીકે ગણી શકાય. તે રસ, અલંકાર, ધ્વનિ વગેરે બધાને એક સરખી રીતે સ્પર્શે છે. ક્ષેમેન્દ્ર રસની સમજ માટે ઉચિત તેને સૌથી વધુ મહત્ત્વનું માને છે.

**अनौचित्याद्दते नान्यद्रसमङ्गस्य कारणम्।**

**प्रसिद्धार्थैःचित्यबन्धस्तु रसस्योपनिषत्परा ॥ ઔ.વિ.ચ. 3-14**

ઔચિત્યનો વિચાર ભરતમુનિ જેટલો જ પ્રાચીન માનવામાં આવે છે. આ સિવાયના આચાર્યોએ પણ ઔચિત્યની અગત્યતા સ્વીકારેલી છે. પરંતુ એક સ્વતંત્ર સિદ્ધાંત તરીકે પ્રસ્થાપિત કરવાનું શ્રેય ક્ષેમેન્દ્રને જાય છે. આ સંપ્રદાયને કોઈ અનુયાયીઓ પ્રાપ્ત થયા નથી અને આ સિદ્ધાંત મૌલિક હોવા છતાં પણ એક સ્વતંત્ર સંપ્રદાય તરીકે વિકસ્યો નથી.

### 9.1.3 કાવ્યેષુ નાટકમ્ રમ્યમ્

**1. નાટકની ઉત્પત્તિ :** .

સંસ્કૃત નાટક વિશ્વ સાહિત્યમાં સંગ્રહાલયની એક રચના કરતાં, વિશેષ સ્થાનનું અધિકારી છે. માનવ જગત સાથે મૂળભૂત નિસબત ધરાવતા સંકુલ સાહિત્ય તરીકે જો એને પ્રસ્તુત કરવામાં આવે તો, તુલનાત્મક સાહિત્યના અભ્યાસનું ધ્યાન ખેંચ્યા વગર રહે જ નહીં. ' I believe that Sanskrit drama has more than a museum piece, claim to a place involved liteaure and that if presented as a complex liteaure engage in basic human concerns, it cannO fail to draw the compaaist's attention.( Robert E.Goodwin,The playworld of Sanskrit Drama, MOilal Banarsidass,19998,Delhi)

સંસ્કૃત નાટક એ સંસ્કૃત ભાષાની, વાઙ્ગમયની અને આપણા પૂર્વજોની કલામય સ્વરૂપોની સિદ્ધિ છે, જગતને પ્રાચીન ભારતે આપેલી એક ઉત્તમ ભેટ છે. સંસ્કૃત નાટકની ઉત્પત્તિના સમય વિશે ચોક્કસ કહેવું મુશ્કેલ છે પણ પ્રાચીન ભગવાન

પતંજલિના મહાભાષ્ય જેવામાં પણ રંગમંચ પર ભજવાતા નાટકના અંશોનો ઉલ્લેખ થયો હોવાથી નાટકના ઉદ્ભવનો સમય પણ ઘણો પ્રાચીન ઈ.સ.પૂર્વે 3000-3500 જેવો હોઈ શકે.

નાટક શબ્દની વ્યુત્પત્તિ જોઈએ તો √ नट માંથી બનેલો છે. તેનો નૃત્ય જોડે નો સંબંધ પણ સ્પષ્ટ થાય છે એટલે આપણને પ્રશ્ન થાય છે કે આ નૃત્ય સાથે અર્થનું સમાયોજન થઈ નાટકનું સ્વરૂપ ક્યારેય નિર્માણ પામ્યું હશે? ઋગ્વેદમાં √ नृत् નો પ્રયોગ તેના જુદા જુદા સ્વરૂપોમાં લગભગ 9 થી 10 વખત થયો છે નાચનારાઓની પણ ઉપમા અપાઈ છે. જેમ કે, नृत्यतामिव (१०.७६.६) આમ ઋગ્વેદના સમયમાં આ કલાની ઉત્પત્તિનો સફળ તર્ક થઈ શકે છે છતાં આ કલાનો સહયોગ સિદ્ધ થયો હશે કે કેમ તે ચોક્કસ અનુમાન થઈ શકાતું નથી. પરંતુ તેનો સંભવ નકારવો પણ યોગ્ય નથી. ઋગ્વેદનાં કેટલાંક સંવાદ સૂક્તના રૂપમાં છે જેમ કે યમ યમી સંવાદ સૂક્ત (ઋગ્વેદ 10.10), પુરુરવા ઉર્વશી સંવાદ સૂક્ત (ઋગ્વેદ 10.95) વગેરે. આ સંવાદોને અભિનય સાથે બોલાતા અનુમાનીએ તો નાટકના સંવાદ જેવા ચોક્કસ લાગે. વાજસનેયી સંહિતા અને તૈત્તિરીય બ્રાહ્મણમાં મળતા शैलूष શબ્દનો અર્થ નટ અથવા નાટક થાય છે. એટલે નાટક સામાન્ય રીતે તો ભજવવાની બાબત છે પણ એની ઉત્પત્તિ અંગે આપણે વિચારીએ તો વેબર,સ્મિથ વગેરેએ ગ્રીક નાટકમાંથી સંસ્કૃત નાટકનો વિકાસ તારવાનો પ્રયત્ન કર્યો છે પણ બંનેના તુલનાત્મક અભ્યાસ પરથી બંનેની સ્વતંત્ર ઉત્પત્તિની સંપૂર્ણ શક્યતા હોવાથી મોટાભાગના વિદ્વાનોનો મત દર્શાવે છે કે સંસ્કૃત નાટકોનો ઉદય તથા વિકાસ સ્વતંત્ર છે.

ભરતનાટ્યશાસ્ત્ર પ્રમાણે નાટકની ઉત્પત્તિ અંગેનો પ્રશ્ન નાટ્યશાસ્ત્રમાં પૌરાણિક શૈલીમાં દર્શાવાયો છે. તેની સંક્ષિપ્ત કથા આ પ્રમાણે છે. એક દિવસે જપ કરી નિવૃત્ત થઈને પુત્ર સાથે બેઠેલા ભરતમુનિ પાસે અત્રિ વગેરે ઋષિઓ આવે છે અને કહે છે

**नाट्यवेदः कथं चायमुत्पन्नः कस्य वा कृते ।**

**कत्यङ्ग किं प्रमाणश्च प्रयोगश्चास्य कीदृशः॥**

જ્ઞાતિવાદ કેવી રીતે ઉત્પન્ન થયો અને કોના માટે ઉત્પન્ન થયો? એનાં કેટલાં અંગ છે અને એનું કેટલું પ્રમાણ કેટલું છે? અને એનો પ્રયોગ કેવો છે?

આના જવાબમાં ત્રેતા યુગમાં લોકોમાં થયેલી અને અવસ્થા અંગેની વાતથી શરૂ કરીને ભરત વગેરે દેવો બ્રહ્મા પાસે જાય છે અને ત્યાં નોંધ છે કે અનવસ્થાના નિરૂપણમાં એક વિગત મળે છે કે ग्राम्यधर्मे प्रवृत्ते तु એટલે કે ગ્રામ્ય ધર્મ પ્રવૃત્ત થતાં, એટલે લોકોમાંથી સંસ્કારિકતા વગેરેનો નાશ થતાં અવ્યવસ્થા સર્જાઈ. નાટયવેદની ઉત્પત્તિ માટે આવી પરિસ્થિતિ મહત્ત્વનું કારણ બની ગઈ અને દેવતાઓએ કહ્યું કે-

**क्रीडनीयकमिच्छामो दृश्यं श्रव्यं च यद्भवेत्।**

**न वेदव्यवहारोऽयं संश्राव्यः शूद्रजातिषु।**

**तस्मात्सृजापरं वेदं पञ्चमं सार्ववर्णिकम् ॥**

અમે એવું ક્રીડનીયક ઈચ્છીએ છીએ કે જે દ્રશ્ય અને શ્રવ્ય હોય. આ વેદોનો વ્યવહાર શુદ્ર જાતિમાં થતો નથી. તેથી પાંચમું સાર્વવર્ણિક વેદનું નિર્માણ કરો. એટલે દેવતાઓની વિનંતીથી બ્રહ્મા દ્વારા ધર્મ અર્થ અને યશના સાધનવાળા, બધા વર્ણ માટે ઉપદેશવાળો, શાસ્ત્રના જ્ઞાનથી ભરપૂર અને ઈતિહાસયુક્ત નાટ્ય વેદની રચના કરી. તેની રચના માટે ઋગ્વેદમાંથી પાઠ્ય, યજુર્વેદમાંથી અભિનય, સામવેદમાંથી ગીત અને અથર્વવેદમાંથી રસ એટલે કે બધા વેદ ગ્રંથોમાંથી મુખ્ય તત્ત્વ લઈ એના આધારે આ નાટ્યવેદની રચના કરી.

**जग्राह पाठ्यं ऋग्वेदात्,सामभ्यो गीतमेव च।**

**यजुर्वेदादभिनयान् रसानाथर्ववादपि ॥ ( ना.शा.-१-१७ )**

આ પ્રમાણે નાટ્ય વેદનું નિર્માણ થયું હોવાનું મનાય છે. ભગવાન શિવે તાંડવ નૃત્ય તથા માતા પાર્વતીએ લાસ્ય નૃત્ય પણ ભજવ્યું. આનાથી એ તારણ પર આપણે પહોંચી શકીએ કે પ્રારંભમાં નાટક દેવતા વિષયક હતું અને રામલીલા, કૃષ્ણ લીલા દેવદાનવ ની કથા વગેરે પ્રસંગો પણ આ મતને સાબિત કરે છે એમ મનાય છે કે પ્રારંભમાં સંવાદનું પ્રમાણ ઓછું હતું અને મૂક અભિનયનું પ્રમાણ વિશેષ હતું.

ભરત મુનિના મંતવ્ય સાથે સહમત ન થનારા પશ્ચિમના વિદ્વાનોએ પોતાનાં મંતવ્યો નાટકની ઉત્પત્તિ અંગેના દર્શાવેલાં છે. આપણે ચોક્કસ એટલું કહી શકીએ કે દુઃખની ઉત્પત્તિની સાથે નાટકની પણ ઉત્પત્તિ થઈ હશે. પ્રારંભમાં નાટકોમાં સ્ત્રીઓની ભૂમિકા પુરુષો સ્વીકારતા હશે પણ સમય જતાં તે કામ સ્ત્રી વગેરેએ સંભાળી લીધું હતું. નૃત્ય અંશને તેની સાથે જોડાતાં નૃત્ય તથા નાટ્યનો સમન્વય સધાયો.

## 2. નાટકનું મહત્ત્વ

નાટક કવિતા નું પુષ્પ છે, પ્રત્યક્ષ પ્રસ્તુતિમાં મહાકાવ્ય અને ગીતિકા નો અખંડ ચૈતન્યમય સંગમ છે અને આવનારા યુગનો વિકાસ પોતાનામાં ઝીલે છે. The drama is the blossom of po$^{a}$ry, the union of the epic and the lyric in the uninterrupted vivacity of an actual performance developing itself in the spi®i of the age to come. ( R.GOtschall, quOed by Winternitz, History of Indian lite®aure, Volume-3, MOilal Banarsidass,Delhi)

નાટક સાહિત્ય સંસ્કૃત ભાષાનું એક ગૌરવશાળી અંગ મનાય છે. નાટકનું ક્ષેત્ર વિવિધતા સભર હોય છે. તેની અંદર માનવજીવનના એક પાસાને કે પછી તેના અંગને ચિત્રિત કરવામાં આવેલાં હોય છે. તેથી જ ભરતમુનિ દ્વારા તેને 'સાર્વવણિક વેદ'ના સ્વરૂપમાં સંબોધેલ છે. વિવિધ ભાવોવાળું, વિવિધ જુદી જુદી અવસ્થાવાળું, લોકવૃત્તનું અનુકરણ કરતું આ નાટ્યવેદ તૈયાર કર્યું છે એમ ભરતમુનિ જણાવે છે.

**नानाभावोपसंपन्नं नानावस्थान्तरात्मकम् ।**

**लोकवृत्तानुकरणं नाट्यमेतन्मया कृतम् ॥**

*અને આ નાટકમાંથી શું પ્રાપ્ત થશે અને લોકમાં કઈ રીતે ઉપકારક બનશે તે જણાવતાં ભરતમુનિ કહે છે કે ' દુ:ખથી પીડાતા, થાકેલા,શોકથી પીડાતા અને તપસ્વીઓને યોગ્ય સમયે વિશ્રાંતિ આપનાર નાટ્ય મેં રચ્યું છે.'*

**दुःखार्तानां श्रमार्तानां शोकार्तानां तपस्विनाम् ।**

**विश्रान्तिजननं काले नाट्यमेतन्मया कृतम् ॥**

*વળી ધર્મ, યશ અને આયુષ્યને કરનારું,હિતકારક, બુદ્ધિ વધારનારું અને લોકોપદેશ આપનાર આ નાટક થશે. વળી તે સર્વ વિદ્યા અને કળાનું ધામ છે તેમાં બધા જ્ઞાનને તેમાં અવકાશ છે.*

**न तच्छ्रुतं न तच्छिल्पं न सा विद्या न सा कला ।**

**नासौ योगो न तत्कर्म यन्नाट्येऽस्मिन्न दृश्यते ॥ (ના.શા.-૧-૧૧૮ )**

*એવું શાસ્ત્ર નથી, એવું શિલ્પ નથી, એવી વિદ્યા નથી ,એવી કળા નથી, એવી કોઈ યોજના કે કર્મ નથી જે નાટકમાં નથી.*

*આમ સંસ્કૃત નાટક એ કલામય સમગ્ર છે. એટલે નાટકમાં સર્વ કલાઓનો સંગમ થયો છે નાટકનો વિષય લોકસમસ્ત છે, તેનો કોઈ એક ભાગ જ નહીં - દેવતાઓનું તેમ જ રાક્ષસોનું, રાજાઓનું તેમ જ બ્રહ્મર્ષિઓનું વૃતાંત નાટક બતાવે છે. લોકોનો આ જે સુખદુ:ખાત્મક સ્વભાવ છે, તે અંગ વગેરેના અભિનયથી યુક્ત થતાં (એટલે કે તેનાથી દર્શાવતાં) નાટય કહેવાય છે.' અને નાટક એ લોકોમાં વિનોદનું સાધન થશે.*
विनोदकरणं लोके नाट्यमेतद्भविष्यति ।

*વધુમાં સંસ્કૃત નાટક ભારતીય સંસ્કૃતિની આબોહવામાં નિપજ્યું હોવાથી મહાકવિ કાલિદાસે જેમ કહ્યું તેમ તે યજ્ઞ છે અને યજ્ઞ સાથે સંસ્કૃત નાટક જોડાતાં, આપોઆપ બીજી વાત એ જ રીતે સિદ્ધ થાય છે કે તેને ચાક્ષુષ રૂપ તો યજ્ઞની જેમ જ સાંપડે છે પણ યજ્ઞનું જેમ ફળ ક્યારેય અનિષ્ટ હોતું નથી, તેમ નાટકમાં પણ તેનું ફળ અનિષ્ટ ન હોય, અંત દુ:ખભર્યો ન હોય. નાટક સુખાંત જ હોય. નાટક કરનારને પણ વળી રંગમંચની દ્રષ્ટિએ અનિષ્ટફળ પ્રાપ્ત થતું નથી. એટલે ભરતમુનિ એ નાટકના ફળ વિશે કહ્યું છે કે-*

**य इदं श्रृणुयात् प्रोक्तंनाटयवेदं स्वयंभुवा**

**प्रयोगं यच्च कुर्वीत प्रेक्षते चावधानात् ।**

**या गतिर्वेदविदुषां या गर्तियज्ञकारिणाम्**

**या गतिर्दानशीलानां तां गतिं प्राप्नुयाद्धि सः ॥ (ના.શા.37-27-28)**

*જે બ્રહ્માએ કહેલા આ નાટ્યવેદને સાંભળે છે, તેમ જ જેનો પ્રયોગ કરે છે અને ધ્યાનથી જુએ છે, તે તેને વેદને જાણનારાઓ જે ગતિ પ્રાપ્ત કરે છે, જે યજ્ઞ કરનારાઓની ગતિ છે, જે દાનેશ્વરોની જે ગતિ છે તેને પ્રાપ્ત કરે છે.*

*આ સંસ્કૃત નાટકનું મહત્ત્વ છે.*

## 9.2 આચાર્ય વિશ્વનાથ અને સાહિત્ય દર્પણ

### 9.2.1 આચાર્ય વિશ્વનાથનું જીવન સમય અને કવન

*સંસ્કૃત સાહિત્યશાસ્ત્રાકાશમાં આચાર્ય આનંદવર્ધન અને મમ્મટ પછી કવિ વિશ્વનાથ એક ઝળહળતું નક્ષત્ર છે. સાહિત્ય શાસ્ત્રની જુદી જુદી પરંપરાઓ જ્યારે સંપૂર્ણ વિકાસ પામી તે સમયમાં આચાર્ય વિશ્વનાથ થઈ ગયા. અલંકાર શાસ્ત્રી તરીકે પ્રસિદ્ધ એવા વિશ્વનાથ 'સાહિત્યદર્પણ' ગ્રંથ દ્વારા સુવિખ્યાત છે. સાહિત્યદર્પણ અને અન્ય ઐતિહાસિક સંદર્ભો દ્વારા ડૉ.કાણે તથા અન્ય વિદ્વાનોએ કરેલી ચર્ચાના અનુસંધાનમાં અને કૃતિઓ દ્વારા આપણે તેમના જીવન અને સમય વિશે માહિતી મેળવી શકીએ છીએ. વિશ્વનાથે પોતાને વિશે જે માહિતી આપી છે તે સિવાયની વધુ માહિતી આપણને ઉપલબ્ધ થતી નથી.*

*જીવનઃ વિશ્વનાથના પુત્ર અનંતદાસે સાહિત્ય દર્પણની લોચન ટીકામાં વિશ્વનાથનો પરિચય આપ્યો છે. વિશ્વનાથ નો જન્મ પ્રખ્યાત એવા કપિંજલ કુળમાં થયો હતો તેઓ વૈષ્ણવ બ્રાહ્મણ હતા.*

**आसीत् कपिञ्जलकुलकुलक्षीराकूपारचन्द्रमाः।**

**त्रिकलिङ्गाधिपराधासधीसचिवः कृती ॥**

**अशेषमाषारमणीभुजङ्गः साहित्यविद्यार्णवकर्णधारः।**

**ध्वन्यध्वनिप्रौढधियां पुरोगः श्री विश्वनाथः कविचक्रवर्ती॥ ( સા.દ.-લોચન ટીકા, લાહોર સંસ્કરણ)**

*વિશ્વનાથ પોતાને મહાકવિ ચંદ્રશેખરના પુત્ર તરીકે ઓળખાવે છે.*

**श्री चन्द्रशेखर महाकविचन्द्रसूनु–**

**श्री विश्वनाथकविराधगुप्तजकृतं प्रबन्धनम्।**

**साहित्यदर्पणममुं सुधियो विलोक्य**

**साहित्य तत्त्वमखिलं सुखमेव वित्त॥**

*ચંદ્રશેખર પણ પોતે કવિ, વિદ્વાન આચાર્ય અને સંભવતઃ રાજા કલિંગના એક ઉચ્ચ અધિકારી હતા. વિશ્વનાથના પૂર્વજો પણ પોતાના સમયમાં શ્રેષ્ઠ પંડિત, કવિ અને અલંકારિક આચાર્ય મનાતા હતા. વિશ્વનાથ પોતાના પાંડિત્ય અને કાવ્ય વિદ્યા દ્વારા કલિંગ રાજ્યમાં રાજકીય પદે અધિકારી હતા. વિશ્વનાથના પિતા મહાકવિ ચંદ્રશેખર અને વિશ્વનાથ પોતે સાંધિવિગ્રહિક હતાં. વિશ્વનાથના વૃદ્ધ પ્રપિતામહ નારાયણદાસ પંડિત હોવાની સાથે સાથે મોટા સાહિત્યચાર્ય પણ હતા.*

**तत्प्राणत्वं चास्मत्वृद्धप्रपितामह सहृदयगोष्ठी**
**गरिष्ठकविपंडितमुखयश्रीमन्नारायणपादैरुक्तम्**

**(સા.દ.પરિ.3. કા.4 ઉપર,પૃ.73)**

*વિશ્વનાથ કવિરાજે પોતાના ગ્રંથ સાહિત્ય દર્પણ અને કાવ્યપ્રકાશ પર નિયત દર્પણ ટીકામાં તેમના મતોને ઉલ્લેખ્યા છે. નારાયણદાસ નરસિંહદેવના સભા પંડિત હતા. તેમણે ત્રિકલિંગ નરસિંહદેવની સભામાં દિગ્ગજ વિદ્વાન ધર્મદત્તને શાસ્ત્રાર્થમાં હરાવ્યા હતા. વિશ્વનાથના પિતા મહા ઉલ્લાસદાસ પણ નરસિંહદેવના ગુરુ અને સભાપંડિત હતા. વિશ્વનાથના પિતામહાનુજ ચંડીદાસ પણ શાસ્ત્રાર્થી પંડિત હતા. ત્યારબાદ વિશ્વનાથના પિતા ચંદ્રશેખર કવિ તથા પંડિત હતા. તેમણે પોતે જ વિશ્વનાથને શાસ્ત્રીયવશિક્ષણ આપ્યું હતું. ચંદ્રશેખર મહાકવિની બે રચનાઓનો ઉલ્લેખ સા.દ.માં પ્રાપ્ત થાય છે. તેમાં ભાષાર્ણવ નામે વ્યાકરણ સંબંધી ગ્રંથ છે. અને બીજી પુષ્પમાલા નાટિકા. આ બંને પદ્ય રચનાઓનાં ઉદાહરણ આપણને સા.દ.માં મળે છે. તેથી તેમ કહી શકાય કે તેમણે અનેક કૃતિઓનું લખી હશે અને તેઓ નરસિંહ દેવની સભામાં હતા.*

*વિશ્વનાથના બધા જ પૂર્વજોએ પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી હતી અને અનેક બિરુદ્ધ મેળવ્યા હતા. તેમાંના અનેક 'સાન્ધિવિગ્રહિક','કવિરાજ',તથા 'મહાપાત્રની પદવી પ્રાપ્ત કરી હતી જે વંશપરંપરાગત હતી. જે તેમના બ્રાહ્મણ કુળનો નિર્દેશ કરે છે. તેમને 'કવિસૂક્તિરત્નાકર'નું બિરુદ પણ પ્રાપ્ત થયું હતું.*

*વિશ્વનાથ સંસ્કૃત ભાષાની સાથે સાથે પ્રાકૃત ભાષામાં પણ અભ્યાસી હતા. એક શ્લોકમાં તો તેમણે અલ્લાઉદીનની સ્તુતિ પણ કરેલી છે.*

**सन्धौ सर्वस्वहरणं विग्रहे प्राणः निग्रहः,**

**अलावदीननृपतौ न सन्धिन च विग्रहः ॥ (સા.દ. 4-14)**

*સાહિત્ય દર્પણના પ્રથમ પરિચ્છેદના ઉપસંહારાત્મક પદ્ય અને સાહિત્યદર્પણના અંતિમ પદ્યમાં વિષ્ણુની સ્તુતિ પ્રાપ્ત થાય છે, તે ઉપરથી અને વૈષ્ણવ ધર્મમાં તેમની આસ્થા જોઈ અનેક વિદ્વાનો તેમને વૈષ્ણવ માનવા પ્રેરાયા છે. પરંતુ એવી શક્યતા હોય. વિશ્વનાથ શિવ અને વિષ્ણુ બંનેની યથા પ્રસંગે સ્તુતિ કરી છે.*

*સમય : વિશ્વનાથના સમય માટે સંદર્ભો આ પ્રમાણે મળે છે.*

1. *વિશ્વનાથે નૈષધચરિત, અલંકાર સર્વસ્વ, પ્રસન્ન રાઘવના ઉદાહરણોનો ઉપયોગ સાહિત્ય દર્પણ ગ્રંથમાં કરેલો છે. તેથી આપણે માની શકાય કે શ્રીહર્ષ,રૂચ્યક તથા જયદેવના પરવર્તી હોવા જોઈએ.*

2. *વિશ્વનાથ તથા તેના પિતા કલિંગ, નરસિંહદેવના દરબારમાં સાંધિવિગ્રાહક હતાં. આ રાજાઓના નિશ્ચિત સમયના આધારે વિશ્વનાથ* 14*મી સદીના પૂર્વાર્ધમાં થયા હોવાની શક્યતા જણાઈ આવે છે.*

3.*અલ્લાઉદીન ખીલજીને ઉદ્દેશી લખેલ શ્લોકના આધારે કવિનો સમય* 14*મી સદી ગણી શકાય.*

*એટલે આ બધા જ પ્રમાણોના આધારે સાહિત્યદર્પણની રચના ઈ.સ.*1300 *થી* 1386 *દરમિયાન થઈ હોવી જોઈએ.*

**કૃતિઓઃ**

*કવિરાજ વિશ્વનાથને પ્રસિધ્ધિ અપાવી તે સંસ્કૃત અલંકાર શાસ્ત્રના મુખ્ય ગ્રંથ સાહિત્ય દર્પણ ઉપરાંત અન્ય કૃતિઓનું પણ સર્જન વિશ્વનાથે કર્યું છે. જેમાં મુખ્યત્ત્વે નીચેની કૃતિઓને સમાવિષ્ટ કરી શકાય.*

1. चन्द्रकला **:** *'ચંદ્રકલા એ નાટિકા પ્રકારનો ગ્રંથ છે. સાહિત્ય દર્પણના* 3-96*માં આ ગ્રંથનો ઉલ્લેખ આપણને જોવા મળે છે, 'ચંદ્રકલા નામની નાટિકામાં ચંદ્રનું વર્ણન આ પ્રમાણે કરવામાં આવ્યું છે,'*

**तारुण्यस्य विलासः समधिकलावण्यसंपदोहासः ।**

**धरणितलस्याभरणं युवजनमनसो वशीकरणम् ॥**

*એટલે કે ચંદ્રકલા તો યૌવન નો વિલાસ છે, વૃદ્ધિ પામેલી લાવણ્ય સંપત્તિનું મધુર હાસ્ય છે. પૃથ્વીનું ભૂષણ છે તથા નવયુવકોના મનને આકૃષ્ટ કરવાવાળો વશીકરણ મંત્ર છે.*

*ખ્યાલ આપણે આ વાતથી જાણી શકીએ છીએ.*

2. प्रभावतीपरिणयम् : *સાહિત્ય દર્પણના ત્રીજા પરિચ્છેદની* 58*ની કારિકામાં આ નાટિકા નો થોડો પરિચય મળે છે.જેનામાં નવીન યૌવનની છટા પ્રથમ પ્રગટ વિકસિત થયેલી હોય, રતિ સમયમાં સંકોચ દાખવે, લાંબા સમય સુધી માન રાખવાવાળી તથા વધારે લજ્જાનો ભાવ ધારણ કરનારી હોય છે.*

**प्रथमावतीर्णयौवनमहविकारा रतौ वामा।**

**कथिता मृदुश्च माने समधिकलज्जावती मुग्धा ॥**

*આ નાટિકામાં કવિ દ્વારા શૃંગારસના જુદા જુદા સ્વરૂપનું આલેખન આપણને જોવા મળે છે.*

3. राघवविलासम् **:** *દશરથનંદન શ્રી રામચંદ્રની કથા ઉપર આધારિત આ કૃતિ મહાકાવ્ય સ્વરૂપની છે. તેનો ઉલ્લેખ સાહિત્ય દર્પણના ત્રીજા પરિચ્છેદની* 222/223 *કારિકામાં આ પ્રમાણેનો જોવા મળે છે. ઈષ્ટનો નાશ તથા અનિષ્ટની પ્રાપ્તિથી કરુણ રસ પ્રગટ થાય છે. તે ઈષ્ટના રંગ હોય છે. તેના દેવતા યમરાજ છે.*

**इष्टनाशाद निष्टापत्तेः करुणारव्यो रसो भवेत्।**

**धीरैः कपोतवर्णोऽयं कथितो यमदैवतः॥**

4. कुवलयश्चरितम् **:** *આ કૃતિ પ્રાકૃતમાં રચાયેલી છે. આ કાવ્યમાં શૃંગારસનું પ્રધાન રસસ્વરૂપ આલેખેલું જોવા મળે છે. તેનો ઉલ્લેખ સાહિત્ય દર્પણના ત્રીજા પરિચ્છેદની* 149*ની કારિકામાં ત્યાં આ રીતે વર્ણન કરવામાં આવેલું છે. શૂરવીરતા તથા અપરાધ વગેરેથી ઉત્પન્ન મંડલાનું નામ ઉગ્રતા છે. તેમાં પરસેવો, મસ્તકનું કંપન તથા તર્જન તાંડવ વગેરે થાય છે.*

**शौर्यापरुधादिभावं भवेच्चण्डत्वमुग्रता ।**

**तत्र स्वेदशिरः कम्प तर्जनाताडनादयः॥**

5. प्रशस्तिरत्नावली : *આ ગ્રંથમાં રાજાની પ્રશસ્તિ સોળ ભાષાઓ દ્વારા કરવામાં આવેલી છે. આ રાજા કલિંગનો નરેશ નરસિંહ પ્રથમ અથવા બીજો હોવાની શક્યતા છે એમ માનવામાં આવે છે.*

6. काव्यप्रकाशदर्पण *આચાર્ય મમ્મટના કાવ્યપ્રકાશ ઉપરથી વિશ્વનાથે લખવામાં આવેલી ટીકા છે. અને આ ગ્રંથની રચના સાહિત્ય દર્પણ પછી કરવામાં આવી છે એમ માનવામાં આવે છે.*

7. नरसिंहविजय : *આ ગ્રંથમાં પ્રાયઃ નરસિંહ બીજાના વિજયની કથાને આલેખિત કરવામાં આવેલ છે. વિશ્વનાથ ના પુત્ર અનંતદાસે સાહિત્ય દર્પણ ઉપર લોચન નામની ટીકા લખેલી છે. આ ગ્રંથનો ઉલ્લેખ તેમાં આ પ્રમાણે કરવામાં આવેલો છે. -* यथा मम तातपादानां विजयनरसिंहे ।

8. साहित्यदर्पण : *સાહિત્ય દર્પણ દસ પરિચ્છેદોમાં વિભક્ત કાવ્યશાસ્ત્રીય ગ્રંથ છે.આ વિશ્વનાથની સર્વોત્તમ રચના છે. તેમાં રૂપકવિભાગ સહિત કાવ્યશાસ્ત્રના લગભગ બધા જ વિષયોનું વિસ્તૃત વિવેચન પ્રાપ્ત થાય છે.*

*આમ આ રીતે વિશ્વનાથની કૃતિઓ વિશે આપણે સંક્ષેપમાં માહિતી મેળવી.*

*સાહિત્યદર્પણ પરની ટીકાઓ :*

*સાહિત્ય દર્પણ પરની ટીકાઓમાં પ્રાચીન ટીકાઓની સંખ્યા પાંચ છે. તે જોઈએ તો,*

1. *લોચન : વિશ્વનાથના પુત્ર અનંતદાસ દ્વારા રચિત લોચન ટીકા પ્રાચીન અને પ્રસિદ્ધ છે. ટીકાના સાતમા પરિચ્છેદ અને દસમા પરિચ્છેદના ઉપસંહારમાં લોચનકારે પિતા સાથે પોતાના નામનું વિધાન કર્યું છે. કેટલીક જગ્યાએ* मम पितुः' *એમ લખીને કવિરચિત શ્લોકોને ઉદ્ધૃત કર્યા છે. આ ટીકા સરળ અને સંક્ષિપ્તમાં લખાયેલી છે. કાણે આ ટીકા વિશે જણાવે છે કે લોચન ટીકા સંક્ષિપ્ત હોવા છતાં પણ વિદ્વતાપૂર્ણ છે. પ્રાચીન વિદ્વાનોએ* लोचनेन विहीनस्य दर्पणः किं करिष्यति' *કહીને આ ટીકાનું મહત્ત્વ પ્રસ્થાપિત કર્યું છે. સાથે એવું કહેવાય છે કે અનંતદાસે ધ્વન્યાલોકની 'લોચન' વ્યાખ્યા સમાન 'લોચન' નામથી 'સાહિત્યદર્પણની' પોતાની વ્યાખ્યા આપી છે. આ ટીકાની ઈ.સ* 1636 *માં લખાયેલી એક હસ્તપ્રતનો ઉલ્લેખ છેકીફ્રિરં ના કેટલોગસ્ કેટલાગારમ્ ના ખંડ* 2,171a *માં પ્રાપ્ત થાય છે. જમ્બુ કેટલોગમાં પણ એક સંપૂર્ણ હસ્તપ્રત (સંખ્યા* 262 *પૃ.*65) *નો ઉલ્લેખ જોવા મળે છે.*

2. *ટિપ્પણ : મથુરાનન્દકૃત સાહિત્ય દર્પણ ની આ ટીકા છે. આ ટીકાનો સમય* 18*મી શતાબ્દીનો ઉત્તરાર્ધ માનવામાં આવે છે.*

3. *વિવૃત્તિ : આ ટીકાના ટીકાકાર પશ્ચિમ બંગાળના જિલ્લા વર્ધમાન અંતર્ગત રાયવટીના નિવાસી ચટ્ટોપાધ્યાય બ્રાહ્મણ રામચરણ તર્કવાગીશ છે. શક સંવત* 1622

*અર્થાત્ ઈ.સ. 1700 માં આની રચના થઈ હતી. આ ટીકાનાં અનેક સંસ્કરણો બંગાળમાં પ્રકાશિત થયાં છે. અને તેના ત્રણ સંસ્કરણો નિર્ણય સાગર પ્રેસ દ્વારા પણ પ્રકાશિત થયાં છે.*

4. *પ્રભા : આ ટીકા ગોપીનાથે લગભગ 17 મી શતાબ્દીમાં રચી હોવાનું મનાય છે. આ ટીકા પણ અપ્રકાશિત છે.*

5. *વિજ્ઞપ્રિયા : મહેશ્વર ભટ્ટ દ્વારા રચિત 17મી સદીના આરંભ અથવા તો મધ્યભાગમાં રચાઈ હોવાનું મનાય છે. કાણે ના મત અનુસાર આ ટીકા વિસ્તૃત અને વિદ્વતાપૂર્ણ ટીકા છે.*

*આ સિવાય પણ સાહિત્ય દર્પણ ઉપર વિમલા, રુચિરા, કુસુમપ્રતિમા, લક્ષ્મી, વિમલા (હિન્દી ટીકા) શશિકલા (હિન્દી ટીકા) ટીકોઓ લખાઈ છે.*

### 9.2.2 સાહિત્ય દર્પણ પરિચય અને વિશેષતાઓ

**સાહિત્ય દર્પણ પરિચયઃ**

*આચાર્ય મમ્મટ અને રુય્યક પછી અલંકારશાસ્ત્રમાં વિશ્વનાથનું સ્થાન અગ્રગણ્ય છે. અલંકારશાસ્ત્ર અને નાટ્યશાસ્ત્રના ઈતિહાસમાં સાહિત્યદર્પણનું સ્થાન કેટલીક વિશેષતાના કારણે છે. સાહિત્યદર્પણમાં કારિકા, વૃત્તિ તથા ઉદાહરણ સ્વરૂપ ત્રણ અંશનો સમાવેશ થાય છે. સાહિત્યદર્પણ દસ પરિચ્છેદોમાં વિભક્ત છે. આપણે તેનો સંક્ષિપ્ત પરિચય જોઈએ તો –*

1. *પ્રથમ પરિચ્છેદ : સર્વપ્રથમ મંગલાચરણ સિવાય વિશ્વનાથે કાવ્યફળનું નિરુપણ કર્યું છે. ત્યાર પછી વિવિધ કાવ્યાચાર્યો દ્વારા નિરૂપિત કાવ્ય લક્ષણોનું ખંડનપૂર્વક વિવેચન કરી અંતે આચાર્યે સ્વકીય મત ઉદાહરણ સાથે પ્રસ્તુત કર્યો છે.* रसात्मक वाक्य *કાવ્ય છે - આ નિષ્કર્ષ વિવિધ આલંકારિકોની આલોચનાના પરિણામસ્વરૂપથી જ પ્રાપ્ત થાય છે. કાવ્યસ્વરૂપના નિરૂપણ ઉપરાંત દોષ અને ગુણના સ્વરૂપ ઉપર પણ ક્રમશઃ ચર્ચા કરી છે.*
2. *દ્વિતીય પરિચ્છેદ : વાક્ય અને પદનું લક્ષણ આપીને અર્થની ત્રિવિધતા અને શબ્દની ત્રણ શક્તિઓ સહિત તાત્પર્ય વૃત્તિનું વિસ્તૃત વિવેચન કર્યું છે.*
3. *તૃતીય પરિચ્છેદ : રસ, ભાવ તથા અન્ય તત્સમ્બધ વિષયોનું વિસ્તૃત વિવેચન કર્યું છે. સાથે સાથે નાયક નાયકાના વિસ્તૃત ભેદો પણ પ્રતિપાદિત કર્યા છે. કાવ્યપ્રકાશની સાથે સાથે અભિનવભારતીના રસવિષયક વિચારોની પણ પર્યાપ્ત ચર્ચા કરી છે.*
4. *ચતુર્થ પરિચ્છેદ : કાવ્યના ધ્વનિ અને ગુણીભૂતવ્યંગ્ય નામના બે પ્રમુખ ભેદ અને એ ભેદોના પ્રકારોની વિસ્તૃત વ્યાખ્યા આપે છે. અહીં કાવ્યપ્રકાશના કર્તાની ચિત્રકાવ્ય નામના કાવ્યભેદના મતની ટીકા કરી છે.*
5. *પાંચમો પરિચ્છેદઃ વ્યંજનાવૃત્તિની સ્થાપના કરીને એના વિરોધી મતોનું યુક્તિ પૂર્વક ખંડન કર્યું છે. અહીં કાવ્યપ્રકાશના વ્યંજના પ્રસ્થાન પ્રકરણની અસર દેખાઈ આવે છે.*

6. છઠ્ઠો પરિચ્છેદઃ દશ્ય અને શ્રવ્ય કાવ્યભેદોની સવિસ્તાર ચર્ચા કરે છે.( જે આપણા અભ્યાસક્રમમાં છે.)
7. સાતમો પરિચ્છેદ : કાવ્યદોષ અને દોષવિભાગનું વિસ્તૃત વિવેચન કર્યું છે. આ પરિચ્છેદમાં કાવ્યપ્રકાશનો પ્રભાવ સ્પષ્ટરૂપે દેખાય છે.
8. આઠમો પરિચ્છેદ : ગુણસ્વરૂપ તથા માધુર્ય,ઓજ અને પ્રસાદ નામના ત્રણ ગુણોનું નિરૂપણ કર્યું છે.
9. નવમો પરિચ્છેદ : અહીં રીતિતત્ત્વનું નિરૂપણ કર્યું છે. રીતિના સ્વરૂપ સાથે વૈદર્ભી, ગૌડી, પાંચાલી અને લાટિકા આ ચાર રીતિઓનું વિવેચન કર્યું છે.
10. દસમો પરિચ્છેદ : અલંકારના સ્વરૂપ તથા એના શબ્દાલંકાર અને અર્થાલંકારના ભેદો દર્શાવ્યા છે.

**સાહિત્ય દર્પણની વિશેષતાઓ :**

સાહિત્ય દર્પણની ખાસ નોંધપાત્ર વિશેષતા એ છે કે એક જ ગ્રંથમાં દ્રશ્ય અને દ્રવ્ય કાવ્યની વિગતે ચર્ચા થઈ છે. વિશ્વનાથ વિદ્વાન હતા. તેમણે ઘણા ગ્રંથોની રચના કરી હતી, જેમાંના ઘણા ગ્રંથોનો ઉલ્લેખ સાહિત્યદર્પણમાં આવે છે. સુકુમાર બુદ્ધિવાળાને શાસ્ત્રબોધ થાય,તેવો જ વિશ્વનાથે આ ગ્રંથ દ્વારા પ્રયત્ન કર્યો છે અને તેમણે કહ્યું છે કે-

**साहित्यदर्पणममुं सुधियो विलोक्य।**

**साहित्यतत्वमखिलं सुखमेव वित्त॥**

ગ્રંથના વિષય વસ્તુપ્રતિપાદનનું વૈશિષ્ટ્ય જોઈએ તો-

1. ગ્રંથના આરંભમાં જ કાવ્યના આત્મ રસનું નિરૂપણ કરતા પ્રસ્થાનનું પ્રતિપાદન કર્યું છે. જુદા જુદા શાસ્ત્રકારોએ કાવ્ય સ્વરૂપ વિષયક મતની આલોચના કરતાં वाक्यं रसात्मकं काव्यम् ની સ્થાપના અને અહીંયા દોષ, ગુણ, રીતિ,અલંકાર, વક્રોક્તિ ,ધ્વનિ વગેરે કાવ્યતત્ત્વોને રસાધીન બતાવે છે.
2. ધ્વનિનો મુખ્યરૂપે સ્વીકારીને ધ્વનિકાવ્યનું ઉત્તમ કાવ્ય ભેદના રૂપમાં વર્ણન કરવું.
3. વસ્તુ, અલંકાર અને રસ વગેરે ત્રિવિધ ધ્વનિઓમાં રસધ્વનિની પ્રધાનતાનું વર્ણન.
4. નાયક -નાયિકા વચ્ચેના તફાવતની વિગતવાર ચર્ચા.
5. ત્રીજા પરિચ્છેદમાં, રસ-સ્વરૂપ અને તેના તફાવતોનું વિગતવાર વર્ણન ખૂબ જ સરળ સ્વરૂપમાં કરી કાવ્યાનંદનું બ્રહ્માસ્વાદસહોદર-સ્વરૂપ તરીકે વર્ણન.
6. ભરત આદિના બીજને સ્વીકારીને તથા રુદ્રટ દ્વારા પ્રતિપાદિત પ્રેયાન્ રસને સ્વીકારીને વત્સલ નામના દસમા રસનું યોગ્ય પ્રમાણમાં પ્રતિપાદન.
7. શબ્દ શક્તિઓનું વિસ્તૃત વિવેચન.
8. દ્રશ્ય અને શ્રાવ્ય રૂપમાં પુનઃ કાવ્યના બે ભેદો બતાવી એનું સર્વાંગી વર્ણન.

9. સાહિત્ય દર્પણ માં કારિકા, વૃત્તિ અને ઉદાહરણ - એમ ત્રણ ભાગોમાં વિભાજન છે. અહીં કારિકા અને વૃત્તિ પોતાની છે. જ્યારે ઉદાહરણ સ્વકીય અને પરકીય એમ બંને રીતે છે.
10. સાહિત્ય દર્પણની શૈલી પ્રાસાદિક, પ્રવાહી અને સરળ છે. અલંકારશાસ્ત્ર અને નાટ્યશાસ્ત્રમાં પ્રવેશ કરતા જિજ્ઞાસુઓને આ ગ્રંથ ખૂબ જ ઉપાદેય છે. આચાર્ય મમ્મટમાં દુર્બોધ એવો સંક્ષેપ છે જ્યારે જગન્નાથનો રસ ગંગાધર ગ્રંથ એની અતિવિદ્વતાને કારણે દુર્બોધ બન્યો છે. જ્યારે સાહિત્યદર્પણની વિવેચન શૈલી ઘણી જગ્યાએ સૂક્ષ્મ હોવા છતાં એકંદરે સ્પષ્ટ છે.
11. વિશ્વનાથે ઘણી જગ્યાએ પુરોગામી આલંકારિકોના મતનું ખંડન કરીને પોતાનો અભિપ્રાય આપવાનો પણ પ્રયત્ન કર્યો છે. પરંતુ એમાં તેઓને મહદંશે સફળતા મળી નથી પરંતુ તેમની કાવ્યની વ્યાખ્યા वाक्यं रसात्मकं काव्यम् ખૂબ જ લોકપ્રિય બની છે.
12. સાહિત્ય દર્પણ ગ્રંથ બંગાળમાં વિશેષ પ્રખ્યાતિ પામેલ છે. નાટ્યશાસ્ત્ર ની ચર્ચા ના ક્ષેત્રની દ્રષ્ટિએ જો વિચાર કરવામાં આવે તો આચાર્ય ભરત, ધનંજય તથા વિશ્વનાથના ગ્રંથો શ્રેષ્ઠ સ્થાન પામેલા છે એવું કાણેના વિધાનમાંથી સ્પષ્ટ જણાય છે.

**ષષ્ઠ પરિચ્છેદ : એક અવલોકન –**

'સાહિત્યદર્પણ'ના છઠ્ઠા પરિચ્છેદના વિષયવસ્તુનો સંબંધ દ્રશ્ય અને શ્રવ્ય કાવ્યના તફાવત સાથેનું નિરૂપણ.

'સાહિત્ય દર્પણ'ના દસ વિભાગોમાં દૃશ્ય- શ્રવ્યકાવ્ય નામનો આ વિભાગ દસ પરિચ્છેદોમાં સૌથી મોટો છે. ગ્રંથમાં કુલ 799 કારિકો છે, એટલે કે પ્રથમમાં ત્રણ (3), બીજામાં વીસ (20), ત્રીજામાં બસો સડસઠ (267), ચોથામાં ચૌદ (14), પાંચમાં પાંચ (5), છઠ્ઠામાં ત્રણસો સાડત્રીસ (337), સાતમામાં બત્રીસ (32), આઠમામાં સોળ (16), નવમામાં પાંચ (5), દસમામાં સો (100).એમ અહીં કુલ 799 કારિકાઓમાંથી 337 કારિકાઓ આ છઠ્ઠા પરિચ્છેદમાં આવેલી છે. જો છઠ્ઠા પરિચ્છેદ સાથે ત્રીજા પરિચ્છેદને જોડવામાં આવે તો આ ભાગ સંપૂર્ણ નાટયશાસ્ત્રીય ગ્રંથ બની જશે. ત્રીજા પરિચ્છેદમાં રસ-ભાવસહિત નાયક -નાયિકાનું વિગતે નિરૂપણ કર્યું છે. મોટાભાગે છઠ્ઠા પરિચ્છેદમાં માત્ર દ્રશ્યકાવ્યનું વર્ણન કરવામાં આવ્યું છે. અહીં 337 કારિકોમાંથી 312 કારિકા નાટ્યશાસ્ત્ર ચર્ચા સાથે સંબંધિત છે. શ્રવ્યકાવ્યની ચર્ચા માત્ર પચીસ (25) કારિકાઓમાં કરવામાં આવી છે. તેથી, તે સ્પષ્ટ છે કે આ પરિચ્છેદનું નામ 'દ્રવ્ય અને શ્રવ્યકાવ્યના ભેદનું નિરૂપણ હોવા છતાં, અહીં ફક્ત દ્રશ્ય કાવ્યનું વર્ણન જ કરવામાં આવ્યું છે. અહીં આચાર્ય ભરત રચિત 'નાટ્યશાસ્ત્ર'નો ભાગ ઉપયોગ કરવાની સાથે 'દશરૂપક'નો ભાગ પણ છે અને અન્ય સ્થળોએ અમુક ફેરફારો દર્શાવ્યા છે.અહીં આચાર્યે દ્રશ્ય અને શ્રવ્ય કાવ્ય વચ્ચે ભેદ કર્યા છે, દ્રશ્ય કાવ્ય અંતર્ગત રૂપક સંજ્ઞા, અભિનય, રૂપક અને ઉપરૂપકના ભેદ, અંકલક્ષણ, ગર્ભાંક, પૂર્વરંગ, નાન્દી, વૃત્તિ, આમુખ, કથાવસ્તુ ,પતાકાસ્થાનક, અર્થોપક્ષેપક,અર્થપ્રકૃતિ,કાર્યાવસ્થા,સંધિ તથા

સંન્ધ્યંગો, નાટ્યોક્તિ, નામકરણ, ભાષા વિભાગ,નાટ્યલક્ષણ છત્રીસ (36) લક્ષણોના નામ નિર્દેશ,નાટ્યાલંકાર,લાસ્યાંગ,મહાનાયક, અન્ય રુપક-ઉપરૂપકના ભેદનું નિરૂપણ વગેરે પર વિચાર કર્યો છે.

જ્યારે શ્રવ્ય કાવ્ય અંતર્ગત શ્રાવ્યકાવ્ય,શ્રવ્યકાવ્યપ્રકાર,પદ્યકાવ્યના ભેદ, મહાકાવ્ય, ખંડકાવ્ય,ગદ્યકાવ્ય,કથા,આખ્યાયિકા,ગદ્યપદ્યાત્મક કાવ્ય અર્થાત્ ચમ્પુ,કરભક વગેરેના સ્વરૂપ પર આ પરિછેદમાં ચર્ચા થઈ છે.

## 9.3 તમારી પ્રગતિ ચકાસો

પ્રશ્ન -1 નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

1. કાવ્યશાસ્ત્રનાં જુદાં જુદાં નામ આપો.

2. ભરતમુનિના નાટ્યશાસ્ત્રને કયા શાસ્ત્રની શાખા માનવામાં આવે છે?

3. કાવ્યશાસ્ત્રના વિકાસને કેટલા ભાગમાં વહેંચવામાં આવ્યું છે? નામ જણાવો.

4. સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં કુલ કેટલા સંપ્રદાયો પ્રખ્યાત છે? નામ જણાવો.

5. સાહિત્યદર્પણ ઉપર લખાયેલી ટીકાઓનાં નામ આપો.

6. સાહિત્ય દર્પણના તૃતીય પરિચ્છેદમાં શેની ચર્ચા આવે છે?

______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________

પ્રશ્ન -2 નીચેનામાંથી સંક્ષિપ્ત નોંધ લખો.

1. નાટકની ઉત્પત્તિ
2. નાટકનું મહત્ત્વ
3. વિશ્વનાથનું જીવન
4. વિશ્વનાથની કૃતિઓ

પ્રશ્ન -3 નીચેના વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો.

1. અનંતદાસે સાહિત્યદર્પણની લોચન ટીકામાં વિશ્વનાથનો પરિચય આપ્યો છે.
2. વિશ્વનાથ ક્ષત્રિય હતા.
3. મથુરાન્દની સાહિત્યદર્પણ ઉપરની ટિપ્પણ ટીકા છે.
4. સાહિત્યદર્પણના નવ પરિચ્છેદો છે.
5. સાહિત્યદર્પણના દસમા પરિછેદમાં અલંકારના સ્વરૂપ તથા શબ્દાલંકાર અને અર્થાલંકારના ભેદો છે.

---

**લેખક : ડૉ. રાજવી ઓઝા, આસિસ્ટન્ટ પ્રોફેસર**
**સેન્ટ ઝેવિયર્સ કોલેજ (સ્વાયત), અમદાવાદ.**

---

# એકમ :10 : સાહિત્યદર્પણ પરિચ્છેદ 6 શ્લોક (1 થી 31)

## રૂપરેખા

**10.0 ઉદ્દેશ**

**10.1 પ્રસ્તાવના**

**10.2 સાહિત્યદર્પણ ( છઠ્ઠો પરિચ્છેદ -કારિકા 1 થી 31)**

**10.3 તમારી પ્રગતિ ચકાસો**

## 10.0 ઉદ્દેશ

- *વિદ્યાર્થીઓને પ્રાચીન ભારતમાં સંસ્કૃત નાટકના ભવ્ય વારસાથી પરિચિત કરાવવાનો*
- *પ્રાચીન ભારતમાં સંસ્કૃત નાટકના વિકસેલા સંસ્કૃત નાટયવિવેચનના નાટયશાસ્ત્રની પ્રચુરસામગ્રીના એક ખંડ સાહિત્યદર્પણના સિદ્ધાંતોથી વિદ્યાર્થીને પરિચિત કરવાનો*
- *આ સાહિત્ય દર્પણના નાટ્ય શાસ્ત્રના સિદ્ધાંતો પરથી પ્રાચીન સંસ્કૃત સાહિત્યની પણ સમૃદ્ધ પરંપરાની વિદ્યાર્થીને પરિચિત કરાવવાનો છે.*

## 10.1 પ્રસ્તાવના

*પ્રાચીન ભારતે વિશ્વને અનેક ક્ષેત્રોની જેમ સાહિત્ય અને વિશેષ કરીને નાટયક્ષેત્રમાં અદ્વિતીય પ્રદાન કર્યું છે. ભારતના નાટયસાહિત્યની દીર્ઘ અને સમૃદ્ધ પરંપરા રહી છે. એ પરંપરામાં નાટ્યશાસ્ત્ર પણ વિકસ્યું છે અને સંસ્કૃત નાટકનું વિવેચન પણ ઉદ્ભવ્યું અને વિકસ્યું છે. તો નાટયશાસ્ત્રોની સંસ્કૃત નાટકના વિવેચન સિદ્ધાંતોથી પરિચિત થઈ અર્વાચીન કાળમાં પણ તે સિદ્ધાંતોથી આધુનિક નાટય સાહિત્યને મૂલવી શકાય તેવી સંભાવના આવા પુસ્તકોથી ઉદ્ભવતી હોય છે. આમ અખૂટ સંભાવનાઓનું આ ક્ષેત્ર છે.*

## 10.2 સાહિત્યદર્પણ (6ઠ્ઠો પરિચ્છેદ- 1 થી 30 કારિકા)

**(***સંસ્કૃત કારિકાઓ અને તેની સમજૂતી સંસ્કૃત પાઠ માટે મોતીલાલ બનારસીદાસની* 1975*ની આઠમી આવૃત્તિને અમે અનુસર્યા છે.)*

**दृश्यश्रव्यत्वभेदेन पुनः काव्यं द्विधा मतम् ।**

*અનુવાદઃ દ્રશ્ય અને શ્રવ્યનો ભેદ કરી પુનઃ કાવ્ય બે પ્રકારનું માનવામાં આવ્યું છે.*

दृश्यं तत्राभिनेयम् –

*અનુવાદઃ અભિનય દ્વારા દર્શાવવામાં આવે તેવા કાવ્યને દ્રશ્ય કાવ્ય કહે છે.*

**1. तद्रूपारोपात्तु रूपकम् ॥१॥**

*અનુવાદઃતે દ્રશ્યકાવ્યમાં રૂપનું આરોપણ થવાથી તેને રૂપક કહેવામાં આવે છે.* (1)

**2. भवेदभिनयोऽवस्थानुकारः स चतुर्विधः ।**

**आङ्गिको वाचिकश्चैवमाहार्यः सात्त्विकस्तथा ।। २ ॥**

*અનુવાદઃ અવસ્થાનું અનુકરણ કરવું તેને અભિનય કહેવાય છે. અને અભિનય ચાર પ્રકારનો છે.*(1) *આંગિક* (2) *વાચિક* (3) *આહાર્ય અને* (4) *સાત્ત્વિક.*

*વિવરણઃ પ્રસ્તુત કારિકામાં અભિનયની સમજૂતી સાથે અભિનયના ચાર પ્રકારોની પણ ચર્ચા કરવામાં આવી છે.*

1. आङ्गिकः अङ्गानि प्रयोजनं यस्य इति आङ्गिकः। *આંખ,હાથ જેવા શરીરના અવયવ થી જે અભિનય કરવામાં આવે છે તેને આંગિક અભિનય કહેવાય છે.*
कर्मणोऽङ्गैरुपाङ्गैश्च साक्षाद्भावनमाङ्गिकः (ना.द. ३.५० बी) *નાટ્યશાસ્ત્રમાં આઠમા અધ્યાયમાં 14 માં શ્લોકમાં ભરતમુનિ પણ આ અંગે સમજૂતી આપતા કહે છે કે-* तत्र
**शिरो हस्तोरः तत्र शिरो हस्तोरः पाश्वचटीपादतः षडङ्गानि ।**

**नेत्रभ्रूनासाधरकपोलचिबुकान्युपाङ्गानि ॥**

*અર્થાત્ અંગ ઉપાંગોથી પણ વિવિધ રીતે અભિનયની અભિવ્યક્તિ થઈ શકે છે. જેમકે દ્રષ્ટિથી (36 પ્રકારથી ), ભ્રૂકુટિથી ( 7 પ્રકારે),નાકથી (7 પ્રકારે) વગેરે.*

2. वाचिक : *ભાવને અનુસરીને જ વાણીનું જે અનુકરણ તેને વાર્ષિક અભિનય કહી શકાય. ભાવના અનુકરણ સિવાયની બોલાયેલી વાણીને અભિનય કહી શકાય નહીં.*
वाचिकोऽभिनयो वाचां यथाभावमानुक्रिया वाग् अनुकार्या प्रयोजनमस्येति वाचिकः।

3. आहार्य : वर्णाद्यनुक्रियाऽऽहार्यो बाह्यवस्तुनिमित्तकः। *શરીરથી અલગ વસ્તુઓ જેવી કે રંગ, સ્યાહી ,ભસ્મ, ધાતુ વસ્ત્ર વગેરેથી વર્ણ,રસ, ગંધ, નદી,વન, પશુ, પર્વત વગેરેનું અનુકરણ કરવું. આહાર્ય એ બાહ્ય નિમિત્ત છે જ્યારે વાચિક વગેરે ત્રણ અભિનય શરીર નિમિત્ત છે.*

4. सात्विकः सात्त्विकः स्वरभेदादेरनुभावस्य दर्शनम् अवहितं मनः सत्त्वं, तत् प्रयोजनं हेतुरस्येति सात्त्विकः।

*મનની સ્થિરતાથી સ્વરભેદ,કમ્પન,સ્તમ્ભ, રોમાંચ, મૂર્છા, પ્રસ્વેદ, આંસુ,નિસાસો,સન્તાપ, બગાસું, ડૂસકાં વગેરેથી અનુભવોનું પ્રદર્શન તે સાત્ત્વિક અભિનય કહેવાય છે. સાથે આ અભિનયમાં શબ્દાનુકરણ ન હોવાથી વાચિક નથી. તેમજ અંગ ઉપાંગો થી સાધ્ય સ્પષ્ટ ચેષ્ટારૂપ ન હોવાથી આંગિક પણ નથી. ભરતમુનિ આ અભિનયોને* नाटयसंश्रयाः *કહે છે.*

*રુપકના ભેદ*

रूपकस्य भेदानाह –

**3. नाटकमथ प्रकरणं भाणव्यायोगसमवकारडिमाः ।**

**ईहामृगाङ्कवीथ्यः प्रहसनमिति रूपकाणि दश ॥३॥**

**અનુવાદ :** *અહીં નાટક, પ્રકરણ, ભાણ, વ્યાયોગ, સમવકાર, ડિમ,ઈહામૃગ,અંક,વીથી તથા પ્રહાસન જેવા રૂપકોના* 10 *પ્રકારો વર્ણવવામાં આવેલા છે.*

**किञ्च ।**

**4. नाटिका त्रोटकं गोष्ठी सट्टकं नाट्यरासकम्।**

**प्रस्थानोल्लाप्यकाव्यानि प्रेङ्खणं रासकं तथा ॥४॥**

**5 संलापकं श्रीगदितं शिल्पकं च विलासिका ।**

**दुर्मल्लिका प्रकरणी हल्लीशो भाणिकेति च ॥५॥**

**6. अष्टादश प्राहुरुपरूपकाणि मनीषिणः ।**

**विना विशेष सर्वेषां लक्ष्म नाटकवन्मतम्**

*અનુવાદ : અઢાર પ્રકારના ઉપરૂપકો વિદ્વાનોએ કહ્યાં છે. નાટિકા,ત્રોટક, ગોષ્ઠિ,સટ્ટક,નાટયરસ, પ્રસ્થાન, ઉલ્લાસ, કાવ્ય,પ્રેંખણ,રાસક,સંલાપક,શ્રીગદિત,શિલ્પક,વિભાસિકા,દુર્મલ્લિકા,પ્રકરણી, હલ્લીશ, ભાવિકા, આ સર્વમાં દરેકના પોતાનાં વિશિષ્ટ લક્ષણ સિવાય બીજાં સામાન્ય લક્ષણો નાટકની જેમ જ માનેલા છે.*

*વિવરણ : નાટક વગેરે મુખ્ય રૂપકોનાં નામ ગણાવ્યા બાદ નાટિકા વગેરે અઢાર ઉપરૂપકોનાં નામ બતાવ્યાં છે. આમ આ રીતે કુલ* 28 *પ્રકારના ભેદ થાય છે. ધનિકે દસ રુપકોની જ ચર્ચા કરી છે.*

*ભરત કહે છે કે* " अनयोश्च बन्धयोगादेको भेदः प्रयोक्तृभिर्ज्ञेयः।

प्रख्यातस्त्वितरो वा नाटीसंज्ञाश्रिते काव्ये ॥

*શ્રી ધનિક કહે છે કે નાટિકા અને પ્રકરણી બન્ને ભેદ* નાટી *નામથી અભિપ્રેત છે એવો કોઈ વિદ્વાનોએ કરેલો અર્થ બરાબર નથી, કારણ ભરતના શ્લોકમાં પ્રકરણિકાનું નામ નથી અને પ્રકરણિકાનું લક્ષણ પ્રકરણ પ્રમાણે છે. નાટિકા એ નાટક અને પ્રકરણનું મિશ્ર સ્વરૂપ છે.*

*ધનિક દશરૂપકની* 1:8 *ની વૃત્તિમાં જણાવે છે કે,* डोम्बी श्रीगदितं वामे भाणीप्रस्थानरासकाः। काव्यं च सप्त नृत्यस्य भेदाः स्युस्तेऽपि भाणवत् ॥

આવો કોઈ ગ્રંથકારનો મત છે, પણ આ મત બરાબર નથી કારણ કે નૃત્ય ભાવાશ્રય છે, જ્યારે નાટય રસાશ્રય છે. આથી નાટક વગેરે દસ ભેદો જ શુદ્ધ છે. તેમાં ડોમ્બી વગેરેનો સમાવેશ કરીને વધુ પ્રકારો સ્વીકારી શકાય નહિ.

**7. नाटकं ख्यातवृत्तं स्यात् पञ्चसन्धिसमन्वितम्।**

**विलासादिगुणवद्युक्तंनानाविभूतिभिः ॥७॥**

અનુવાદ : નાટક પ્રખ્યાત કથાનકવાળું તેમજ પાંચ સંધિઓથી યુક્ત હોવું જોઈએ. વિલાસ,ઋદ્ધિ વગેરે ગુણોવાળું તેમજ અલગ અલગ પ્રકારની ઉદાત્ત સંપત્તિઓથી યુક્ત હોવું જોઈએ.

વિવરણઃ કારિકા 7 થી 11 માં નાટકના સ્વરૂપની ચર્ચા કરવામાં આવી છે. નાટયદર્પણકાર 1.5ની વૃત્તિમાં કહે છે કે नाटयति विचित्रं रञ्जनाप्रवेशेन सभ्यानां हृदयं नर्तयति इति नाटकम्। ધનંજય નાટકને અન્ય ભેદોની પ્રકૃતિ તરીકે માનીને બધા જ લક્ષણો તેમાં પ્રાપ્ત થાય છે એમ કહે છે. प्रकृतित्वादथान्येषां भूयो रसपरिग्रहात्। सम्पूर्ण लक्षणत्वाच्च पूर्वं नाटकमुच्यते। (३.१) કવિ અને ભાવકોને નાટક માટે સવિશેષ અભિરુચિ હશે, તેથી બહોળા પ્રમાણમાં ખેડાણ નાટક પ્રકારનું થવા લાગ્યું છે. આ પ્રકાર એટલો બધો સાર્વત્રિક અને લોકપ્રિય બન્યો કે રૂપકના બીજા પ્રકારો માટે પણ નાટક શબ્દનું સંબોધન થવા લાગ્યું. લક્ષણકારો એ પણ પ્રથમ ચર્ચા नाटक સ્વરૂપની જ કરી છે. શશિકલા ટીકામાં ભરતમુનિએ નાટકને નાટયનું ઉત્થાન કહ્યું છે. धर्मार्थसाधनं नाटयं सर्वदुःखापनोदकृत्। નાટક ધર્મ અને અર્થનું સાધન છે અને સર્વ દુઃખોને દૂર કરનારું છે.

વિશ્વનાથે વિમલા ટીકામાં ख्यातवृत्तम् ની સમજૂતી આપતા કહ્યું છે કે ख्यातं रामायणादिप्रसिद्धं वृत्तम्। यथा रामचरितादि। રામાયણ વગેરેનું વૃત્ત પ્રખ્યાત છે.

રામચંદ્ર ગુણચંદ્ર કહે છે કે વસ્તુ ભૂતકાળનું હોવું જોઈએ, વર્તમાન કાળ કે ભવિષ્યકાળનું નહિ. वर्तमाने च नेतरि तत्कालप्रसिद्धिबाधया रसहानिः स्यात्।

આ કારિકામાં વિલાસ તથા ઋદ્ધિ શબ્દ દ્વારા ભાષાની સમૃદ્ધિ વર્ણવવામાં આવી છે. આદિ શબ્દ દ્વારા પ્રસાદ, માધુર્ય જેવા ગુણોયુક્ત નાટક હોવું જોઈએ. વિલાસથી નાયક અને નાયકાના એકબીજાના દર્શનથી ઉત્પન્ન થનારી ભાવ ભરેલી નજર તથા વૃધ્ધિ શબ્દથી નાયક અને નાયકાના સંકલ્પ વિચારોની ઉન્નતિ થવી જોઈએ. આદિ પદ્દ દ્વારા એકાંતના સ્થળમાં નાયક નાયકાના મિલનનું સૂચન છે.

**8. सुखदुःखसमुद्भूति नानारसनिरन्तरम्।**

**पञ्चाधिका दशपरास्तत्राङ्काः परिकीर्तिताः ॥ ८ ॥**

અનુવાદઃ નાટક સુખ અને દુઃખને ઉત્પન્ન કરનારું અને વિવિધ રસોવાળું હોય છે. તેમાં પાંચથી લઈને દસ સુધીના અંકો ગણાવાયા છે.

9. "प्रख्यातवंशो राजर्षिर्धीरोदात्तः प्रतापवान्।

दिव्योऽथ दिव्यादिव्यो वा गुणवान् नायको मतः॥ ।।९॥

*અનુવાદઃ નાટકમાં પ્રખ્યાત વંશનો રાજા, ધીરોદાત્ત સ્વભાવનો પ્રભાવશાળી, દિવ્ય કે દિવ્ય નહીં તથા ગુણિયલ નાયક હોય છે.*

*વિવરણઃ નાટકમાં નાયક કયા પ્રકારનો હોવો જોઈએ તેની ચર્ચા અહીં કરવામાં આવી છે. નાયક દિવ્ય હોવો જોઈએ જેમ કે ભગવાન શ્રીકૃષ્ણ દિવ્ય તથા અદિવ્ય સ્વરૂપમાં રામનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. દેવ સ્વરૂપમાં રામ છે. પણ સીતાના વિયોગ જેવા પ્રસંગમાં વ્યથા અનુભવવાના કારણે અદિવ્ય પણ ગણાય છે. પોતાના દૈવી સ્વભાવથી સભાન નથી.*

*નાટયદર્પણકાર દિવ્યનેતા પ્રતિ વિરોધ પ્રગટ કરતા કહે છે કે દેવતાઓ કઠિન કાર્યોને પણ ઈચ્છા માત્રથી સિદ્ધ કરી શકે છે. માટે તેઓનું ચરિત્ર આચરવું શક્ય ન હોવાથી માણસોને ઉપદેશ યોગ્ય નથી. નાયકા દિવ્યા હોય તો ચાલી શકે.* ये दिव्यं पि नेतारं मन्यन्ते न ते सम्यगमंसतेति। (*ના.દ.*1:5)

10. **एक एव भवेदङ्गी शृङ्गारो वीर एव वा ।**

**अङ्गमन्ये रसाः सर्वे कार्यो निर्वहणेऽद्भुतः ॥** 10 ॥

*નાટકની અંદર મુખ્ય એક જ રસ હોય છે. તે શૃંગાર હોય અથવા વીર હોય. બાકીના બીજા રસો ગૌણ હોય છે. પણ નાટકના અંત ભાગમાં તો અદભુત રસ જ હોવો જોઈએ.*

11. **चत्वारः पञ्च वा मुख्याः कार्यव्यापृतपूरुषाः ।**

**गोपुच्छाग्रसमाग्रं तु बन्धनं तस्य कीर्तितम् । ।11 ।।**

*અનુવાદઃનાટકની અંદર કાર્ય(ફ્રૈર્ફેહ) માં રોકાયેલા બીજા ચાર અથવા પાંચ અગત્યના પુરુષો પાત્રના સ્વરૂપમાં હોય છે તથા નાટકની શરૂઆતની રચના ગાયના પૂંછડાની સમાન હોવાનું સૂચન છે.*

*વિવરણઃ આ કારિકાની અંદર મુખ્ય નાયક ની સાથે મહત્ત્વનું કામ કરનારા ચાર અથવા તો પાંચ પુરુષો (પાત્રો)નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અંકોની રચનાની તુલના ગાયના પૂછડાની સાથે કરવામાં આવેલ છે. જેમ શરૂઆતમાં વાળ નીચેના ભાગ તરફ જતા પ્રારંભમાં નાના ત્યારબાદ કેટલાક લાંબા તથા છેડાના ભાગમાં પાછા નાના હોય છે. તેવી જ રીતે પ્રારંભનો એક નાનો પછીનો મોટો ત્યારબાદ નાનો આ પ્રમાણે અંકોના પ્રમાણ વિશે જણાવેલ છે. અન્ય વિદ્વાનોના મતે ગાયના પૂછડામાં કેટલાક વાર ટૂંકાં અને કેટલાક લાંબા હોય છે તેમ કેટલાંક કાર્યો મુખસંધિ તો કેટલાંક કાર્યો પ્રતિમુખ સંધિમાં સમાપ્ત થવાં જોઈએ. એ જ રીતે અન્ય સંધિઓમાં પણ કોઈ કોઈ કાર્યો સમાપ્ત થવા જોઈએ.*

**12. प्रत्यक्षनेतृचरितो रसभावसमुज्ज्वलः।**

**भवेदगूढशब्दार्थः क्षुद्रचूर्णकसंयुतः॥ ।। 12।।**

*અનુવાદઃ(અંકમાં શું હોવું જોઈએ?) નાટકના નેતા-નાયકના ચરિતની પ્રત્યક્ષ સ્વરૂપે રજૂઆત થવી જોઈએ. રસ તેમજ ભાવથી તે યુક્ત હોવી જોઈએ, શબ્દ-અર્થ સ્પષ્ટ હોવા જોઈએ તથા તેમાં સમાસ વગરનાં વાક્યો હોવાં જોઇએ.*

*વિવરણ : (12 થી શરૂ કરી 20 સુધીની કારિકામાં નાટકના એક ભાગ સ્વરૂપ અંકનાં લક્ષણો વર્ણવેલાં છે. અંકમાં નહીં બતાવવાના પદાર્થો અથવા દશ્યોનો ઉલ્લેખ કારિકા 16-17માં જણાવેલ છે. અંક વિષયક બીજી માહિતી 18 થી 20 કારિકાઓમાં જણાવેલી છે.)*

**13 विच्छिन्नावान्तरैकार्थः किंचित्संलग्नबिन्दुकः।**

**युक्तो न बहुभिः कार्यैर्बीजसंहतिमात्र च ॥ 13 ॥**

*અનુવાદઃ સંપૂર્ણ કાર્યથી કોઈપણ એક અવાન્તર પ્રસંગ પરિપૂર્ણ થવો જોઈએ. બિન્દુ (અર્થપ્રકૃતિનો) થોડો સ્પર્શ હોવો જોઈએ તે અંકમાં પુષ્કળ ઘટનાઓ ન હોય અથવા મૂળ કથાનક (બીજ) તરત પરિપૂર્ણ પણ ન થવું જોઈએ.*

*વિવરણઃ આ કારિકામાં સમજાવ્યું છે કે મૂળકથાની સાથે શરૂ થએલી એક વિષય તથા અર્થને રજૂ કરનારી ગૌણ અથવા પ્રાસંગિક કથા એક જ અંકમાં પૂરી થવી જોઈએ. તેમાં બિન્દુનો સંસ્પર્શ તો ચાલુ જ હોય. એકજ અંકમાં ઘણા કાર્યો દર્શાવવાનું સાથે સાથે અથવા પૂરાં કરવાનું પણ ન થવું જોઈએ. (છેલ્લો અંક હોય તો યોગ્ય છે.)*

**14. नानाविधानसंयुक्तो नातिप्रचुरपद्यवान् ।**

**आवश्यकानां कार्याणामविराधगुणेधाद्विनिर्मितः ॥ 14 ।।**

*અનુવાદઃ અંકમાં જુદી જુદી જાતની ઘટનાઓથી ભરપૂર, પુષ્કળ -શ્લોકો ન હોય તથા જરૂરી કાર્યોમાં અવરોધ ઉત્પન્ન ન થાય તેવી રીતે અંકની તેની રચના થયેલી હોવી જોઈએ.*

**15. नानेकदिननिर्वत्यकथया संप्रयोजितः ।**

**आसन्ननायकः पात्रैर्युतस्त्रिचतुरैस्तथा ॥15॥**

*અનુવાદઃ અનેક દિવસ સુધી ચાલે તેવા પ્રસંગો તે એક અંકમાં ન યોજવા જોઈએ, પ્રત્યક્ષ નાયકયુક્ત તેમજ ત્રણ અથવા ચાર પાત્રોવાળો અંક હોવો જોઈએ.*

*વિવરણ : અહીં અંક વિષયક વાત જણાવી છે કે એક જ અંકમાં લાંબા સમય સાથે ચાલનારા પ્રસંગનું નિરૂપણ ન કરવું જોઈએ. તે સિવાય નાયકની ઉપસ્થિતિ અથવા તેના અંગેની વાત કે તેનો પ્રસંગ હોવો જોઈએ. ત્રણ અથવા ચાર કે પછી તેનાથી વધારે સંખ્યામાં પાત્રો અંકમાં ઊપસ્થિત હોય.*

16. दूराह्वानं वधो युद्धं राज्यदेशादिविप्लवः ।

विवाहो भोजनं शापोत्सर्गौ मृत्यू रतं तथा ॥१६॥

17. दन्तच्छेद्यं नखच्छेद्यमन्यद् व्रीडाकरं च यत्।

शयनाधरपानादि नगराद्यवरोधनम् ॥ १७॥

18 स्नानानुलेपने चैभिर्वर्जितो नातिविस्तरः ।

देवीपरिजनादीनाममात्यवणिजामपि ॥१८॥

19. प्रत्यक्षचित्रचरितैर्युक्तो भावरसोद्भवैः ।

अन्तनिष्क्रान्तनिखिलपात्रोऽङ्क इति कीर्तितः ॥ १९॥

**અનુવાદઃ** *(અંકમાં આટલા દ્રશ્યો ન બતાવવાં જોઈએ) : દૂરથી બોલાવવું, વધ, યુદ્ધ, રાજ્ય અથવા દેશમાં ઉત્પન્ન થનારાં ઉપદ્રવો, લગ્ન, ભોજન, શાપ, મલનો ત્યાગ, મરણ, રતિકર્મ, દન્તક્ષત, નખક્ષત, આ સિવાયના લજ્જા ઉત્પન્ન કરનારા બીજા વિષયો, શયન, ચુંબન, નગર વગેરેને ઘેરવું, સ્નાન અથવા શરીરની માલિશ કરવાની ક્રિયા ન બતાવવી જોઈએ. વિશેષમાં તે અંકમાં ખૂબ લંબાણ ન હોવું જોઈએ. રાણી, રાણીનાં પરિજનો (નોકરચાકર), મંત્રીઓ તથા પ્રત્યક્ષ સ્વરૂપે બતાવાતા વ્યાપારીના લાગણીવાળા, રસ-ઉત્પાદક તથા ચમત્કાર ઉત્પન્ન કરનારાં કાર્યોવાળો હોવો જોઈએ. તે અંક જ્યારે પૂરો થાય ત્યારે બધાં જ પાત્રો (રંગમંચની) બહાર નીકળી જવાં જોઈએ.* ( 16 *થી* 19)

*વિવરણ : અંકમાં કઈ બાબતો ન બતાવવી જોઈએ તેની અહીં ચર્ચા કરી છે. સાથોસાથ યુદ્ધ, લગ્ન એટલે કે રંગમંચ પર, ભોજન, શાપ ન બતાવવાં જોઈએ. શાકુન્તલ નાટકમાં શાપ પ્રત્યક્ષ નિષેધ બતાવેલ નથી. નેપથ્યમાંથી જ, સંભળાય છે. આ ઉપરાંત રતિક્રીડા, દન્તક્ષત જેવાં શૃંગારિક દશ્યો બતાવવાનો નિષેધ ह છે તે હિતકારક છે વાસ્તવમાં આ દશ્યો લોકને નુકસાનકારક છે. સાથોસાથ અંક ખૂબજ દીર્ઘ ન હોય. અંક રાણી, નોકરચાકર, મંત્રી તથા પ્રત્યક્ષ બતાવેલા લાગણી ભરેલા રસ ઉત્પન્ન કરનારાં કાર્યોવાળો હોવાની વાત જણાવવાની સાથોસાથ અંકની સમાપ્તિમાં બધા પાત્રો રંગમંચની બહાર નીકળી જવું જોઈએ.*

20. अङ्कोदरप्रविष्टो यो रङ्गद्वारामुखादिमान्।

अङ्कोऽपरः स गर्भाङ्कः सबीजः फलवानपि ।।20।।

**અનુવાદ :** *અંકની મધ્યમાં આવેલો, પૂર્વરંગમાં ( સૂત્રધાર દ્વારા કરાતા મંગલાચરણ) આમુખ, પ્રસ્તાવના વગેરેથી યુક્ત એવો જે બીજ અને ફળથી પણ યુક્ત હોય છે તેને ગર્ભાંક કહેવામાં આવે છે.*

**વિવરણઃ** *પ્રસ્તુત કારિકામાં ગર્ભાંકનું લક્ષણ આપ્યું છે. એક નાટકમાં ચાલતું બીજું નાટક તેને ગર્ભાંક કહેવામાં આવે છે. વિશ્વનાથ તેના માટે કેટલીક શરતો બતાવે છે.*

1) *અંકની વચમાં (ગર્ત) પછી (અંક) આવેલો હોવો જોઈએ.* (2) *વચમાં આવેલા તે અંક માટે પણ નાન્દી અથવા મંગલ પ્રાર્થના કરવી જોઈએ.* (3) *તેનું સ્વતંત્ર બીજ (અર્થપ્રકૃતિ) તથા ફળ (અર્થપ્રકૃતિ) હોવા જોઈએ.* (4) *ચાલુ અંકથી ગર્ભાંક જુદું પડતું હોવું જોઈએ.*

*આચાર્ય વિશ્વનાથ વિમલા વૃત્તિમાં ગર્ભાંકના ઉદાહરણ તરીકે બાલ રામાયણમાં* सीता स्वयंवर *નામનો ગર્ભાંક.*

*જયારે શશિકલાટીકામાં ગર્ભાંકની યોજના જુદા જુદા ઉદ્દેશ્ય માટે થાય છે. જેમ કે રસોત્કર્ષ માટે ઉત્તરરામચરિતનો ગર્ભાંક, નાયક ઉત્કર્ષ માટે બાલરામાયણનો અને વસ્તુત્કર્ષ માટે અમોઘરાઘવનો ગર્ભાંક.*

**21.तत्र पूर्वं पूर्वरङ्गः सभापूजा ततः परम् ।**

**कथनं कविसंज्ञादेर्नाटकस्याप्यथामुखम् ।।21।।**

*અનુવાદઃ તેમાં (નાટકમાં ) પ્રથમ પૂર્વરંગ, ત્યાર પછી સભાપૂજન, પછી કવિ તેમજ નાટકના (નામનો) નિર્દેશ અને પછી નાટકનું આમુખ આવે*

*વિવરણ : અહીં નાટકની રજૂઆતમાં કેવા પ્રકારનો ક્રમ દર્શાવ્યો છે. સૌથી પહેલાં પૂર્વરંગ એટલે કે નાન્દી. 22 અંગોવાળા મંગલાચરણને પૂર્વરંગ કહેવામાં આવે છે. ત્યારબાદ સભાપૂજન અર્થાત્ નાટ્ય દર્શકોની પ્રશંસા કરવાનું જણાવેલ છે, પછી કવિનાં નામ તેનાં માતાપિતા ગોત્ર વગેરે કરવાની વાત જણાવાય છે. પછી આમુખ એટલે પ્રસ્તાવના કરવાની હોય છે.*

**22. यन्नाट्यवस्तुनः पूर्वं रङ्गविघ्नोपशान्तये।**

**कुशीलवाः प्रकुर्वन्ति पूर्वरङ्गः स उच्यते ॥22॥**

**અનુવાદઃ** *નાટ્યના પ્રયોગનો આરંભ થતા પૂર્વે નાટયગૃહમાં (સંભવિત) વિઘ્નોને શાંત કરવા માટે નટો જે (મંગલગાન વગેરે) કરે તેને પૂર્વરંગ કહેવામાં આવે છે.*

**વિવરણ :** *અહીં વિશ્વનાથે પૂર્વરંગની વ્યાખ્યા આપવામાં આવી છે.અભિનયને બતાવનારા સ્થળને રંગ કહેવાય. તેમાં ઉત્પન્ન થનારા વિઘ્નોના શમન માટે, અભિનય પહેલાં નટ તથા નટીઓ* (कुशीलवाः) *જે સ્તુતિ પાઠ કરે તેને પૂર્વરંગ કહેવામાં આવે છે.*

कुशीलवाः सूत्रधारादिनयः । रंग (*નાટયમંડપ*) નાં *શિલ્પોની શાન્તિનેમાટે પૂર્વ=પ્રારંભમાં નટો જે પ્રયોજે છે તેને પૂર્વરંગ કહે છે.* पूर्वं रज्यतेऽस्मिन्निति पूर्वरङ्गः । पूर्वरंगः नाटकशाला तत्स्थं कर्मापि पूर्वरङ्गपदेन व्यवह्रियते।

*ધનંજય પણ શરૂઆતમાં પૂર્વરંગ કરવાનું સૂચન કરે છે. ભરતમુનિ આ પ્રમાણે સમજૂતી આપે છે –* यस्माद् रङ्गे प्रयोगोऽयं पूर्वमेव प्रयुज्यते । तस्मादयं पूर्वरङ्गो विज्ञेयो द्विजसत्तमाः ॥ (ना.शा. ५.७) *નાન્દી એ પ્રાચીન છે, જયારે પૂર્વરંગ તેની પછીથી*

*અસ્તિત્ત્વમાં આવેલો છે. અભિનવગુપ્ત કહે છે મારા ગુરુ (ભટ્ટ તૌત) ના મત પ્રમાણે દૈત્યોએ વિઘ્ન કર્યું ત્યારથી પૂર્વરંગ અસ્તિત્ત્વમાં આવ્યો છે.* विघ्नास्तु यदा जातास्ततः प्रभृति पूर्वरङ्गः। ( *ના.શા.*1:56*ની વૃત્તિ)*

**23. प्रत्याहारादिकान्यङ्गान्यस्य भूयांसि यद्यपि।**

**तथाप्यवश्यं कर्तव्या नान्दी विघ्नोपशान्तये ॥23 ॥**

*અનુવાદઃ આ પૂર્વરંગનાં પ્રત્યાહાર જેવા ઘણાં અંગો છે. તો પણ વિઘ્નના શમન માટે નાન્દી જરૂર કરવી જોઈએ.*

*વિવરણ : ભરતશાસ્ત્રના નાટ્યશાસ્ત્રમાં પ્રમાણે* 19 *અંગો બતાવેલાં છે.*

1. *જે અંગ અથવા વિધિમાં વાજિંત્રનો ઉચિત માત્રામાં થતા ઉપયોગવાળા અંગને પ્રત્યાહાર કહેવામાં આવે છે.*
2. *ગાયકો પોતપોતાની બેઠકોનું સ્થાન પ્રાપ્ત કરે તે વિધિને અવતરણ કહેવાય છે.*
3. *પરિગીત-કંઠ્ય સંગીતનો કરવામાં આવતો અભ્યાસ - રિયાઝ આરંભ કહેવાય છે.*
4. *વાદ્યોના સૂરની ઉચિત રીતે મિલાવટ કરવામાં આવે તે આશ્રવણ કહેવાય છે.*
5. *વાજિંત્રોને વગાડવામાં આવતી ભિન્ન ભિન્ન પ્રકારની પદ્ધતિ વક્ત્રપાણિ કહેવાય છે.*
6. *તન્તુવાદ્યોના બરોબર રીતે મેળવાતા તાર પરિઘટ્ટના કહેવાય છે.*
7. *હાથના વિભિન્ન પ્રકારના કરાતા સંયોજનનો અભ્યાસ સંઘોટના કહેવાય છે.*
8. *મૃદંગ તથા તારવાળા (તંતુવાદ્ય)નો મેળ સાધવાને માર્ગાસારિત કહેવાય છે.*
9. *વાદ્ય વાદનમાં આવતા સમય વિભાગની તપાસણીવાળા ભાગને આસારિત કહેવાય છે.*
10. *દેવોનું જ્યાં સંકીર્તન કરવામાં આવે તે ગીતવિધિ કહેવાય છે.*
11. *આ પ્રકાર નાટ્ય પ્રયોગની શરૂઆત સૂચવે છે તે ઉત્થાપન કહેવાય છે. તેમાં નાન્દી પાઠ કરનારા જે કુશીલવો (કલાકારો) હોય તે રંગભૂમિમાં પ્રવેશે છે.*
12. *ચારે દિશામાં લોકપાલોને કરવામાં આવતી વંદનાનો પ્રકાર પરિવર્તન કહેવાય છે.*
13. *દેવ-બ્રાહ્મણ તથા રાજાના લેવામાં આવતા આશીર્વાદની વિધિને નાન્દી કહેવાય છે.*
14. *અર્થ સિવાયજ કેવળ શબ્દોના ગાનથી સધાતિ પદ્ધતિ હોય છે તેને શુષ્કાવકૃષ્ટા કહે છે.*
15. *નાટ્યની શરૂઆત થાય છે તથા વાચિક તેમજ આંગિક અભિનયથી થતી શરૂઆતને રંગદ્વાર કહેવાય છે.*
16. *શૃંગારને વ્યક્ત કરનારી વિલાસસભર ગતિને ચારી કહેવામાં આવે છે.*
17. *રૌદ્રરસને વ્યક્ત કરનારી ગતિ મહાચારી કહેવાય છે.*

18. *વિદૂષક, સૂત્રધાર તથા પારિપાર્શ્વિકન પરસ્પર સંવાદના પ્રસંગને ત્રિગત કહેવાય છે.*
19. *સૂત્રધારથી નાટકના કાર્યનું સૂચન આપી હેતુ તેમજ સયુક્તિક પ્રેક્ષકોને સંબોધવાનું કાર્ય પ્રરોચના કહેવાય છે.*

*આવી પ્રકારના* 19 *અંગોમાંથી કેટલાક સંગીત સાથે તો કેટલાક સંવાદ-વાર્તાલાપ સાથે સુસંબદ્ધ છે. સાથો સાથ પૂર્વરંગના પ્રસંગથી પ્રેક્ષકવર્ગ કંટાળે નહી માટે તે વિધિનો વિસ્તાર કરવો નહીં. પણ* नान्दी *તો કરવાની જ. હવે નાન્દીનું સ્વરૂપ.*

**24. आशीर्वचनसंयुक्ता स्तुतिर्यस्मात्प्रयुज्यते।**

**देवद्विजनृपादीनां तस्मान्नान्दीति संज्ञिता ॥२४॥**

*અનુવાદઃ દેવ બ્રાહ્મણ, રાજા આદિની આશિષ સાથેની સ્તુતિને અહીં પ્રસ્તુત કરવામાં આવે છે. તે કારણથી તેને નાન્દી કહેવામાં આવે છે.*

**25. मङ्गल्यशङ्खचन्द्राब्जकोककैरवशंसिनी।**

**पदैर्युक्ता द्वादशभिरष्टाभिर्वा पदैरुत॥२५॥**

*અનુવાદઃ તે (નાન્દી) મંગલવસ્તુ, શંખ, ચન્દ્ર, કમળ, ચક્રવાક, કુમુદ વગેરેનું વર્ણન કરનારી હોવી જોઈએ તથા તેમાં બાર કે આઠ પદો આવેલા હોવા જોઈએ.*

*વિવરણ :કારિકા* 24-25*માં નાંદી નું સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. અહીં નાન્દીમાં મંગલવસ્તુ, શંખ વગેરેના વર્ણનનો ઉલ્લેખ કરેલ છે. ત્યારબાદ બાર અથવા આઠ પદો હોવાની વાત સમજાવેલ છે.*

पदै...........पदैरुत *આ પંક્તિમાં નાન્દી કેટલાંપદોવાળી હોવી જોઈએ તેની ચર્ચા છે. વિશ્વનાથના મત પ્રમાણે બાર કે આઠ પદોવાળી નાન્દી હોવી જરૂરી છે.* पद *શબ્દના અર્થની સમજૂતી વિશ્વનાથે આપી નથી, પરંતુ પદ શબ્દના અર્થ અલંકારશાસ્ત્રીઓએ આ પ્રમાણે કર્યા છે :*

द्वादशभिरष्टामि **:** *વિશ્વનાથ બાર કે આઠ પદો હોવા જોઈએ એમ કહે છે. ઉદાહરણ તરીકે* निष्प्रत्यूह *અને* विरमति महाकल्पे *એ અનર્ધરાધવની નાન્દીને અષ્ટપદા કહે છે, અને પુષ્પમાલાની "*शिरसि धृत*' એ નાન્દીને દ્વાદશપદા કહે છે.*

*સંસ્કૃત નાટકોમાં સુપ્તિઙન્તપદાત્મક, શ્લોકપાદાત્મક અને અવાન્તરવાક્યાત્મક નાન્દી જોવા મળે છે. જેમ કે* शिरसि धृत *એ પુષ્પમાલાની નાન્દી અષ્ટ સુપ્તિઙ્નતપદા છે. માલતીમાધવમાં શ્લોક પાદરૂપ અષ્ટપદા છે*

*વેણીસંહારની નાન્દી શ્લોકપાદરૂપ* द्वादशपदा *છે જ્યારે* नमोऽस्तु सर्वदेवेभ्यः (*ના.શા.* 5:110-113) *એ ભરતશ્લોક અવાન્તરવાક્યરૂપ દ્વાદશપદા નાન્દી છે.*

**26. पूर्वरङ्गं विधायैव सूत्रधारो निवर्तते।**

**प्रविश्य स्थापकस्तद्वत्काव्यमास्थापयेत्ततः । ॥26॥**

**અનુવાદ :** *પૂર્વરંગની વિધિ પરિપૂર્ણ થયા પછી સૂત્રધાર (રંગમંચ પરથી) નિષ્ક્રમણ કરે છે. પછી તેની સમાન વેશધારી સ્થાપકે પ્રવેશ કરીને કથાવસ્તુની સૂચના (સ્થાપના) કરવી.*

*વિવરણ : આ કારિકામાં સૂત્રધાર શબ્દ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.નાન્દી ઉચ્ચારવાનું કામ સૂત્રધાર કરે છે. તેની વ્યાખ્યા આ પ્રમાણે જણાવેલી છે.*

**सूत्रधारः पठेत्तत्र मध्यमं स्वरमाश्रितः।**

**नान्दीपदैः द्वादशिष्टभिर्वाऽप्यलं कृताम्॥**

*સૂત્રધારના રંગમંચ પરથી વિદાય થયા બાદ સૂત્રધારના જેવી જ કક્ષાવાળો પ્રવેશ કરતો નટ સ્થાપક કહેવાય છે. તેની પરિભાષા આ પ્રમાણે છે.*

काव्यं काव्यार्थं अभिनेयकाव्यकथां सूचयति असौ संस्थापकः। *કાવ્ય નાટ્યની કથાની સ્થાપના કરે તે સ્થાપક કહેવાય છે.*

27. **दिव्यमर्त्ये स तद्रूपो मिश्रमन्यतरस्तयोः।**

**सूचयेद्वस्तु बीजं वा मुखं पात्रमथापि वा ॥27 ॥**

*અનુવાદઃ પૂર્વરંગનું વિધાન કરીને જ સૂત્રધાર ( નેપથ્યમાં) પાછો ફરે છે, (અને તે સૂત્રધાર ની જેમ જ પછી સૂત્રધારના જેવો) સ્થાપક પ્રવેશ કરીને તે પછી નાટકના કથાવસ્તુની સ્થાપના કરે.*

*વિવરણઃ અહીં તે વાત સમજાવેલી છે કે કથાવસ્તુ પ્રમાણે વેશભૂષા ધારણ કરી સ્થાપક પ્રવેશ કરે. સાથોસાથ જો દેવ સંબંધી કથાવસ્તુ હોય તો દિવ્ય એટલે કે દેવનું રૂપ ધારણ કરી રંગમંચ ઉપર પ્રવેશે. અથવા માનવસંબંધી કથાવસ્તુ હોય તે સ્થાપક માનવના સ્વરૂપમાં પ્રવેશે અથવા કથાવસ્તુ મિશ્ર અર્થાત્ દિવ્ય તથા અદિવ્ય તેવા બન્ને જાતનું હોય તો નટ દેવના અથવા માનવના સ્વરૂપમાં પ્રવેશ કરે. પ્રવેશ કર્યા બાદ તે કાવ્યના કથાવસ્તુની સમજણ આપે સાથો સાથ બીજ તેમજ મુખ અથવા પ્રધાનપાત્રનો સ્થાપક ખ્યાલ આપે.*

*સ્થાપકને પણ સૂત્રધાર કહી શકાય છે.* सूत्रधारसदृशत्वात् स्थापकोऽपि सूत्रधार उच्यते- *વિશ્વનાથ । જૂના સમયમાં સૂત્રધાર અને સ્થાપક બન્ને જુદા જુદા રહેતા હતા, પણ વિશ્વનાથના જમાનામાં એક જ નટ બન્નેનું કામ કરતો* इदानीं पूर्वरङ्गस्य सम्यक् **प्रयोगाभावात् एक एव सूत्रधारः सर्वं प्रयोजयति इति व्यवहारः।**

**सूत्रधार- सूत्रं धारयति इति सूत्रधारः ।**

**सूत्रम् प्रयोगानुष्ठानम् ।**

**नाट्योपकरणादीनि सूत्रमित्यभिधीयते**

**सूत्रं धारयतीत्यर्थे सूत्रधारो निगद्यते॥**

*અન્ય એક ટીકાકાર પ્રમાણે સૂત્રધાર ચતુર, વાજિંત્રમાં નિષ્ણાત, નીતિશાસ્ત્રાર્થ જાણનાર, અનેક ગતિનો જાણકાર, રસભાવવિશારદ, નાટય પ્રયોગમાં નિપુણ અને સર્વ શાસ્ત્રમાં વિચક્ષણ હોવો જોઈએ.*

**28. रङ्गं प्रसाद्य मधुरैः श्लोकैः काव्यार्थसूचकैः।**

**रुपकस्य कवेराख्यां गोत्राद्यपि स कीर्तयेत ॥28॥**

*કાવ્યાર્થનું સૂચન કરનારા મધુર શ્લોકોથી રંગગૃહમાં ( બેઠેલા પ્રેક્ષકોને) પ્રસન્ન કરીને પ્રસ્તુત રૂપકનો તથા તે રૂપકના કવિનાં નામ અને ગોત્ર વગેરેનો પણ ઉલ્લેખ કરે.*

**29. ऋतुं च कंचित्प्रायेण भारतीं वृत्तिमाश्रितः।**

**भारती संस्कृतप्रायो वाग्व्यापारो नराश्रसःयः ॥29 ॥**

**અનુવાદ :** *ભારતી વૃત્તિનો આશ્રય લેનાર તે સ્થાપક ઘણું કરીને આમુખમાં કોઈ ઋતુનું પણ વર્ણન કરે. નટને આશરે( નટી નહીં ) રહેલો ઘણું કરીને સંસ્કૃતમાં થતો વાણીનો વ્યવહાર તે ભારતીય વૃત્તિ કહેવાય.*

*વિવરણઃ અહીં આ કારિકામાં સમજાવેલ છે કે ભારતી વૃત્તિમાં સંસ્કૃતનો વાચિક અભિનય મુખ્ય હોય તેવો વચન વિન્યાસ બાહુલ્યયુકત હોય છે. તેનો પ્રયોગ પુરુષ તથા ખાસ કરીને નટ ઉપર આધારિત હોય છે. અહીં બે પ્રકારના પાઠો ઉપલબ્ધ થાય છે.* नराश्रसःयः *તથા* नटाश्रयः *આ બેમાંથી* नटाश्रयः *પાઠ વિશેષ પ્રમાણમાં 'ઉચિત જણાય છે કારણ કે નાટકમાં અભિનેતા (નટ) જ વધારે મહત્ત્વનું સ્થાન ભોગવે છે. (આપણે સ્વીકારેલી કૃતિમાં* नराश्रसःयः *પાઠ છે.*

**30. तस्याः प्ररोचना वीथी तथा प्रहसनामुखे।**

**अङ्गान्यत्रोन्मुरवीकारः प्रशंसातः प्ररोचना ॥30॥**

**અનુવાદ :** *પ્રરોચના, વીથિ, પ્રહાસન તથા આમુખ તેવાં ભારતી વૃત્તિનાં ચાર અંગો છે. પ્રશંસાથી ( પ્રેક્ષક વર્ગને) અભિમુખ કરવામાં આવે તેને પ્રરોચના કહેવામાં આવે છે.*

**વિવરણ :** *અહીં ભારતી વૃત્તિના પ્રરોચના, વીથિ, પ્રહસન તથા આમુખ જેવા ચાર પ્રકારો બતાવેલા છે. પ્રરોચનાને તેવા સ્વરૂપમાં નિરૂપેલ છે કે* प्रशंसातः उन्मुखीकारः प्ररोचना। *એટલે કે અહીં નાટય તથા તે સંબંધી હકીકતોની પ્રશંસા કરીને દર્શકોને અભિમુખ બનાવાય, અભિનય તરફ તેમજ નાટક પ્રત્યે આકર્ષિત કરવામાં આવે જેના ઉદાહરણ સ્વરૂપે રત્નાવલીમાં શ્લોક મળે છે.*

**श्रीहर्षो निपुणः कविः षरिषदप्येषा गुणग्राहिणी**

**लोके हारि च वत्सराजचरितं नाट्ये च दक्षा वयम् ।**

**वस्त्वेकैकमपीह वाञ्छितफलप्राप्तेः पदं किं पुनः**

**मद्भाग्योपचयादयं समुदितः सर्वो गुणानां गणः ॥ ( रत्नावली )**

*પ્રરોચનાને વ્યુત્પત્તિ દ્વારા પ્રમાણે સમજાવેલ છે.*

प्रकर्षेण रोच्यते उपादेयतया नियते प्रकृत: अर्थ: अनया इति प्ररोचना ।

*અહીં માનસશાસ્ત્રીય દ્રષ્ટિકોણ જોવા મળે છે. પ્રેક્ષકને આ રીતે તૈયાર કરવો એ પણ વિશ્વનાથ દર્શાવે છે.*

## 10.3 તમારી પ્રગતિ ચકાસો.

**પ્રશ્ન.1 નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.**

1. *કાવ્ય કેટલા પ્રકારનું મનાયું છે?*

2. *દ્રશ્ય કાવ્ય કોને કહેવાય?*

3. *રૂપક કોને કહેવાય?*

4. *અભિનયના કેટલા પ્રકારો છે? નામ આપો.*

5. *રૂપકના કેટલા પ્રકારો છે? નામ આપો.*

6. *પ્રરોચના એટલે શું?*

7. ભારતી વૃત્તિમાં કેટલા અંગો હોય છે? નામ આપો.

8. ભારતી વૃત્તિ કોને કહેવાય ?

9. પૂર્વરંગ એટલે શું?

10. ઉદ્ઘાત્યક કોને કહેવાય?

11. પ્રરોચના કોને કહેવાય?

**પ્રશ્ન.2 નીચેના વાક્યો ખરાં છે કે ખોટા તે જણાવો.**

1. ઉપરૂપકોના અઢાર પ્રકારો છે.
2. નાટકનું કથાવસ્તુ પ્રસિદ્ધ કથાનકવાળું હોવું જોઈએ
3. નાટકમાં સાત થી 12 અંકો હોવા જોઈએ .
4. નાટકમાં કરૂણરસ મુખ્ય હોવો જોઈએ.
5. નાટકનું વસ્તુગ્રથન ઘોડાના પૂછડાંના અગ્રભાગ જેવું હોવું જોઈએ.
6. નાટકમાં પાંચ સંધિઓ હોવી જોઈએ.

7. *વિઘ્નની શાંતિ માટે પૂર્વરંગ જરૂરી છે.*
8. *પ્રસ્તાવનાના સાત પ્રકારો છે.*

**પ્રશ્ન.3 નીચેની કારિકાઓ અનુવાદ સહિત સમજાવો.**

**१. यन्नाट्यवस्तुनः पूर्वं रङ्गविघ्नोपशान्तये।**

**कुशीलवाः प्रकुर्वन्ति पूर्वरङ्गः स उच्यते ॥**

**२. अङ्कोदरप्रविष्टो यो रङ्गद्वारामुखादिमान्।**

**अङ्कोऽपरः स गर्भाङ्कः सबीजः फलवानपि ॥**

**३. दिव्यमर्त्ये स तद्रूपो मिश्रमन्यतरस्तयोः।**

**सूचयेद्वस्तु बीजं वा मुखं पात्रमथापि वा ॥**

**પ્રશ્ન. 4 નીચેના પર સંક્ષિપ્ત નોંધ લખો.**

1. *નાન્દી*
2. *કાવ્યના પ્રકારો*
3. *વાચિક અભિનય*
4. *આંગિક અભિનય*
5. *સાત્ત્વિક અભિનય*
6. *આહાર્ય અભિનય*
7. *નાટકના લક્ષણો*
8. *ઉપરૂપકો*
9. *પ્રસ્તાવના*

---

**લેખક : ડૉ. રાજવી ઓજા, આસિસ્ટન્ટ પ્રોફેસર**
**સેન્ટ ઝેવિયર્સ કોલેજ (સ્વાયત), અમદાવાદ.**

---

# એકમ : 11 : સાહિત્યદર્પણ પરિચ્છેદ ૬ શ્લોક ૪૦ થી અંત સુધી

**રૂપરેખા**

**11.0 ઉદ્દેશ**

**11.1 પ્રસ્તાવના**

**11.2 સાહિત્યદર્પણ ( છઠ્ઠો પરિચ્છેદ -કારિકા 31 થી 60)**

**11.3 કોષ્ઠક- 1 પાંચ અર્થપ્રકૃતિ અને પાંચ કાર્યવસ્થા સાથે પાંચ સંધિનો સંબંધ**

**11.4 કોષ્ઠક-2 પાંચ સંધિઓ અને તેમના અંગો**

**11.5 તમારી પ્રગતિ ચકાસો.**

## 11.0 ઉદ્દેશ

- *વિદ્યાર્થીઓને સંસ્કૃત નાટયશાસ્ત્રના ઉદ્ભવ અને વિકાસથી પરિચિત કરાવવાનો*
- *સંસ્કૃતનાટયશાસ્ત્રના વિકાસનાં વિશ્વનાથના પ્રદાનને મૂલવી શકવાની શક્યતાઓનો વિકાસ કરવાનો*
- *વિશ્વનાથના સંસ્કૃત નાટ્યશાસ્ત્રના આ વિશેષ પ્રકરણથી સંસ્કૃત નાટકોને આસ્વાદી શકવાની શક્તિને વિકસાવવાનો*
- *સ્વતંત્ર રીતે પણ સંસ્કૃત નાટકનું વિવેચન કરી શકે તેવી શક્તિ વિકસાવવાનો*
- *છે.*

## 11.1 પ્રસ્તાવના

*સંસ્કૃત નાટક એ પ્રાચીન ભારતનું વિશ્વને પ્રદાન છે. અને સંસ્કૃત નાટકનું પ્રાચીન કાળમાં સૂક્ષ્માતિસૂક્ષ્મ વિવેચન કર્યું છે, જે નાટયશાસ્ત્રમાં અને કાવ્યશાસ્ત્રમાં સંગૃહિત થયું છે. ભારતમાં આ સંસ્કૃત નાટકના વિવેચનની દીર્ઘ અને સમૃદ્ધ પરંપરા રહી છે. સાથે આ વિવેચન સંસ્કૃત રંગમંચ દ્રષ્ટિથી પણ થયું છે. એટલે, વિશ્વનાથના સાહિત્યદર્પણના એક પ્રકરણથી પણ પ્રાચીન ભારતની તેજસ્વી પરંપરાથી વિદ્યાર્થીઓ પરિચિત થશે અને આધુનિક નાટકો પણ પ્રાચીન વિવેચન પરંપરાના ઓજારોથી મૂલવી શકાશે.*

## 11.2 સાહિત્યદર્પણ ( છઠ્ઠો પરિચ્છેદ -કારિકા 31 થી 60)

31. **नटी विदूषको वापि पारिपार्शिवक एव वा।**

**सूत्रधारेण सहिताः संलापं यत्र कुर्वते ॥31 ॥**

32. **चित्रैर्वाक्यैः स्वकार्योत्थैः प्रस्तुताक्षेपिभिर्मिथः ।**

**आमुखं तत्तु विज्ञेयं नाम्ना प्रस्तावनापि सा ॥32 ॥**

**અનુવાદ :** *નટી કે વિદૂષક અથવા પારિપાર્શ્વક પ્રસ્તુત અભિનયને સૂચવનારાં પોતાના કાર્યમાંથી ઉદ્ભતાચમત્કૃતિજનક વાકયથી સૂત્રધારની સાથે વાર્તાલાપ કરે છે. તેને નામથી પ્રસ્તાવના તરીકે ઓળખાતો નાટકનો આમુખ નામનો (પ્રાસ્તાવિક) ભાગ જાણવો.*

**વિવરણ :** *અહીં કહેવામાં આવ્યું છે કે આમુખમાં સૂત્રધારની સાથે નટી, વિદૂષક અથવા પારિપાર્શ્વિક આ ત્રણેયનો પ્રસ્તુત વિષય સંબંધમાં સૂચન કરનારો વાર્તાલાપ હોય છે. નટી સૂત્રધારની પત્નીના સ્વરૂપમાં નાટક-જગતમાં જાણીતી હોય છે. વિદૂષક તો હાસ્ય નિષ્પન્ન કરે છે.*

पारिपार्शिवक - *સૂત્રધારનો અનુચર-એની આસપાસ ફરનારો.* परि समन्तात् सूत्रधारस्य पार्श्वे चरतीति पारिपार्शिवकः । *દ્રશ્યકાવ્ય વિષયક સૂચન કરનારાં આમુખને પ્રસ્તાવના પણ કહે છે.* प्रस्तावयति प्रकृताभिनयविषयं सूचयति या सा प्रस्तावना। *છે.*

*વિશ્વનાથના પ્રમાણે* नटः - *સૂત્રધાર કરતાં કંઈક ન્યૂન કક્ષાનો હોય છે.*

*આમુખ શબ્દની સમજૂતી નાટ્યદર્પણકાર* (3:3, *પૃ.*, ૨૭૮ आ+मुखम् । आङ् मर्यादायाम्' तेन मुखसन्धि प्राप्य निवर्तते। ईषदर्थे वा ततः ईषन्मुखं मुखसन्धिसूचकत्वादारम्भः। *તેમનું માનવું છે આમુખ મુખસન્ધિ સુધી હોય.*

33. **उद्घात्य ( त ) कः कथोद्घातः प्रयोगातिशयस्तथा।**

**प्रवर्तकावलगिते पञ्च प्रस्तावनाभिदाः ॥33 ॥**

**અનુવાદ :** *ઉદ્ઘાતક, કથોદ્ઘાત, પ્રયોગાતિશય, પ્રવર્તક તથા અવગલિત તેવા પાંચ પ્રકારો પ્રસ્તાવનાના છે.*

*વિવરણ : પ્રસ્તુત કારિકામાં સાહિત્યદર્પણકાર વિશ્વનાથ પ્રસ્તાવનાના પાંચ પ્રકારો બતાવે છે તથા તેમનાં નામોનો ઉલ્લેખ પણ તે કરે છે. જ્યારે દશ રૂપકકાર ધનંજય જેવા પ્રસ્તાવનાના, કથોદ્ઘાત, પ્રવર્તક તથા પ્રયોગાતિશય જેવા ત્રણ જ પ્રકારો બતાવે છે. પણ વિશ્વનાથ ભરતના નાટ્યશાસ્ત્રના મતનું અનુકરણ કરેલ છે.*

**34. पदानि त्वगतार्थानि तदर्थगतये नराः।**

**योजनयन्ति पदैरन्यैः स उद्घात्य ( त ) क उच्यते ॥34 ॥**

*અનુવાદઃ ન સમજાતા અર્થવાળાં પદોનો અર્થ સમજાવવા માટે સૂત્રધાર જ્યારે અન્ય પદો જોડે છે ત્યારે તે ઉદ્ઘાત્યક કહેવાય છે.*

*વિવરણઃ* उद्घात्यक् *ના સ્થાને* उद्घातक *પાઠાન્તર મળે છે વ્યુત્પત્તિ આવી કરી છે કે* उद्हन्यते अभिभूयते स्थापकेन (सूत्रधारेण) उच्चरितस्य वाक्यस्य अर्थः इति। *સૂત્રધાર દ્વારા બોલવામાં આવેલા અન્ય-અર્થવાળા પદને અભિનયની શરૂઆતમાં રંગમંચ ઉપર રહેલા બીજા અભિનેતા પોતાને જે ઈચ્છિત અર્થ હોય તેની સાથે તેનું જોડાણ કરે.*

*આ કારિકામાં ઉદ્ઘાત્યકનું સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.* अगतार्थानि=*નિશ્ચિત અર્થ વિનાનાં.* तदर्थगतये = *પાત્રના હૃદયમાં રહેલા અર્થને માટે.* उद्घात्यकः = प्रवेष्टुरभिप्रेतार्थेन स्थापकस्याभिप्रेतार्थे उद्घन्यते अन्तर्लीयते इति उद्घात्यकः ।

35. **सूत्रधारस्य वाक्यं वा समादायार्थमस्य वा ।**

**भवेत्पात्रप्रवेशश्चेत्कथोद्घातः स उच्यते ॥ 35॥**

*અનુવાદઃ સૂત્રધારના વાક્યને કે તે વાક્યના અર્થને ઉપાડી લઈને જો પાત્રનો પ્રવેશ થતો હોય તો તે કથોદ્ઘાત કહેવાય છે.*

*વિવરણઃ અહીં પ્રસ્તાવનાના એક પ્રકાર 'કથોદ્ઘાત'ની પરિભાષા આપવામાં આવેલી છે. તેમાં જણાવેલ છે કે જ્યાં સૂત્રધારના વાક્ય અથવા તેના અર્થને ધ્યાનમાં લઈને પાત્રનો પ્રવેશ થાય છે.રત્નાવલી નાટિકામાં સૂત્રધાર દ્વારા જ્યાં* द्वीपादन्यस्मादपि *શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો કે તરત જ યૌગન્ધરાયણ પ્રવેશે છે તે* द्वीपा *શબ્દનો પ્રયોગ કરતો હોવાથી વાક્યગત કથોદ્ઘાત પ્રકારની પ્રસ્તાવના છે.*

*ઉદ્ઘાત્યક તથા કથોદ્ઘાત પ્રસ્તાવનામાં તેટલું અંતર છે કે ઉદ્ઘાત્યક પ્રકારની પ્રસ્તાવનામાં જે પાત્ર પ્રવેશ કરે છે તે સૂત્રધારના વાક્ય અથવા અર્થને બીજા અર્થમાં નથી લેતો પણ કથોદ્ઘાત નામની પ્રસ્તાવનાના પ્રકારના સૂત્રધારના વાક્યને બીજા અર્થમાં લેવામાં આવે છે. આ સિવાય બીજો ભેદ તેવા પ્રકારનો છે કે ઉદ્ઘાત્યકમાં પાત્ર સૂત્રધારના ઈચ્છેલા અર્થવાળા પદોને બીજા અર્થનો લઈને રંગમંચમાં પ્રવેશ કરે છે પણ કથોદ્ઘાતમાં સૂત્રધારનો જ ઈચ્છેલ અર્થ હોય તેને બરોબર ગ્રહણ કરીને પાત્રનો પ્રવેશ થાય છે.* कथा काव्यार्थरूपा उत् (ऊर्ध्वमेव) हन्यते गम्यते यत्रेति कथोद्घातः *તેવી વ્યાખ્યા કરવામાં આવેલી છે.*

**36. यदि प्रयोग एकस्मिन्प्रयोगोऽन्यः प्रयुज्यते।**

**तेन पात्रप्रवेशश्चेत्प्रयोगातिशयस्तदा ॥ ३६॥**

**અનુવાદ :** *જો કોઈ એક દશ્યપ્રયોગમાં (એના જ જેવો) અન્ય પ્રયોગ જોડી દેવામાં આવે અને તે દ્વારા પાત્રનો પ્રવેશ થતો હોય ત્યારે તે પ્રયોગાતિશય પ્રકારની પ્રસ્તાવના થાય.*

**વિવરણ :** *અહીં પ્રયોગાતિશય પ્રકારની પ્રસ્તાવનાનું લક્ષણ કહેવામાં આવ્યું છે. એટલે કે જે સ્થળે એક દ્રશ્યની ભજવણી થઈ રહેલ હોય ત્યાં તે જ વખતે બીજો પ્રયોગ યોજવામાં આવે તથા તે પ્રકારે નાટકનું પાત્ર પ્રવેશે ત્યાં પ્રયોગાતિશય નામની પ્રસ્તાવના ગણાય.*

*દશરૂપકકાર આ પ્રમાણે સમજૂતી આપે છે* एषोऽयमित्युपक्षेपात् सूत्रधारप्रयोगतः। पात्रप्रवेशो यत्रैष प्रयोगातिशयो मतः ॥ (३:११) यथा एष राजेव दुष्यन्तः इति। *વિશ્વનાથ આ જ ઉદાહરણ અવલગિતમાં આપે છે. (*६:३८)

**37. कालं प्रवृत्तमाश्रित्य सूत्रधृग्यत्र वर्णयेत्।**

**तदाश्रयश्च पात्रस्य प्रवेशस्तत्प्रवर्तकम् ॥37 ॥**

*અનુવાદઃ પ્રસ્તુત સમયને આધારે જ્યાં સૂત્રધાર તે ઋતુનું વર્ણન કરે અને પછી તે વર્ણનને આધારે પાત્રનો પ્રવેશ કરાવવામાં આવે તે પ્રવર્તક પ્રકારની પ્રસ્તાવના કહેવાય.*

*વિવરણઃ આ કારિકામાં પ્રવર્તક નામની પ્રસ્તાવનાને સમજાવી છે. કોઈ પણ ઋતુનું સૂત્રધાર વર્ણન કરે ત્યારે વર્ણનના આધારે પાત્રનો પ્રવેશ થાય.* पात्रं प्रवर्तयति रङ्गमञ्चे आकर्षति इति प्रवर्तकम्। *ભ.ના.શા.* 20-37*માં પ્રવર્તકની વ્યાખ્યા આપે છે કે*

**कालप्रवृत्तिमाश्रित्य वर्णाना या प्रयुज्यते।**

**तदाश्रयश्च पात्रस्य प्रवेशस्तत् प्रवर्तकम्॥**

प्रवर्तक *નામને આ પ્રમાણે સમજાવી શકીએ. જોઈ શકાશે કે બન્ને વ્યાખ્યામાં ઘણી સમાનતા છે.*

38. **यत्रैकत्र समावेशात्कार्यमन्यत्प्रसाध्यते ।**

**प्रयोगे खलु तज्ज्ञेयं नाम्नावलगितं बुधैः ॥38 ॥**

*અનુવાદઃ જ્યાં સૂત્રધાર પ્રસ્તાવનાનુષ્ઠાનરૂપ પોતાના એક પ્રયોગમાં નાટકના આરંભરૂપ અન્ય પ્રયોગનો પણ યુક્તિપૂર્વક સમાવેશ કરી દે છે તેને પંડિતો અવગલિત નામની પ્રસ્તાવના કહે છે.*

*વિવરણઃ અહીં અવગલિતની પ્રકારની પ્રસ્તાવનાના વિષયમાં સ્પષ્ટતા કરી છે કે એક પ્રયોગ ચાલતો હોય તે સમયે બીજું કાર્ય સાધવામાં આવે તો તેને આવગલિત કહેવામાં આવે છે.*

यत्र प्रयोगे एकत्र (एकस्मिन् विषये) समावेशात् अन्यत् कार्यं प्रसाध्यते बुधैः तत् अवलगितं ज्ञेयम्। प्रयोगे = प्रस्तावनायाम्। *જે પ્રસ્તાવનામાં એક વિષયનો સમાવેશ થયો હોય પણ તેને લીધે સમાનતા ધરાવતા પાત્રનો પ્રવેશ સૂચવાય ત્યારે તેને અવલગિત કહે છે. જેમકે શાકુન્તલમાં સૂત્રધાર નટીને કહે છે.* तवास्मि गीतरागेण

हारिणा प्रसभं हृतः । एष राजेव दुष्यन्तः सारङ्गेणातिरंहसा ॥ *અહીં સંવાદમાં સાદ્રશયભૂત પાત્ર દુષ્યન્તનો પ્રવેશ થાય છે.*

*ભરત (ના.શા.* 22:30 *પૃ.* 250) *આવા જ પાંચ પ્રકારો ગણાવે છે. અવલગિત અંગે અભિનવગુપ્ત વિશેષ સ્પષ્ટતા કરતાં કહે છે કે,* यत्रोत्तरे दीयमाने अन्यानुसन्धानपूर्वकेऽप्यन्यत् कार्यं सिद्धयति तदान्यकार्यावलगनात् अवलगितम् । *ધનંજય* (૩:૧૧ પ. ૧૫૩) एष राजेव दुष्यन्तः *આ ઉદાહરણ પ્રયોગાતિશયના ઉદાહરણ તરીકે આપે છે.*

*ધનંજય આમુખના આ પ્રમાણે પ્રકાર સૂચવે છે.* (3-8) (1) *કથોદ્ઘાત* (2) *પ્રવૃત્તકમ્* (3) *પ્રયોગાતિશય. આ ઉપરાંત વીથીનાં* 13 *અંગો પ્રયોજવાનું દશરૂપકકાર કહે છે. જેમાં પ્રારંભનાં બે ઉદ્ઘાત્યક અને અવલગિત આવી જાય છે. વિશ્વનાથ પણ* 13 *વીથંગો યોજવાનું કહે છે. પણ તે સ્પષ્ટતા કરે છે કે ઉદ્ઘાત્યક અને અવલગિત આ બન્નેને પ્રસ્તાવનાના ભેદમાં સમાવિષ્ટ કર્યાં હોવાથી તેનાથી આગળનાં પ્રપંચ વગેરે* 11 *અંગોનો ઉપયોગ કરવો.*

*નાટયદર્પણકાર* (3:4 *પૃ.* 281) *આમુખના અંગભૂત પાત્ર પ્રવેશના ચાર પ્રકાર ગણાવે છે :* (1) *વાક્યથી* (2) *અર્થથી* (3) *સમયથી* (4) *આહ્વાનથી. આમાં ક્રમ* 1 *અને* 2 *વિશ્વનાથના કથોદ્ઘાતમાં સમાવેશ પામે છે. ક્રમ* 3 *વિશ્વનાથ પ્રવર્તકમાં સમાવે પામે છે. ક્રમ* 4 *વિશ્વનાથના અવલગિતમાં, અને દશરૂપકકારના પ્રયોગાતિશયમાં સમાવેશ પામે છે.*

*આમ જોતાં ભરતના મત પ્રમાણે આમુખના પાંચ પ્રકારો હતા. આ પછી દશરૂપકકાર અને નાટ્યદર્પણકારના સમય દરમ્યાન પ્રસ્તાવનાના મુખ્ય ત્રણ પ્રકારો હતા.* (1) *કથોદ્ઘાત,* (2) *પ્રવૃત્તક* (3) *અને પ્રયોગાતિશય. નોંધનીય એ છે કે દશરૂપકકાર.* (3:7) *આમુખનાં અંગો તરીકે વીથંગોને સ્વીકારે છે. વિશ્વનાથ ભરતને અનુસરીને આ ત્રણ પ્રકારો ઉપરાંત બે વીથંગોને અન્ય બે સ્વતંત્ર પ્રકારો તરીકે સ્વીકારે છે.*

*અવલગિત –*

*દશરૂપકકાર* (3:14-15) *અવલગિતના બે પ્રકારો સૂચવે છે :* (1) यत्रैकत्र समावेशात् कार्यमन्यत् प्रसाध्यते। उत्तररामचरित *માં દોહદપૂર્તિના કાર્યમાં સીતાત્યાગનું બીજું કાર્ય સાધવામાં આવે છે અને* (2) प्रस्तुतेऽन्यत्र वाऽन्यत् स्यात् तच्चावलगितं द्विधा *જેમકે* छलितराम *માં રામ લક્ષ્મણને કહે છે કે, પિતાજીરહિત અયોધ્યામાં હું ચાલતો જ જઈશ. એમ પગે ચાલતા જતાં રસ્તામાં ભરત મળે છે.*

*નાટ્યદર્પણકાર* (2:36, *પૃ.* 267) *અવલગિતની સમજૂતીમાં ત્રણ મતો ટાંકે છે. તેનો પોતાનો મત એ દશરૂપકકારનો પ્રથમ પ્રકાર છે.* (2) *બીજો મત આપતાં તેઓ કહે છે* केचित् तु पात्रान्तरे स्वव्यापारं निक्षिप्य यत् कार्यान्तरकरणं तदवलगितमित्याहुः *જેમ કે*

*કૃત્યારાવણના આમુખમાં સૂત્રધાર સંસારભાર પોતાની પત્ની ઉપર નાખીને પોતે પરલોકહેતુભૂત કાર્યો કરવા પ્રવૃત્ત થાય છે.*

(3) *તેણે ટાંકેલો ત્રીજો મત દશરૂપકકારે બતાવેલો બીજો પ્રકાર છે.*

*આમ દશરૂપકકાર અવલગિતના બે પ્રકારો ગણાવે છે, જ્યારે નાટ્યદર્પણકારના મતે તેનો એક પ્રકાર છે પણ લક્ષણમાં મતભેદ છે. અન્ય બે મતભેદો ગણાવ્યા છે.*

*વિશ્વનાથે સૂચવેલું અવલગિતનું લક્ષણ દશરૂપકકારનો પ્રથમ પ્રકાર છે. બન્નેનાં ઉદાહરણો જુદાં છે. વિશ્વનાથનું અવલગિતનું ઉદાહરણ ધનજય પ્રયોગાતિશયના ઉદાહરણ તરીકે સ્વીકારે છે.*

**39. योज्यताम् यत्र यथालाभं वीथ्यङ्गानीतराण्यपि। ( ३९-अ )**

**અનુવાદ :** *આ આમુખમાં જણાવેલી બધી જ પ્રસ્તાવનાઓમાં વીથિ તેમજ બીજાં અંગો પણ આવશ્યકતા પ્રમાણે યોજવાં.*

**વિવરણ :** *અહીં તે વાત કહેવામાં આવી છે કે આમુખના જે પાંચ પ્રકારો બતાવવામાં આવેલા છે. તેમાંથી કોઈ પણ એકની યોજનામાં જરૂર મુજબ વીથીનાં બીજાં અંગોનો પણ ઉપયોગ કરી શકાય. અર્થાત્ પ્રપંચ, ત્રિગત, છલ જેવા વીથીનાં અંગોનો યથોચિત ઉપયોગ કરી શકાય. પણ તેથી તે અનિવાર્ય છે તેવું અર્થઘટન ન કરવું.*

*વીથીનાં અંગો વિશ્વનાથ આ પ્રમાણે આપે છે.*

उद्घात्यकावलगिते प्रपञ्चस्त्रिगतं छलम् । ६- २५५

**39. वाक्केल्यधिबले गण्डमवस्यन्दितनालिके ।**

**नेपथ्योक्तं श्रुतं यत्र त्वाकाशवचनं तथा ॥39 ॥**

**40. समाश्रित्यापि कर्तव्यमामुखं नाटकादिषु ।**

**एषामामुखभेदानामेकं कंचित्प्रयोजयेत्। ॥40॥**

**41. तेनार्थमथ पात्रं वा समाक्षिप्यैव सूत्रधृक् ।**

**प्रस्तावनान्ते निर्गच्छेत्ततो वस्तु प्रयोजयेत् ॥41॥**

**અનુવાદ :** *આ આમુખ એટલે કે પ્રસ્તાવનાના પ્રકારોમાંથી કોઈ એકનો પ્રયોગ કરવો જોઈએ (પણ જો તે પાંચ પૈકી કોઈ પણ શક્ય ન હોય તો) નેપથ્યમાં ઉચ્ચારાતા સંભળાયેલા વચનનો કે આકાશભાષિતનો પણ આશ્રય લઈને નાટકમાં આમુખ કે પ્રસ્તાવના તો કરવી જ. અને તે (આમુખ) દ્વારા કથાવસ્તુના અર્થ કે પાત્રપ્રવેશનું સૂચન કરીને જ પ્રસ્તાવનાને અંતે સૂત્રધારે (બહાર નીકળી જવું અને કથાવસ્તુનો પ્રારંભ કરવો.*

**વિવરણ :** *રૂપક પ્રબંધોની શરૂઆત કરવા માટે પાંચ પ્રસ્તાવનાઓ સાહિત્યદર્પણકાર વિશ્વનાથ દ્વારા દર્શાવેલી છે. શ્રીનખકુટ્ટ દ્વારા છઠ્ઠા પ્રકારની પ્રસ્તાવના સૂચવાઈ છે. તે*

*તેવું સૂચન કરે છે કે નેપથ્યમાંથી આવેલા શબ્દો અથવા આકાશભાષિતના આધારે સૂત્રધાર દ્વારા પ્રસ્તાવના કરવામાં આવે.*

*ઉપર જણાવેલા પાંચ પ્રકારો ઉપરાંત વિશ્વનાથ લનખકુટ્ટે કહેલો છઠ્ઠો પ્રકાર નોંધે છે. લક્ષ્મીટીકાકાર (પૃ.340) નખકુટ્ટ નામનો છઠ્ઠો પ્રકાર છે એમ જણાવે છે. જ્યારે શશિકલાટીકાકાર નખકુટ્ટ નામનો લેખક છે એમ જણાવે છે.* नखकुटस्तु *એ લખાણ જ તે લેખક છે એવું સૂચન કરતું હોવાથી શશિકલાટીકાકારનો મત ઉચિત લાગે છે.*

*પછી તેવું સૂચવવામાં આવેલ છે કે પ્રબન્ધ વૃત્તાન્ત અથવા પાત્રની સૂચના બાદ પ્રસ્તાવના પૂરી થયા પછી સૂત્રધારનું પાત્ર રંગમંચ ઉપરથી વિદાય લે અને ત્યારબાદ નાટકની ભજવવાની શરૂઆત થાય.*

**42. इदं पुनर्वस्तु बुधैर्द्विविधं परिकल्प्यते।**

**आधिकारिकमेकं स्यात्प्रासङ्गिकमथापरम् ॥ 42 ॥**

*અનુવાદઃ આ નાટકનું કથાવસ્તુ વિદ્વાનોએ બે પ્રકારનું બતાવ્યું છેઃ એક તો અધિકારિક કથાવસ્તુ અને બીજું કથાવસ્તુ તે પ્રાસંગિક.*

**43.** अधिकारः फले स्वाम्यमधिकारी च तत्प्रभुः।

तस्येतिवृत्तं कविभिराधिकारिकमुच्यते ॥43 ॥

**અનુવાદ :** *ફળ ઉપરનું સ્વામિત્વ તે અધિકાર અને તે અધિકારનો ભોક્તા તે અધિકારી, અને તે અધિકારીનું જે વૃત્તાંત તેને કવિઓ આધિકારિક કહે છે.*

**વિવરણ :** *આ કારિકામાં અધિકાર, અધિકારી તથા આધિકારિક કથાવસ્તુને આ પ્રમાણે સમજાવવામાં આવ્યું છે. ફળ ઉપરની પ્રભુતાને અધિકાર સ્વરૂપે સમજાવેલ છે. તથા અધિકારી તેને જણાવેલ છે કે તે અધિકાર ઉપર, સ્વામીત્વ ધરાવનાર વ્યક્તિ અર્થાત્ નાયક અને આની જાતના અધિકારીની સાથે સંબંધ ધરાવનાર કથાવસ્તુ સમસ્ત રૂપકની સાથે સુસંકલિતહોય છે.રામના રાવણ વધ સાથેનું કથાનક 'બાલ રામાયણ'માં ઉપલબ્ધ થાય છે. સુગરીનું ચરિત પ્રાસંગિક છે પણ રામચરિત ને ઉપકારક છે*

*નાટ્યદર્પણકાર* (5-.29) *આગળ જણાવે છે કે કોઈ પણ ચરિત્ર સ્વભાવતઃ મુખ્ય કે ગૌણ નથી હોતું, પરંતુ અનેક ફળોમાંથી કવિ જેનો ઉત્કર્ષ બતાવવા ઈચ્છે છે તે મુખ્ય બને છે અને બીજું પ્રાસંગિક બની જાય છે. કવિ પોતાની ઈચ્છાથી નહિ પણ ઔચિત્ય અનુસાર ઉત્કર્ષ બતાવે છે. મુખ્ય ફળની પ્રાપ્તિ માટે કરાયેલા વ્યાપારથી પ્રાસંગિક કાર્યોની સિદ્ધિ બતાવવામાં આવે છે.*

*દશરૂપકકાર વસ્તુના* 27 *પ્રકાર બતાવે છે* (1:12-16) *વસ્તુ* (1) *આધિકારિક અને* (2) *પ્રાસંગિક – પ્રાસંગિકના બે પ્રકાર* (1) *પતાકા* (2) *પ્રકરી. આ ત્રણેયના પ્રત્યેકના ત્રણ પ્રકાર* (1) *પ્રખ્યાત,* (2) *ઉત્પાદ્ય* (3) *મિશ્ર. આમ નવ પ્રકાર થયા. તે દરેકના*

ત્રણ ભેદ (1) *દિવ્ય,* (2) *મર્ત્ય* (2) *મિશ્ર. (દિવ્યાદિવ્ય) - જેના વિશે આપણે આગળ જોયું.*

**44. अस्योपकरणार्थं तु प्रासङ्गिकमितीष्यते। ( अ )**

**पताकास्थानकं योज्यं सुविचार्येह वस्तुनि ॥ 44॥ ( ब )**

*અનુવાદઃ એટલે સા.દ. કહે છે આ આધિકારિક વૃત્તાંતની સહાયતાને માટે કે તેના સાધન તરીકે પ્રાસંગિક વૃત્તાંત અભિપ્રેત હોય છે. આ નાટકના કથાવસ્તુમાં બરાબર સારી રીતે વિચાર કરીને પતાકાસ્થાનકની યોજના કરવી જોઈએ.*

*વિવરણ:* अस्य उपकरणार्थं तु प्रासङ्गिकमितीष्यते *તેવા વિધાનમાં* अस्य *થી આ આધિકારિક કથાવસ્તુ સૂચવેલ છે. કથાવસ્તુ* (PIO- Construction) *નાટકનું અગત્યનું અંગ માનવામાં આવે છે. કથા વસ્તુ માટે* कथा, इतिवृत्त, वस्तु *કે* वृत्त *જેવા અલગ અલગ શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે.*

*અભિનવ ભારતી દ્વારા પ્રાસંગિક કથાવસ્તુના વિષયમાં તેમ જણાવેલ છે કે* प्रसक्तिः हि प्रसङ्गः ततः आगतं प्रसाङ्गिकं, प्रसज्यते वा प्रधानफलनिष्पत्तये इति प्रसङ्गः ततः आगतम्। *ગૌણ કથાનક મુખ્ય કથાપ્રવાહનો વિકાસ કરે છે. પોતાનું સ્વતંત્ર અસ્તિત્ત્વ તો રાખે જ છે. છતાં મુખ્ય કથાવસ્તુના પ્રવાહને અનુકૂળ બને છે. રામાયણ કથામાં શત્રુ વાલીનો વધ, તેનાથી થતો રાજ્યનો લાભ જેવું સુગ્રીવ સંબંધી ગૌણકથાનક મુખ્ય રામકથાને માટે ઉપયોગી બનવાનું છે.*

45. **यत्रार्थे चिन्तितेऽन्यस्मिंस्तल्लिङ्गोऽन्यः प्रयुज्यते ।**

**आगन्तुकेन भावेन पताकास्थानकं तु तत् ॥ 45 ॥**

**અનુવાદ :** *જ્યાં નાટકમાં કોઈ એક પ્રસંગે કોઈ એક અર્થ વિચારાયો હોય ત્યાં તેના જ જેવા સમાન ચિહ્નવાળો અન્ય અર્થ આકસ્મિક રીતે સંકલિત થઈ જાય તેને પતાકાસ્થાનક કહે છે.*

**વિવરણ :** *નાટકમાં પતાકાસ્થાનક મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેનું કામ નાટકની જે કથા ચાલી રહેલ હોય તેમાં વૈવિધ્ય અથવા ચમત્કાર ઉત્પન્ન કરવાનું છે. આ પતાકાસ્થાનક નાટકમાં ક્યાંકજ આવે છે અને તે પણ નાટકમાં જે પ્રસંગ ચાલી રહેલ તેની અંદર ચમત્કૃતિ ઉત્પન્ન કરવા માટે જ તેનો પ્રયોગ કરવામાં આવે છે. તેથી જ સાહિત્યદર્પણકાર વિશ્વનાથ જણાવે છે કે –* पताकास्थानकं योज्यं सुविचार्येह वस्तुनि (૪૪ब)

*એટલે કે રૂપકના કથાનકમાં સારી રીતે વિચાર કરીને પતાકાસ્થાનકની યોજના કરવી.*

*વિશેષમાં પ્રેક્ષકવર્ગને પ્રસન્ન કરવા માટેની આ એક જાતની યુક્તિ છે. જ્યારે નાટકમાં કોઈ પ્રયોગ ચાલી રહેલ હોય તેવા વાતાવરણમાં અકલ્પનીય અથવા જેના વિષયમાં વિચાર પણ ન કરેલ હોય તેવા બીજા વિષયને એકાએક ઉપસ્થિત કરવામાં આવે તેને પતાકાસ્થાનક કહેવામાં આવે છે.*

સાથોસાથ થોડા સમય બાદ અથવા ભવિષ્યમાં બનનારા પ્રસંગની સંવાદ અથવા ઘટનાથી ચમત્કૃતિ ઉત્પન્ન થાય તેવી રીતે આગાહી કરે છે. આ પતાકાસ્થાનકને પાશ્ચિમના સાહિત્યમાં "ઢક્ષિદ્વક્ષૈઝ ૈંહિઅ" અર્થાત્ "નાટ્યાત્મક વક્રોક્તિ" શબ્દોથી કહેવામાં આવે છે.

સંક્ષેપમાં તેમ કહી શકાય કે પ્રસ્તુત વાત કોઈ બીજા જ પ્રકારની હોય. તેવા વાતાવરણમાં કોઈ નવીનજ વાત જાહેર થાય. જેથી જે કામ બનવાનું હોય તેનાથી બીજીજ જાતનું કામ અનુભવથી થવા માંડે ત્યારે પતાકાસ્થાનક બને. એક વાતનો ખ્યાલ રાખવો કે पताका તથા पताकास्थानकंભિન્ન છે. તથા બંન્નેના કાર્યપ્રદેશો પણ ભિન્ન છે.

વિશ્વનાથ પતાકાસ્થાનકના ચાર પ્રકારો બતાવેલા છે.

વિશ્વનાથે દર્શાવેલ પતાકાસ્થાપનકના ચાર પ્રકારો :

(1) પ્રથમ પતાકાસ્થાનક તેને કહેવામાં આવે છે કે જ્યાં ઔપચારિક સંયોગોથી અચાનક જ પ્રયોજનની શ્રેષ્ઠ સિદ્ધિ થાય.

જેમકે -રત્નાવલી નાટિકામાં નાયક ઉદયનને થતા નાયિકા રત્નાવલીના અચાનક મિલનનો પ્રસંગ આ પ્રકારનું દૃષ્ટાંત ગણી શકાય. ' कथं मे प्रिया सागरिका "ઉદયન અવાજથી રત્નાવલીને ઓળખી જાય છે અને અચાનક ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ થાય છે.

(2) બીજું પતાકાસ્થાનક તેને કહેવાય કે જે વિવિધ રચનાવાળું તથા શ્લેષયુક્ત વચનોવાળું હોય.

**वचः सातिशायश्लिष्टं नानाबन्धसमाश्रयम् ।**

**पताकास्थानकमिदं द्वितीयं परिकीर्तित्तम् ॥47 ॥**

વેણીસંહાર નાટકમાં આવેલા रक्तप्ररसाधितकुर्वः શ્લોકમાં અનુરાગથી પૃથ્વીને શોભાવનાર તથા લોહીથી પૃથ્વીને વિભૂષિત કરનાર જેવા શ્લેષવાળા શબ્દો મળે છે.

(3) ત્રીજું પતાકાસ્થાનક તેને કહેવાય કે જે બીજા અર્થને સૂચવે,અવ્યકત અર્થયુક્ત હોય છતાં કોઈ નિશ્ચયનો ખ્યાલ આપનારો તેમજ શ્લેષયુકત જવાવાળું હોય.

જેમ કે વેણીસંહાર નાટકમાં કંચુકી દુર્યોધનના સંવાદમાં भग्नम् - ભાંગી નાખ્યુ, રથ ભાંગેલો પડેલ છે. તેનાથી ભાવિમાં બનનારા દુર્યોધનના ઊરૂભંગને શ્લિષ્ટપદોથી સૂચવેલ છે.

(4) ચોથું પતાકાસ્થાનક ત્યારે યોજવામાં આવે કે નાટકમાં બે અર્થવાળા શબ્દનો પ્રયોગ હોય તથા તેનાથી કોઈ બીજો અર્થ સૂચવવામાં આવતો હોય. ઉદયનની લતાને વિકસિત જોવાની વાત તથા વિવિધ શ્લિષ્ટ વિશેષણોથી (સાગરિકાને જોઈ) વાસવદત્તા ગુસ્સે થશે તેવા ભાવિ પ્રસંગનો સંકેત અહીં કરવામાં આવેલ હોય તેમ સમજી શકાય છે.

આમ આ રીતે પતાકાસ્થાનકના પ્રકારોની ચારની સંખ્યા વિશ્વનાથે તથા ભરતે જણાવેલ છે. ભરતે પણ આવો જ ભાવ વ્યક્ત કરેલ છે.જ્યાં કોઈ પ્રેમભરેલા વ્યવહારથી ઈચ્છેલ વસ્તુ મળે, ચતુર વચનોવાળા, શ્લેષયુક્ત તથા દ્વિઅર્થોવાળા વચનો હોય, બીજા અર્થને સૂચવનારા અપ્રત્યક્ષઅર્થથી યુક્ત વિશેષ નિશ્ચયવાળા વચન કહેવાય તથા તેનો જવાબ પણ અપાય અને સુંદર શ્લિષ્ટ વચનોથી મુખ્ય ફળની સૂચના મળે. વિશ્વનાથ સૂચવે છે કે પતાકા સ્થાનકનો ઉપયોગ રૂપકના કર્તા ઉપર આધારિત છે.

આ પ્રમાણે પતાકાસ્થાનકના સંબંધમાં માહિતી ઉપલબ્ધ થાય છે.

**46. यत्स्यादनुचितं वस्तु नायकस्य रसस्य वा।**

**विरुद्धं तत्परित्याज्यमन्यथा वा प्रकल्पयेत्॥ ( 46 )**

અનુવાદઃ નાયકના ગૌરવ અથવા રસનિષ્પત્તિની દષ્ટિએ જે કંઈ અયોગ્ય હોય અથવા વિરુદ્ધ હોય તેને છોડી દેવું જોઈએ અથવા એની યોજના બીજી રીતે કરવી જોઈએ.

વિવરણઃ પ્રસ્તુત કારિકામાં વિશ્વનાથ દ્વારા તે વાતની ચર્ચા કરવામાં આવેલી છે કે નાટકમાં કેવી જાતનું કથાનક રાખવું તથા કેવા પ્રકારના કથાનકની ત્યાગ કરવો. તેના સંબંધમાં અંર્ચા કરે છે.

અહીં ખાસ કરીને તે વાત સમજાવેલ છે કે જે કથાનક નાયકના ચરિત્રચિત્રણ કે પછી રસની સાથે અસંગત-અનુચિત કે પછી વિરુદ્ધ હોય તો તેને ત્યજી દેવું જોઈએ. આના ઉદાહરણ સ્વરૂપે 'ઉદાત્તરાઘવ' નામના નાટકમાં માયુરાજ દ્વારા વાલીને સંતાઈને રામનો હણવાનો પ્રસંગ કાઢી નાખ્યો છે.તેથી विरुद्धं परित्याज्यम् – લક્ષણની સાર્થકતા અનુભવાય છે.

ભવભૂતિ દ્વારા મહાવીર ચરિત નાટકમાં રામ વાલીને હણવા નથી જતા પરંતુ રામનો વધ કરવા વાલી આવે છે અને વાલી જાતે જ મરણને શરણ થાય છે. જેથી अन्यथा प्रयोजयेत् લક્ષણ ચરિતાર્થ થાય છે.

**47. दिनावसाने कार्यं यद्दिने नैवोपपद्यते।**

**अर्थोपक्षेपकैर्वाच्यमङ्कच्छेदं विधाय तत्॥ ( 53 )**

અનુવાદઃ જે કામ દિવસમાં પૂરું ન થઈ શક્યું હોય તે દિવસના અંત ભાગમાં અંક વિચ્છેદ કરીને પણ અર્થોપક્ષેપકો દ્વારા બતાવવું જોઈએ.

**48. अर्थोपक्षेपकाः पञ्च विष्कम्भकप्रवेशकौ।**

**चूलिकाङ्कावतारोऽथ स्यादङ्कमुखमित्यपि ( 54 )**

**અનુવાદ :** વિષ્કંભક,પ્રવેશક,ચૂલિકા,અંકાવતાર તથા અંકમુખ તેવા અર્થોપક્ષેપકના પાંચ પ્રકારો છે.

**વિવરણ :** *અર્થોપક્ષેપકની વ્યાખ્યા કરવામાં આવી છે કે* उपक्षिपणकन्ति ये *અથવા* सूचयन्ति *નાટકની વસ્તુની દૃષ્ટિએ દરેક પ્રસંગ વધારે ઓછા પ્રમાણમાં મહત્ત્વ તો ધરાવે જ છે પણ કેટલાક પ્રસંગો રંગમંચ ઉપર ન ભજવવાનુ જણાવેલ છે પણ તે પ્રસંગો, પ્રેક્ષકવર્ગને નાટકનો પૂરો ખ્યાલ મળે તેટલા માટે જરૂરી હોય છે. જે સામાન્ય જણાય તેને નાટકના પ્રારંભમાં અથવા તો બે અંકની વચમાં નાનકડા સંવાદ દ્વારા રજૂ કરી ભૂત તથા ભવિષ્યના પ્રસંગોની પ્રેક્ષકવર્ગને જાણ કરાય છે. આ દૃશ્યો સૂચવનારા હોવાથી તેને અર્થોપક્ષેપક કહેવામાં આવેલા છે. તેનું મહત્ત્વ તેટલા માટે ગણવામાં આવેલ છેક તે ઔચિત્ય તેમજ વસ્તુની એકતાની માટે ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. જે કાર્ય દિવસમાં પૂર્ણ ન થઈ શક્યું હોય તેને દિવસને અંતે અંક-વિછેદ કરીને પણ અર્થોપક્ષેપકો દ્વારા કહેવું જોઈએ.*

*વિશ્વનાથે અર્થોપક્ષેપકના-વિષ્કંભક, પ્રવેશક, ચૂલિકા, અંકાવતાર,અંકમુખ એમ પાંચ પ્રકારો બતાવેલા છે.*

1. विष्कंभक**:** *થયેલા તથા થનારા કથાનકના અંશોને સૂચવે છે સંક્ષેપમાં જણાવનારો અંકના પ્રારંભમાં આવે છે.* संक्षिप्तार्थस्तु विष्कलम्भ आदावङ्कस्य दर्शितः।

*તે મધ્યમ પ્રકારના એક કે બે પાત્રોથી રજૂ કરાય છે. બે મધ્યમ પાત્રોથી રજૂ કરાયેલાને શુદ્ધ વિષ્કંભક કહેવાય જ્યારે નીચે તેમજ મધ્યમ જાતના પાત્રોથી યુક્ત હોય તે સંકીર્ણ (મિશ્ર) વિષ્કંભક કહેવાય છે.*

**मध्यमेन मध्यमाम्यां पात्राम्यां संप्रयोजितः ।**

**शुद्धः स्यात् स तु संकीर्णो नीचमध्यमकल्पितः ॥**

*માલતી માધવ નાટકના ત્રીજા અંકનો વિષ્કંભક શુદ્ધ છે જ્યારે સંકીર્ણ પ્રકારનો વિષ્કંભક રામાભિનંદ નાયકની અંદર ક્ષપણક-કાપાલિક સંવાદમાં મળે છે.*

2. प्रवेशक **:**

*વિશ્વનાથે પ્રવેશકના વિષયમાં તેમ જણાવેલ છે કે પ્રાકૃતભાષામાં વાતચીત કરનારા હલકી (અનુદાત્ત) કક્ષાના પાત્રો દ્વારા રજૂઆત કરવામાં આવે છે. તેનું સ્થાન બે અંકોની વચમાં આવેલું છે. નાટકોની બીજી વિગતો વિષ્કંભક સમાન જ હોય છે.*

**प्रवेशकोऽनुदात्तोक्त्या नोचपात्रप्रयोजितः ।**

**अङ्काद्वयान्तविज्ञेयः शेषं विष्कम्भके यथा ॥**

*પ્રવેશકમાં પણ ભૂતકાળના થયેલા તથા ભવિષ્યમાં બનનારા પ્રસંગોની સૂચના આપવામાં આવે છે. ઉદા. ના સ્વરૂપમાં અશ્વત્થામાની શૂરતા પ્રતિપાદિત કરવા માટે રાક્ષસ મિથુનના વાર્તાલાપનો પ્રસંગ વેણીસંહાર નાટકમાં યોજવામાં આવેલ છે.*

3. चूलिका : *ચૂલિકા એટલે કે પડદાના પાછળના ભાગમાં જે પાત્રો બેઠેલા હોય તેમનાથી પ્રસંગ -અર્થને સૂચિત કરવામાં આવે.*

**अन्तर्जवनिकासंस्थैः सूचनार्थस्य चूलिका ।**

*આ પ્રકારની તે વિશિષ્ટતા છે કે કોઈપણ પાત્રનો રંગમંચ ઉપર પ્રવેશ થતો નથી. કેવળ પડદા પાછળના ભાગમાં રહીને જ પાત્રી સૂચના આપે છે. આવા ઉદાહરણ સ્વરૂપે 'અરે વૈમાનિકો, રંગમંચ ઉપર માંગલિક કામનો પ્રારંભ કરો કારણ રામ દ્વારા પરશુરામ ઉપર વિજય મેળવવામાં આવેલ છે.' જેવું વિધાન પડદાની પાછળના ભાગમાં રહેલા પાત્રોથી જણાવવાનો પ્રસંગ ભવભૂતિના મહાવીરચરિત નાટકમાં આલેખવામાં આવેલ છે.*

4. अंकावतार : *સાહિત્યદર્પણકાર વિશ્વનાથ આ પ્રકારની વ્યાખ્યા તેવા સ્વરૂપમાં આપે છે કે કોઈ અંકની સમાપ્તિના ભાગમાં જે પાત્રો હોય તેનાથી સૂચવવામાં આવેલ હોય તથા તેજ અનુસંધાનમાં જ જાણે રહેલ હોય તેવા સ્વરૂપમાં ત્યાર પછીના અંકનો પ્રારંભ થતો હોય ત્યારે તે અંકાવતાર કહેવાય છે.*

**अङ्कान्ते सूचितैः पात्रैः तदङ्कस्याविभागतः ।**

**यत्राङ्कोऽवतरत्येषोऽअङ्कामवतार इति स्मृत ॥**

*એટલે કે અંક પૂરો થયા પછી જે નવા અંકની શરૂઆત થાય, તે જાણે આગળના અંકનો ભાગ જ હોય તેમ તેનો પ્રારંભ થાય, કથાપ્રવાહ તો આગળ સતત ચાલ્યા જ કરે છે. અંકની પૂર્ણતા થવાથી નિયમ મુજબ પાત્રો રંગભૂમિ છોડી ચાલ્યા જાય ખરા પણ નવા અંકની શરૂઆત થતાં પાછા તેજ પાત્રોનો પ્રવેશ થાય છે. આના ઉદાહરણ સ્વરૂપે માલવિકાગ્નિમિત્ર નાટકના પ્રથમ અંકના રાજા વિદૂષક જેવા પાત્રો બીજા અંકની શરૂઆતમાં પ્રવેશ કરતા હોવાથી આ ઘટના ગણી શકાય.*

5. अंकमुख : *જે સ્થળે એક અંકની અંદર બીજા અંકોની કથાવસ્તુને સૂચવવામાં આવે તથા તેના ફળ સ્વરૂપ અર્થને પણ સૂચવવામાં આવતો હોય તે અંકમુખ કહેવાય છે.*

**यत्र स्यादङ्क एकस्मिन्नमङ्काना सूचनाखिला ।**

**तदङ्कमुखमित्याहुर्बीजाथख्यापकं च तत् ॥**

*માલતી માધવના પ્રથમ અંકની શરૂઆતમાં જ કામન્દકી તથા અવલોકિતાના પાત્રોથી ભવિષ્યમાં બનનારી ઘટનાઓની સૂચના આપવામાં આવેલ હોવાથી ત્યાં અંકમુખ નામનો પ્રકાર થાય છે.*

*તુલનાત્મક દ્રષ્ટિએ વિચારતા તેમ કહી શકાય છે અંકાવતારમાં એક જ અંક નું સૂચન હોય છે.*

*જ્યારે અંકમાં બધા જ અંકોની સૂચના હોય છે.*

*આ પ્રમાણે આપણને પાંચ પ્રકારના અર્થોપક્ષેપકો જોવા મળે છે.*

49. **बीजं बिन्दुं पताका च प्रकरी कार्यमेव च।**

**अर्थप्रकृतयः पञ्च ज्ञात्वा योज्या यथाविधि। ( 64 )**

*અનુવાદઃ બીજ,બિન્દુ,પતાકા,પ્રકરી અને કાર્ય - આ પાંચ અર્થપ્રકૃતિઓને જાણીને એનો યથાયોગ્ય યોગ્ય ઉપયોગ કરવો જોઈએ.*

*વિવરણઃ હવે અર્થપ્રકૃતિઓની ચર્ચા છે. નાટક વગેરેમાં કથાવસ્તુના ફળ સ્વરૂપ મુખ્ય લક્ષ્યને પૂરી રીતે સફળ બનાવવા માટે નાટકની શરૂઆતથી અંત સુધી લઈ જવા માટે પાંચ કારણભૂત તત્ત્વો ગણવામાં આવે છે. અર્થપ્રકૃતિઓ પ્રયોજન સિદ્ધ કરનાર હોય છે.આને નાટ્યશાસ્ત્ર અર્થપ્રકૃતિ નામથી સંબંધે છે. તથા તેનો ઔચિત્ય પ્રમાણે ઉપયોગ કરવા ઉપર પણ ભાર મૂકવામાં આવેલ છે. તે સિવાય અર્થપ્રકૃતિને નાટ્ય-સાહિત્યના ખૂબ જ ઉપકારક અંગ  તેટલા માટે ગણવામાં આવે છે કે તે નાયકને કાર્યની સફળતામાં સહાયક થાય છે. બીજ, બિન્દુ, પતાકા, પ્રકરી તથા કાર્ય. આ પાંચ અર્થ પ્રકૃતિઓની સમજૂતી આ પ્રમાણે છે.*

1. *બીજઃ બીજની વ્યાખ્યામાં જણાવ્યું છે કે શરૂઆતમાં જેના વિષે થોડુંજ કથન કરેલ હોય તે  ફળનું કારણ બને, તે પાછળથી વિસ્તૃત થાય. તથા કાર્યની સફળતામાં પ્રથમ કારણ થતુ હોય.*

**अल्पमात्रं सुमुदिष्टं बहुधा यद्विसर्पति ।**

**फलस्य प्रथमोहेतुः बीजं तदाभिधीयते ॥**

*અર્થાત્ નાટકની (રૂપક)ની શરૂઆતમાં થોડોજ સંકેત કરવામાં આવેલ થોડું કથન ફળનું કારણ થાય તથા કથાવસ્તુની અંદર તે અનેક રીતે વિસ્તૃત થાય તથા કાર્યની સફળતા માટે તે પ્રથમ કારણ પણ બને છે. બીજ નાયકના કાર્યની સફળતાનો પાયો નાખે છે. પ્રેક્ષકવર્ગને માટે તે આનંદ ઉપજાવવાનું કામ કરે છે. જેના માટે* द्वीपादन्यस्मात् *જેવા રત્નાવલીના પ્રથમ અંકનું પ્રેક્ષકવર્ગના માનસમાં પ્રસંગ માટે યોગ્ય પૂર્વભૂમિકાનું નિર્માણ કરે છે.*

2. *બિન્દુ :આડકથાના (ગૌણ) કારણે મુખ્યકથાનું વિચ્છેદ થવાનું વાતાવરણ ઉત્પન્ન થતું હોય ત્યારે તે મુખ્ય કથાવસ્તુને જોડી આપનારા તત્ત્વને બિંદુ કહેવામાં આવે છે.*

अवान्तरार्थविच्छेदे बिन्दुरच्छेदकारणम् ।

*બિન્દુ શબ્દ અર્થગર્ભ છે  જેમ પાણી ઉપર પડેલ તેલનું ટીપું ફેલાઈ જાય છે. તેવી જ રીતે આ બિન્દુ પણ સંપૂર્ણ નાટકમાં ફેલાય છે. અર્થાત ગૌણ કથાથી મૂળ કથાને વિચ્છિન્ન ન થવા દેવામાં કારણસ્વરૂપ બને છે.*

*કામદેવની પૂજાનો પ્રસંગ રત્નાવલી નાટિકામાં અવાન્તર સ્વરૂપે આલેખાય છે. મૂળ કથા સાથે તેનો જરા પણ સંબંધ નથી. પરિણામે મૂળ કથા સાથે વિચ્છેદ થવાની પરિસ્થિતિ ઉત્પન્ન થાત. ઉદયનની રાહ ચન્દ્રની  સમાન જોવાના જનતાના વિધાનથી સાગરિકામાં મારા પિતાએ વિવાહ જેની સાથે કર્યો છે તે આજ વ્યક્તિ છે તેવા વિધાનથી મૂળકથા સાથે સંબંધ પ્રસ્થાપિત થાય છે.*

3. पताका :

*જે પ્રાસંગિક કથા ખૂબ જ ઘણે સુધી વિસ્તાર પામેલી કથા હોય તેને પતાકા કહેવાય છે.*
पताका :

व्यापि प्रासङ्गिकं वृत्तं पताकेत्यभिधीयते ।

*નાયકથી સ્વતંત્ર રીતે પોતાનું કાર્ય કરનાર તથા વિશિષ્ટ વ્યક્તિત્ત્વ ધરાવનાર બીજું પાત્ર પણ નાટકમાં હોય છે. તેને પતાકાનાયકથી ઓળખવામાં આવે છે. તે પોતાના વ્યક્તિગત કામને પણ સિદ્ધ કરે છે. તેનો પ્રસંગ નાટકમાં વિસ્તારથી આલેખવામાં આવેલ હોય છે. આવી જાતના વ્યક્તિગત કામને સિદ્ધ કરનાર ઘટના પતાકા કહેવાય. રામાયણમાં સુગ્રીવની ઘટના આવો પ્રકાર ગણાય છે.*

4. प्रकरी :

*પ્રસંગના કારણે ઉત્પન્ન થનારૂં તથા અમુક (મર્યાદિત) સમય સુધી જ રહેનારૂં જે કથાનક હોય તેને પ્રકરી કહેવાય છે. પણ આવી જાતનો જે પ્રકરી નાયક હોય તેને પોતાનુ વ્યક્તિગત કોઈ ફળ નથી હોતુ.*

**प्रासङ्गिकं प्रदेशस्थं चरितं प्रकरी मता ।**

**प्रकरी नायकस्य स्यान्न स्वकीर्य फलान्तरम् ॥**

*પ્રકરીની વ્યુત્પત્તિ આવા સ્વરૂપમાં પણ જણાવેલી છે.*

**प्रकरोति नायकचरितस्य प्रकर्षं जनयति इति प्रकरी**

*નાટકમાં જ્યારે ગૌણ ઘટના અથવા નાનકડા પ્રસંગનું પાત્ર, પોતાનો ઉદ્દેશ સિદ્ધ કર્યા સિવાય જ વસ્તુના કથાનાયક માટે સહાયક થાય તેને પ્રસંગને પ્રકરી કહેવાય. રામાયણમાં આવતો શબરી પ્રસંગ આનું ઉદાહરણ ગણી શકાય.*

5. कार्य :*કાર્યને આવા સ્વરૂપમાં સમજાવવામાં આવેલ છે કે જે હકીકતને ખ્યાલમાં રાખી બીજ ક્ષેપ થયેલ હોય તે પ્રયોજન જ્યારે સફળ થાય ત્યારે તેને કાર્ય કહેવામાં આવે છે.*

**अपेक्षितं तु यत्साध्यमारम्भो यन्निबन्धनः ।**

**समायनं तु यत्सिद्धयै तत्कार्यमिति संमतम् ॥**

*તેનાથી તેમ સમજી શકાય કે સંપૂર્ણ નાટકના વસ્તુથી જેનું પ્રતિપાદન અભીષ્ટ છે તે જ કાર્ય.જેમકે રામાયણમાં રાવણનો વધ કાર્ય ઈષ્ટ હોવાથી તેજ કાર્ય મુખ્ય સ્વરૂપે પ્રતિપાદ્ય છે.*

*આ પ્રમાણે અર્થપ્રકૃતિના અંગોના પ્રકારો અને તેના ઉદાહરણ વગેરેની ચર્ચા કરવામાં આવી છે.*

**50. अवस्था पञ्च कार्यस्य प्रारब्धस्य फलार्थिभिः।**

**आरम्भयत्नप्राप्त्याशानियताप्तिफलागमाः॥ ( 70 )**

*અનુવાદઃ ફળપ્રાપ્તિની ઈચ્છાવાળા નાયક દ્વારા આરંભાયેલ કાર્યની પાંચ અવસ્થાઓ છે.આરંભ,યત્ન,પ્રાપ્ત્યાશા,નિયતાપ્તિ અને ફલાગમ.*

*વિવરણઃ વિશ્વનાથે કાર્ય શબ્દની સમજૂતી આપેલી નથી છતાં એમ સમજી શકાય કે નાયકને મનની સ્થિતિને અનુલક્ષીને વિવિધ ફેરફાર થાય છે. આવી મનની સ્થિતિને અવસ્થા કહેવામાં આવે છે. તે અવસ્થાને પાંચ સ્વરૂપમાં આ પ્રમાણે વિભાજીત કરવામાં આવેલ છે.*

(1) *આરંભ* (2) *યત્ન* (3) *પ્રાપ્ત્યાશા* (4) *નિયતાપ્તિ* (5) *ફલાગમ*

*આ પાંચ કાર્ય ના પ્રકારોની માહિતી આ પ્રમાણે છે.*

(1) *આરંભ : આરંભ તેને કહેવામાં આવે છે કે ફળ મેળવવા માટે નાયકના મનમાં જે ઈચ્છા ઉદ્ભવે.*

भवेदारम्भ औत्सुक्यं यन्मुख्यफलसिद्धये ।

*કોઈ પણ કામની શરૂઆત કરતા પહેલા ફળને મેળવવા માટે વ્યક્તિના મનમાં ઉત્સુક્તા ઉત્પન્ન થવી તે સ્વાભાવિક જ છે. તેનો અર્થ થાય છે આરંભાવસ્થા. નાયકને ફળ મેળવવા માટે પ્રેરણા આપનારૂં પ્રથમ પગથિયું. રત્નાવલીનો શ્લોક ઉદયનના કાર્યના આરંભને સૂચવે છે.*

(2) *યત્ન : યત્ન તેને કહેવામાં આવે છે કે ઈચ્છેલા ફળની પ્રાપ્તિ ન થતાં તેના માટે ઝડપથી પ્રયત્ન કરવામાં આવે તેને યત્નાવસ્થા કહેવામાં આવે છે.*

प्रयत्नस्तु फलावाप्तौ व्यापारोऽतित्वारान्वितः ॥

*આવી અવસ્થામાં નાયક સતત ફળને મેળવવા માટે પ્રયત્નશીલ થયા જ કરે છે. અભિનવ દ્વારા આ વિષયમાં તેવા પ્રકારની સ્પષ્ટતા કરવામાં આવેલી છે કે-* औत्सुक्यमात्र आरंभः, परमौत्सुक्यं तु प्रयत्नः प्रकर्षेण यत्न, *આ પ્રકારના કાર્યના ઉદાહરણ સ્વરૂપે ઉદયનને મેળવવા માટે રત્નાવલીથી કરવામાં આવેલ ચિત્ર-આલેખન ગણી શકાય.*

3. प्राप्त्याशाः *ફળ મેળવવામાં આશંકા તથા વિઘ્નોની ઉપસ્થિતિનો ભાવ ઉત્પન્ન થવાની શક્યતા છતાં ફળ મળવાનો સંભવ હોય તેવી સ્થિતિને પ્રાપ્ત્યાશા કહેવામાં આવે છે.*

उपायापायशङ्काभ्यां प्राप्त्याशाप्राप्तिसंभवः ।

*નાયક કાર્યની શરૂઆત તો કરે છે પણ તેમાં ઉત્પન્ન થનારી અડચણો-વિઘ્નોને કારણે તેનું કામ સફળ થશે કે નહી તેવા પ્રકારની તેના મનમાં શંકા ઉત્પન્ન થાય છે. તોપણ નાયકની હિંમતપૂર્વકની અપ્રતિમ શક્તિના કારણે તથા તેના અથાક પ્રયત્નના કારણે તે*

*વિજયની આશા સેવે છે. આમ વિઘ્નો આવવા છતાં સફળતાની રખાતી આશાને પ્રાપ્ત્યાશા કહેવાય છે. વાસવદત્તા વેશધારણ કરેલ રત્નાવલીને મળવા માટે જનારા ઉદયનના મનમાં મિલનની આશા તો છે પણ વિદૂષકના વિધાનથી તેના મનમાં આશંકા જન્મે છે. તે આ પ્રકારના કાર્યનું ઉદાહરણ છે.*

4. नियताप्तिः *આની વ્યાખ્યા તેવા સ્વરૂપમાં જણાવેલ છે કે મુસીબત હટી જવાથી (ધ્યેય કે વસ્તુ) મેળવવાનું કામ નિશ્ચિત થઈ જાય તે અવસ્થાને નિયતાપ્તિ કહેલ છે.*

अपायाभावतः प्राप्तिर्नियताप्तिस्तु निश्चिता ।

*અહીં તે વાતની સ્પષ્ટતા કરવામાં આવેલ છે કે ધ્યેય પ્રાપ્તિના રસ્તામાં વિઘ્નો દૂર થઈ જવાથી વ્યક્તિને વસ્તુ મેળવવામાં નિશ્ચિતતા થઈ જાય છે. આવા કારણથી જ ભારતીય નાટકો સુખાન્ત હોવાનું માનવામાં આવે છે. બંદી બનેલી રત્નાવલી (સાગરિકા)ને મુક્ત કરાવવા માટે વાસવદત્તાને પ્રસન્ન કરવાનો ઉદયનનો નિશ્ચય આ પ્રકારની કાર્યાવસ્થા છે.*

5. फलयोग : *પૂરેપૂરી રીતે ફળનો યોગ થાય તેને ફળયોગ કહેવામાં આવે છે.*

सावस्था फलयोगः स्याद्यः समग्रफलोदयः ।

*આ પ્રમાણે કાર્યાવસ્થાના પાંચ પ્રકારો ઉદાહરણ સહિત બતાવ્યા છે.*

**51. यथासंख्यमवस्थाभिराभिर्योगात्तु पञ्चभिः।**

**पञ्चधैवेतिवृत्तस्य भागाः स्युः पञ्च संधयः॥ ( 74 )**

*અનુવાદઃ આ પાંચ અવસ્થાઓ સાથે ( પાંચ અર્થપ્રકૃતિઓનો) સંખ્યા પ્રમાણે યોગ થવાથી વસ્તુવૃત્તાન્તના પાંચ જે ભાગો તે પાંચ પ્રકારની સંધિઓ કહેવાય છે.*

**52. अन्तरैकार्थसंबन्धः संधिरेकान्वये सति।**

**मुखं प्रतिमुखं गर्भो विमर्श उपसंहृतिः॥**

**ति पञ्चास्य भेदाः स्युः क्रमाल्लक्षणमुच्यते । ( 75 )**

*અનુવાદઃ એક સમાન પ્રયોજન સાથે સંકળાયેલ કથાંશોના અવાંતર કથાંશોના પ્રયોજન સાથેનો જે સંબંધ તે સંધિ કહેવાય છે. મુખ,પ્રતિમુખ,ગર્ભ, વિમર્શ અને ઉપસંહૃતિ એમ આ સંધિના પાંચ પ્રકાર થાય છે.*

*વિવરણઃ નાટકના જુદા જુદા પ્રયોજનવાળા કથાભાગોને એક પ્રયોજનની સાથે સુસંબદ્ધ જોડવામાં આવે તો તે સંબંધને સંધિ કહેવામાં આવે છે. દરેક સંધિનાં અંગો હોય છે.*

**(***અ) જેમાં વિભિન્ન અર્થો (વૃતાન્તો) અને વિભિન્ન રસોથી તેમ જ પ્રારંભથી બીજ ની ઉત્પત્તિ હોય તેને મુખસન્ધિ કહેવામાં આવે છે.*

*મુખસંધિના બાર અંગોના અર્થોને વિશ્વનાથ આગળ આ પ્રમાણે સમજાવેલ છે.*

1. શરૂઆતમાં નાટ્ય પ્રસંગની જે ઉત્પત્તિ થાય તેને ઉપક્ષેપ કહેવામાં આવે છે.
2. જે પ્રસંગ ઉત્પન્ન થયેલ હોય તેના વિસ્તારને પરિકર કહેવામાં આવે છે.
3. જે પ્રસંગ વિસ્તૃત થયેલ હોય તેની જે સ્થિરતા થાય તેને પરિન્યાસ કહેવાય છે.
4. ગુણો કહેવામાં આવે તેને વિલોભન કહેવાય છે.
5. કર્તવ્ય પાલન માટે જે નિશ્ચય કરવામાં આવે તેને યુક્તિ કહેવામાં આવેલ છે.
6. સુખનો જે લાભ પ્રાપ્ત થાય તેને પ્રાપ્તિ કહેવાય છે.
7. જે બીજ પહેલા આવી ગયેલ હોય તેને પુનઃ વર્ણનના સ્વરૂપમાં રજૂ કરવામાં આવે તે સમાધાન કહેવાય છે.
8. સુખ ઉપજાવનાર અથવા દુઃખ ઉપજાવનાર જે ઉક્તિ કહેવામાં આવે તેને વિધાન કહેવાય છે.
9. કુતૂહલ સાથે જે વાણી બોલવામાં આવે તેને પરિભાવના કહેવામાં આવે છે.
10. બીજમાં જે ઘટના રહેલી હોય તે જ્યારે અંકુરિત થાય ત્યારે તેને ઉદ્બેદ કહેવાય છે.
11. પ્રકૃત કામની શરૂઆત કરવાને કરણ કહેવાય.
12. સંઘમાંથી મૂક્ત થવાની ક્રિયાને ભેદન કહેવાય છે. આ પ્રમાણે મુખસંધિના 12 અંગોના સાર્થક ભેદો ચર્ચાએલા છે.

(બ) પ્રતિમુખ સંધિ : મુખસંધિમાં ફળપ્રધાન જે મુખ્ય ઉપાયની સ્થાપના કરી છે તે ઉપાય જ્યાં સહેજ દેખાય છે અને  જ્યાં પરોક્ષ રહેલ પ્રતિમુખ તેને પ્રતિમુખ સંધિ કહેવામાં આવે છે.

પ્રતિમુખ સંધિના 13 અંગો આ પ્રમાણે છે.

પ્રતિમુખ સંધિના તેર અંગોની અર્થઘટન વિષયક માહિતી આવા સ્વરૂપમાં મળે છે.

1. રતિભોગ માટેની ઈચ્છાને વિલાસ કહેવામાં આવે છે.
2. જે વસ્તુ ગૂમ થઈ ગઈ હોય તેને શોધવાને પરિસર્પ કહે છે.
3. જે મનામણાનો પ્રારંભમાં અસ્વીકાર કરવામાં આવે તેને વિધુત કહેવામાં આવે છે.
4. સંતાપને દૂર ન કરી શકાય તે ઉપાયને  તાપન કહેવામાં આવે છે.
5. પરિસાસથી  ભરેલાં જે વચનો હોય છે તેને નર્મ કહેવાય
6. પરિહાસથી જે શોભા ઉત્પન્ન થાય તેને નર્મદ્યુતિ કહેવામાં આવે છે. છે.
7. ઉત્તરોત્તર જે શ્રેષ્ઠ વાક્ય કહેવાતું હોય તેને પ્રગમન કહેવામાં આવે છે.
8. દુઃખ મળે તેને વિરોધ કહેવામાં આવે છે.
9. કોપાયમાન વ્યક્તિને વારંવાર સમજાવવી તે અનુનય.
10. પુષ્પ તેને કહેવામાં આવે છે કે જે વિશિષ્ટતાવાળી વાણી હોય.
11. વજ્ર તે કહેવાય કે જેમાં પ્રત્યક્ષ સ્વરૂપે કઠોર વચનો બોલવામાં છે.
12. પ્રસન્ન કરવાને ઉપાયન કહેવાય.

13. *વર્ણસંહાર તેને કહેવામાં આવે છે કે જેમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર એ ચારેય વર્ણોનું મિલન થાય. આ પ્રમાણે પ્રતિમુખ સંધિના અંગોનું અર્થઘટન કરવામાં આવેલ છે.*

(ક) *ગર્ભસંધિઃ પ્રતિમુખ સંધિમાં કંઈક પ્રગટ થયેલા બીજનો વારંવાર આવિર્ભાવ, તિરોભાવ તથા અન્વેષણ થાય છે.*

*ગર્ભસંધિનાં તેર અંગોની ચર્ચા આ પ્રમાણે કરેલી છે.*

(1) *કપટવાળા વચનને અભૂતાહરણ કહેવાય છે.*

(2) *યથાર્થવસ્તુનો ઉલ્લેખ તે માર્ગ.*

(3) *વિશેષ તર્કવાળા વચનને રૂપ કહેવામાં આવે છે.*

(4) *ઉન્નતિયુક્ત વચનને ઉદાહરણ કહેવાય છે*

(5) *તથા કોઈના મનના ભાવોને, સાચા તત્ત્વને સમજવાને ક્રમ કહેવામાં આવેલ છે.*

(6) *સંગ્રહ તેને કહેવામાં આવેલ છે કે જે બાબત સામ તથા દાનથી મેળવી શકાય.*

(7) *સાધન વડે સાધ્યનું અનુમાન તે અનુમાન.*

(8) *રતિ,હર્ષ, ઉત્સવની માગણી તે પ્રાર્થના.*

(9) *રહસ્યભર્યા કથાનકની સૂચના તે ક્ષિપ્તિ.*

(19) *ત્રોટકમાં કોપભર્યા વચન હોય છે.*

(11) *અધિબલમાં છેતરીને અભિપ્રાય જાણવાનો હોય છે.*

(12) *પ્રાર્થના તેને કહેવામાં આવે છે કે રતિ, આનંદ તેમજ ઉત્સવ માટે કરવામાં આવતી અભ્યર્થના.*

(13) *રાજા વગેરેથી ભય ઉત્પન્ન થાય છે તે ઉદ્વેગ*

*આ પ્રમાણે ગર્ભસંધિના પ્રકારોની અર્થ સાથે ચર્ચા કરવામાં આવેલી છે.*

**(ડ) વિમર્શ સંધિ :** *જ્યાં મુખ્ય ફલનો ઉપાય ગર્ભસંધિ કરતાં વિશેષ વિકસ્ય હોય પણ શાપ વગેરેથી તેમાં વિઘ્ન આવે તેને વિમર્શસંધિ કહે છે. કેટલાક વિદ્વાનો વિમર્શને અવમર્શ પણ કહે છે.આ સંધિનાં તેર અંગો છે, જે નીચે પ્રમાણે છે.*

1. *અપવાદ તે કહેવાય છે કે જેમાં દોષને જાહેર કરાય.*
2. *સંફેટ તે કહેવાય છે કે જેમાં ગુસ્સાથી બોલાતું હોય.*
3. *વ્યવસાય તે કહેવાય કે જે પ્રતિજ્ઞા તેમજ હેતુથી બાબત ઉત્પન્ન ચયેલ હોય.*
4. *દ્રવ તેને કહેવામાં આવે છે કે શોક તેમજ આવેગના કારણે વડીલોનો અનાદર હોય. .*
5. *દ્યુતિમાં તિરસ્કાર કે ઉદ્વેગ હોય છે.*
6. *વિરોધના શમનને શક્તિ કહેવાય છે.*

7. પ્રસંગમાં પૂજનીય વ્યક્તિના ગુણો બતાવવાના હોય છે.
8. ખેદ તેને કહેવામાં આવે છે કે જે મન તેમજ શરીરના વ્યાપારથી પન્ન થયેલ હોય.
9. પ્રતિષેધ તે કહેવાય છે કે જેમાં ઈચ્છિત વસ્તુને મેળવવાના માર્ગમાં વિરોધ ઉત્પન્ન થાય.
10. વિરોધન તેને કહેવામાં આવે કે જ્યાં કામમાં આવી વિઘ્ન આવ્યું હોય.
11. પ્રરોચના તેને કહેવામાં આવે છે કે કામની પૂર્ણતાના સ્વરૂપે પ્રયોજન બતાવનાર શબ્દો હોય.
12. કામના સંગ્રહને આદાન કહેવાય છે
13. અપમાન વગેરે સહન કરવા તે છાદન અંગ.

આ પ્રમાણે પ્રતિમુખ સંધિના પ્રકારોનું અર્થઘટન કરવામાં આવેલ છે.

**(ઈ) ઉપસંહતિ સંધિ :** નિર્વાહન સંધિમાં ગ્રંથનું સમાપન થાય છે. તેના 14 અંગો આ પ્રમાણે છે.

આને ઉપસંહતિની સંજ્ઞા પણ સાહિત્યદર્પણકાર આપે છે.

1. નાખેલા બીજના ફરીથી અનુસંધાનને સંધિ કહેવાય છે.
2. કર્તવ્યના અનુસંધાનને વિબોધન કહેલ છે.
3. કાર્યોની ગૂંથણીને ગ્રંથન કહેવાય છે.
4. અનુભવેલા વિષયને કહેવાને નિર્ણય કહેવાય છે.
5. નિન્દાવાળા વાક્યોને પરિભાષણ કહેવાય.
6. પ્રયોજન પ્રાપ્ત થતાં શોક વગેરેની શાંતિ તે કૃતિ કહેવાય.
7. સેવા વગેરેને પ્રસાદ કહેવામાં આવે છે
8. ઈચ્છેલ વસ્તુ મેળવવી તેને આનંદ કહેવાય છે.
9. દુઃખનું દૂર થવું તેને સમય કહેવાય.
10. અદ્ભુત વસ્તુને મેળવવી તે ઉપગૂહન કહેવાય.
11. સામ, દાન, ભેદ જેવાં વચેનોને ભાષણ કહેવાય છે.
12. પહેલા જણાવેલી બાબતોનો પુનર્નિર્દેશ તે પૂર્વવાક્ય.
13. વરદાનની પ્રાપ્તિને કાવ્યસંહાર કહેવાય છે.( સંહાર એટલે સમેટવું-કાવ્યને સમેટવું)
14. રાજા, દેશ વગેરેની શાંતિ ( બતાવનાર વાક્ય)ને પ્રશસ્તિ કહેવાય છે.

આ પ્રમાણે ઉપસંહતિ નામની સંધિના પ્રકારોનું અર્થઘટન કરવામાં આવેલ છે.

અહીં આપણે પાંચ સંધિઓ અને તેના અંગોની સમજૂતી પ્રાપ્ત કરી.

**53. चतु:षष्टिविधं ह्येतदङ्ग प्रोक्तंमनीषिभिः ।**

**कुर्यादनियते तस्य संधावपि निवेशनम्॥११५॥**

*અનુવાદઃ આ પ્રમાણે વિદ્વાનોએ આ ચોસઠ સંધ્યાગો કહ્યાં છે. તે સંન્ધ્યંગોનો સંનિવેશ અનિયત સંધિમાં પણ કરી શકાય છે. એટલે કે એક સંધિના અંગો બીજી સંધિમાં પણ યોજી શકાય.*

**54. रसानुगुणतां वीक्ष्य रसस्यैव हि मुख्यता। ( ११६-अ )**

*અનુવાદઃ તે રસની અનુકૂળતાએ જ કારણ કે નાટકમાં રસ એ પ્રધાન વસ્તુ છે.*

**55. इष्टार्थरचनाश्चर्यलाभो वृत्तान्तविस्तरः ॥११६॥**

**56. रागप्राप्तिः प्रयोगस्य गोप्यानां गोपनं तथा।**

**प्रकाशनं प्रकाश्यानामङ्गानां षड्विधं फलम्॥११७॥**

*અનુવાદઃ અભિપ્રેત અર્થનું ગ્રથન, (પ્રક્ષકોને) આશ્ચર્યચકિત* (Surprise) *લાભ, કથાવૃત્તાંતનો વિસ્તાર, નાટ્યપ્રયોગ તરફ (પ્રેક્ષકોમાં) અનુરાગ ઉત્પન્ન કરવો. છૂપાવવા યોગ્ય હકીકતોને છુપાવવી અને પ્રગટ કરવા યોગ્ય હકીકતોનું પ્રકાશન આમ આ (સંધ્યંગોનાં) છ પ્રયોજન છે.*

*વિવરણઃ અહીં છ પ્રકારના લાભોને આ પ્રમાણે ચર્ચાથી સમજાવેલ છે.*

*ઈષ્ટાર્થરચના તે માટે ઉપયોગી છે કે જે રચના કરવી હોય તે અભીષ્ટ સ્વરૂપે પરિપૂર્ણ થઈ શકે.*

*આશ્ચર્યલાભ તેટલા માટે આવશ્યક છે કે પ્રેક્ષકોના હૃદયમાં આશ્ચર્યના ભાવનું સંક્રમણ થાય.*

*વૃત્તાન્ત વિસ્તારને તેટલા માટે ઉપયોગી જણાવેલ છે કે જેનાથી પ્રેક્ષક વર્ગની તેમાં રૂચિ જળવાઈ રહે.*

*પ્રયોગની રાગપ્રાપ્તિ તેટલા માટે જરૂરી ગણવામાં આવેલ છે કે સમાજના હૃદયમાં રૂપક જોવા માટે ઉત્સુકતા જાગે.*

*ગોપ્ય ગોપન તે માટે જરૂરી ગણાય છે જે વસ્તુ અંશ ન બતાવવાનો હોય તે ન બતાવાય. પ્રકાશને પ્રકારચના આ અંગ તેટલા માટે જરૂરી છે. બતાવવા લાયક વસ્તુ બનાવવી ઘટે તેમને બતાવવા માટે આ સર્વ કથાવસ્તુની રચનાના લાભો છે.*

**57. अङ्गहीनो नरो यद्वन्नैवारम्भक्षमो भवेत्।**

**अङ्गहीनं तथा काव्यं न प्रयोगाय युज्यते ॥११८॥**

*અનુવાદઃ જેમ અંગો વિનાની વ્યક્તિ કોઈ પણ કાર્યનો આરંભ કરવાને સમર્થ થઈ શકતી નથી તે જ રીતે અંગ વિનાનું રૂપક પણ પ્રયોગાર્હ થઈ શકતું નથી.*

*વિવરણઃ અહીં નાટક ઉદાત્ત હોય તો પણ સંધ્યંગ વગરનું હોય તે હીન પ્રકારનું ગણાય છે. પ્રેક્ષકોના મનને પ્રસન્નતા આપી શકતું નથી. અંગ વગરના માનવીની ઉપમા દ્વારા તે વાત સમજાવેલ છે.*

**58. संपादयेतां संध्यङ्ग नायकप्रतिनायकौ।**

**तदभावे पताकाद्यास्तदभावे तथेतरत् ॥ ११९ ॥**

*અનુવાદઃ આ સંધ્યંગોનું પ્રતિપાદન અથવા સંપાદન નાયક અથવા પ્રતિનાયકે કરવું જોઈએ. તેના અભાવમાં પતાકા વગેરે દ્વારા અને તેમ પણ ન બની શકે તો બીજાં (બીજ, બિંદુ) વગેરેનો ઉપયોગ કરવો જોઈએ.*

*વિવરણઃ અહીં તે વાત સમજાવેલ છે કે પોતાના વિલાસમાં આ સન્ધ્યંગો નાયક તથા પ્રતિનાયકે ઉપયોગ કરવો જોઈએ. જેનાથી નાટકમાં ચમત્કૃતિ ઉત્પન્ન થાય. જો શક્ય ન હોય તો તેનો પ્રયોગ અર્થપ્રકૃતિઓમાં કરવો. નાયિકા-પ્રતિનાયિકાથી પણ પ્રયોગ કરવાનો મત કેટલાક વિદ્વાનો ધરાવે છે કે પછી પતાકા-પ્રકરીથી તેનો પ્રયોગ કરવાની વાત જણાવેલી છે.*

59. **रसव्यक्तिमपेक्ष्यैषामङ्गानां संनिवेशनम्।**

**न तु केवलया शास्त्रस्थितिसंपादनेच्छया ॥१२०॥**

*અનુવાદઃ ઉપર્યુક્ત સંધ્યગોનો રૂપકમાં સમાવેશ રસનિષ્પત્તિને લક્ષ્યમાં રાખીને જ કરવો જોઈએ. (માત્ર શાસ્ત્રમાં કહ્યું છે માટે તે પ્રમાણે કરવું જ જોઈએ) એવી શાસ્ત્રસ્થિતિના પાલનની ઈચ્છાથી નહિ.*

*વિવરણઃ અહીં વિશ્વનાથ દ્વારા ભારપૂર્વક તેમ સૂચવેલ છે. આ સંધ્યગોની યોજનાનું પ્રયોજન રસની અભિવ્યક્તિ જ છે તેને આધીન રહીને યોજના કરવાની વાત જણાવી છે. કેવળ મર્યાદા પાલન માટે જ તેનો ઉપયોગ ન કરવાની વાત જણાવેલ છે.*

60. **अविरुद्धं तु यद् वृत्तं रसादिव्यक्तयेऽधिकम्।**

**तदप्यन्यथयेद्धीमान्न वदेद्वा कदाचन ॥१२१॥**

*અનુવાદઃ જે કથાવસ્તુ રૂપકના રસને વિરુદ્ધ ન હોય છતાં જો તે રસનિષ્પત્તિને માટે વધારે પડતું હોય તો તેને બુદ્ધિશાળી નાટકકારે અન્ય રીતે પ્રયોજવું અથવા તેને કદી પણ રજૂ ન કરવું અર્થાત્ છોડી દેવું.*

*વિવરણઃ અહીં રસને મુખ્ય સ્થાન આપવામાં આવેલ છે. વૃતાન્ત -કથાનકની દષ્ટિએ વિરોધી ન હોય પણ રસ-ભાવ માટે વધારે-અનાવશ્યક જણાતું હોય તેમાં ફેરફાર કરવો અથવા તેને સ્થાન ન આપવું.*

**11. 3** *કોષ્ટક-1 પાંચ અર્થપ્રકૃતિ અને પાંચ કાર્યવસ્થા સાથે પાંચ સંધિનો સંબંધ*

| **અર્થપ્રકૃતિ** | **કાર્યાવસ્થા** | **સંધિ** |
|---|---|---|
| 1. *બીજ +* | *આરંભ =* | *મુખસંધિ* |
| 2. *બિંદુ +* | *યત્ન =* | *પ્રતિમુખ* |
| 3. *પતાકા +* | *પ્રાપ્ત્યાશા. =* | *ગર્ભ* |
| 4. *પ્રકરી +* | *નિયતાપ્તિ. =* | *અવમર્શ* |
| 5. *કાર્ય +* | *ફલાગમ =* | *નિર્વાણ( ઉપસંહતિ)* |

### 11.4 કોષ્ઠક-2 પાંચ સંધિઓ અને તેમના અંગો

| મુખ સંધિ | પ્રતિમુખ સંધિ | ગર્ભ સંધિ | અવમર્શ સંધિ ,(વિમર્શ સંધિ) | નિર્વહણ સંધિ (ઉપસંહાર સંધિ) |
|---|---|---|---|---|
| 1. ઉપક્ષેપ | વિલાસ | અભૂતાહરણ | અપવાદ | સંધિ |
| 2. પરિકર | પરિસર્પ | માર્ગ | સંફેટ | વિબોધ |
| 3. પરિન્યાસ | વિધૂત | રૂપ | વ્યવસાય | ગ્રથન |
| 4. વિલોભન | શમ | ઉદાહરણ | દ્રવ | નિર્ણય |
| 5. યુક્તિ | નર્મ | ક્રમ | દ્યુતિ | પરિભાષણ |
| 6. પ્રાપ્તિ | નર્મદ્યુતિ | સંગ્રહ | શક્તિ | કૃતિ |
| 7. સમાધાન | પ્રગમન | અનુમાન | પ્રસંગ | પ્રસાદ |
| 8. વિધાન | વિરોધ | પ્રાર્થના | ખેદ | આનંદ |
| 9. પરિભાવના | પર્યુપાસન | ક્ષિપ્તિ | પ્રતિષેધ | સમય |
| 10. ઉદ્ભેદ | પુષ્પ | તોટક | વિરોધન | ઉપગૂહન |
| 11. ભેદ | વજ્ર | અધિબલ | પ્રરોચના | ભાષણ |
| 12. કરણ | ઉપન્યાસ | ઉદ્વેગ | આદાન | પૂર્વવાક્ય |
| 13 | વર્ણસંહાર | વિદ્રવ | છેદન | કાવ્યસંહાર |
| 14 | | | | પ્રશાન્ત |

## 11.2 તમારી પ્રગતિ ચકાસો

**પ્રશ્ન.1 નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. *આમુખ કોને કહેવાય?*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

2. *પ્રસ્તાવના કેટલા પ્રકારો છે? નામ આપો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

3. ઉદ્ઘાત્યક કોને કહેવાય?

4. કથોદ્ઘાત એટલે શું?

5. પ્રયોગાતિશય એટલે શું?

6. પ્રવર્તક એટલે શું?

7. નાટકનું કથાવસ્તુ કેટલા પ્રકારનું છે?

8. અર્થપ્રકૃતિઓ કેટલી છે ? નામ આપો.

9. પ્રાસંગિક કથાવસ્તુ કોને કહેવામાં આવે છે?

10. *કથાવસ્તુ માટે બીજા પર્યાયો કયા કયા છે?*

11. *પતાકા શબ્દની વ્યાખ્યા આપો.*

12. *પ્રકરી શબ્દની વ્યાખ્યા આપો.*

**પ્રશ્ન.2 નીચેના વાક્યો ખરાં છે કે ખોટા તે જણાવો.**

1. *પતાકા તથા પતાકાસ્થાનક બંને ભિન્ન ભિન્ન શબ્દો છે.*
2. *અર્થોપેક્ષકના સાત પ્રકારો છે.*
3. *વિષ્કંભકના પાંચ પ્રકાર પડે છે છે.*
4. *પડદા પાછળ બેઠેલા પાત્રોથી અર્થને સૂચવવામાં આવે છે તેને પ્રરોચના કહેવામાં આવે છે.*
5. *જ્યાં એક જ અંકની અંદર બીજા બધા અંકોની કથા વસ્તુ સૂચવાય છે તેને અંકમુખ કહેવામાં આવે છે.*

**પ્રશ્ન.3 નીચેની કારિકાઓ અનુવાદ સહિત સમજાવો.**

१. यत्स्यादनुचितं वस्तु नायकस्य रसस्य वा।

विरुद्धं तत्परित्याज्यमन्यथा वा प्रकल्पयेत्॥

२. इष्टार्थरचनाश्चर्यलाभो वृत्तान्तविस्तरः ॥

रागप्राप्तिः प्रयोगस्य गोप्यानां गोपनं तथा।

प्रकाशनं प्रकाश[2]ना[1]ङ्गानां षड्विधं फलम्॥

**પ્રશ્ન. 4 નીચેના પર સંક્ષિપ્ત નોંધ લખો.**

- *મુખસંધિ*
- *પ્રતિમુખસંધિ*
- *ગર્ભસંધિ*
- *અવમર્શસંધિ*
- *નિર્વહણસંધિ*

**સંદર્ભ ગ્રંથ**


1. संस्कृत काव्यशास्त्र का इतिहास, महामहोपाध्याय पी.वी.काणे, अनुवादक: डॉ.इंद्रचंद्र शास्त्री, मोतीलाल बनारसी दास, प्रथम संस्करण: १९६६, दिल्ली
2. साहित्यदर्पण: (विमलाख्यया हिंदी व्याख्यया विभूषित:), श्रीविश्वनाथकविराधगुप्तजकृत, श्रीशालग्रामशास्त्री विद्यावाचस्पति, संशोधित संस्करण: 2008, भारती² कला प्रकाशन, दिल्ली
3. अभिनवभारती,अभिनव गुप्त विरचित,संपादक:डॉ.नगेन्द्र, प्रकाशक: हिन्दी विभाग, दिल्ली विश्वविद्यालय, दिल्ली
4. नाट्यशास्त्रम्: भरतमुनि: *,સંપાદકઃ પ્રો.ડૉ.તપસ્વી નાન્દી, પ્રથમ આવૃત્તિ* 1994-95*, પ્રકાશકઃસરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ*
5. नाट्यदर्पण: रामचन्द्र -गुणचन्द्र, *સંપાદકો : ડૉ.જગદીશ જોશી અને અન્ય, પ્રથમ આવૃત્તિઃ* 2007*, પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ*
6. साहित्यदर्पण:, विश्वनाथ–महामहोपाध्याय पी.वी.काणे, चतुर्थ आवृत्ति, प्रकाशक: पाण्डुरंग वमन काणे, मुंबई
7. *સાહિત્યદર્પણ, વિશ્વનાથ, અનુવાદકઃવાસુદેવ હ શાસ્ત્રી, અમદાવાદ*
8. *સાહિત્યદર્પણ, વિશ્વનાથ, શશીકલા ટીકા,ચૌખમ્બા પ્રકાશન,*


---


**લેખક : ડૉ. રાજવી ઓઝા, આસિસ્ટન્ટ પ્રોફેસર**
**સેન્ટ ઝેવિયર્સ કોલેજ (સ્વાયત), અમદાવાદ.**


---

# વિભાગ : 4 સાહિત્યદર્પણ

# એકમ : 12 : વિશાખદત્ત : જીવન, સમય અને કવન

## રૂપરેખા

**12.0 ઉદ્દેશ્ય**

**12.1 પ્રસ્તાવના**

**12.2 વિશાખદત્તનો પરિચય**

**12.3 વિશાખદત્તનો દેશ અને સમય**

**12.4 વિશાખદત્તની વિદ્વત્તા**

**12.6 રચનાઓ**

**12.7 તમારી પ્રગતિ ચકાસો.**

## 12.0 ઉદ્દેશ્ય

*આ એકમનો અભ્યાસ કર્યા પછી, તમે સમર્થ હશો*

- *વિશાખદત્તના જીવન, સમય અને કૃતિઓનો પરિચય મેળવી શકશો.*
- *તમે સંસ્કૃત નાટકોના નામકરણની પદ્ધતિથી પરિચિત થશો.*
- *નિર્ધારિત કૃતિ 'મુદ્રારાક્ષસમ્'નો વિસ્તૃત પરિચય મેળવી શકશો.*
- *તમે જીવન માટે મહત્ત્વપૂર્ણ કૂટનીતિઓ શીખી શકશો.*
- *વિશાખદત્તની વિશેષતાઓ અને લાક્ષણિકતાઓનો પરિચય પ્રાપ્ત કરી શકશો.*
- *આપણે સંસ્કૃત ભાષા અને સાહિત્યનું શાશ્વત અને સાર્વત્રિક મહત્ત્વ જાણશો.*

## 12.1 પ્રસ્તાવના

*મુદ્રારાક્ષસ નાટકના રચયિતા કવિ વિશાખદત્ત છે. આ નાટકમાં સાત અંક છે અને તેનો મુખ્ય રસ વીર છે. આ નાટકની રચનાનો સમયગાળો પાંચમી સદી માનવામાં આવે છે, પરંતુ વિશાખદત્ત કે વિશાખદેવનો સમયગાળો હજુ સુધી ચોક્કસ રીતે નક્કી શક્યો નથી  એમતો તેઓ ભાસ, કાલિદાસ, હર્ષ અને ભવભૂતિના અનુગામી નાટ્યકાર હતા અને અહીં પ્રસ્તુત થયેલ નાટક આશરે છઠ્ઠી અને નવમી સદીના વચ્ચે રચાયેલું છે. સામંત વટેશ્વર દત્તના પૌત્ર અને મહારાજ પૃથુ અથવા ભાસ્કર દત્તના પુત્ર હોવાને કારણે, તેમનો રાજકારણ સાથે સીધો સંબંધ હતો, તેથી, 'મુદ્રારાક્ષસમ્'નું રાજકીય નાટક હોવું એ આકસ્મિક સંયોગ નથી, પરંતુ તે લેખકની રુચિને પણ પ્રતિબિંબિત કરે છે. વિશાખદત્તની બે અન્ય કૃતિઓ - દેવી ચંદ્રગુપ્તમ અને રાઘવાનંદ*

*નાટકમ - નો પણ ઉલ્લેખ છે, પરંતુ તેમની ખ્યાતિનો આધાર 'મુદ્રારાક્ષસ' છે. આ એકમમાં વિશાખદત્તથી પરિચિચ થઈશું.*

## 12.2 વિશાખદત્તનો પરિચય

*વિશાખાદત્ત સંસ્કૃત કવિ અને નાટ્યકાર હતા. તેમના પિતા મહારાજા પૃથુ હતા અને તેમના દાદા વટેશ્વર દત્ત હતા, જેમ કે મુદ્રારાક્ષસ નાટકના પૂર્વગામીના સૂત્રધારના વચનોંથી જાણી શકાય છે, કે –* आज्ञापितोऽस्मि परिषदा यथाद्य त्वया सामन्तवटेश्वरदत्तपौत्रस्य महाराजपदभाक्पृथुसूनोः कवेः विशाखदत्तस्य कृतिः, अभिनवं मुद्राराक्षसःसम् नाम नाटकं नाटयितव्यमिति। *મને પરિષદ દ્વારા આદેશ આપવામાં આવ્યો છે કે આજે તમારે કવિ વિશાખદત્ત દ્વારા લખાયેલ મુદ્રારાક્ષસ નામનું એક નવું નાટક રજૂ કરવું જોઈએ. તેમના પિતાનું અન્ય નામ ભાસ્કરદત્ત હતું અને તેઓ વત્સ દેશના સામંતશાહી રાજા હતા. ધીમે ધીમે તે મહારાજાના સિંહાસન પર બેઠા. ધીમે ધીમે તે મહારાજાના સિંહાસન પર બિરાજમાન થયો. વિશાખદત્ત પોતે રાજકુમાર હોવાથી તેમણે રાજકારણનો સંપૂર્ણ અભ્યાસ કર્યો હતો. આમ સ્વભાવથી અને અભ્યાસથી તેઓ રાજકારણમાં, ખાસ કરીને કૌટાલિયાના અર્થશાસ્ત્રમાં નિપુણ બન્યા. વિશાખદત્ત, જે જન્મથી રાજા અને સ્વભાવે કવિ પણ હતા, તેમણે પોતાના અભ્યાસ મુજબ રાજકારણના પ્રચાર માટે સમર્પિત દ્રશ્ય કાવ્યાત્મક કૃતિઓમાં પોતાની પ્રતિભા ફેલાવી.*

*કવિની પ્રસિદ્ધ કૃતિ મુદ્રારાક્ષસ છે જેને આપણે સંસ્તકૃતમાં 'મુદ્રારાક્ષસમ' કહીએ છીએ. સામાન્ય રીતે સંસ્કૃત નાટકોમાં નાયિકા હોય છે, પરંતુ આ એક એવું નાટક છે જેમાં ન તો નાયિકા છે કે ન તો કોઈ વિદૂષક. આ નાટક વિશુદ્ધ કુટનીતિક ના આધારે રાજકારણ પર લખાયેલું છે. આ એક ઐતિહાસિક પૃષ્ઠભૂમિ પર લખાયેલું નાટક છે. આ નાટકમાં, મહાન કુટનીતિજ્ઞ ચાણક્યની પ્રતિભા અને કાવતરા દ્વારા નંદ વંશનાં વિનાશને દર્શાવવામાં આવ્યો છે. ત્યારબાદ, નંદ વંશના મંત્રી રાક્ષસને વશ કરવા અને તેને ચંદ્રગુપ્તનો મંત્રી બનવા માટે મજબૂર કરવાનું વર્ણન છે.*

## 12.3 વિશાખદત્તનો દેશ અને સમય

*મહાન સંસ્કૃત નાટ્યકાર વિશાખદત્તે કલ્પનાની દુનિયા છોડી વાસ્તવિક ચરિત્ર ચિત્રણની જેમ પાત્રને વર્ણવ્યા છે. કવિ પોતાને "પાટલીપુત્ર"તરીકે પણ જણાવે છે, જે હાલમાં પાટલીપુત્ર ગંગા અને શોણ નદીઓના સંગમની દક્ષિણ બાજુએ આવેલું હતું. તેને કુસુમપુરમ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ કવિનો જન્મ તે જગ્યાએ થયો હતો જ્યાં ભૂતકાળમાં મુદ્રારાક્ષસ નાટકની વાર્તા કહેવામાં આવી હતી. ઘણા વિવેચકો માને છે કે તે 5મી સદીના પહેલા ભાગમાં હતું કારણકે પાંચમી સદીના ઉત્તરાર્ધમાં "વરાહમિહિરા" દ્વારા તેમની પ્રશંસા કરવામાં આવી હતી. પાટલીપુત્ર તેમનું નિવાસસ્થાન અને કાર્યસ્થળ બન્યું.*

## 12.4 વિશાખદત્તની વિદ્વત્તા

*સંસ્કૃત નાટ્ય સાહિત્ય પરંપરામાં મહાન કવિ વિશાખદત્તનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે કારણકે વિશાખદત્તે પ્રેમકથાનો આધાર છોડીને ઈતિહાસ અને કુટનીતિત જીવનનું સંયોજન કરતું નાટક લખે છે. તે કોઈ રાજવંશનો હતો, તેને રાજવંશની વૈભવી સુવિધાઓ તેને સ્વીકાર્ય ન હતી. તેમના ચિત્ત પર કોમળ ભાવનાઓનોં સ્પર્શ પણ નહોતો. મુદ્રારાક્ષસમાં અભ્યાસની સાથે જીવનના અનુભવની રેખા પણ દેખાય છે. વિશાખદત્તને રાજકારણનો, ખાસ કરીને કૌટિલ્ય અર્થશાસ્ત્ર અને શુક્રનીતિ સાથે દર્શન અને જ્યોતિષ વગેરેનો પણ ઊંડો અભ્યાસ હતો. તેમનો દૃષ્ટિકોણ સંપૂર્ણપણે વૈદિક હોવા છતાં, તેઓ બૌદ્ધ અને જૈનો પ્રત્યે ઉદાર હતા. તેમને સાધારણ જીવન પ્રત્યે ખાસ આકર્ષણ હતું, તેથી જ તેઓ મહામાત્યના સાદગી અને સંયમિત જીવનની પ્રશંસા કરે છે-*

**उपलशकलमेतद्भेदकं गोमयानां**

**बटुभिरुपहृतानां बर्हिषां स्तूप (vl. स्तोम ) मेतत्।**

**शरणमपि समिद्भिः शुष्यमाणाभिराभि-**

**र्विनमितपटलान्तं दृश्यते जीर्णकुड्यम्॥ मुद्रा. 3.15**

*એટલે કે, એક બાજુ ગાયના છાણાંને તોડવા માટે વપરાતો પથ્થરનો ટુકડો, બીજી બાજુ બ્રહ્મચારી બટુકો દ્વારા લાવવામાં આવેલ કુશ ઘાસનો ઢગલો, સુકાઈ રહેલા લાકડાના વજનથી નીચે વળેલી છાપરાની ધાર અને જર્જરિત દિવાલોવાળું ઘર જોઈ શકાય છે. નાટ્યકાર સરળ જીવનની પ્રશંસા કરે છે અને જ્ઞાન અને સદ્ગુણોની પૂજા કરે છે. પંડિત બલદેવ ઉપાધ્યાય પણ સ્વીકાર કરે છે કે વિશાખદત્ત રાજકારણના નિષ્ણાત વિદ્વાન હતા. તેમના નાટકમાં કૌટિલ્ય અર્થશાસ્ત્રનો અપાર પ્રભાવ ખાસ કરીને દેખાય છે. રાજકીય નાટકના લેખનમાં તેમના નાટકોને કોઈ શંકા વિના સંપૂર્ણપણે સફળ ગણી શકાય કારણ કે તેમનું બીજું અધૂરું નાટક 'દેવી-ચંદ્રગુપ્તમ્' પણ સંપૂર્ણ રાજકીય અને ઐતિહાસિક વિગતોથી સુશોભિત છે. પાત્ર પસંદગીમાં વિશાખદત્તની કુશળતાથી સમગ્ર નાટ્ય જગત પણ આકર્ષિત છે. તેમના પાત્રોની વિદ્વતા તેમના વિશાળ જીવન અનુભવને ચિત્રિત કરે છે. વિશાખદત્તના નાના પાત્રો પણ શક્તિશાળી છે - વિરુદ્ધક, સિદ્ધાર્થક, નિપુણક અહિતુંડિક વગેરે, ચાણક્ય અને રાક્ષસના જાસૂસો, શકટદાસ અને ચંદનદાસ, બધા પાત્રો નાના હોઈ શકે છે પરંતુ નાટ્યકારના ચિત્રણમાં તેઓએ પણ વિશિષ્ટ રંગ ભરી દીધો છે. નાટકમાં પાત્રોની પસંદગી એ નાટ્ય કૌશલ્યનો પુરાવો છે. નાટ્યકારની પ્રતિભાની તેજસ્વીતા વિષયની રજૂઆતમાં જોવા મળે છે. રસ એ નાટકનું જીવન આપનાર બીજ છે. વિશાખદત્તની વિદ્વતા તેમના 'મુદ્રારાક્ષસમ્'માં પરાકાષ્ઠાએ પહોંચે છે.*

*વિશાખદત્ત, રાજકીય વિદ્વાન હોવા ઉપરાંત, ઉચ્ચ કક્ષાના વિચારક પણ છે. તેમના નાટકની કથાવસ્તુમાં વિચારતત્ત્વ પ્રધાન છે, જેના આધારે વિશાખદત્તની વાર્તાનું સ્વરૂપ તૈયાર થાય છે. જો નાટકની અભિવ્યક્તિ નાટ્યકારના વ્યક્તિત્ત્વની*

*અભિવ્યક્તિ હોય તો એ ચોક્કસ છે કે 'વિશાખદત્ત'નું વ્યક્તિત્ત્વ 'મુદ્રારાક્ષસમ્'માં પ્રતિબિંબિત થાય છે. તેમના ત્રણ સ્વરૂપો છે - રાજકીય, આદર્શવાદી રાષ્ટ્રીય જીવનદ્રષ્ટા અને માનવતામાં મહાન વિશ્વાસ રાખનાર. નાટકમાં, ચાણક્ય રાષ્ટ્રીય રાજકારણનું નેતૃત્વ કરે છે, જે પોતાનું બલિદાન આપવા અને રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવા તૈયાર છે. ચંદ્રગુપ્ત એ રાષ્ટ્રનો શાસક કે સમ્રાટ છે, જે જનતાની પરાધીનતામાં તથા શાસકની સ્વતંત્રતામાં આત્મગૌરવની અનુભુતિ કરાવે છે. રાક્ષસ રાષ્ટ્ર માટે સર્વસ્વ સમર્પિત કરવા માટે તૈયાર છે. નાટકના અન્ય પાત્રો જેમ કે સંદેશવાહક, જાસૂસ, પ્રણિધિ વગેરે બધા કર્તવ્યતની ભાવનાથી ભરેલા દેખાય છે.*

*શ્રદ્ધાના દષ્ટિકોણથી, નાટ્યકાર વૈદિક ધર્મનો અનુયાયી લાગે છે. શિવ, વિષ્ણુ, સૂર્ય અને બૌદ્ધો પ્રત્યેના તેમના ઉદાર વિચારો આ દષ્ટિકોણના સૂચક છે. તેમનો ઉદ્દેશ્ય કોઈના પર પોતાની ધાર્મિક માન્યતાઓ લાદવાનો નહોતો, પરંતુ તેમણે હંમેશા એ વાતનું ધ્યાન રાખ્યું કે કોઈને દુઃખ ન પહોંચે. અહીં તાત્પર્ય એ છે કે ઉદાર દષ્ટિકોણ સાથે હિન્દુ ધર્મમાં શ્રદ્ધા હોવા છતાં, તેમને અન્ય ધર્મોમાં શ્રદ્ધા હતી. ફક્ત ચોથા અંકમાં, ક્ષપણક 'જીવસિદ્ધિ'ના આગમનને અશુભ શુકન માને છે. જેના પરથી સ્પષ્ટ થાય છે કે તેમને જ્યોતિષ જ્ઞાનમાં ઊંડી શ્રદ્ધા હતી.*

*વિશાખદત્તના આચરણ, વિચારો, આધ્યાત્મિક સંયમ, ધાર્મિક શ્રદ્ધા, સાંસારિક આચરણમાં એવો સમન્વય જોવા મળે છે કે વાચક અને પાત્ર બંને માટે સહાનુભૂતિનો માર્ગ આપમેળે ખુલી જાય છે. સારાંશ એ છે કે વિશાખદત્તનું વ્યક્તિત્ત્વ રાજકીય પૃષ્ઠભૂમિ પર જિજ્ઞાસા, સમન્વય અને બૌદ્ધિક વિવેકબુદ્ધિનો મુદ્દો છે. જ્યાં પણ રાજકારણ હોય છે, તેમનું કુટનિતિક વિશ્લેષણ ઉભરી આવે છે અને જ્યાં તેમની કલાત્મક દ્રષ્ટિ હોય છે, ત્યાં તેમનો નાટ્યકાર તેમને તેમની મૂંઝવણમાંથી બહાર કાઢે છે અને તેમને આસ્તિક અને શ્રદ્ધાલુ બનાવે છે અને તેમને સંપૂર્ણપણે પરિવર્તિત વ્યક્તિત્ત્વમાં રજૂ કરે છે. તેથી, આપણે કહી શકીએ કે વિશાખદત્તનું વ્યક્તિત્ત્વ હંમેશા વિકલ્પમાંથી સંકલ્પ તરફ અને તર્કમાંથી શ્રદ્ધામાં સ્થિર બનવા તરફ ઉભરે છે.*

*નાટ્ય કલાના સૂક્ષ્મ તત્ત્વોના જ્ઞાનની સાથે, વિશાખદત્તને અન્ય શાસ્ત્રોનું પણ ઊંડું જ્ઞાન હતું. મુદ્રારાક્ષસ એ સાત અંકોમાં બનેલું નાટક છે, જેનો પ્રમુખ રસ વીર છે. વાર્તા ભલે ગમે ત્યાંથી લેવામાં આવી હોય, પરંતુ તેની રચના અને અમલીકરણ તેમનું પોતાનું છે. તેમની દ્રષ્ટિ વિચારના ઊંડાણથી શણગારેલી છે. વિશાખદત્ત જાણે છે કે નાટ્યકારની ગંભીર જવાબદારી નિભાવવી કેટલી મુશ્કેલ છે. તેમણે ફક્ત નાટ્યશાસ્ત્રનો અભ્યાસ જ નથી કર્યો, પરંતુ તે એમને વ્યવહારુ કૌશલ્ય પણ શીખવ્યું છે. તે રૂપકના વિવિધ ભાગોને પૂર્ણ કરવામાં આવતી મુશ્કેલીને પણ સારી રીતે સમજે છે. તેઓ કહે છે -*

**कार्योपक्षेपमादौ तनुमपि रचयंस्तस्य विस्तारमिच्छन्**

**बीजानां गर्भितानां फलमतिगहनं गूढमुद्भेदयंश्च।**

**कुर्वन् बुद्ध्या विमर्शं प्रसृतमपि पुनः संहरन्कार्य जातं,**

**कर्त्ता वा नाटकानामिममनुभवति क्लेशमस्मद्विधो वा॥ मुद्रा. 4.3**

*વિશાખદત્ત જેવા કુશળ નાટ્યકાર જ આ મુશ્કેલી સમજી શકે છે. વિશાખદત્ત કૌટિલ્યના અર્થશાસ્ત્ર, શુક્રનીતિ અને અન્ય નૈતિક ગ્રંથોમાં વર્ણવેલ રાજકીય વિજ્ઞાનથી સંપૂર્ણપણે પરિચિત હતા. પોતાના દૃષ્ટિકોણથી, લેખકે મુદ્રારાક્ષસમાં અર્થશાસ્ત્રના વિચારોનો સમાવેશ કર્યો છે. નાટ્યકારે તેમના કાર્યમાં અર્થશાસ્ત્રના પારિભાષિક શબ્દોનો પણ વ્યાપક ઉપયોગ કર્યો છે.*

*જેમ કે - દ્રવ્ય, અદ્રવ્ય, કૃત્ય, વાચિક, ષડગુણ્ય, ઉપાય, ઉપજાપ, વાહ્યકોશ અને અંતકોષ વગેરે. ત્રીજા અંકમાં ત્રણ પ્રકારની શાસન પ્રણાલીઓ વિશે પણ ચર્ચા છે – રાજાયત્ત, સચિવાયત્ત અને ઉભયાયત્ત. આ શ્લોકમાં અમાત્યોના ગુણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે-*

**अप्राज्ञेन च कातरेण च गुणः स्याद् भक्तियुक्तेन कः**

**प्रज्ञाविक्रमशालिनोऽपि हि भवेत् किं भक्तिहीनात् फलम्।**

**प्रज्ञाविक्रमभक्तयः समुदिता येषां गुणा भूतये**

**ते भृत्या नृपतेः कुलत्रमितरे सम्पत्सु चापत्सु च॥ मुद्रा. 1.15**

*નાટ્યકારને સમકાલીન ધર્મોનું પણ વ્યાપક જ્ઞાન છે. ક્ષપણક દ્વારા બોલાયેલા નીચેના શ્લોકોમાં બૌદ્ધ ધર્મના સિદ્ધાંતો પ્રતિબિંબિત થાય છે.-*

**अर्हतां प्रणमामो ये ते गम्भीरतया बुद्धेः।**

**लोकोत्तरैर्लोके सिद्धिं मार्गे मार्गयन्ति [ क. १.गच्छन्ति ] ॥ मुद्रा. 5.2**

**शासनमर्हतां प्रतिपद्यध्वं मोहव्याधिवैद्यानाम्।**

**ये प्रथम [ क्द्य. मुहूर्त ] मात्रकटुकं पश्चात् पथ्यमुपदिशन्ति ॥ मुद्रा.. 4.18**

*વિશાખદત્તમાં આ ખાસ ગુણ છે કે તેમની પ્રતિભા શાસ્ત્રીય જ્ઞાનમાં કુણ્ઠિત નથી, અને તેઓ વ્યાવહારિક ચાતુર્યથી પણ પરિપુર્ણ છે. વાસ્તવમાં, જ્ઞાનની કદર ત્યારે જ થાય છે જ્યારે તે લોક-રંજનના નિયામક બને છે. લોકોજ આપણા જીવનનો મહાસાગર છે. શાસ્ત્રો લોકોમાંથી બને છે, લોકો શાસ્ત્રોમાંથી નહીં. વિશાખદત્ત જ્ઞાનનો વિશાળ ભંડાર છે. વિદ્વાનોએ તેમના નીચેના શ્લોકને તેમની વિદ્વતાની કસોટી તરીકે ગણ્યા છે.-*

साध्ये निश्चितमन्वयेन घटितं बिभ्रत् सपक्षे स्थितिं

व्यावृत्तञ्च विपक्षतो भवति यत् तत् साधनं सिद्धये।

यत् साध्यं स्वयमेव, तुल्यमुभयोः, पक्षे विरुद्धञ्च यत्

तस्याङ्गीकरणेन वादिन इव स्यात् स्वामिनो निग्रहः॥ *मुद्रा.* 5.10

એટલે કે, ન્યાયની વાદ પ્રણાલીમાં, વાદી હંમેશા એવો હેતુનું ચયન કરે છે જે ચોક્કસપણે સાધ્ય સાથે હોય છે, એટલે કે જેની સાધ્ય સાથે નિશ્ચિત વ્યાપ્તિનો સંબંધ હોય છે. જેમ કે ધુમાડાનો અને અગ્નિ સાથે સંબંધ. ઉપરાંત, હેતુ એવું હોવું જોઈએ જે સપક્ષમાં રહેતું હોય અને વિરક્ષમાં ન હોય. જ્યારે આવું થાય છે ત્યારે જ કોઈ સાધન અનુમિતિ કરાવવામાં સફળ થઈ શકે છે. પરંતુ એવો સાધન જે સપક્ષ અને વિપક્ષ બંનેમાં રહેતો હોય અને પક્ષમાં પણ વિરુદ્ધ પડે છે તેવા આશ્રય લેવા વાળા વાદીનો નિગ્રહસ્થાન ( पराजयहेतुः निग्रहस्थानम् – तर्कभाषा, पदा.सं.16 - જ્યારે કોઈ તર્ક અથવા વાદ-વિવાદમાં, કોઈ વ્યક્તિ પોતાના તર્કને ખોટી રીતે સમજે છે અથવા સામે પક્ષના તર્કને ખોટો સાબિત કરવામાં અસમર્થ હોય છે, ત્યારે તેને નિગ્રહસ્થાન કહેવામાં આવે છે. આનો અર્થ એ થાય કે વ્યક્તિ વાદ-વિવાદમાં હારી જાય છે.) કરાવી દે છે. એવી જ રીતે અમાત્યને પણ સ્વામી માટે એવી સેનાનો (સાધન) ચયન કરવો જોઈએ જે સાધ્ય (વિજય)ને પ્રાપ્ત કરાવવા માટે નિશ્ચિત રૂપે સમર્થ હોય. જે મિત્રો સાથે મળેલી હોય અને શત્રુઓના વિરોધમાં હોય. મિત્રો અને શત્રુઓ સાથે સમાન વ્યવહાર કરવાવાળી પક્ષ (સ્વામી)ના પ્રતિ વિરોધમાં રહેવાવાળી સેનાના આશ્રય લેવાથી સ્વયં સ્વામીની પરાજય થવાની નિશ્ચિત છે. ન્યાય દર્શનના આ પ્રયોગ દ્વારા વિવેચકોનો આખો વર્ગ વિશાખદત્તના જ્ઞાનના ભંડારથી આશ્ચર્યચકિત થઈ જાય છે.

આમ આપણે જોઈએ છીએ કે વિશાખદત્તનું વ્યક્તિત્ત્વ અનેક પ્રતિભાઓથી પરિપૂર્ણ છે. તેમના દર્શનશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર, વ્યાકરણ અને જ્યોતિષશાસ્ત્રમાં અવિરત ગતિ છે. સાહિત્ય તેમનો વિષય છે અને તેની સાથે તેઓ રાજધર્મનું વિશ્લેષણ પણ કરતા રહે છે. વિશાખદત્ત તેમના યુગના એક મહાન વ્યક્તિત્ત્વ છે જેમની વિદ્વતા તેમના પદ-પ્રયોગ જીવનનાં અનુભવોમાં પણ પરિલક્ષિત થાય છે.

## 12.6 રચનાઓ

વિશાખાદત્તે ચાર રૂપકો રચ્યા હતા – રાઘવાનંદ નાટક, અભિસારિકાવંચિતકમ્, દેવીચંદ્રગુપ્તમ્ અને મુદ્રારાક્ષસ.

રાઘવાનંદ, આ નાટક રામાયણ પર આધારિત હતું. જે હવે ઉપલબ્ધ થતું નથી. દશરૂપકના ભાષ્યમાં, બહુરૂપમિશ્રે તેમાંથી એક શ્લોક ટાંક્યો છે અને ભોજે તેમાંથી બે શ્લોકો ટાંક્યા છે. તેમની સાથે, રચનાનું નામ (રાઘવાનંદ) જણાવવામાં આવ્યું છે પરંતુ લેખકનું નામ આપવામાં આવ્યું નથી. પરંતુ આમાંથી, ભોજે ટાંકેલા એક શ્લોકને શ્રીધરે સદુક્તિકર્ણામૃતમાં વિશાખદત્ત દ્વારા લખાયેલો હોવાનું કહ્યું છે, જેના પરથી અનુમાન લગાવી શકાય છે કે રાઘવાનંદ નાટક વિશાખદત્ત દ્વારા લખાયું હતું.

અભિસારિકાવંચિતકમ્ - વિશાખાદત્ત દ્વારા લખાયેલ આ રૂપક પણ હવે ઉપલબ્ધ થતું નથી. આ નાટક ઉદયન અને વાસવદત્તાની વાર્તા પર આધાર રાખીને લખાયું હતું. આમાં, અભિસારિકા પદ્માવતી છે અને સ્વપ્નવાસવદત્તમ્ જ્યાં સમાપ્ત થાય છે તેની આગળની ઘટનાઓ તેમાં દર્શાવવામાં આવી છે. આ કૃતિમાં વિશાખદત્તે કદાચ તેમની બે સહપત્નીઓ વાસવદત્તા અને પદ્માવતી વચ્ચેની ઈર્ષ્યાનું ચિત્રણ કર્યું હશે.

ઉદયનનું મન પણ પદ્માવતીથી દૂર થઈ ગયું હતું. દરમિયાન, વાસદત્તના પુત્રની હત્યાના સમાચાર ફેલાય છે અને પદ્માવતી પર હત્યાનો આરોપ મૂકવામાં આવે છે. પદ્માવતી વિંધ્યના જંગલોમાં શબરી તરીકે રહેવા લાગે છે અને ત્યાં ઉદયન તેના પ્રેમમાં પડે છે. આખરે પદ્માવતીના પતિની શંકા દૂર થાય છે. ભોજે આ નાટકમાંથી પદ્યો ટાંક્યા છે અને અભિનવગુપ્તે તેનો ઉલ્લેખ કર્યો છે. એવું માની શકાય છે કે અભિસારિકાવંચિતકમ્ એક ઉત્તમ નાટક હતું જે પ્રેમ અને રાજકીય ષડયંત્રના તાણાવાણામાં વણાયેલી રોમાંચક ઘટનાઓથી ભરેલું હતું.

દેવીચંદ્રગુપ્તમ્ - દેવીચંદ્રગુપ્તમ્ પણ અનુપલબ્ધ છે. આ કૃતિ વિશાખદત્ત દ્વારા લખાયેલી છે તેમાં કોઈ શંકા નથી અને તેના ઘણા અવતરણો નાટ્યશાસ્ત્રીય અને કાવ્યશાસ્ત્રીય પરના પ્રાચીન ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે. અભિનવગુપ્ત, ભોજ, રામચંદ્ર-ગુણચંદ્ર, સાગરનંદી, રાજશેખર વગેરે જેવા આચાર્યોએ આ નાટકના શ્લોકો ટાંક્યા છે અને તેના વિવિધ સંદર્ભોની ચર્ચા અને વિશ્લેષણ કર્યું છે. રાજા રામગુપ્તની પત્ની ધ્રુવદેવી આ નાટકની નાયિકા છે. નાયક તેનો દેર ચંદ્રગુપ્ત છે. અન્ય નાયિકા ગણિકા માધવસેના છે. શકરાજે રામગુપ્ત પર હુમલો કર્યો છે. અને સંધિના બદલામાં, તે તેની રાણી ધ્રુવદેવીને સોંપવાની માંગ કરે છે. કાયર રામગુપ્ત તેની માંગણી સ્વીકારે છે. પોતાની ભાભીની લાજ બચાવવા માટે, ચંદ્રગુપ્ત સ્ત્રીનો વેશ ધારણ કરી પાલખીમાં તેની જગ્યાએ જાય છે અને શકરાજને મારી નાખે છે. તે શકરાજના છાવણીમાંથી પણ ભાગી જાય છે. પણ રામગુપ્ત તેના નાના ભાઈ પર શંકા કરવા લાગે છે. પોતાની વિરુદ્ધ કાવતરું ઘડાઈ રહ્યું છે તે જાણીને, ચંદ્રગુપ્ત પાગલ હોવાનું નાટક કરે છે. આખરે નાટકનો અંત રામગુપ્તના વધ, ચંદ્રગુપ્તના રાજ્યાભિષેક અને ધ્રુવદેવી સાથેના તેમના લગ્ન સાથે થાય છે.

દેવીચંદ્રગુપ્તમ્ પ્રકરણ કોટીનું રૂપક હતું. તેમાં ઓછામાં ઓછા છ અંકો હશે, જોકે વિવિધ ગ્રંથોમાં મળેલા અવતરણો ફક્ત અંક એકથી પાંચ સુધીનાજ છે. રાજકીય ષડયંત્ર, યથાર્થ ચિત્રણ, ઘટનાઓનો કુશળ અન્વિતિ, સંવાદોની પ્રભાવશીલતા અને નાટકીય વસ્તુવિન્યાસની વિશિષ્ટતાને કારણે તે એક મહાન નાટક હતું તેમાં કોઈ શંકા નથી.

મુદ્રારાક્ષસ - વાર્તા રચનાની દ્રષ્ટિએ મુદ્રારાક્ષસ સંસ્કૃત નાટ્ય સાહિત્યમાં આ એક અનોખી રચના છે. અહીં ઘટનાઓની પરસ્પર સુસંગતતા, તેમનો ક્રમ અને તેમના તાર્કિક પરિણામો પર સંપૂર્ણ ધ્યાન આપવામાં આવ્યું છે. નાટ્યશાસ્ત્રના નિષ્ણાતો દ્વારા નિર્ધારિત 'ગોપુચ્છવત્' પદ્ધતિ અનુસાર કથાવસ્તુ વિન્યાસના ક્ષેત્રમાં વિશાખદત્તે ખૂબ જ નિપુણતા દર્શાવી છે. તેમણે મુદ્રા રાક્ષસના પડદા પર ઘટનાઓનું વિશાળ જાળ પાથર્યું છે અને એક પણ દોરામાં ફસાવ્યા વિના કુશળતાપૂર્વક તેમને અંતે સમેટી લીધા છે.

આચાર્ય ધનિકે મુદ્રારાક્ષસની વાર્તાને પ્રખ્યાત શ્રેણીમાં મૂકી છે અને કહ્યું છે કે બૃહત્કથા તેનો મૂળ સ્રોત છે. વાર્તાના વિકાસમાં, વિશાખદત્તે પંચસંધિ, પંચવસ્થા અને અર્ધપ્રકૃતિની ગોઠવણીનું સંપૂર્ણ ધ્યાન રાખ્યું છે. ચાણક્ય રાક્ષસને શરણાગતિ

*અપાવવા માટે ખૂબ જ કાળજીપૂર્વક યોજના બનાવે છે. જેમાં આરંભ, યત્ન, પ્રાપ્ત્યાશા, નિયતાપ્તિ અને ફલાગમ આ પાંચ અવસ્થાઓ સ્વતઃ ચરિતાર્થ થાય છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રનો તેના પર ખાસ પ્રભાવ છે. એવું લાગે છે કે રાજવંશ સાથેના તેમના સંબંધને કારણે, તેમણે વિશાખદત્તના અર્થશાસ્ત્રનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો હતો અને તેમને રાજકારણનું પ્રત્યક્ષ અને વ્યવહારુ જ્ઞાન પણ હતું. અર્થશાસ્ત્ર અને વ્યવહારિક રાજકારણના જ્ઞાનને કારણે, વિશાખદત્ત તેમના નાટકમાં દુશ્મન છાવણીમાં વિભાજન, શતગુણ્ય, ઝેરનો ઉપયોગ અને દુશ્મનના વિનાશની વિવિધ પદ્ધતિઓ, ચર વ્યવસ્થા, આચારસંહિતા વગેરેના ખ્યાલો રજૂ કરી શક્યા.*

## 12.7 તમારી પ્રગતિ ચકાસો.

1. *વિશાખદત્તના જીવન, સમય અને કૃતિઓનો પરિચય જણાવો.*

2. *નાટ્યકાર તરીકે વિશાખાદત્તનું વૈશિષ્ટ્ય વર્ણવો.*

3. *વિશાખાદત્તની કૃતિઓનું પરિચય કરાવો.*

4. *વિશાખાદત્તની વિદ્વત્તાનું સપ્રસંગ પ્રમાણો જણાવો.*

5. *ન્યાયશાસ્ત્રમાં કવિની વિદ્વત્તા વિશે ઉદાહરણ સાથે જણાવો.*

**લેખક : ડૉ. આનંદ પંડયા પંડ્યા, આસિસ્ટન્ટ પ્રોફેસર,**
**એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત.**

# એકમ : 13 : મુદ્રારાક્ષસ : સામાન્ય પરિચય

## રૂપરેખા


13.1 ઉદ્દેશ્ય

13.2 પ્રસ્તાવના

13.3 મુદ્રારાક્ષસનું નામકરણ

13.4 મુદ્રારાક્ષસની રચના પ્રક્રિયા

13.5 મુદ્રારાક્ષસમાં ચરિત્રચિત્રણ કલાનું વૈશિષ્ટ્ય

13.6 પહેલા અંકની સંક્ષેપ કથાવસ્તુ

13.7 બીજા અંકની સંક્ષેપ કથાવસ્તુ

13.8 ત્રીજા અંકની સંક્ષેપ કથાવસ્તુ

13.9 ચોથા અંકની સંક્ષેપ કથાવસ્તુ

13.10 પાંચમા અંકની સંક્ષેપ કથાવસ્તુ

13.11 છઠ્ઠા અંકની સંક્ષેપ કથાવસ્તુ

13.12 સાતમા અંકની સંક્ષેપ કથાવસ્તુ

13.13 તમારી પ્રગતિ ચકાસો.


## 13.1 ઉદ્દેશ્ય

*આ એકમનો અભ્યાસ કર્યા પછી, તમે સમર્થ હશો*

- *મુદ્રારાક્ષ નાટકની વાર્તાની સાથે, તમને રાજશાસ્ત્રનો પરિચય પણ મળશે.*
- *તમે સંસ્કૃત નાટકોના નામકરણની પદ્ધતિથી પરિચિત થશો.*
- *આપણે વીર રસ પ્રધાન નાટક વિશે જાણીશું.*
- *તમે જીવન માટે મહત્ત્વપૂર્ણ કૂટનીતિઓ શીખી શકશો.*
- *આપણે જીવનમાં શું કરવું અને શું ન કરવું તે શીખીશું.*
- *મુદ્રારાક્ષસમાં ચરિત્રચિત્રણ સાથે કલાનું વૈશિષ્ટ્ય જાણીશું.*
- *સંસ્કૃત ભાષા અને સાહિત્યનું શાશ્વત અને સાર્વત્રિક મહત્ત્વ જાણીશું.*

## 13.2 પ્રસ્તાવના

*સંસ્કૃત ભાષાના નાટ્યકાર વિશાખદત્તે 'મુદ્રારાક્ષસ' નામનું રાજકીય ખટપટો વર્ણવતું નાટક લખ્યું છે. પિતામહ વટેશ્વરદત્ત સામંત હતા, જ્યારે પિતા મહારાજ ભાસ્કરદત્ત સ્વતંત્ર રાજા હતા. તેઓ ઉત્તર ભારતના રહેવાસી હતા, કારણ કે તેમના નાટકમાં પાટલીપુત્રનું જે ભવ્ય વર્ણન તેમણે કર્યું છે તે શહેરનો તેમનો ગાઢ પરિચય સિદ્ધ કરે છે.*

*એમના નાટકમાં તેમણે નાન્દીશ્લોકમાં ભગવાન શિવની સ્તુતિ કરી હોવાથી તેઓ શૈવ સંપ્રદાયના હતા એમ વિદ્વાનો માને છે, આમ છતાં વિશાખદત્તે બૌદ્ધ ધર્મ કે અન્ય ધર્મ વિશે કશી નિંદા કરી નથી. એટલે તેઓ ધર્મની બાબતમાં સહિષ્ણુ હતા.*

*વલ્લભદેવની 'સુભાષિતાવલિ'માં વિશાખદત્તે રચેલા કેટલાક શ્લોકો આપવામાં આવ્યા છે, પરંતુ તે શ્લોકો 'મુદ્રારાક્ષસ'માં જોવા મળતા નથી. પરિણામે તેમણે 'મુદ્રારાક્ષસ' ઉપરાંત બીજી કોઈ રચના કરી હોવાનું વિદ્વાનો માને છે જે આપણે આની પહેલાના એકમમાં જાણી ચુક્યા છિએ. હવે વિશાખદત્તની પ્રસિદ્ધ કૃતિ મુદ્રારાક્ષસ વિશે પરિચય મેળવીશું.*

## 13.3 મુદ્રારાક્ષસનું નામકરણ

*સંસ્કૃત સાહિત્યમાં, કાવ્યનું નામ સામાન્ય રીતે નાયક અથવા નાયિકાના નામ પરથી અથવા વાર્તામાં કોઈ મહત્ત્વપૂર્ણ ઘટનાના આધારે રાખવામાં આવે છે. આ નાટકના એક મહત્ત્વપૂર્ણ ઘટનાના આધારે મુદ્રારાક્ષસનું નામકરણ પણ કરવામાં આવ્યું છે અને તે ઘટના છે 'મુદ્રા દ્વારા રાક્ષસને વશ કરવાની ઘટના'. ચાણક્ય રાક્ષસને તેની કુટનીતિથી જાળમાં ફસાવે છે અને તેને ચંદ્રગુપ્તનો મંત્રી બનવા વિવશ કરે છે.*

*મુદ્રારાક્ષસ નાટકમાં, રાક્ષસની મુદ્રા (અંગુઠી) ની ખાસ ભૂમિકા છે. આ મુદ્રાને કારણે, ચાણક્ય રાક્ષસને કાબૂમાં કરી શકે છે. શરૂઆતથી અંત સુધી, આ વીંટીનું એક ખાસ મહત્ત્વ રહ્યું છે. ચાણક્ય શકટદાસને પત્ર લખવાનું કહે છે, જ્યારે શકટદાસ ચાણક્યના રાજકારણથી અજાણ છે. ચાણક્ય તે કપટપત્ર પર રાક્ષસની અંગુઠીથી ચિન્હ અંકિત કરે છે અને આ ચિહ્નથી ખાતરી થઈ જાય છે કે આ પત્ર રાક્ષસનો છે. આ પત્રને કારણે રાક્ષસ અને મલયકેતુ વચ્ચે કલહ સર્જાય છે અને મલયકેતુ રાક્ષસથી અલગ થઈ જાય છે. ચાણક્ય રાક્ષસને કાબૂમાં રાખવામાં સફળ રહ્યા કારણ કે એ કપટપત્ર પર રાક્ષસની આજ મુદ્રા અંકિત કરેલી હતી. આ મુદ્રાના આધારે રાક્ષસ પર વિજય મેળવ્યો હતો, તેથી આ નાટકનું નામ 'મુદ્રારાક્ષસમ્' (*'मुद्रया गृहीत: राक्षस:स: यस्मिन् तत् मुद्राराक्षस:सं नाम नाटकम्'/ मुद्रया गृहितं राक्षस:समधिकृत्य कृतो ग्रन्थ: मुद्राराक्षस:सम्) *રાખવામાં આવ્યું છે. પોતાની જ ચલણનો ઉપયોગ પોતાની વિરુદ્ધ થતો જોઈને, રાક્ષસ લાચાર બની જાય છે અને પોતાની હાર સ્વીકારે છે. આ સંપૂર્ણ કથાવસ્તુને સાત અંકોમાં વિભાજિત કરવામાં આવેલ છે તેના નામોં અને તેમા પ્રાપ્ત થતા મુખ્ય વિષય નિમ્નલિખિત પ્રાપ્ત થાય છે.*

| અંક | નામ | મુખ્ય વિષય |
|---|---|---|
| 1. | મુદ્રાપ્રાપ્તિ/ મુદ્રાલાભ | રાક્ષસ વિરુદ્ધ ચાણક્યની યોજના અને કાવતરું શરૂ થાય છે. |
| 2. | ભૂષણવિક્રય/ રાક્ષસ વિચાર | ચંદ્રગુપ્ત અને ચાણક્ય વચ્ચેનો સંવાદ અને રાક્ષસની પરિસ્થિતિ. |
| 3. | કૃતકકલહ | કૂટનીતિ અને કપટનો વિસ્તરણ. |
| 4. | પ્રલોભન/ રાક્ષસોદ્યોગ | રાક્ષસને ફસાવવાની યોજના અને સંદેશવાહકોની ભૂમિકા. |
| 5. | કૂટલેખ | માલવિકા અને અન્ય પાત્રોની ભૂમિકાને કારણે વાર્તામાં વળાંક આવે છે. |
| 6. | કપટપાશ | રાક્ષસની માનસિક સ્થિતિ અને ચાણક્યની કૂટનીતિ શક્તિનો પ્રભાવ. |
| 7. | સંગ્રહણ | રાક્ષસનું આત્મસમર્પણ અને ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક. |

વિશાખદત્ત સંસ્કૃત સાહિત્યમાં મુદ્રારાક્ષસ નાટકને કારણે પ્રખ્યાત છે. મુદ્રારક્ષક નાટકની પ્રસ્તાવનામાં, તેના નાટ્યકારનું નામ વિશાખદત્ત તરીકે જોવા મળે છે. વિશાખદેવ લખાણ કેટલીક હસ્તપ્રતોમાં પણ જોવા મળે છે. આનીજ ભૂમિકામાં ઉલ્લેખ છે કે વિશાખદત્ત સામંત વટેશ્વરદત્તના પૌત્ર અને મહારાજા ભાસ્કરદત્તના પુત્ર હતા. કેટલીક હસ્તપ્રતોમાં, ભાસ્કરદત્તની જગ્યાએ 'પૃથુ' લખાણ પણ જોવા મળે છે. શક્ય છે કે મહારાજા પૃથુનું ઉપનામ ભાસ્કરદત્ત હોય. પરંતુ સામંતશાહી વટેશ્વરદત્ત અને મહારાજા પૃથુ અથવા ભાસ્કરદત્ત ક્યારે અને ક્યાં રહેતા હતા તે જાણી શકાયું નથી. વિશાખદત્તનું સ્થળ અને સમય નક્કી કરવા માટે નીચેના તથ્યો ધ્યાનમાં લેવા યોગ્ય છે -

(1) દેવીચંદ્રગુપ્ત પ્રકરણની વાર્તામાં, ગુપ્ત રાજા અને તેનો નાનો ભાઈ ચંદ્રગુપ્ત - આ ઐતિહાસિક પાત્રો છે. ચંદ્રગુપ્ત તેના મોટા ભાઈ પછી રાજા બન્યો અને વિક્રમાદિત્યનું બિરુદ ધારણ કર્યું. તેમનો સમય ઈ.સ. 375 થી 413સુધીનો છે. તેથી, ચોથી સદીના ઉત્તરાર્ધને વિશાખદત્ત માટે પ્રારંભિક મર્યાદા ગણવી જોઈએ.

(2) મુદ્રારાક્ષસના ભરત વાક્યમાં, પૃથ્વીને મ્લેચ્છો દ્વારા પીડાતી હોવાનું વર્ણવવામાં આવ્યું છે. આ પરિસ્થિતિ ગુપ્તકાળ દરમિયાન શક રાજા દ્વારા ઉત્તરીય સરહદેથી ભારત પર આક્રમણનો સંકેત આપે છે. ભરતવાક્યની છેલ્લી પંક્તિમાં જ કહ્યું છે - "રાજા ચંદ્રગુપ્ત શક રાજાને હરાવીને ગાદી પર બેઠા છે. આ વંશના આધારે, ઘણા વિદ્વાનો વિશાખદત્તને ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યના સમકાલીન માનવાના પક્ષમાં છે."

(3) ઉપરોક્ત દૃષ્ટિકોણને સમર્થન આપતા, વિટરનિત્સએ કહ્યું છે કે રચના અને શૈલીની દ્રષ્ટિએ, વિશાખાદત્તનું નાટક ભાસના ચારુદત્ત અને પ્રતિજ્ઞાયૌગંધરાયણ અને શૂદ્રકના મૃચ્છકટિક અને તંત્રાખ્યાયિકાની (પંચતંત્ર તરીકે ઓળખાય છે) નજીક છે.

(4) ડૉ. રામજી ઉપાધ્યાયના મતે, ઐતિહાસિક પાત્રો ઉપરાંત, વિશાખદત્તે જે કાલ્પનિક પાત્રોને પણ નામ આપ્યા છે, જેમની નામકરણ પદ્ધતિ ચોથી સદીની આસપાસ પ્રચલિત પ્રણાલી અનુસાર છે. ઉદાહરણ તરીકે, બ્રાહ્મણોના નામમાં શર્મા, ક્ષત્રિયોના નામમાં સેન અને વૈશ્ય અને શુદ્રોના નામમાં દાસ ઉમેરવા.

(5) વિશાખદત્તના મનમાં સમગ્ર ભારતીય રાષ્ટ્રની છબી છે તે ગુપ્તકાળ દરમિયાન અથવા તેની આસપાસ રચાયેલા પુરાણોમાં વર્ણવેલ ભૂગોળ સાથે મેળ ખાય છે. આ છબી હિમાલયથી દક્ષિણ મહાસાગર સુધી ફેલાયેલા મહાદેશ સ્વરૂપે છે. ભરત વાક્યમાં જે રાજા માટે શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે તે આ આખા દેશનો શાસક છે.

જોકે ભારતવાક્યમાં, 'પાર્થિવધન્દ્રગુપ્ત' ને બદલે, આ ત્રણ ગ્રંથો 'પાર્થિવો રન્તિવર્મા', પાર્થિવો દંતિવર્મા' અને 'પાર્થિવોડવંતિવર્મા' પણ કેટલીક હસ્તપ્રતોમાં જોવા મળે છે. પરંતુ આમાંથી દંતિવર્મા નામનો કોઈ રાજા ઇતિહાસમાં જાણીતો નથી, તેથી પહેલું વાંચન અસ્વીકાર્ય છે. પલ્લવ રાજા દંતિવર્મન (720 એ.ડી.) એ અસેતુ હિમાચલ પ્રદેશ પર શાસન કર્યું હતું તે હકીકત લાગુ પડતી નથી. ત્રીજા ગ્રંથના આધારે, કેટલાક વિદ્વાનો વિશાખદત્તને મૌખરિન રાજા અવંતિવર્મા (544-63) ના સમકાલીન માનવાના પક્ષમાં છે. અવંતિવર્માએ હુણોને હરાવ્યા હતા, તેથી આ વિદ્વાનોનો મત છે કે તે જ રાજા છે જેમણે ભરત વાક્યમાં વર્ણવેલ મ્લેચ્છ દ્વારા દબાયેલી પૃથ્વીને મુક્ત કરી હતી.

(6) મુદ્રારાક્ષસની પ્રસ્તાવનામાં, સૂત્રધાર અને નટી વચ્ચેના સંવાદમાં ચંદ્રગ્રહણનો ઉલ્લેખ છે. યાકોબીએ આ ચંદ્રગ્રહણનો સમયગાળો નવમી સદી ગણાવ્યો છે. પરંતુ વિશાખદત્ત અહીં ખરેખર ચંદ્રગ્રહણનો ઉલ્લેખ કરી રહ્યા છે. તેથી યાકોબીનું કથન પ્રામાણિક નથી. વધુમાં, જો ખગોળશાસ્ત્રની દ્રષ્ટિએ, આને ચંદ્રગ્રહણનો સંકેત માનવામાં આવે છે, તો પણ વરાહમિહિર (લગભગ 490 એ.ડી.) બુધયોગ દ્વારા ચંદ્રગ્રહણ નિવારણનો વિરોધ કરે છે. આવી સ્થિતિમાં વિશાખદત્તનો સમય વરાહમિહિરથી પૂર્વનો માનવો જોઈએ.

ઉપરોક્ત પુરાવાઓના આધારે, વિશાખદત્તનો સમયગાળો ચોથી સદીનો ઉત્તરાર્ધ અને પાંચમી સદીનો પૂર્વાર્ધ ગણી શકાય. પાટલીપુત્ર (પટણા) વિશાખદત્તના બે નાટકોનું કેન્દ્ર છે. પ્રસ્તાવનામાં, તેમણે ડાંગરના ખેતરોમાં છોડના ગુચ્છોના વિકાસનો ઉપમા દ્વારા ઉલ્લેખ કર્યો છે. તેથી, એવું માની શકાય છે કે તેઓ કોઈ એવા પ્રદેશના હતા, જ્યાં ડાંગરની ખેતી પુષ્કળ પ્રમાણમાં થતી હતી. આ પ્રદેશ મગધ હોઈ શકે છે. મુદ્રા રાક્ષસ (5/23) માં એક જગ્યાએ, તેમણે ગૌડ દેશની સ્ત્રીઓના પોશાકનું વર્ણન કર્યું છે, જે મગધ અને ગૌડ દેશ સાથેના તેમના જોડાણને પણ સાબિત કરે છે.

તેથી, ઉપરોક્ત પુરાવાઓના આધારે, એવું કહી શકાય કે વિશાખદત્ત ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યના આશ્રિત સામંત હતા અને તેમનું નિવાસસ્થાન પાટલીપુત્ર (પટણા - બિહાર) ની આસપાસ મગધ અથવા ગૌડ દેશમાં હોવું જોઈએ.

## 13.4 મુદ્રારાક્ષસની રચના પ્રક્રિયા

*ભારતમાં નાટકોની પરંપરા ઘણી પ્રાચીન છે પરંતુ નાટકના વિશ્લેષણ અને સામગ્રીને વર્તમાનમાં આપણે કેવી રીતે જોઈએ છીએ અને સમજીએ છીએ તે પ્રશ્ન આજે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આપણું નાટ્યશાસ્ત્ર અને તેના સર્જકો મૂલ્યોના આગ્રહી હતા. આ મૂલ્યો સાથે, નાટકો સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ પારખવાનું અને જીવનમાં આનંદના નવા ધોરણો શોધવાનું માધ્યમ બન્યા. તેથી, ભારતમાં નાટકની પરંપરા સામાન્ય રીતે વધુ સકારાત્મક અનુભુતિઓ, સંવેદનશીલ અને સુખદ અંત ધરાવતી રહેલી છે. વિશાખાદત્ત, ભાસ, કાલિદાસ, હર્ષ અને ભવભૂતિના નાટ્યકાર તરીકે પ્રતિષ્ઠિત છે. 'મુદ્રારાક્ષસમ્' એ વિશાખદત્ત દ્વારા લખાયેલ એક પ્રખ્યાત સંસ્કૃત નાટક છે, જેમાં ચાણક્ય અને ચંદ્રગુપ્ત સંબંધિત પ્રકરણોને શ્રેષ્ઠતાથી સંગ્રહીત કરવામાં આવ્યું છે, જેમાં આપણને ચાણક્યની રાજકીય સફળતાઓનું અસાધારણ વિશ્લેષણ મળે છે, આ સાથે આપણને તેમના સમકાલીન લોકોમાં વિશાખદત્તની સર્જનાત્મક પ્રક્રિયાની ઝલક પણ જોવા મળે છે. ચાણક્ય તેમનો અર્થશાસ્ત્ર નામક રચના દ્વારા ચર્ચાના કેન્દ્રમાં રહ્યા, કારણ કે માત્ર અર્થશાસ્ત્ર જ નથી પણ તેમની ઉપસ્થિતિનો પણ અહેસાસ કરાવે છે, તેમણે સમગ્ર રાજાશાહીને પડકાર ફેંક્યો અને એક નવી વ્યવસ્થા બનાવી, જે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.*

*સાહિત્યમાં સર્જનાત્મકતાના પણ કેટલાક માપદંડો હોય છે. તેથી, કોઈપણ કૃતિ કે શૈલીની રચના સૈદ્ધાંતિક આધારથી રજૂ કરવામાં આવે છે. નાટ્યશાસ્ત્રની અભિવ્યક્તિ પણ આ પરિસ્થિતિઓના આધારે પ્રગટ થઈ છે. જ્યારે નાટકમાં આવશ્યક તત્ત્વો હાજર હોય છે ત્યારે તે પોતાની વિશેષતાઓ વિકસાવે છે. જેમકે મહત્ત્વપૂર્ણ સંદર્ભ - ઐતિહાસિકતા અને મૌલિકતા, નાટકનો સમય કાળ, નાટ્યલેખન પ્રત્યે નાટ્યકારની પ્રતિબદ્ધતા, સમકાલીન અને અન્ય નાટ્ય કૃતિઓની લાક્ષણિકતાઓમાં પોતાની વિશેષતા સ્થાપિત કરવાની શક્તિ, નાટકની ભાષા, સ્થાપના, લાગણીઓ- કથાની પૃષ્ઠભૂમિ, વિષયવસ્તુ અને પાત્રો, આપણે એ જ આધારે વિશ્લેષણ કરીશુ કે વિશાખદત્તે તેમના નાટકોની લેખન પ્રક્રિયામાં આનો સમાવેશ કેવી રીતે કર્યો.*

*મુદ્રારાક્ષસ અધ્યયન દરમિયાન એવું લાગે છે કે વિશાખદત્તે તેમના દરેક નાટકમાં પરંપરાગત રૂઢિઓને પણ તોડ્યા છે, સૈદ્ધાંતિક પરંપરાઓ કોઈપણ સર્જનાત્મક પ્રક્રિયામાં અવરોધરૂપ હોય છે. મુદ્રારાક્ષસમાં વિશાખદત્તે પણ આ વાત પર ગંભીર ધ્યાન આપ્યું હતું. 'મુદ્રારાક્ષસમ્' નાટક, જે સાત અંકોમાં વહેંચાયેલું છે, તે ચંદ્રગુપ્ત અને ચાણક્યના તે પાસાઓ પર પ્રકાશ પાડે છે જે તે સમયગાળામાં તેમની ઉપસ્થિતિનો અનુભવ કરાવે છે. નાટકની રચનાની પ્રક્રિયા ફક્ત સારા સંવાદો પર જ નહીં, પણ તેના અર્થની ઊંડાઈ અને ભવિષ્યની ચર્ચાઓ પર પણ આધારિત છે. મુદ્રારાક્ષસ નાટક વિશે સૌથી મહત્ત્વની વાત એ છે કે વિશાખદત્ત તેમના નાટકના પાત્રો દ્વારા જે રૂપકો બનાવવાનો પ્રયાસ કરે છે તેને ફક્ત રાજકીય માપદંડો પર ન*

જોવો જોઈએ. આ નાટક માનવ અધિકારો અને જીવનના અધિકાર પર ધ્યાન કેન્દ્રિત કરે છે, તેના તમામ દાવ-પેંચો વચ્ચે અધિકારો અને ફરજો વચ્ચેના રાજકારણને પ્રકાશિત કરે છે. સાથે પ્રજા અને રાજાની ફરજો પર પ્રકાશ પાડીને જાહેર મૂલ્યોને પણ પ્રતિપાદિત કરે છે. શ્રમ અને શ્રેષ્ઠતાની ભાવના વચ્ચેનો સંબંધ દર્શાવે છે. આ દૃષ્ટિકોણથી, વિશાખદત્ત તેમના નાટકો દ્વારા ફક્ત નાટ્યકાર તરીકે જ આપણી સમક્ષ આવતા નથી, પરંતુ તેઓ માનવ અસ્તિત્વ અને તેની અસંગતતાઓનો પણ પ્રશ્ન ઉઠાવે છે. હાર અને જીત કરતાં વધુ, તેઓ હીનતા બોધ સાથે માણસની ખામીઓ અને નબળાઈઓની વાત કરી છે.

જો આપણે વિશાખદત્તના આ નાટકમાં પાત્રો વચ્ચેના સંવાદો અને તેમની વચ્ચેના ષડયંત્રોનું મૂલ્યાંકન કરીએ, તો સ્પષ્ટ થાય છે કે વિશાખદત્તના પાત્રો વચ્ચેના સંવાદોમાં ભાવનાત્મક સ્રોત ખૂબ જ ઊંડા અને તીક્ષ્ણ છે જે આપણને જીવનની ઘણી ઝીણવટનો અનુભવ કરાવે છે અને જીવનને એક પડકાર તરીકે લેવા માટે પણ પ્રરિત કરે છે.

નાટ્યકાર અને લેખકની સર્જનાત્મકતાની કસોટી એ છે કે તે પોતાની લાગણીઓ અને ચિંતાઓને મરવા દેતો નથી. વિશાખદત્તનું નાટક મુદ્રારાક્ષસ અનેક લક્ષણોથી પરિપૂર્ણ છે. મુદ્રારાક્ષસ નાટક સાત અંકોમાં વિભાજીત છે પરંતુ તેની સૌથી મોટી વિશેષતા એ છે કે આ નાટક સંરચનાત્મક રીતે સુવ્યવસ્થિત છે. તેના સમય-કાળ અને વાતાવરણને અનુરૂપ છે. નાટકના અધ્યયન વખતે, ક્યારેય એવું અનુભવાતું નથી કે નાટ્યકારે ફક્ત એક સ્ત્રી પાત્ર દ્વારા પોતાના નાટકને મહત્ત્વપૂર્ણ બનાવ્યું છે. મુદ્રારાક્ષ નાટકના પાત્રોના સંવાદો, લાગણીઓ અને ઐતિહાસિક સમજણએ ઘણા એવા મુદ્દાઓને જીવંત કર્યા છે જે કોઈપણ સમયગાળામાં તેના પ્રેક્ષકોને હચમચાવી શકે છે. વિવેચકો સાહિત્યની સંસ્કૃતિ અને તેની સૌંદર્યલક્ષી ભાવનાનું મૂલ્યાંકન આ મુદ્દાઓ ધ્યાનમાં રાખીને પણ કરે છે કે રચનાકાર પોતાની રચનાઓ દ્વારા કેટલો સફળ રહ્યો છે અને પોતાની તીક્ષ્ણ દ્રષ્ટિથી લોકોના હૃદયમાં પોતાના માટે કેટલું ઊંડે સ્થાન બનાવવામાં સફળ રહ્યો છે.

મુદ્રારાક્ષસ નાટક એક શિસ્તબદ્ધ નાટક છે, જે ઊંડી લાગણીઓ અને સંવાદોથી ભરેલું એક શક્તિશાળી દસ્તાવેજ છે જેમાં પાત્રોની પ્રતિક્રિયાઓ એક આંદોલનનાં રૂપમાં વ્યક્ત થાય છે. મૂંઝવણની સ્થિતિમાં, મુખ્ય ચાર પ્રમુખ પાત્રો ચાણક્ય, રાક્ષસ, ચંદ્રગુપ્ત મૌર્ય અને મલયકેતુ છે. આ સમગ્ર નાટકની સૌથી મહત્ત્વપૂર્ણ શ્રેષ્ઠતા એ પણ માનવામાં આવી હતી કે તેના બધા પાત્રો ક્યારેક પોતાના વાચકો અને પ્રેક્ષકોમાં પોતાનું મહત્ત્વ વ્યક્ત કરીને પોતાને નાયક તરીકે સાબિત કરવાનું શરૂ કરી દેતા હતા. આ લાક્ષણિકતા કોઈ સામાન્ય નથી. જ્યારે નિષ્પક્ષતાથી લખાયેલા નાટકોનું વિશ્લેષણ કરવામાં આવે છે, ત્યારે લેખકોનું દ્રષ્ટિકોણ તેમાં સ્પષ્ટપણે પ્રતિબિંબિત થાય છે અને તે પોતાના કોઈપણ પાત્રનો વધુ પડતો પક્ષ લેતા નથી. મુદ્રારાક્ષસમાં આપણે વિશાખદત્તની આ અદ્ભુત સંયમિત સંવેદનશીલતા જોઈ શકીએ છીએ.

## 13.5 મુદ્રારાક્ષસમાં ચરિત્રચિત્રણ કલાનું વૈશિષ્ટ્ય

*જેમ કથાનકમાં બે પક્ષો વચ્ચેનો સંઘર્ષ જિજ્ઞાસાને જીવંત રાખે છે, તેવી જ રીતે પાત્રાલેખનમાં વિશાખદત્ત ખૂબ જ સૂક્ષ્મ રીતે બંને પક્ષોના વિવિધ પાત્રોને એવી રીતે રજૂ કરે છે કે પ્રેક્ષકો પાત્રોને એકબીજાની વિરુદ્ધ મૂકીને સરળતાથી તફાવત સમજવા લાગે છે. ચાણક્ય જેવી બુદ્ધિમત્તા અને રાજકીય કૌશલ્ય આટલું સાકાર સ્વરૂપ આપણને બીજા કોઈ નાટકમાં જોવા મળતું નથી. તે સાહસ, વિવેક અને દ્રઢતામાં અપ્રતિમ છે. નાટકમાં સંભ્રમ, આવેગ અને આવેશની ઘણી અવસ્થાઓ દર્શાવિવામાં આવી છે, પણ તેનો આવેશજ મહત્ત્વપૂર્ણ લાગે છે. પોતાની અંદર તે સક્ષમ છે અને આ દૃષ્ટિકોણથી ચાણક્ય સમગ્ર નાટકનો મુખ્ય સૂત્રધાર બને છે. તે બધી ઘટનાઓનો નિયંત્રક છે. એક કુટનિતિજ્ઞ તરીકે તે અત્યંત સતર્ક અને હોશિયાર છે, પરંતુ એક માનવી તરીકે તે અત્યંત દયાળુ અને મહાન પણ છે. તેઓ સંતો અને ઋષિઓની પરંપરાને સમર્થન કરે છે. રાક્ષસ ચાણક્યનો પ્રતિદ્વંદી છે. વિશાખદત્તે બંને હરીફોને વિરુદ્ધ ધ્રુવ પર મૂકીને રજૂ કર્યા છે. અને તે જ સમયે, બંને વચ્ચે સમાનતાની રેખાઓ પણ દોરવામાં આવી છે. ચાણક્ય પ્રત્યેક ક્ષણે સજાગ રહે છે, પણ રાક્ષસ ભૂલો કરતો રહે છે. ચાણક્યની સ્મૃતિ જાગૃત છે, રાક્ષસની પ્રકૃતિ વિસ્મરણશીલ છે. રાક્ષસ અતીતમાં રહે છે અને ચાણક્ય વર્તમાન અને ભવિષ્ય પણ જોવે છે. ચાણક્ય અને ચંદ્રગુપ્ત વચ્ચે જેટલી ઊંડી સમજણ છે, તેટલી જ ઊંડી ગેરસમજણ રાક્ષસ અને મલયકેતુ વચ્ચે પણ છે. મલયકેતુ અવિવેકી અને ઉતાવળિયો છે, ચંદ્રગુપ્ત સમજદાર છે અને સમજી-વિચારીને કામ કરે છે. મૃચ્છકટિકના લેખકની જેમ, વિશાખદત્તે પણ પોતાના નાના-નાના પાત્રોને વ્યક્તિત્ત્વ આપ્યું છે, જેઓ પોતાના ચરિત્રિક ગુણોથી દિલ જીતી લે છે. ગુરુ પ્રત્યે સંપૂર્ણ ભક્તિ-ભાવ ધરાવતો શિષ્ય શાર્ઙ્ગરવ, રાક્ષસને ખાતર ફાંસી પર ચઢવા તૈયાર રહેલો મિત્ર ચંદનદાસ, તીક્ષ્ણ બુદ્ધિવાળો ભાગુરાયણ, ચંચળ પણ નિપુણ અને કાર્યકુશળ સિદ્ધાર્થક અને વાક્ચાતુર્યવાન વિરાધગુપ્ત - આ બધાજ પાત્રો આપણા મન પર ઊંડી છાપ છોડી જાય છે.*

*મુદ્રારાક્ષનો પ્રમુખ રસ વીર છે. તે રૌદ્ર, ભયાનક અને કરુણાના ભાગ રૂપે સારી રીતે પરિપક્વ થયા છે. ચાણક્યના ક્રોધની જ્વાળા, ક્યારેક શાંત અને પછી પ્રજ્વલિત થતા તેમાં રૌદ્ર ભાવનાને પ્રજ્વલિત કરે છે. પણ ચાણક્યનો ક્રોધ સકારાત્મક છે, તે સખત મહેનત અને રાષ્ટ્ર નિર્માણ માટે છે. તેથી, નાટકમાં વીરરસ સતત વહેતા ઉત્સાહના પ્રવાહ અને સભાન સમજદારી દ્વારા પોષાય છે.*

*સાતમા અંકમાં, ચંદ્રગુપ્ત, તેની પત્ની અને પુત્ર વચ્ચેની ખૂબજ કરૂણ વાતચીત કરુણ રસને જગાડે છે. વિશાખદત્તને નમ્ર રમૂજીની પણ ઊંડી પકડ છે. પ્રયોગની દૃષ્ટિકોણથી, મુદ્રારાક્ષસમાં કૌશિકી વૃત્તીનો અભાવ છે અને આ એક ઓજસ્વી નાટક છે. ભારતી વૃત્તી સાથે આરભટી વૃત્તીના સંયોજનને કારણે, ઉર્જા અને તીવ્ર સાથે મુદ્રારાક્ષની નાટ્યસંરચના પ્રકલ્પિત થઈ છે. રંગમંચ પર મુદ્રારાક્ષસનો પ્રયોગ પ્રેક્ષકોને સમગ્ર દર્શકોને સતત જોડી રાખે છે.*

## 13.6 પહેલા અંકની સંક્ષેપ કથાવસ્તુ

*નાંદી પછી સૂત્રધાર પ્રવેશ કરે છે. સૂત્રધારને નટી પાસેથી ખબર પડે છે કે ચંદ્રગ્રહણના ઉપલક્ષ્ય પર નટીએ બ્રાહ્મણોને ભોજન માટે આમંત્રણ આપ્યું છે. સૂત્રધાર આ વાતનું ખંડન કરતા કહે છે કે ચંદ્રગ્રહણ તો થઈ શકતું નથી. ચાણક્ય નેપથ્યથી (પડદા પાછળથી) ફક્ત 'ચંદ્રગ્રહણ' શબ્દ જ સાંભળી શકે છે. નામોની સમાનતાને કારણે, ચાણક્ય સમજે છે કે રાક્ષસ, મલયકેતુ સાથે મળીને ચંદ્રગુપ્ત પર હુમલો કરવાના છે (ચંદ્રગ્રહણ કરવાના છે). ચાણક્ય ખૂબ જ ગુસ્સે થઈ જાય છે અને રંગમંચ પર પ્રવેશ કરતા કહે છે કે 'મારી હાજરીમાં ચંદ્રગુપ્ત પર કોણ હુમલો કરી શકે?' આ રીતે નાટકનું મુખ્ય પાત્ર રંગમંચ પર આવે છે.*

*આ અંકમા, ચાણક્ય ઉદ્ઘોષણા કરે છે કે તે ઈચ્છે છે કે અનેક સારા ગુણો વાળો રાક્ષસ છે, ચંદ્રગુપ્તના મંત્રી પદને સ્વીકારે, જેથી ચંદ્રગુપ્તના રાજ્યની સંપત્તિ કાયમી બની શકે. રાક્ષસને નિયંત્રણમાં રાખ્યા વિના ચંદ્રગુપ્તનું રાજ્ય સ્થિર રહી શકતું નથી. ચાણક્ય આ ધ્યેય પ્રાપ્ત કરવા માટે તેમણે શરૂ કરેલી યોજનાઓ પણ સમજાવે છે.*

*સૌ પ્રથમ, ચાણક્ય તપોવન જાય ત્યારે નંદ વંશના સર્વાર્થસિદ્ધિને મરાવી નાખે છે, જેથી નંદ વંશનો કોઈ પણ વ્યક્તિ બચી ન શકે. તે અફવા ફેલાવે છે કે રાક્ષસે એક વિષકન્યાનો ઉપયોગ કરીને પર્વતકને મરાવી નાખ્યો છે. ભાગુરાયણ પર્વતકના પુત્ર મલયકેતુને ખાનગીમાં ડરાવીને કહે છે કે તેના પિતાને ચાણક્યએ મારી નાખ્યા છે અને ભાગુરાયણ જ તેને કુસુમપુરથી રાક્ષસ પાસે મોકલાવી દે છે. કુસુમપુરમાં રહેતા નંદના નજીકના મિત્રો વિશે જાણવા માટે વિવિધ વેશમાં ઘણા જાસૂસોની નિમણૂક કરવામાં આવે છે. ચંદ્રગુપ્તને ટેકો આપનારા ભદ્રભટ વગેરે જેવા અગ્રણી પુરુષો સંપૂર્ણપણે સંતુષ્ટ કરી દેવામાં આવ્યા હતા જેથી તેઓ દુશ્મન પક્ષમાં ન જોડાય. ચંદ્રગુપ્તના રક્ષણ માટે, તેમની નજીક ઘણા વિશ્વાસુ સેવકોની નિયુક્તિ કરવામાં આવે છે. ચાણક્ય પોતાના બાળપણના મિત્ર, ઈન્દુ શર્મા નામના બ્રાહ્મણને, જીવસિદ્ધિ નામના ક્ષપણકનું રૂપ આપે છે અને નંદોના વિનાશ પહેલા જીવસિદ્ધિ ક્ષપણક નંદના મંત્રીઓ સાથે મિત્ર બને છે. રાક્ષસનો જીવસિદ્ધિ પર વિશેષ વિશ્વાસ બંધાય જાય છે.*

*ચાણક્ય દ્વારા નિયુક્ત જાસૂસ નિપુણક ત્યાં પહોંચે છે અને જાણ કરે છે કે રાક્ષસના પરિવારના સભ્યો ચંદનદાસ નામના વૈશ્યના ઘરે સુરક્ષિત છે. આ પછી, ચાણક્ય ચંદનદાસને સૂચિત કરે છે અને તેને રાક્ષસના પરિવારના સભ્યોને સોંપવા કહે છે. ચંદનદાસ કોઈ પણ કિંમતે રાક્ષસના પરિવારને સોંપવા તૈયાર નથી. ચાણક્ય તેને કેદ કરવાનો આદેશ આપે છે અને તેના જાસૂસ જીવ સિદ્ધિ, એક ક્ષપણક, ને કુસુમપુરમાંથી હાંકી કાઢે છે, કે તેણે એક વિષકન્યાના ઉપયોગ કરીને પર્વતકની હત્યા કરાવી છે. જીવસિદ્ધિ નામનો આ ક્ષપણક ખરેખર ચાણક્યનો મિત્ર ઈન્દુ શર્મા છે. જીવસિદ્ધિ ક્ષપાનકને દેશનિકાલ કરવામાં આવે છે જેથી તે રાક્ષસ પાસે જઈ શકે.*

*ચાણક્યના જાસૂસને રાક્ષસના નામથી અંકિત મુદ્રા મળે છે, જે તે ચાણક્યને આપે છે. મુદ્રા મળતાં ચાણક્ય ખૂબજ ખુશ થાય છે અને રાક્ષસના મિત્ર શકટદાસ દ્વારા લખાયેલો એક બનાવટી લેખ મેળવે છે અને તેના પર રાક્ષસના મુદ્રાની મહોર લગાવે*

*છે. શકટદાસને ખબર નથી પડતી કે આ લેખ ચાણક્ય દ્વારા લખાયો છે. પછી ચાણક્ય તે લેખ સિદ્ધાર્થકને આપી દે છે અને તેના કાનમાં ગુપ્ત યોજના કહે છે જેમાં તે કહે છે કે ચાણક્ય દ્વારા મૃત્યુદંડની સજા પામેલા શકટદાસને મૃત્યુસ્થળથી મુક્ત કરીને રાક્ષસ પાસે મોકલી દે.*

*રાક્ષસના મિત્ર શકટદાસને ફાંસી આપવાનો આદેશ આપવામાં આવે છે, પરંતુ ચાણક્ય, તેના જાસૂસ સિદ્ધાર્થકની મદદથી, તેને ફાંસીના સ્થળેથી બચાવી રાક્ષસના આશ્રયમાં લઈ જાય છે. 'સિદ્ધાર્થકે શકટદાસને ભગાડી દીધો છે' - આ સમાચાર સાંભળીને ચાણક્ય ખુશ થઈ જાય છે. રાક્ષસના મિત્ર ચંદનદાસની બધી મિલકત જપ્ત કરવામાં આવે છે અને રાક્ષસના પરિવારને છુપાવીને રાજદ્રોહ કરવાના આરોપસર તેને તેના પુત્ર અને પત્ની સાથે જેલમાં ધકેલી દેવામાં આવે છે. પર્વતકના ઘરેણાં વગેરે ત્રણ ભાઈઓને આપવામાં આવે છે અને તેમને કેટલાક આદેશો આપવામાં આવે છે. પરંતુ પ્રેક્ષકો/વાચકોને ખબર નથી કે તેમને શું કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ભદ્રભટ્ટ, પુરુષદત્ત, દિંગરાત, બાલગુપ્ત, રાજસેન, રોહિતાક્ષ, વિજય વર્મા વગેરે જેવા પ્રખ્યાત પુરુષોને રાક્ષસ પાસે મોકલવામાં આવે છે, પરંતુ અન્ય લોકો માને છે કે તેઓ ચંદ્રગુપ્તથી અસંતુષ્ટ છે અને તેમણે રાક્ષસનો આશ્રય લીધો છે. આ પહેલા અંકનું નામ 'મુદ્રાલભ' છે.*

## 13.7 બીજા અંકની સંક્ષેપ કથાવસ્તુ

*વિરાધગુપ્ત  નામક રાક્ષસના એક જાસૂસનુ આગમન થાય છે. તે જીર્ણવિષ નામક સપેરાના વેશ ધારણ કરીને કુસુમપુરના સમાચાર જાણવા ગયો હતો. બીજો અંક આ દ્રશ્યથી શરૂ થાય છે.*

*આ અંકમાં, રાક્ષસ તેની બધી યોજનાઓનો હેતુ જણાવે છે કે તે ફક્ત તેના દિવંગત સ્વામીઓને ખુશ કરવા માટે ચંદ્રગુપ્ત પાસેથી તેનું રાજ્ય પાછું લેવા માંગે છે. અંકની શરૂઆતમાં, રાક્ષસ તેની યોજનાઓ સફળ થશે કે નહીં તે અંગે ખૂબ જ ચિંતિત થઈ જાય છે. એટલામાં જ મલયકેતુનો કંચુકી પ્રવેશ કરે છે અને મલયકેતુ દ્વારા તેના શરીર પરથી ઉતારેલા ઘરેણાં રાક્ષસ પાસે લાવે છે, જે રાક્ષસ મલયકેતુની લાગણીઓના આદરમાં પહેરે છે. વિરાધગુપ્ત  રાક્ષસને કુસુમપુરના સમાચાર આપે છે અને એ પણ જણાવે છે કે ચંદ્રગુપ્તને મારવા માટે રાક્ષસે બનાવેલી યોજનાઓ કેવી રીતે નિષ્ફળ જાય છે.*

*રાક્ષસ પોતાના પરિવારને ચંદનદાસના ઘરે છોડીને કુસુમપુરથી ભોંયરાના રસ્તાથી બહાર આવે છે. તે તેના મિત્ર શકટદાસને વિપુલ સંપત્તિ આપી તેને કુસુમપુરમાં સ્થાયી કરે છે જેથી ત્યાં રહેતા તેના સેવકોને કોઈ આર્થિક મુશ્કેલીનો સામનો ન કરવો પડે. દુશ્મનો વિશે સમાચાર એકત્રિત કરવા અને તેમના સંગઠનને તોડવા માટે, તે જીવસિદ્ધિ નામના ક્ષપણકની નિમણૂક કરે છે, જે વાસ્તવમાં ઈન્દુ શર્મા નામનો બ્રાહ્મણ છે અને ચાણક્યનો જાસૂસ છે. ચંદ્રગુપ્તને મારવા માટે, રાક્ષસ એક વિષકન્યાને નિયુક્ત કરે છે, જે ચાણક્યની કુટનીતિના કારણે પર્વતકના સંપર્કમાં આવે*

છે અને ચંદ્રગુપ્તને બદલે પર્વતકની હત્યા થાય છે અને પર્વતકને મારવાનો અપયશ રાક્ષસ ને ભોગવવો પડે છે.

પર્વતકનો પુત્ર મલયકેતુ પણ કુસુમપુરથી ભાગી જાય છે, ત્યારે ચાણક્ય પર્વતકના ભાઈ વૈરોચકને અડધું રાજ્ય આપવાની ઘોષણા કરે છે ત્યારે નંદભવનમાં પ્રવેશવાનો શુભ સમય મધ્યરાત્રિ હોવાનું કહેવામાં આવે છે. ચાણક્ય કુસુમપુરમાં રહેતા દરેક કારીગરોને બોલાવે છે અને તેમને મહેલને સજાવવાનો આદેશ આપે છે, પરંતુ પછી ખબર પડે છે કે પૂર્વીય દરવાજો સૂત્રધાર દારુવર્મા દ્વારા પહેલેથી જ શણગારવામાં આવી ચૂક્યો છે. બાકીનું સુશોભન તેઓ કરશે. ત્યારેજ ચાણક્ય સમજી જાય છે કે દાળમાં કઈક કાળૂ છે. નંદભવનમાં પ્રવેશ કરતી વખતે, તેઓ વૈરોચાને મોતી જડિત મુગટ અને માળા પહેરાવે છે અને ચંદ્રગુપ્તના હાથી ચંદ્રલેખા પર બેસાડે છે અને ચંદ્રગુપ્તના અનુયાયી રાજાઓને પણ પોતાની સાથે મોકલે છે, જેથી બધાને લાગે કે રાજા ચંદ્રગુપ્ત પ્રવેશ કરી રહ્યા છે.

યંત્રતોરણને પોડીને ચંદ્રગુપ્તને મારવા માટે રાક્ષસે નિયુક્ત કરેલા દારુવર્મા, વૈરોચકને ચંદ્રગુપ્ત સમજી લે છે. ચંદ્રગુપ્તને મારવા માટે મહાવત વર્વરકની પણ નિમણૂક કરવામાં આવી હતી. તેણે પણ વૈરોચકને ચંદ્રગુપ્ત સમજી લીધો અને હાથીની સાંકળ પર લટકતુ ખંજર પકડી લીધું. ખંજર હુમલાની આશંકા રાખીને, તેની ગતિ ધીમી કરી નાખે છે આમ પૂર્વ ગણતરી મુજબ, દારુવર્મા દ્વારા છોડવામાં આવેલા યંત્રતોરણ દ્વારા મહાવત વર્વરકનું મૃત્યુ થાય છે. આ જોઈને, દારુવર્માને ખ્યાલ આવે છે કે હવે તેનું મૃત્યુ નિશ્ચિત છે, તે યંત્રતોરણને નિયંત્રિત કરતી લોખંડના ખીલાને દૂર કરે છે. જેના કારણે આખું યંત્રતોરણ વૈરોચક પર પડે છે અને તે તરત જ પડી જાય છે. વૈરોચકના પાયદળ અનુચરો દ્વારા દારુવર્મા પર પથ્થરમારો કરવામાં આવે છે. આ રીતે, રાજ્યના ભાગીદાર વૈરોચક અને રાક્ષસના બે જાસૂસો દારુવર્મા અને વર્વરકને ચાણક્યની કુટનીતિનીથી મારી દેવામાં આવે છે.

રાક્ષસ ચંદ્રગુપ્તને ઝેર આપીને મારવા માટે અભયદત્ત વૈદ્યની નિમણૂક કરે છે પરંતુ ચાણક્ય પોતાની બુદ્ધિમત્તાથી, એ જ ઝેર અભયદત્ત વૈદ્યને આપી દે છે, જેના પરિણામે તેમનું મૃત્યુ થાય છે. ચંદ્રગુપ્તને મારવા રાક્ષસ પ્રમોદકને ચંદ્રગુપ્તના શયનખંડમાં નિયુક્ત કરે છે. ચાણક્ય પ્રમોદકને પ્રશ્ન પૂછે છે કે તારી પોસે આટલી બધી સંપત્તિ ક્યાંથી મળી? જ્યારે તે આ પ્રશ્નનો સુસંગત જવાબ આપી શકતો નથી, ત્યારે ચાણક્ય તેને મારી નાખે છે. રાક્ષસની સૂચના મુજબ ચંદ્રગુપ્તને મારવા માટે મહેલની દિવાલમાં એક સુરંગ બનાવી બિભત્સક વગેરે પહેલાથી જ ત્યાં રહેતા હતા. ચાણક્યની તીક્ષ્ણ બુદ્ધિમત્તાને કારણે તેઓ પણ માર્યા જાય છે કારણ કે ચાણક્ય ત્યાંથી ચોખાના દાણા લઈને કીડીઓની એક લાઈન બહાર આવતી જુએ છે. તેને ખબર પડે છે કે આ કક્ષમાં કેટલાક લોકો છે, તેથી ચાણક્ય તેને આગ લગાવી દે છે. ધુમાડાને કારણે તેમની દ્રષ્ટિ અવરોધાય છે અને બચવાનો રસ્તો ન મળે તે કારણે, તે વિભત્સક વગેરે એ જ આગમાં બળીને રાખ થઈ જાય છે. આ રીતે ચાણક્ય ચંદ્રગુપ્તને મારવા

*માટે રાક્ષસે કરેલા બધા કાવતરાઓનો નાશ કરે છે. રાક્ષસની બધી યોજનાઓ ફક્ત નિષ્ફળ જ નથી થતી પણ વિનાશક પરિણામોમાં પણ પરિણમે છે.*

*વિરાધગુપ્ત રાક્ષસને એ પણ જણાવે છે કે તેના ત્રણ મિત્રો ક્ષપણક જીવસિદ્ધિ, શકટદાસ અને ચંદનદાસ કયા ગુનાઓ માટે પકડાયા છે અને તેમને કઈ સજા આપવામાં આવી છે. પછી, પહેલા અંકમાં વર્ણવેલ ચાણક્યની યોજના મુજબ, સિદ્ધાર્થક શકટદાસને વધ્યસ્થલથી ભગાવીને તેને રાક્ષસ પાસે લાવે છે. શકટદાસ રાક્ષસને બંધનમાંથી મુક્તિની વાર્તા કહે છે. રાક્ષસ ખુશ થઈ જાય છે અને ઈનામ તરીકે સિદ્ધાર્થકને તે જ આભૂષણ આપે છે જે મલયકેતુના કંચુકીએ થોડા સમય પહેલા તેના શરીરપર પહેરાવીને ગયો હતો. સિદ્ધાર્થક ગુપ્ત રીતે તે આભૂષણોને રાક્ષસની મહોરથી ચિહ્નિત કરીને ત્યાંજ રાખી લે છે. શકટદાસ રાક્ષસની વીંટી ઓળખે છે અને સિદ્ધાર્થક પાસેથી તે લઈ લે છે. રાક્ષસ રાજકીય કાર્ય કરવા માટે શકટદાસને પણ એ જ વીંટી આપે છે. સિદ્ધાર્થક ત્યાં રહી રાક્ષસની સેવા કરે છે.*

*શકટદાસ અને સિદ્ધાર્થક બંનેના ગયા પછી, વિરાધગુપ્ત રાક્ષસને કહે છે કે મલયકેતુના કુસુમપુરથી ભાગી જવાને કારણે, ચાણક્ય અને ચંદ્રગુપ્ત વચ્ચે ઘણો મનમુટાવ થઈ ગયો છે. આ સાંભળીને, રાક્ષસ ખૂબ જ ખુશ થાય છે અને વિરાધગુપ્ત દ્વારા તેના પ્રિય મિત્ર, સ્તનકલશ નામના વૈતાલિકને સંદેશ મોકલે છે કે જ્યારે પણ ચાણક્ય ચંદ્રગુપ્તની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, ત્યારે તેણે ચંદ્રગુપ્તને ચાણક્ય વિરુદ્ધ ઉશ્કેરવા માટે સક્ષમ શ્લોક ગાજે. વિરાધગુપ્ત વિદાય લે છે. ત્યારેજ શકટદાસ રાક્ષસને ત્રણ ઘરેણાઓ મોકલે છે, જે વેચાઈ રહ્યા છે. રાક્ષસ તેમને મૂલ્યવાન સમજી તેને ખરીદવાની મંજૂરી આપે છે. હકીકતમાં, આ પર્વતકના તે આભૂષણો છે જે વિશ્વાવસુ સહિત ત્રણ ભાઈઓએ ચાણક્યના કહેવાથી પ્રથમ અંકમાં પર્વતકના શ્રાદ્ધ પ્રસંગે ચંદ્રગુપ્ત પાસેથી સ્વીકાર્યા હતા અને હવે, ચાણક્યની યોજના મુજબ, તે રાક્ષસને વેચી દેવામાં આવ્યા છે.*

## 13.8 ત્રીજા અંકની સંક્ષિપ્ત કથાવસ્તુ

*આ નાટકમાં ત્રીજા અંકનું વિશેષ મહત્ત્વ છે. તે ચંદ્રગુપ્ત અને ચાણક્ય વચ્ચેના નકલી વિવાદનું વર્ણન કરે છે, જે નાટકને એક નવો વળાંક આપે છે. આ નકલી વિવાદને કારણે, મલયકેતુના મનમાં રાક્ષસ પ્રત્યે અવિશ્વાસ ઉત્પન્ન થાય છે. આ સંઘર્ષને કારણે, પાંચમા અંકમાં મલયકેતુનો રાક્ષસ પ્રત્યેનો અવિશ્વાસ વધુ મજબૂત બને છે અને તે રાક્ષસનું અપમાન કરી તેને હાંકી મુકે છે.*

*ચંદ્રગુપ્ત અને ચાણક્યના પૂર્વ આયોજન મુજબ, ચંદ્રગુપ્ત કુસુમપુરમાં કૌમુદી મહોત્સવનું આયોજન કરવાનો આદેશ આપે છે પરંતુ ચાણક્ય તેનો નિષેધ દે છે. ચંદ્રગુપ્ત એવું વર્તન કરે છે કે જાણે તેને આ કૌમુદી ઉત્સવના પ્રતિબંધ વિશે કોઈ જાણકારી નથી. જ્યારે તે સુગાંગ મહેલની છત પર ચઢે છે અને જુએ છે કે કુસુમપુર કૌમુદી ઉત્સવથી વંચિત છે, ત્યારે તે ખૂબ જ ગુસ્સે થાય છે અને કંચુકી દ્વારા ચાણક્યને બોલાવે છે. ચંદ્રગુપ્ત તેને કૌમુદી ઉત્સવ પર પ્રતિબંધ મૂકવાનું કારણ પૂછે છે. ચાણક્ય આનો સીધો જવાબ આપવાને બદલે કહે છે કે અમે અમારી ઈચ્છા મુજબ કામ કરીશું.*

*ચાણક્યના આ કહેવા પર, ચંદ્રગુપ્તના બે વૈતાલિકોમાંથી એક, જે સ્તનકલશ નામના રાક્ષસનો જાસૂસ છે, રાક્ષસના અગાઉના આદેશ મુજબ, ચંદ્રગુપ્તને ચાણક્ય વિરુદ્ધ ઉશ્કેરવા માટે એક શ્લોકનું પઠન કરે છે. ચંદ્રગુપ્ત તેની કંચુકીને કહીને એક લાખ સોનાના સિક્કા આપવા કહે છે. પણ ચાણક્ય તેને રોકે છે. આનાથી ચંદ્રગુપ્ત વધુ ગુસ્સે થાય છે. ચાણક્ય કહે છે કે જો તમે આ પ્રતિબંધ સહન ન કરી શકતા હોય, તો તમારા રાજ્યનો કાર્યભાર તમે જાતે લો. ચંદ્રગુપ્ત તે સ્વીકારે છે અને હવે રાજા તરીકે, તે ચાણક્યને કૌમુદી મહોત્સવ પર પ્રતિબંધ મૂકવાનું કારણ પૂછે છે.*

*ચાણક્ય આ પ્રશ્નનો સ્પષ્ટ જવાબ આપતા બે કારણો આપે છે કે પહેલું કારણ તમારા આદેશનું ઉલ્લંઘન કરવાનું છે અને બીજું કારણ એ છે કે આ સમય સેનાને તૈયાર કરવાનો છે, ઉજવણીનો નહીં. ચંદ્રગુપ્ત પોતાનો અસંતોષ એમ કહીને વ્યક્ત કરે છે કે ભલે અમે તર્ક દ્વારા તમને (ચાણક્યને) હરાવી શકતા નથી, છતાં દરેક રીતે રાક્ષસ વધુ પ્રશંસનીય છે અને તે પોતાની જીતનો શ્રેય ચાણક્યને બદલે ભાગ્યને આપે છે. આનાથી ચાણક્ય ખૂબ ગુસ્સે થઈ જાય છે. આ રીતે, ચાણક્ય અને ચંદ્રગુપ્ત વચ્ચે કૃતક કલહ (નકલી વિવાદ) થાય છે. ચાણક્યએ તેમના મંત્રી પદ પરથી રાજીનામું આપવાની ઘોષણા કરે છે. ચંદ્રગુપ્ત પણ કહે છે કે હું ચાણક્ય વિના રાજ્ય ચલાવી લઈશ. ચંદ્રગુપ્ત પોતાના કંચુકી વૈહીનરને રાજ્યમાં ઘોષણા કરવાનો આદેશ આપે છે કે - ચાણક્યને અમાત્યપદમાંથી દૂર કર્યા પછી ચંદ્રગુપ્ત પોતે શાસન કરશે.*

## 13.9 ચોથા અંકની સંક્ષિપ્ત કથાવસ્તુ

*રાક્ષસનો જાસૂસ કરભક રાક્ષસ પાસે આવે છે. જ્યારે દ્વારપાલ તેને કરભકના આગમનની જાણ કરે છે, ત્યારે રાક્ષસ તરત જ તેને અંદર બોલાવે છે. કરભક રાક્ષસને ચંદ્રગુપ્ત અને ચાણક્ય વચ્ચેના સંઘર્ષ વિવાદ વિશે કહે છે. ત્યારે જ મલયકેતુ ભાગુરાયણ સાથે માથાના દુખાવાથી પીડાતા રાક્ષસને જોવા પહોંચે છે. રસ્તામાં, ભાગુરાયણ મલયકેતુને ઉશ્કેરે છે કે રાક્ષસની શત્રુતા ચાણક્ય સાથે છે, ચંદ્રગુપ્ત સાથે નહીં. ચાણક્યના ચંદ્રગુપ્તથી અલગ થયા પછી, રાક્ષસ ચંદ્રગુપ્ત સાથે સંધિ કરે તેવી શક્યતા છે. ભાગુરાયણ મલયકેતુને સ્પષ્ટ કરે છે કે ચંદ્રગુપ્તે ચાણક્યને મંત્રી પદ પરથી દૂર કર્યા છે અને રાક્ષસ નંદવંશના પૂર્વજોના અમાત્ય છે. તેથી, ચંદ્રગુપ્ત રાક્ષસને પોતાનો મંત્રી બનાવશે અને રાક્ષસને પણ નંદવંશ પ્રત્યે અપાર ભક્તિ છે અને ચંદ્રગુપ્ત નંદવંશનો છે એમ વિચારીને, તે ચંદ્રગુપ્તના અમાત્ય પદનો સ્વીકાર કરશે. જો આવું થશે, તો બંને મલયકેતુને દૂધમાંથી માખીની જેમ બહાર ફેંકી દેશે. આ રીતે ભાગુરાયણ મલયકેતુના મનમાં શંકાના બીજ વાવે છે.*

*પરંતુ વાસ્તવિકતા તેનાથી વિપરીત છે. ચાણક્યને અમાત્ય પદ પરથી દૂર કરવાથી રાક્ષસ ખુશ થાય છે, તે વિચારે છે કે હવે તેના માટે ચંદ્રગુપ્તને હરાવવાનું ખૂબ જ સરળ બનશે આમ તે પોતાનો ઉદ્દેશ્ય પ્રાપ્ત કરી કરશે. તે આ શુભ પ્રસંગ વિશે જણાવવા માટે મલયકેતુને મળવા માંગે છે. મલયકેતુ પહેલાથી જ દરવાજા પાછળ છુપાયેલો હતો અને રાક્ષસ તથા કરભક વચ્ચેની વાતચીત સાંભળી રહ્યો હતો, તેથી તે તરત જ બહાર આવ્યો. રાક્ષસ મલયકેતુને કહે છે કે ચાણક્ય ચંદ્રગુપ્તથી અલગ થઈ*

*ગયો છે. હવે ચંદ્રગુપ્ત રાજ્ય ચલાવવા માટે સંપૂર્ણપણે અસમર્થ છે. આ તકનો લાભ લઈને, આપણે દુશ્મન પર હુમલો કરીશું. મલયકેતુને રાક્ષસ પર શંકા જાય છે પણ તે જ સમયે, તે યુદ્ધ લડવા માટે ઉત્સાહથી ભરેલો હોય છે.*

*ક્ષપણક રાક્ષસ જીવસિદ્ધિ જે ખરેખર ચાણક્યનો જાસૂસ છે, તેને પ્રસ્થાનનો શુભ મુહુર્ત શોધવા માટે કહે છે, પરંતુ રાક્ષસ તેના દ્વારા જણાવેલા શુભ સમયથી સંતુષ્ટ નથી થતો. તેથી, તે અન્ય જ્યોતિષીઓની પણ સલાહ લેવા માંગે છે. આ સાંભળીને ક્ષપણક ગુસ્સે થઈ જાય છે અને ત્યાથી ચાલ્યો જાય છે.*

## 13.10 પાંચમા અંકની સંક્ષિપ્ત કથાવસ્તુ

*સિદ્ધાર્થક અને ક્ષપણક વચ્ચેની વાતચીત પરથી ખબર પડે છે કે મલયકેતુ પાટલીપુત્ર પર હુમલો કરવા માટે નીકળી ગયો છે. તેણે રસ્તામાં એક છાવણી ઉભી કરી છે. ત્યાં એક નિયમ બનાવવામાં આવ્યો છે કે ભાગુરાયણની મહોર છાપેલી આ આજ્ઞાપત્ર વિના કોઈ પણ વ્યક્તિ શિબિરમાં પ્રવેશી શકશે નહીં કે બહાર નીકળી શકશે નહીં.*

*પહેલા અંકમાં, ચાણક્યએ શકટદાસને એક પત્ર લખવાનું કહ્યું હતું, જે તેમણે રાક્ષસની મહોરમાં છાપીને સિદ્ધાર્થકને આપ્યો હતો. બીજા અંકમાં, શકટદાસને વધ્યસ્થળથી બચાવવા બદલ ખુશ થયેલા રાક્ષસે તેને તે ઘરેણાં આપ્યા હતા જે તેણે પોતાના શરીરમાંથી ઉતાર્યા હતા, અને જે સિદ્ધાર્થકે રાક્ષસની મહોરમાં છાપીને પોતાના ભંડારમાં રાખ્યા હતા. સિદ્ધાર્થકના એ જ આભૂષણો સાથે રંગમંચ પર પ્રવેશ સાથે પાંચમાં અંકનો આરંભ થાય છે. સિદ્ધાર્થક ખરેખર ચાણક્યના વિશ્વાસુ જાસૂસ છે. તે પત્ર અને ઘરેણાં લઈને પાટલીપુત્ર તરફ જાય છે પણ રસ્તામાં તેને જીવસિદ્ધિ ક્ષપણક મળે છે. તે ચાણક્યનો જાસૂસ પણ છે પણ રાક્ષસનો કૃત્રિમ મિત્ર બની ગયો છે. તે સિદ્ધાર્થકને ભાગુરાયણની (ચાણક્યનો જાસૂસ) મહોરવાળા આજ્ઞાપત્ર છાપ્યા પછી જ શિબિરની બહાર જવા કહે છે કારણ કે પરવાનગી વિના કોઈને પણ શિબિરમાં પ્રવેશવાની કે બહાર નીકળવાની મનાઈ હતી. પરંતુ સિદ્ધાર્થક, પોતાને રાક્ષસનો અંગત સેવક માનતા, ભાગુરાયણ પાસેથી પરવાનગી લેવાની કોઈ જરૂર અનુભવતા નથી. જ્યારે ક્ષપણક આજ્ઞાપત્ર લેવા જાય છે.*

*મલયકેતુને રાક્ષસ પર શંકા રહે છે. તે ભાગુરાયણને મળવા પહોંચવાના જ હતા ત્યારે ક્ષપણક પરવાનગી લેવા ભાગુરાયણ પાસે પહોંચે છે. ભાગુરાયણ જાણે છે કે ક્ષપણક રાક્ષસનો સૌથી સારો મિત્ર છે, તેથી તે મજાકમાં તેને પૂછે છે કે શું તે રાક્ષસના કાર્યની વિરુદ્ધ જઈ રહ્યો છે. તે કહે છે કે હું રાક્ષસથી ખૂબ દૂર જઈ રહ્યો છું અને આકસ્મિક રીતે તે એમ પણ કહે છે કે રાક્ષસે એક વિષકન્યાનો ઉપયોગ કરીને રાજા પર્વતકની હત્યા કરી છે જેના કારણે ચાણક્યએ તેને (ક્ષપણકને) હાંકી કાઢ્યો હતો. મલયકેતુ ગુપ્ત રીતે બધું સાંભળી રહ્યો છે સાથેજ તેને ખાતરી થઈ જાય છે કે ચાણક્યને નહીં પણ રાક્ષસે જ તેના પિતા પર્વતકને માર્યો હતો.*

*ત્યારેજ શિબિરના અધિકારીઓ પુરુષ સિદ્ધાર્થકને પકડીને લાવે છે કારણ કે તે પરવાનગી (આજ્ઞાપત્ર) વિના શિબિરની બહાર જઈ રહ્યો હતો. તેના હાથમાંથી*

રાક્ષસની મહોર સાથે છપાયેલો એક પત્ર જડપી લેવામાં આવે છે અને તેને વાંચવામાં આવે છે, અધિકારીઓએ આ તેને પત્ર વિશે પૂછપરછ કરે છે. પરંતુ તે આ વિષય પર યોગ્ય માહિતી આપી શકતો નથી, ત્યારે તેને મારવામાં આવે છે અને તે જ સમયે તેની બગલમાંથી રાક્ષસની મહોર છાપેલી આભુષણો વાળી પેટી પડી જાય છે. (આ એ જ પત્ર છે જે ચાણક્યએ પહેલા અંકમાં શકટદાસ દ્વારા લખ્યો હતો અને રાક્ષસની મહોરથી છપાયેલો હતો અને આ એ જ આભૂષણો છે જે મલયકેતુના કંચુકીએ બીજા અંકમાં રાક્ષસને પહેરાવ્યા હતા અને પછી આ આભૂષણો રાક્ષસે સિદ્ધાર્થકને રાજી થઈને આપ્યા હતા કારણ કે તે શકટદાસને વધસ્થળમાંથી પાછો લાવ્યો હતો.) તે પત્ર અને સિદ્ધાર્થકે જે કંઈ કહ્યું હતું તેનાથી સ્પષ્ટ થાય છે કે સિદ્ધાર્થકને રાક્ષસ ચંદ્રગુપ્ત પાસે મોકલી રહ્યો છે, ચંદ્રગુપ્ત રાક્ષસને પોતાનો અમાત્ય બનાવવા માંગે છે અને તેથી તેણે ચાણક્યને મંત્રી પદ પરથી દૂર કરવામાં આવ્યા છે.

આ કારણે, મલયકેતુ વિશ્વાસઘાતી માનવા લાગે છે અને તરત જ રાક્ષસને બોલાવે છે. રાક્ષસને મલયકેતુનો સંદેશ મળતાં જ તે તેને મળવા જાય છે. રાક્ષસ શકટદા દ્વાર ખરીદેલા ત્રણ આભૂષણોમાંથી એક પહેરીને આવે છે. આ આભૂષણો વાસ્તવમાં પર્વતકના હતા જે ચાણક્યની યોજના મુજબ વિશ્વાવસુ વગેરે ત્રણ ભાઈઓને બંદી બનાવ્યા પછી રાક્ષસને વેચી દેવામાં આવ્યા હતા.

મલયકેતુ સીધો રાક્ષસને પ્રશ્ન પૂછે છે કે, 'તમે સિદ્ધાર્થકને આ પત્ર અને આભુષણો સાથે ચંદ્રગુપ્ત પાસે કેમ મોકલ્યો?' રાક્ષસ સ્તબ્ધ થઈ જાય છે. તે એમ ન કહી શકે કે પત્રો અને આભુષણો તેના નથી કારણ કે તેમની મહોર તેમના પર લાગેલી છે. દુશ્મન દ્વારા નકલી મહોર બનાવવાની દલીલ પણ પાયાવિહોણી બની જાય છે કારણ કે સિદ્ધાર્થક કહે છે કે આ પત્ર શકટદાસ દ્વારા લખાયો છે અને રાક્ષસ શકટદાસ પ્રત્યે ખૂબ જ વિશ્વાસુ હોવાથી ઘણીવાર કહેતો હતો કે જો પત્ર શકટદાસ દ્વારા લખાયો હોય તો સમજવું જોઈએ કે તે ફક્ત મારા દ્વારા જ લખાયો છે. ભાગુરાયણને શકટદાસના લેખની એક નકલ પણ મંગાવી લે છે જે પુષ્ટિ આપે છે કે આ પત્ર ફક્ત શકટદાસે જ લખ્યો છે. ત્યારેજ મલયકેતુની નજર રાક્ષસે પહેરેલા આભૂષણ પર પડી, જે ખરેખર પર્વતકના છે. રાક્ષસને સંપૂર્ણ ખાતરી થઈ જાય છે કે આખી યોજના ચાણક્યની હતી. મલયકેતુને હવે ખાતરી થઈ ગઈ છે કે તેના પિતાને રાક્ષસેજ મારી નાખ્યા હતા અને હવે રાક્ષસ તેને પણ મારી નાખવા માંગે છે. મલયકેતુ રાક્ષસને કહે છે કે તેના કથનની પુષ્ટિ ક્ષપણક જીવસિદ્ધિ દ્વારા કરવી જોઈએ. ત્યારે, રાક્ષસને ખબર પડે છે કે જેના પર તે સૌથી વધુ વિશ્વાસ કરતો હતો તે ક્ષપણક જીવસિદ્ધિ પણ ચાણક્યનો જાસૂસ હતો.

આમ, રાક્ષસ પર એક પછી એક વજ્રપાત થાય છે અને તે ચાણક્યની સુનિયોજિત યોજનાઓમાં ફસાતો જાય છે. હવે પોતાને નિર્દોષ સાબિત કરવા માટે તેણે આપેલો કોઈ પણ જવાબ મલયકેતુને સંતુષ્ટ કરી શકતો નથી. તેથીજ તે માને છે કે તેના પર લાગેલા બધાજ આરોપોને સ્વીકારવાનું તેના હિતમાં છે.

મલયકેતુ રાક્ષસને ચંદ્રગુપ્ત પાસે આશ્રય લેવાનું કહી હાંકી કાઢે છે. ભાગુરાયણ મલયકેતુને જલ્દી કુસુમપુર પર હુમલો કરવાની સલાહ આપે છે, અને બીજી બાજુ

*રાક્ષસ ચંદનદાસને બચાવવાનો માર્ગ વિચારીને નિરાશ થઈને બહાર નીકળી જાય છે. આ સાથે પાંચમો અંક સમાપ્ત થાય છે.*

## 13.11 છઠ્ઠા અંકની સંક્ષિપ્ત કથાવસ્તુ

*શરૂઆતમાં સુસિદ્ધાર્થ અને સિદ્ધાર્થ વચ્ચે વાતચીત થાય છે. તેમની વાતચીત પરથી ખબર પડે છે કે ચંદ્રગુપ્તના સૈનિકો દ્વારા મલયકેતુને પકડી લેવામાં આવ્યો છે અને રાક્ષસ કુસુમપુર તરફ ગયો છે.*

*રાક્ષસના મનમાં કુસુમપુર અને રાજા નંદની જૂની યાદો ફરી તાજી થઈ જાય છે. તે મલયકેતુની બુદ્ધિના અભાવ અને પ્રતિકૂળ નસીબ પર પણ આંસુ વહાવે છે. પછી તે એક માણસને તેની સામે લટકતો જુએ છે, વાસ્તવમાં તે ચાણક્યનો પોતાનો વ્યક્તિ છે. ફાંસી લગાવવાનું કારણ પૂછવામાં આવતા, રાક્ષસ કહે છે કે તે કુસુમપુરમાં રહેતા ઝવેરી વેપારી વિષ્ણુદાસનો મિત્ર છે અને વિષ્ણુદાસ ઝવેરી વેપારી ચંદનદાસનો ખાસ મિત્ર છે. વિષ્ણુદાસ પોતાની બધી સંપત્તિ દાન કર્યા પછી અગ્નિમાં પ્રવેશ કરવા જઈ રહ્યો છે કારણ કે તેના મિત્ર ચંદનદાસને રાક્ષસોના પરિવારને ન સોંપવા બદલ મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી રહી છે અને વિષ્ણુદાસ અગ્નિમાં પ્રવેશ કરી રહ્યો હોવાથી, તે તેના મૃત્યુ વિશે સાંભળે તે પહેલાં આત્મહત્યા કરવા માંગે છે. આ સાંભળીને રાક્ષસ તેને કહે છે કે હું રાક્ષસ છું. રાક્ષસ વિષ્ણુદાસને મરતા અટકાવવા માટે તે માણસને મોકલે છે અને પોતે ચંદનદાસનું રક્ષણ કરવા જાય છે.*

## 13.12 સાતમા અંકની સંક્ષિપ્ત કથાવસ્તુ

*બે ચાંડાલ (જલ્લાદ) ચંદનદાસને ફાંસી સ્થળ તરફ લઈ જાય છે. ચંદનદાસની પત્ની અને પુત્ર વિલાપ કરે છે. ચંદના દાસ બંનેને સાંત્વના આપે છે. પછી રાક્ષસ ત્યાં દેખાય છે અને શરણાગતિ સ્વીકારે છે. ચાણક્ય પણ ત્યાં પહોંચે છે અને રાક્ષસનું સ્વાગત કરે છે. ચાણક્ય રાક્ષસને કહે છે કે મેં આ નાટક તને ચંદ્રગુપ્તનો મંત્રી બનાવવા માટે બનાવ્યું છે. ચંદ્રગુપ્ત આગળ આવે છે અને રાક્ષસનું સ્વાગત કરે છે. રાક્ષસ પણ આખરે ચંદ્રગુપ્તની તેના મિત્ર ચંદનદાસનું રક્ષણ કરવાની સલાહ સ્વીકારે છે. રાક્ષસની વિનંતી પર, મલયકેતુને તેના પિતાનું રાજ્ય આપવામાં આવે છે. ચંદનદાસને 'નગરસેઠ' બનાવ્યા છે. આ રીતે, રાક્ષસને ચંદ્રગુપ્તનો મંત્રી બનાવીને ચાણક્યનું નંદવંશનો નાશ કરવાની પ્રતિજ્ઞા પૂર્ણ થઈ. ચાણક્ય પોતાના ખુલ્લા વાળ પાછા બાંધે છે અને ભરત વાક્ય સાથે નાટકનો અંત સુખદ રીતે થાય છે.*

## 13.13 તમારી પ્રગતિ ચકાસો.

1. *મુદ્રારાક્ષસમાં રહેલ ચરિત્રચિત્રણ કલાનું વૈશિષ્ટ્ય પ્રદર્શિત કરો.*

______________________________________________

______________________________________________

2. મુદ્રારાક્ષસ નાટકનો સંસ્કૃતમાં વ્યુત્પત્તિ લભ્ય અર્થ જણાવો.

3. મુદ્રારાક્ષસની રચના પ્રક્રિયાનું વિસ્તૃત વર્ણન કરો.

4. મુદ્રારાક્ષસનાં નામકરણમાં રહેલા મૂળ આધારો જણાવો.

5. કૌમુદીમહોત્સવ ન થવાના કારણોનું વિવેચન કરો.

6. મુદ્રારાક્ષસની સંપૂર્ણ કથાવસ્તુનો સારાંશ લખો.

લેખક : ડૉ. આનંદ પંડયા પંડ્યા, આસિસ્ટન્ટ પ્રોફેસર,
એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત.

# એકમ : 14 : મુદ્રારાક્ષસ : અંક 1 થી 3

રૂપરેખા

**14.0 ઉદ્દેશ્ય**

**14.1 પ્રસ્તાવના**

**14.2 પહેલો અંક**

**14.3 બીજો અંક**

**14.4 ત્રીજો અંક**

**14.5 તમારી પ્રગતિ ચકાસો.**

## 14.0 ઉદ્દેશ્ય

*આ એકમનો અભ્યાસ કર્યા પછી, તમે સમર્થ હશો*

- *મુદ્રારાક્ષ નાટકની વાર્તાની સાથે, તમને રાજશાસ્ત્રનો પરિચય પણ મળશે.*
- *તમે સંસ્કૃત નાટકોના નામકરણની પદ્ધતિથી પરિચિત થશો.*
- *આપણે વીર રસ પ્રધાન નાટક વિશે જાણીશું.*
- *તમે જીવન માટે મહત્ત્વપૂર્ણ કૂટનીતિઓ શીખી શકશો.*
- *આપણે જીવનમાં શું કરવું અને શું ન કરવું તે શીખીશું.*
- *ચાણક્યના સંવાદોમાં તેની વિદ્વત્તાનો પરિચય મેળવિશું.*
- *આપણે સંસ્કૃત ભાષા અને સાહિત્યનું શાશ્વત અને સાર્વત્રિક મહત્ત્વ જાણીશું.*
- *નાટકની પાત્રસૃષ્ટિ અને નિરૂપાયેલી સામાજીક, ધાર્મિક, રાજકીય પરિસ્થિતિ વિશે માહિતી પ્રાપ્ત કરી શકશો.*

## 14.1 પ્રસ્તાવના

*વિશાખદત્તે રચેલું સંસ્કૃત ભાષાનું જાણીતું નાટક. આ રાજકીય દાવપેચવાળું નાયિકા વગરનું, પ્રાયઃ સ્ત્રીપાત્ર વગરનું વીરરસપ્રધાન નાટક છે. નાટકનાં સંધ્યંગોનાં ઉદાહરણો પૂરાં પાડવામાં આદર્શ નાટક છે. એમાં જ્ઞાનતંતુનું યુદ્ધ છે અને શત્રુને માત કરવાનું તેમાં મુખ્ય કથાનક છે.*

*સાત અંકોના બનેલા આ નાટકમાં જટિલ કથાનક છે. નંદરાજાઓનો નાશ કરી ચાણક્યે ચંદ્રગુપ્તને ગાદીએ બેસાડ્યો. એ પછી ચંદ્રગુપ્તના પ્રધાન તરીકે નંદરાજાના વફાદાર પ્રધાન રાક્ષસને બેસાડવા ચાણક્ય ઈચ્છે છે. ચંદ્રગુપ્તને ખતમ કરવા ખટપટો*

*કરી રહેલા પ્રધાન રાક્ષસને માત કરવા ચાણક્ય વળતી ખટપટો કરે છે. ત્યાંથી આ નાટકનો આરંભ થાય છે અને ચાણક્ય અને ચંદ્રગુપ્તના સંવાદો સુધી અર્થાત્ ત્રીજા અંકના સમાપ્તિ સુધી આ એકમમાં સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં કરેલ અનુવાદ સાથે શીખીશું.*

## 14.2 પહેલો અંક

**प्रथमोऽङ्कः**

धन्या केयं स्थिता ते शिरसि, शशिकला, किंतु नामैतदस्याः,

नामैवास्यास्तदेतत् परिचितमपि ते विस्मृतं कस्य हेतोः।

नारीं पृच्छामि नेन्दुं, कथयतु विजया न प्रमाणं यदीन्दुः,

देव्या निह्नो तुमिच्छोरिति सुरसरितं शाठ्यमव्याद्विभार्वेः॥१॥

अपि च।

पादस्याविर्भवन्तीमवनतिमवने रक्षतः स्वैरपातैः

सङ्कोचेनैव दोष्णां मुहुरभिनयतः सर्वलोकातिगानाम्।

दृष्टिं लक्ष्येषु नोग्रज्वलनकणमुचं बध्नतो दाहभीते-

रित्याधारानुरोधात्त्रिपुरविजयिनः पातु वो दुःखनृत्तम्॥२॥

नान्द्यन्ते।

सूत्रधारः—अलमतिप्रसङ्गेन। आज्ञापितोऽस्मि परिषदा—यथाद्य सामन्तवटेश्वरदत्तपौत्रस्य महाराजपदभाक्पृथुसूनोः कवेर्विशाखदत्तस्य कृतिर्मुद्राराक्षसःसं नाम नाटकं नाटयितव्यमिति। यत् सत्यं, काव्यविशेषवेदिन्यां परिषदि प्रयुञ्जानस्य ममापि चेतसि सुमहान् परितोषः प्रादुर्भवति। कुतः -

**चीयते बालिशस्यापि सत्क्षेत्रपतिता कृषिः।**

**न शालेः स्तम्बकरिता वप्तुर्गुणमपेक्षते ॥३॥**

तद्यावदिदानीं गृहं गत्वा गृहिणीमाहूय गृहजनेन सह सङ्गीतकमनुतिष्ठामि। (परिक्रम्यावलोक्य च) इमे नो गृहाः। तद्यावत् प्रविशामि। (नाट्येन प्रविश्यावलोक्य च) अये, तत किमिदमस्मद्गृहेषु महोत्सव इव दृश्यते; स्वस्वकर्मणि अधिकतरं अभियुक्तः परिजनः। तथाहि—

वहति जलमियं पिनष्टि गन्धान्

इयमियमुद्ग्रथते स्रजो विचित्राः।

मुसलमिदं इयञ्च पातकाले

मुहुरनुयाति कलेन हुङ्कृतेन॥४॥

भवतु। कुटुम्बिनीमाहूय पृच्छामि।

(नेपथ्याभिमुखमवलोक्य)

**गुणवति उपायनिलये [ क्व्च. निलय ] स्थितिहेतो, साधिके त्रिवर्गस्य।**

**मद्भवननीतिविद्ये, कार्याचार्ये! द्रुतमुपेहि ॥५॥**

(प्रविश्य) नटी—आर्य, इयमस्मि। आज्ञानियोगेन मां आर्यः अनुगृह्णातु।

सूत्रधार आर्ये, तिष्ठतु तावदाज्ञानियोगः, कथय किमद्य भवत्या भगवतां ब्राह्मणानामुपनिमन्त्रणेनैतत् कुटुम्बकमनुगृहीतम्, अथ वा अभिमता भवनं अतिथयः प्राप्ताः, यत एष पाकविशेषारम्भः?

नटी आर्य, आमन्त्रिता मया भगवन्तो ब्राह्मणाः।

सूत्र कथय कस्मिन्निमित्ते?

नटी उपरज्यते किल भगवान् चन्द्र इति।

सूत्रधार क एवमाह?

नटी एवं खलु नगरवासी जनः मन्त्रयते।

सूत्रधार आर्ये, कृतश्रमोऽस्मि चतुःषष्ठ्यङ्गे ज्योतिःशास्त्रे। तत् प्रवर्त्यतां भगवतो ब्राह्मणानुद्दिश्य पाकः, चन्द्रोपरागं प्रति तु, केनापि विप्रलब्धासि। पश्य

क्रूरग्रहः सकेतुश्चन्द्रमसम्पूर्णमण्डलमिदानीम्।

अभिभवितुमिच्छति बलात्—

(इत्यर्धोक्ते)

(नेपथ्ये) आः! क एष मयि स्थिते चन्द्रमभिभवितुमिच्छति बलान?

सूत्रधार रक्षत्येनं तु बुधयोगः।

नटी आर्य, कः पुनरेष धरणीगोचरो भूत्वा चन्द्रं ग्रहाभियोगाद्रक्षितुमिच्छति?

सूत्रधार आर्य! यत् सत्यं, मयापि नोपलक्षितः। भवतु। भूयोऽभियुक्तः स्वरव्यक्तिमुपलप्स्ये। (क्रूरग्रह इत्यादि पुनस्तदेव पठति)

(नेपथ्ये) आः! क एष मयि स्थिते चन्द्रगुप्तमभिभवितुमिच्छति बलात्?

सूत्रधार (आकर्ण्य) आं ज्ञातम्। कौटिल्यः

नटी (भयं नाटयति)

सूत्रधार कुटिलमतिः स एष येन

क्रोधाग्नौ प्रसभमदाहि नन्दवंशः।

**चन्द्रस्य ग्रहणमिति श्रुतेः सनाम्नो**

**मौर्येन्दोर्द्विषदभियोग इत्यवैति ॥७॥**

तदित आवां गच्छावः। (इति निष्क्रान्तौ)

इति प्रस्तावना॥

(ततः प्रविशति मुक्तां शिखां परामृशन् चाणक्यः)

चाणक्यः—कथय क एष मयि स्थिते चन्द्रगुप्तमभिभवितुमिच्छति बलात्।

**आस्वादितद्विरदशोणितशोणशोभां**

**सन्ध्यारुणामिव कलां शशलाञ्छनस्य।**

**जृम्भाविदारितमुखस्य मुखात् स्फुरन्तीं**

**को हर्तुमिच्छति हरेः परिभूय दंष्ट्राम् ॥८॥**

अपि च।

**नन्दकुलकालभुजगीं कोपानलबहलनीलधूमलताम्।**

**अद्यापि बध्यमानां वध्यः को नेच्छति. शिखां मे॥९॥**

अपि च।

**उल्लङ्घयन् मम समुज्ज्वलतः प्रतापं**

**कोपस्य नन्दकुलकाननधूमकेतोः।**

**सद्यः परात्मपरिमाणविवेकमूढः**

**कः शालभेन विधिना लभतां विनाशम्॥१०॥**

शार्ङ्गरव! शार्ङ्गरव!॥

(प्रविष्य) शिष्यः—उपाध्याय, आज्ञापय।

चाणक्यः वत्स, उपवेष्टुमिच्छामि।

शिष्यः उपाध्याय, नन्वियं संनिहितवेत्रासनैव द्वारप्रकोष्ठशाला। तदस्यामुपवेष्टुमर्हति उपाध्यायः।

चाणक्यः वत्स, कार्याभियोग एव अस्मान् आकुलयति न पुनरुपाध्यायसहभूः शिष्यजने

दुःशीलता। (नाटयेनोपविश्य आत्मगतम्) कथं? प्रकाशतां गतोऽयमर्थः पौरेषु– यथा किलः नन्दकुलविनाशजनितरोषो राक्षसःसः पितृवधामर्षितेन सकलनन्दराज्यपरिपणनप्रोत्साहितेन पर्वतकपुत्रेण मलयकेतुना सह सन्धाय, तदुपगृहीतेन च महता म्लेच्छराजबलेन परिवृतो वृषलमभियोक्तुमुद्यत इति। (विचिन्त्य) अथ वा, येन मया सर्वलोकप्रकाशं नन्दवंशवधं प्रतिज्ञाय निस्तीर्णा दुस्तरा प्रतिज्ञासरित् सोऽहमिदानीं प्रकाशीभवन्तमपि एनमर्थं न समर्थः किं प्रशमयितुम्? [क्व.अर्थं समर्थः प्रशमयितुम्] कुतः। यस्य मम

**श्यामीकृत्याननेन्दून् रिपुयुवतिदिशां सन्ततैः शोकधूमैः**

**कामं मन्त्रिद्रुमेभ्यो नयपवनहृतं मोहभस्म प्रकीर्य्य।**

**दग्ध्वा संभ्रान्तपौरद्विजगणरहितान् नन्दवंशप्ररोहान्**

**दाह्याभावात्–न खेदात्–ज्वलन इव वने शाम्यति क्रोधवह्निः॥११॥**

अपि च।

**शोचन्तोऽवनतैर्नराधिपभयाद्धिक्शब्दगर्भैर्मुखैः**

**मामग्रासनतोऽवकृष्टमवशं ये दृष्टवन्तः पुरा।**

**ते पश्यन्तु तथैव सम्प्रति जना नन्दं मया सान्वयं**

**सिंहेनेव गजेन्द्रमद्रिशिखरात् सिंहासनात् पातितम्॥१२॥**

सोहमिदानीमवसितप्रतिज्ञाभारोऽपि वृषलपेक्षया शस्त्रं धारयामि। येन मया

**समुत्खाता नन्दा नव, हृदयरोगा इव भुवः**

**कृता मौर्ये लक्ष्मीः सरसि नलिनीव स्थिरपदा।**

**द्वयोः सारं तुल्यं द्वितयमभियुक्तेन मनसा**

**फलं कोपप्रीत्योर्द्विषति च विभक्तंसुहृदि च॥१३॥**

अथवा, अगृहीते राक्षसःसे, किमुत्खातं नन्दवंशस्य, किं वा स्थैर्यमुत्पादितं चन्द्रगुप्तलक्ष्म्या? (विचिन्त्य) अहो, राक्षसःसस्य नन्दवंशे निरतिशयो भक्तिगुणः स खलु कस्मिंश्चिदपि जीवति नन्दान्वयावयवे, वृषलस्य साचिव्यं ग्राहयितुं न शक्यते। तद्धियोगं प्रति निरुद्योगः शक्यः अवस्थापयितुमस्माभिः। अनयैव बुद्ध्या [क्व. निरुद्योगैरस्माभिरवस्थातुमयुक्तमित्यनयैव बुद्ध्या] तपोवनगतोऽपि घातितस्तपस्वी नन्दवंशीयः सर्वार्थसिद्धिः। यावदसौ मलयकेतुमङ्गीकृत्यास्मदुच्छेदाय विपुलतरं प्रयत्नमुपदर्शयत्येव। (प्रत्यक्षवदाकाशे लक्ष्यं बद्ध्वा) साधु! अमात्य राक्षसःस साधु! साधु! मन्त्रिबृहस्पते साधु। कुतः।

ऐश्वर्यादनपेतमीश्वरमयं लोकोऽर्थतः सेवते,

तं गच्छन्त्यनु ये विपत्तिषु पुनस्ते तत्प्रतिष्ठाशया।

भर्तुर्ये प्रलयेऽपि पूर्वसुकृतासङ्गेन निःसङ्गया

भक्त्या कार्यधुरं वहन्ति बहवः [vl. कृतिनः] ते दुर्लभास्त्वादृशाः॥१४॥

अत एवास्माकं त्वत्संग्रहे प्रयत्नः कथमसौ वृषलस्य साचिव्यग्रहणेन सानुग्रहः स्यादिति। कुतः

**अप्राज्ञेन च कातरेण च गुणः स्याद् भक्तियुक्तेन कः**

**प्रज्ञाविक्रमशालिनोऽपि हि भवेत् किं भक्तिहीनात् फलम्।**

**प्रज्ञाविक्रमभक्तयः समुदिता येषां गुणा भूतये**

**ते भृत्या नृपतेः कुलत्रमितरे सम्पत्सु चापत्सु च॥१५॥**

तन्मयाप्यस्मिन्वस्तुनि नशयानेन [ङ्क्य. न शयानेन] स्थीयते। यथाशक्तिकियते तद्ग्रहणं प्रति यत्नः। कथिमव। अत्र तावद् वृषलपर्वतकयोरन्यतरविनाशेनापि चाणक्यस्यापकृतं भवतीति – 'विषकन्यया राक्षसःसेनास्माकमत्यन्तोपकारि मित्रं घातितस्तपस्वी पर्वतेश्वर' इति संचारितो जगति जनापवादः। लोकप्रत्ययार्थमस्यैवार्थस्याभिव्यक्त्ये पिता ते चाणक्येन घातित इति रहसि त्रासयित्वा भागुरायणरायणेनापवाहितः पर्वतकपुत्रो मलयकेतुः। शक्यः खल्वेष राक्षसःसमतिपरिगृहीतोऽपि व्युत्तिष्ठमानः प्रज्ञया निवारयितुम्। न पुनरस्य निग्रहात् पर्वतकवधोत्पन्नमयशः प्रकाशीभवत् प्रमार्ष्टुमिच्छामि। अन्यच्च नियुक्ताश्च मया स्वपक्षपणकरपक्षयेरनुरक्तापरक्तजन जिज्ञासया बहुविधदेशभाषावेषाचारसंचारवेदिनो नानाव्यञ्जनाः प्रणिधयः। अन्विष्यन्ते च कुसुमपुरनिवासिनां नन्दामात्यसुहृदां निपुणतरं प्रचारगतयः। तत्तत्कारणमुत्पाद्य कृतकृत्यतामापादिताश्चन्द्रगुप्तसहोत्थायिनो भद्रभटमभृतयः प्रधानपुरुषाः। शत्रुप्रयुक्तानाञ्च तीक्ष्णरसदायिनां प्रतिविधानं प्रत्यप्रमादिनः परीक्षितभक्तयः क्षितिपतिप्रत्यासन्नाः नियोजितास्तत्राप्तपुरुषाः। अस्ति चास्माकं सहाध्यायि मित्रं इन्दुशर्मा नाम ब्राह्मणः। स च औशनस्यां दण्डनीतौ चतुःषष्ट्यङ्गे ज्योतिःशास्त्रे च, परं प्रावीण्यमुपगतः। स च मया क्षपणकणकलिङ्गधारी नन्दवधप्रतिज्ञानन्तरमेव कुसुमपुरमुपनीय सर्वनन्दामात्यैः सह सख्यं ग्राहितो विशेषतश्च तस्मिन् राक्षसःसः समुत्पन्नविस्रम्भः। तेनेदानीं महत्प्रयोजनमनुष्ठेयं भविष्यति। तदेवमस्मत्तो न किञ्चित परिहास्यते। वृषल एव केवलं प्रधानप्रकृतिः अस्मासु आरोपितराज्यतन्त्रभारः सततमुदास्ते। अथवा, यत् स्वयमभियोगदुःखैरसाधारणैरपाकृतं, तदेव राज्यं सुखयति। कुतः –

**स्वयमाहृत्य भुञ्जाना बलिनोऽपि स्वभावतः।**

**गजेन्द्राश्च नरेन्द्राश्च प्रायः सीदन्ति दुःखिताः॥२६॥**

(ततः प्रविशति यमपटेन चरः)

**प्रणमत यमस्य चरणौ किं कार्यं दैवतरैन्यः।**

**एष खल्वन्यभक्तानां हरति जीवितं परिस्फुरन्तम्॥१७॥**

अपि च।

**पुरुषस्य जीवितव्यं विषमाद्भवति भक्तिगृहीतात्।**

**मारयति सर्वलोकं यस्तेन यमेन जीवामः॥१८॥**

यावदिदं गृहं प्रविश्य यमपटं दर्शयन्गीतानि गायामि।

(इति परिक्रामति)

शष्य: (विलोक्य) भद्र न प्रवेष्टव्यम्।

चर: हंहो ब्राह्मण, कस्य इदं गृहम् ?

शिष्य: अस्माकमुपाध्यायस्य सुगृहीतनाम्न आर्यचाणक्यस्य।

चर: विहस्य) हंहो ब्राह्मण, आत्मसंबन्धिन इव मम धर्मभ्रातुर्गृहं भवति, तद् देहि मे प्रवेशं यावत्ते उपाध्यायस्य यमपटं प्रसार्य धर्मं उपदिशामि।

शिष्य: (सक्रोधम्) धिक्! मूर्ख! कि भवानस्मदुपाध्यायादपि धर्मवित्तर:?

चर: हंहो ब्राह्मण! मा कुप्य, नहि सर्व: सर्वं जानाति तत्किमपि ते उपाध्यायो जानाति: किमपि अस्मादृशा जानन्ति।

शिष्य: (सक्रोधम्) मूर्ख! सर्वज्ञतामुपाध्यायस्य चोरयितुमिच्छसि?

चर: हंहो ब्राह्मण! यदि ते उपाध्याय: सर्वं जानाति, जानातु तावत्कस्य चन्द्र: अनभिप्रेत इति।

शिष्य: मूर्ख! किमनेन ज्ञातेन भवति?

चर: हंहो ब्राह्मण! तव उपाध्याय एव ज्ञास्यति यदनेन ज्ञातेन भवति। त्वं पुनरेतावदेव जानासि कमलानां चन्द्र: अनभिप्रेत इति। ननु पश्य—

**कमलानां मनोहराणामपि रूपाद् विसंवदति शीलम्**

**संपूर्णमण्डलेपि यानि चन्द्रे विरुद्धानि ॥१९॥**

चाणक्य: (आकर्ण्यात्मगतम्) अये चन्द्रगुप्तादपरक्तान् पुरुषान जानामीत्युपक्षिप्तमनेन।

शिष्य: मूर्ख! किमिदमसंबद्धमभिधीयते।

चर: हंहो ब्राह्मण, सुसंबद्धमेव एतद्भवेद् यदि

शिष्य: यदि किं स्यात्?

चर: यदि श्रोतुं जानन्तं जनं लभे।

चाण (विलोक्य) भद्र! सुखं प्रविश, लप्स्यसे श्रोतारं ज्ञातारञ्च। [क्व्य.श्रोतुं जानन्तम्]

चरः एष प्रविशामि। (प्रविश्योपसृत्य) जयतु जयतु आर्यः।

चाणक्यः (बिलोक्यात्मगतम्) [क.१ कथं प्रभूतत्वात् कार्याणां, कस्य परिज्ञाने नियुक्तो निपुणक इति न ज्ञायते। आः ज्ञातम्, अये] कथमयं प्रकृतिचित्तपरिज्ञाने नियुक्तो निपुणकः। (प्रकाशम्) भद्र! स्वागतम्। उपविश्यताम्।

चरः यदार्य आज्ञापयति। (भुमावुपविशति।)

चाणक्यः भद्र! वर्णयेदानीं स्वनियोगवृत्तान्तम्। अपि वृषलमनुरक्ताः प्रकृतयः?

चरः अथ किम्? आर्येण खलु तेषु तेषु विराधगुप्तगकारणेषु परिहृतेषु सुगृहीतनामधेये देवे चन्द्रगुप्ते दृढमनुरक्ताः प्रकृतयः। किं पुनः इदानीमस्ति अत्र नगरे अमात्यराक्षसःसेन सह प्रथमं समुत्पन्नस्नेहनबहुमानास्त्रयः पुरुषाः, ये देवस्य चन्द्रश्रियः श्रियं न सहन्ते।

चाणक्यः (सक्रोधम्) ननु वक्तव्यं स्वजीवितं न सहन्त इति। भद्र! अपि ज्ञायन्ते नामधेयतः?

चरः कथं अश्रुतनामधेया आर्यस्य निवेद्यन्ते?

चाणक्यः तेन हि श्रोतुमिच्छामि।

चरः श्रृणोतु आर्यः। प्रथमं तावदार्यस्य रिपुपक्षे बद्धपक्षपणकातः क्षपणकणकः

चाणक्यः (सहर्षमात्मगतम्) अस्मद्रिपुपक्षे बद्धपक्षपणकातः क्षपणकणकः।

चरः जीवसिद्धिर्नाम। येन सा अमात्य राक्षसःसेन प्रयुक्ता विषकन्यका देवे पर्वतेश्वरे समावेशिता।

चाणक्यः (स्वगतम्) जीवसिद्धिरेष तावदस्मत्प्रणिधिः। (प्रकाशम्) भद्र! अथापरः कः?

चरः आर्य, अपरः खलु अमात्यराक्षसःसस्य प्रियवयस्यः कायस्थः शकटदासो नाम।

चाणक्यः (विहस्यात्मगतम्) कायस्थ इति लघ्वी मात्रा। तथापि न युक्तं प्राकृतमपि रिपुमवज्ञातुम्। तस्मिन्मया सुहृच्छद्मना सिद्धार्थःर्थको निक्षिप्तः। (प्रकाशम्) भद्र! तृतीयं श्रोतुमिच्छामि।

चरः (विहस्य) तृतीयोपि अमात्यराक्षसःसस्य द्वितीयमिव हृदयं पुष्पपुरनिवासीं मणिकारश्रेष्ठी चन्दनदासो नाम, यस्य गेहे कलत्रं न्यासीकृत्य आमात्यराक्षसःसो नगरादपक्रान्तः।

चाणक्यः (आत्मगतम्) नूनं सुहृत्तमः। न हि अनात्मसदृशेषु राक्षसःसः कलत्रं न्यासकिरिष्यति! (प्रकाशम्) भद्र! चन्दनदासस्य गृहे राक्षसःसेन कलत्रं न्यासीकृतमिति कथमवगम्यते भवता?

चरः आर्य, इयं अङ्गुलिमुद्रा आर्यमवगतार्थं करिष्यति [क्वच.आर्यं अवगमयिष्यति] (इति मुद्रामर्पयति)

चाणक्यः (मुद्रामवलोक्य गृहीत्वा, वाचयति नामराक्षसःस्य। सहर्षं स्वगतम्) ननु राक्षसःस एवास्मदङ्गुलिप्रणयी संवृत्त इति। (प्रकाशम्) भद्र अङ्गुलिमुद्राधिगमं विस्तरेण श्रोतुमिच्छामि।

चरः श्रृणोत्वार्यः। अस्ति तावदहमार्येण पौरजनचरित्रदर्शने नियुक्तः, ततः परगृहप्रवेशे परस्यानाशङ्कनीयेन अनेन यमपटेन आहिण्डमानो, मणिकारश्रेष्ठिचन्दनदासस्य गृहं प्रविष्टोऽस्मि तत्र यमपटं प्रसार्य प्रवृत्तोऽस्मि गीतानि गातुम्।

चाणक्यः ततस्ततः।

चरः ततश्च एकस्मादपवरकात् पञ्चवर्षदेशीयः प्रियदर्शनीयशरीराकृतिः कुमारो, बालजनसुलभकौतुकोत्फुल्लनयनयुगलो निष्क्रमितुप्रवृत्तः। ततो, हा निर्गतो हा निर्गत इति शङ्कापरिग्रहं निवेदयन् [क्वच. शङ्कापरिग्रहनिभृतगुरुकः] तस्यैवापवरकस्याभ्यन्तरे स्त्रीजनस्योत्थितो महान् कलकलः। तत ईषद्वारदेशदापित मुख्या एकया स्त्रिया स कुमारको निष्क्रामन्नेव निर्भर्त्स्यावलम्बितः कोमलया बाहुलतया। तस्याश्च कुमारसंरोधसंभ्रमप्रचलिताङ्गुले; करात् पुरुषाङ्गुलिपरिणाहप्रमाणघटिता विगलितेयमङ्गुलिमुद्रिका देहलीबन्धे निपतिता; उच्चलिता च तया अनवबुद्धा एव मम चरणपार्श्वं समागत्य प्रणामनिभृता नववधूरिव निश्चला संवृत्ता। मयापि अमात्यराक्षसःसस्य नामाङ्कितेति आर्यस्य पादमूलं प्रापिता, तस्मादेषोऽस्या मुद्राया आगम इति।

चाणक्यः भद्र! श्रुतं, अपसर। नचिरादस्य परिश्रमस्यानुरूपं फलमधिगमिष्यसि।

चरः यद् आर्य आज्ञापयति (निष्क्रान्तः)

चाणक्यः शार्ङ्गरव, शार्ङ्गरव!

(प्रविश्य)

शिष्यः उपाध्याय, आज्ञापय।

चाणक्यः वत्स, मसीभाजनं पत्रञ्चोपानय।

शिष्यः यदाज्ञापयत्युपाध्यायः। (इति निष्क्रम्य पुनः प्रविश्य) उपाध्याय, इदं मसीभाजनं पत्रञ्च।

चाणक्यः (गृहीत्वा स्वगतम्) किमत्राभिलिखामि? अनेन खलु लेखेन राक्षसःसो जेतव्यः।

(प्रविश्य) प्रतीहारी—जयतु जयतु आर्यः।

प्रतीहारी (सहर्षमात्मगतम्) गृहीतोऽयं जयशब्दः। (प्रकाशम्) शोणोत्तरे! किमागमनप्रयोजनम्?

चाणक्यः आर्य कमलमुकुलाकारमञ्जलिं शीर्षे निवेश्य देवश्चन्द्रश्रीरार्यं विज्ञापयति। इच्छाम्यहमार्येणाभ्यनुज्ञातो देवस्य पर्वतेश्वरस्य पारलौकिकं कर्तुम् तेन च धारितपूर्वाणि आभरणानिभगवद्भ्यो ब्राह्मणेभ्यः प्रतिपादयामीति।

चाणक्यः (सहर्षमात्मगतम्) साधु, वृषल साधु, ममैव हृदयेन सह सम्मन्त्रय सन्दिष्टवानसि। (प्रकाशम्) शोणोत्तरे! उच्यतामस्मद्वचनाद् वृषलः, साधु, वत्स साधु। अभिज्ञः खल्वसि लोकव्यवहाराणां; तदनुष्ठीयतामात्मनोऽभिप्रायः। किन्तु पर्वतेश्वरघृतपूर्वाणि भूषणानि गुणवन्ति गुणवद्भ्य एव ब्राह्मणेभ्यः प्रतिपादनीयानि तदेषोऽहं स्वयं परीक्षितगुणान् ब्राह्मणान् प्रेषयामि।

प्रतीहारी यदार्य आज्ञापयति। (इति निष्क्रान्ता)

चाणक्यः शार्ङ्गरव! शार्ङ्गरव! उच्यन्तामस्मद्वचनाद्विश्वावसुप्रभृतयस्त्रयो भ्रातरः, यथा वृषलात् प्रतिगृह्याभरणानि [vl. प्रतिग्रहं प्रतिगृह्य] भवद्भिरहं द्रष्टव्य इति।

शिष्यः यदाज्ञापयत्युपाध्यायः (इति निष्क्रान्तः)

चाणक्यः (स्वगतम्) उत्तरोऽयं लेखार्थः। पूर्वः कतमोऽस्तु। (विचिन्त्य) आः ज्ञातम्। उपलब्धवानस्मि प्रणिधिभ्यो, यथा तस्य म्लेच्छराजबलस्य मध्यात् प्रधानतमाः पञ्च राजानः परया सुहृत्तया राक्षसःसमनुवर्तन्ते। तद्यथा,

**कौलूतश्चित्रवर्मा, मलयनरपतिः सिंहनादो नृसिंहः,**

**काश्मीरः पुष्कराक्षसः:, क्षतरिपुमहिमा सैन्धवः सिन्धुषेणः।**

**मेघाक्षः पञ्चमोऽस्मिन् पृथुतुरगबलः पारसीकाधिराजो,**

**नामान्येषां लिखामि ध्रुवमहमधुना चित्रगुप्तः प्रमार्ष्टु॥२०॥**

(विचिन्त्य) अथवा न लिखाभि। सर्वमनभिव्यक्तमेव ताव दास्ताम्। शार्ङ्गरव, शार्ङ्गरव!

(प्रविश्य) शिष्यः—उपाध्याय, आज्ञापय।

चाणक्यः वत्स, श्रोत्रियाक्षराणि प्रयत्नेन लिखितान्यपि नियतमस्फुटानि भवन्ति, तदुच्यतामस्मद्वचनात् सिद्धार्थकः। (कर्णे कथयित्वा) एभिरक्षरैः केनापि किमपि कस्यापि स्वयं वाच्यमिति अदत्तवाह्यनामानं लेखं शकटदासेन लेखयित्वा मामुपतिष्ठस्व; न चाख्येयमस्मै चाणक्यो लेखयतीति।

शिष्यः यदाज्ञापयत्युपाध्यायः (इति निष्क्रान्तः)

चाणक्यः (स्वगतम्) हन्त! जितो मलयकेतुः।

(प्रविश्य लेखहस्तः) सिद्धार्थकः—जयतु जयतु, आर्यः। अयं स शकटदासेन लिखितो लेखः। [क्व.दासेन मम वचनेन अविचार्य लिखितो लेखः]

चाणक्यः (गृहीत्वा निरीक्ष्य) अहो दर्शनीयानि अक्षराणि! (इत्यनुवाच्य) भद्र! अनया मुद्रया मुद्रयैनम्।

सिद्धा यथार्य आज्ञापयति। (तथा कृत्वा) आर्य, अयं मुद्रितो लेखः। आज्ञापयतु आर्यः किमपरं अनुष्ठीयताम्।

चाणक्यः भद्र, कस्मिंश्चिदाप्तजनानुष्ठेये कर्मणि त्वां व्यापारयितुमिच्छामि।

सिद्धार्थः (सहर्षम्) आर्य, अनुगृहीतोऽस्मि। आज्ञापयतु आर्यः किमनेन दासजनेन आर्यस्य अनुष्ठातव्यम्।

चाणक्यः भद्र, प्रथमं तावद् वध्यस्थानं गत्वा घातकाः सरोषं दक्षिणाक्षिसङ्कोचसंज्ञां [क्व. सरोषदक्षिणाक्षि०] ग्राहयितव्याः। स्ततस्तेषु गृहीतसंज्ञेषु भयापदेशादितस्ततः प्रद्रुतेषु शकटदासो वध्यस्थानादपनीय राक्षसःसं प्रापयितव्यः तस्माच्च सुहृत्प्राणरक्षणपरितुष्टात् पारितोषिकं ग्राह्यम्। राक्षसःस एवं कंचित् कालं सेवितव्यः, ततः प्रत्यासन्नेषु परेषु त्वया प्रयोजनमिदमनुष्ठेयम्। (कर्णे एवमेवम्)

सिद्धार्थः यथार्य आज्ञापयति।

चाणक्यः शार्ङ्गरव! शार्ङ्गरव!

(प्रविश्य)

शिष्यः उपाध्याय! आज्ञापय।

वाण उच्यतां मद्वचनात् कालपाशिको दण्डपाशिकश्च यथा वृषलः समाज्ञापयाते य एष क्षपणकणको जीवसिद्धिर्नाम राक्षसःसप्रयुक्तो विषकन्यया पर्वतेश्वरं घातितवान् स एनमेव दोषं प्रख्याप्य सनिकारं नगरान्निर्वास्यतामिति।

शिष्यः यदाज्ञापयत्युपाध्यायः। (इति परिक्रामति)

चाणक्यः वत्स तिष्ठ तिष्ठ। योऽयमपरः कायस्थः शकटदासो नाम राक्षसःसप्रयुक्तो नित्यमस्मच्छरीरमभिद्रोग्धुमिह प्रयतते स चाप्येनं दोषं प्रख्याप्य शूलमारोप्यतां, गृहजनश्चास्य बन्धनागारे प्रवेश्यतामिति।

शिष्यः यथाज्ञापयत्युपाध्यायः (इति निष्क्रान्तः)

चाणक्यः (चिन्तां नाटयित्वा स्वगतम्) अपि नाम दुरात्मा राक्षसःसो गृह्येत?

सिद्धार्थः आर्य गृहीतः।

चाणक्यः (सहर्षमात्मगतम्) हन्त गृहीतो राक्षसःसः। (प्रकाशम्) भद्र, कोऽयं गृहीतः?

सिद्धार्थः गृहीतो मया आर्यस्य संदेशः तद् गमिष्याम्यहं कार्यसिद्धयै।

चाणक्यः (साङ्गुलिमुद्रं लेखमर्पयित्वा) भद्र! सिद्धार्थक! गम्यताम्, अस्तु ते कार्यसिद्धिः।

सिद्धा यथार्य आज्ञापयति। (प्रणम्य निष्क्रान्तः)

(प्रविश्य)

शिष्य उपाध्याय, कालपाशिको दण्डपाशिकश्चः उपाध्यायं विज्ञापयतः। इदमनुष्ठीयते देवस्य चन्द्रगुप्तस्यः शासनमिति।

चाणक्यः शोभनम्। वत्स! माणकारश्रेष्ठिनं चन्दनदासमिदानीं द्रष्टुमिच्छामि।

शिष्यः यथाज्ञापयत्युपाध्यायः (इति निष्क्रम्य चन्दनदासेन सह पुनः प्रविश्य) इत इतः श्रेष्ठिन्!

चन्दनदासः (स्वगतम्)

**चाणक्ये अकरुणे, सहसा शब्दायितस्यापि जनस्य।**

**निर्दोषस्यापि शङ्का, किं पुनर्मम जातदोषस्य॥२१॥**

तस्माद्भणिता मया धनसेनप्रमुखास्त्रयो गृहजनसेवकाः [क्व्च.वाणिजिकाः] यथा कदापि चाणक्यहतको गेहं मे विचिनोति तस्मादवहिता निर्वहत भर्तुरमात्यराक्षसःसस्य गृहजनम्, मम तावद्यद्भवति तद्भवतु।

शिष्यः भोः श्रेष्ठिन्! इत इतः।

चन्दनदासः अयमागतोस्मि। (उभौ परिक्रामतः)

शिष्यः (उपसृत्य) उपाध्याय! अयं श्रेष्ठी चन्दनदासः।

चन्दनदासः जयतु आर्यः।

चाणक्यः (नाट्येनावलोक्य) भोः श्रेष्ठिन्! स्वागतमिदमासनमास्यताम्।

चन्दनदासः (प्रणम्य) किंन जानाति आर्यः—यथा अनुचित उपचारः हृदयस्य [ङ्करु.सहृदयस्य; [ह्व परिजनहृदयस्य] परिभवादपि महद् दुःखमुत्पादयति। तस्मादिहैव उचितायां भूमौ उपविशामि।

चाणक्यः भोः श्रेष्ठिन्! मा मैवम् संभावितमेवेदमस्मद्विधैः भवतः [vl.उचितमेवैतदस्मद्विधैः सह भवतः] तदुपविश्यतामासने एव।

चन्दनदासः (स्वगतम्) उपक्षिप्तमनेन दुष्टेन किमपि [क्व्च.उपलक्षितमनेन किमपि] यथार्य

आज्ञापयति। (इति उपविष्टः)

चाणक्यः भोः श्रेष्ठिन्! चन्दनदास! अपि प्रचीयन्ते संव्यबहाराणां लाभाः [vl.संव्यवहाराणां वृद्धिलाभाः]

चन्दनदासः (स्वगतम्) अत्यादरः शङ्कनीयः। (प्रकाशम्) अथ किम्? आर्यस्य प्रसादेन अखण्डिता मे वाणिज्या।

चाणक्यः भोः श्रेष्ठिन्; अपि (क्य़.न खलु) चन्द्रगुप्तदोषा अतिक्रान्तंपार्थिवगुणान् अधुना स्मारयन्ति प्रकृतीः?

चन्दनदासः (कर्णौ पिधाय) शान्तं पापम्। शारदनिशासमुद्नतेनेव पूर्णिमाचन्द्रेण चन्द्रश्रिया अधिक नन्दन्ति प्रकृतयः। [क्य़. शान्तं पापम् उदितेन शारदनिशा विमला इव पूर्णिमामृगाङ्केण। देवेन चन्द्रश्रिया अधिकं नन्दन्ति प्रकृतयः]

चाणक्यः भोः श्रेष्ठिन्! यद्येवं, प्रीताभ्यः प्रकृतिभ्यः प्रति प्रियमिच्छन्ति राजानः।

चन्दनदासः आज्ञापयतु आर्यः—किं कियद्वा अर्थजातं अस्माज्जनादिष्यत इति।

चाणक्यः भोः श्रेष्ठिन्! चन्द्रगुप्तराज्यमिदं न नन्दराज्यं, यतो नन्दस्यैवार्थरुचेरर्थसंबन्धः प्रीतिमुत्पादयति; चन्द्रगुप्तस्य तु भवतामपरिक्लेश एव।

चन्दनदासः (सहर्षम्) आर्य, अनुगृहीतोस्मि।

चाणक्यः भोः श्रेष्ठिन्! स चापरिक्लेशः कथमाविर्भवतीति ननु प्रष्टव्याः स्मो भवता।

चन्दनदासः आज्ञापयतु आर्यः।

चाणक्यः संक्षेपतो राजनि अविरुद्धाभिर्वृत्तिभिः [क्य़.वृत्तिभिः वर्तितव्यम्]

चन्दनदासः आर्य, कः पुनरधन्यः राज्ञा विरुद्ध इति आर्येण अवगम्यते?

चाणक्यः भवानेव तावत् प्रथमः। [क्य़.प्रथमम्]

चन्दनदासः (कर्णौ पिधाय) शान्तं पापम्! कीदृशस्तृणानामग्निना सह विराधगुप्तेधः।

चाणक्यः अयमीदृशो विराधगुप्तेधो, यत्त्वमद्यापि राजापथ्यकारिणोऽमात्यराक्षसःसस्य गृहजनं स्वगृहमाभनीय रक्षसि।

चन्दनदासः आर्य, अलीकमेतत्केनापि अनभिज्ञेन [क्य़.अनार्येण] आर्यस्य निवेदितम्।

चाणक्यः भोः श्रेष्ठिन्! अलमाशङ्कया, भीताः पूर्वराजपुरुषाः

चन्दनदासः आर्य, अलीकमेतत्केनापि अनभिज्ञेन [क्य़.अनार्येण] आर्यस्य निवेदितम्।

चाणक्यः भोः श्रेष्ठिन्! अलमाशङ्कया, भीताः पूर्वराजपुरुषाः पौराणामनिच्छतामपि गृहेष गृहजनं निक्षिप्य देशान्तरं व्रजन्ति, ततस्तत्प्रच्छादनमेव दोषमुत्पादयति।

चन्दनदास: एवं न इदम्। तस्मिन्समये आसीदस्मद्गृहे अमात्यराक्षस:सस्य गृहजन:।

चाणक्य: प्रथममनृतमिदानीमासीदिति परस्परविराधगुप्तेधिनी वचने। [vl. वचन शृङ्खला]

चन्दनदास: एतावदेवास्ति मे वाक्छलम्!

चाणक्य: भो: श्रेष्ठिन्? चन्द्रगुप्ते राजाने न परिग्रह: छलानां तत् समर्पय राक्षस:सस्य गृहजनमच्छलं भवतु भवत:।

चन्दनदास: आर्य, ननु विज्ञापयामि, तस्मिन् समये आसीदस्मद्गृहे अमात्यराक्षस:सस्य गृहजन इति।

चाणक्य: अथेदानी क्वगत:?

चन्दनदास: न जानामि कुत्र गत: इति।

चाणक्य: (स्मितं कृत्वा) कथं न ज्ञायते नाम? भो श्रेष्ठिन्! शिरसि भयं [क्व्य.फणी,] द्वरे तत्प्रतीकार:।

चन्दनदास: (स्वगतम्)

**उपरि घनाघन रटिते दूरे दयिता किमेतदापतितम्।**

**हिमवति दिव्यौषधय: शीर्षे सर्प: समाविष्ट:॥२२॥**

चाणक्य: अन्यच्च। नन्दमिव विष्णुगुप्त—(इत्यर्धोक्ते लज्जां नाटयित्वा) चन्द्रगुप्तममात्यराक्षस:स: समुच्छेत्स्यतीति मैवं मंस्था:। पश्य,

विक्रान्तैर्नयशालिभि: सुसचिवै: श्रीर्वक्रनासादिभि:

नन्दे जीवति या तदा न गमिता स्थैर्यं चलन्ती मुहु:।

सामेकत्वमुपागतां द्युतिमिव प्रह्लादयन्तीं जगत्

कश्चन्द्रादिव चन्द्रगुप्तनृपते: कर्तुं व्यवस्येत् पृथक्॥२३॥

अपिच, (आस्वादितेत्यादि प्रागुक्तं पठति)

चन्दनदास: (स्वगतम्) फलेन संवादितमस्य विकत्थितम्। [क्व्य.संवादितं शोभते ते विकत्थितम्]

(नेपथ्ये उत्सारणा क्रियते)

चाणक्य: शार्ङ्गरव! ज्ञायतां किमेतत्।

शिष्य: यथाज्ञापयत्युपाध्याय: (इति निष्क्रम्य, पुन: प्रविश्य) उपाध्याय! एष राज्ञश्चन्द्रगुप्तस्याज्ञया राजाषथ्यकारी क्षपणकणको जीवसिद्धि: सनिकारं

नगरान्निर्वास्यते।

चाणक्य: क्षपणकणक! अहह! अथवा, अनुभवतु राजापथ्यकारित्वस्य फलम्। भो: श्रेष्ठिन्! चन्दनदास! एवमयं राजापथ्यकारिषु तीक्ष्णदण्डो राजा, तत् क्रियतां पथ्यं सुहृद्वच:, समर्प्यतां राक्षस:सगृहजन:, चिरमनुभूयन्तां विचित्रा राजप्रसादा: (क्व.अनुभूयतां चिरं विचित्रफलो राजप्रसाद:)

चन्दनदास: नास्ति मे गेहे अमात्यराक्षस:सगृहजन:।

(ततो नेपथ्ये कलकल: पुनरुत्सारणा क्रियते)

चाणक्य: शार्ङ्गरव, ज्ञायतां पुन: किमेतत्।

शिष्य: यथाज्ञापयत्युपाध्याय: (इति निष्क्रम्य, पुन: प्रविश्य) उपाध्याय। असौ राजाज्ञया राजापथ्यकारी कायस्थ: शकटदास: शूलमारोपयितुं नीयते।

चाणक्य: स्वकर्मफलभाग भवतु। भो: श्रेष्ठिन! एवमयं राजापथ्यकारिषु तीक्ष्णदण्डो राजा, न मर्षयिष्यति राक्षस:सकलत्रप्रच्छादनं भवत:, तद्रक्ष परकलत्रेणात्मन: कलत्रं जीवितंच।

चन्दनदास: आर्य! किं मे भयं दर्शयसि? सन्तमपि गेहे अमात्यराक्षस:सस्य गृहजनं न समर्पयामि, किं पुनरसन्तम्।

चाणक्य: चन्दनदास! एष ते निश्चय:?

चन्दनदास: बाढ़ं, एष मे स्थिरो [क्व. धीरो] निश्चय:।

चाणक्य: (स्वगतम्) साधु! चन्दनदास! साधु!

सुलभेष्वर्थलाभेषु परसंवेदने [क्व.परस्योद्वेजने] जन:।

क इदं दुष्करं कुर्य्यादिदानीं शिबिना विना॥२४॥

(प्रकाशम्) चन्दनदास! एष ते निश्चय:?

चन्दनदास: बाढं एष मे स्थिरो निश्चय:।

चाणक्य: (सक्रोधम्) दुरात्मन् दुष्टवणिक्। अनुभूयतां तर्हि राजकोप:।

चन्दनदास: (बाहु प्रसार्य) सज्जोऽस्मि, अनुतिष्ठतु आर्य: आत्मनोऽधिकारस्य अनुरूपम्।

चाणक्य: (सक्रोधम्) शार्ङ्गरव! उच्यतामस्मद्वचनात् कालपाशिको दण्डपाशिकश्च, शीघ्रमयं दुष्टवणिग् निगृह्यताम्, अथवा तिष्ठतु, उच्यतां दुर्गपालो विजयपालश्च, गृहीतगृहसारमेनं सपुत्रकलत्रं संयम्य रक्ष तावद् यावन्मया वृषलाय कथ्यते। स एवास्य सर्वस्वप्राणहरणं दण्डमाज्ञापयिष्यति।

शिष्य: यदाज्ञापयत्युपाध्याय इति। श्रेष्ठिन्! इत इत:।

चन्दनदासः (उत्थाय) आर्य अयमागच्छामि। (स्वगतम्) दिष्टया मित्रकार्येण मे विनाशो न पुनः पुरुषदोषेण।

(परिक्रम्य शिष्येण सह निष्क्रान्तः)

चाणक्यः (सहर्षम्) हन्त, लब्ध इदानीं राक्षसःसः। कुतः

**त्यजत्यप्रियवत् प्राणान् यथा तस्यायमापदि।**

**तथैवास्यापदि प्राणा नूनं तस्यापि न प्रियाः॥२५॥**

(नेपथ्ये कलकलः)

चाणक्यः शार्ङ्गरव!

(प्रविश्य) शिष्यः—उपाध्याय, आज्ञापयतु।

चाणक्यः ज्ञायतां किमेतत्।

(निष्क्रम्य विभाव्य पुनः प्रविश्य सम्भ्रान्तः) शिष्यः—उपाध्याय, एष खलु शटकदासं वध्यमानं वध्यभूमेरादाय समपक्रान्तः सिद्धार्थकः।

चाणक्यः (स्वगतम्) साधु सिद्धार्थःर्थक, साधु। कृतः कार्यारम्भः। (प्रकाशम्) प्रसह्य किमपक्रान्तः! (सक्रोधम्) वत्स! ष्च्यतां भागुरायणरायणो यथा त्वरितमेनं संभावयेति।

शिष्यः (पुनः तथा कृत्वा प्रविश्य सविषादम्) उपाध्याय, हा! धिक्! कष्टमपक्रान्तो भागुरायणरायणः।

चाणक्यः (स्वगतम्) व्रजतु कार्यसिद्धये। (प्रकाशं सक्रोधमिव) वत्स कृतं विषादेन, उच्यन्तामस्मद्वचनाद्भद्रभटपुरुषदत्तहिङ्गुरातबलगुप्तराजसेनरोहिताक्षविजयवर्माणः शीघ्रमुपसृत्य गृह्यतां दुरात्मा भागुरायणरायणः [क्द्य.शकटदास] इति।

शिष्य यथाज्ञापयत्युपाध्यायः। (इति निष्क्रम्य पुनःप्रविश्य सविषादम्) उपाध्याय! हा धिक् कष्टं! सर्वमेव तन्त्रमाकुलीभूतम्! तेऽपि खलु भद्रभटप्रभृतयः प्रथमतरमप्रभातायामेव जरन्यामपक्रान्ताः।

चाणक्यः (स्वगतम्) सर्वेषामेव शिवाः पन्थानः सन्तु। (प्रकाशम्)। वत्स! अलं विषादेन। पश्य

ये यताः किमपि प्रधार्य हृदये, पूर्वं गता एव ते;

ये तिष्ठन्ति भवन्तु तेऽपि गमने कामं प्रकामोद्यमाः।

एका केवलमर्थसाधनविधौ सेनाशतेभ्योऽधिका

नन्दोन्मूलनदृष्टवीर्यमहिमा बुद्धिस्तु मा गान्मम॥२६॥

(उत्थाय प्रत्यक्षवदाकाशे लक्ष्यं बद्ध्वा) एष खलु दुरात्मनो भद्रभटप्रभृतीनाहरामि। (आत्मगतम्) दुरात्मन् राक्षसःस! क्वेदानीं यास्यसि? एषोऽहमचिराद्भवन्तम् -

स्वच्छन्दमेकचरमुज्ज्वलदानशक्तिं

उत्सेकिना मदबलेन [क्व.बलमदेन] विगाहमानम्।

बुद्ध्या निगृह्य वृषलस्य कृते क्रियाया-

मारण्यकं गजमिव प्रगुणीकरोमि॥२७॥

(इति निष्क्रान्ताः सर्वे)

इति निष्क्रान्ताः सर्वे)

इति मुद्राराक्षसःसे प्रथमोऽङ्कः।

**પ્રથમ અંક**

*(દેવી પાર્વતી) "હે (વિભુ)! તમારા માથા પર શોભાયમાન આ ધન્યા કોણ છે? (ભગવાન શિવ) (આ છે) શશિકલા. (પાર્વતી) શું આ 'શશિકલા' એનું નામ છે? (શિવ) હા; આ તેનું નામ જ છે અને તમે પણ તેનાથી પરિચિત છો, છતાં કયા કારણથી તમે તેને ભૂલી ગયા છો? (પાર્વતી) હું આ સ્ત્રી (તમારા મસ્તક પર સ્થિત) ને પૂછી રહી છું (તે કોણ છે?), ચંદ્રને નહીં. (શિવ) જો તમને મારી આ વાત પર વિશ્વાસ ન હોય કે આ 'શશિકલા' છે, તો (તમારી સખી) વિજયાને પૂછીલો". આ રીતે દેવી પાર્વતી( ની ઈર્ષ્યા-ક્રોધ)થી સુર-સરિતા (ગંગા) ને બચાવવા ઈચ્છુક ભગવાન શિવનું શાઠ્ય(અન્ય સ્ત્રી વિષયક ધૃષ્ટતા) આપ સામાજિકોનું રક્ષણ કરે. ॥1॥*

*અને પણ - ચરણોના સ્વચ્છન્દ પ્રક્ષેપથી પ્રકટ થઈ રહી, નૃત્યનુ આધાર બનેલી ભૂમિને અવનતિથી બચાવવા વાળા, સમસ્ત લોકોના અતિક્રમણ કરવાની ઈચ્છા રાખવા વાળી ભુજાઓને સંકોચાવાનો વારંવાર અભિનય કરવા વાળા સળગવા (ભસ્મ થવા)ના ભય થી આગની ચિંગારીઓ છોડવા વાળી ઉગ્રહ (પ્રલયકારી) દૃષ્ટિનો અભિનય-ક્રિયાની વસ્તુઓ રંગમંચ ભૂલોક વગેરે પર સ્થિર ન કરવાવાળા ત્રિભુવન-વિજય ભગવાન શિવનું દુઃખ નૃત્ય (તાંડવ નૃત્ય) સંરક્ષણ અનુરોધ થી જ આપ સર્વ સામાજિકોની રક્ષા કરે. ॥2॥*

**(નાંદી પાઠ પછી)**

*સૂત્રધાર : આને વધારે વિગતવાર ન કહેવું જોઈએ. સામાજિકોની પરિષદ દ્વારા મને આજ્ઞા આપવામાં આવી છે કે આજે સામન્ત વટેશ્વરદત્ત ના પૌત્ર મહારાજ-પદલાંચ્છિત પૃથુ પુત્ર કવિ વિશાખદત્તની રચના 'મુદ્રારાક્ષસ' નામના નાટકનો અભિનય કરવામાં આવે. હકીકતમાં કાવ્યમર્મ ને જાણવા વાળી આ પરિષદમાં નાટક-પ્રદર્શન કરવાવાળા મારા ચિત્તમાં અત્યન્ત સંતોષ ઉત્પન્ન થઈ રહ્યો છે. કેમ કે -*

મૂર્ખ ખેડૂતની ફળદ્રુપ જમીનમાં ઉગાડવામાં આવતા પાક પણ ખીલે છે, કારણ કે ગુચ્છોમાં અનાજનો વિકાસ બીજ વાવનાર વ્યક્તિના ગુણોની અપેક્ષા કરતુ નથી. ॥3॥

તો પછી હવે ઘરે જઈને પત્નીને બોલાવીને ઘરના લોકોની સાથે અભિનયનું આયોજન કરું . (ચારેબાજું ફરતા જોઈને) આ તો મારું જ ઘર છે. તો પ્રવેશ કરી શકાય. (અભિનય મુદ્રાથી પ્રવેશ કરી તથા જોઈને) અરે ! આ તો અમારા ઘરે કોઈ ઉત્સવ જેવું દેખાય રહ્યું છે? મોટાભાગે પરિવારના સભ્યો પોતપોતાના કાર્યમાં વ્યસ્ત છે.

કારણ કે આ સેવિકા પાણી લાવી રહી છે, આ ( પાત્રોને લોપન વગેરેના માટે ) સુગંધિત પદાર્થો (કેસર, ચંદન વગેરે) ઘસી રહી છે. આ (અન્ય) વિભિન્ન (રંગબેરંગી) માળાઓ ગૂંથી રહી છે. આ(બીજી કોઈ) આ મુસળ ને ચલાવતી વખતે વારંવાર મધુર હુંકાર કરી રહી છે. ॥4॥

ભલે, પત્ની (નટી)ને બોલાવીને પુછું.

(નેપથ્ય તરફ જોઈને)

અરી ગુણશીલા ! નાટકાદિપ્રયોગનિલયે ! અવસ્થાનુરુપસમર્થ ! તથા ધર્મ, અર્થ અને કામ સંબંધિત 'ત્રિવર્ગ'નું સંપાદન કરવાવાળી! મારી ભવન-નીતિ ( રંગમંચ સમ્બન્ધી નીતિ = જાણકારી) નું જ્ઞાન રાખવાવાળી આર્યે ! કાર્યાચાર્યા ઝડપથી અહીં આવો. ॥5॥

નટી : (પ્રવેશીને) આર્યપુત્ર! હું અહીં આવી ગઈ છું. આજ્ઞા કરો ( શું કરું).

સૂત્રધાર - આર્યા! આજ્ઞા આપવાની વાત છોડો. એ કહો કે આજે તમે બ્રાહ્મણોને આમંત્રિત કરીને આ પરિવારને શા માટે કૃતાર્થ કર્યો છે? અથવા અભીષ્ટ અતિથિ ઘરે પધાર્યા છે, શું આ માટે આ ભોજય વિશેષનું આયોજન કરવામાં આવી રહ્યું છે?

નટી : આર્ય! આજે મેં પૂજય બ્રાહ્મણોને આમંત્રણ આપ્યું છે.

સૂત્રધાર : કેમ, કયા કારણ થી?

નટી – ચંદ્ર ભગવાનનું ગ્રહણ થવાનું છે.

સૂત્રધાર : આ કોણે કહ્યું (તમને)?

નટી : નગરવાસી વ્યક્તિ આવું કહી રહ્યા છે.

સૂત્રધાર : આર્યે! મેં ચોસઠ અંગવાળા જ્યોતિષ શાસ્ત્રમાં મહેનત કરી છે. આથી પૂજનીય બ્રાહ્મણો માટે ભોજન ભલે બનાવો, પરંતુ ચંદ્રગ્રહણ થઈ રહ્યું છે , આવું કહિને કોઈએ તને કોઈકે ભરમાવી છે .જુઓ :

(ચંદ્રના પક્ષમાં :) તે ક્રૂરગ્રહ કેતુ આ સમયે સંપૂર્ણ મંડળવાળા ચંદ્રને આક્રાન્ત કરવા માંગે છે : (આ રીતે અધૂરી વાત કહેવા પર)

(ચંદ્રગુપ્તના પક્ષમાં :) તે ક્રૂરગ્રહ કેતુ (રાક્ષસ) આ સમયે સંપૂર્ણ મંડળવાળા ચંદ્ર પર (ચંદ્રગુપ્ત) ચન્દ્રગુપ્તને પરાભૂત કરવા માંગે છે.

( નેપથ્ય માંથી) અરે! મારી (ચાણક્યની) હાજરીમાં ચંદ્રગુપ્તને કોણ હરાવવા માંગે છે?

સૂત્રધાર: પરંતુ બુધનો યોગ ચંદ્રની રક્ષા કરે છે. ॥૬॥

નટી : આર્ય! વળી, પૃથ્વી પર રહીને આ કોણ વ્યક્તિ ચંદ્રગ્રહણ (ચંદ્રગુપ્તના પરાભવ) ના યોગથી રક્ષણ કરવા માંગે છે?

સૂત્રધાર: આર્યે! ખરેખર, હું પણ જોઈ શક્યો નહીં. ઠીક છે, ફરીથી સાવધાન થઈને અવાજને ઓળખવાનો પ્રયાસ કરું છું. (क्रुरग्रह...॥ ૧/૬॥ શ્લોક ફરીથી બોલે છે)

(નેપથ્ય માં) અરે! મારી હાજરીમાં આ કોણ ચન્દ્રગુપ્ત પર બળથી કોણ આક્રમણ કરવા માંગે છે?

સૂત્રધાર: (સાંભળીને) હા; સમજાઈ ગયું ! કૌટિલ્ય:

(આ પ્રમાણે અપૂર્ણ વાત સાંભાણતા જ નટી ભયનો અભિનય કરે છે.)

સૂત્રધાર : જેણે ક્રોધની આગમાં નંદ વંશને બાળી નાખ્યો હતો, એ જ કુટિલ મતિ કૌટિલ્ય 'ચંદ્રગ્રહણ' શબ્દ સાંભળીને સમાન નામવાળા મૌર્ય સમ્રાટ 'ચંદ્રગુપ્ત' પર શત્રુઓ દ્વારા કરવામાં આવેલો હુમલો સમજે છે. ॥૭॥

તો આપણે બંને અહીંથી જઈએ. ( આ પ્રકારે બંને નિકળી જાય છે.)

પ્રસ્તાવના સમાપ્ત.

(ત્યારબાદ ચાણક્ય ખુલ્લી શિખાને સ્પર્શ કરીને પ્રવેશ કરે છે.)

ચાણક્ય: (અરે) મને કહો, આ કોણ વ્યક્તિ મારા ચાણક્યના હોવા છતા ચંદ્રગુપ્તને હરાવવા માંગે છે ?

કોણ વ્યક્તિ બગાસું ખાતા ઊંઘમાંથી જાગેલા, જે મુખ ફેલાવેલ સિંહના મુખમાંથી ચન્દ્રમાની અરુણિમા સમાન કાન્તિ જેવી શોભાવાળી, હાથીના લાલ:લાલ રક્તપાનના કારણે રક્તથી યુક્ત ચમચમાતી દાઢને બળથી ઉખાડવાની ઈચ્છા કરે છે? ॥૮॥

અને:

મરવા માટે તૈયાર કોણ વ્યક્તિ નંદવંશ માટે કાલ રૂપી નાગિન જેવી ઘોર કાળી મારી શિખાને હજુ પણ બાંધેલી જોવા માંગતો નથી? ॥૯॥

અને:

પારકા તથા આપણા બળનું જ્ઞાન ન રાખવા વાળા એવા

કોણ મુર્ખ છે, કે જે બળી રહેલા નંદવંશ રૂપી વનના દાવાનળ સદશ મારા ક્રોધના પ્રતાપનું ઉલ્લંઘન કરતા તત્કાલ મરવા તૈયાર છે? ॥૧૦॥

શાર્ઙ્ગરવ ! ઓ શાર્ઙ્ગરવ !!

*શિષ્ય : (પ્રવેશ કરીને) હે આચાર્યજી! આજ્ઞા કરો.*

*ચાણક્ય : વત્સ! બેસવા ઈચ્છું છું.*

*શિષ્ય : આચાર્યજી! આ દ્વાર પર સ્થિત પ્રકોષ્ઠમાં વેત્રાસન પાથરેલું છે, તેના પર બેસી શકો છો.*

*ચાણક્ય – વત્સ ! દુશ્મનોનો નાશ કરવાના કાર્ય પ્રત્યેની આપણી આસક્તિ આપણને પરેશાન કરી રહી છે, શિષ્યજનો પ્રત્યે સ્વાભાવિક ક્રૂરતા નથી. (નાટકીય રીતે બેસીને, મનમાં) આ સમાચાર નાગરિકોમાં કેવી રીતે ફેલાઈ ગયા કે : 'નંદ કુળના વિનાશને કારણે ક્રોધી રાક્ષસ, પર્વતકની હત્યાથી ક્રોધ યુક્ત સમગ્ર નંદ રાજ્યની સ્વામિત્વપ્રદાન ની શરતથી પ્રોત્સાહિત પર્વતકઃપુત્ર મલયકેતુની સાથે સન્ધિ કરી, એના દ્વારા આશ્રિત મ્લેચ્છોંની વિશાળ સેનાથી પરિવૃત્ત થઈ ને ચંદ્રગુપ્ત પર આક્રમણ કરવા તૈયાર છે.' (વિચારીને) અથવા કોણ મને ચાણક્યને બધા લોકોની સમક્ષ નંદવંશના વિનાશની પ્રતિજ્ઞા કરી એ પ્રતિજ્ઞા રૂપી દુર્ગમ નદી પાર કરી લીધી, એ જ હું (ચાણક્ય) હવે ફેલાઈ રહેલા આ સમાચારને શાંત કરવા માટે શું સમર્થ ન થઈ શકું? કારણ કે તે :*

*જે મારી ચાણક્યની (આ) ક્રોધાગ્નિ દુશ્મનો (નંદ)ની પ્રિયતમા રૂપી દિશાઓના મુખચંદ્રોની નિરન્તર પ્રિયઃવિરહરૂપી ધુમાડાથી મલિન કરી, મંત્રી રૂપી વૃક્ષોથી રાજનીતિ રૂપી વાયુ દ્વારા એકત્રિત કરેલી મોહરૂપી ભસ્મને મનભરીને વેરીને, વ્યાકુળ પાટલિપુત્ર નિવાસી નાગરિક રૂપી પક્ષીસમુહોથી રહિત નંદવંશ રૂપી અંકુરને બાળીને વનમાં દાવાનળ જે પ્રકારારે દહન શક્તિ સમાપ્ત થવાથી ઓલવાઈ જાય છે, એજ પ્રકારે શાન્ત થઈ રહી છે, અફસોસનો કારણે નહીં. ॥૧૧॥*

*અને :*

*જે લોકોએ પહેલા રાજા નંદના ડરથી ધિક્કાર શબ્દપૂર્ણ અવનત મુખોથી શોક કરતા વિવશ મને ચાણક્યને અગ્રઃઆસનથી ઉતારી નાખતા જોયો હતો,એ જ લોકો હવે, જેવી રીતે હવે સિંહ ગજરાજને પર્વતઃશિખરથી ખેંચીને પાડે છે એ જ પ્રકારે રાજઃસિંહાસનથી સપરિવાર નંદને પાડતા જુએ. ॥૧૨॥*

*આ રીતે, હું હવે પ્રતિજ્ઞાઃ ભાર(નંદવંશનો નાશ) પૂર્ણ કરીને પણ ચંદ્રગુપ્તના અનુરોધથી શસ્ત્ર ધારણ કરુ છું.*

*હું એ જ (ચાણક્ય) છું આ પૃથ્વીના હૃદયરોગોની સમાન આઠ પુત્રો સહિત નંદ (નવ નંદો)નો નાશ કરી નાખ્યો, તળાવમાં નલિની સમાન મૌર્યવંશનામાં રાજ્યલક્ષ્મીને અચળ કરી દીધી, ક્રોધ તથા પ્રીતિ બંનેના તત્ત્વભૂત ન્યાયનો નિગ્રહ તથા અનુગ્રહ બંનેના પરિણામોને શત્રુ તથા મિત્ર બંનેમાં સમાન રીતે વહેંચી દીધા છે. ॥૧૩॥*

*અથવાઃરાક્ષસને પકડ્યા વિના નંદવંશનું ઉન્મૂલન શું? અથવા ચંદ્રગુપ્ત ની રાજ્યલક્ષ્મીની સ્થિરતાની વાત શું? (વિચારીને) ઓહ! રાક્ષસનું નંદવંશમાં અત્યંત ભક્તિભાવ છે. ચોક્કપણે તેનું નંદ વંશના એક પણ વ્યક્તિના જીવિત રહેતા*

ચંદ્રગુપ્તના મંત્રી બનવું સંભવ નથી. એના ઉદ્યોગ પ્રત્યે આપણે નિરૂદ્યમતા સ્થાપિત કરવી જોઈએ. આ રીતે વિચારીને, નંદવંશના સર્વાર્થસિદ્ધિની પણ હત્યા કરવી દેવામાં આવી છતાં પણ તે મલયકેતુને પોતાનો કરી (પોતાના પક્ષમાં કરી) આપણા વિનાશ માટે મહાન પ્રયાસો કરે જ છે. (આગળ આકાશ તરફ એકટક જોઈને) શાબાસ ! શાબાસ ! મંત્રીઓમાં બૃહસ્પતિ, શાબાસ !.

કારણ કે -

આ સંસાર વૈભવથી સમ્પન્ન સ્વામી (રાજા) ની સેવા અર્થલાભના કારણે કરે છે . વળી જે વિપત્તિઓમાં પણ સ્વામીનું અનુકરણ કરે છે, તે રાજ્ય વગેરે લાભ તથા સન્માન જેવા લાભની આશાથી આવુ કરે છે. પરંતુ તમારા જેવા રાજકૃત્ય કરવાવાળા જે મંત્રી પોતાના સ્વામીના પ્રલય (વિનાશ) સમયે પણ આગ પાછલા દિવસના સંરક્ષણાદિની ઉપકારોની સ્મૃતિમાં નિઃસ્વાર્થ ભક્તિથી રાજ્યભારનું વહન કરે છે, તે દુષ્પ્રાપ્ય (દુર્લભ) છે. ||14 ||

આથી જ અમારું આ તને અમારા પક્ષમાં લાવવાનો પ્રયાસ ચાલી રહ્યો છે, જેનાથી હું તારા દ્વારા ચંદ્રગુપ્તના મંત્રી પદનો સ્વીકાર કરી લેવા પર સફળ સમજીશ.

બુદ્ધિહીન તથા પરાક્રમ શુન્ય ભક્ત રાજસેવક થી શું ફાયદો છે? અને બુદ્ધિ તથા પરાક્રમ યુક્ત ભક્તિ હીન રાજસેવાકથી પણ કોઈ ફાયદો નથી, જે સેવકોમાં જ્ઞાન, બહાદુરી અને ભક્તિ બધા ગુણ હોય છે તે જ રાજાના કલ્યાણકારી બને છે, આનાથી વિપરીત લોકો કેવળ સ્ત્રીઓની મારફક સંરક્ષણ જ પામે છે. તેમનાથી રાજાને કોઈ પણ પ્રકાર નું હિત થઈ શકતુ નથી. ||15 ||

તેથી આ બાબતમાં હું પણ સુતેલો ( નિશ્ચિન્ત) નથી; યથાશક્તિ તેને મારા પક્ષમાં લાવવાનો પ્રયાસ કરી રહ્યો છું. એ કેવી રીતે અનુકૂલન થઈ શકે? આ પ્રસંગમાં, ચંદ્રગુપ્ત તથા પર્વતક બંનેમાં કોઈ એકના વિનાશથી ચાણક્યને હાનિ થશે, આ પ્રકારે મંત્રી રાક્ષસે વિષકન્યા દ્વારા આપણા અત્યન્ત પરોપકારી તપસ્વી મિત્ર પર્વતેશ્વરની હત્યા કરી છે, એવો સંસારના લોકોમાં અફવા ફેલાવી અને ભાગુરાયણ તે પણ પર્વતપુત્ર મલયકેતુને એકાન્તમાં ડરાવી ધમકાવી ને "આ જ વાતને સ્પષ્ટ કરવા માટે અને લોકોને વિશ્વાસ બેસે તે માટે તારા પિતાને ચાણક્ય દ્વારા મરાવી નાખવામાં આવ્યા છે." મલયકેતુને અલગ કરી દેવામાં આવ્યો. ખરેખર યુક્તિથી જ રાક્ષસ બુદ્ધિવાળો તેને કાબુમાં લઈ શકાય છે. ફરીથી, તેના નિગ્રહથી પર્વતકના વધથી ઉત્પન્ન થયેલા અપયશ પ્રક્ટ થતા દૂર કરી શકતા નથી. હજી પણ મે મારા તથા શત્રુ પક્ષમાં અનુરક્ત અને વિરક્ત લોગોની માહિતી પ્રાપ્ત કરવાની ઈચ્છાથી અનેક પ્રકારના દેશ, ભાગ,વેશભૂષા અને વર્તનમાં સારી રીતે જાણનારા ગુપ્તચરોને નિયુક્ત કરી દીધા છે. તે કુસુમપુરમાં રહેતા નંદના મંત્રીઓ અને મિત્રોની પ્રવૃત્તિઓની ખૂબ જ કુશળતાથી તપાસ કરી રહ્યા છે. તે કારણ ઉપજાવીને મુખ્ય પુરુષો ભદ્રભટ્ટ વગેરે ચન્દ્રગુપ્તના સાથીદારોને કૃત્રિમ મળતિયા બનાવવામાં આવ્યા છે. દુશ્મન દ્વારા ઉપયોગમાં લેવાતા ઝેરના પ્રતિકારમાં સાવધાન રહેનાર અને જેમની વફાદારીની પરીક્ષા કરવામાં આવી છે તેવા વિશ્વાસુ મહારાજની નજીક નિયુક્ત કરી દેવામાં

આવ્યા છે. અમારા સહાધ્યાયી (સહપાઠી) વિષ્ણુ શર્મા નામનો એક બ્રાહ્મણ છે, જે શુક્રાચાર્યની દંડનીતિ તથા ચોસઠ અંકોવાળા જ્યોતિષ શાસ્ત્રમાં પરમ પ્રવીણ છે. એને મેં બૌદ્ધ ભિક્ષુનો વેશ બનાવીને નંદવંશના નાશની મારી પ્રતિજ્ઞા પછી જ તેને કુસુમપુર લઈ જઈ નંદના બધા મંત્રીઓ સાથે મિત્ર બનાવી દીધો છે. ખાસ કરીને રાક્ષસ તેના પર વિશ્વાસ કરે છે. હવે તેના દ્વારા ખૂબ મોટું કાર્ય પૂર્ણ થશે. તો, આ રીતે આપણે કોઈ ભૂલ થઈ નથી. કેવળ રાજા ચંન્દ્રગુપ્ત અમને રાજ્યતન્ત્રનો ભાર સોંપીને સતત ઉદાસીન બનેલો છે. રાજ્ય તો જાતે સક્રિય બનતાં આવી પડનારાં અસાધારણ કષ્ટો વગરનું હોય છે. કારણ કે :

સ્વયં રાજ્યતંત્રના ભારણથી ઘેરાયને રાજ સુખના ભોગ કરી રહેલા રાજા લોકો તથા મત્ત હાથી જેવા સ્વભાથી બળશાલી થઈને પણ હમેશા દુઃખી અને નાખુશ રહે છે. ॥16 ॥

(ત્યારબાદ યમનું ચિત્ર લઈને ચર પ્રવેશ કરે છે)

ચર (દૂત) : યમરાજના બંને ચરણોને વંદન કરો; અન્ય દેવતાઓને નમન કરવાનો હેતુ શું છે? આ યમરાજ અન્ય દેવતાઓના ભક્તોના જીવ છીનવી લે છે. ॥ ૧૭॥

અને :

ભક્તિ દ્વારા ખુશ કરવાથી, ક્રૂર યમરાજ થી માનવ માત્રનું જીવન બની રહે છે. (તેથી) જો યમ સમગ્ર ચરાચર જગત નો વિનાશ કરે છે, એ યમની કૃપાથી આપણે જીવીત બની રહીએ છીએ. ॥18 ॥

આથી આ ઘર છે, આમાં પ્રવેશ કરીને યમનું ચિત્ર બતાવતી વખતે ગાઉં છું. (આટલું કહીને તે ફરે છે.)

શિષ્ય : (જોઈને) ભદ્ર! પ્રવેશ કરશો નહીં.

ચરઃ હે વિપ્ર! આ કોનું ઘર છે?

શિષ્ય : આપણા ઉપાધ્યાય, સ્વનામધન્ય ચાણક્યનું.

ચરઃ (હસતાં) હે બ્રાહ્મણ! આ અમારા સમ્બન્ધી ધર્મબન્ધુંનું જ ઘર છે, આથી મને અંદર જવા દો. આથી મને અંદર જવા દો. થોડીવાર તારા ઉપાધ્યાયને ધાર્મિક ઉપદેશ આપવા દો.

શિષ્ય : (ગુસ્સાથી) ઓ મૂર્ખ! ધિક્કાર છે. શું તમે અમારા ઉપાધ્યાયજી કરતા મોટા ધાર્મિક વિદ્વાન છો?

ચર : હે વિપ્રદેવ! ગુસ્સે ના થાઓ! બધાને બધું ખબર નથી હોતી. તેથી, આથી કેટલીક બાબતો તમારા ઉપાધ્યાયને જાણે છે અને કેટલીક બાબતો અમારા જેવા લોકોને પણ જાણે છે.

શિષ્ય : (ગુસ્સાથી) મૂર્ખ! ગુરુજીનું સર્વજ્ઞતા ચોરી લેવા માંગે છે.

ચર : હે વિપ્રદેવ! જો તમારા ઉપાધ્યાય બધું જ જાણે છે તો તેમણે કહેવું જોઈએ કે ચંદ્ર કોને અપ્રિય છે?

શિષ્ય : મૂર્ખ! ચંદ્ર અપ્રિય છે એ જ્ઞાનથી ગુરુજીને શું ફાયદો થશે?

ચર : હે વિપ્રદેવ! ફક્ત તમારા ઉપાધ્યાય જ જાણી શકશે કે તે જાણવાનો શું ફાયદો છે? તમે સરળ બુદ્ધિવાળા માણસ, ફક્ત એટલું જ જાણો છો કે કમળો માટે 'ચન્દ્ર' અપ્રિય છે. ચોક્કસ જુઓ :

મનોરમ કમળો નું શીલ તેના રૂપ(સૌંદર્ય) થી વિપરીત હોય છે, કારણ કે કમળ સમ્પૂર્ણ મંડળ વાળા ચંદ્રના વિરોધી હોય છે. (ચંદ્ર ઉગે ત્યારે કમળ મુકુલિત થાય છે) ‖19 ‖

ચાણક્ય : (સાંભળીને, સ્વગત) ઓહ! 'ચંદ્રગુપ્તની વિરુદ્ધ પુરુષોને હું જાણું છું' આનાથી આવું જ સૂચિત થઈ રહ્યું છે.

શિષ્ય : મૂર્ખ! આ અસંગત વાત શું કહી રહ્યો છે?

ચરઃ હે વિપ્રદેવ ! આ સુસંગત (સીધી વાત) થાય છે.

શિષ્ય : તે કઈ રીતે સીધી જેવી લાગે છે?

ચર : જો જાણકાર શ્રોતા મને પ્રાપ્ત થાય તો.

ચાણક્ય : ભદ્ર ! આનંદથી પ્રવેશ કરો. તમે શ્રોતાઓ તથા જ્ઞાતા પણ મળશે.

ચર : (પ્રવેશ કરીને, નજીક જઈને) હું પ્રવેશું છું. આર્યનો જય થાઓ.

ચાણક્ય : (જોઈને, મનમાં) શું કાર્યની અધિકતાને કારણે કોઈ જાણકારીને માટે નિયુક્ત નિપુણકને હું નથી જાણી રહ્યો. હા; સમજાઈ ગયું.

અરે! આને તો મેં પ્રજાના મન જાણવા માટે નિયુક્ત કર્યો હતો. (પ્રકટ) ભદ્ર! તમારું સ્વાગત છે. બેસો.

ચરઃ જેવી આજ્ઞા. (તે જમીન પર બેસી જાય છે.)

ચાણક્ય : ભદ્ર! હવે પોતાની વાત કહો. પ્રજા ચંદ્રગુપ્ત પર અનુરક્ત તો છે?

ચર : બીજું શું? તમારા દ્વારા તે બધા વિરોધ કારણો દૂર કરવા પર પ્રજાઃજન દેવ ચન્દ્રગુપ્ત પર દૃઢ અનુરાગ કરવા લાગ્યા છે. પરંતુ તો પણ આ પાટલીપુત્ર નગર માં ત્રણ વ્યક્તિ એવા છે, જે અમાત્ય રાક્ષસના પરમ મિત્ર અને અત્યંત સન્માન યુક્ત છે, તે સમ્રાટ ચંદ્રગુપ્તના વૈભવને સહન નથી કરી શકતા.

ચાણક્ય : (ગુસ્સાથી) તમારે સ્પષ્ટપણે કહેવું જોઈએ કે કોણ વ્યક્તિ જીવવા માંગતું નથી? શું તમે તેમને નામથી જાણો છો?

ચર : નામ જાણ્યા વિના આપને કેવી રીતે કહી શકાય.

ચાણક્ય : તો પછી સાંભળવા માંગુ છું.

ચર : સાંભળો, મહારાજ! સર્વ પ્રથમ તો આપણાં શત્રુ પક્ષમાં સ્નેહ રાખવા વાળા ક્ષપણક છે.

ચાણક્ય : (ખુશીથી, મનમાં) આપણા શત્રુ પક્ષમાં અનુરક્ત ક્ષપણક! (પ્રકટ) તેનું નામ શું છે?

ચર : તેનું નામ જીવસિદ્ધિ છે.

ચાણક્ય : ક્ષપણક જીવસિદ્ધિ શત્રુપક્ષમાં અનુરક્ત છે,આ વાત તને કઈ રીતે જ્ઞાત થઈ છે?

ચર : કારણ કે તેણે જ અમાત્ય રાક્ષસ દ્વારા પ્રયુક્ત વિષકન્યા મહારાજ પર્વતેશ્વરને મારવા માટે લગાવી દીધી.

ચાણક્ય : (મનમાં) આ જીવસિદ્ધિ તો આપણો ગુપ્તચર છે. (પ્રકટ રૂપમાં) ભદ્ર! અને બીજો કોણ છે?

ચર : આર્ય! બીજો અમાત્ય રાક્ષસનો પ્રિય મિત્ર શકટદાસ નામનો કાયસ્થ છે.

ચાણક્ય : (હસતા,મનમાં) કાયસ્થ એક સામાન્ય વ્યક્તિ છે. તો પણ સાધારણ શત્રુની પણ ઉપેક્ષા કરવી જોઈએ નહીં. એ(શક્ટદાસ) પર મેં બનાવટી મિત્રના રૂપે સિદ્ધાર્થકને નિયુક્ત કરી રાખ્યો છે. (પ્રકટ રૂપમાં) ભદ્ર! ત્રીજું નામ પણ સાંભળવા માંગુ છું.

ચર : ત્રીજો અમાત્ય રાક્ષસનો પરમ મિત્ર પુષ્પપુર નિવાસી ઝવેરી શેઠ ચન્દનદાસ છે.

જેના ઘરે પત્ની (પરિવાર)ને ધરોહર (સુરક્ષિત) રાખીને અમાત્ય રાક્ષસ નગરમાંથી ભાગી ગયો.

ચાણક્ય : (મનમાં) ચોક્કસ આ (રાક્ષસનો) પરમ મિત્ર છે. સામાન્ય લોકોમાં રાક્ષસ પોતાના પરિવારને છોડશે નહીં. (પ્રકટ રૂપમાં) ઠીક છે, ચન્દનદાસના ઘરે રાક્ષસે પોતાના પરિવારને મૂકી રાખ્યા છે : આ તમને કઈ રીતે જાણ થઈ .

ચર : આર્ય! આ મુદ્રિકા (અંગૂઠી) તમને બધું જ કહી દેશે. (અંગૂઠી આપે છે.)

ચાણક્ય : (અંગૂઠી જોઈને લઈને તથા રાક્ષસ નું નામ વાંચે છે, મનમાં હર્ષ કરી) નિ:સંદેહ રાક્ષસ જ આપણી આંગળીની શોભા બની ગયો છે (મુઠ્ઠીમાં આવી ગયો) છે. (પ્રકટ રૂપે) સારું, અંગૂઠી મેળવવાની વાર્તાને વિગતવાર સાંભળવા માંગુ છું.

ચર : તો સાંભળો. મને તમે નગરવાસીઓની ગતિવિધિ જોતા રહેવા માટે નિયુક્ત કર્યો હતો.ત્યારે "બીજાના ઘરમાં પ્રવેશ કરવા પર અને કોઈ ન હોવાનો સન્દેહ બીજા લોકો ન કરે" આ નિયમિત આ યમ:ચિત્રની સાથે ફરતો હું જૌહરી ચન્દનદાસના ઘરમાં ઘૂસી ગયો તથા ત્યા યમ ચિત્ર ફેલાવીને ગીત ગાવા લાગ્યો.

ચાણક્ય : પછી શું થયું?

ચર : ત્યારબાદ એક ઓરડામાંથી પાંચ વર્ષની આયુ વાળો, મનોરમ શરીરાકૃતિ, બાલ્યાવસ્થાને સ્વાભાવિક કૌતુહલથી વિકસિત થયેલાં આંખો વાળો બાળક બહાર

નિકળવા લાગ્યો. ત્યારે હાય નિકળી ગયો, હાય નિકળી ગયો, આ પ્રમાણે ગભરાટથી ભરેલા, એ ઓરડામાંથી અંદર સ્ત્રિયોના મહાન કોલાહલ ઊભો થયો. ત્યારબાદ થોડુંક દ્વાર તરફ મોં કરી (જોતી) એક સ્ત્રી દ્વારા એ બાળક નિકળતા કોમળ હાથથી પકડી લેવાયો. બાળકને પકવાના કારણે ચંચળ આંગળીઓ વાળી એક સ્ત્રીના હાથમાંથી પુરુષની આંગળીના મોટાયના માપથી બનેલી આ અંગૂઠી દહેલી પર નીકળી પડી ગઈ . આ સ્ત્રી આ બધું (અંગૂઠી નું પડવું) ન જાણી શકી તથા અંગૂઠી મારા પગને નિકટ આવીને એવી રીતે પડી જાણે કે કોઈ નવીનવેલી વહુ પ્રણામ કરી રહી હોય. હું પણ અમાત્ય રાક્ષસની નામાંકિત આ અંગુઠી તમારી પાસે લઈ આવ્યો છું .આ પ્રકારે આ અંગુઠી મારા હાથમાં આવી છે.

ચાણક્ય : ભદ્ર! સાંભળ્યુ. જાઓ, ટુંક સમયમાં આ મહેનતનું યોગ્ય ફળ(પુરસ્કાર) મળશે.

ચર : જેવી આજ્ઞા આર્ય! (આટલું કહીને તે ચાલ્યો જાય છે.)

ચાણક્ય – શાર્ઙ્ગરવ! હે શાર્ઙ્ગરવ!!

શિષ્ય : (પ્રવેશ કરીને) ઉપાધ્યાયજી! આજ્ઞા આપો.

ચાણક્ય : વત્સ! શાહીવાળો ખડિયો અને કાગળ લાવ.

શિષ્ય : ગુરુ જે કહે તે! (આમ કહીને તે ત્યાંથી નીકળી જાય છે અને ફરી પ્રવેશ કરે છે) આચાર્યજી! હું આ શાહી અને કાગળ લાવ્યો છું.

ચાણક્ય : (મનમાં વિચારીને) આના પર મારે શું લખવું જોઈએ? આ લેખ ચોક્કસ રાક્ષસ પર વિજય મેળવશે.

પ્રતિહારી : (પ્રવેશ કરતા) આર્યનો જય થાઓ .

ચાણક્ય : (ખુશીથી, મનમાં) ઈચ્છિત 'વિજય' ખરેખર પ્રાપ્ત થઈ ગઈ છે. (પ્રકટ) હે શોણોત્તરે! તમારુ અહીંયા આવવાનું કેમ થયું?

પ્રતિહારી : આર્ય! મહારાજ ચંદ્રગુપ્તે કમળમુકુલ સદૃશ પ્રણામાંજલિ માથે લગાવી આપને નિવેદન કર્યું છે કે મહારાજ પર્વતેશ્વરના પારલૌકિક કર્મ (શ્રાદ્ધ વગેરે) કરવા માંગે છે તથા તે શ્રાદ્ધાદિ કર્મમાં તેમણે પહેરેલા બધા આભૂષણો બ્રાહ્મણોને દાન કરવા માંગે છે.

ચાણક્ય : (ખુશીથી, મનમાં) શાબાશ વૃષલ, શાબાશ. મારા હૃદય ની વાત વિચારીને તે સંદેશ મોકલ્યો છે. (પ્રક્ટ રૂપમાં) હે શોણોત્તરે! મારી પરવાનગીથી વૃષલ (ચંદ્રગુપ્ત) ને કહો કે હે વૃષલ! તમે ધન્ય છો. તુ લોકવ્યહારને સારી રીતે જાણે છે. તેથી પોતાનો અભિપ્રાય પૂર્ણ કરો. પરંતુ મહારાજ પર્વતેશ્વર દ્વારા પહેરવામાં આવતા આભૂષણો અમૂલ્ય છે, તેથી તે ફક્ત પ્રતિભાશાળી બ્રાહ્મણોને જ આપવા જોઈએ. તેથી, હું પોતે સંપૂર્ણ તપાસ કર્યા પછી ગુણવાન બ્રાહ્મણોને મોકલી રહ્યો છું.

પ્રતિહારી : આર્યની જેવી આજ્ઞા.

ચાણક્યઃ શાર્ઙ્ગરવ! હે શાર્ઙ્ગરવ!! મારા વતી, વિશ્વાવસુ વગેરે ત્રણ ભાઈઓને કહો કે સમ્રાટ ચંદ્રગુપ્ત પાસેથી આભૂષણો પ્રાપ્ત કર્યા પછી તેઓએ મને મળવાનું છે.

*શિષ્ય : ઉપાધ્યાયજી જેવી આજ્ઞા. (આટલું કહીને તે ચાલ્યો જાય છે.)*

*ચાણક્ય : (મનમાં) આ તો લેખનો અંતિમ અભિપ્રાય છે; શરૂઆત કેવી હોઈ શકે? (વિચારીને) હા! સમજાઈ ગયું. ગુપ્તચારો દ્વારા મને ખબર પડી છે કે તે મ્લેચ્છરાજની સેનાના પાંચ મુખ્ય રાજાઓ ગાઢ મૈત્રિપૂર્વક રાક્ષસનો અનુગમન કરી રહ્યા છે. તેઓ છેઃ*

*કુલુત દેશના રાજા ચિત્રવર્મા, મલયનરપતિ વીરવર સિંહનાદ, કશ્મીરના રાજા પુષ્કરાક્ષ, દુશ્મનોના ગૌરવનો નાશ કરનાર સિંધુરાજ સિંધુષેણ તથા પાંચમાં વિશાળ અશ્વદળ વાળા પારસી મેધાક્ષ નામના રાજા જેમના નામ હું હવે આ પત્ર પર લખી રહ્યો છું, નિઃશંકપણે ચિત્રગુપ્ત (યમરાજાના મંત્રી) દ્વારા નાશ કરશે. ॥ ૨૦॥*

*(વિચાર્યા પછી) નહીંતર હું લખીશ નહીં. ત્યાં સુધી બધું ગુપ્ત રાખવું જોઈએ.*

*(પ્રકટ) શાર્ઙ્ગરવ! હે શાર્ઙ્ગરવ!!*

*શિષ્ય : (પ્રવેશ કરીને) ઉપાધ્યાય ! આજ્ઞા આપો.*

*ચાણક્ય : વત્સ! વેદ વિદ્વાન (હું ચાણક્ય) ના અક્ષર પ્રયાસ કરવા છતાં ચોક્કસપણે અસ્પષ્ટ છે. તો મારા કહેવા પર સિદ્ધાર્થકને કહે, આ કોઈએ કોઈની સમક્ષ જાતે વાંચવાનું છે. એમ કહીને સરનામું આપ્યા વગર શકટદાસ દ્વારા લખાયેલ પત્ર લઈને મારી પાસે આવે. પણ કોઈને ના કહેશો કે ચાણક્ય આ પત્ર લખાવે છે.*

*શિષ્ય : હું પણ એ જ કરું છું. (આટલું કહીને તે ચાલ્યો જાય છે.)*

*ચાણક્ય : (મનમાં) આહા! મલયકેતુને જીતી લીધો.*

*સિદ્ધાર્થક : (હાથમાં પત્ર લઈને પ્રવેશતા) આર્ય! વિજયી બનો. મહારાજ! શકટદાસે લખેલો તે પત્ર આ લો.*

*ચાણક્ય : (લેવું અને જોવું) ધન્ય છે અક્ષરોની સુંદરતા! (વાંચ્યા પછી) ભદ્ર! આ (રાક્ષસઃચિહ્નિત સિક્કો) થી તેના પર મોહર લગાવો.*

*સિદ્ધાર્થક : મહારાજની આજ્ઞા મુજબ. (મોહર લગાવીને) આર્ય! આ રહ્યો તે મુદ્રાંકિત પત્ર. તો આજ્ઞા કરી મને કહો કે બીજું શું કરવું જોઈએ?*

*ચાણક્ય : ભદ્ર! હું તમને મારા કોઈ ખાસ કાર્યમાં નિયુક્ત કરવા માંગુ છું.*

*સિદ્ધાર્થક : (આનંદથી) મહારાજ! આ તમારી દયા છે. આર્ય! આજ્ઞા કરો, આ સેવક આર્ય માટે શું કામ કરે?*

*ચાણક્ય : ભદ્ર! સૌ પ્રથમ તો તારે વધ્યસ્થાન પર જવાનું છે અને ત્યાં જલ્લાદો ને રોષપૂર્વક જમણી આંખનો સંકેત આપીને સમજાવી દેજે. ત્યાર પછી તે ચાંડાલો દ્વારા સંકેત સમજી જવા પર એમને બહાને જ્યાંઃત્યાં ભાગવા પર શકટદાસનો વધ્યસ્થાનથી ભગાડી તારે રાક્ષસ ની પાસે પહોચાડવાનો તથા મિત્રના પ્રાણ બચાવવાથી પ્રસન્ન*

*રાક્ષસ દ્વારા તારે પુરસ્કાર પ્રાપ્ત કરવાનો છે. થોડા સમય સુધી તારે રાક્ષસની સેવામાં જ રહેવુ પડશે પછી જ્યારે બીજા લોકો એકત્ર થઈ જાય ત્યારે તારે આ કાર્ય પૂર્ણ કરવું પડશે. (કાનમાં આવું કંઈક કહે છે.)*

*સિદ્ધાર્થક* **:** *આર્યની જેવી આજ્ઞા.*

*ચાણક્યઃ શાર્ઙ્ગરવ! હે શાર્ઙ્ગરવ!!*

*શિષ્ય* **:** *(પ્રવેશ કરીને) ઉપાધ્યાયજી ! આજ્ઞા કરો*

*ચાણક્ય* **:** *મારા કહેવાથી કાલપાશિક અને દંડપાશિક જલ્લાદો ને કહો કે સમ્રાટ ચંદ્રગુપ્તની આજ્ઞા છે કે* **:** *'આ જે જીવસિદ્ધિ નામના ક્ષપણક બૌદ્ધ સાધુ છે, એને રાક્ષસે નિયુક્ત કરવામાં આવ્યો છે અને તેણે વિષકન્યા દ્વારા મહારાજા પર્વતેશ્વરનો વધ કરાવ્યો છે.' તેને તેના આ અપરાધની ઘોષણા કરતા તિરસ્કારપૂર્વક નગરની બહાર કાઢી નાખવો જોઈએ.*

*શિષ્ય* **:** *એવુ જ કરીશ. (આટલું કહીને તે ફરી જાય છે.)*

*ચાણક્ય* **:** *પુત્ર! રાહ જુઓ, રાહ જુઓ. આ જો બીજો શકટદાસ નામક કાયસ્થ છે, જેને રાક્ષસે નિયુક્ત કર્યો છે તથા જે નિત્ય મારા શરીરનો નાશ કરવાનો પ્રયાસ કરતો રહેતો હોય છે, તેને પણ તેના દોષ માટે ઘોષિત કરીને ફાંસી પર ચઢાવી દેવો જોઈએ તથા તેના પરિવારને જેલમાં ધકેલી દેવો જોઈએ.*

*શિષ્ય* **:** *એવું જ કરીશ. (આટલું કહીને તે નીકળી જાય છે.)*

*ચાણક્ય* **:** *(ચિંતિત હોવાનો અભિનય કરીને, મનમાં) શું આટલું કર્યા પર પણ દુરાત્મા રાક્ષસ પકડાશે નહીં?*

*સિદ્ધાર્થક* **:** *આર્ય! પકડી લીધો.*

*ચાણક્ય* **:** *(ખુશીથી, મનમાં) આહા! રાક્ષસ પકડાઈ ગયો. (પ્રગટ રૂપમાં) ભાઈ! કોને પકડ્યો?*

*સિદ્ધાર્થક* **:** *મેં તમારો સંદેશ પકડી લીધો (ગ્રહણ કરી લીધો). તેથી, હું કાર્યને પૂર્ણ કરવા જઈશ.*

*ચાણક્ય* **:** *(રાક્ષસના નામની મોહર મારેલો પત્ર આપતા) ભદ્ર સિદ્ધાર્થક! જા, તારું કામ સફળ થાય.*

*સિદ્ધાર્થક* **:** *મહારાજ ની જેવી આજ્ઞા. (આમ કહીને તે પ્રણામ કરી ચાલ્યો જાય છે.)*

*શિષ્ય* **:** *(પ્રવેશ કરીને) ઉપાધ્યાયજી! કાલપાશિક તથા દંડપાશિકની વિનંતી છે કે મહારાજા ચંદ્રગુપ્તની આજ્ઞાનું પાલન થશે.*

*ચાણક્ય* **:** *ખૂબ સારું. વત્સ! ઝવેરીઓના શેઠ ચંદનદાસને જોવા માંગુ છું.*

*શિષ્ય* **:** *જે આજ્ઞા, ઉપાધ્યાયજી. (નીકળીને, ચંદનદાસ ની સાથે ફરી પ્રવેશ કરે છે) અહીં આવો શેઠજી!*

ચંદનદાસ : (તેમના મનમાં) આ નિર્દય ચાણક્યના સામાન્ય પણે કોઈ વ્યક્તિને બોલાવા પર, ભલે તે કેટલો જ નિર્દોષ કેમ ન હોય, શંકા વધી જાય, તો પછી મેતો એની સાથે વૈર વાળી લીધું છે; ખબર નહીં મને કયા હેતુ માટે બોલાવવામાં આવ્યો છે? ॥ ૨૧॥

તેથી, મેં ધનસેન આદિ ત્રણેય પ્રમુખો (ઉદ્યોગપતિઓ) ને સમજાવી ને કહ્યું છે કે મારા પરિવાર જન (પુત્ર, કલત્રાદિ) ની કદાચ દુરાત્મા ચાણકય તપાસ કરવી મારા ઘરે આવે તો, તેટલા માટે ધ્યાનપૂર્વક સ્વામી અમાત્ય રાક્ષસના પરિવારની સુરક્ષા માટે સાવધ રહેવું જોઈએ. મારી સાથે જે થવાનું છે તે થશે.

શિષ્ય : હે શેઠજી! અહીં આવો.

ચંદનદાસ – આવ્યો (બંને ચાલવા લાગ્યા).

શિષ્ય : ઉપાધ્યાયજી! આ શેઠ ચંદનદાસજી છે.

ચંદનદાસ : (આગળ આવીને) આર્યનો જય હો!

ચાણક્ય : (નાટકીય રીતે જોઈને) અરે શેઠજી! આવો, તમારું સ્વાગત છે. આ આસન છે, બેસો.

ચંદનદાસ : (વંદન કરીને) શું મહારાજ નથી જાણતા કે અયોગ્ય સત્કાર વિનાશ થી પણ વધુ દુઃખને ઉત્પન્ન કરે છે. તેથી અહીં ઉપયુક્ત ભૂમિ પર મારે બેસવું જોઈએ.

ચાણક્ય : હે શેઠજી! આવું ના બોલો. અમારી સાથે તમારે આસન પર જ બેસવું યોગ્ય છે. તેથી, આસન પર જ બેસો.

ચંદનદાસ : (મનમાં) આણે કંઈક માની લીધું છે. ( પ્રકટ રૂપે) જેવી મહારાજની આજ્ઞા. (બેસે છે.)

ચાણક્ય : હે શેઠજી! ચંદનદાસ! વ્યાપારના કાર્યમાં તમને વૃદ્ધિ તથા લાભો તો થઈ રહ્યા છે ને ?

ચંદનદાસ : (મનમાં) આજે વધુ પડતું માન આપવું એ શંકાસ્પદ છે. ( પ્રક્ટ રૂપે) આર્ય! બીજું શું? તમારા આશીર્વાદથી મારો ધંધો સારો ચાલી રહ્યો છે.

ચાણક્ય : હે શેઠજી! ચંદ્રગુપ્તના દોષો પ્રજાજનોને દિવંગત રાજા નંદ આદિનું સ્મરણ તો નથી કરાવતા?

ચંદનદાસ : (કાન બંધ કરીને) પાપ શાંત થાઓ. શરત્કાલીન રાતે ઉગેલા પૂર્ણિમાના ચન્દ્રમાંની સમાન ચન્દ્રશ્રી (ચંદ્રગુપ્તના વૈભવ) થી પ્રજા ખૂબ ખુશ છે.

ચાણક્ય : હે શેઠજી! જો એમ હોય તો પ્રસન્ન પ્રજાને માટે રાજા પણ પ્રિય(કલ્યાણ) જ ઈચ્છે છે.

ચંદનદાસ : મહારાજ! આજ્ઞા આપો! મારી પાસેથી શું અથવા ઉદ્દેશ્ય આ સેવક દ્વારા ઇચ્છો છો?

*ચાણક્ય : હે શેઠજી! આ ચંદ્રગુપ્તનું રાજ્ય છે, નંદનું નહીં. કારણ કે ધનનો લોભી નન્દને જ ધનથી પ્રસન્ન કરી શકાઈ છે ,ચંદ્રગુપ્તની પ્રસન્નતા તો આપ લોકોના દુઃખના અભાવથી જ છે.*

*ચંદનદાસ : (ખુશીથી) આર્ય! હું અનુગૃહીત છું.*

*ચાણક્ય : હે શેઠજી! પરંતું આપે નહીં પૂછ્યું કે ક્યા પ્રકારે આપને સુખી અને સમૃદ્ધ બની રહેવું જોઈએ.*

*ચંદનદાસ : મહારાજ આદેશ આપો.*

*ચાણક્ય : ટૂંકમાં,રાજાને અનુકૂળ જ વ્યવહાર કરવો જોઈએ (તેની વિરુદ્ધ નહીં).*

*ચંદનદાસ : હાય! એવું કોણ અભાગી છે, જે (રાજાની વિપરીત) આપની નજરે આવ્યો છે?*

*ચાણક્ય : સૌ પ્રથમ, તે તમે છો.*

*ચંદનદાસ : (કાન બંધ કરીને) પાપ શાંત થાઓ, પાપો શાંત થાઓ. તણખલાઓનો અગ્નિથી વિરોધ કેવો?*

*ચાણક્ય : આ વિરોધ એવો છે કે તમે હજુ પણ નૃપતિ (ચંદ્રગુપ્ત)નું અનિષ્ટ કરવાવાળા અમાત્ય રાક્ષસના પુત્ર કલત્રાદિને પોતાના ઘરમાં લાવી તેમની રક્ષા કરી રહ્યા (છુપાવી) છો.*

*ચંદનદાસ : આર્ય! આ પ્રકારનું અસત્ય કોઈની દુરાત્મા એ આવી તમને કહી દીધું છે.*

*ચાણક્ય : હે શેઠ! આશંકા નહીં કરો. ગભરાયેલા નંદના ભૂતપૂર્વ સેવક, નગરજનોની ઈચ્છા વિરુદ્ધ (અનિચ્છાએ) તેમના ઘરમાં છોડીને પોતાના પરિવારને છોડી બીજી જગ્યાએ ચાલ્યા ગયા છે. ત્યારબાદ તેમને છુપાવવાથી અપરાધો ઉત્પન્ન થાય છે.*

*ચંદનદાસ : ખરેખર એવું જ છે. પહેલા (તે સમયે) મારા ઘરમાં અમાત્ય રાક્ષસનો પરિવાર રહેતો હતો.*

*ચાણક્ય : પહેલા 'આ જૂઠું છે' એમ કહ્યું હતું અને હવે કહી રહ્યા છો કે 'આ જૂઠું હતું'. આ બંને વિધાન એકબીજાના વિરોધાભાસી છે.*

*ચંદનદાસ : આ મારો એટલો જ વાક્યછલ (જૂઠું બોલવાનો અપરાધ) હતો.*

*ચાણક્ય : હે શેઠ! ચંદ્રગુપ્ત રાજા હોવા છતાં છલ પ્રપંચોને અવકાશ કયા? તેથી આ રાક્ષસના પરિવારને મને સોંપી દો અને તમે પોતે શુદ્ધ બની જાઓ.*

*ચંદનદાસ : આર્ય! મેં પહેલેથી જ નિવેદન કર્યું કે 'તે સમયે અમાત્ય રાક્ષસનો પરિવાર મારા ઘરમાં હતો'.*

*ચાણક્ય : અને હવે ક્યાં ગયો?*

*ચંદનદાસ : નથી ખબર કે ક્યાં ગયો?*

*ચાણક્ય : (હસતાં) કેમ નથી જાણતા! ઓ સેઠ! સાપ તમારા માથા પર છે અને તેનાથી બચવાનો ઉપાય દૂર છે. અને વિષ્ણુગુપ્તએ જેમ નન્દને...*

*(બોલ્યા બાદ લજ્જાનો અભિનય કરી) તેમના અમાત્ય રાક્ષસ ચન્દ્રગુપ્તનું નિકંદન કાઢશે, એમ તમે માનતા જ નહીં.*

*ચંદનદાસ : (સ્વગત)*

*ઉપર ગડગડાતા વાદળો છાયા છે અને પ્રિયા પણ દૂર છે. આ કેવું સંકટ આવી ઉપસ્થિત થયું છે. એવી દશા છે કે સાપ તો માથા પર બેઠો છે અને તેનાથી બચવાની દવા હિમાલયના પર્વતો પર છે. આ રીતે વિનાશ નિશ્ચિત છે.* ॥૨૨॥

*ચાણક્ય : એવું ના સમજવું કે અમાત્ય રાક્ષસ ચંદ્રગુપ્તનો વિનાશ કરી શકશે.*

*જુઓ:*

*તે સમયે નંદ જીવિત રહેતા હોવાથી વારંવાર જતી રહેતી જે રાજ્યલક્ષ્મી ને પરાક્રમી તથા નીતિજ્ઞ વક્રાસન વગેરે ઉત્તમ સચિવો પણ નહીં બચાવી શક્યા, એને ચન્દ્રમાની સમાન ચંદ્રગુપ્તથી કોણ અલગ કરી શકે?* ॥૨૩॥

*અને :*

'आस्वादितद्विरदशोणितशोणशोभाम्...' 1/8 *પૂર્વોક્ત શ્લોક ફરીથી બોલે છે.*

*ચંદનદાસ : (મનમાં) મતલબથી( સોદ્દેશ્ય) કરવામાં આવેલી આત્મશ્લાઘા સારી લાગે છે.*

*(નેપથ્યમાં કોલાહલ થાય છે.)*

*ચાણક્ય : શાર્ઙ્ગરવ! શું વાત છે જો તો.*

*શિષ્ય : આચાર્યની જે આજ્ઞા. (જઈને પુનઃ પ્રવેશ કરે છે) આચાર્ય! સમ્રાટ ચંદ્રગુપ્તના આદેશથી, રાજાના વિરોધી આ ક્ષપણક જીવસિદ્ધિને તેના સાથીઓ સાથે નગરમાંથી બહાર કાઢવામાં આવી રહ્યા છે.*

*ચાણક્ય : ક્ષપણક! ઓહ! અથવા રાજાનો વિરોધ કરવાના પરિણામો ભોગવવા જ પડશે. હે શેઠ ચંદનદાસ! આ પ્રકારે આ રાજા રાજદ્રોહ કરનારાઓને ખૂબ જ કઠોર સજા આપી રહ્યા છે. તેથી, (મને) મિત્રની લાભદાયી સલાહ સ્વીકારો અને રાક્ષસ પરિવારને મને સોંપી દો. આનાથી રાજા પ્રસન્ન થવા પર તમે ચિરકાલ સુધી સુખ ભોગવી શકશો.*

*ચંદનદાસ : મારા ઘરમાં અમાત્ય રાક્ષસનો પરિવાર નથી. (નેપથ્યમાં ફરીથી અવાજ આવે છે.)*

*ચાણક્ય : શાર્ઙ્ગરવ!! જાણો, આ અવાજ શેનો છે?*

*શિષ્ય : ઉપાધ્યાયજી જેવી આજ્ઞા. (આમ કહીને તે બહાર જાય છે અને ફરી પ્રવેશ કરે છે) આચાર્યજી! રાજા ની આજ્ઞાથી તે રાજદ્રોહકારી શકટદાસ નામક કાયસ્થને ફાંસી પર ચડાવા લઈ જઈ રહ્યા છે.*

*ચાણક્ય : આપના કાર્યોનું પરિણામ ભોગવવું પડશે. હે શેઠજી! રાજદ્રોહ કરનારાઓને રાજા આ પ્રકારની કઠોર સજા આપે છે. તે આપના રાક્ષસઃપરિવારને છુપાવવાના અપરાધ માટે માફ નહીં કરે. આથી જો આપના પરિવાર અને અપના જીવનને ઈચ્છતા હો તો બીજા (અમાત્ય રાક્ષસ)ના પરિવારને મને સોંપી દો.*

*ચંદનદાસ : આર્ય! શું તમે મને ભય દેખાડી રહ્યા છો? ઘરમાં છુપાયેલા હોવા છતાં પણ હું અમાત્ય રાક્ષસના પરિવારને આપના સુપુર્દ નહીં કરી શકું. પછી તે મારા ઘરમાં જ નથી.*

*ચાણક્ય : ચંદનદાસ! શું આ તમારો નિશ્ચય છે?*

*ચંદનદાસ : હાં, આ મારો નિશ્ચય છે.*

*ચાણક્ય : (મનમાં) શાબાશ ચંદનદાસ! શાબાશ !!*

*મહારાજા શિવિ સિવાય આ યુગમાં તમારા સિવાય બીજો કયો પુરુષ હોઈ શકે જે બીજાની રક્ષા કરવા માટે પોતાના પ્રાણ પણ આપવા તૈયાર થઈ જાય. ॥ ૨૪॥*

*(સ્પષ્ટપણે) ચંદનદાસ! આ જ તમારો નિર્ણય છે? (ગુસ્સાથી) હે નીચ દુષ્ટ વૈશ્ય! પછી રાજક્રોધનું પરિણામ ભોગવ.*

*ચંદનદાસ : (હાથ ફેલાવીને) તૈયાર છું. આર્યએ પોતાના અધિકારો મુજબ કાર્ય કરો.*

*ચાણક્ય : (ગુસ્સાથી) શાર્ઙ્ગરવ! મારી આજ્ઞાથી કાલપાશિક તથા દંડપાશિક ઘાતક પુરુષો( જલ્લાદો)ને કહો કે જલદી આ દુષ્ટ વ્યક્તિને દંડિત બનાવો જોઈએ. અથવા ઉભા રહો, દુર્ગપાલ તથા વિજયપાલ દૂતોને કહો કે તે આના ઘરેની બધી ધનઃસંપત્તિ છીનવી લઈ પુત્ર તથા પત્ની સાથે આને પકડીને ત્યાં સુધી કેદમાં પૂરી રાખે, હું તે દરમ્યા ચંદ્રગુપ્તને કહું છું આને પ્રાણાઘાતનો દંડ ફરમાવે.*

*શિષ્ય : ઉપાધ્યાયજીની જેવી આજ્ઞા. શેઠજી! અહીં આવો.*

*ચંદનદાસ : (ઊભા રહીને) સંમત! હું જાઉં છું. (તેના મનમાં) સદનસીબે મારો વિનાશ મારા મિત્રને કારણે થઈ રહ્યો છે, કોઈ ગુનાને કારણે નહીં. (ફરે છે અને શિષ્ય સાથે જાય છે.)*

*ચાણક્ય : (ખુશીથી) અહા! હવે રાક્ષસ પકડમાં આવી શક્યો. કારણ કે જે પ્રકારે આ(રાક્ષસ)ના મુશ્કેલીમાં પોતાનો જીવ આપી રહ્યો છે, એવી જ રીતે આ (ચંદનદાસ)ના મુશ્કેલીના સમયમાં, તે (રાક્ષસ) પણ પોતાનો જીવ નહીં બચાવી શકે. ॥ ૨૫॥*

*(નેપથ્યમાં હંગામો છે.)*

*ચાણક્ય : શાર્ઙ્ગરવ! શાર્ઙ્ગરવ!!*

*શિષ્ય : (પ્રવેશ કરીને) આચાર્યજી! આજ્ઞા કરો.*

*ચાણક્ય : જાણો કે આ કોલાહર શાનું છે?*

*શિષ્ય : (નીકળીને,જાણીને ફરી અંદર જતા, ડરથી) ઉપાધ્યાય જી! ચોક્કસ આ સિદ્ધાર્થક ફાંસી આપતી વખતે શક્ટદાસનો વધ્યભૂમિ (ફાંસી ઘર) થી હઠાત લઈ ભાગી ગયો છે.*

*ચાણક્ય : (મનમાં) ધન્ય હો સિદ્ધાર્થ! ધન્ય હો !! તમે કામ શરૂ કર્યું. (પ્રક્ટરૂપમાં) શું બળપૂર્વક ભાગી ગયો હતો? (ગુસ્સાથી) વત્સ! ભાગુરાયણને કહો કે તેને પકડીને જલ્દી લઈ આવે.*

*શિષ્યઃ (ફરીથી એ જ કરીને, ઉદાસ થઈને પ્રવેશ કરે છે) હે આચાર્યજી! દુઃખ છે કે ભાગુરાયણ પણ ભાગી ગયો છે.*

*ચાણક્ય : (મનમાં) કાર્ય પૂર્ણ કરવા ભલે જાય. (સાંભળી, ગુસ્સે થઈને) વત્સ! અમારા કહેવાથી ભદ્રભટ્ટ, પુરુષદત્ત, ડિંગુરાત, બલગુપ્ત, રાજસેન, રોહિતાક્ષ તથા વિજયવર્માને કહો કે દુષ્ટ ભાગુરાયણનો પીછો કરે, તેને પકડીને અહીં લાવે.*

*શિષ્ય : આચાર્યજી ની જેવી આજ્ઞા. (ઉદાસ થઈને ફરી પ્રવેશ કરતા) આચાર્યજી! હાય! દુઃખદ છે કે સંપૂર્ણ તંત્ર જ આકુલિત થઈ ગયું છે. ભદ્રભટ્ટ વગેરે સવારે જ ભાગી ગયા હતા.*

*ચાણક્ય : (મનમાં) બધાનું કલ્યાણ થાય. ( પ્રક્ટ રૂપમાં) વત્સ! ઉદાસ ના થાઓ. જુઓ :*

*જેમણે પહેલાથી જ ભાગી જવાનું મન બનાવી લીધું હતું, તેઓ તો ચાલ્યા ગયા. હવે, જો બાકી રહેલા લોકો ભાગી જવા માંગતા હોય, તો તેઓ તેમની ઇચ્છા મુજબ જઈ શકે છે; જોકે, પરંતુ જે કાર્ય પૂર્ણ કરવામાં સેંકડો સૈન્ય કરતાં વધુ નંદવંશનો નાશ કરવામાં લાગેલી મારી શક્તિ મહિમા વાળી મારી બુદ્ધિ મારાથી અલગ ન થાય.* ॥26॥

*ચાણક્ય : ભદ્રભટ્ટ વગેરે જેવા દુષ્ટ લોકોને ચોક્કસ પકડી પાડીશ. (ઊભા થઈને આકાશ તરફ જોઈને)*

*(મનમાં) ઓ દુષ્ટ રાક્ષસ! હવે તું ક્યાં બચીને જઇ શકશે? હું જલ્દીથી તને સ્વચ્છન્દી અને એકાંકી આચરણ કરતા, તેજસ્વી દાનની શક્તિથી યુક્ત બળના મદથી છકી જઈને કાવતરાં કરતા સ્વછંદી, એકાકી વિચારતા, પુષ્કળ મદજળના શક્તિયુક્ત, મદબળથી છકી ગયેલા અને ભટકતા જંગલી હાથીની સમાન બુદ્ધિથી પકડીને, વૃષલ માટેનાં કાર્યોમાં નિયોજું* ॥27 ॥

*(આટલું કહીને, બધા નીકળી જાય છે.)*

**પ્રથમ અંક સમાપ્ત**

## द्वितीयोऽङ्कः।

(ततः प्रविशत्याहितुण्डिकः)

आहि :

**जानन्ति तन्त्रयुक्तियथास्थितं मण्डलमभिलिखन्ति।**

**ये मन्त्ररक्षणपरास्ते सर्पनराधिपौ उपचरन्ति॥१॥**

(आकाशे) आर्य, किं भणसि? कस्त्वमिति? आर्य! अहं खलु आहितुण्डिको जीर्णविषो नाम। किं भणसि—अहमपि अहिना खेलितुमिच्छामीति? अथ कतरां पुनरार्यो वृत्तिम् उपजीवति? किं भणसि राजकुलसेवक इति? ननु खेलति एव आर्योऽहिना। किं भणसि कथमिति? अमन्त्रौषधिकुशलो व्यालग्राही, मत्तगजवरारोही, लब्धाधिकारो जितकाशी राजसेवकः, इत्येते त्रयोऽवश्यं विनाशमनुभवन्ति। [क्व्चि.व्यालग्रही अमन्त्रौषधिकुशलः मत्तगजवरारोहः। राजकुलसेवक इति अवश्यं त्रयोपि विनाशमनुभवन्ति। कथम्? दृष्टमात्रोऽतिक्रान्त एषः? (पुनरप्याकाशे) आर्य! त्वं पुनः किं भणसि किमेतेषु पेटकसमुद्गकेष्विति? आर्य जीविकासंपादकाः सर्पाः। किं भणसि? प्रेक्षितुमिच्छामीति? प्रसीदतु प्रसीदत्वार्यः। अस्थानं खलु एतत्, तस्मात् यदि ते कौतूहलं, तदेहि एतस्मिन्नावासे दर्शयामि। किं भणसि इदं खलु भर्त्तुरमात्यराक्षसःसस्य गृहं, नास्त्यत्रास्मदृशानां प्रवेश इति। तेन हि गच्छत्वार्यः। जीविकायाः प्रसादेन अस्तीह मम प्रवेश इति। कथमेषाऽपि अतिक्रान्तः। (दिशोऽवलोक्य संस्कृतमाश्रित्य स्वगतम्) अहो! आश्चर्यम्, चाणक्यमतिपरिगृहीतं चन्द्रगुप्तमवलोक्य, विफलमिव राक्षसःसप्रयत्नमवगच्छामि। राक्षसःसप्रतिपरिगृहीतञ्च मलयकेतुमवलोक्य चलितमिवाधिराज्याच्चन्द्रगुप्तमवगच्छामि। कुतः ?

कौटिल्यधीरज्जुनिबद्धमूर्ति

मन्ये स्थिरां मोर्य नृपस्य [क्व्चि. कुलस्य] लक्ष्मीम्।

उपायहस्तैरपि राक्षसःसेन

व्याकृष्य (० निकृष्य, ० विकृष्य) माणामिव लक्षयामि॥२॥

तदेवमनयोः सुनयशालिनोः सुसचिवयोर्विरोधे संशयितेव राज्यलक्ष्मी (० नन्दकुललक्ष्मी) र्लक्ष्यते। कुतः

विरुद्धयोर्भृशमिह मन्त्रिमुख्ययोः

र्महावने वनगजयोरिवान्तरे।

अनिश्चयाद्गजवशयेव भीतया

गतागतैर्ध्रुव [क्व्य.भृश ] मिह विद्यते श्रिया॥३॥

तद्यावदहममात्यराक्षसःसं पश्यामि।

(ततः प्रविशत्यासनस्थः स्वभवनगतः पुरुषेणानुगम्यमानः सचिन्तो राक्षसःसः)

राक्षसः (ऊर्ध्वमवलोक्य सबाप्पम्) कष्टं भोः, कष्टम्!

वृष्णीनामिव नीतिविक्रमगुणव्यापारशान्तद्विषां

नन्दानां विपुले कुलेऽकरुणया नीते नियत्या क्षयम्।

चिन्तावेशसमाकुलेन मनसा रात्रिंदिवं जाग्रतः

सैवेयं मम चित्रकर्मरचना भित्तिं विना वर्त्तते॥४॥

अथवा,

नेदं विस्मृतभक्तिना न विषयव्यासङ्गमूढात्मना

प्राणप्रच्युतिभीरुणा न च मया, नात्मप्रतिष्ठार्थिना।

अत्यर्थं परदास्यमेत्य निपुणं नीतौ मनो दीयते

देवः स्वर्गगतोऽपि शात्रववधेनाराधितः स्यादिति ॥५॥

(आकाशमवलोकयन् सास्रम्) भगवति कमलालये, भृशमगुणज्ञासि। कुतः—

आनन्दहेतुमपि देवमपास्य नन्दं

सक्तासि (क्व्य.रक्तासि) किं, कथय, वैरिणि मौर्यपुत्रे।

दानाम्बुराजिरिव गन्धगजस्य नाशे

तत्रैव किं न चपले प्रलयं गतासि॥६॥

अपि च, अनभिजाते,

पृथिव्यां किं दग्धाः प्रथितकुलजा भूमिपतयः,

पतिं पापे, मौर्यं यदसि कुलहीनं वृतवती ।[क.१] कृतवती]

प्रकृत्या वा काशप्रभवकुसुमप्रान्तचपला

पुरन्ध्रीणां प्रज्ञा पुरुषगुणविज्ञानविमुखी॥७॥

अपि च, अविनीते, तदहमाश्रयोन्मूलनेनैव त्वामकामां करोमि। (विचिन्त्य) मया तावत् सुहृत्तमस्य चन्दनदासस्य गृहे गृहजनं निक्षिप्य नगरान्निर्गच्छता

न्याय्यमनुष्ठितम्। किं कारणमिति? कुसुमपुराभियोगं प्रति अनुदासीनो राक्षस:स इति तत्रस्थानमस्माभि: सहैककार्याणां देवपादोपजीविनां नोद्यम: शिथिलीभविष्यतीति। चन्द्रगुप्तशरीरमभिद्रोग्धुमस्मत्प्रयुक्तानां तीक्ष्णरसदायिनामुपसंग्रहार्थं, परकृत्योपजापार्थं च (०प्रकृत्युपजापार्थं च) महता कोषसंचयेन स्थापित: शकटदास:। प्रतिक्षणमरातिवृत्तान्तोपलब्धये तत्संहतिभेदाय च व्यापारिता: सुहृदो जीवसिद्धिप्रभृतय:। तत् किमत्र बहुना।

इष्टात्मज: सपदि सान्वय एव देव:

शार्दूलपोतमिव यं परिपुष्य [क.१ पोष्य] नष्ट:।

तस्यैव बुद्धिविशिखेन भिनद्मि मर्म।

वर्मीभवेद्यदि न दैवममृश्यमानम्॥८॥

(तत: प्रविशति कञ्चुकी)

कञ्चुकी कामं नन्दमिव प्रमथ्य जरया चाणक्यनीत्या यथा धर्मो मौर्य इव क्रमेण नगरे नीत: प्रतिष्ठां मयि।

तं संम्पत्युपचीयमानमपि मे लब्धान्तर: सेवया लोभो राक्षस:सवज्जयाय यतते, जेतुं न शक्नोति च॥९॥

(परिक्रम्योपसृत्य च') इदममात्यराक्षस:सस्य गृहम्। प्रविशामि। (प्रविश्यावलोक्य च) अयममात्यराक्षस:स:। (परिक्रम्योपसृत्य च) अमात्य! स्वस्ति भवते।

राक्षस: आर्य, जाजले, अभिवादये। प्रियंवदक! आसनमत्रभवत उपनय।

प्रियंवदक इदं आसनम्। उपविशत्वार्य:।

कञ्चुकी (नाट्येनोपविश्य) अमात्य! कुमारो मलयकेतुरमात्यं विज्ञापयति। चिरात् प्रभृत्यार्य: परित्यक्तोचितशरीरसंस्कार इति पीड्यते मे हृदयम्। यद्यपि स्वामिगुणा: सहसा न शक्यन्ते विस्मर्तं तथापि मद्विज्ञापनां मानयितुमर्हत्यार्य:। इत्याभरणानि दर्शयित्वा) अमात्य! इमान्याभरणानि कुमारेण स्वशरीरादवतार्य प्रेषितानि धारयितुमर्हत्यार्य:।

राक्षस: आर्य जाजले, विज्ञाप्यतां मद्वचनात् कुमार:, विस्मृता भवद्गुणपक्षपणकातिना मया स्वामिगुणा:। किन्तु न तावन्निवीर्यै: परपरिभवाक्रान्तिकृपणै:

र्वहाम्यङ्गैरेभि: प्रतनुमपि संस्काररचनाम्।

न यावन्निःशेषक्षपितरिपुचक्रस्य निहितं

सुगाङ्गे हेमाङ्गं नृवर! तव सिंहासनमिदम्॥१०॥

क ञ्चुकी — अमात्ये त्वयि नेतरि सुलभमेतत् कुमारस्य, तत् प्रतिमान्यतां कुमारस्य प्रथमः प्रणयः।

राक्षसः — आर्य, कुमार इवानतिक्रमणीयवचनो भवानपि तदनुष्ठीयते कुमारस्याज्ञा।

कञ्चुकी — (नाट्येन भूषणानि परिधाप्य) स्वस्ति भवते, साधयाम्यहम्।

राक्षसः — आर्य! अभिवादये।

कञ्चुकी — प्रियंवदक! ज्ञायतां कोऽयमस्मद्दर्शनार्थी द्वारि तिष्ठति।

प्रियंवदक — यथार्य आज्ञापयति। (इति निष्क्रम्य आहितुण्डिकं दृष्ट्वा) ननु आर्य कस्त्वम्?

आहि — भद्र, अहं खलु आहितुण्डिको जीर्णविषो नाम। इच्छामि अमात्यराक्षसःसस्य पुरतः सर्पैः खेलितुम्।

प्रियंवदक — तिष्ठ, यावदमात्याय निवेदयामि (राक्षसःसमुपसृत्य) आर्य, एष खलु सर्पजीवी इच्छति सर्वैरमात्यस्य पुरतः खेलितुम्।

राक्षसः — (वामाक्षिस्पन्दनं सूचयित्वा आत्मगतम्) कथं प्रथममेव सर्पदर्शनम्! (प्रकाशम्) प्रियंवदक! न नः कुतूहलमस्ति सर्पदर्शने, तत् परितोष्य विसर्जयैनम्।

प्रियंवदक — यथार्य आज्ञापयति। (निष्क्रम्य आहितुण्डिकमुपसृत्य) भद्र, एष खलु ते अमात्यः दर्शनकार्येण [क्व्च.अदर्शनेन]

आहि — प्रसादं करोति, न पुनः सर्प दर्शनेन [क्व्च.पुनर्दर्शनेन]

भद्र! विज्ञापय मम वचनेनामात्यं, न केवलमहं सर्पोपजीवी, प्राकृतकविः खल्वहम्। तस्माद्यदि मे दर्शनेनामात्यः प्रसादं न करोति, तदा एतदपि पत्रकं वाचयितुं प्रसीदत्विति। (पत्रमर्पयति)

प्रियंवदक — (पत्रं गृहीत्वा राक्षसःसमुपसृत्य) अमात्य! एष खल्वाहितुण्डिको विज्ञापयति न केवलमहं र्पोपजीवी, प्राकृतकविः खलु अहं, तस्माद्यदि मे अमात्यो दर्शनेन प्रसादं न करोति, तदा एतदपि तावत् पत्रकं वाचयितुं प्रसीदत्विति।

राक्षसः — (पत्रं गृहीत्वा वाचयति)

पीत्वा निरवशेषं कुसुमरसमात्मनः कुशलतया॥

यदुद्गिरति भ्रमरः तत् अन्येषां [क.१ अज्ञानां] करोति कार्यम्॥११॥

(आत्मगतम्) अये! कुसुमपुरवृत्तान्तज्ञोऽहं भवत्प्रणिधिश्चेति गाथार्थः। आः कार्यव्यग्रत्वान्मनसः, प्रभूतत्वाच्च प्रणिधीनां विस्मृतम्। इदानीं स्मृतिरुपलब्धा। व्यक्तमाहितुण्डिकच्छद्मना] कुसुमपुरादागतेन विराधगुप्तधगुप्तेनानेन भवितव्यम्। (प्रकाशम्) प्रियंवदक! प्रवेशयैनं, सुकविरेषः, श्रोतव्यमस्मात् सुभाषितम्।

प्रियंवदक तथा (इति आहितुण्डिकमुपसृत्य) उपसर्पतु आर्यः।

आहि (नाट्येनोपसृत्यावलोक्य च स्वगतम्) अये! अयममात्यराक्षसःसस्तिष्ठति (संस्कृतमाश्रित्य) स एषः,वामां बाहुलतां निवेश्य शिथिलं कण्ठे विवृत्तानना स्कन्धे दक्षिणया बलान्निहितयाप्यङ्के पतन्त्या मुहुः।

गाढालिङ्गनसङ्गपीडितमुखं यस्योद्यमाशङ्किनी

मौर्यस्योरसि नाधुनापि कुरुते वामेतरं श्रीः स्तनम्॥१२॥

(प्रकाशम्) जयतु जयतु अमात्यः।

राक्षसः (विलोक्य) अये विराधगुप्तध (इत्यर्द्धोक्ते) विरुढश्मश्रुः। प्रियंवदक! भुजङ्गैरिदानीं विनोदयामः। तद्विश्रम्यतां परिजनेन। त्वमपि स्वमधिकारमशून्यं कुरु।

प्रियंवदक तथा (सपरिवारो निष्क्रान्तः)

राक्षसः सखे! विराधगुप्तधगुप्त! इदमासमनास्यताम्।

विराधगुप्त यदाज्ञापयत्यमात्यः (इति नाट्येनोपविष्टः)

राक्षसः (सखेदं निर्वर्ण्य) अहो! देवपादपद्मोपजीविनो जनस्येयमवस्था!

(इति रोदिति)

विराधगुप्त अमात्य! अलं शोकेन, नातिचिरादमात्योऽस्मान् नूनं पुरातनीमवस्थामारोपायिष्यति।

राक्षसःसः सखे! विराधगुप्तधगुप्त! वर्णयेदानीं कुसुमपुरवृत्तान्तम्।

विराधगुप्त अमात्य! विस्तीर्णः कुसुमपुरवृत्तान्तस्तदाज्ञापय कुतः प्रभृति कथयामि।

राक्षसःसः सखे! चन्द्रगुप्तस्य तावन्नगरप्रवेशात् प्रभृति, मत्प्रणिधिभिः [vl.मत्प्रयुक्तैः] तीक्ष्णरसदायिभिः किमनुष्ठितमित्यादितः श्रोतुमिच्छामि।

विराधगुप्त एष कथयामि। अस्ति तावच्छकयवनकिरातकाम्बो जपारसीकबाह्लीकप्रभृति भिश्चाणक्यमतिपरिगृहीतैश्चन्द्रगुप्तपर्वतेश्वरबलैरुदधिभिरिव

प्रलयोच्चलितासलिलैः

राक्षसःसः (शस्त्रमाकृष्य ससम्भ्रमम्) आः मयिस्थिते, कः कुसुमपुरमवत्स्यति? प्रवीरक! प्रवीरक!

क्षिपणकमिदानीम् प्राकारान् परितःशरासनधरैः क्षिपणकं परिक्रम्यतां:[vl.परिक्षिप्यताम्]

द्वारेषु द्विरदैः प्रतिद्विपघटाभेदक्षमैः स्थीयताम्।

मुक्त्वा मृत्युभयं प्रहर्तुमनसः शत्रोर्बले दुर्बले

ते निर्यान्तु मया सहैकमनसो येषामभीष्टं यशः॥१३॥

विराधगुप्तधगुप्तधगुप्त अमात्य! अलमावेगेन, वृत्तमिदं वर्ण्यते।

राक्षसः कथम्! वृत्तमिदम्! मया पुनर्ज्ञातं स एव कालो वर्त्तत इति। (शस्त्रमुत्सृज्य सास्रम्) हा देव नन्द! स्मरति ते राक्षसः प्रसादानां यस्त्वमेवंविधे काले [vl. स्मरामि ते शक्षसं प्रति प्रसादातिशयम्। त्वमत्र संग्रामकाले]

यत्रैषा मेघनीला चलति गजघटा राक्षसःसस्तत्र याया देतत्पारिप्लवाम्भःप्लुति तुरगबलं वार्यतां [धार्यतां] राक्षसःसेन।

पत्तीनां राक्षसोऽन्तं नयतु बलमिति प्रेषयन्मह्यमाज्ञाः

मज्ञासीः प्रीतियोगात् स्थितमिह नगरे राक्षसानां सहस्रम्॥१४॥

ततस्ततः।

विराधगुप्तधगुप्त ततः समन्तादुपरुद्धं पुष्पपुरमवलोक्य, बहुदिवसप्रमृति महदुपरोधवैशसमुपरि पौराणां परिवर्त्तमानमसहमाने तस्यामवस्थायां पौरजनापेक्षया सुरुङ्गामुपेत्यापक्रान्ते तपोवनाय देवे सर्वार्थसिद्धौ, स्वामिविरहात् प्रशिथिलीकृतप्रयत्नेषु युष्महलेषु, जयघोषणाव्याघातादिसाहसानुमितेष्वन्तर्नगरवासिषु, पुनरपि नन्दराज्यप्रत्यानयनाय सुरुङ्गया बहिरपगतेषु [vl. सुरुङ्गामधिगतेषु] युस्मासु, चन्द्रगुप्तनिधनाय युष्मत्प्रयुक्तया विषकन्यया घातिते तपस्विनि पर्वतेश्वरे—

राक्षसः सखे! पश्याश्चर्यम्!

कर्णेनेव विषाङ्गनैकपुरु

षव्यापादिनी रक्षिता

हन्तुं शक्तिरिवार्जुनं बलवती या चन्द्रगुप्तं मया।

सा विष्णोरिव विष्णुगुप्तहतकस्यात्यन्तिकश्रेयसे

हेडिम्बेयमिवेत्य पर्वतनृपं तद्वध्यमेवावधीत॥१५॥

विराधगुप्त — अमात्य! दैवस्यात्र कामचार:, किमत्र क्रियते।

राक्षस: — ततस्तत:।

विराधगुप्त — तत: पितृवधपरित्रासादपक्रान्ते कुसुमपुरात् कुमारे मलयकेतौ, विश्वासिते च पर्वतकभ्रातरि वैरोचके, प्रकाशिते च चन्द्रगुप्तस्य नन्दभवनप्रवेशे, चाणक्यहतकेन आहूयाभिहिता: कुसुमपुरनिवासिन: सर्व एव

सूत्रधार — यथासांवत्सरिकवचनादद्यैवार्द्धरात्रसमय एवाभिमतश्चन्द्रगुप्तस्य नन्दभवनप्रवेशो भविष्यतीति अत: प्रथमद्वारात् प्रभृति संस्क्रियतां राजभवनमिति। तत: सूत्रधारैरभिहितम्। आर्य! प्रथममेव देवस्य चन्द्रगुप्तस्य नन्दभवनप्रवेशमुपलभ्य, सूत्रधारेण दारुवर्मणा कनकतोरणन्यासादिभि: संस्कारविशेषै: संस्कृतं प्रथमराजद्वारम्; इदानीमस्माभिरभ्यन्तरे संस्कारो विधेय इति। ततश्चाणक्यबटुना अनादिष्टेनैव दारुवर्मणा संस्कृतं राजभवनद्वारमिति परितुष्टेन दारुवर्मण: सुचिरं दाक्ष्यमभिनन्द्याभिहितम्। अचिरादस्य दाक्ष्यस्यानुरूपं फलं दारुवर्म्माधिगमिष्यति। [क्व्.फलं अधिगमिष्यसि सि दारुवर्मन्]

राक्षस: — (सोद्वेगम्) सखे, कुतश्चाणक्यबटो: परितोष:? अफलमनिष्टफलं वा दारुवर्मण: प्रयत्नमवगच्छामि। यदनेन बुद्धिमोहादथवा राजभक्तिप्रकर्षान् नियोगकालमप्रतीक्षमाणेन संजनितश्चाणक्यबटोश्चेतसि बलवान् विकल्प:। ततस्तत:।

विराधगुप्त — ततश्चाणक्यहतकेनानुकूललग्नवशादर्द्धरात्रसमये चन्द्रगुप्तस्य नन्दभवनप्रवेशो भविष्यतीति शिल्पिन: पौरांश्च गृहीतार्थान् कृत्वा, तस्मिन्नेव क्षणे पर्वतेश्वरभ्रातरं वैरोचकमेकासने चन्द्रगुप्तेन सहोपवेश्य कृत: पृथ्वीराज्यविभाग:।

राक्षस: — किंचातिसृष्ट: पर्वतेश्वरभ्रात्रे वैराचकाय पूर्वप्रतिश्रुत: राज्यार्धविभाग:!

विराधगुप्त — अमात्य अथ किम्?

राक्षस: — (आत्मगतम्) नियतमतिधूर्तेन चाणक्यबटुना तस्यापि तपस्विन: कमप्युपांशुवधमाकलय्य पर्वतेश्वरविनाशजनितस्यायशस: परिहारार्थमेषा लोकप्रसिद्धिरुपचिता [क्व.लोक प्रसिद्धिरूपरचिता; भक्तिरुपरचिता] (प्रकाशम् ) ततस्तत:।

विराधगुप्त — तत: प्रथममेव प्रकाशीकृते चन्द्रगुप्तस्यार्द्धरात्रे नन्दभवनप्रवेशे, कृताभिषेके

हिमविपलमुक्तागुणः [क्व.मणिः] परि क्षेपोपरचितपटुवारबाणप्रच्छादित

शरीरे मणिमयमुकुटनियमितरुचिरतरमौलौ
सुरभिकुसुमदामवैकक्षिकावभासितवक्षःस्थले परिचितजैनरप्यनभिज्ञायमाननाकृ
चाणक्यहतकस्याज्ञया चन्द्रगुप्तोपवाह्यां चन्द्रलेखाभिधानां नागवशामारुह्य
चन्द्रगुप्तानुयायिना राजलोकेनानुगम्यमाने जवेन देवस्य नन्दस्य भवनं

प्रविशति वैरोचके, युष्मत्प्रयुक्तेन सूत्रधारेण दारुवर्मणा चन्द्रगुप्तोऽयमिति

मन्यमानेन वैरोचकस्योपरि निपातनाय सज्जीकृतं यन्त्रतोरणम्। अत्रान्तरे,
ब्रहिर्निगृहीतवाहनेषु स्थितेषु चन्द्रगुप्तानुयायिषु भूमिपालेषु

युष्मत्प्रयुक्तेनैव चन्द्रगुप्तनिषादिना वर्वरकेण
कनकदण्डान्तर्निहितामसिपुत्रिकामाक्रष्टुकामेनावलम्बिता करेण
कनकशृङ्खलामुखावलम्बिनी कनकदण्डिका।

राक्षसः उभयोरप्यस्थाने यत्नः। ततस्ततः।

विराधगुप्त अथ जघनाभिघातमुत्प्रेक्षमाणा गजवधूरतिजवनतया गत्यन्तरमारूढवती। ततः
प्रथमगत्यनुरोधप्रत्याकलितमुक्तेन प्रभ्रष्टलक्ष्यं पतता
यन्त्रतोरणेनाकृष्टकृपाणीव्यग्रपाणिरनासाद्यैव [क्व.अनासादयन्नेव] चन्द्रगुप्ताशय
त्रैरोचकं दारुवर्म्मणा यन्त्रतोरणनिपातमात्मविनाशफलमवधार्य्य [क्व.यन्त्रतोरण
हतस्तपस्वी वर्वरकः। ततो दारुवमर्णा निपातनादात्मवधमाकलय्य पूर्वमेव]
शीघ्रमेवोत्तुङ्गतोरणस्थानमारूढेन यन्त्रघट्टनबीजलोहकीलकमादाय हस्तिनीगत
हतस्तपस्वी वैरोचकः।

राक्षसः हा! कष्टमनर्थद्वयमापतितम्। न हतश्चन्द्रगुप्तोऽसौ, हतौ वैरोचकवर्वरकौ दैवेन।
(सावेगमात्मगतम्) नैतावुभौ हतौ दैवेन, वयमेव हताः (प्रकाशम्) अथ स
सूत्रधारोदारुवर्म्मा क्व?

विराधगुप्त त्रैरोचक पुरःसरैः पदातिलोकैर्लोष्टघातं हतः।

राक्षसः (सास्रम्) कष्टं भोः कष्टम्। अहो वत्सलेन सुहृदा दारुवर्मणा
वियुक्ताः स्मः। अथ, तेन तत्र भिषजा अभयदत्तेन किमनुष्ठितम्?

विराधगुप्त अमात्य! सर्वमनुष्ठितम्।

राक्षसः (सहर्षम्) अपि नाम सखे! हतश्चन्द्रगुप्तहतकः?

विराधगुप्त अमात्य! दैवान्न हतः।

राक्षसः (सविवादम्) तत् किमिदानीं कथयसि परितुष्टः सर्वमनुष्ठितमिति?

विराधगुप्त अमात्य, कल्पितमनेन विषचूर्णमिश्रं [क्व.योगचूर्णमिश्रितं] औषधं

चन्द्रगुप्ताय। तच्च प्रत्यक्षीकुर्वता चाणक्यहतकेन कनकभाजने वर्णान्तरमुपलभ्याभिहितश्चन्द्रगुप्तः, वृषल! वृषल! सविषमौषधं, न पातव्यमिति।

राक्षसः शठः खल्वसौ बटुः। अथ स वैद्यः कथम्?

विराधगुप्त स खलु वैद्यस्तदेवौषधं पायित उपरतश्च।

राक्षसः (सविषादम्) अहह! महान् विज्ञानराशिरुपरतः! भद्र! अथ तस्य शयनाधिकृतस्य प्रमोदकस्य किं वृत्तम्?

विराधगुप्त आत्मविनाशः (क्व्य.यदितरेषाम्]

राक्षसः (सोद्वेगम्) कथमिव?

विराधगुप्त स खलु मूर्खस्तं युष्माभिरतिसृष्टं महान्तमर्थराशिमवाप्य महता व्ययेनोपभोक्तुमारब्धवान्। ततः कुतोऽयं भूयान् धनागमस्तवेति पृच्छयमानोऽयं, यदा वाक्यभेदान् बहूनगमत् [क्व्य.यदा बहुबाक्यभेदमाकुलमकथयत] तदा चाणक्यहतकादेशाद्विचित्रेण वधेन व्यापादितः।

राक्षसः (सोद्वेगम्) कथमत्रापि वयमेवोपहता दैवेन! अथ शयितस्य चन्द्रगुप्तस्य शरीरे प्रहर्तुमस्मत्प्रयुक्तानां नरपतिशयनगृहस्यान्तः सुरुङ्गामेत्य प्रथममेव निवसतां बीभत्सकादीनां को वृत्तान्तः?

विराधगुप्त अमात्य! दारुणो वृत्तान्तः।

राक्षसः (सावेगम्) कथं दारुणो वृत्तान्तः? न खलु विदितास्ते तत्र निवसन्तश्चाणक्यहतकेन।

विराधगुप्त अथ किम्। प्राक् चन्द्रगुप्तप्रवेशात् प्रविष्टमात्रेणैव शयनगृहं चाणक्येन दुरात्मना समन्तादवलोकितम्। ततस्त्वे कस्माद्भित्तिच्छिद्राद्, गृहीतभक्तावयवानां पिपीलिकानां पङ्क्तिं [ङ्करु.गृहीतभक्तावयवां निष्क्रामन्तीं पिपीलिकापङ्क्तिं] अवलोक्य, पुरुषगर्भमेतद्गृहमिति गृहीतार्थेन दाहितं तच्छयनगृहम्। तस्मिंश्च दह्यमाने धूमावरुद्धदृष्टिविषयाः प्रथमं अभिहित [क्व्य.अपिहित] निर्गमनमार्गमनधिगम्य द्वारं सर्व एव बीभत्सादयस्तत्रैव ज्वलनमुपगम्य तत्रैव नष्टाः।

राक्षसः (सास्त्रम्) सखे! दैवसंपदं पश्य दुरात्मनश्चन्द्रगुप्तहतकस्य। कुतः,

कन्या तस्य वधाय या विषमयी गूढं प्रयुक्ता मया

दैवात् पर्वतकस्तया विनिहतो यस्तस्य राज्यार्द्धभाक्।

ये शस्त्रेषु [क्ष्य.यन्त्रेषु] रसेषु च प्रणिहितास्तैरेव ते घातिताः,
मौर्यस्यैव फलन्ति, पश्य [क.१हन्त] विविधश्रेयांसि मे नीतयः॥१६॥

विराधगुप्त अमात्य! तथापि प्रारब्धमपरित्याज्यमेव। पश्यत्वमात्यः,

प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः,
प्रारभ्य विघ्ननिहता [क्ष्य. विहता] विरमन्ति मध्याः।
विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः
प्रारब्धमुत्तमगुणा न परित्यजन्ति [क्ष्य.गुणास्त्वमिवोद्वहन्ति]॥१७॥

अपिच,

किं शेषस्य भरव्यथा न वपुषि क्ष्मां न क्षिपणकत्येष यत्,
किंवा नास्ति परिश्रमो दिनपतेरास्ते न यन्निश्चलः।
किं त्वङ्गीकृतमुत्सृजन् कृपणवत् श्लाध्यो जनो लज्जते,
निर्वाहः [क्ष्य.निर्व्यूढः, निर्व्यूढं] प्रतिपन्नवस्तुषु सतामेतद्धि गोत्रव्रतम्॥१८॥

राक्षसः सखे! प्रारब्धमपरित्याज्यमिति प्रत्यक्षमेतद्भवतः। ततस्ततः?

विराधगुप्त ततः प्रभृति चाणक्यहतकश्चन्द्रगुप्तस्य शरीरे, सहस्त्रगुणमप्रमत्तः, एभ्यं एतादृशं भविष्यतीति अन्विष्य अन्विष्य निगृहीतवान् कुसुमपुरनिवासिनो युष्मदीयानाप्तपुरुषान् [क्ष्य.नन्दामात्यपुरुषान्]।

राक्षसः (सावेगम्) वयस्य? अथ, के के निगृहीताः

विराधगुप्त अमात्य! आदावेव तावत् क्षपणकणको जीवसिद्धिः सनिकारं नगरान्निर्वासितः।

राक्षसः (आत्मगतम्) एतावत् सह्यं, न निष्परिग्रहं स्थानपरिभ्रंशः पीडयिष्यति। (प्रकाशम्) सखे? कमपराधमुद्दिश्य निर्वासित एषः?

विराधगुप्त एष दुरात्मा राक्षसःसप्रयुक्त्या (क्ष्य.राक्षसःसप्रयुक्तो] विषकन्यया पर्वतेश्वरं घातितवानिति।

राक्षसः (स्वगतम्) साधु कौटिल्य साधु।

परिहृत [क्ष्य. स्वस्मिन्परिहृत] मयशः पातितमस्मासु च घातितोऽर्द्धराज्यहरः।
एकमपि नीतिबीजं बहुफलतामेति यस्य तव॥१९॥

(प्रकाशम्) ततस्ततः?

विराधगुप्त ततश्चन्द्रगुप्तशरीरमभिद्रोग्धु, मनेन व्यापारिता दारुवर्मादय इति नगरे प्रख्याप्य शकटदासः शूलमारोपितः।

राक्षसः (सास्त्रम्) हा सखे, शकटदास, अयुक्तस्तवायमीदृशो मृत्युः। अथवा, स्वाम्यर्थमुपरतो न शोच्यस्त्वमसि। वयमेवात्र शोच्या ये नन्दकुलविनाशेऽपि जीवितुमिच्छामः।

विराधगुप्त अमात्य नैतदेवं; स्वाम्यर्थ एव साधयितव्यः इति।

राक्षसः सखे!

अस्माभिरमुमेवार्थं आलम्ब्य न जिजीविषाम्। । [क.१अस्माभिरमुमेवार्यमवलम्ब्य जिजीविषाम्]

परलोकगतो देवः कृतघ्नैर्नानुगम्यते॥२०॥

राक्षसः सखे! कथ्यताम्। अपरस्यापिसुहृद्व्यसनस्य श्रवणे सज्जोऽस्मि।

राक्षसः सखे! क्रूरस्य चाणक्यबटोर्विरुद्धमयुक्तमनुष्ठितं चन्दनदासेन।

विराधगुप्त अमात्य नन्वयुक्ततरः सुहृद्द्रोहः।

राक्षसः ततस्ततः!

विराधगुप्त ततो याच्यमानेनापि यदा न समर्पितमनेनामात्यकलत्रं ततः कुपितेन चाणक्यबटुना

राक्षसः (सावेगम्) न खलु व्यापादितः।

विराधगुप्त न हि। गृहीत गृहसारः सपुत्रकलत्रो बन्धनागारे निक्षिप्तः।

राक्षसः सखे तत्किंपरितुष्टः कथयसि अपवाहितं राक्षसःसकलत्रमेति। ननु वक्तव्यं सयमितः सपुत्रकलत्रो राक्षसःस इति।

(प्रविश्य)

पुरुष जयतु अमात्यः एषखलु शकटदासः प्रतीहारभूमिमुपस्थितः।

राक्षसः भद्र! अपिसत्यम्।

पुरुष किमलीकममात्यपादेषु विनिवेदयामि।

राक्षसः सखे विराधगुप्तधगुप्त कथमेतत्।

विराधगुप्त अमात्य स्यादेतदेवं यतो भव्यं रक्षति भवितव्यता।

राक्षसः प्रियंवदक! यद्येवं तत् किं चिरयसि? क्षिपणकं प्रवेशयैनम्।

| | |
|---|---|
| प्रियंवदक | तथा (इति निष्क्रान्तः) |
| | (ततः प्रविशति सिद्धार्थःर्थकेनानुगम्यमानः शकटदासः) |
| शक | (दृष्ट्वा आत्मगतम्) |
| | दृष्ट्वा मौर्यमिव प्रतिष्ठितपदं शूलं धरित्र्यास्तले [क्व्य. स्थले] |
| | तल्लक्ष्मीमिव चेतसः [ना] प्रमथिनीं ऊढ्वाच वध्य [ङ्करु. मूर्धावबद्ध] स्रजम्। श्रुत्वास्वाम्युपरोधरौद्रविषमानाघाततूर्यस्वनान् |
| | न ध्वस्तं प्रथमाभिघातकठिनं मन्ये [ङ्करु.यत्तन्] मदीयं मनः॥२१॥ |
| | (नाटयेनावलोक्य सहर्षम्) अयममात्यराक्षसःसस्तिष्ठति, य एषः, |
| | अक्षीणभक्तिः क्षीणेऽपि नन्दे स्वाम्यर्थमुद्वहन्। |
| | पृथिव्यां स्वामिभक्तानां प्रमाणे परमे स्थितः॥२२॥ |
| | (उपसृत्य) जयत्वमात्यः। |
| राक्षसः | (नाटयेनावलोक्य सहर्षम्) सखे, शकटदास! |
| | दिष्ट्या कौटिल्यगोचरगतोऽपि दृष्टोऽसि, तत् परिष्वजस्व माम्। |
| | (शकटदासः तथा करोति) |
| राक्षसः | (तं परिष्वज्य) इदमासनमास्यतात्। |
| शकटदासः | यदाज्ञापयत्यमात्यः। (इति नाटयेनोपविष्टः) |
| राक्षसः | सखे! शकटदास! अथ कोऽयमस्य मे हृदयानन्दस्य हेतुः? |
| शकटदासः | (सिद्धार्थःर्थकं निर्दिश्य) अमात्य! प्रियसुहृदा सिद्धार्थःर्थकेन घातकान् विद्राव्य वध्यस्थानादपहृतोऽस्मि। |
| राक्षसः | (सहर्षम्) भद्र! सिद्धार्थक! काममपर्याप्तमिदमस्य [क्व्य. किं पर्याप्तमिदमस्य] प्रियस्य, तथापि गृह्यताम्। (इति स्वगात्रादवतार्य भूषणानि प्रयच्छति) |
| सिद्धार्थः | (गृहीत्वा पादयोर्निपत्य स्वगतम्) |
| | अयं खलु आर्योपदेशः भवतु तथा करिष्यामि (प्रकाशम्) अमात्य! अत्र मे प्रथमप्रविष्टस्य नास्ति कोऽपि परिचितः यत्रेमं अमात्यस्य प्रसादं निक्षिप्य निर्वृतो भवामि; तस्मादिच्छाम्यहं एतया मुद्रितममात्यस्यैव भाण्डागारे निक्षेप्तुमः यदा ममैतेन प्रयोजनं भविष्यति, तदा ग्रहीष्यामि। |
| राक्षसः | भद्र! भवतु, को दोषः [क्व्य.भारः]? शकटदास! एवं क्रियताम्। |

शकटदासः यदाज्ञापयत्यमात्यः। (मुद्रां विलोक्य जनान्तिकम्) अमात्य! भवन्नामाङ्कितेयं मुद्रा।

राक्षसः (विलोक्य सविषादं सवितर्कमात्मगतम् ) सत्यं अस्मदुत्कण्ठाविनोदार्थं नगरान्निष्क्रामतो मम हस्ताद् ब्राह्मण्या गृहीता। तत् कथमस्य हस्तमुपगता? (प्रकाशम्) भद्र! सिद्धार्थक! कुतस्त्वयेयमधिगता?

सिद्धार्थः अमात्य, अस्ति कुसुमपुरे मणिकारश्रेष्ठी चन्दनदासो नाम। तस्य गेहद्वारपरिसरे पतिता मया आसादिता।

राक्षसः युज्यते।

सिद्धा अमात्य, किमत्र युज्यते?

राक्षसः भद्र! यतो महाधनानां द्वारि पतितस्यैवंविधस्योपलब्धिरिति।

शकटदासः सखे सिद्धार्थःर्थक, अमात्यनामाङ्कितेयं मुद्रा, तदितो बहुतरेणार्थेन भवन्तममात्यस्तोषयिष्यति, तद्दीयतामेषा मुद्रा।

सिद्धार्थः आर्य, ननु एष एव मे परितोषो यदस्याः मुद्रायाः अमात्यः परिग्रहं करोति। (इति मुद्रां समर्पयति)

राक्षसः सखे! शकटदास! अनयैव मुद्रया स्वाधिकारे व्यवहर्त्तव्यं भवता।

शकटदासः यदाज्ञापयत्यमात्य इति।

सिद्धा अमात्य, विज्ञापयामि किमपि।

राक्षसः भद्र! विस्त्रब्धं ब्रूहि।

सिद्धार्थः जानात्येवामात्यो, यथा चाणक्यहतकस्य विप्रियं कृत्वा नास्ति पुनः पाटलिपुत्रे प्रवेशः, इति इच्छाम्यहं अमात्यस्यैव चरणौ शुश्रूषितुम्।

राक्षसः भद्र प्रियंवदक नः, किन्तु त्वदभिप्रायापरिज्ञानान्तरितः [क्वच. अपरिज्ञानेन चोरितः] अस्माकमनुनयः। तदेवं क्रियताम्।

सिद्धार्थः (सहर्षम्) अनुगृहीतोस्मि।

राक्षसः सखे! शकटदास! विश्रामय सिद्धार्थकम्।

शकटदासः यदाज्ञापयत्यमात्यः (इति सिद्धार्थःर्थकेन सह निष्क्रान्तः)

राक्षसः सखे! विराधगुप्तधगुप्त! वर्णयेदानीं कुसुमपुरवृत्तान्तशेषम्। अपि क्षमन्ते अस्मदुपजापं चन्द्रगुप्तप्रकृतयः?

विराधगुप्त अमात्य! वाढं क्षमन्ते, यथाप्रकाशमनुगच्छन्त्येव [vl. ननु प्रकाशमवगम्यतेः]

राक्षसः	सखे! किं तत्र प्रकाशम् [क्द्य.कारणम्]

विराधगुप्त	अमात्य! इदं तत्र प्रकाशं [क्द्य.कारणं] मलयकेतोरपक्रमणात् प्रभृति कुपितश्चन्दगुप्तचाणक्यस्य उपरीति चाणक्योऽपि अति जितकाशितयाऽसहमानस्तैस्तैराज्ञाभङ्गैश्चन्द्रगुप्तस्य चेतसः पीडामुपचिनोति, अयमपि ममानुभवः।

राक्षसः	(सहर्षम्) सखे! विराधगुप्तधगुप्त! तद्गच्छ त्वमनेनाहितुण्डिकच्छद्मना पुनः कुसुमपूरमेव। तत्र हि मे सुहृद्वैतालिकव्यञ्जनः स्तनकलशो नाम प्रतिवसति। स त्वया मद्वचनाद्वाच्यः, यथा चाणक्येन क्रियमाणेष्वाज्ञाभङ्गेषु चन्द्रगुप्तस्त्वया समुत्तेजनरूपैः श्लोकैरुपश्लोकयितव्यः कार्यंचातिनिभृतं करभकहस्तेन संदेष्टव्यमिति।

विराधगुप्त	यदाज्ञापयत्यमात्यः। (इति निष्क्रान्तः)

(प्रविश्य)

पुरुषः	जयतु जयतु अमात्यः। अमात्य। शकटदासो विज्ञापयति, एते खलु त्रयोऽलङ्कारविशेषा विक्रीयन्ते, तस्मात् प्रत्यक्षीकरोत्वमात्य इति।

राक्षसः	(विलोक्यात्मगतम्) अहो! महार्हाण्याभरणानि। (प्रकाशम्) भद्र! उच्यतां शकटदासः, परितोष्य विक्रेतारं, गृह्यतामिति।

पुरुष	तथा (इति निष्क्रान्तः)

राक्षसः	(स्वगतम्) यावदहमपि कुसुमपुराय करभकं प्रेषयामि। (उत्थाय) अपि नाम दुरात्मनश्चाणक्यहतकात् चन्द्रगुप्तो भिद्येत, अथवा सिद्धमेव समीहितं पश्यामि। कुतः?

मौर्यस्तेजसि सर्वभूतलभुजामाज्ञापको वर्त्तते,

चाणक्योऽपि मदाश्रयादयमभूद्राजेति जातस्मयः।

राज्यप्राप्तिकृतार्थमेकमपरं तीर्णप्रतिज्ञार्णवं

सौहार्दात् कृतकृत्यतैव नियतं लब्धान्तरा भेत्स्यति॥२३॥

(इति निष्क्रान्ताः सर्वे)

**इति द्वितीयोऽङ्कः।**

## બીજો અંક

*(પછી મદીરી પ્રવેશ કરે છે.)*

*આહિતુંડિક (સપેરો) : જે લોકો તંત્રની મદદથી ઝેર વિરોધી દવાનો ઉપયોગ કેવી રીતે કરવો અને રાજાશાહી કેવી રીતે ચલાવવી તે જાણે છે અને જેઓ યોગ્ય મંડલ (મહેન્દ્ર વગેરે દેવતાઓનું મંડલ) દોરવા અથવા રાજાશાહીની કલ્પના કરવામાં સક્ષમ છે તેઓ જ સાપ કે રાજા સાથે વ્યવહાર કરી શકે છે. ॥1॥*

*(આકાશ તરફ જોઈને) આર્ય! શું પૂછો છો : 'તમે કોણ છો'? આર્ય! હું જીર્ણવિષ નામનો સપેરો છું. શું કહી રહ્યા છો : 'મારે પણ સાપ સાથે રમવું છે'? સારું! તમારી આજીવિકા શું છે? તમે શું કહો છો : શું તમે રાજવી પરિવારના સેવક છો? તો પછી તમે ચોક્કસ સાપ સાથે રમી રહ્યા છો. તમે શું પૂછો છો : 'કઈ રીતે'? 'મંત્ર અને દવાઓના જ્ઞાન વિનાનો સપેરો, અંકુશ વિનાના પાગલ હાથી પર સવાર' અને 'સત્તા ધરાવતો ઘમંડી સરકારી નોકર', આ ત્રણેયનો વિનાશને પ્રાપ્ત થાય છે. અરે, આ શું છે? આંખના પલકારામાં નજર સામેથી ગાયબ થઈ ગયા? (ફરીથી આકાશ તરફ જોઈને) આર્ય! તમે ફરીથી શું પૂછો છો? આ પેટીઓમાં શું છે? ભાઈ! મારી આજીવિકાનો સ્રોત સાપ છે. (ફરીથી આકાશ તરફ જોઈને) તમે શું પૂછો છો : 'તેમને જોવા માંગુ છું'. ભાઈ, કૃપાળુ બનો; આ દેખાડો કરવાની જગ્યા નથી. જો તમને તે જોવાની ઉત્સુકતા હોય તો આવો, આ ઘરમાં બતાવીશ. (ફરીથી આકાશમાં) તમે શું પૂછો છો? આ તો અમાત્ય રાક્ષસનું ઘર છે. અમારા જેવા લોકોને તેમાં પ્રવેશવાની મંજૂરી નથી. તો પછી તમે જઈ શકો છો. મારી આજીવિકાની કૃપાથી હું અહીં પ્રવેશ મેળવી શકીશ. અરે, શું આ પણ ગાયબ થઈ ગયું?*

*(આસપાસ દિશાઓને જોતા, સંસ્કૃતનો આશ્રય લઈને) આહા! આશ્ચર્ય છે. (ચાણક્યની) કૂટનીતિના પ્રભાવ હેઠળ ચંદ્રગુપ્તને જોઈને, મને એવું લાગે છે કે રાક્ષસના પ્રયત્નો નિષ્ફળ ગયા છે (પરંતુ બીજી બાજુ) મલયકેતુને રાક્ષસના જ્ઞાન મુજબ કાર્ય કરતા જોઈને, એવું લાગે છે કે ચંદ્રગુપ્તના પગ સામ્રાજ્યમાંથી ઉખડી રહ્યા છે. કારણ કે:*

*એક તરફ, હું મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્તના રાજ્યની સંપત્તિને અચલ માનું છું, જેમની મૂર્તિ ચાણક્યના જ્ઞાનના દોરડાથી બંધાયેલી છે, જ્યારે બીજી તરફ, રાજ્યની તે જ સંપત્તિ અહીં રાક્ષસ અમાત્યના સામ, દામ, દંડ, ભેદ રૂપી ઉપાયોથી ઘસેડીને લાવેલી દેખાય છે. ॥2॥*

*તેથી, આ રીતે, રાજકારણમાં કુશળ બે મંત્રીઓ વચ્ચેના પરસ્પર સંઘર્ષને કારણે, નંદ વંશની સંપત્તિનો નાશ થયો હોય તેવું લાગે છે. કારણ કે :*

*મહાન જંગલમાં લડતા બે પાગલ હાથીઓની જેમ, બે મુખ્ય પ્રધાનો (ચાણક્ય અને રાક્ષસ) વચ્ચેના રાજકીય સંઘર્ષમાં નિર્ણય ન લઈ શકવાને કારણે, ભયભીત હાથણીની જેમ રાજ્યલક્ષ્મી પણ ક્યારેક ચાણક્ય પાસે અને ક્યારેક રાક્ષસ પાસે આવે છે અને જાય છે. આનાથી ભારે તકલીફ પડી રહી છે. ॥3 ॥*

*તો ત્યાં સુધી હું અમાત્ય રાક્ષસને મળી લઉં. (આમ કહીને, તે ફરવાનો અભિનયક કરી, અટકી જાય છે.)*

*(ત્યારબાદ, અમાત્ય રાક્ષસ ચિંતાતુર સ્થિતિમાં તેના મહેલમાં પ્રવેશ કરે છે, એક આસન પર બેઠો છે અને તેની પાછળ તેના સેવકો આવે છે.)*

રાક્ષસ : *(આંસુ ભરેલી આંખો સાથે ઉપર જોઈને) ઓહ! કેટલું દુઃખ છે!*

*જેમ યદુવંશીઓની નીતિ અને બહાદુરીથી અને રાજા, મંત્રી અને સેવક વગેરેના ગુણોના ઉપયોગથી દુશ્મનોને શાંત કરી દિધા હતા, તેવી જ રીતે નંદોના મહાન કુળનો તેમના રાજકારણ, પરાક્રમ અને અન્ય ગુણોના પ્રયોગથી નિષ્ઠુર ભાગ્ય દ્વારા નાશ થયો તેથી મારા ચિંતાગ્રસ્ત મનને કારણે, હું દિવસઃરાત જાગું છું (હું સૂઈ શકતો નથી), અને તેવી જ રીતે મારું આ વિચિત્ર કાર્ય દિવાલ (પાયા) વગરના ચિત્ર જેવું બની ગયું છે.* ॥4॥

*અથવા* : *બીજા (મલયકેતુ) નું દાસત્વ સ્વીકારીને, રાજકારણમાં મન એટલે લગાડી રહ્યો છું જેથી સ્વર્ગસ્થ રાજા નંદ મારા દ્વારા કરવામાં આવેલા દુશ્મનોના વિનાશથી ખુશ થાય. હવે હું આ બધું ન તો તેમના પ્રત્યેની અપાર ભક્તિથી કરી રહ્યો છું, ન તો મન ઈન્દ્રિય સુખોમાં આશક્ત હોવાથી, ન તો મૃત્યુના ડરથી કે ન તો મારી પોતાની પ્રતિષ્ઠાની ઈચ્છાથી.* ॥5 ॥

*(આકાશ તરફ જોઈને રડતા) હે દેવી કમલાલયે (લક્ષ્મી) ! તને ગુણોની કદર નથી. કારણ કે* :

*હે, ચપલા! કહો! તમને દરેક રીતે સુખ આપનાર રાજા નંદને પાછળ છોડીને, તમે દુશ્મન મૌર્યના પુત્ર ચંદ્રગુપ્ત તરફ કેમ આશક્ત છો? મદગંધયુક્ત હાથીના મરી જવાથી જેમ મદજળરેખા ત્યાં જ નષ્ટ થઈ જાય છે, તેમ તું તારા મહારાજ (નંદ)નો નાશ થવાથી જાતે જ નષ્ટ કેમ ન થઈ ગઈ?* ॥6 ॥

*હજુ વધુ* : *હે અકુલીને!*

*હે પાપી! શું આ પૃથ્વી પરના પ્રતિષ્ઠિત પરિવારોમાં જન્મેલા બધા રાજાઓ નાશ થયો છે (કોઈ પણ બાકી નથી) કે તે કુળહીન મૌર્યને તારા પતિ તરીકે પસંદ કર્યો છે? કે પછી કાશકુસુમના અગ્રભાગના સમાન સ્ત્રીઓની ચંચળ બુદ્ધિના સ્વભાવથી જ પુરુષોના શૌર્યાદિ ગુણોને પારખવામાં વિમુખ હોય છે.* ॥7 ॥

*હે ઉદ્ધત સ્ત્રી. (રાજ્ય લક્ષ્મી)! તેથી, હું તારો આશ્રય નષ્ટ કરીશ અને તને નિષ્ફળ બનાવીશ. (વિચારીને) ત્યાં સુધી મેં મારા શ્રેષ્ઠ મિત્ર ચંદનદાસના ઘરે મારા પરિવારને રાખી (છોડી)ને નગર છોડીને યોગ્ય કાર્ય કર્યું, કારણ કે – કુસુમપુર પર આક્રમણ કરવામાં રાક્ષસ ઉદાસીન નથી, આને કારણે તે સ્થળના રહેવાસીઓ અને અમારી સાથે મહારાજાના સેવકોના પ્રયત્નો ધીમા નહીં પડે. ચંદ્રગુપ્તના શરીરને ઈજા પહોંચાડવા માટે અમારા મોકલાયલા ઉગ્ર વિષ આપનારાઓને ખુશ રાખવા અને દુશ્મનોની ગતિવિધિઓ વિશે જાણવા માટે અમારા દ્વારા નિયુક્ત કરાયેલા લોકોને (વિષ કન્યા વગેરે) એકત્રિત કરવા માટે મોટી રકમ સાથે શકટદાસને ત્યાં સ્થાપિત કરવામાં આવ્યા છે. જીવસિદ્ધિ વગેરે મિત્રોને દરેક ક્ષણે દુશ્મનો વિશે માહિતી*

એકત્રિત કરવા અને તેમના સંગઠનમાં ફૂટ પાડવા માટે નિયુક્ત કરવામાં આવ્યા છે. તો, આ વિષય પર વધુ શું કહી શકાય :

જેને રાજા નંદે સિંહના બચ્ચાની જેમ ઉછેર્યો હતો, અને ટૂંક સમયમાં તેના પરિવાર સાથે મૃત્યુ પામ્યો હતો. જો અપ્રત્યક્ષ દૈવ (ભાગ્ય) તેનું કવચ ન બને અને તેનું રક્ષણ ન કરે. હું એ જ ચંદ્રગુપ્તના મર્મને મારા બુદ્ધિબાણથી ભેદીશ. ॥8 ॥

(પછી કંચુકી પ્રવેશ કરે છે.)

કંચુકી – ચાણક્યની નીતિની સમાન વૃદ્ધાવસ્થાએ મહારાજા નંદની જેમ, પ્રિય ઈચ્છાઓનો નાશ કર્યો અને ધીમે ધીમે મારામાં ધર્મની ભાવના સ્થાપિત કરી. હવે વૃદ્ધિ પામતા તેની સેવા દ્વારા તક મળતાં મારો લોભ  રાક્ષસની જેમ વિજય મેળવવા પ્રયત્ન કરે છે. પણ હું જીતી શકવા સમર્થ નથી. ॥9 ॥

(જોઈને) આ અમાત્ય રાક્ષસ. ( ફરીને, નજીક આવીને) આ અમાત્ય રાક્ષસનું ઘર છે. હું દાખલ થાઉં છું. (આવીને જોઈને) અમાત્ય! તમારું કલ્યાણ થાય.

રાક્ષસ  : આર્ય જાજલે! હું અભિવાદન કરું છું! હે પ્રિયંવદક! આસન લાવજે.

પુરૂષ  : આ આસન લાવ્યો છું. આર્ય! કૃપા કરીને બેસો.

કંચુકી  : (નાટકીય રીતે બેઠો) અમાત્ય! કુમાર મલયકેતુને વિનંતી કરી છે : 'તમે ઘણા સમયથી તમારા શરીરના આભૂષણો વગેરેનો ત્યાગ કર્યો છે, તેથી મારું હૃદય દુભાય છે. જોકે મહારાજા નંદના દાનઃ

શૌર્ય વગેરે ગુણો સરળતાથી ભૂલી શકાતા નથી, છતાં પણ, કૃપા કરીને મારી વિનંતી સ્વીકારો આર્ય. (આમ કહીને ઘરેણાં બતાવીને) હે મંત્રીજી! કુમારે આ ઘરેણાં પોતાના શરીર પરથી કાઢીને તમને મોકલ્યા છે, કૃપા કરીને આપ એ પહેરો.

રાક્ષસ  : આર્ય જાજલે! મારા વતી કુમારને વિનંતી કરો કે તમારા ગુણો પ્રત્યેના અનુરાગને કારણે મહારાજા નંદના ગુણો ભૂલી ગયા છે. પણ :

હે રાજા! જ્યાં સુધી સર્વ શત્રુ મંડળનો વિનાશ કરેલા તમારા સુગાંગ નામના મહેલમાં આ સુવર્ણ સિંહાસન સ્થાપિત ન થાય, ત્યાં સુધી સર્વ શત્રુઓ દ્વારા પરાભવના આઘાતથી દુઃખી મારા શરીરના અવયવો પર સહેજ પણ અલંકાર નહીં ધરું. ॥ ૧૦॥

કંચુકી : હે મંત્રીવર! 'તમારા જેવા કુમારના નેતૃત્વમાં આ બધું થવું સહેલું છે.' તેથી, કૃપા કરીને રાજકુમારની મુખ્ય પ્રાર્થના સ્વીકારો.

રાક્ષસ : આર્ય! કુમારની જેમ, તમારા આદેશોને પણ અવગણી શકાય નહીં. તેથી, કુમારના આદેશોનું પાલન કરવામાં આવી રહ્યું છે.

કંચુકી : (નાટકીય રીતે ઘરેણાં પહેરાવીને) તમારું કલ્યાણ થાઓ. હવે હું જાઉં છું.

રાક્ષસ : આર્ય! હું અભિવાદન કરું છું. (કંચુકી જાય છે.) પ્રિયંવદક! મને મળવા માટે દરવાજા પર ઉભેલી આ વ્યક્તિ કોણ છે તે જાણો?

*પ્રિયંવદક* **:** *મંત્રીજીનો જેવો આદેશ. (આસપાસ ફરીને અને સપેરને જોઈને) આર્ય! તમે કોણ છો?*

*અહિતુંડિક (સપેરો) – હે ભાઈ! હું તો જીર્ણવિષ નામનો સપેરો છું. અમાત્ય રાક્ષસને સાપનો ખેલ બતાવવા માંગુ છું.*

*પ્રિયંવદક* **:** *રાહ જુઓ, અમાત્યને નિવેદન કરું છું. (રાક્ષસ પાસે જઈને) આર્ય! આ સાપેરો તમને સાપનો ખેલ બતાવવા માંગે છે.*

*રાક્ષસ* **:** *(ડાબી આંખના ફરકવાના અભિનય સાથે, મનમાં) સૌથી પહેલા સાપના દર્શન. (પ્રકટરૂપ માં) પ્રિયંવદક! મને સાપ જોવામાં રસ નથી. તેથી આ સાપેરાને ઈનામ આપીને વિદાય આપો.*

*પ્રિયંવદક* **:** *તમારો જે આદેશ. (ફરીને સાપેરા તરફ જઈને) ભાઈ! મંત્રીશ્રીએ તમને આ જોયા વિના જ પુરસ્કાર આપ્યો છે. તેમની સાપનો ખેલ જોવાની ઈચ્છા નથી.*

*અહિતુંડિક* **:** *ભાઈ! મારી વિનંતી પર, મંત્રીને કહો કે હું ફક્ત સપેરો જ નથી પણ પ્રાકૃત કવિ પણ છું. તેથી, જો મંત્રી મને દર્શન ન આપે, તો કૃપા કરીને ફક્ત આ પત્ર વાંચો. (પત્ર આપે છે)*

*પ્રિયંવદક* **:** *(પત્ર લઈને રાક્ષસ પાસે જઈને) હે મંત્રી! હકીકતમાં, સાપેરો કહી રહ્યો છે કે 'હું સપેરો જ નથી, હું પ્રાકૃત કવિ પણ છું. તેથી, જો મને મળવાની કૃપા નથી કરી રહ્યા, તો કૃપા કરીને આ પત્ર વાંચો.*

*રાક્ષસ* **:** *(પત્ર લઈને વાંચે છે)*

*ભમરો (જાસૂસ) પોતાની કુશળતાથી સમસ્ત પુષ્પરસ (પાટલીપુત્રના રહસ્યો) પીને જે કંઈ પણ તે વમન છે તે બીજાઓ માટે ઉપયોગી થાય છે.* ॥11॥

*(વિચારીને મનમાં) અરે! 'હું તમારો જાસૂસ છું જે કુસુમપુરનો વૃતાંત જાણે છે'* **:** *આ જ ગાથાનો અર્થ છે. અહા! મારા મનની વ્યસ્તતા અને કામની પુષ્કળતાને કારણે, હું જાસૂસો વિશે પણ ભૂલી ગયો. હવે મને યાદ આવ્યું. વાસ્તવમાં આ કુસુમપુરથી સપેરાના વેશમાં આવ્યો તે વિરાધગુપ્ત હોવો જોઈએ. (પ્રગટ રૂપે) હે પ્રિયંવદક! તેને અંદર લાવો. આ એક સુંદર કવિ છે. આનાથી એક સુભાષિત સાંભળવા માંગુ છું.*

*પ્રિયંવદક* **:** *તમારો જેવો આદેશ. (સપેરા પાસે જઈને) આર્ય! આવો.*

*આહિતુંડિક* **:** *(નાટકીય રીતે નજીક આવીને સંસ્કૃતમાં સ્વગત) અહા! આ અમાત્ય રાક્ષસ છે. આ તે* **:**

*જેની પ્રવૃત્તિથી ભય પામતી, કંઠમાં શિથિલતાથી મુખ ફેરવેલું રાખીને ડાબી બાહુલતાને પરોવી, બળપૂર્વક ખભા પર મૂકેલી હોવી છતા ખોળામા વારંવાર સરી પડતી જમણી બાહુલતાવાળી, રાજ્યશ્રી હજુ પણ મૌર્યની ચંદ્રગુપ્તના છાતી પર ગાઢ આલિંગનના આનંદ અનુભવથી જમણા સ્તનને નથી રાખી શકતી.* ॥12॥

*(પ્રકટ) જય હો અમાત્ય, જય હો.*

*રાક્ષસ : (જોઈને) હે વિરાધ!... (અધૂરું બોલ્યા પછી) પ્રિયંવદક! હવે સાપોથી મનોરંજન કરવું છે. તેથી પરિજન વિશ્રામ કરે. તું પણ તારી ફરજ પૂર્ણ કર.*

*પ્રિયંવદક : જેવો આદેશ (આટલું કહીને તે તેના પરિવાર સાથે નીકળી જાય છે.)*

*રાક્ષસ – મિત્ર! વિરાધગુપ્ત! આ આસન છે, બેસ.*

*વિરાધગુપ્ત : મંત્રીની જેવી આજ્ઞા. (નાટકીય રીતે બેસવાનો અભિનય કરે છે.)*

*રાક્ષસ : (ઉદાસ થઈને જોઈને) અરે! મહારાજના ચરણકમળની સેવા કરનાર વ્યક્તિની આ સ્થિતિ છે? (આટલું કહીને તે રડવા લાગે છે.)*

*વિરાધગુપ્ત : મંત્રી! શોક ન કરો. અમાત્ય નિઃશંકપણે ખૂબ જ ટૂંક સમયમાં આપણને આપણી પૂર્વ પરિસ્થિતિમાં પાછા લઈ આવશે.*

*રાક્ષસ : મિત્ર વિરાધગુપ્ત! હવે મને કુસુમપુરના સમાચાર કહો.*

*વિરાધગુપ્ત : મંત્રી! કુસુમપુરની વાર્તા ખૂબ જ વિગતવાર છે. તો કૃપા કરીને મને કહો, હું તે ક્યાંથી વર્ણવું?*

*રાક્ષસ : મિત્ર! ચંદ્રગુપ્ત નગરમાં પ્રવેશ્યા ત્યારથી લઈને અત્યાર સુધી તેમને ઝેર આપનારા ગુપ્તચરે શું કર્યું? હું શરૂઆતથી બધું સાંભળવા માંગુ છું.*

*વિરાધગુપ્ત : કહું છું. ચાણક્યના જ્ઞાનથી પ્રેરિત ચંદ્રગુપ્ત અને પર્વતેશ્વરના સૈનિકો, જેમ કે શક, યવન, કિરાત, કંબોજ, પારસિક, બાહ્લિક વગેરે, કુસુમપુરને ચારે બાજુથી એવી રીતે ઘેરી લીધું હતું જેમ પ્રલય સમયે ઉછળતા પાણીવાળાં સમુદ્ર ઘેરી લે છે.*

*રાક્ષસ : (શસ્ત્ર કાઢીને) મારા રહેતા કુસુમપુરને કોણ ઘેરી શકે? પ્રવીરક! ઓ પ્રવીરક, હવે શીઘ્ર :*

*ધનુર્ધારિયો દ્વારા કિલ્લાને ચારે બાજુથી શીઘ્ર ઘેરી વળે, દુશ્મનના હાથીઓના સૈન્યનો નાશ કરવા સક્ષમ આપણા હાથીઓને દરવાજા પર તૈનાત કરો. મૃત્યુના ભયને ત્યજીને જેમને યશ પ્રિય છે તેવા બહાદુર પુરુષો મારી સાથે સર્વાનુમતે દુશ્મનની શક્તિશાળી સેના પર હુમલો કરવા માટે બહાર નિકળી પડે. ॥ ૧૩॥*

*વિરાધગુપ્ત : આમાત્ય! ગુસ્સે ના થાઓ. આ વાર્તા કહેવામાં આવી રહી છે.*

*રાક્ષસ : (લાંબો શ્વાસ લેતા) આ દુઃખદ સમાચાર છે. મને સમજાયું કે એ સમય આવી ગયો છે. (શસ્ત્રોનો ત્યાગ કરીને) હા! રાજા નંદ! મારો પ્રત્યેની આપની કૃપો હજુ મને યાદ છે. આપ સંગ્રામ સમયે :*

*તે જગ્યાએ રાક્ષસ જાય જ્યાં શ્યામ વાદળોની જેમ હાથીઓની સેના આગળ વધે, ચંચળ પાણીની જેમ ઝડપથી આગળ વધતા ઘોડાઓની આ રાક્ષસ રોકી રાખે. રાક્ષસ પાયદળનો નાશ કરે, મારા માટે આ રીતે આદેશો આપતી વખતે, મારા પ્રત્યેના તમારા અતિશય પ્રેમને કારણે, નગરમાં જાણે એક હજાર રાક્ષસો હોય તેમ તે જાણતા. ॥14 ॥*

*પછી તો ?*

*વિરાધગુપ્ત : ત્યારબાદ પાટલીપુત્રને ચારે બાજુથી ઘેરાયેલું જોઈને, જ્યારે મહારાજા સર્વાર્થસિદ્ધિ લાંબા સમયથી શહેરના રહેવાસીઓ પર પડી રહેલા મહા ઘેરાબંધીનો ત્રાસ સહન કરી શક્યા નહીં, ત્યારે નાગરિકોની સલામતી માટે, તેઓ સુરંગ દ્વારા તપોવન ગયા અને મહારાજાથી અલગ થવાને કારણે તમારી સેના તેના સંરક્ષણ પ્રયાસોમાં નબળી પડી ગઈ, અને ચંદ્રગુપ્તની જીતની જાહેરાત કરવામાં થયેલી માનસિક વિક્ષેપને કારણે, તમે શહેરના રહેવાસીઓને શહેરની અંદર રહેવાનો આદેશ આપ્યો, અને જ્યારે તમે બધા પણ નંદનું રાજ્ય પાછું લાવવા માટે સુરંગ દ્વારા બહાર નીકળ્યા, ત્યારે તમે લોકોએ ચંદ્રગુપ્તને મારવા માટે એક વિષકન્યાઓનો ઉપયોગ કર્યો અને તપસ્વી પર્વતેશ્વરને મારી નાખ્યો.*

*રાક્ષસ : મિત્ર! આશ્ચર્ય તો જુઓ –*

*જેમ કર્ણ દ્વારા અર્જુનને મારવા માટે શક્તિ નામના શસ્ત્રનો ઉપયોગ કરાયો હતો, તેવી જ રીતે મેં એક ચ જ વ્યકિત ચંદ્રગુપ્તને મારવા માટે વિષકન્યા ઉપયોગ કર્યો હતો; પરંતુ તે વિષકન્યા, દુષ્ટ ચાણક્યને હિતકર બનવા માટે ચાણક્ય દ્વારા મારવા યોગ્ય પર્વતેશ્વર મહારાજની પાસે જઈને એ જ પ્રકારે તેમની હત્યા કરાવી જે રીતે ભગવાન કૃષ્ણ દ્વારા મારવાના યોગ્ય હિડિમ્બાના પુત્ર (ઘટોત્કચ)ને કર્ણ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી શક્તિ દ્વારા મારવામાં આવ્યા હતા.* ‖15 ‖

*વીરાધગુપ્ત : હે અમાત્ય! આમાં ભાગ્યની મનસ્વીતા હોય ત્યા શું થઈ શકે?*

*રાક્ષસ : પછી શું થયું?*

*વિરાધગુપ્ત : પછી જ્યારે કુમાર મલયકેતુ તેના પિતાની હત્યાના ડરથી ભાગી ગયો અને પર્વતકના ભાઈ વૈરોચકને ખાતરી આપવામાં આવી અને ચંદ્રગુપ્તના નંદ ભવનમાં પ્રવેશની જાહેરાત કરવામાં આવી, ત્યારે દુરાત્મા ચાણક્યએ કુસુમપુરમાં રહેતા બધા શીલ્પીઓને બોલાવ્યા અને કહ્યું કે જ્યોતિષીઓની સૂચના મુજબ, ચંદ્રગુપ્ત આજે મધ્યરાત્રિએ નંદ ભવનમાં પ્રવેશ કરશે. તેથી, પૂર્વના દ્વારથી શરૂ કરીને, આખા રાજભવનને શણગારો. ત્યારબાદ શીલ્પીઓએ કહ્યું: આર્ય! મહારાજા ચંદ્રગુપ્ત નંદ ભવનમાં પ્રવેશ કરવાના છે તે જાણીને, શિલ્પકાર દારુવર્માએ કનકતોરણ વગેરે ખાસ સજાવટ કરીને મહેલના પ્રવેશદ્વારને પહેલેથી જ શણગારી દીધો હતો. હવે તો આપણે અંદરથી જ શણગારવાનું છે. ત્યારબાદ દુષ્ટ ચાણક્ય ખુશ થઈને વિચારે છે કે શિલ્પકાર મારા આદેશ વિના રાજમહેલના દરવાજાને શણગાર્યો છે, અને લાંબા સમય સુધી દારુવર્માની કુશળતાની પ્રશંસા કરી અને કહ્યું : દારુવમન! ટૂંક સમયમાં તમને તમારી કુશળતા અનુસાર ફળ મળશે.*

*રાક્ષસ : (ઉદ્વેગ સાથે) એ મિત્ર! દુષ્ટ ચાણક્ય ને સંતોષ ક્યાં છે? હું દારુવર્માના આ પ્રયાસને નિરર્થક અને અનિષ્ટકારક માનું છું, કારણ કે રાજા પ્રત્યેના પોતાના બૌદ્ધિક મોહ અથવા પ્રબળ રાજ ભક્તિને કારણે યોગ્ય સમયની રાહ જોવાને બદલે, તેણે (દારુવર્માએ) દુષ્ટ ચાણક્યના મનમાં ભયંકર શંકા પેદા કરી છે. તે પછી શું થયું?*

વિરાધગુપ્ત : પછી દુરાઆત્મા ચાણક્યએ શહેરના નાગરિકોને અને કારીગરોને જાણ કરી કે 'અનુકૂળ મુહૂર્તને કારણે ચંદ્રગુપ્ત મધ્યરાત્રિએ નંદ ભવનમાં પ્રવેશ કરશે' અને તે જ ક્ષણે પર્વતેશ્વરના ભાઈ વૈરોચકને ચંદ્રગુપ્ત સાથે એક જ આસન પર બેસાડ્યો અને સામ્રાજ્યને બે સમાન ભાગોમાં વહેંચી દીધું.

રાક્ષસ : શું પહેલા નક્કી થયા મુજબ અડધું રાજ્ય પર્વતેશ્વરના ભાઈ વૈરોચકને આપવામાં આવ્યું હતું?

વિરાધગુપ્ત : બીજું શું?

રાક્ષસ – (સ્વગત) ચોક્કસ, ધૂર્ત ચાણક્યએ પર્વતેશ્વરના વધથી થતી બદનામીથી બચવા અને લોકોનો વિશ્વાસ મેળવવા માટે, તે લાચાર વ્યક્તિ માટે પણ ગુપ્ત હત્યાનું આયોજન કર્યું હતું, અને આ યુક્તિ (રાજ્યના ભાગલા પાડવાની) રમી.

વિરાધગુપ્તઃ ત્યારબાદ, લોકોને મધ્યરાત્રિએ ચંદ્રગુપ્તના નંદ ભવનમાં પ્રવેશ વિશે અગાઉથી જાણ કરવામાં આવી અને વૈરોચકનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. વૈરોચનું શરીર વિવિધ રંગોના કાપડથી બનેલા કવચથી ઢંકાયેલું હતું, ચારે બાજુ લટકતા તેજસ્વી મોતીના માળાથી શણગારેલું હતું, તેનું માથું રત્નજડિત મુગટથી સજ્જડ રીતે બંધાયેલું હોવાથી તે અત્યંત સુંદર દેખાતું હતું, તેની પહોળી છાતી બંને ખભા પર ત્રાંસા લટકતા સુગંધિત ફૂલોના માળાથી શણગારેલી હતી. આમ, પરિચિત હોવા છતાં, વૈરોચક અજાણ્યો લાગતો હતો. ચાણક્યના આદેશથી ચંદ્રગુપ્તને બેસાડવા માટે ઉપયોગમાં લેવાતા ચંદ્રલેખા નામની માદા હાથી પર સવાર થઈને તે દુષ્ટ વ્યક્તિ ઝડપથી મહારાજા નંદના મહેલમાં પ્રવેશવા લાગ્યો, ત્યારબાદ ચંદ્રગુપ્તના અનુયાયીઓનું જૂથ અનુસરણ કરતું હતું. તમારા દ્વારા કાર્યરત શિલ્પકાર દારુવર્માએ, 'આ ચંદ્રગુપ્ત છે' એમ વિચારીને, વૈરોચકની ટોચ પર શણગારેલા યંત્રતોરણને નીચે લાવવાની જવાબદારી સંભાળી. આ દરમિયાન, ચંદ્રગુપ્તના અનુયાયી રાજાઓએ તેમના વાહનો બહાર રોકી દીધા અને ચંદ્રગુપ્તના મહાવત, જેનું નામ વર્વરક હતું, તેણે સોનાની છડીની અંદર મુકેલી ગુપ્તીને ખેંચવાની ઈચ્છાથી સાંકળમાંથી લટકતી સોનાની છડીને પકડી લીધી, અને સોનાની છડી અંદર છુપાયેલ ખંજર બહાર કાઢવાની ઇચ્છા રાખી.

રાક્ષસ : બંનેના પ્રયાસો અયોગ્ય હતા. તે પછી શું થયું?

વિરાધગુપ્ત : આ પછી, તેની જાંઘમાં ઈજા થવાના ડરથી, હાથીએ તેની ગતિ ખૂબ જ ઝડપી બનાવવાનું શરૂ કર્યું. ત્યારબાદ, પોતાની પહેલાની ગતિનો અંદાજ લગાવીને, દારુવર્મા નિશાન ચૂકી ગયો અને પડી રહેલા તોરણના ઉપકરણ પરથી તેને ચંદ્રગુપ્ત સમજી ગયો, પરંતુ વૈરોચક ન મળતાં, તેણે બીચારો વર્વરકને મારી નાખ્યો, જેના બંને હાથ ખંજર પકડવાને કારણે અટકી ગયા હતા. પછી દારુવર્માએ, યંત્રતોરણના પતનના ગુના બદલ પોતાના મૃત્યુનો વિચાર કરીને, ઊંચી કમાન પર લગાવેલા યંત્રતોરણના પાયામાં લગાવેલા લોખંડના ખીલાને ઝડપથી ઉખેડી નાખ્યો અને માદા હાથી પર બેઠેલા બીચારા વૈરોચકને મારી નાખ્યો.

રાક્ષસ : દુઃખ છે! બેવડા અનર્થ થઈ ગયા. દુષ્ટ ચંદ્રગુપ્ત માર્યો ન હતો, પરંતુ વર્વરક અને વૈરોચક માર્યા ગયા. (ઉત્સાહિત થઈને મનમાં) તે બંને માર્યા ગયા ન હતા, પણ ભાગ્યએ આપણને માર્યા. (પ્રકટ રૂપમાં) તો પછી તે શિલ્પકાર દારુવર્મા ક્યાં ગયો?

વિરાધગુપ્ત – વૈરોચકની આગળ ચાળનાર પગપાળાઓએ પથરાઓ મારીને તેમની હત્યા કરી દીધી.

રાક્ષસ : (આંખોમાં આંસુ સાથે) તે દુઃખદ છે. હાય! અમે બધા અમારા પ્રેમાળ મિત્ર દારુવર્માથી અલગ થઈ ગયા. તો પછી ત્યાં હાજર વૈધ અભયદત્તે શું કર્યું?

વિરાધગુપ્ત – બધું જ કર્યું.

રાક્ષસ : (ખુશીથી) શું ચંદ્રગુપ્ત નામનો દુરાઆત્મા માર્યો ગયો છે?

વિરાધગુપ્ત : અમાત્ય! સદનસીબએ મારી શકાયો નહીં.

રાક્ષસ : (દુઃખથી) તો હવે તું શું કહી રહ્યો છે કે તેં બધું જ કર્યું ?

વિરાધગુપ્ત : અમાત્ય! આ વ્યક્તિ (અભયદત્ત વૈદ્ય) એ ચંદ્રગુપ્ત માટે ઝેરી ચૂર્ણ મિશ્રિત ઔષધ તૈયાર કરી, પરંતુ તેની સામે આવતાની સાથે જ દુષ્ટ ચાણક્યએ સોનાના વાસણનો બદલાયેલો રંગ જોઈને ચંદ્રગુપ્તને કહ્યું : 'હે વૃષલ! તમારે આ ઝેરી દવા ન લેવી જોઈએ.'

રાક્ષસ : તે દુષ્ટ વ્યક્તિ ખૂબ જ હોશિયાર છે. પછી તે વૈધ કેવા છે?

વિરાધગુપ્ત : તે વૈધને પણ એ જ ઝેરી દવા આપવામાં આવી હતી અને તે મૃત્યુ પામ્યો.

રાક્ષસ : (દુઃખથી) અરે જ્ઞાનનો મોટો ભંડાર નષ્ટ થઈ ગયો. તેના શયનગૃહમાં નિયુક્ત પ્રમોદકના શું સમાચાર છે ?

વિરાધગુપ્ત – આત્મવિનાશ / જે બિજાના છે.

રાક્ષસ – (ઉદ્વેગ સાથે) કેવી રીતે ?

વિરાધગુપ્ત : તે મૂર્ખે તમારાથી આપવામાં આવેલ અપાર ધનને છૂટથી વાપરવા લાગ્યો. પછી તેણે આટલી મોટી રકમ કેવી રીતે મેળવી તે અંગે વિરોધાભાસી કારણો આપ્યા, પછી દુષ્ટ ચાણક્યના આદેશથી તેને બૂરી રીતે મારી નાખ્યો.

રાક્ષસ : (ઉદ્વેગમાં) શું ભાગ્યએ આપણોં અહીં પણ વિનાશ કર્યો છે? તો પછી નંદ ભવનના સૂતેલા ચંદ્રગુપ્તના શરીર પર હુમલો કરવા માટે અમારા દ્વારા નિયુક્ત કરાયેલા ઓરડાની અંદરની સુરંગ બીભત્સ્ક (રાક્ષસ) વગેરેના શું સમાચાર છે?

વિરાધગુપ્ત : અમાત્ય! આ દુઃખદ સમાચાર છે.

રાક્ષસ : (ઉત્સાહથી) આ કેવા દુઃખદ સમાચાર છે? શું દુષ્ટ ચાણક્યએ તે લોકોને ત્યાં રહેતા (છુપાયેલા) જોયા હતા?

વિરાધગુપ્ત : બીજું શું?

*રાક્ષસ : કયા પ્રકારનો?*

*વિરાધગુપ્ત : ચંદ્રગુપ્તના પ્રવેશ પહેલાં, દુષ્ટ ચાણક્ય એકલા શયનકક્ષમાં પ્રવેશ્યો અને આસપાસ જોયું. જ્યારે તેણે દિવાલના છિદ્રમાંથી ચોખાના દાણા લઈને કીડીઓની એક પંક્તિમાં બહાર આવતી જોઈ, ત્યારે તે સમજી ગયો કે તે શયનકક્ષમાં કોઈ માણસ છુપાયેલો હોવો જોઈએ. તેથી તેણે તે શયનકક્ષમાં આગ લગાવી દીધી. અંદરનો શયનકક્ષ સળગી ગયો હોવાથી, ધુમાડાને કારણે તેઓએ આંખો બંધ કરી દીધી અને બહારનો રસ્તો ન મળતાં તેઓ આગમાં બળી ગયા અને મૃત્યુ પામ્યા.*

*રાક્ષસ : (રડતા) મિત્ર! જુઓ, ચંદ્રગુપ્તના નસીબને કારણે બધા મારી નાખવામાં આવ્યા. (ચિંતા સાથે) મિત્ર! દુરાત્મા ચંદ્રગુપ્તના નસીબ અને સંપત્તિ જુઓ. કારણ કેઃ*

*સંયોગથી, ચંદ્રગુપ્તને મારવા માટે મેં ગુપ્ત રીતે જે વિષકન્યાની નિમણૂક કરી હતી તેણે પર્વતકને મારી નાખ્યો, જે તેના અડધા રાજ્યનો માલિક હતો. જે લોકો શસ્ત્રો અને ઝેરી પદાર્થોનો ઉપયોગ કરીને મારવા માટે પ્રેરિત થયા હતા, તે જ માણસો તે શસ્ત્રો અથવા ઝેરી પદાર્થો દ્વારા માર્યા ગયા. જુઓ! મારી નીતિઓ ચંદ્રગુપ્ત માટે ઘણી રીતે ફળદાયી સાબિત થઈ રહી છે. ॥૧૬॥*

*વિરાધગુપ્ત : અમાત્ય! તેમ છતાં, એકવાર શરૂ થયેલ કાર્યને અધૂરું ન છોડવું જોઈએ; જુઓ :*

*અધમ પુરુષો વિઘ્નના ડરથી કામ શરૂ કરતા નથી. મધ્યમ કક્ષાના પુરુષો કામ શરૂ કરે છે અને અવરોધોથી પીડાય છે ત્યારે તેને અધવચ્ચે જ છોડી દે છે. પરંતુ ઉત્તમ પુરુષો વારંવાર અવરોધોથી પીડાતા હોવા છતાં, તમારા જેવા કાર્યને અધૂરું છોડતા નથી, એટલે કે તેઓ તેને પૂર્ણ કરે છે. ॥17 ॥*

*અને એ પણ, શું શેષનાગના શરીરને પીડા નથી થતી કે તે પૃથ્વીને પોતાની પીઠ પરથી ફેંકી દેતો નથી, અથવા દિવસના સ્વામી સૂર્યને સતત ગતિમાં સખત મહેનત કરવી પડતી નથી, કે તે સ્થિર રહેતો નથી; પરંતુ એક પ્રશંસનીય વ્યક્તિ જ્યારે પોતાના હાથમાં લીધેલા કાર્યને કૃપણની જેમ છોડી દે છે ત્યારે તેને શરમ આવે છે, કારણ કે એક સજ્જન વ્યક્તિનું કર્તવ્ય છે કે તે કાર્ય શરૂ કર્યા પછી તેને પૂર્ણ કરે. ॥18॥*

*રાક્ષસ : મિત્ર! 'એકવાર શરૂ થયેલ કાર્ય અધૂરું ન છોડવું જોઈએ' : આ તમારી સામે જ છે. તે પછી શું થયું?*

*વિરાધગુપ્ત : તે સમયથી, દુષ્ટ ચાણક્ય ચંદ્રગુપ્તના શરીર પ્રત્યે હજાર ગણો વધુ સાવધ બન્યો છે અને આ વિષકન્યા અને ઝેરી તત્ત્વો દ્વારા આ પ્રકારનું નુકસાન થઈ રહ્યું છે તે જાણ્યા પછી, તેણે કુસુમપુરમાં રહેતા તમારા વિશ્વાસુ માણસોને ધરપકડ કરી છે.*

*રાક્ષસ : (ચિંતા સાથે) મિત્ર! મને કહો, કોની ધરપકડ કરવામાં આવી છે?*

*વિરાધગુપ્ત : અમાત્ય! સૌ પ્રથમ, જીવસિદ્ધિ ક્ષપણકને કુસુમપુર શહેરમાંથી તિરસ્કાર પૂર્વક કુસુમપુર નગરમાંથી કાઢવામાં આવ્યા.*

રાક્ષસ : (સ્વગત) આટલું બધું સહન કરી શકાય તેવું છે. ઈન્દ્રિય સુખોથી રહિત રહેઠાણની જગ્યાએથી કાઢી મૂકવામાં આવે તો દુઃખ ચોક્કસ થાય છે. (પ્રક્ટ) મિત્ર! તેને કયા ગુના માટે કાઢી મૂકવામાં આવ્યો?

વીરાધગુપ્ત : આ દુષ્ટ વ્યક્તિએ રાક્ષસ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી વિષકન્યાની મદદથી પર્વતેશ્વરનો વધ કરાવ્યો.

રાક્ષસ : (મનમાં) ધન્ય હો! કૌટિલ્ય, ધન્ય હો !

તમે રાજ્યને અડધા ભાગમાં વહેંચનાર પર્વતકને મરાવી નાખ્યો અને બદનામી પણ દૂર કરી અને તે પાપ મારા પર લાધ્યું. તમારા રાજકારણનું એક જ બીજ અનેક પ્રકારના ફળ આપી રહ્યું છે. ॥19 ॥

(પ્રક્ટ રૂપ) તે પછી શું થયું?

વીરાધગુપ્ત : ત્યારબાદ, શહેરમાં સમાચાર ફેલાવ્યા બાદ શકટદાસને ફાંસી આપવામાં આવી કે, "તેણે ચંદ્રગુપ્તના શરીરનો નાશ કરવા માટે દારુવર્મા અને અન્ય લોકોને કામે લગાડ્યા છે".

રાક્ષસ : (રડતા) હા મિત્ર! શકટદાસ! આ પ્રકારનું મૃત્યુ તે અયોગ્ય હતું. અથવા તમે રાજા માટે તમારા જીવનનું બલિદાન આપ્યું છે, તેથી શોક ન કરવો જોઈએ. આ બાબતમાં, અમારો જ શોક કરવાનો છે કે નંદવંશના વિનાશ પછી પણ જીવતા રહેવા માંગીએ છીએ.

વિરાધગુપ્ત : અમાત્ય! 'માત્ર સ્વામીનું કાર્ય જ પૂર્ણ થવું જોઈએ', આ જ માટે તમે પ્રયત્નશીલ છો.

રાક્ષસ : અરે મિત્ર!

આપણે કૃતઘ્ન આ જ અર્થને, અને નહીં કે જીવવાની ઈચ્છાને વળગી રહીને પરલોકમાં સિધાવેલા મહારાજને અનુસરતા નથી. ॥20 ॥

વિરાધગુપ્ત : મંત્રી! એવું નથી. (अस्माभिरमुमेवार्थं आलम्ब्य ... 2/20) વગેરે શ્લોકોનું ગાયન કરે છે.)

રાક્ષસઃ મિત્ર! મને કહો, હું બીજા મિત્રોની સમસ્યાઓ પણ સાંભળવા તૈયાર છું.

વિરાધગુપ્ત : આ બધું જોયા પછી, ચંદનદાસે અમાત્યના પરિવારને બીજી જગ્યાએ મોકલી દીધો.

રાક્ષસ : મિત્ર! આમ કરીને તેણે દુષ્ટ મનના ચાણક્યની દુશ્મની ભોગવી છે.

વિરાધગુપ્ત : મંત્રી! વાસ્તવમાં, મિત્રનો દ્રોહ તેનાથી પણ મોટો ગણાત.

રાક્ષસ : પછી શું થયું?

વિરાધગુપ્ત – આટલી વિનંતી કરવા છતા પણ જ્યારે તેણે અમાત્યના પરિવારને ન સોંપવામાં આવ્યા ત્યારે ગુસ્સેથી ભરાયેલા ચાણક્યેઃ

રાક્ષસ : (ઉદ્વેગથી) શું તેને મારી નાખ્યો નથી ને?

વિરાધગુપ્ત : તેઓએ તેને માર્યો નહીં, પરંતુ ઘરની બધી સંપત્તી છીનવી લીધી, તેના પુત્ર અને પત્ની સાથે તેની ધરપકડ કરી અને તેને જેલમાં ધકેલી દીધો.

રાક્ષસ : તો પછી તમે ખુશીથી કેમ કહી રહ્યા છો કે તેણે રાક્ષસના પરિવારને બીજી જગ્યાએ ખસેડ્યો છે? ખરેખર તો એમ કહેવું જોઈએ કે પુત્ર અને પત્ની સાથે રાક્ષસનેજ કેદમાં નાખ્યો.

(પડદો હટાવીને એક વ્યક્તિ પ્રવેશ કરે છે)

પુરુષ : અમાત્યની જય થાઓ. આર્ય! આ શકટદાસ મુખ્ય દરવાજા પર હાજર છે.

રાક્ષસઃ પ્રિયંવદક! શું તે સાચું છે?

પ્રિયંવદક : શું હું અમાત્ય સામે જૂઠું બોલીશ?

રાક્ષસ : મિત્ર! વિરાધગુપ્ત ! આ કેવું છે?

વિરાધગુપ્ત : મંત્રી! આ બધું શક્ય છે, કારણ કે ભાગ્ય હોનહારનું રક્ષણ કરે છે.

રાક્ષસ : પ્રિયંવદક! જો એમ હોય તો તમે શા માટે વિલંબ કરી રહ્યા છો? તેમને જલ્દી લાવો.

પ્રિયંવદક : અમાત્યના આદેશ મુજબ.

(આમ કહીને તે ચાલ્યો જાય છે.)

(પછી શકટદાસ સિદ્ધાર્થક સાથે પ્રવેશ કરે છે.)

શકટદાસ : (જોઈને સ્વગત)

રાજ્યાસન પર બેઠેલા ચંદ્રગુપ્તની જેમ ફાંસીનું સ્થળ જોઈને અને ચંદ્રગુપ્તના રાજ્યલક્ષ્મીની જેમ તેને બેભાન કરી દેનાર ફાંસીના દોરડા (ફાંસો) ખોલવા, અને મહારાજા નંદને આપવામાં આવેલા અત્યંત અસહ્ય આઘાટ કાળ દરમિયાન રણશિંગા (શૂલી પર ચઢાવા સમયે વગાડવામાં આવેલાં વાજાઓ) ના અવાજ સાંભળવાથી, મારું હૃદય ફાટ્યું નહીં. આના પરથી હું સમજી શકું છું કે મારું હૃદય પહેલેથી ઘા સહન કરવાના કારણે જ કઠણ થઈ ગયું છે. ॥21 ॥

(નાટકીય રીતે અને સહર્ષ જોઈને) આ અમાત્ય રાક્ષસ જેવો દેખાય છે, આ કોણ છે :

મહારાજા નંદના મૃત્યુ પછી પણ, તેમણે પહેલાની જેમ જ નિષ્ઠાપૂર્વક પોતાના કર્તવ્યોનું પાલન કરવાનું ચાલુ રાખ્યું અને પૃથ્વી પર રાજભક્તોનું અંતિમ ઉદાહરણ (ઉત્તમ ઉદાહરણ) રહ્યા. ॥22॥

(નજીક જઈને) અમાત્યનો જય થાઓ.

રાક્ષસ : (જોઈને, ખુશીથી) મિત્ર શકટદાસ! સદનસીબે તમે કૌટિલ્યના હાથમાં પડ્યા પછી પણ બચી ગયા; તો (આવો) મને ભેટી પડો.

*(શકટદાસ પણ એવું જ કરે છે.)*

રાક્ષસ : *(તેને ગળે લગાવીને) અહીં આસન છે,બેસો.*

શકટદાસ : *અમાત્યની જેવી આજ્ઞા!. (બેસવાનો અભિનય કરે છે.)*

રાક્ષસ : *મિત્ર શકટદાસ! તો પછી મારા હૃદયને આ રીતે ખુશ કરવાનું કારણ શું છે?*

શકટદાસ : *(સિદ્ધાર્થક તરફ ઈશારો કરીને) અમાત્ય! મારા પ્રિય મિત્ર સિદ્ધાર્થકના હત્યારાઓને ભગાડીને મને વધ્યસ્થળેથી બીજી જગ્યાએ ભગાડિને છોડીવી લાવ્યા.*

રાક્ષસ : *(ખુશીથી) સારું સિદ્ધાર્થક! ખુશીની સરખામણીમાં આ કંઈ નથી, પણ સ્વીકારો. (આમ કહીને તે પોતાના શરીરમાંથી ઘરેણાં કાઢી નાખે છે.)*

સિદ્ધાર્થક : *(સ્વીકારીને, ચરણ સ્પર્શ કરીને, સ્વગત) આર્ય ની જેવી આજ્ઞા ઠીક છે, એ જ કરીશ. (પ્રકટ) અમાત્ય! આ નગરમાં પહેલી વાર આવ્યો હોય તેવો મારો કોઈ પરિચિત નથી. જ્યાં હું તમારો આ પુરસ્કાર રાખી શકું અને શાંતિ અનુભવી શકું. તેથી, હું તેને આ મોહરથી ચિહ્નિત કરવા માંગુ છું અને તેને તમારા ભાંડાગારમાં (ખજાનામાં) રાખવા માંગુ છું. જ્યારે મને જરૂર પડશે ત્યારે હું લઈશ.*

રાક્ષસ : *ભદ્ર! સારું, એમાં શું નુકસાન છે? શકટદાસ! બસ આવું જ કરો.*

શકટદાસ – *જેવી આજ્ઞા (આમ કહીને, ખાનગીમાં મોહર તરફ જોઈને) અમાત્ય! તમારું નામ આ મુદ્રિકા પર તો કોતરેલું છે.*

રાક્ષસ : *(આ જોઈને, દુઃખથી, ચિંતાથી, મનમાં) ખરેખર, જ્યારે મને શહેરમાંથી કાઢી મૂકવામાં આવી રહ્યો હતો, ત્યારે બ્રાહ્મણી (પત્ની) એ મનોરંજન માટે મારા હાથમાંથી આતુરતાથી તે લઈ લીધું હતું, તો પછી તે તેના હાથમાં કેવી રીતે આવ્યું? (પ્રક્ટ રૂપમાં) પ્રિય સિદ્ધાર્થક! તમને આ ક્યાંથી મળ્યું?*

સિદ્ધાર્થક : *મને આ મોહર કુસુમપુરના રહેવાસી ઝવેરી શેઠ ચંદનદાસના ઘરના પ્રવેશદ્વાર પર જમીન પર પડેલી મળી.*

રાક્ષસ : *ઠીક છે.*

સિદ્ધાર્થક : *અમાત્ય! આમાં શું યોગ્ય છે?*

રાક્ષસ : *ભાઈ! કારણ કે આવી વસ્તુઓ ફક્ત ખૂબ જ ધનિક લોકોના ઘરમાં જ પડેલી જોવા મળે છે.*

શકટદાસ : *મિત્ર સિદ્ધાર્થક! આ વીંટી પર અમાત્યનું નામ કોતરેલું છે. તેથી,તમને આ આપીને અને ઘણા સંસાધનો આપીને, મંત્રી તમને ખુશ કરશે. તો, કૃપા કરીને મને આ ચલણ (મોહર) આપો.*

સિદ્ધાર્થક : *આર્ય! જો મંત્રી કૃપા કરીને આ ચલણ સ્વીકારે તો મને આનંદ થશે. (આમ કહીને તે ચલણ આપે છે.)*

રાક્ષસ : મિત્ર શકટદાસ! આ મુદ્રા દ્વારા તમારે તમારા અધિકારનો ઉપયોગ કરવો જોઈએ.

શકટદાસ – જેવી આજ્ઞા અમાત્યની.

સિદ્ધાર્થક : અમાત્ય! મારે કંઈક વિનંતી કરવી છે.

રાક્ષસ : ખચકાટ વગર કહો.

સિદ્ધાર્થક : અમાત્ય જાણે છે કે દુષ્ટ ચાણક્ય સાથે દુશ્મનાવટ રાખીને મારા માટે ફરીથી પાટલીપુત્રમાં પ્રવેશ કરવો શક્ય નથી, તેથી હું ફક્ત માન્યવરના પ્રસન્ન ચરણોની સેવા કરવા માંગુ છું.

રાક્ષસ : ભાઈ! અમને આ વાત ગમી, પણ મેં આ વિનંતી કરી કારણ કે મને તમારો ઈરાદો સમજાયો નહીં. તો તમે પણ એ જ કરો.

સિદ્ધાર્થ : (ખુશીથી) તમે મારા પર ખૂબ દયાળુ રહ્યા છો.

રાક્ષસ : મિત્ર શકટદાસ! સિદ્ધાર્થકને આરામ કરવાની વ્યવસ્થા કરો.

શકટદાસ – જેવી આજ્ઞા (આટલું કહીને તે સિદ્ધાર્થક સાથે નીકળી જાય છે.)

રાક્ષસ : મિત્ર વિરાધગુપ્ત! હવે કુસુમપુરના બાકીના સમાચાર કહો. શું કુસુમપુરના રહેવાસી ચંદ્રગુપ્ત ની પ્રજા આપણી ભેદનીતિ સહન કરશે?

વિરાધગુપ્ત : અમાત્ય! હાં સહન કરી રહી છે અને મુખ્યત્વે અમને ટેકો આપી રહી છે.

રાક્ષસ : મિત્ર! આનું કારણ શું છે?

વિરાધગુપ્ત : અમાત્ય! આનું કારણ એ છે કે જ્યારથી મલયકેતુ ભાગી ગયો ત્યારથી ચંદ્રગુપ્ત ચાણક્યને પરેશાન કરી રહ્યો છે. મેં એ પણ જોયું છે કે ચાણક્ય, પોતાના અભિમાનને કારણે આ સહન ન કરી શક્યા, તેમણે ચંદ્રગુપ્તના આદેશોનું દરેક શક્ય રીતે ઉલ્લંઘન કરીને તેમના હૃદયને દુઃખ પહોંચાડવાનું શરૂ કર્યું છે, એ પણ મારા જોવામાં આવી ગયું છે.

રાક્ષસ : (ખુશીથી) મિત્ર વિરાધગુપ્ત! તો પછી તમારે આ સંપેરા તરીકે પોશાક પહેરવો જોઈએ. ફરી કુસુમપુર જાઓ. કારણ કે મારો મિત્ર સ્તનકલશ વૈતાલિક વેશમાં ત્યાં રહે છે તે મારો મિત્ર છે. મારા આદેશ પર તમે તેને કહો કે ચાણક્યએ આદેશોનું ઉલ્લંઘન કર્યા પછી, તે ઉશ્કેરણીજનક શ્લોકો દ્વારા ચંદ્રગુપ્તની પ્રશંસા કરે અને કરભક દ્વારા ખૂબ જ ગુપ્ત રીતે મને આ ક્રિયા વિશે જાણ કરે.

વીરાધગુપ્ત – જેવી અમાત્યની આજ્ઞા (આટલું કહીને તે ચાલ્યો જાય છે.)

પુરુષ : (પ્રવેશીને) અમાત્યની જય થાય. અમાત્ય!! શકટદાસે કહ્યું છે કે ત્રણ ખાસ ઘરેણાં વેચાણ માટે આવ્યા છે, અમાત્યએ તે જોવા જોઈએ.

રાક્ષસ : (જોઈને, સ્વગત) આહા! આ કિંમતી ઘરેણાં છે. (પ્રકટ) ભાઈ! શકટદાસને કહો કે વેચનારને ખુશ કરે અને આ લઈ લેવામાં આવે.

*પુરુષ : અમાત્યની જેવી આજ્ઞા. (આટલું કહીને તે ચાલ્યો જાય છે.)*

*રાક્ષસ : (સ્વગત) ત્યાં સુધી હું કુસુમપુર માટે કરભક મોકલીશ. (ઊભા થઈને) શું ચંદ્રગુપ્તને ચાણક્યથી અલગ કરી શકાય? અથવા એવું લાગે છે કે ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત થઈ ગઈ છે. કારણ કે :*

*ચંદ્રગુપ્ત પોતાની તેજના કારણે બધા રાજાઓનો શાસક બન્યો છે અને ચાણક્ય પણ માને છે કે મારા આશ્રયથી રાજા બન્યો છે; તેને આ વાતનો ગર્વ છે. જ્યાં એક રાજ્ય પ્રાપ્ત કરીને પોતાને ધન્ય માને છે, તો બીજો પ્રતિજ્ઞા રૂપે સમુદ્રને પાર કરીને સંતુષ્ટ છે. તક મળ્યા પછીની આ સફળતા ચોક્કસપણે બંને વચ્ચેના પ્રેમમાં ભેદ ઉત્પન્ન કરશે.* ॥23 ॥

*(બધા જાય છે.)*

*બીજો અંક સમાપ્ત*

## 14.4 ત્રીજો અંક

### तृतीयोऽङ्कः

(ततः प्रविशति कञ्चुकी )

कञ्चुकी —

रूपादीन् विषयान् निरूप्य करणैर्यैरात्मलाभस्त्वया

लब्धस्तेष्वपि चक्षुरादिषु हताः स्वार्थावबोधक्रियाः।

अङ्गानि प्रसभं त्यजन्ति पटुतामाज्ञाविधेयानि ते [क्व्य.मे]

न्यस्तं मूर्ध्नि पदं तवैव जरया, तृष्णे! मुधा ताम्यसि॥१॥

(परिक्रम्याकाशे) भो भोः, सुगाङ्गप्रासादाधिकृताः पुरुषाः! सुगृहीतनामा देवश्चन्द्रगुप्तो वः समाज्ञापयति। यथा, प्रवृत्तकौमुदीमहोत्सवरमणीयं कुसुमपुरमवलोकयितुमिच्छामि, तत् क्रियन्तामस्मद्दर्शनयोग्याः सुगाङ्गप्रासादस्योपरिभूमय इति। तत् किं चिरयन्ति भवन्तः? (आकाशे आकर्ण्य) किं ब्रूथ? आर्य, किमविदित एवायं देवस्य चन्द्रगुप्तस्य कौमुदीमहोत्सवप्रतिषेध इति? आः दैवोपहताः, किमनेन वः प्राणहरेण कथोद्घातेन? शीघ्रमिदानीम्—

आलिङ्गन्तु गृहीतधूपसुरभीन् स्तम्भान् पिनद्धस्रजः

संपूर्णेन्दुमयूखसंहतिरुचां सच्चामराणां श्रियः।

सिंहाङ्कासनधारणाच्च सुचिरं संजातमूर्च्छामिव

क्षिपणक्कं चन्दनवारिणा सकुसुमः सेकोऽनुगृह्णातु गाम्॥२॥

(आकाशे) किं कथयन्ति भवन्तः? एते त्वरामह इति। भद्राः! त्वरध्वम्। अयमागत एव चंद्रगुप्तः। य एषः,

सुविश्रब्धैरङ्गैः पथिषु विषमेष्वप्यचलता
चिरं धुर्येणोढा गुरुरपि भुवो याऽस्य गुरुणा।
धुरं तामेवोच्चैर्नववयसि वोढुं व्यवसितो
मनस्वी दम्यत्वात् स्खलति न च [क्व्य.न न] दुःखं वहति च॥३॥

(नेपथ्य) इत इतो देवः।

(ततः प्रविशति राजा प्रतीहारी च)

राजा (स्वगतम्) राज्यं हि नाम राजधर्मानुवृत्तिपरतन्त्रस्य भूपतेर्महदप्रीतिस्थानम्। यतः,

परार्थानुष्ठाने रहयति (VL.श्लययति०ह्न जडयति) नृपं स्वार्थपरता,
परित्यक्तस्वार्थो नियतमयथार्थः क्षितिपतिः।
परार्थश्चेत् स्वार्थादभिमततरो, हन्त, परवान्
परायत्तः प्रीतेः कथमिव रसं वेत्ति (ङ्करु.वेत्तु) पुरुषः॥४॥

अपिच दुराराध्या हि राजलक्ष्मीरात्मवद्भिरपि राजभिः। कुतः?

तीक्ष्णादुद्विजते, मृदौ परिभवत्रासान्न संतिष्ठते,
मूर्खान् द्वेष्टि, न गच्छति प्रणयितामत्यन्तविद्वत्स्वपि।
शूरेभ्योऽभ्यधिकं बिभेत्युपहसत्येकान्तभीरूनहो
श्रीर्लब्धप्रसरेब वेशवनिता दुःखोपचर्या भृशम्॥५॥

अन्यच्च, कृतककलहं कृत्वा स्वतन्त्रेण त्वया कंचित् कालं व्यवहर्त्तव्यमित्यार्योपदेशः। स च कथमपि मया पातकमिवाभ्युपगत। अथवा शश्वदार्योपदेशसंस्क्रियमाणमतयः सदैव स्वतन्त्राः [क्व्य.सदैवास्वतन्त्रा] वयम्। कुतः?

इह विरचयन् साध्वीं शिष्यः क्रियां न निवार्यते,
त्यजति तु यदा मार्गं मोहात् तदा गुरुरङ्कुशः।
विनयरुचयस्तस्मात् सन्तः सदैव निरङ्कुशाः,
परतरमतः स्वातन्त्र्येभ्यो वयं हि पराङ्मुखाः॥६॥
[क्व्य.पदमपि यतः स्वातन्त्र्येभ्यो न यान्ति पराङ्मुखाः]

(प्रकाशम्) आर्य! वैहीनरे! सुगाङ्गमासादमार्गमादेशय।

कञ्चुकी	इत इतो देवः।

(राजा परिक्रामति)

कञ्चुकी	(परिक्रम्य) अयं सुगाङ्गप्रासादः, शनैरारोदुमर्हत्यार्यः।

राजा	(नाट्येनारुह्य दिशोऽवलोक्य) अहो शरत्समयसंभृतशोभाविभूतीनां दिशामतिरमणीयता! कुतः?

शनैः श्यानीभूतः (क्व्य.श्येनीभूताः or शान्ताकूताः or शान्ताभूताः)
सितजलधरच्छेदपुलिनाः

समन्तादाकीर्णाः कलविरुतिभिः सारसकुलैः।

चिताश्चित्राकारैर्निशि विकचनक्षत्रकुमुदैः

र्नभस्तः स्यन्दन्ते सरित इव दीर्घा दश दिशः॥७॥

अपिच,

अपामुद्वृत्तानां निजमुपदिशन्त्या स्थितिपदं (क्व्य.पथं)

दधन्या शालीनामवनतिमुदारे सति फले।

मयूराणामुग्रं विषमिव हरन्त्या मदमहो

कृतः कृत्स्नस्यायं विनय इव लोकस्य शरदा॥८॥

अपिच,

भर्तुस्तथा कलुषितां बहुवल्लभस्य

मार्गे कथञ्चिदवतार्य तनूभवन्तीम्।

सर्वात्मना रतिकथाचतुरेव दूती

गङ्गां शरन्नयति सिन्धुपतिं प्रसन्नाम्॥९॥

(समन्तान्नाट्येनावलोक्य) अये! कथमप्रवृत्तकौमुदीमहोत्सवं कुसुमपुरं पश्यामि? आर्य! वैहीनरे! अथ त्वयास्मद्वचनादाघोषितः कुसुमपुरे कौमुदीमहोत्सवः?

कञ्चुकी	देव! अथ किम्। आघोषितो देवस्याज्ञया कुसुमपुरे कौमुदीमहोत्सवः।

राजा	आर्य! तत् किं न परिगृहीतमस्मद्वचनं पौरजनेन?

कञ्चुकी	(कर्णौ पिधाय) देव! शान्तं पापं शान्तं पापम् पृथिव्यामस्खलितपूर्वं देवस्य शासनं पौरेषु कथं स्खलितुमर्हति? (क्व्य. स्वलिष्यति]

राजा	आर्य! वैहीनरे! तत् कथमप्रवृत्तकौमुदीमहोत्सवमधुनापि कुसुमपुरं पश्यामि? पश्य,

धूर्तैरन्वीयमानाः स्फुट [क्य.रति] चतुरकथाकोविदैर्वेशनार्यो

नालंकुर्वन्ति रथ्याः पृथुजधनभराक्रान्तिमन्दैः प्रयातैः।

अन्योन्यं स्पर्द्धमाना न च गृहविभवैः स्वामिनो मुक्तशङ्काः

साकं स्त्रीभिर्भजन्ते विधिमभिलषितं पार्वणं पौरमुख्याः॥१०॥

कञ्चुकी देव? एवमेतत्।

राजा किमेतत्?

कञ्चुकी देव इदम्।

राजा आर्य, स्फुटमभिधीयताम्।

कञ्चुकी देव? प्रतिषिद्धः कौमुदीमहोत्सवः।

राजा (सक्रोधम्) आर्य? आः, केन?

कञ्चुकी नातः परमस्माभिर्देवो विज्ञापयितुं शक्यते। (क्य. नातः परं विज्ञापयितुं शक्यम्)

राजा न खलु आर्येण चाणक्येनापहृतः प्रेक्षकाणामतिशयरमणीयश्चक्षुषो विषयः?

कञ्चुकी देव, कोऽन्यो जीवितुकामो देवस्य शासनसुल्लङ्घयिष्यति।

राजा शोणोत्तरे? उपवेष्टुमिच्छामि।

प्रतीहारी देव, इंदं सिंहासनं, उपविशतु देवः।

राजा (नाट्योनोपविश्य) आर्य, वैहनिरे, आर्यचाणक्यं द्रष्टुमिच्छामि।

कञ्चुकी यदाज्ञापयति देवः (इति निष्क्रान्तः)

(ततः प्रविशति आसनस्थः स्वभवनगतः कोपानुविद्धा चिन्तां नाटयंश्चाणक्यः)

चाणक्यः (आत्मगतम्) कथं स्पर्द्धते मया सह दुरात्मा राक्षसःसहतकः? कुतः।

कृतागाः कौटिल्यो भुजग इव निर्याय नगराद्

यथा नन्दं हत्वा नृपतिमकरोन् मौर्यवृषलम्।

तथाहं मौर्येन्दोः श्रियमपहरामीति कृतधीः

प्रकर्षं प्रभावं मदबुद्धेरतिशयितुमेष व्यवसितः॥११॥

(प्रत्यक्षवदाकाशे लक्ष्यं वद्धवा) राक्षसःस। राक्षसःस! विरम्यतामस्माद् दुर्व्यवसितात्।

उत्सिक्तः कुसचिवदृष्टराज्यतन्त्रो [०भारो]

नन्दोऽसौ न भवति चन्द्रगुप्त एषः

चाणक्यस्त्वमपि च नैव; केवलं ते

साधर्म्यं मदनुकृतेः प्रधानवैरम्॥१२॥

विचिन्त्य। अथवा, नातिमात्रमस्मिन् वस्तुनि मया मनः खेदयितव्यम्। कुतः?

मद्भृत्यैः किल नाम पर्वतसुतो व्याप्तः प्रविष्टान्तरैः

रुद्युक्तः स्वनियोगसाधनविधौ सिद्धार्थःर्थकाद्याः स्पशाः।

कृत्वा संप्रति कैतवेन कलहं मौर्यन्दुना, राक्षसःसं

भेत्स्यामि स्वमतेन, भेदकुशलस्त्वेष (क्व्य. खलं ह्येष ू ह लो देव) प्रतीपं द्विषः॥१३॥

(प्रविश्य)

कञ्चुकी कष्टा खलु सेवा नाम! कुतः?

भेतव्यं नृपतेस्ततः सचिवतो राज्ञस्ततो वल्लभाः

दन्येभ्यश्च भवन्ति येऽस्य भवने लब्धप्रसादा विटाः।

दैन्यादुन्मुखदर्शनापलपनैः पिण्डार्थमायस्यतः

सेवां लाघवकारिणीं कृतधियः स्थाने स्ववृत्तिं विदुः॥१४॥

(परिक्रम्यावलोक्य च) इदमार्यचाणक्यस्य गृहं यावत् प्रविशामि। (नाट्येन प्रविशयावलोक्य च) अहो राजाधिराजमन्त्रिणो गृहविभूतिः! कुतः?

उपलशकलमेतद्भेदकं गोमयानां

बटुभिरुपहृतानां बर्हिषां स्तूप (क्व्य.स्तोम) मेतत्।

शरणमपि समिद्भिः शुष्यमाणाभिराभिः

र्विनमितपटलान्तं दृश्यते जीर्णकुड्यम्॥१५॥

ततः स्थाने खल्वस्य वृषलो देवश्चन्द्रगुप्तः [क्व्य.वृषलोद्यचन्द्रगुप्त [vl.वृषलोद्यचन्द्रगुप्त इति]

स्तुवन्त्यश्रान्तास्याः [ङ्करु.न्ति श्रान्तास्याः] क्षितिपतिमभूतैरपिगुणैः

प्रवाचः कार्पण्याद्यदवितथवाचोऽपि पुरुषाः।

प्रभावस्तृष्णायाः स खलु सकलः स्यादितरथा,

निरीहाणामीशस्तृणमिव तिरस्कारविषयः॥१६॥

(विलोक्य सभयम्) तदयमार्यचाणक्यस्तिष्ठति। स एषः।

यो नन्दमौर्यनृपयोः परिभूय लोकः

मस्तोदयौ प्रतिदिशन्नविभिन्नकालम्।

पर्यायपातितहिमोष्णमसर्वगामि

धाम्नातिशाययति धाम सहस्रधानः॥१७॥

(जानुभ्यां भूमौ निपत्य) जयतु जयत्वार्यः।

चाणक्यः (नाट्येनावलोक्य) वैहीनरे! किमागमनप्रयोजनम्?

कञ्चुकी आर्य!

प्रणतिसंभ्रमसमुच्चलितभूमिपालमौलिमालामाणिक्यशकलशिखापिशङ्गीकृतपादपद्मयुगलः, प्रणिपत्य देवश्चन्द्रगुप्तो विज्ञापयति अकृतक्रियान्तरायमार्यं द्रष्टुमिच्छामीति।

चाणक्यः वृषलो मां द्रष्टुमिच्छति? वैहीनरे! न खलु वृषलस्य श्रवणमुपगतोऽयं मया कृतः कौमुदीमहोत्सवप्रतिषेधः।

कञ्चुकी आर्य! अथ किम्?

चाणक्यः (सक्रोधम्) आः! केन कथितम्?

कञ्चुकी (भयं नाटयित्वा) प्रसीदत्वार्यः। स्वयमेव सुगाङ्गप्रासादशिखरगतेन देवेनावलोकितमप्रवृत्तकौमुदीमहोत्सवं कुसुमपुरम्।

चाणक्यः आः, ज्ञातम्। तिष्ठ, ततो भवद्भिरेव मदन्तरेण प्रोत्साह्य रोषितो वृषलः। किमन्यत्?

(कञ्चुकी सभयं तूष्णीमधोमुखस्तिष्ठति)

चाणक्यः अहो राजपरिजनस्य चाणक्यस्योपरि प्रद्वेषपक्षपणकातः। अथ क्व वृषलस्तिष्ठति?

कञ्चुकी (भयं नाटयन्) आर्य! सुगाङ्गप्रासादगतेन देवेनाहमार्यपादमूलं प्रेषितः।

चाणक्यः (उत्थाय) कञ्चुकिन्! सुगाङ्गप्रासादमार्गमादेशय।

कञ्चुकी इत इत आर्यः (इति उभौ परिक्रामतः)

कञ्चुकी अयं सुगाङ्गमासादः, शनैरारोढुमर्हत्यार्यः।

चाणक्यः (नाट्येनावरुह्यावलोक्य च सहर्षमात्मगतम्) अये! सिंहासनमध्यास्ते वृषलः। साधु साधु।

नन्दैर्वियुक्तमनपेक्षितराजराजैः (क्व.वृत्तैः)

अध्यासितं च वृषलेन वृषेण राज्ञाम्।

सिंहासनं सदृशपार्थिवसङ्गतञ्च,

प्रीतिं परां प्रगुणयन्ति गुणा ममैते॥१८॥

(उपसृत्य—) विजयतां वृषलः।

राजा (सिंहासनादुत्थाय चाणक्यस्य पादौ गृहीत्वा)

आर्य। चन्द्रगुप्तः प्रणमति।

चाणक्यः (पाणौ गृहीत्वा) उत्तिष्ठोत्तिष्ठ वत्स!

आशैलेन्द्राच्छिलान्तस्खलितसुरधुनीशीकरासारशीताद्

आतीरान् (VL.तीरान्तान्) नै करागस्फुरितमणिरुचो दक्षिणस्यार्णवस्य।

आगत्यागत्य भीतिप्रणतनृपशतैः शश्वदेव क्रियन्तां

चूडारत्नांशुगर्भास्तव चरणयुगस्याङ्गुलीरन्ध्रभागाः॥१९॥

राजा आर्यप्रसादादनुभूयत एवैतत्। नाशास्यते। उपविशत्वार्यः। (उभौ यथासनमुपविष्टौ)

चाणक्यः वृषभ! किमर्थं वयमाहूताः?

राजा आर्यस्य दर्शनेनात्मानमनुग्रहीतुम् (ङ्क.१ अनुग्राहयितुम्)

चाणक्यः (स्मितं कृत्वा।) वृषभ! अलमनेन प्रश्रयेण। न निष्प्रयोजनमधिकारवन्तः प्रभुभिराहूयन्ते। तत् प्रयोजनमभिधीयताम्।

राजा आर्य! कौमुदीमहोत्सवप्रतिषेधस्य किं फलमार्यः पश्यति?

चाणक्यः (स्मितं कृत्वा) वृषल! उपालब्धुं तर्हि वयमाहूताः?

राजा आर्य, नोपालब्धुम्।

चाणक्यः किं तर्हि?

राजा विज्ञापयितुम्।

चाणक्यः वृषल यद्येवं तर्हि विज्ञापनीयानामवश्यं शिष्येणस्वैरं रुचयोन निरोद्धव्याः (ङ्करु.अनुरोद्धव्याः)

राजा आर्य! कः सन्देहः किन्तु न कदाचिदपि आर्यस्य निष्प्रयोजनाः प्रवृत्तिः (ङ्करु.रुचिः प्रवर्त्तिष्यत) इत्यस्ति निःप्रश्नावकाशः।

चाणक्यः वृषल, सम्यग्गृहीतवानसि मदाशयम्। नहि प्रयोजममनपेक्षमाणः स्वप्नेऽपि चाणक्यश्चेष्टते।

राजा आर्य! अत एव मां प्रयोजनशुश्रूषा मुखरयति।

चाणक्यः वृषल! श्रूयताम्, इह खल्वर्थशास्त्रकारास्त्रिविधां सिद्धिमुपवर्णयन्ति। तद्यथा, राजायत्तां, सचिवायत्ताम्, उभयायतांचेति। तत् सचिवायत्तसिद्धेर्भवतः किं प्रयोजनान्वेषणेन वाङ्मनसयोः खेदमुत्पादयितुं यतो वयमेवात्र नियुक्ता वर्तामहे

(राजा सकोप इव मुखं परिवर्त्तयीत)

(ततो नेपथ्ये वैतालिकौ पठतः)

एकः—

आकाशंकाशपुष्प (क्व्य.तूल) च्छविमभिभवता भस्मना शुक्लयन्ती

शौतांशोरंशुजालैर्जलधरमलिनां क्लिश्नती कृत्तिमैभीम्।

कापालीमुद्वहन्ती स्रजमिव धवलां कौमुदीमित्यपूर्वा

हासश्रीराजहंसा हरतु तनुरिव क्लेशमैशी शरद्वः॥२०॥

अपिच,

प्रत्यग्रोन्मेषजिह्मा (ङ्करु.मन्दा ) क्षणमनभिमुखीरत्नदीपप्रभाणा:

मात्मव्यापारगुर्वी जनितजललवा जृम्भितैः साङ्गभङ्गैः।

नागाङ्कं मोक्तुमिच्छोः शयनमुरु फणाचक्रवालोपधानं

निद्राच्छदेभिताम्रा चिरमवतु हरेर्दृष्टिराकंकरा वः॥२१॥

द्वितीयः—

सत्वोत्कर्षस्य धात्रा निधय इव कृताः केऽपि कस्यापि हेतो

र्जेतारः स्वेन धाम्ना मदसलिलमुचां नागयूथेश्वराणाम्।

दंष्ट्राभङ्गं मृगाणामधिपतय इव व्यक्तमानावलेपा

नाज्ञाभङ्गं सहन्ते नृवर, नृपतयस्त्वादृशाः सार्वभौमाः॥२२॥

अपिच,

भूषणाद्युपभोगेन [क्व्य.चारेणं ] प्रमुर्भवति न प्रभुः।

परैरपरिभूताज्ञस्त्वमिव प्रभुरुच्यते॥२३॥

चाणक्यः (आकर्ण्यात्मगतम्) प्रथमं तावद्विशिष्टदेवतास्तुतिरूपेण [क्व्य.देवतारूपकेण] प्रवृत्तशरद्गुणप्रख्यापनमिदमाशीर्वचनम्। इदमपरं किमिति नावधारयामि। (विचिन्त्य) आः ज्ञातम्। राक्षसःसस्यायं प्रयोगः। आ दुरात्मन्। राक्षसःसहतक! दृश्यसे भोः जागर्ति खलु कौटिल्यः।

राजा आर्य! वैहीनरे! दीयतामाभ्यां सुवर्णशतसहस्रम्।

कञ्चुकी यदाज्ञापयति देवः। (इति उत्थाय परिक्रामति)

चाणक्यः (सक्रोधम्) वैहीनरे, तिष्ठ तिष्ठ न गन्तव्यम्। वृषल, किमयमस्थान एव महानर्थोत्सर्गः क्रियते?

राजा आर्येणैवं सर्वत्र निरुद्धचेष्टाप्रसरस्य मम बन्धनमिव राज्यं, न राज्यमिव।

चाणक्यः वृषल! स्वयमनभियुक्तानां राज्ञामेते दोषा भवन्ति। तद् यदि न सहसे, तदा स्वयमेवाभियुज्यस्व।

राजा एते वयं स्वकर्मण्यभियुज्यामहे।

चाणक्यः प्रियं नः, वयमपि स्वकर्मण्यभियुज्यामहे।

राजा यद्येवं तर्हि कौमुदी महोत्सवप्रतिषेधस्य प्रयोजनं श्रोतुमिच्छामि।

चाणक्यः वृषल! कौमुदीमहोत्सवानुष्ठानस्य किं प्रयोजनमित्यहमपि श्रोतुमिच्छामि।

राजा प्रथमं तावन्ममाज्ञाव्याघातः [क.द्य.आज्ञाया अव्याघातः]

चाणक्यः वृषल! ममापि खलु त्वदाज्ञाव्याघात एव कौमुदीमहोत्सवप्रतिषेधस्य प्रथमं प्रयोजनमिति कुतः?

अम्भोधीनां तमालप्रभवकिसलयश्यामवेलावनानाः

मा पारेभ्यश्चतुर्णां चटुलतिमिकुलक्षोभितान्तर्जलानाम्।

मालेवाम्लानपुष्पा तवनृपतिशतैरुह्यते या शिरोभिः

सा मय्येव स्खलन्ती प्रथयति विनयालङ्कृतं ते प्रभुत्वम्॥२४॥

राजा अथापरमपि प्रयोजनं यत् तच्छ्रोतुमिच्छामि।

चाणक्यः तदपि कथयामि।

राजा कथ्यताम्।

चाणक्यः शोणोत्तरे! शोणोत्तरे! मद्वचनात् कायस्थमचलं ब्रूहि यत् तद्भद्रभटप्रभृतीनां लेख्यपत्रं तत् तावद्दीयतामिति।

प्रतीहारी यदार्य आज्ञापयति (इति निष्क्रम्य प्रविश्य) आर्य, इदं पत्रम्।

चाणक्यः (गृहीत्वा) वृषल! दृश्यतामिदम्।

राजा (आत्मगतं वाचयति) स्वस्ति सुगृहीतनामधेयस्य देवस्य चन्द्रगुप्तस्य सहोत्थायिनां प्रधानपुरुषाणां इतोऽपक्रम्य मलयकेतुमाश्रितानां प्रमाण [क्द्य.परिमाण] लेख्यपत्रमिदम्। तत्र प्रथमं तावत्, गजाध्यक्षो भद्रभटः, अश्वाध्यक्षः पुरुषदत्तः, महाप्रतीहारस्य चन्द्रभानोर्भागिनेयो डिङ्गरातः, देवस्य स्वजनगन्धी [क्द्य.स्वजन संबंधी] महाराजो बलदेवगुप्तः, देवस्यैव कुमारसेवको राजसेनः, सेनापतेः सिंहबलस्य कनीयान् भ्राता भागुरायणरायणः, मालवराजपुत्रो रोहिताक्षः, क्षत्रगणमुख्यतमो विजयवर्मेति। एते वयं देवस्य कार्ये अवहिताः स्म इति। (प्रकाशम्) एतावदेतत् पत्रम्। अथ! एतेषामपरागहेतून् श्रोतुमिच्छामि।

चाणक्यः वृषल! श्रूयताम अत्र यावेतौ गजाध्यक्षाश्वाध्यक्षौ भद्रभटपुरुषदत्तनामानौ एतौ खलु स्त्रीमद्यमृगयाशीलौ हस्त्यश्वावेक्षणेऽनभियुक्ताविति स्वाधिकाराभ्यामवरोप्य मया स्वजीवनमात्रेणैव स्थापितावित्यपरक्तौ स्वेन स्वेन चाधिकारेण मलयकेतुमाश्रितौ। यावेतौ डिङ्गरातबलगुप्तौ तावप्यत्यन्तलोभामिभूतौ त्वद्दत्तं जीवनमबहुमन्यमानौ, तत्र बहु लभ्यत इति मलयकेतुमाश्रितौ। योऽप्यसौ भवतः कुमारसेवको राजसेनः सोऽपि तव प्रसादादतिप्रभूतकोशहस्त्यश्वं सहसैव सुमहदैश्वर्यमवाप्य पुनरुच्छेदशङ्कयापक्रम्य मलयकेतुमाश्रितः। योऽयमपरः सेनापतेः सिंहबलस्य कनीयान् भ्राता भागुरायणरायणः, असावपि तत्र काले पर्वतकेन सह समुत्पन्नसौहार्दस्तत्प्रीत्या च पिता ते चाणक्येन घातित इति रहसि त्रासयित्वा मलयकेतुमपवाहितवान् ततो। भवदपथ्यकारिषु चन्दनदासप्रभृतिषु निगृह्यमाणेषु, स्वदोषाशङ्कयापक्रम्य मलयकेतुमाश्रितः। तेनाप्यसौ ममानेन प्राणाः परिरक्षिता इति कृतज्ञतां अनुवर्त्तमानेन, पैतृकंच परिचयं ज्ञात्वा आत्मनोऽनन्तरममात्यपदं ग्राहितः। यावेतौ रोहिताक्षविजयवर्माणौ, तावप्यत्यन्तमानित्वात् स्वदायादेभ्यस्त्वयादीयमानं बहुसंमानमसहमानौ, मलयकेतुमाश्रितौ। इत्येषामपरागहेतवः।

राजा आर्या! एवमेतेषु परिज्ञातापरागहेतुष्वपि क्षिपणक्रमेव कस्मान्न प्रतिविहितमार्येण?

चाणक्यः वृषल! न पारितं प्रतिविधातुम्।

राजा किमकौशलात्, उत प्रयोजनापेक्षयैव?

चाणक्यः कथमकौशलं भविष्यति, नियतं प्रयोजनापेक्षयैव।

राजा प्रयोजनमिदानीं श्रोतुमिच्छामि।

चाणक्यः वृषल! श्रूयतामवधार्यताञ्च। इह खलु विरक्तानां प्रकृतीनां द्विविधं प्रति विधानम्। तद्यथा, अनुग्रहो निग्रहश्चेति।

अनुग्रहस्तावदाक्षिप्ताधिकारयोर्भद्रभटपुरुषदत्तयोःपुनरधिकारारोपणमेवं। अधिकारश्च पुनस्तादृशेषु व्यसनदोषादनाभियुक्तेषु पुनरारोप्यमाणः, सकलमेव राज्यस्य मूलं हस्त्यश्वमवसादयति। डिङ्गरातबलगुप्तयोरत्यन्तलुब्धप्रकृतिकयोः सकलराज्यसंप्रदानेनाप्यपरितुष्यतोरनुग्रहः कथं शक्यः? राजसेन भागुरायणरायणयोस्तु स्वधनप्राणनाशभीतयोः कुतोऽनुग्रहस्यावकाशः? रोहिताक्षविजयवर्म्मणोरपि दायादभयमानयोः [vl. दायादसमानप्रदानपीडितयोर्मानमप्यपमानं मन्यमानयोः] अत्यन्तमानिनोः कीदृशोऽनु ग्रहः प्रीतिं जनयिष्यतीति परिहृतः पूर्वः पक्षः। उत्तरोऽपि खलु वयमचिरादधिगतनन्दैश्वर्याः सहोत्थायिनं प्रधानपुरुषवर्गमुग्रेण दण्डेन पीडयन्तो, नन्दकुलानुरक्तानां प्रकृतीनामविश्वास्या एव भवाम [क.द्य.मा भूम ] इत्यतः परिहृत एव।

तदेवमनुगृहीतास्मत्पक्षो राक्षसःसोपदेशश्रवणप्रवणो महीयसा म्लेच्छराजबलेन परिवृतः पितृवधामर्षितः पर्वतकपुत्रो मलयकेतुरस्मानभियोक्तुमुद्यतः। सोऽयं व्यायामकाला नोत्सवकाल इति। अतो दुर्गसंस्कारे आरब्धव्ये किं कौमुदीमहोत्सवेनेति प्रतिषिद्धः।

राजा आर्य! बहु प्रष्टव्यमत्र।

चाणक्यः वृषल! विस्रब्धं पृच्छ, मयापि बह्वाख्येयमत्र।

राजा एष पृच्छामि।

चाणक्यः अहमप्येष कथयामि।

राजा योऽस्य सर्वस्यैवानर्थस्य हेतुर्मलयकेतुः, स कस्मादार्येणापक्रामन्नुपेक्षितः?

चाणक्यः वृषल! मलयकेतोरपक्रमणानुपेक्षणे द्वयी गतिः स्यात्—निगृह्येत वा, पूर्वप्रतिश्रुतं राज्यार्द्धं वा प्रतिपाद्येत। निग्रहे तावदस्य, पर्वतकोऽस्माभिर्व्यापादित इति कृतघ्नतायाः स्वयं हस्तो दत्तः स्यात्। प्रतिश्रुतार्द्धराज्यप्रतिपादनेऽपि पर्वतकविनाशः केवलं कृतघ्नतामात्रफलः स्यात् [क्य.पर्वतकविनाशे कृतघ्नतामात्रपरिहारः स्यात्] इति मलयकेतुरपक्रान्नुपेक्षितः।

राजा आर्य! अत्र तावदेवम्। राक्षसःसः पुनरिहैवान्तर्नगरे वर्त्तमान आर्येणोपेक्षित इत्यत्र किमुत्तरमार्यस्य?

चाणक्यः राक्षसःसोऽपि स्वामिनि स्थिरानुरागित्वात् सुचिरमेवात्र सहवासाच्च शीलज्ञानां नन्दानुरक्तानां प्रकृतीनामत्यन्तं विश्वास्यः, प्रज्ञापुरुषकाराभ्यामुपेतः सहायसंपदा युक्तः, कोषबलवानिहैवान्तर्नगरे वर्त्तमानो महान्तं खल्वन्तः कोपमुत्पादयेत्। दूरीकृतस्तु, बाह्यकोपमुत्पादयन्नपि न दुःखसाध्यो भविष्यतीत्यतोऽपक्रामन्नुपेक्षितः।

राजा तत् किमर्थमिहस्थ एवोपायैर्नोपक्रान्तः?

चाणक्यः अथ कथमनुपक्रान्तो भविष्यति। ननूपायैरेवासौ हृदयेशयः शङ्कुरिवोद्धृत्य दूरीकृतः।

राजा आर्य! कस्माद्विक्रम्य न गृहीतः?

चाणक्यः राक्षसःसः खल्वसौ। विक्रम्य निगृह्यमाणः स्वयं वा विनश्येत् युष्मद्बलानि वा विनाशयेत्। एवं सत्युभयथापि दोषः। पश्य,

स हि भृशमभियुक्तो यद्यपेयाद्विनाशं,

ननु वृषल वियुक्तस्तादृशेनापि [vl.नासि] पुंसा।

अथ तव बलमुख्यान् नाशयेत् सापि पीडा,

वनगज इव तस्मात् सोऽभ्युपायैर्विनेयः॥२५॥

राजा न शक्नुमो वयमार्यस्य वाचा वाचमतिशयितुं [क्व्.मतिमतिशयितुम्] सर्वथा अमात्यराक्षसःस एवात्र प्रशस्यतरः।

चाणक्यः (सक्रोधम्) न भवानिति वाक्यशेषः। मा तावदेवम्। भो वृषल! तेन किं कृतम्?

राजा यदि न ज्ञायते, तदा श्रूयताम्। तेन खलु महात्मना—

लब्धायां पुरि यावदिच्छमुषितं कृत्वा पदं नो गले,

व्याघातो जयघोषणादिषु बलादस्मद्बलानां कृतः।

अत्यर्थं विपुलैः स्वनीतिविभवैः संमोहमापादिता

विश्वास्येष्वपि विश्वसन्ति मतयो न स्वेषु वर्गेषु नः॥२६॥

चाणक्यः (विहस्य) वृषल! एतत् कृतं राक्षसःसेन! मया पुनर्ज्ञातं, नन्दमिव भवन्तमुद्धृत्य, भवानिव भूतले मलयकेतुरधिराज्यमारोपितः।

राजा आर्य! अन्येनैवेद—[vl.दैवेनेद—] मनुष्ठितं, किमत्रार्यस्य।

चाणक्यः—हे मत्सरिन्!

आरुह्यारूढकोपस्फुरणविषमिताग्राङ्गुलीमुक्तचूडां

लोकप्रत्यक्षमुग्रां सकलरिपुकुलोच्छेददीर्घां प्रतिज्ञाम्।

केनान्येनावलिप्सा नवनवतिशतद्रव्यकोटीश्वरास्ते

नन्दाः पर्यायभूताः पशव इव हताः पश्यतो राक्षसःसस्य॥२७॥

अपिच, गृध्रैराबद्धचक्रं वियति विचलितैः [vl. लनया or चलनया] दीर्घनिष्कम्पपक्षैः

धुमैर्ध्वस्तार्कभासां सघनमिव दिशां मण्डलं दर्शयन्तः।

नन्दैरानन्दयन्तः [क्व्.नन्दानां नन्दयन्तः] पितृवननिलयान्प्राणिनः पश्य चैतान् [v.l.चैत्याः]

निर्वान्त्यद्यापि नैते स्रुतबहलवसावाहिनो हव्यवाहाः॥२८॥

राजा अन्येनैवेदमनुष्ठितम्।

चाणक्यः आः केन?

राजा नन्दकुलविद्वेषिणा दैवेनेदमनुष्ठितम्।

चाणक्यः दैवमविद्वांसः प्रमाणयन्ति।

राजा विद्वांसोऽप्यविकत्थना भवन्ति।

चाणक्यः (क्रोधं नाटयन्) वृषल! तृषल! भृत्यमिव मामारोढुमिच्छसि?

शिखां मोक्तुं बद्धामपि पुनरयं धावति करः—(भूमौ पादप्रहारं कृत्वा)

प्रतिज्ञामारोढुं पुनरपि चलत्येष चरणः।

प्रणाशन्नन्दानां प्रशममुपयातं त्वमधुना

परीतः कालेन, ज्वलयसि मम क्रोधदहनम्॥२९॥

राजा (सावेगं स्वगतम्) अये! तत् कथं सत्यमेव कुपित आर्यः तथाहि,

संरम्भस्पन्दिपक्ष्मक्षरदमलजलक्षालनक्षामयापि

भ्रूभङ्गोद्भेद [vl.द्भूत] धूमं ज्वलितमिव पुरःपुरः [vl. पुनः] पिङ्गया नेत्रभासा।

मन्ये रुद्रस्य रौद्रं रसमभिनयतस्ताण्डवे संस्मरन्त्या,

संजातोदग्रकम्पं कथमपि धरया धारितः पादघातः॥३०॥

चाणक्यः (कृतकं कोपं संहृत्य) वृषल! अलमुत्तरोत्तरेण। यद्यस्मत्तो गरीयान् राक्षसःसोऽवगम्यते, तदिदं शस्त्रं तस्मै दीयतामिति। (शस्त्रमुत्सृज्योत्थाय प्रत्यक्षवदाकाशे लक्ष्यं बद्ध्वा स्वगतम्) राक्षसःस! राक्षसःस! एष एव भवतः कौटिल्यबुद्धिविजिगीषोर्बुद्धेः प्रकर्षः

चाणक्यतः स्खलितभक्तिमहं सुखेन

जेष्यामि मौर्यमिति संप्रति यः प्रयुक्तः।

भेदः किलैष भवता सकलः स एव

संपत्स्यते, शठ तवैव विनाशनाय॥३१॥

(इति निष्क्रान्तश्चाणक्यः)

राजा आर्य, वैहीनरे, अद्यप्रभृति अनादृत्य चाणक्यं, चन्द्रगुप्तः स्वयमेव राज्यकार्याणि करिष्यतीति गृहीतार्थाः प्रकृतयः क्रियन्ताम्।

कञ्चुकी (स्वगतम्) कथं निरुपपद एव चाणक्यो नार्यचाणक्य इति। हन्त, सत्यमेव हृतोऽधिकारः। अथवा, न खल्वत्र वस्तुनि देवदोषः [vl. देवं दोषेणावमन्तुमर्हामि] कुतः:

स दोषः सचिवस्यैव यदसत् कुरुते नृपः।

याति यन्तुः प्रमादेन गजो व्यालत्ववाच्यताम्॥३२॥

राजा आर्य! किं विचारयसि?

कञ्चुकी देव! न किञ्चिद् विचारयामि, किन्त्वेतद् विज्ञापयामि, दिष्ट्या देव इदानीं देवः संवृत्त इति।

राजा (आत्मगतम्) एवमस्मासु निगृह्यमाणेषु स्वकार्यसिद्धिकामः सकामो भवत्वार्यः।

(प्रकाशम्) शोणोत्तरे! अनेन शुष्ककलहेन शिरोवेदना मां बाधते, तच्छयनगृहमादेशय।

प्रतीहारी एतु एतु महाराजः।

राजा (आसनादुत्थायात्मगतम्)

आर्याज्ञयैव मम लङ्घितगौरवस्य

बुद्धिः प्रवेष्टुमिव भूविवरं प्रवृत्ता।

ये सत्यमेव हि गुरूनतिपातयन्ति (क्च्य.न गुरून् प्रतिमानयन्ति)

तेषां कथं नु हृदयं न भिनत्ति लज्जा॥३१॥

(इति निष्क्रान्ताः सर्वे)

## इति तृतीयोऽङ्कः।

## ત્રીજો અંક

*(પછી કંચુકી પ્રવેશ કરે છે.)*

*કાંચુકીઃ હે તૃષ્ણે! આંખો, કાન વગેરે ઈન્દ્રિયો દ્વારા રૂપ, રસ વગેરે વિષયોનો નિહાળીને તે જન્મ પ્રાપ્ત કર્યો હતો, તે હવે ચક્ષુ વગેરે પોતાના વિષયને ગ્રહણ કરવામાં અસમર્થ છે. તારી આજ્ઞાકારી અંગોએ અચાનક તેમની કાર્યક્ષમતા ગુમાવી દીધી છે અને વૃદ્ધાવસ્થા તમારા માથા પર આવી ગઈ છે; તું વ્યર્થ દુઃખી થાય છે.*

॥1 ॥

*(આસપાસ ફરીને આકાશ તરફ જોઈને) હે સુગાંગ મહેલમાં નિયુક્ત પુરૂષો! સ્વનામધન્ય રાજા ચંદ્રગુપ્ત તમને આદેશ આપે છે કે હું આગામી શરદ પૂર્ણિમા ઉત્સવમાં અત્યંત સુંદર કુસુમપુર જોવા ઈચ્છું છું. તેથી, જોવા લાયક સુગાંગ મહેલના અગીશીઓને શણગારો. તો તમે લોકો કેમ મોડું કરી રહ્યા છો? (આકાશમાં) તમે શું કહી રહ્યા છો? આર્ય! શું તમને ખબર નથી કે રાજા ચંદ્રગુપ્તના કૌમુદી મહોત્સવ પર પ્રતિબંધ હતો? હે અભાગીઆઓ! તમારા પ્રાણ હરી લે એવી એવા પ્રસંગો શા માટે ઉખેલો છો? હવે તરતજઃ*

*હવે, પૂર્ણિમાના કાંતિયુક્ત ચન્દ્રની કિરણો શીઘ્ર ચામરોની શોભા, ધૂપ ગ્રહણ કરવાથી સુગંધીત થયેલા પુષ્પમાલાઓથા અલંકૃત મહેલના સ્તંભોને આલિંગન કરે છે. ચંદનના પાણી સાથે ફૂલો ભેળવીને છંટકાવ કરવો જોઈએ જેથી લાંબા સમય સુધી સિંહાસન પર બેભાન થયેલી ગાયની જેમ પૃથ્વી પણ જલ્દી શ્વાસ લઈ શકે.* ॥ 2 ॥

*(આકાશ તરફ જોઈને) તમે લોકો શું કહી રહ્યા છો, શું તમે ઉતાવળ કરી રહ્યા છો? ભાઈઓ! ઉતાવળ કરો. મહારાજ ચંદ્રગુપ્ત તો આવી પહોંચ્યા. જે :*

વિષમ હોવા છતાં રસ્તામાં (રાજ્ય ચલાવવામાં) ભારે ભાર (રાજ્યનો બોજ) વહન કરવામાં સ્થિરતાથી લાગેલા બળદો, તેમના પૂર્વજોએ પણ તેમના મજબૂત અંગો વડે લાંબા સમય સુધી વહન કર્યું હતું, તેઓ નાની ઉંમરે પૃથ્વીનો એ જ ભારે ભાર વહન કરવા તૈયાર છે. જેઓ આ દુ:ખના ભારને સહન કરવા ટેવાયેલા નથી, તેઓ તેમાંથી નથી થઈ રહ્યા. ॥3 ॥

(નેપત્થ્યમાં) આ બાજુ મહારાજ.

(પછી રાજા ચંદ્રગુપ્ત અને દ્વારપાલ પ્રવેશ કરે છે.)

રાજા : (સ્વગત) જે રાજધર્મના પરાધીન રાજા માટે રાજ્ય અત્યન્ત દુ:ખપ્રદ હોય છે. કારણ કે – પારકા કામ પાર પાડવામાં રાજાને સ્વાર્થપરતા ત્યજી દેવી પડે છે. પૂરેપૂરી સ્વર્થ છોડી દેનારો પૃથ્વીપતિ શબ્દને સાર્થક કરતો નથી. જો સ્વાર્થ કરતા પરમાર્થ વધારે અભિષ્ટ હોય તો તે પરાધિન છે. પરાધિન પુરૂષ સુખાદિ ભોગ કેવી રીતે કરી શકે ? ॥ 4 ॥

અને : સ્થિર ચિત્તવાળા રાજાઓ દ્વારા પણ ખૂબ જ મુશ્કેલીથી રાજ્યલક્ષ્મીની આરાધ્ય હોય છે. કારણ કે : તે તીક્ષ્ણ સ્વભાવના રાજાથી ઉદ્વિગ્ન થઈ જાય છે અને હારના ડરથી નમ્ર સ્વભાવના રાજાની નજીક રહેતી નથી. તે મૂર્ખ રાજાથી દ્વેષ રાખે છે અને ખૂબ જ વિદ્વાન રાજાથી અનુરાગ રાખતી નથી. તે શક્તિશાળી રાજાથી ડરે છે અને કાયરની મજાક ઉડાવે છે. તેથી એ આશ્ચર્યજનક છે કે રાજ્યલક્ષ્મી, ખૂબ જ પ્રખ્યાત વારાંગણાની જેમ, ખૂબ જ મુશ્કેલીથી આરાધ્ય હોય છે. ॥ 5 ॥

અને આર્ય ચાણક્યએ સૂચવ્યુ છે કે કૃત્રિમ કલહ સર્જીને તારે થોડાક સમય માટે સ્વતંત્રતાથી વર્તવું જોઈએ. અને તે પાતક હોય તેમ અત્યંત કઠીનાઈથી મેં સ્વીકાર્યું છે.

અથવા, આપણે, શુદ્ધ બુદ્ધિ ધરાવતા લોકો, આર્ય ચાણક્યના ઉપદેશોને કારણે હંમેશા આધીન રહીએ છીએ. કારણ કે :

ગુરુ પોતાના શિષ્યને આ દુનિયામાં સદાચારી વર્તન કરતા રોકતા નથી. જ્યારે અજ્ઞાનને કારણે તે પોતાનું કર્તવ્ય છોડી દે છે, ત્યારે ગુરુ તેને નિયંત્રિત કરે છે. તેથી, નમ્ર બુદ્ધિ વાળા સજ્જનો હંમેશા નિરંકુશ (મુક્ત) હોય છે. આનાથી વધારે સ્વતંત્રતાથી અમે જ મુખ ફેરવી લઈએ છીએ. ॥ 6 ॥

(પ્રકટ) આર્ય વૈહિનરિ(કંચુકી)! મને સુગાંગ મહેલનો રસ્તો જણાવો.

કંચુકી : માન્યવર! અહીંથી આવો. (રાજા ફરીને ચાલ્યો જાય છે.)

કંચુકી : (પરિક્રમા કરતા) આ સુગાંગ મહેલ છે. આર્યએ ધીમે ધીમે ચઢવું.

રાજા : (ઉપર ચઢીને આસપાસ જોવાનો અભિનય) શરત્કાળથી યુક્ત શોભા:વૈભવ વાળી દિશાઓની રમણીયતા ભવ્ય છે. કારણ કે :

*ધીમે ધીમે ક્ષીણ થતી સફેદ મેઘધારા સમાન રેતાળ કિનારોઓ ધરાવતી, ચારે બાજુ કલરવ કરતા સારસોના ટોળાંથી ઘેરાયેલી, વિવિધ પ્રકારના ચમકતા તારાઓ અને કુમુદ પુષ્પોથી વ્યાપ્ત દશે દિશાઓ નદીઓની જેમ આકાશમાંથી ઉભરી રહી હોય તેવું લાગે છે. ॥ 7 ॥*

*અને :*

*આશ્ચર્યજનક વાત એ છે કે જાણે વર્ષાઋતુના વહેતા પાણીને તેમની મર્યાદામાં રહેવાનું શીખવી રહ્યું હોય, ભરચક પાક થતાં શાલી ડાંગરના છોડવોઓને નમાવતી, જાણે મોરના ઉગ્ર વિષ સમાન મદને હરવા વાળી શરદ ઋતુની સુંદરતા સમગ્ર વિશ્વને નમ્રતાનો આ પાઠ શીખવી રહી છે. ॥ 8 ॥*

*અને:*

*બહુપત્ની ધરાવતા સ્વામી પ્રત્યે રોષે ભરાયેલી (ડહોળાઈ ગયેલી જળવાળી) અને કૃશ થતી જતીને ગમે તેમ કરીને નદીના મૂળ માર્ગ પર લાવીને પ્રેમવાર્તાઓમાં નિપુણ દૂતીની જેમ શરદ પ્રસન્ન થયેલી (સ્વચ્છ જળવાળી) ગંગાને (નદીને) સરિતાઓના સ્વામી પાસે લઈ જાય છે. ॥ 9 ॥*

*(નાટકીય અભિનય દ્વાર ચારે બાજુ જોઈને) પાટલીપુત્રમાં કૌમુદી મહોત્સવ કેમ ઉજવવામાં આવતો નથી? મારી પરવાનગીથી કૌમુદી મહોત્સવ પાટલીપુત્ર શહેરમાં ઉજવવામાં આવશે એ ઘોષણા કરવામાં આવી છે કે નહીં ?*

*કંચુકી – હાં કેમ? મહારાજની પરવાનગીથી જાહેરાત કરવામાં આવી કે કુસુમપુરમાં કૌમુદી મહોત્સવ ઉજવવામાં આવશે.*

*રાજા : આર્ય! તો પછી નાગરિકોએ મારા આદેશોનું પાલન કેમ ન કર્યું?*

*કંચુકી : (કાન બંધ કરીને) મહારાજ! પાપ શાંત થાય. તમારા આદેશનું, જે પૃથ્વી પર હંમેશા પાલન કરવાનો છે, તે નાગરિકો દ્વારા કેવી રીતે પાલન ન થાય?*

*રાજા : આર્ય કંચુકી! તો પછી મને કેમ લાગે છે કે કુસુમપુરમાં અત્યાર સુધી કૌમુદી મહોત્સવ ઉજવવામાં આવતો નથી? જુઓ :*

*તો પછી કુસુમપુરમાં હજુ સુધી કૌમુદીમહોત્સવ કેમ શરૂ થયો નથી ?*

*નિખાલસ અને ચતુર સંભાષણોમાં નિષ્ણાત વિલાસીજનોથી અનુસરાતી વારાંગનાઓ પહોળા નિતંબભારના દબાણથી અલસ, સુંદર ગતિથી શેરીઓને શોભાવતી નથી. ઘરના વૈભવથી એકબીજા સાથે સ્પર્ધામાં ઉતરતા નિઃશંક બનેલા નાગરિકોમાં અગ્રણી સ્વામીઓ સ્ત્રીઓ સાથે મનગમતા પર્વની વિધિમાં ભાગ લેતા નથી. ॥ 10 ॥*

*કંચુકી : રાજા! તે એવું જ છે.*

*રાજા : કેમ?*

*કંચુકી : રાજા! એટલા માટે આ.*

રાજા : આર્ય! સ્પષ્ટ રીતે કહો.

કંચુકી : ભગવાન! કૌમુદી મહોત્સવની ઉજવણી રોકવામાં આવી છે.

રાજાઃ (ગુસ્સાથી) અરે! કોના દ્વારા?

કંચુકી – મહારાજ, આનાથી વધારે મારે કઈ કહી શકાય એમ નથી.

રાજા : આર્ય ચાણક્યએ પ્રેક્ષકોનું સૌથી મનોરમ દશ્ય છીનવી નથી લીધું?

કંચુકી : ભગવાન! અને બીજું કોણ, જીવવાની ઈચ્છા ધરાવતું, મહારાજાની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરશે?

રાજા : શોણોત્તરે! મારે બેસવું છે.

પ્રતિહારી : ભગવાન! આ સિંહાસન છે, કૃપા કરીને બેસો.

રાજાઃ (નાટકીય રીતે બેઠો) આર્ય કંચુકી! મારે આર્ય ચાણક્યને મળવું છે.

કંચુકી : મહારાજની ઇચ્છા મુજબ. (આટલું કહીને તે જાય છે.)

(ત્યારબાદ ચાણક્ય પોતાના ઘરમાં પ્રવેશ કરે છે, એક આસન પર બેઠો છે અને જાણે તે ચિંતિત અને ગુસ્સે હોય તેવું વર્તન કરે છે.)

ચાણક્ય : (સ્વગત) દુષ્ટ રાક્ષસ મારી સાથે કેવી રીતે સ્પર્ધા કરી રહ્યો છે?

કારણ કેઃ

કૌટિલ્યનું અપમાન થયું જેના કારણે હું કચડાયેલા સાપની જેમ શહેર છોડીને ગયો અને જેમ ચંદ્રગુપ્ત મૌર્યને નંદ વંશનો નાશ કરીને રાજા બનાવવામાં આવ્યો. તેવી જ રીતે, આ રાક્ષસ, હું ચંદ્રગુપ્તની રાજ્યશ્રીને છીનવી લઉં એવો નિશ્ચય કરીને મારી બુદ્ધિની ઉત્કૃષ્ટતાને વટાવી જવા માટે આ પ્રયત્નશીલ બન્યા છે. ॥ 11 ॥

(આકાશમાં સ્થિર નજર કરીને) રાક્ષસ, એ રાક્ષસ! એ ખરાબ કામ છોડી દે.

આ ચંદ્રગુપ્ત રાજા નંદના રાજ્ય જેવો નથી, જ્યાં રાજ્યના કામકાજ બેકાબૂ અને દુષ્ટ મંત્રીઓ દ્વારા જોવામાં આવતા હતા. અને તું પણ ચાણક્ય નથી. મુખ્ય વ્યક્તિ સાથેનું વેર એટલી જ, મારું અનુકરણ કરતા તારી પાસે સમાનતા છે. ॥ 12 ॥

(વિચારીને) અથવા મને આ બાબતે બહુ દુઃખ ન થવું જોઈએ કારણ કેઃ

તે મલયકેતુ ચારે બાજુથી મારા સેવકોથી ઘેરાયેલો છે જે મારા નજીકના મિત્રો છે અને વાસ્તવમાં સિદ્ધાર્થક વગેરે જેવા જાસૂસો તેના આદેશોનું પાલન કરવામાં સંલગ્ન છે. હવે ચંદ્રગુપ્ત સાથે છલઃકપટ દ્વારા કલહ પેદા કરીને, હું જે પોતાની બુદ્ધિમત્તાથી ભેદ પાડવામાં કુશળ, રાક્ષસને પ્રતિકુળ બને તેવી રીતે ભેદીશ. ॥ 13 ॥

કંચુકી : (પ્રવેશીને) ખરેખર સેવી ખૂબ જ કષ્ટકારક હોય છે. કારણ કે, સેવામાં સૌ પ્રથમ વ્યક્તિએ રાજાથી ડરવું, પછી મંત્રીથી, પછી રાજાના મિત્રથી અને પછી રાજમહેલમાં રહેતા રાજાના પ્રિય લોકોથી. વિદ્વાનો એવી સેવાભાવનાને કૂતરાની

આજીવિકા માને છે જે વ્યક્તિ દીનતાથી ઉપર જોઈને અને વાતો કરીને પોતાનું ગુજરાન ચલાવવા માટે મુશ્કેલીઓ સહન કરે છે, તેનામાં હીનતાનો ભાવ ઉત્પન્ન કરે છે. ॥ 14 ॥

(ફરીને અને જોઈને) આ આર્ય ચાણક્યનું ઘર છે. તેમાં પ્રવેશું.

(ઘરમાં પ્રવેશીને અને જોઈને) આહા! આ રાજાના સચિવના મહેલની ભવ્યતા છે. કારણ કે :

ગાયના છાણાંને તોડવા માટે વપરાતો પથ્થરનો ટુકડો, બ્રહ્મચારી બટુકો દ્વારા લાવવામાં આવેલ કુશ ઘાસનો ઢગલો, સુકાઈ રહેલા લાકડાના વજનથી નીચે વળેલી છાપરાની ધાર અને જર્જરિત દિવાલોવાળું ઘર જોઈ શકાય છે. ॥ 15 ॥

આ કારણોથી આ ચાણક્ય માટે મહારાજ ચદ્રગુપ્ત વૃષલ હોય તે યોગ્ય છે. કારણ કે :

સત્યવાદી હોવા છતાં દિનતાનાં કારણે, વાચાળ બનીને મુખ થાકી જાય ત્યાં સુધી, ન હોય તેવા ગુણોનું વર્ણન કરીને તેમની પ્રશંસા કરે છે, આ બધું લોભને કારણે છે. નહિંતર નિસ્પૃહીઓને તો રાજા તણખલાના જેમ તિરસ્કારનો પદાર્થ છે. ॥ 16 ॥

(જોઈને તથા ભય સાથે) તો આ આર્ય ચાણક્ય બેઠા છેઃ

કોણ, જેણે દુનિયાને હરાવી અને મૌર્ય અને નંદ રાજાઓના ઉદય અને પતનનું કારણ બન્યા, તે સહસ્રકિરણ સૂર્ય અસર્વવ્યાપી અનુક્રમે ઠંડી અને ગરમી આપનારના તેજને પણ અતિક્રમી જાય છે. ॥ 17 ॥

(બંને ઘૂંટણિયે નમીને), આર્યનો જય થાઓ.

ચાણક્ય : (નાટકીય રીતે જોઈને) અરે વૈહીનરે! તમે કયા પ્રયોજનથી આવ્યા છો?

કંચુકી : આર્ય! રાજાઓના હાલી ગયોલા મુકુટોના મણિખેડોનાં કિરણોથી જેમના ચરણ કમળ પીળાં થઈ ગયા છે, તેમણે તમને માથું ટેકવીને પ્રણામ કર્યા છે અને વિનંતી કરી છે કે બીજા કોઈ કામમાં અડચન કર્યા વિના, હું મળવા માંગુ છું.

ચાણક્ય : વૃષલ મને મળવા માંગે છે? અરે કંચુકી! શું વૃષલના કાનોં સુધી કૌમુદીમહોત્સવના પ્રતિબંધની વાત પહોંચી ગઈ?

કંચુકી : આર્ય! તેજ થયું.

ચાણક્ય : (ગુસ્સાથી) એવું કોણે કહ્યું?

કંચુકીઃ (ભયથી) આર્ય! પ્રસન્ન થાઓ. સુગાંગ ભવન ઉપર ચઢીને મહારાજજીએ જોયું છે કે કુસુમપુરમાં કૌમુદી મહોત્સવ ઉજવાતો નથી.

ચાણક્ય : ઠીક છે! સમજાઈ ગયું. તમે લોકોએ વૃષલને ઉશ્કેર્યો છે અને તેને અમારી વચ્ચે ગુસ્સે કરી દીધો છે; બીજું શું થઈ શકે?

(કંચુકી ભયના અભિનય સાથે નીચું મોઢું કરીને ચૂપ રહે છે.)

ચાણક્ય : એ આશ્ચર્યજનક છે કે રાજાના સેવકો મારા પ્રત્યે દ્વેષ કરવામાં આસક્ત છે. વૃષલ આ સમયે ક્યાં છે?

કંચુકી : (ભયના અભિનય સાથે) આર્ય! સુગાંગ ભવનમાં ગયા પછી મહારાજાએ મને તમારા ચરણોમાં મોકલ્યો છે.

ચાણક્ય : (ઊભા થઈને) આર્ય! મને સુગાંગ ભવનનો રસ્તો બતાવો.

કંચુકીઃ આ તરફ આવો મહારાજ!

(બંને ફરી જાય છે.)

કંચુકીઃ આ સુગાંગ મહેલ છે. કૃપા કરીને ધીમે ધીમે ઉપર ચઢો.

ચાણક્ય : (નાટ્યપૂર્વક મહેલમાં ચઢીને અને ખુશીથી, મનમાં) અરે! વૃષલ સિંહાસન પર બિરાજમાન છે. ધન્ય છે.

આ સિંહાસન નંદ રાજાઓથી અલગ કરવામાં આવ્યું હતું જેઓ કુબેરને ધિક્કારતા હતા, અને રાજાધિરાજ ચંદ્રગુપ્તથી અધિષ્ઠિત અને અનુરૂપ રાજાના સંપર્કમાં આવ્યા હતા. તેના આ ત્રણે ગુણો મારા અનુરાગમાં વૃદ્ધિ કરે છે. ॥ 18 ॥

(નજીક જઈને) વૃષલનો વિજય થાઓ.

રાજા : (સિંહાસન પરથી ઉભા થઈને ચાણક્યના પગ પકડીને) આર્ય! ચંદ્રગુપ્ત નમસ્કાર કરી રહ્યો છે.

ચાણક્ય : (બંને હાથ પકડીને) ઉઠો, વત્સ! ઉઠો.

ખડકોમાં અથડાતી ગંગાનદીના ફોરાંની વર્ષાથી શીતળ બનેલ હિમાલયથી, વિવિધ રંગના ચમકતાં રત્નોની કાંતિ ધરાવતા દક્ષિણ સમુદ્રોના કિનારાથી આવી આવીને, ભીતિપૂર્વક પ્રણામ કરતા સેંકડો રાજાઓ હમેશાં તારા ચરણયુગલના આંગળીઓ વચ્ચેના અવકાશ ભાગોને મસ્તકનાં રત્નકિરણોથી ભરાયેલા જ રાખે. ૧૯

રાજા : તમારી કૃપાના કારણે એવો અનુભવ થઈ રહ્યો છે. આર્ય! બેસો.

(બંને આસન પર બેસે છે.)

ચાણક્ય : વૃષભ! અમને શા માટે બોલાવવામાં આવ્યા છે?

રાજા – આર્યના દર્શનથી કૃતાર્થ થવા માટે.

ચાણક્ય : (હસતાં) વૃષલ! વિનય બહુ થયો. રાજાઓ કોઈ પણ હેતુ વગર અધિકારીઓને બોલાવતા નથી. તો મને હેતુ જણાવો.

રાજા : આર્ય! કૌમુદી મહોત્સવ ઉજવવાના નિષેધનું કયું પરિણામ નિહાળે છે?

ચાણક્ય : (હસતાં) વૃષલ! પછી મને ઠપકો આપવા માટે બોલાવવામાં આવ્યો છે ?

રાજા : ફરિયાદ કરવાની કોઈ વાત નથી.

ચાણક્યઃ તો પછી કેમ?

*રાજા : વિનંતી કરવા માટે.*

*ચાણક્ય : વૃષલ! જો આવું હોય, તો શિષ્યએ ગુરૂઓની ઈચ્છાઓનું પાલન કરવું જોઈએ.*

*રાજા : આર્ય! આમાં શંકા શું છે? પણ કદાચ આર્યનું કોઈ પણ કાર્ય હેતુ વગરનું નથી હોતું, તેથી મારા પ્રશ્નને અવકાશ મળ્યો છે.*

*ચાણક્ય : વૃષલ! તમે મારો અર્થ સારી રીતે સમજી ગયા છો. ચાણક્ય સપનામાં પણ હેતુહીન કામ કરતા નથી.*

*રાજા : આર્ય! એટલા માટે હેતુ જાણવાની ઈચ્છા મને આ પૂછવા માટે પ્રેરિત કરી રહી છે.*

*ચાણક્ય : વૃષલ! સાંભળો, વાસ્તવમાં, વિશ્વના અર્થશાસ્ત્રના વિદ્વાનો ત્રણ પ્રકારની સિદ્ધિઓ વિશે વાત કરે છે. તે છેઃ* (1) *સિદ્ધિ જે રાજા પર આધારિત છે,* (2) *સિદ્ધિ જે સચિવો પર આધારિત છે, અને* (3) *સિદ્ધિ જે રાજા અને સચિવ બંને પર આધારિત છે. તો સચિવ પર આધાર રાખનારી સિદ્ધિવાળા પ્રયોજનો શોધિને શુ? કારણ કે આ બાબતમાં નિમાયેલા અમે વર્તિશું.*

*(રાજા ગુસ્સામાં પોતાનો ચહેરો બીજી તરફ ફેરવે છે.)*

*(ત્યારબાદ નેપથ્યમાંથી બે વૈતાલી શ્લોક ગાય છે.)*

*ટૂંકા દિવસની શરદ ઋતુ, જે કાશપુષ્પની કાંતી ને ઝાંખી કરે છે, આકાશને ધૂળથી ધવલ બનાવે છે. વર્ષાઋતુમાં વાદળોથી શ્યામવર્ણ મલિન દિશાઓને ચંદ્રના શીતળ કિરણોની જાળ, શ્વેત ખોપરીઓની માળાને ધારણ કરતું રાજહંસોને પ્રસન્ન કરતી ઋતુઓની રાણી નાના દિસસો વાળી તમારી મુશ્કેલીઓનો નાશ કરે. ૨૦॥*

*અને :*

*ભગવાન વિષ્ણુ, જે શેષનાગના ઓશિકાયુક્ત વિશ્રામ શૈયા પર છે, હમણાં જ ઉઘડવાથી વક્ર, રત્નદીપના તેજને ક્ષણ માટે ટાળતી, પોતાના કાર્યમાં અલસ, અંગમરોડ સાથેના બગાસાંઓથી જેમાં જળબિંદુઓ ઉત્પન્ન થયાં છે તેવી, નિદ્રાભંગ થવાથી આછી રાતી અર્ધખુલી અર્ધઃખુલ્લી દૃષ્ટિ આપ સૌનું રક્ષણ કરે. ૨૧*

*બીજો : હે શ્રેષ્ઠ પુરુષો! કેટલાક લોકો, જેમને સર્જનહારે માનવ વ્યક્તિત્ત્વની મહાનતાના ભંડારરૂપ તરીકે બનાવ્યા છે, જે નશામાં ધૂત હાથીઓને જીતી લે છે, મૃગેંદ્રોના અધિપતિ તે દંષ્ટ્રાભંગ સહન કરતો નથી, તેવી જ રીતે, તમારા જેવા સમ્રાટો, જેઓ થોડી પણ આત્મસન્માન ધરાવતા સમ્રાટો છે, તેઓ પણ આજ્ઞાભંગને તોડવાનું સહન કરતા નથી. ૨૨*

*હજી વધુ:*

*રાજા ફક્ત ઘરેણાં વગેરેના ઉપભોગથી સાચો રાજા નથી બનતો, પણ તેના દુશ્મનો પણ તેના આદેશનું ઉલ્લંઘન કરવાની હિંમત કરતા નથી. તમારા જેવા રાજાને સાચો રાજા કહેવાય. ૨૩*

*ચાણક્ય : (સાંભળીને સ્વગત) અગાઉ શરદ ઋતુના આગમનની વિશેષતા વર્ણવવામાં આવી હતી. આ કોનું બીજું વર્ણન છે તે હું સમજી શકતો નથી. (વિચારીને) આહ્! સમજાઈ ગયું. આ રાક્ષસનો ચંદ્રગુપ્તને ઉશ્કેરવાનો પ્રયાસ છે. હે દુષ્ટ અધમ રાક્ષસ! તુ જોઈ શકો છે કે ચાણક્ય પણ ચોક્કસપણે સાવધ છે.*

*રાજા : આર્ય કંચુકી! આ બે વૈતાલીઓને એક લાખ સોનાના સિક્કા આપો.*

*કંચુકી : મહારાજની આજ્ઞા મુજબ.*

*(ઊભો થઈને ફરવા લાગે છે)*

*ચાણક્ય : (ગુસ્સાથી) કંચુકી! રાહ જુઓ, રાહ જુઓ. ના જાઓ. વૃષભ! આ અયોગ્ય વ્યક્તિ પર આટલો બધો દ્રવ્યનો અપવ્યય કેમ કરવામાં આવી રહ્યો છે?*

*રાજા – આર્યએ બધી જગ્યાએ મારા કાર્યક્ષેત્ર પર નિયંત્રણ કરવાથી, આ મારું રાજ્ય જેવું નહીં પણ જેલ જેવું લાગે છે.*

*ચાણક્ય : વૃષલ! સ્વયં રાજ્યતંત્ર ન ચલાવવા વાળા રાજાઓમાં આવા દોષો શક્ય છે. તેથી, જો આ બધું સહન ન થાય, તો તમારી રાજ્ય ફરજો માટે તૈયાર થઈ જાઓ.*

*રાજા – અમે અમારા કર્તવ્યમાં ધ્યાન આપીએ છીએ.*

*ચાણક્ય : મને ગમ્યું. આ અમે પણ આપણું કામ જાતે કરીશું.*

*રાજા : જો આવું હોય તો હું કૌમુદીમહોત્સવની ઉજવણી બંધ કરવાનું કારણ જાણવા માંગુ છું.*

*ચાણક્ય : વૃષલ! હું કૌમુદીમહોત્સવનું આયોજન કરવાનું કારણ પણ સાંભળવા માંગુ છું.*

*રાજા : સૌ પ્રથમ, તે મારા આદેશોનું ઉલ્લંઘન છે.*

*ચાણક્ય : હે વૃષલ! કૌમુદીમહોત્સવ પર પ્રતિબંધ મૂકવાનું મારું પહેલું કારણ તમારા આદેશનું ઉલ્લંઘન છે. કારણ કે :*

*તમાલવૃક્ષોમાંથી ઉત્પન્ન થતી કૂંપળોથી સીમાડાના શ્યામ જંગલોવાળા, ચંચળ તિમિના સમૂહથી અંદરથી ક્ષુબ્ધ બનેલો જળવાળા ચાર સમૂદ્રોના કિનારાઓ સુધી, સેંકડો રાજાઓ મસ્તક પર તારી જે આજ્ઞાને પુષ્પોની માળાની જેમ ધારણ કરે છે તે મારામાં જ ઠોકર ખાય છે અને તારા પ્રભુત્વને વિનયથી શોભતું જાહેર કરે છે. ॥ 24 ॥*

*રાજા : આ પછી હું બીજો હેતુ પણ સાંભળવા માંગુ છું.*

*ચાણક્ય : હું પણ એ જ કહી રહ્યો છું.*

*રાજા : મને કહો.*

*ચાણક્ય* **:** *શોશ્રોત્તરે! હે શોનોત્તરે! મારા આદેશથી કાયસ્થ અચલદત્ત કહે તે ભદ્રભટ્ટ વગેરે રાજકર્મચારિઓના જે પત્રો છે તે મને આપો.*

*પ્રતિહારી* **:** *જેમ તમારી ઇચ્છા, આર્ય! (જાવે છે અને ફરી પ્રવેશ કરે છે) આર્ય! આ પત્ર છે.*

*ચાણક્ય* **:** *(પત્ર લેતા) વૃષલ! સાંભળ.*

*રાજાઃ હું ધ્યાન આપું છું.*

*ચાણક્ય* **:** *(વાંચે છે) સ્વસ્તિ! સ્વનામધન્ય રાજા ચંદ્રગુપ્ત સાથે સમય વિતાવતા એવા પ્રધાન રાજપુરૂષો મલયકેતુનાં આશ્રય લેનારા પ્રમાણભૂત દસ્તાવેજો છે. સર્વપ્રથમ* (1) *ગજ સેનાપતિ ભદ્રભટ્ટ,* (2) *અશ્વ સેનાપતિ પુરુષદત્ત,* (3) *મુખ્ય દ્વારપાલ ચંદ્રભાનુના ભાણો ડિંગરાત,* (4) *મહારાજાના કુટુંબી મહારાજ બલગુપ્ત,* (5) *મહારાજાનો સેવક રાજસેન,* (6) *સેનાપતિ સિંહબલના નાના ભાઈ ભાગુરાયણ,* (7) *માલવ રાજકુમાર રોહિતાક્ષ અને* (8) *ક્ષત્રિય નેતા વિજયવર્મા.*

*રાજા* **:** *હું તે બધાના અસંતુષ્ટ હોવાનું કારણ સાંભળવા માંગુ છું.*

*ચાણક્ય* **:** *વૃષભ! સાંભળ, આ લોકોમાં જે ગજાધ્યક્ષ અને અશ્વાધ્યક્ષ, ભદ્રભટ્ટ અને પુરુષદત્ત છે. ખરેખર હાથી અને ઘોડાઓનું રક્ષણ કરવામાં ખૂબ જ બેદરકાર છે કારણ કે તેઓ સ્રીઓ, દારૂ અને શિકારના વ્યસની થઈ ગયા છે. તેથી, મેં તેમને તેમના અધિકારોથી અલગ કર્યા અને તેમને ફક્ત તેમની આજીવિકા પર નિર્ભર છોડી દીધા. આ કારણે, નિરાશામાં ગયા પછી, તેમને પોતપોતાના સ્થાન અનુસાર મલયકેતુ પાસે સ્થાન મળ્યું. આ બન્ને ડિંગરાત અને બલગુપ્ત, જેઓ ખૂબ જ લોભી સ્વભાવના હતા, મળતા વેતનને થોડો સમજ્યા પછી, 'તેમને ત્યાં વધુ વેતન મળશે' એવું વિચારીને મલયકેતુના ત્યાં ગયા. આપની કૃપાથી અચાનક ઘણી બધી સંપત્તિ, હાથી, ઘોડા અને બીજી અદ્ભુત સુખઃસુવિધાઓ મેળવીને તમારો બાળસેવક રાજસેન મલયકેતુ તરફ ભાગી ગયો છે, એ ડરથી કે કદાચ આ બધી વસ્તુઓ ફરીથી છીનવાઈ જશે. આ બીજા સેનાપતિ, સિંહબળના નાના ભાઈ ભાગુરાયણે પણ આ પ્રસંગે પર્વતેશ્વર સાથે મિત્રતા સ્થાપિત કરી અને તેને ખાનગીમાં ડરાવીને કહ્યું કે 'ચાણક્યએ તારા પિતાને મારી નાખ્યો' અને તેને મલયકેતુ પાસે મોકલી દેવામાં આવ્યો. ત્યારબાદ જ્યારે ચંદના દાસ અને અન્ય લોકો, જેઓ તમારા કાર્યમાં અવરોધો ઉભા કરી રહ્યા હતા, તેમને તેમના ગુનાઓ પર શંકા હોવાથી સજા કરવામાં આવી, ત્યારે તેઓ પણ મલયકેતુ પીસે ભાગી ગયા. મલયકેતુએ પણ તેમને પોતાનો જીવનરક્ષક માન્યા અને કૃતજ્ઞતા દર્શાવવા માટે, તેમને પોતાની સેનામાં મંત્રીનું પદ આપ્યું. તે બે, લોહિતાક્ષ અને વિજયવર્મા, ખૂબ જ સ્વાભિમાની હોવાથી અને તમારા દ્વારા તેમના ભાઈઓને આપવામાં આવતી નાણાકીય સહાય સહન ન કરી શકતા, મલયકેતુ પર આશ્રિચ બન્યા. આમ, આ બધા તેમના અસંતોષના કારણો છે.*

*રાજા* **:** *આર્ય! તો, કારણો જાણતા છતા તમે તરત જ પ્રતિકાર કેમ ન કર્યો?*

*ચાણક્ય* **:** *વૃષાલ! પ્રતિકાર કરવો શક્ય ન હતો.*

*રાજા : શું તે બિનકાર્યક્ષમતાને કારણે હતું કે કોઈ હેતુને કારણે?*

*ચાણક્ય : તે કેવા પ્રકારની અક્ષમતા હશે, તે હેતુ પર આધાર રાખે છે.*

*રાજા : તો હવે હું બદલો ન લેવાનું કારણ સાંભળવા માંગુ છું.*

*ચાણક્ય : સાંભળ અને વિચાર.*

*રાજા : હું બંને કરી રહ્યો છું, મને કહો.*

*ચાણક્ય : મૌર્ય! વાસ્તવમાં, આ દુનિયામાં, અવજ્ઞાકારી લોકોનો બદલો ફક્ત બે જ રીતે લઈ શકાય છે : દયા અને સજા. દયા (કૃપા) બતાવવાનો અર્થ એ છે કે પદભ્રષ્ટ ભદ્રભટ્ટ અને પુરુષદત્ત બંનેને તેમના પહેલાના પદ પર પાછા બેસાડવા. આવા દુષ્કૃત્યોમાં સામેલ અસમર્થ લોકોમાં ફરીથી સત્તાના હોદ્દા સ્થાપિત કરવાથી સમગ્ર રાજ્યના મૂળભૂત હાથીઓ અને ઘોડાઓનો નાશ થશે. ડિંગરાત અને બાળગુપ્ત, જેઓ સ્વભાવે લોભી છે, તેમને આખું રાજ્ય આપીને પણ કેવી રીતે ખુશ કરી શકાય? રાજસેન અને ભાગુરાયણ, જેઓ પોતાનું ધન અને જીવન ગુમાવવાનો ડર ધરાવતા હતા, તેમના પર દયા બતાવવાની તક ક્યાં? પોતાના હિસ્સા માટે લડતા સ્વાભિમાની 'લોહિતાક્ષ અને વિજયવર્મા' પર કેવા પ્રકારની દયા પ્રેમ ઉત્પન્ન કરી શકાય છે? આ વિચારીને, મેં અનુગ્રહ વાળો પૂર્વ પક્ષ છોડી દીધો. (ઉત્તર પક્ષમાં) આમ, પહેલા વિકલ્પનું ખંડન થઈ ચૂક્યું. તાજેતરમાં આપણે નન્દોનું રાજ્ય મેળવેલું હોવાથી સાથ આપનારા મુખ્ય પુરુષવર્ગને ઉગ્રદંડથી સજા કરતાં નન્દકુળ પ્રત્યે ભક્તિ રાખનારી પ્રજાને આપણા પ્રત્યે અવિશ્વાસ ઉત્પન્ન થાય એટલે બીજો વિકલ્પ ત્યજી દેવાયો છે. તેથી આપણા માણસો પર અનુગ્રહ કરીને રાક્ષસની સૂચનાઓ પ્રમાણે વર્તવા તત્પર, વિશાળ મ્લેચ્છ સૈન્યથી વિંટળાયેલો પિતાના વધથી છંછેડાયેલો પર્વતકપુત્ર મલયકેતુ આપણા પર હુમલો કરવા તત્પર બન્યો છે. તેથી આ તાલીમનો સમય છે, નહીં કે ઉત્સવ સમય. કિલ્લો સમારવાના સમયે કૌમુદીમહોત્સવનું શું પ્રયોજન? એમ વિચારીને પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.*

*રાજા : આર્ય! આ અંગે મને ઘણા પ્રશ્નો છે.*

*ચાણક્ય : વૃષભ! ખચકાટ વગર પૂછો. આ સંદર્ભમાં મારે પણ ઘણું કહેવું છે.*

*રાજા : ઠીક છે, હું પૂંછુ છુ.*

*ચાણક્ય : હું આ કહી રહ્યો છું.*

*રાજા : આપણાં બધા મુશ્કેલીઓનું કારણરૂપ ભાગી છુટતા મલયકેતુની ઉપેક્ષા શા માટે કરી ?*

*ચાણક્ય : વૃષલ! મલયકેતુના અહીંથી ભાગી જવાની અવગણના ન કરવામાં બે પરિસ્થિતિઓ હોઈ શકે છે : પ્રથમ, તેના પર અનુગ્ર કરવો અથવા તેને સજા મળવી જોઈએ. જો તે કૃપા કરીએ તો, અગાઉના વચન મુજબ અડધું રાજ્ય તેને આપવું. કેદમાં પૂરત તો આપણે જ પર્વતકને હણ્યો છે એ કૃતધ્નતાને આપણે જ અનુમોદન*

*આપ્યું હોત. અડધું રાજ્ય આપીને પણ, પર્વતકનો વિનાશ ફક્ત આપણી કૃતઘ્નતાનું પરિણામ હોત. તેથી ભાગી જતા મલયકેતુની ઉપેક્ષા કરી.*

*રાજા : આ બાબતમાં ભલે એમ હોય. અહીં જ રહેતા રાક્ષસની પણ આર્યે ઉપેક્ષા કરી. આનો આર્યનો જવાબ શું છે?*

*ચાણક્ય : રાક્ષસ પણ, પોતાના ગુરુ પ્રત્યેની અડગ ભક્તિ અને લાંબા સમય સુધી એક જ જગ્યાએ રહેવાને કારણે, ચારિત્ર્યનું જ્ઞાન ધરાવતા નંદ પ્રત્યે ભક્તિ, પ્રજામાં અત્યંત વિશ્વસનીય બની ગયા છે. બુદ્ધિ અને શૌર્ય બંનેથી સંપન્ન, સહાયક બળ ધરાવનાર, દ્રવ્ય સંચયથી યુક્ત રાક્ષસ નગરમાં રહીને ચોક્કસપણે એક મહાન આંતરિક ખળભળાટ પેદા કરી શકે છે. તેને દૂર ખસેડીને, ભલે તે બાહ્ય ખળભળાટ પેદા કરે, તેને કોઈક રીતે નિયંત્રિત કરી શકાય છે. આ વિચારીને, તેણે ભાગતી વખતે તેના પર કોઈ ધ્યાન આપ્યું નહીં.*

*રાજાઃ તો પછી તમે તેને અહીં રાખીને તેને કેમ નિયંત્રિત ન કર્યો?*

*ચાણક્ય : તે કેવી રીતે ભાગશે? વાસ્તવમાં ઉપાયોથી તેને હૃદયમાં અટવાયેલા કાંટાની જેમ દૂર કરી શકાય છે. આને દૂર કરવાનો પ્રયોજન પણ બતાવી દિધો.*

*રાજાઃ આર્ય! તમે તમારા બળથી તેને કેમ વશ ન કર્યો?*

*ચાણક્ય : વૃષલ! તે એક રાક્ષસ છે, જો તેને બળથી વશ કરવામાં આવે તો તે કાં તે પોતાની મેળે મરી જશે અથવા તમારી સેનાનો નાશ કરશે. બંને પ્રકારમાં નુકસાન થાય. જુઓ :*

*તે (રાક્ષસ) ખૂબ જ સાહસી છે. જો એનો નાશ થાય, તો હે વૃષલ! તમે આવા રત્નથી અલગ થઈ જશો, અને જો તે તમારા મુખ્ય સેનાપતિઓને મારી નાખશે, તો તે વધુ પીડાદાયક હશે. તેથી, જંગલી હાથીની જેમ, તેને ફક્ત ઉપાયોથી જ કાબૂમાં રાખવું પડશે. ॥ 25 ॥*

*રાજા : આર્યની બુદ્ધિમત્તાને વટાવી શકતા નથી, આ બાબતમાં અમાત્ય રાક્ષસ પ્રશંસનીય છે.*

*ચાણક્ય : (ગુસ્સાથી) 'તમે નહીં'. આ વાક્યનો બાકીનો ભાગ છે. હે વૃષલ! તેણે શું કર્યું?*

*રાજા : જો તમને ખબર ન હોય તો સાંભળો. તે મહાપુરૂષે તોઃ*

*તે આપણા નિયંત્રણમાં આવેલ પાટલીપુત્ર નગરમાં જ્યાં સુધી તેઓ ઈચ્છતો હતો ત્યાં સુધી તેણે આપણા ગળા પર પગ રાખીને રહ્યો. તેમણે આપણી સેનાની જીતની ઘોષણામાં બળજબરીથી અવરોધો ઉભા કર્યો. પોતાની રાજનીતિના વિપુલ પ્રભાવથી અત્યંત મૂઢ બની ગયેલી અમારી મતિ પોતાના વિશ્વાસપાત્ર વર્ગ પર પણ વિશ્વાસ કરતી નથી. ॥ 26 ॥*

ચાણક્ય : (હસતાં) વૃષલ! શું આ રાક્ષસે કર્યું? મેં તો જાણ્યું કે નન્દની જેમ તમને ઉખાડીને તમારી જેમ મલયકેતુને તમારી જેમ સિંહાસન પર બેસાડ્યા.

રાજા : આર્ય! આ બધું નિયતિએ જ કર્યું છે, તમારે તેની સાથે શું લેવાદેવા...

ચાણક્યઃ હે ઈર્ષાળુ!

મારા સિવાય બીજું કોણ, જેણે સંસાર સામે ક્રોધના આવેશમાં ધ્રુજતી આંગળીઓના ટેરવાથી પોતાન શિખા ખોલી કાઢી અને સમસ્ત ભયંકર શત્રુ કુળને નાશ કરવાની લાંબી પ્રતિજ્ઞા લીધા પછી, , ગર્વથી છકી ગયેલા નવ્વાણું કરોડ સોનામહોરોના સ્વામી તે નન્દોના ક્રમ પ્રમાણે રાક્ષસના જોતાં બીજા કોણે પશુઓની જેમ નાશ કર્યો?

॥ 27 ॥

અને પણ :

મૌર્ય! જુઓ; આકાશમાં વર્તુળોમાં ફરતા સ્થિર પાંખોવાળા વિશાળ ગીધની જેમ, ધુમાડાને કારણે સૂર્યનું તેજ નષ્ટ કરી દીધું હતું અને આકાશ વાદળોથી ઢંકાઈ ગયું હતું. અને જે લોકોએ રાજા નંદ અને તેમના વંશજોના માંસ અને મજ્જાથી સ્મશાનને પોતાનું ઘર બનાવ્યું હતું, તે અગ્નિની જ્વાળાઓ આજે પણ ઓલવાતી નથી.॥28॥

રાજા : આ બધું કામ કોઈ બીજાએ કર્યું હતું.

ચાણક્ય : આહ્! બીજું કોણ?

રાજા : ભાગ્ય રાજા નંદ કુળની વિરુદ્ધ ગયું.

ચાણક્ય : મૂર્ખ લોકો ભાગ્યમાં માને છે.

રાજા : વિદ્વાનો પણ સ્વઃપ્રશંસક હોય છે.

ચાણક્યઃ (ગુસ્સાથી) વૃષલ! વૃષભ!! શું તમે મારી સાથે નોકર જેવો વ્યવહાર કરવા માંગો છો?

ફરી એકવાર મારી હાથે બાંધેલી શિખા માટે ઉતાવળ કરી રહ્યો છે. (ગુસ્સામાં પોતાનો પગ જમીન પર મારતા) અને આ પગ ફરીથી પ્રતિજ્ઞા લેવા માટે આગળ વધી રહ્યો છે. નન્દોના નારાથી ઓલવાઈ ગયેલા મારા ક્રોધાગ્નિને કાળથી ચારે બાજુથી ઘેરાઈ ગયેલો તું હવે પ્રજવાળી રહ્યો છે. ॥ 29 ॥

રાજા : (ચિંતા સાથે, સ્વગત) અરે! શું આર્ય ખરેખર ગુસ્સે થઈ ગયા છે? કારણ કે –

ઉશ્કેરાટથી ધ્રુજતી પાંપણોમાંથી ઝરતા સ્વચ્છ જળથી ધોવાઈને ફિક્કી હોવા છતાં પીળી નેત્રકાંતિએ ઉત્પન્ન થયેલા ભૂભંગરૂપી ધૂમાડાને જાણે સામે પ્રજવાળ્યો. તાંડવનૃત્યોમાં રૌદ્રરસના અભિનય કરતા રુદ્રને યાદ કરતી વખતે પૃથ્વી દ્વારા થતા કંપનો ખૂબ જ મુશ્કેલીથી સહન કરવામાં આવે છે. ॥ 30 ॥

ચાણક્ય : (પોતાનો કૃત્રિમ ક્રોધ ત્યજીને) વૃષલ! વૃષલ!! વાદઃવિવાદ બહુ થયો. જો રાક્ષસને આપણા કરતાં શ્રેષ્ઠ માનતા હો તો આ શસ્ત્ર તેને આપી દો. (આમ કહીને,

*શસ્ત્ર નીચે મૂકીને અને મનમાં આકાશ તરફ જોઈને) રાક્ષસ! ઓ રાક્ષસ! કૌટિલ્યની બુદ્ધિ ઉપર વિજય મેળવવાની ઈચ્છાવાળા તારી બુદ્ધિની આ ઉત્કૃષ્ટતા!*

*હે ધૂર્ત રાક્ષસ! 'ચાણક્ય પ્રત્યેની જેની ભક્તિ ચલિત થઈ છે તેવા મૌર્ય ચંદ્રગુપ્તને હું સહેલાઈથી જીતી લઈશ એમ માનીને હવે આ કપટી હમણાં જે ભેદ પ્રયોજ્યો છે તે સર્વ, હે શઠ ! તારા જ માટે વિનાશકારક સાબિત થશે.* ॥ 31 ॥

*(જતો રહે છે.)*

*રાજા : આર્ય કંચુકી! લોકોને સ્પષ્ટ કરી દેવું જોઈએ કે આજથી ચંદ્રગુપ્ત પોતે ચાણક્યની ચિંતા કર્યા વિના રાજ્યકાર્યો કરશે.*

*કંચુકી : (મનમાં) ચાણક્ય વિશેષણો વિના? આર્ય ચાણક્ય પણ નહીં. ચાણક્યનો અધિકાર ખરેખર છીનવી લેવામાં આવ્યો તે દુઃખદ છે અથવા તો આ બાબતમાં ભાગ્યનો જ છે. કેમકે :*

*રાજા ગમે તે ખોટું કાર્ય કરે, તે બધું અમાત્યનો ગુનો માનવામાં આવે છે. ઉદાહરણ તરીકે, મહાવતની બેદરકારીને કારણે હાથી ભૂલ કરે છે, પરંતુ દુષ્ટ હોવાનું બિરુદ હાથીને આપવામાં આવ્યું છે, મહાવતને નહીં. ૩૨॥*

*રાજા : આર્ય! તમે શું વિચારી રહ્યા છો?*

*કંચુકી : ભગવન! હું કંઈ વિચારી રહ્યો નથી, પણ હું સમજું છું કે સદભાગ્યે મહારાજ હવે સાચા મહારાજ બની ગયા છે.*

*રાજા : (મનમાં) (સ્વગત) આ પ્રમાણે અમે જણાતાં, પોતાના કાર્યની સિદ્ધિની ઈચ્છા રાખનારા આર્યની મનોરથ પૂર્ણ થાઓ. (પ્રગટ) શોણોત્તરે! આ અર્થહીન સંઘર્ષને કારણે મારા માથાનો દુખાવો મને પીડા આપી રહ્યો છે. તો મને રાયનખંડનો માર્ગ બતાવ.*

*પ્રતિહારી : આવો, મહારાજ! આવો.*

*રાજાઃ (આસનથા ઉઠીને, સ્વગત)*

*આર્ય ચાણક્યના આદેશ પર શિષ્ટાચારનો ભંગ કર્યા પછી, એવું લાગે છે કે મારી ચંદ્રગુપ્તની બુદ્ધિ રસાતળમાં ડૂબી રહી છે. એ વાત સાચી છે કે જેઓ પોતાના શિક્ષકોનો આદર નથી કરતા તેમના હૃદય શરમથી કેમ ભરાતા નથી?* ॥ 33 ॥

*(બધા જાય છે.)*

**ત્રીજો અંક સમાપ્ત**

## 14.5 તમારી પ્રગતિ ચકાસો.

1. *મુદ્રારાક્ષસનો સાહિત્ય પ્રકાર, કર્તા તથા પાત્રના નામ જણાવો.*

2. *ચંદ્રગુપ્ત મૌર્ય કોણ હતા તથા તેમના ગુરુ કોણ હતા?*

3. *ચાણક્ય નું બીજું નામ જણાવી, તેમનો પરિચય સંક્ષેપમાં આપો.*

4. *ચાણક્યની પ્રતિજ્ઞા શું હતી તથા તે શા માટે લીધેલી?*

5. *મુદ્રારાક્ષસ શીર્ષકનો અર્થ જણાવો.*

6. *અમાત્ય રાક્ષસ કોણ છે તથા તેનો નંદ સાથે શો સંબંધ છે.*

7. *વિષકન્યા અર્થાત શું?*

8. *ચાણક્યના ગુપ્તચરનું નામ તથા શિષ્યનું નામ શું છે?*

9. *શકટદાસ તથા પ્રિયંવદક નો પરિચય આપો.*

10. *ચાણક્ય દ્વારા ચંદ્રગુપ્તને આપેલ ઉપદેશોની ચર્ચા કરો.*

**લેખક : ડૉ. આનંદ પંડ્યા, આસિસ્ટન્ટ પ્રોફેસર**
**એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત**

# એકમ : 15 : મુદ્રારાક્ષસ : અંક 4 થી સમાપ્તિ સુધી

## રૂપરેખા


**15.0 ઉદ્દેશ્ય**

**15.1 પ્રસ્તાવના**

**15.2 ચોથો અંક**

**15.3 પાંચમો અંક**

**15.4 છઠ્ઠો અંક**

**15.5 સાતમો અંક**

**15.6 તમારી પ્રગતિ ચકાસો.**


## 15.0 ઉદ્દેશ્ય

*આ એકમનો અભ્યાસ કર્યા પછી, તમે સમર્થ હશો*

- *મુદ્રારાક્ષ નાટકની વાર્તાની સાથે, તમને રાજશાસ્ત્રનો પરિચય પણ મળશે.*
- *તમે સંસ્કૃત નાટકોના નામકરણની પદ્ધતિથી પરિચિત થશો.*
- *આપણે વીર રસ પ્રધાન નાટક વિશે જાણીશું.*
- *તમે જીવન માટે મહત્ત્વપૂર્ણ કૂટનીતિઓ શીખી શકશો.*
- *આપણે જીવનમાં શું કરવું અને શું ન કરવું તે શીખીશું.*
- *ચાણક્યના સંવાદોમાં તેની વિદ્વત્તાનો પરિચય મેળવિશું.*
- *આપણે સંસ્કૃત ભાષા અને સાહિત્યનું શાશ્વત અને સાર્વત્રિક મહત્ત્વ જાણીશું.*
- *નાટકની પાત્રસૃષ્ટિ અને નિરૂપાયેલી સામાજીક, ધાર્મિક, રાજકીય પરિસ્થિતિ વિશે માહિતી પ્રાપ્ત કરી શકશો.*

## 15.1 પ્રસ્તાવના

*મુદ્રારાક્ષસ નાટક રાજનીતિનું દર્શન કરાવતુ પ્રસિદ્ધ નાટક છે. આ કૃતિમાં નંદવંશનુ પતન અને મૌર્ય વંશની સ્થાપનાનાં દર્શન થાય છે. કેવી રીતે ચાણક્ય પોતાની કુટનીતિ વાપરીને યુદ્ધ કર્યા વિના નંદવંશનુ પતન કરે છે તે તેના દ્વારા બતાવવામાં*

*આવ્યું છે. અમાત્ય રાક્ષસની મુદ્રા ચાણક્યને મળતા કુટનીતિથી તે નંદવંશનું પતન કરે છે. આમ, આ મુદ્રારાક્ષસ કુટનીતિનું ઉત્કૃષ્ટ દર્શન કરાવે છે.*

*સાત અંકોના બનેલા આ નાટકમાં જટિલ કથાનક છે. પ્રસ્તુત એકમમાં અંક ચારથી સમાપ્તિ સુધી સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં કરેલ અનુવાદ સાથે શીખીશું.*

## 15.2 ચોથો અંક

**चतुर्थोऽङ्कः।**

पुरुषः —आश्चर्यम्! आश्चर्यम्!

राजनियोगो महीयान् [V.l.योजनशतं समधिकं] को नाम गतागतमिहकरोति।

अस्थानगमनगुरुका प्रभोराज्ञा यदि न भवति॥

तद् यावत् अमात्यराक्षसःसस्यैव गेहं गच्छामि। (परिश्रान्तवत्परिक्रम्य) भोः! कोऽत्र दौवारिकाणाम् ? निवेदय तावद् भर्तुरमात्यराक्षसःसस्य, ए ष खलु करभकः करभक इव त्वरयन् पाटलिपुत्रादागत इति।

(प्रविश्य)

दौवारिकः— भद्र! मा उच्चैः मन्त्रय। एष खलु भर्त्ता अमात्यराक्षसःसः राज्यकार्यचिन्ताजनितेन जागरेण समुत्पन्नशीर्षवेदनोऽद्यापि तावत् न शयनतलं मुञ्चति, तस्मात् तिष्ठ तावन्मुहुर्त्तं, यावत् तस्य लब्धावसरो भूत्वा भवत आगमनं निवेदयामि।

पुरुष—भद्रमुख! यथा ते रोचते।

(ततः प्रविशति शयनगृहगत आसनस्थः शकटदासेन सह सचिन्तो राक्षसःसः)

राक्षसः—(आत्मगतम्)

मम विमृशतः कार्यारम्भे विधेरविधेयतां

सहजकुटिलां कौटिल्यस्य प्रचिन्तयतो मतिम्।

अथ च विहिते तत् [क्व्य.मत] कृत्यानां निकाममुपग्रहे

कथमिदमिहेत्युनिद्रस्य प्रयान्त्यनिशं निशाः॥२॥

अपि च,

कार्योपक्षेपमादौ तनुमपि रचयंस्तस्य विस्तारमिच्छन्

बीजानां गर्भितानां फलमतिगहनं गूढमुद्भेदयंश्च।

कुर्वन् बुद्ध्या विमर्शं प्रसृतमपि पुनः संहरन्कार्य जातं,

कर्त्ता वा नाटकानामिममनुभवति क्लेशमस्मद्विधो वा॥३॥

तदपि नाम दुरात्मा चाणक्यबचटुः—

(उपसृत्य)

दौवारिकः—जयतु जयतु!

राक्षसः—अभि [क्व्य.अति] सन्धातुं शक्यः स्यात्—

दौवारिकः—अमात्यः।

राक्षसः—[वामांक्षिस्पन्दं सूचयित्वा आत्मगतम्] चाणक्यबटुर्जयतु। अतिसन्धातुं शक्यः स्यादमात्य इति वागीश्वरी वामाक्षिस्पन्दनेन प्रस्तावगता [क्व्य.गतं] प्रतिपादयति। तथापि नोद्यमस्त्याज्यः। (प्रकाशम्) भद्र, किमसि वक्तुक्रामः?

दौवारिकः—अमात्य, करभको द्वारि तिष्ठति।

राक्षसः—शीघ्रं प्रवेशयैनम्।

दौवारिकः—तथा (इति निष्क्रम्यं पुरुषमुपसृत्य) भद्र उपसर्प अमात्यम्।

(इति निष्क्रान्तो दौवारिकः)

करभक —(राक्षसःसमुपसृत्य) जयतु जयतु अमात्यः।

राक्षसः—[नाट्येनावलोक्य] भद्र करभक, (स्वागतमुपविश्यताम्।

करभक —यदमात्य आज्ञापयति (भूमावुपविशति)

राक्षसः—(स्वगतम्) अथ कस्मिन् प्रयोजने मयाऽयं प्रणिधिः प्रहित इति, प्रभूतत्वात् प्रयोजनानां न खल्वबधारयामि।

(इति चिन्तां नाटयति)

(ततः प्रविशति वेत्रपाणिरपरः पुरुषः)

पुरुष—अपसरत हे आर्याः! अपसरत। अपेत हे मानवा; अपेत। किं न पश्यथ?

दूरे प्रत्यासत्तिर्दर्शनमपि दुर्लभमधन्यैः।

कल्याणकुलगृहाणां देवानामिवमनुष्यदेवानाम्॥४॥

आकाशे (आर्यः) किं भणथ, किंनिमित्तमेषा अपसारणा क्रियते? आर्याः! एष खलु कुमारो मलयकेतुः समुत्पन्नशीर्षवेदनममात्यराक्षसःसं श्रुत्वा, प्रेक्षितुं इत एव आगच्छति। एतेन कारणेन अपसारणा क्रियते। (इति निष्क्रान्तः पुरुषः)

(ततः प्रविशति भागुरायणरायणेन कञ्चुकिना चानुगम्यमानो मलयकेतुः)

मलषकेतु —(निःश्वस्यात्मगतम्) अद्य दशमो मासस्तातस्योपरतस्य। न चास्माभिर्वृथापुरुषाभिमानमुद्वहद्भिस्तमुद्दिश्य तोयाञ्जलिरप्यावर्जितः। प्रतिज्ञातमेतत् पुरस्तात्।

वक्षस्ताढनभिन्नरत्नवलयं भ्रष्टोत्तरीयांशुकं

हाहेत्युच्चरितार्त्तनादकरुणं भूरेणुरूक्षालकम्।

तादृङ्मातृजनस्य शोकजनितं संप्रत्यवस्थान्तरं,

शत्रुस्त्रीषु मया विधाय गुरवे देयो निवापाञ्जलिः॥५॥

तत् किमिह बहुना।

उद्यच्छता धुरमकापुरुषानुरूपां

गन्तव्यमाजिनिधनेन [क.द्य.विहितेन] पितुः पथा वा।

आच्छिद्य वा स्वजननीजनलोचनेभ्यो

नेयो मया रिपुवधूनयनानि बाष्पः॥६॥

(प्रकाशम्) आर्य! जाजले! उच्यन्तामस्मद्वचनादनुयायिनो राजानः, एक एवाहममात्यराक्षसःसस्यातर्कितागमनेन प्रीतिमुत्पादयितुमिच्छामि। अतः कृतमनुगमनक्लेशेनेति।

कञ्चुकी —यदाज्ञापयति कुमारः। (परिक्रम्याकाशे) भो भो

राजानः कुमारः समाज्ञापयति। न खल्वहं केनचिदनुगन्तव्यः इति। (विलोक्य सहर्षम्) कुमार! कुमार! एते भवदाज्ञासमनन्तरमेव प्रतिनिवृत्ताः सर्व एव राजानः। पश्यतु कुमारः। सोत्सेधैः स्कन्धदेशैः खरतरकविका [VL.खरकविककशा] कर्षणात्यर्थभुग्नैः अश्वाः कैश्चिन्निरुद्धाः खमिव खुरपुटैः खण्डयन्तः केचिन्मातङ्गमुख्यैर्विहतजवतया मूकघण्टैर्निवृत्ताः

मर्यादां भूमिपाला जलधय इव ते देव नोल्लङ्घयन्ति॥७॥

मलषकेतु —आर्य जाजले, त्वमपि सपरिजनो निवर्त्तस्व। भागुरायणरायण एक एव मामनुगच्छतु।

कञ्चुकी — यदाज्ञापयति कुमारः। ( इति सपरिजनो निष्क्रान्तः)

मलषकेतु — सखे भागुरायणरायण, विज्ञापितोऽहमिहागच्छद्भिर्भद्रभटप्रभृतिभिः, यथा न वयं अमात्यराक्षसःसद्वारेण कुमारमाश्रयामहे, किंतु कुमारस्य सेनापतिं शिखरसेनं द्वारीकृत्य दुष्टामात्यपरिगृहीताच्चन्द्रगुप्तादपरक्ताः सन्तः कुमारमाभिरामिकगुणयोगादा श्रयणीयमाश्रयामह इति। तन्न मया सुचिरमपि विचारयता तेषां वाक्यार्थोऽवधारितः।

भागुरायण—कुमार! नैवायमत्यन्तदुर्बोधोऽर्थः। पश्य,
विजिगीषुरात्मगुणसंपन्नः[vl.विजिगीषुमात्मगुणसंपन्नं] प्रियहितद्वारेणा श्रयणीयमा श्रयेदिति ननु न्याय एवामयर्थः।

मलषकेतु — सखे भागुरायणरायण, नन्वस्माकममात्यराक्षसःसः प्रियनमो हिततमश्च।

भागुरायण—कुमार! एवमेतत्,किंतु अमात्य राक्षसःसश्चाणक्य चद्धवैरो न तु चन्द्रगुप्ते,तद् यदि कदाचिच्चन्द्रगुप्तश्चाणक्यमतिजितकाशिनमसहमानः साचिव्यादवरोपयेत्, ततो नन्दकुलभक्त्या नन्दान्वय एवायमिति कृत्वा, सुहृज्जनापेक्षया च,अमात्यराक्षसःसश्चन्द्रगुप्तेन सह संदधीत। चन्द्रगुप्तोऽपि पितृपर्यायागत एवायमिति कृत्वा सन्धिमनुमन्येत। एवं सत्यस्मास्वपि कुमारो न विश्वसेदित्ययमेषां वाक्यार्थः।

मलषकेतु — युज्यते। सखे भागुरायणरायण, अमात्यराक्षसःसस्य गृहमार्गमादेशय।

भागुरायण— इत इतः कुमारः। ( इति उभौ परिक्रामतः)

भागुरायण— कुमार! इदममात्यराक्षसःसस्य गृहम् प्रविशतु कुमारः।

मलयकेत— एष प्रविशामि। (इति उभौ प्रवेशनं नाटयतः)

राक्षसः—आं स्मृतम्(प्रकाशम्) भद्र! अपि दृष्टस्त्वया कुसुमपुरे वैतालिकः स्तनकलशः।

करभक —अमात्य, अथ किम्?

मलषकेतु —सखे! भागुरायणरायण! कुसुमपुरवृत्तान्तः प्रस्तूयते। तन्नोपसर्पावः शृणुवस्तावत्। किङ्कारणमिति।

सत्त्वभङ्गभयाद्राज्ञां कथयन्त्यन्यथा पुरः।

अन्यथा विवृतार्थेषु स्वैरालापेषु मन्त्रिणः॥८॥

भागुरायण—यदाज्ञापयति कुमारः।

राक्षसः—भद्र! अपि तत् कार्य सिद्धम् ?

करभक —अमात्यस्य प्रसादेन सिद्धम्।

मलषकेतु —सखे भागुरायणरायण, किं तत् कार्यम्?

भागुरायण— कुमार! गहनः खलु सचिववृत्तान्तो, नैतावता परिच्छेत्तुं शक्यते। अवहितस्तावत् श्रोतुमर्हति कुमारः।

राक्षसः— भद्र, विस्तरणे श्रोतुमिच्छामि।

करभक — शृणोतु अमात्यः, अस्ति तावत् अहममात्येनाज्ञप्तो यथा—करभक कुसुमपुरं गत्वा मम वचनेन त्वया भणितव्यो वैतालिकः स्तनकलशः यथा चाणक्यहतकेन तेषु तेषु आज्ञाभङ्गेषु अनुष्ठीयमानेषु,चन्द्रगुप्तः समुत्तेजनसमर्थैः श्लोकैरुपश्लोकयितव्यः' इति।

राक्षसः—ततस्ततः।

करभक — ततो मया पाटलिपुत्रं गत्वा श्रावितः अमात्यस्य संदेशं वैतालिकः स्तनकलशः।

राक्षसः—ततस्ततः।

करभक — अत्रान्तरे नन्दकुलविनाशदूनस्य पौरजनस्य परितोषं समुत्पादयता चन्द्रगुप्तेन अघोषितः कुसुमपुरे कौमुदीमहोत्सवः। सोऽपि चिरकालप्रवर्तनजनितपरितोषो भिमतवधूः [vl.बन्धु] जनसमागम इव, सस्नेहं बहुमानितः नगरजनेन।

राक्षसः— सवाष्पम्।हा! देव! नन्द!

कौमुदी कुमुदानन्दे जगदानन्दहेतुना।

कीदृशी सति चन्द्रेऽपि नृपचन्द्र त्वया विना॥९॥

भद्र! ततस्ततः?

कर— अमात्य! ततः स लोकलोचननानन्दभूतोऽनिच्छत एव तस्य नागरजनस्य निवारितश्चाणक्यहतकेन कौमुदीमहोत्सवः। अत्रान्तरे स्तनकलशेन प्रवर्त्तिता चन्द्रगुप्तस्य समुत्तेजनसमर्था श्लोकपरिपाटी।

राक्षसः— सहर्षम्। साधु, सखे स्तनकलश, साधु। काले भेदवीजमुप्तमवश्यमेव फलमुपदर्शयिष्यति।यतः:

सद्यः क्रीडारसच्छेदं प्राकृतोऽपि न मर्षयेत्।

किमु लोकाधिकं धाम बिभ्राणः पृथिवीपतिः॥१०॥

मलयकेतु — एवमेतत्। (सद्यः क्रीडेत्यादि पुनः पठति)

राक्षसः— ततस्ततः।

करभक —ततश्चन्द्रगुप्तेन आज्ञाभङ्गकलुषितहृदयेन प्रसङ्गसूचितममात्यगुणं प्रशस्य अपभ्रंशितः अधिकाराच्चाणक्यहतकः।

मलयकेतु — सखे भागुरायणरायण, गुणप्रशंसया दर्शितश्चन्द्रगुप्तेन राक्षसःसे भक्तिमक्षपणकातः।

भागुरायण— कुमार! न तथा गुणप्रशंसया, यथा चाणक्यबटोर्निराकरणेन।

राक्षसः— भद्र, किमयमेवैकः कौमुदीमहोत्सवप्रतिषेधश्चन्द्रगुप्तस्य 'चाणक्यं प्रति कोपकारणमुतान्यदप्यस्ति?

मलयकेतु —सखे भागुरायणरायण, चन्द्रगुप्तस्य अपरकोपकारणान्वेषणे किं फलमेष पश्यति?

भागुरायण— कुमार, एतत् फलं पश्यति। मतिमांश्चाणक्यो न 'निष्प्रयोजनमेव चन्द्रगुप्तं कोपयिष्यति। नच कृतवेदी चन्द्रगुप्त एतावता गौरवमुल्लङ्घयिष्यति। सर्वथा चाणक्यचन्द्रगुप्तयोः पुष्कलात् कारणादयो विश्लेष उत्पद्यते स आत्यन्तिको भविष्यतीति।

करभक : अस्ति अन्यदपि चन्द्रगुप्तस्य कोपकारणम्। उपेक्षितः अनेनापक्रामन् कुमारो मलयकेतुः अमात्यराक्षसःसश्च।

राज— (सहर्षम्) सखे! शकटदास! हस्ततलगतः संप्रति चन्द्रगुप्तो भविष्यति। इदानीं चन्दनदासस्य बन्धनान्मोक्षः, भवतां च पुत्रदारैः सह समागमः। जीवसिद्धिप्रभृतीनां क्लेशोच्छेदः।

भागुरायण— (आत्मगतम्) जातः सत्यं जीवसिद्धेः क्लेशच्छेदः।

मलयकेतु —सखे ! भागुरायणरायण! हस्ततलगतो मे सम्प्रति चन्द्रगुप्तो भविष्यतीति व्याहरतः कोस्याभिप्रायः?

भागुरायण—किमन्यत्, चाणक्यादपकृष्टस्य चन्द्रगुप्तस्योद्धरणान्न किंचित्कार्यं पश्यति। [.१. उद्धरेण सौकर्य मवश्यं पश्यति]

राक्षसः—भद्र ! हृताधिकारः साम्प्रतं क्वासौ बटुः?

करभक —तस्मिन्नेव पाटलिपुत्रे प्रतिवसति!

राक्षसः— (सावेगम्) भद्र। तत्रैव प्रतिवसति, न तपोवनं गतः, प्रतिज्ञां वा न पुनः समारूढवान्?

करभक — अमात्य, तपोवनं गमिष्यतीति श्रूयते।

राक्षसः— (सावेगम्) शकटदास! नेदमुपपद्यते। पश्य,देवस्य येन पृथिवीतलवासवस्य,

स्वाग्रासखनापनयननाम् [क्द्य.पनयजा] निकृतिर्न सोढा।

सोऽयं स्वयंकृतनराधिपतेर्मनस्वी

मौर्यात् कथं नु परिभूतिमिमां सहेत?॥११॥

मलयकेतु —सखे भागुरायणरायण, चाणक्यस्य तपोवनगमने पुनः प्रतिज्ञारोहणे वा कास्य स्वार्थसिद्धिः?

भागुरायण—कुमार! नायमत्यन्तदुर्बोधोऽर्थः यावद्यावन्निरपेक्षश्चाणक्यहतकश्चन्द्रगुप्ताद् दूरीभवति तावत् तावदस्य स्वार्थसिद्धिः।

शकटदासः —अमात्य! अलमन्यथा विकल्प्य! एतदुपपद्यत एव। कुतः। पश्यत्वमात्यः।

राज्ञां चूडामणीन्दुद्युतिखचितशिखे मूर्ध्नि विन्यस्तपादः

स्वैरेवोत्पाद्यमानं किमिति विषहते मौर्य आज्ञाविघातम्।

कौटिल्यः कोपनोऽपि स्वयमभिचरणज्ञातदुःखप्रतिज्ञाम्

अनुभूत दैवात् पूर्णप्रतिज्ञः पुनरपि न करोत्यायतिग्लानिभीतः॥१२॥

राक्षसः— सखे शकटदास, एवमेतत्, तद गच्छ, विश्रामय करभकम्।

शकटदासः — यदाज्ञापयत्यमात्य इति (करभकेण सह निष्क्रान्तः)

राक्षसः— अहमपि कुमारं द्रष्टुमिच्छामि।

मलयकेतु — अहमेवार्यं द्रष्टुमागतः।

राक्षसः— (नाट्ये नावलोक्य) अये! कुमार एवागतः। (आसनादुत्थाय) इदमासनमुपवेष्टुमर्हति कुमारः।

मलषकेतु — अहमुपविशामि। उपविशत्वार्यः। (इति यथासनमुपविष्टौ)

मलयकेतु —:आर्य ! अपि सह्या शिरोवेदना?

राक्षसः— कुमारस्याधिराजशब्देनातिरस्कृते कुमारशब्दे, कुतः मे शिरोवेदनायाः सह्यता?

मलषकेतु —स्वयमुरीकृतमेतदार्येण, न दुष्प्रापं भविष्यति। तत् कियन्तं कालमस्माभिरेवं संभृतबलैरपि शत्रुव्यसनमवेक्षमाणैरुदासितव्यम्?

राक्षसः—कुमार ! कुतोऽद्यापि कालहरणस्यावकाशः? प्रतिष्ठस्व विजयाय।

मलयकेतु —अमात्य! अपि शत्रोर्व्यसनमुपलब्धम्?

राक्षसः—बाढमुपलब्धम्।

मलयकेतु — कीदृशम्?

राक्षसः—सचिवव्यसनं। किमन्यत? अपकृष्टश्चाणक्याच्चन्द्रगुप्तः।

मलषकेतु — अमात्य! सचिवव्यसनमव्यसनमेव।

राक्षसः—कुमार! अन्येषां भूपतीनां कदाचिदमात्यव्यसनमव्यसनं स्यात्, न पुनश्चन्द्रगुप्तस्य।

मलषकेतु — आर्य! ननु विशेषतश्चन्द्रगुप्तस्य।

राक्षसः—किं कारणं यदस्यामात्यव्यमनमव्यसनम् ?

मलयकेतु —चन्द्रगुप्तप्रकृतीनां हि चाणक्यदोषा एवापरागहेतवः। तंस्णिश्च निराकृते प्रथममपि चन्द्रगुप्तानुरक्ताः प्रकृतयः संप्रति सुतरामेव तत्रानुरागं दर्शयिष्यन्ति।

राक्षसः— कुमार, नैतदेवम्। ताः खलु द्विप्रकाराः प्रकृतयः, चन्द्रगुप्तसहोत्थायिन्यो नन्दकुलानुरक्ताश्च। तत्र चन्द्रगुप्तसहोत्थायिनीनां प्रकृतीनां चाणक्यदोषा एव विराधगुप्तगहेतवो, न नन्दकुलानुरक्तानाम्। तास्तु खलु नन्दकुलमनेनपितृभूतं कृतघ्नेन घातितमित्य परागामर्षाभ्यां विप्रकृताः सत्यः स्वाश्रयमलभमानाश्चन्द्रगुप्तमेवानुवर्त्तन्ते। त्वादृशं पुनः प्रतिपक्षोद्धरणे

संभाव्य [क.द्य.सम्भावित] शक्तिमभियोक्तारमासाद्य, क्षिपणकमेनं परित्यज्य, त्वामेवाश्रयन्ते इति अत्र निदर्शनं वयमेव।

मलयकेतु — अमात्य, किमेतदेवैकं सचिवव्यसनमभियोगकारणं चन्द्रगुप्तस्य? आहोस्विदन्यदप्यस्ति।

राक्षसः— कुमार, किमन्यैर्बहुभिरपि? एतद्धि तत्र प्रधानतमम्।

मलयकेतु —आर्य कथमिव प्रधानतमम्? किमिदानीं चन्द्रगुप्तः स्वराज्यकार्यधुरामन्यत्र मन्त्रिण्यात्मनि वा समासज्य स्वयं प्रतिविधातुमसमर्थः स्यात्?

राक्षसः— बाढमसमर्थ एव।

मलयकेतु — किं कारणम्?

राक्षसः— स्वायत्तसिद्धिषु उभयायत्तसिद्धिषु वा भूमिपालेषु कदाचिदेतत् सम्भवति। चन्द्रगुप्तस्तु दुरात्मा, नित्यं सचिवायत्तसिद्धावेव स्थितश्चक्षुर्विकल इवाप्रत्यक्षसर्वलोकव्यवहारः कथमिव स्वयं प्रतिविधातुं समर्थः स्यात्? कुतः?

अत्युच्छ्रिते मन्त्रिणि पार्थिवे च विष्टभ्य पादावुपतिष्ठते श्रीः।

सा स्त्रीस्वभावादसहा भरस्य तयोर्द्वयोरेकतरं जहाति॥१३॥

अपिच,

नृपोऽपकृष्टः सचिवात् तदर्पणः[क्द्य.अतन्त्रक,] स्तनंधयोऽत्यन्तशिशुः स्तनादिव।

अदृष्टलोकव्यवहारमूढधीर्मुहर्तमप्युत्सहते न वर्त्तितुम्॥१४॥

मलषकेतु —(आत्मगतम् ) दिष्ट्या न सचिवायत्ततन्त्रोऽस्मि।

(प्रकाशम्) अमात्य! यद्यप्येवं तथापि खलु बहुष्वभियोगकारणेषु सत्सु सचिवव्यसनमभियुञ्जानस्य शत्रुमभियोक्तुर्नैकान्तिकी [v.1एकान्तिकी कार्यः] सिद्धिर्भवतिद्ध

राक्षसः— ऐकान्तिकीमेव सिद्धिमवगन्तुमर्हति कुमारः। कुतः?

त्वय्युत्कृष्टबले ऽभियोक्तरि नृपे नन्दानुरक्ते पुरे,

चाणक्ये चलिताधिकारविमुखे मौर्ये नवे राजनि।

स्वाधीने मयि—। (इत्यर्द्धोक्ते लज्जां नाटयन्)

—मार्गमात्रकथनव्यापारयोगोद्यमे,

त्वद्वाञ्छान्तरितानि संप्रति विभो तिष्ठन्ति साध्यानि नः॥१५॥

मलयकेतु — अमात्य! यद्येवमभियोगकालममात्यः पश्यति, तत् किमास्यते? पश्य,

उत्तुङ्गास्तुङ्गकूलं स्रुतमदसलिलाः प्रस्यन्दिसलिल

श्यामाः श्यामोपकण्ठद्रुममलि [क्व.अति] मुखराःकल्लोलमुखरम्।
स्रोतःखातावसीदत्तटमुरुदशनैरुत्सादिततटाः

शोणं सिन्दूरशोणा मम गजपतयः पास्यन्ति शतशः॥१६॥

अपिच,

गम्भीरगर्जितरवाः स्वमदाम्बुमिश्र

आसारवर्षमिव सीकरमुङ्गिरन्त्यः।

विन्ध्यं विकीर्णसलिला इव मेघमाला

रुन्धन्तु [ क्व. रोत्स्यन्ति] वारणघटा नगरं मदीयाः ॥१७॥

( इति भागुरायणरायणेन सह निष्क्रान्तो मलयकेतुः)

राक्षसः— कः कोऽत्र भोः?

(प्रविश्य) पुरुषः— आज्ञापयतु अमात्यः।

राक्षसः— प्रियंवदक! ज्ञायतां सांवत्सरिकाणां द्वारि कस्तिष्ठति।

प्रियंवदकः— यदमान्य आज्ञापयति। (इति निष्क्रम्य क्षपणकणकं दृष्ट्वा पुनः प्रविश्य च ) अमात्य ! क्षपणकणकः।

राक्षसः— (स्वगतम् अनिमित्तं सूचयित्वा) कथं प्रथममेव क्षपणकणकदर्शनम्?

प्रियंवदकः— जीवसिद्धिः।

राक्षसः—(प्रकाशम्) अबीभत्सदर्शनं कृत्वा प्रवेशय।

प्रियंवदकः— तथा। इति निष्कान्तः।

(ततः प्रविशति क्षपणकणकः)

क्षपणक—शासनमर्हतां प्रतिपद्यध्वं मोहव्याधिवैद्यानाम्।

ये प्रथम [क्व. मुहूर्त ] मात्रकटुकं पश्चात् पथ्यमुपदिशन्ति ॥१८॥

(उपसृत्य) धर्मसिद्धिर्भवतु श्रावकानाम्

राक्षसः— भदन्त, निरूप्यतां तावदस्माकं प्रस्थानदिवसः।

क्षपणक— (नाटयेन चिन्तयित्वा) श्रावक! निरूपिता मया आ मध्याह्नान् निवृत्तसर्वकल्याणा [क.१ निवृत्तसकलदोषा निवृत्तसप्तशकला ॣ निवृत्तसप्तमकरणा ॣ निवृत्तसप्तमकलादोषा] तिथिः सम्पूर्णचन्द्रा पौर्णमासी, पुष्माकमुत्तरस्या दिशो दक्षिणां दिशं प्रस्थितानां अदक्षिणनक्षत्रम् [क्व.दक्षिणद्वारिकं] अपिच,

अस्ताभिमुखे सूरे उदिते सपूर्णमण्डले चन्द्रे॥

गमनं [ v. l.ग्रहपति] बुधस्य लग्ने, उदितास्तमिते च केतौ ॥१९॥

राक्षसः— भदन्त, तिथिरेव तावन्न शुद्ध्यति।

क्षपणक— (नाटयेन चिन्तयित्वा) श्रावक

एकगुणा भवति तिथिश्चतुर्गुणं भवति नक्षत्रम्।

चतुःषष्टिगुणं लग्नं, एष ज्योतिषतन्त्रसिद्धार्थःन्तः॥२०॥

लग्नं भवति सुलग्नं सौम्ये ग्रहे यद्यपि दुर्लग्नम्

वहसि दीर्घां सिद्धिं [ क.ढ्ढ प्राप्नोति दीर्घमायुः] चन्द्रस्य बलेन गच्छन्॥२१॥

राक्षसः— भदन्त! अपरैः सांवत्सरिकैः सह संवाद्यताम्।

क्षपणक— संवादयतु श्रावकः। अहं पुनर्गमिष्यामि।

राक्षसः— न खलु कुपितो भदन्तः।

क्षपणक—न कुपितो युष्माकं भदन्तः।

राक्षसः—कस्तर्हि ?

क्षपणक— (स्वगतम्) भगवान् कृतान्तः। यद् आत्मनः पक्षं उज्झित्वा परपक्षं प्रमाणीकरोषि।

(इति निष्क्रान्तः क्षपणकणकः)

राक्षसः— प्रियंवदक, ज्ञायतां का वेला वर्त्तत इति।

प्रियंवदक — यदमात्य आज्ञापयति। (निष्क्रम्य पुनः प्रविश्य च) अस्ताभिलाषी भगवान्सूर्यः।

राक्षसः— (आसनादुत्थाय विलोक्य च) अये अस्ताभिलाषी भगवान् सहस्रदीधितिः। तथाहि—

आविर्भूतानुरागाः क्षणमुदयगिरेरुज्जिहानस्य भानोः

पत्रच्छायैः पुरस्तादुपवनतरवो दूरमाश्वेव गत्वा।

एते तस्मिन् निवृत्ताः पुनरितरककुप् [क्द्य.गिरि] प्रान्तपर्यस्तबिम्बे

प्रायो भृत्यास्त्यजन्ति प्रचलितविभवं स्वामिनं सेवमानाः॥२२॥

(इति निष्क्रान्ताः सर्वे)

**इति चतुर्थोऽङ्कः।**

**ચોથો અંક**

*(ત્યારબાદ મુસાફરના પોશાક પહેરેલો એક માણસ પ્રવેશ કરે છે.)*

*પુરુષ: આશ્ચર્ય! આ આશ્ચર્યજનક છે!! જો અસ્થાન જગ્યાએ જવા માટે સ્વામીની પરવાનગી ન હોય, તો દુનિયામાં કોણ એવો માણસ છે કે જે સેંકડો યોજનાથી વધુ અંતર કાપવા તૈયાર થશે? ૧॥*

*ઠીક છે તો પછી હું મંત્રી રાક્ષસના ઘરે જઉં. (થાકેલા દેખાતા, ફરતા) ઓહો! અહીં દ્વાર પર કોણ ચોકીદાર છે? અમારા અમાત્ય રાક્ષસને નિવેદન કરો કે કરભક નામનો વ્યક્તિ પાટલીપુત્રથી કોઈ કામ માટે આવ્યો છે.*

*દૌવારિક : (આવતા) શ્રેષ્ઠ! મોટેથી બોલીશો.નહીં. આપણા અમાત્ય રાક્ષસના કામની ચિંતાને કારણે ઊંઘ ન આવવાને કારણે માથાનો દુખાવો સહન કરી રહ્યા છે અને હજુ સુધી જાગ્યા નથી. થોડી રાહ જુઓ; તક મળતાં જ હું તમને તમારા આગમનની જાણ કરીશ.*

*કરભક – હે ભદ્રમુખ! તમને જે યોગ્ય લાગે તે કરો.*

*(પછી શયનખંડમાં આસન પર બેઠેલો ચિંતિત રાક્ષસ શકટદાસ સાથે પ્રવેશ કરે છે.)*

*રાક્ષસ: (સ્વગત) કાર્યના શરૂઆતથી જ ભાગ્ય મારી વિરુદ્ધ જઈ રહ્યું છે તેવો વિચાર કરતા અને કૌટિલ્યની કુટિલમતિનું ચિંતન કરતાં અને મારા કાર્યોમાં સતત નિષ્ફળતા પ્રાપ્ત થતાં 'આ કેવી રીતે થયું' આવું વિચારવાનાં કારણે આખી રાત સતત જાગતા વ્યતીત થઈ રહી છે, આખી રાત ઊંઘી શકતા નથી. ૨ ॥*

*અને પણ:*

*શરૂઆતમાં, નાના કાર્યનો ઉપક્ષેપ કરી, તેનો વિસ્તૃત કરવાની ઈચ્છા રાખતો, એક રાજકારણી, રહસ્યમય અને ગૂઢ શોધતી વખતે, પોતાની બુદ્ધિથી વિચારઃવિમર્શ કરતાં અને વસ્તરેલ કાર્યકલાપને સંકેલી લેતા, અમારા જેવા કષ્ટોનું અનુભવ કરે છે. ૩ ॥*

*તો પણ દુરાત્મા ચાણક્ય બટુ*

*(આગળ વધીને)*

*દૌવારિક: જય થાઓ.*

*રાક્ષસ: વશમાં કરવો શક્ય થાય.*

*દૌવારિક: અમાત્ય!*

*રાક્ષસ : (ડાબી આંખનું ફરકવું સૂચવીને, સ્વગત) દુષ્ટ ચાણક્યનો જય થાઓ. 'અમાત્યને નિયંત્રિત કરી શકાય છે', આ વાગીશ્વરી સરસ્વતી દેવી ડાબી આંખ ફરકવાના પ્રસંગ અનુસાર આ ઘટના વિશે સૂચન આપી રહી છે. છતાં, આ સાહસ છોડી દેવું જોઈએ નહીં. (પ્રકટ) અમાત્ય! તમે કંઈક કહેવા માંગો છો?*

*દૌવારિક : અમાત્ય! પાટલીપુત્ર નગરીથી કરભક આવ્યો છે અને તમને મળવા માંગે છે.*

*રાક્ષસ : તેને શીઘ્ર પ્રવેશાવો.*

*દૌવારિક : આદેશ મુજબ. (આમ બહાર આવીને કરભક પાસે જઈને) ભદ્ર! અમાત્ય બેઠા છે. તો, તેમની પાસે જાઓ. (આમ કહીને, દૌવારિક ત્યાંથી નીકળી જાય છે).*

*કરભક : (રાક્ષસ પાસે જઈને) જય થાઓ, અમાત્યની જય થાઓ.*

*રાક્ષસ : (નાટકીય રીતે જોઈને) ભદ્ર કરભક! તમારું સ્વાગત છે. બેસો.*

*કરભક – અમાત્યની જેવી આજ્ઞા. (આટલું કહીને તે જમીન પર બેસી ગયો.)*

*રાક્ષસ : (સ્વગત) આ જાસૂસને કયા હેતુ માટે નિયુક્ત કરવામાં આવ્યો હતો? કામના વધારે પડતા કારણે મને તે યાદ નથી. (વિચારવાનો અભિનય કરે છે).*

*(પછી બીજો માણસ હાથમાં લાકડી લઈને અંદર આવે છે.)*

*પુરુષ – લોકો! આઘા ખસો, ખસી જાઓ. દૂર જાઓ!! તમને શું દેખાતું નથી?*

*દુર્ભાગ્યશાળી માણસો માટે સુવર્ણ મેરુ પર્વત પર રહેતા દેવતાઓ જેવા રાજાઓની એક ઝલક પણ મેળવવી મુશ્કેલ છે, તેમની નજીક જવાની તો વાત જ છોડી દો. ૪ ॥*

*(આકાશમાં) આર્યો! તમે શું કહો છો? કયા કારણોસર તેને ભગાડી મૂકવામાં આવી રહ્યો છે? આર્યો! વાસ્તવમાં, આ રાજકુમાર મલયકેતુ અહીં અમાત્ય રાક્ષસને જોવા આવ્યા છે, જે માથામાં દુખાવાથી પીડાઈ રહ્યા છે. એટલા માટે લોકોને ભગાડવામાં આવી રહ્યા છે. (આટલું કહીને તે માણસ ત્યાંથી ચાલ્યો જાય છે.)*

*(ત્યારબાદ મલયકેતુ ભાગુરાયણ અને કંચુકી સાથે પ્રવેશ કરે છે.)*

*મલયકેતુ : (નિશ્વાસ, સ્વગત) આજે પિતાના અવસાનને દસમો મહિનો થઈ ગયો છે અને બિનજરૂરી અભિમાનને કારણે અમે તેમને પાણીની અંજલિ પણ આપી નથી. અથવા તે પહેલાથી જ પ્રતિજ્ઞા લીધી હતી કેઃ*

*મારી માતાને શોકમાં છાતી કૂટવાથી રત્નોના પડી ગયેલા, ઉપરનું વસ્ત્ર સરી પડે હાય હાય એમ કરુણ ક્રન્દનની વેદનાથી રડતા આવેજો નીકળે અને માટીની ધૂળથી ખરડાયેલી હોય, આવા શોકથી થયેલ દશા હવે શત્રુઓની પત્નિઓની કરીને હું, મલયકેતુ, મારા પિતાને મારા અંતિમ નિવાપાંજલિ આપું. ૫ ॥*

*હવે ઘણું બધું કહેવાથી શું?*

*મારે મારા પિતાના માર્ગે ચાલીને એક વીર માણસની જેમ ભાર ઉઠાવવો જોઈએ અને યુદ્ધના મેદાનમાં મરવું જોઈએ, અથવા મારે મારી માતાની આંખોના આંસુઓથી દુશ્મન પત્નીઓની આંખો ઢાંકવી જોઈએ અને મારી માતાઓના આંસુ લૂછવા જોઈએ. ૬ ॥*

*(સ્પષ્ટપણે) આર્ય જાજલે! મારા આદેશથી, મારા અનુયાયી રાજાઓને કહે કે હું (મલયકેતુ) એકલો જ કોઈ પણ દલીલ વિના અમાત્ય રાક્ષસને પ્રત્યે પ્રેમ રાખવા તૈયાર છું. તો કૃપા કરીને તમે બધા માંરુ અનુકરણ કરવાની તસ્દી ન લો.*

*કંચુકી : રાજકુમારના આદેશ મુજબ. (આસપાસ ફરીને આકાશ તરફ જોઈને) હે, હે રાજાઓ! કુમાર આદેશ આપી રહ્યા છે કે 'ખરેખર કોઈએ મારું પાલન ન કરવું જોઈએ'. (ખુશીથી જોઈને) કુમાર! કુમાર !! તમારો હુકમ સાંભળીને બધા રાજાઓ પાછા ફર્યા છે. રાજકુમાર, તે જુઓ...*

*કેટલાક રાજાઓએ પોતાના ઘોડાઓને ખૂબ જ ઝડપથી લગામ ખેંચાવાને કારણે, અત્યંત નમેલી અને ઊંચી ડોકવાળા, અશ્વોને કેટલાકે અટકાવી દીધા છે. જાણે કે પોતાના ખુરથી આગળ આકાશ તોડી રહ્યા હોય, અને કેટલાક રાજાઓએ ખૂબ જ ઉતાવળમાં, ઘંટના અવાજથી પોતાના મુખ્ય હાથીઓને પાછળ ફેરવી દીધા છે. રાજા! મહાસાગરોની જેમ, રાજાઓ તમારી મર્યાદાઓનું ઉલ્લંઘન કરી રહ્યા નથી. ૭ ॥*

*મલયકેતુ : આર્ય જાજલે! તમારે પણ તમારા પરિવાર સાથે પાછા ફરવું જોઈએ. ભાગુરાયણ એકલો મારી સાથે આવે.*

*કંચુકી : જેવી આજ્ઞા કુમાર. (આટલું કહીને તે તેના પરિવાર સાથે નીકળી જાય છે.)*

*મલયકેતુ : મિત્ર ભાગુરાયણ! ભદ્રભટ્ટ જેવા લોકોએ મને જાણ કરી છે કે અમે અમાત્ય રાક્ષસ દ્વારા આશ્રયને પાત્ર કુમારનો આશ્રય લેતા નથી પણ કુમારના સેનાપતિ શિખરસેન દ્વારા દુષ્ટ મંત્રીના વશમાં રહેતા રહેતા ચન્દ્રગુપ્તથી અસંતુષ્ટ અમે મનોહર ગુણોને કારણે આશ્રય લેવા યોગ્ય કુમારનો અમે આશ્રય લઈએ છીએ. ઘણા સમય સુધી વિચાર કર્યા પછી પણ હું આ વાક્યનો અર્થ સમજી શક્યો નથી.*

*ભાગુરાયણ : કુમાર! આ વાક્યનો અર્થ સમજવો બહુ મુશ્કેલ નથી. જુઓ : જે રાજા જીતવા માંગે છે અને સારા ગુણોથી ભરેલો છે તેણે પોતાના પ્રિય શુભેચ્છક દ્વારા આવા લાયક રાજાનો આશ્રય લેવો જોઈએ. હકીકતમાં, આ જ ન્યાય છે.*

*મલયકેતુ : મારા મિત્ર, ભાગુરાયણ ! હકીકતમાં, આપણો અમાત્ય રાક્ષસ સૌથી પ્રિય અને હિતેચ્છુ છે.*

*ભાગુરાયણ : કુમાર! તે એવું જ છે. પણ અમાત્ય રાક્ષસની દુશ્મની ચાણક્ય સાથે છે, ચંદ્રગુપ્ત સાથે નહીં. તો જો સંયોગથી ચંદ્રગુપ્ત ચાણક્યના અતિશય અભિમાનને સહન ન કરી શક્યા અને તેમને મંત્રી પદ પરથી દૂર કર્યા, તો નંદ કુળ પ્રત્યેની ભક્તિને કારણે અને પોતાના મિત્રોને ધ્યાનમાં રાખીને 'આ પણ નંદ પરિવાર છે' એમ વિચારીને અમાત્ય રાક્ષસે ચંદ્રગુપ્ત સાથે સંધિ કરવી જોઈએ. ચંદ્રગુપ્તે પણ સંધિને સમર્થન આપ્યું હતું કે 'આ પૂર્વજોની પરંપરાથી ચાલી આવે છે'. જો આવું થશે, તો કુમાર આપણા લોકો પર વિશ્વાસ કરશે નહીં : આ તેમના વાક્યનો અર્થ છે.*

*મલયકેતુ : ઠીક છે, મને અમાત્ય રાક્ષસના ઘરનો રસ્તો બતાવો.*

ભાગુરાયણ : આ તરફ આવો કુમાર! અહીંથી. (આટલું કહીને બંને ચાલવા લાગે છે) કુમાર! આ અમાત્ય રાક્ષસનું ઘર છે. કુમાર પ્રવેશ કરો.

મલયકેતુ : હું અહીં પ્રવેશી રહ્યો છું. (આમ બંને અંદર આવવાનો અભિનય કરે છે.)

રાક્ષસ : (મનમાં) ઓહ! મને યાદ આવ્યું. (પ્રકટ) ભદ્ર! શું તમે પાટલીપુત્રમાં સ્તનકલ્શ નામનો વૈતાલિકા જોયો?

કરભક : અમાત્ય! બીજું શું?

મલયકેતુ – મિત્ર ભાગુરાયણ! કુસુમપુરની વૃત્તાન્ત રજૂ કરવામાં આવી રહ્યો છે, તેથી આપણે બંનેએ નજીક ગયા વિના અહીંથી સાંભળવું જોઈએ. કારણ કે :

મંત્રીઓ પોતાના માનભંગ થવાના ડરથી રાજા સમક્ષ અલગ રીતે વાત કરે છે, પરંતુ એકબીજા સાથે મુક્ત વાતચીતમાં તેઓ તેજ વાતો અલગ રીતે કરે છે. ૮ ॥

ભાગુરાયણ – રાજકુમારની જેવી આજ્ઞા.

રાક્ષસઃ સજ્જન! શું એ કાર્ય પૂરું થયું?

કરભક : અમાત્યની કૃપાથી સફળ થયું.

મલયકેતુ : મિત્ર ભાગુરાયણ! એ કામ શું છે?

ભાગુરાયણઃ કુમાર! હકીકતમાં મંત્રીના વૃત્તાન્તો અત્યન્ત ગહન હોય છે. આ રીતે તે નક્કી કરી શકાતું નથી. તો ધ્યાનથી સાંભળો.

રાક્ષસ : સજ્જન! હું તેને વિગતવાર સાંભળવા માંગુ છું.

કરભક : અમાત્ય સાંભળો, અમાત્ય (તમે) મને આદેશ આપ્યો હતો કે કરભક! કુસુમપુર જાઓ અને મારી પરવાનગીથી વૈતાલિક સ્તનકલ્શાને કહો કે દુષ્ટ મનના ચાણક્ય દ્વારા આપવામાં આવેલા બધા આદેશોના ઉલ્લંઘનના પ્રસંગોએ પ્રેરણાદાયક શ્લોકો સાથે ચંદ્રગુપ્તની પ્રશંસા કરે.

રાક્ષસ : પછી શું થયું?

કરભકઃ ત્યારબાદ મેં તમારો સંદેશ સ્તાનકલ્શા વૈતાલિકને પહોંચાડ્યો.

રાક્ષસ : પછી શું થયું?

કરભકઃ આ દરમિયાન, નંદ કુળના વિનાશથી દુઃખી નગરના નાગરિકોને સંતોષ આપવા માટે, ચંદ્રગુપ્તે કુસુમપુરમાં કૌમુદી મહોત્સવની ઉજવણીની ઘોષણા કરી. તે તહેવાર પણ, લાંબા સમયથી ઉજવવામાં આવતો હતો, નગરના રહેવાસીઓ દ્વારા ખૂબ જ આદર આપવામાં આવતો હતો, પ્રેમથી ભરેલો હતો અને પ્રિયજનોના મિલન જેવો હતો, જે સંતોષ ઉત્પન્ન કરતો હતો.

રાક્ષસ : (આંખોમાં આંસુ સાથે) હા દેવ નંદ!

હે રાજચંદ્ર! ચંદ્રની હાજરીમાં પણ, જે કુમુદના પુષ્પોને આનંદદાયક બનાવે છે, તમારા વિના, જે જગતનો આનંદ છે તે કૌમુદી (કૌમુદી મહોત્સવ) તમારા વિના નિરર્થક છે. ૯ ॥

સજ્જન! તે પછી શું થયું?

કરભક : અમાત્ય! ત્યારબાદ, લોકોની આંખોમાં આનંદ લાવનાર કૌમુદી મહોત્સવને ચંદ્રગુપ્તની અનિચ્છા છતાં દુષ્ટ ચાણક્યએ અટકાવી દીધો. દરમિયાન, ચંદ્રગુપ્તને ઉશ્કેરણી કરે તેવો શ્લોક પ્રણાલી સ્તનકલ્શ નામના વૈતાલિકે શરૂ કરી.

રાક્ષસ : તે કેવા પ્રકારની પ્રણાલી હતી?

રાક્ષસ : (આનંદથી) ધન્ય થાઓ સ્તનકળશ! તમે ધન્ય છો. તમે યોગ્ય સમયે રહસ્યનું બીજ વાવ્યું છે, જે ચોક્કસ ફળ આપશે. કારણ કે :

એક સામાન્ય વ્યક્તિ પણ પોતાના મનોરંજનમાં વિક્ષેપ સહન કરી શકતો નથી, તો પછી પૃથ્વીપતિ, જેમની પાસે અલૌકિક તેજ છે, તે શા માટે સહન કરશે? ૧૦ ॥

મલયકેતુ : એમજ છે.

રાક્ષસ : પછી શું થયું?

કરભકઃ પછી ચંદ્રગુપ્ત, અવજ્ઞાથી નારાજ થઈને, લાંબા સમય સુધી તમારા ગુણોની પ્રશંસા કરી અને દુરાત્મા ચાણક્યને મંત્રી પદથી દૂર કર્યા.

મલયકેતુ : હે ભાગુરાયણ મિત્ર! ચંદ્રગુપ્તે રાક્ષસના ગુણોની પ્રશંસા કરીને તેના પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કર્યો.

ભાગુરાયણ : ગુણોની પ્રશંસા કરીને તેટલો નહીં, ચંદ્રગુપ્તે ચાણક્યને મંત્રી પદભ્રષ્ટ કર્યો.

રાક્ષસ : સજ્જન! શું કૌમુદી મહોત્સવ પર પ્રતિબંધ એ જ ચંદ્રગુપ્તના ચાણક્ય પ્રત્યેના ગુસ્સાનું એકમાત્ર કારણ છે કે બીજું કોઈ કારણ પણ છે?

મલયકેતુ : મારા મિત્ર, ભાગુરાયણ! ચંદ્રગુપ્તના ક્રોધના અન્ય કારણો શોધવાથી રાક્ષસને શું ફાયદો દેખાય છે?

ભાગુરાયણ : કુમાર! તેણે આ ફાયદો જોયો હશે કે : 'ચાણક્ય ખૂબ જ બુદ્ધિશાળી છે, તે ચંદ્રગુપ્તને નિરર્થક રીતે કેમ ગુસ્સે કરશે?' અને ચંદ્રગુપ્ત પણ આભારી છે, તે પણ આવા નાના કારણોસર પોતાના ગૌરવ સાથે સમાધાન કરશે નહીં. દરેક બાબતમાં, મહાન કારણસર ચંદ્રગુપ્ત અને ચાણક્ય વચ્ચે જે તફાવત સર્જાશે તે કાયમ માટે કાયમી રહેશે.

કરભક : અમાત્ય! ચંદ્રગુપ્તનું ચાણક્ય પર ગુસ્સે થવાનું બીજું એક કારણ પણ છે.

રાક્ષસ : શું, શું?

કરભક : સૌ પ્રથમ ચાણક્યએ કુમાર મલયકેતુ અને મંત્રી રાક્ષસની અવગણના કરી.

રાક્ષસ : (ખુશીથી) મિત્ર શકટદાસ! હવે ચંદ્રગુપ્ત મારી મુઠ્ઠીમાં આવી જશે. હવે ચંદનદાસ બંધનમાંથી મુક્ત થશે અને તમે તમારી પત્ની અને પુત્ર વગેરે સાથે ફરી મળશો અને જીવસિદ્ધિ જેવા લોકો પણ તેમના દુઃખોમાંથી મુક્ત થશે.

ભાગુરાયણ : (મનમાં) શું જીવ સિદ્ધિનું દુઃખ ખરેખર સમાપ્ત થઈ ગયું છે?

મલયકેતુ : મિત્ર ભાગુરાયણ! 'હવે ચંદ્રગુપ્ત મારા હાથમાં આવશે' એમ કહેવાનો તમારો શું અભિપ્રાય છે?

ભાગુરાયણ : બીજું શું? ચાણક્યથી અલગ થયેલા ચંદ્રગુપ્તના વિનાશને કારણે તેમને ચોક્કસપણે કોઈ કાર્યવાહી દેખાતી નથી.

રાક્ષસ : સજ્જન! શક્તિ છીનવી લીધા પછી તે દુષ્ટ આત્મા હવે ક્યાં છે?

કરભક : તે પાટલીપુત્રમાં રહે છે.

રાક્ષસ : (આવેગથી) ભદ્ર! શું તે હજુ પણ પાટલીપુત્રમાં રહે છે, શું તે તપોવન ગયો કે પછી તેણે ફરીથી કોઈ પ્રતિજ્ઞા લીધી?

કરભક : અમાત્ય! તપોવન જશે આવું સાંભળવામાં આવ્યું છે.

રાક્ષસ : (આવેગથી) શકટદાસ! એવું નથી લાગતું! જુઓ :

જે ચાણક્ય મહારાજા નંદ દ્વારા કરવામાં આવેલ અપમાન સહન ન કરી શક્યા, જે પૃથ્વીના ઈન્દ્ર જેવા હતા, તેમને તેમના શ્રેષ્ઠ પદ પરથી દૂર કરી દીધા, તે આટલો સ્વાભિમાની ચાણક્ય તેમના દ્વારા સર્જાયેલા જુલમીઓના રાજા ચંદ્રગુપ્તનું આ અપમાન કેવી રીતે સહન કરી શકે? 11 ॥

મલયકેતુ : મારા મિત્ર, ભાગુરાયણ! ચાણક્યના આશ્રમમાં જઈને કે બીજું વ્રત લઈને રાક્ષસ કયો સ્વાર્થ સિદ્ધ કરશે?

ભાગુરાયણ : કુમાર! આ સમજવું બહુ મુશ્કેલ નથી. જ્યારે પણ ચાણક્ય દુષ્ટ ચંદ્રગુપ્તથી અલગ રહેશે, ત્યારે રાક્ષસની સ્વાર્થી ઈચ્છાઓ પૂર્ણ થશે.

શકટદાસ : અમાત્ય! વધારે પડતી શંકા રાખવી નકામી છે. ચોક્કસ એવું લાગે છે. કારણ કે અમાત્યએ પોતે તે જોવું જોઈએ:

ચૂડામણિ ચંદ્ર જેવા તેજથી ચમકતા રાજાઓના માથા પર પગ મૂકનાર મૌર્ય શું પોતાના જ અનુયાયીઓના દ્વારા અવજ્ઞા સહન કરી શકતો હતો? કૌટિલ્ય ગુસ્સાવાળો હોવા છતાં અભિચારમાં મુશ્કેલીનો સામનો કર્યો હોવા છતાં નસીબજોગે પ્રતિજ્ઞાને પૂરી કરી હોવાથી ભવિષ્યની નિષ્ફળતાથી ડરતો તે ફરીથી પ્રતિજ્ઞા નહીં લે. ૧૨ ॥

રાક્ષસ : મિત્ર શકટદાસ! તેમજ છે, જાઓ અને કરભક માટે આરામ કરવાની વ્યવસ્થા કરો.

શકટદાસ : મહારાજના આદેશ મુજબ. (આમ કહીને તે કરભક સાથે નીકળી જાય છે.)

*રાક્ષસ : મારે પણ કુમારને જોવો છે.*

*મલયકેતુ : (પાસં જઈને) હું જ પોતે આર્યને મળવા આવ્યો છું.*

*રાક્ષસ : (નાટકીય રીતે જોઈને) અરે! કુમાર આવી ગયો! (આસનથી ઉભા થઈને) આ આસન છે, કૃપા કરીને બેસો કુમાર.*

*મલયકેતુ : હું બેસું છું. આર્યા બેસો. (આટલું કહીને, બંને પોતપોતાના આસન પર બેસી ગયા. આર્યા! શું માથાનો દુખાવો ઓછો થઈ ગયો?*

*રાક્ષસ : જ્યાં સુધી કુમારના 'અધિરાજ' નું બિરુદ ન મળે ત્યાં સુધી માથામાં દુખાવો કેવી રીતે હળવો કરી શકાય?*

*મલયકેતુ : આર્ય દ્વારા સ્વીકારાયેલ કંઈપણ દુર્લભ નહીં હોય. તેથી, આટલા શક્તિશાળી હોવા છતાં, શત્રુ પરની આફતની રાહ જોતા રહીશું?*

*રાક્ષસ : હે કુમાર! હવે મોડું કરવાનો સમય ક્યાં છે? દુશ્મન પર વિજય મેળવવા જાઓ.*

*મલયકેતુ : આર્ય! શું તમને શત્રુ તરફથી કોઈ આપત્તિ આવી છે?*

*રાક્ષસ : હા, આવી છે.*

*મલયકેતુ : કેવી રીતે?*

*રાક્ષસ : બીજું શું! મંત્રી આપત્તિ, ચંદ્રગુપ્ત ચાણક્યથી અલગ થઈ જાય.*

*મલયકેતુ : અમાત્ય! મંત્રી વ્યસન જ કેમ ?*

*રાક્ષસ : હે કુમાર! અન્ય રાજાઓ માટે મંત્રીપદની કટોકટી ન હોઈ શકે, પરંતુ ચંદ્રગુપ્ત સાથે આવું નહોતું.*

*મલયકેતુ : આર્ય! એમ કહીએ કે મંત્રીપદની કટોકટી ખાસ કરીને ચંદ્રગુપ્ત માટે કોઈ સમસ્યા નહીં હોય.*

*રાક્ષસ : ચંદ્રગુપ્ત માટે મંત્રીપદની કટોકટી સમસ્યા ન બને તેનું કારણ શું છે?*

*મલયકેતુ : કારણ કે ચંદ્રગુપ્તના લોકોમાં રસ ન લેવા માટે ચાણક્ય જવાબદાર છે. પહેલાં પણ, જ્યારે ચાણક્યને દૂર કરવામાં આવ્યા હતા, ત્યારે લોકો ચંદ્રગુપ્ત પ્રત્યે પ્રેમ રાખતા હતા અને હવે ફરીથી તેઓ ચંદ્રગુપ્ત પ્રત્યે પોતાનો પ્રેમ દર્શાવતા રહેશે.*

*રાક્ષસ : હે કુમાર! એવું નથી. બે પ્રકારના લોકો હોય છે : કેટલાક ચંદ્રગુપ્તને પ્રેમ કરે છે અને કેટલાક નંદ વંશને પ્રેમ કરે છે. એમાં, ચંદ્રગુપ્તને પ્રેમ કરતા લોકોનું અરુચિનું કારણ ચાણક્યના દુષ્ટ કાર્યો છે, નંદ વંશને પ્રેમ કરતા લોકોના દોષો નથી. નંદ વંશના અનુયાયીઓ તો ખરેખર, પિતારૂપ બનેલા નન્દકુળને આપણે હણ્યું એમ નારાજગી અને ગુસ્સાથી વિરોધી બનેલી તે પોતાનો આશ્રેય ન મેળવતાં ચન્દ્રગુપ્તને અનુસરી રહી છે. ફરીથી શત્રુને ઉખેડી નાખવામાં આદરપાત્ર શક્તિ ધરાવનાર, તમારા જેવા*

*યોદ્ધાને મેળવી, જલ્દી એને ત્યજી તમારો આશ્રય લેશે. આપણે પોતે આ બાબતમાં પુરાવા છીએ.*

*મલયકેતુ* **:** *અમાત્ય! શું ચંદ્રગુપ્ત પર હુમલો કરવા પાછળનું આ એકમાત્ર કારણ હતું, મંત્રીપદનું સંકટ કે બીજું કોઈ કારણ હતું?*

*રાક્ષસ* **:** *કુમાર! બીજા ઘણા કારણો વિશે શું? આ સૌથી મહત્ત્વપૂર્ણ કારણ છે.*

*મલયકેતુ* **:** *અમાત્ય! મુખ્ય કારણ શું છે? શું ચંદ્રગુપ્ત આ સમયે પોતાના રાજ્યની જવાબદારી બીજા કોઈ મંત્રી પર કે પોતાના પર નાખીને જવાબ આપવા સક્ષમ નથી?*

*રાક્ષસ* **:** *હા, તે અસમર્થ છે.*

*મલયકેતુ* **:** *કારણ શું છે?*

*રાક્ષસ* **:** *આ એવા રાજાઓના કિસ્સામાં શક્ય છે જેઓ પોતે રાજ્ય પર શાસન કરે છે અથવા એવા રાજાઓ જે રાજા અને મંત્રી બંને દ્વારા રાજ્ય પર શાસન કરે છે, પરંતુ ચંદ્રગુપ્તના કિસ્સામાં તે શક્ય નથી. ચંદ્રગુપ્ત, જે હંમેશા પોતાના મંત્રીઓના નિયંત્રણમાં રહે છે અને કોઈ પણ રીતે સામાજિક વ્યવહાર કરવામાં અસમર્થ હોય છે, તે પોતાની મેળે બદલો કેવી રીતે લઈ શકે? કારણ કે* **:**

*રાજ્યલક્ષ્મી ખૂબ જ ઉન્નત (બુદ્ધિશાળી) મંત્રી અને રાજા બંને પર પગ રાખીને શોભિત દેખાય છે. પોતાના સ્ત્રી સ્વભાવને કારણે, ચંચળ રાજ્યશ્રી રાજ્ય અને મંત્રીઓ બંનેનો ભાર સહન કરવામાં અસમર્થ હોવાથી, તેમાંથી એક (રાજા અને મંત્રી) ને છોડી દે છે.* 13 ॥

*અને* **:**

*એક મંદબુદ્ધિવાળો રાજા જે પોતાના મંત્રીના નિયંત્રણમાં હોય છે અને જેને સામાજિક આચારનું કોઈ જ્ઞાન નથી, તે પોતાના મંત્રીથી અલગ થઈને એક ક્ષણ માટે પણ શાંત રહી શકતો નથી, જેમ એક દૂધ પીતું બાળક તેની માતાના સ્તનથી અલગ થઈને એક ક્ષણ માટે પણ શાંત રહી શકતો નથી.* 14 ॥

*મલયકેતુ* **:** *(સ્વગત) સદનસીબે, હું પણ એવો વ્યક્તિ નથી જે રાજ્યને મંત્રીઓ પર નિર્ભર બનાવે છે. (પ્રકટ) મંત્રી! જોકે આ સાચું છે, છતાં ચોક્કસપણે, આરોપ લગાવવાના ઘણા કારણો હોવા છતાં, સચિવની મુશ્કેલી પર હુમલો કરનાર વ્યક્તિની સફળતા નિશ્ચિત નથી.*

*રાક્ષસ* **:** *રાજકુમારે ચોક્કસપણે સમજવું જોઈએ કે કાર્ય પૂર્ણ થઈ ગયું છે. કારણ કે* **:**

*હે રાજા! હવે, જ્યારે ઉત્તમ બળશાળી અને પરાક્રમી યોદ્ધા રાજા હોય, નગર નન્દ તરફ ભક્તિ રાખનારું હોય, ચાણક્ય પદભ્રષ્ટ થઈ વિમુખ હોય, મૌર્ય રાજા તરીકે નવોસવો હોય, મારે આધીન (અર્ધું બોલી, લજ્જાનો અભિનય કરી) અને જ્યારે તમે ફક્ત મને માર્ગદર્શન આપવાનો પ્રયાસ કરો છો, ત્યારે આપણા બધા ઈચ્છિત*

*પરિણામો જેમ કે આપણા દુશ્મનોનો નાશ, વિજય પ્રાપ્તિ વગેરે ફક્ત તમારી ઈચ્છા પર આધારિત થઈ જાય છે.* 15 ॥

*મલયકેતુ : અમાત્ય! જો તમે આ રીતે કાર્યવાહી (હુમલો) નો સમય જુઓ છો તો તમે શા માટે વિલંબ કરી રહ્યા છો? જુઓ :*

*આપણા સેંકડો વિશાળ હાથીઓ, જેમનું મદજળ વહે છે અને જેઓ કાળા ભમરાઓથી ઘેરાયેલા છે, અમૃતની સુગંધ માણી રહ્યા છે, વિશાળ દાંતથી નદીના કિનારાને ફાડી નાખતા, જે લાલ સિંદૂરના લેપથી શણગારેલ છે, જેનો કિનારાઓ ઉંચો છે, વહેતા પાણીથી ભરેલો છે, જેના કિનારે લીલા વૃક્ષો ઉભા છે, જેના મોજાઓનો અવાજ બધી દિશામાં ગુંજતો છે અને જે પ્રવાહના ધોવાણથી તેના કિનારાઓનો નાશ કરી રહી છે.* 16 ॥

*અને પણ:*

*જોરથી ગર્જના કરતી ધ્વનિ, મદજળ મિશ્રિત જલકણો દ્વારા વર્ષાની જેમ છંટકારતી, વિંધ્ય પર વાદળોની માલા સમાન આપણી હાથીઓની સેના, કુસુમપુરને ઘેરી લે.* 17 ॥

*(આમ કહીને, મલયકેતુ ભાગુરાયણ સાથે નીકળી જાય છે.)*

*રાક્ષસ: અરે! અહીં કોણ છે?*

*પુરુષ : (પ્રવેશીને) અમાત્ય, આજ્ઞા આપો.*

*રાક્ષસ : પ્રિયંવદક! જો તો દ્વાર પર કોણ જ્યોતિષી આવ્યો છે?*

*પ્રિયંવદક – અમાત્યની જેવી આજ્ઞા (આમ કહીને, તે બહાર જાય છે, ક્ષપણકને જુએ છે અને ફરીથી પ્રવેશ કરે છે) અમાત્ય! હકીકતમાં આ એક જ્યોતિષી છે.*

*રાક્ષસ : (દુષ્ટ સમાચાર જાણીને મનમાં) શું મારે પહેલા ક્ષપણકને મળવું જોઈએ?*

*પ્રિયંવદક : જીવસિદ્ધિ નામનો એક ક્ષપણક છે.*

*રાક્ષસ : (મોટે થી) અનિન્દિત વેષ બનાવીને તેને લાવો.*

*પ્રિયંવદક – અમાત્યની જેવી આજ્ઞા. (આટલું કહીને તે ચાલ્યો જાય છે.)*

*(પછી ક્ષપક પ્રવેશ કરે છે.)*

*ક્ષપણક : મોહરૂપી રોગની સારવાર કરવા વાળા બૌદ્ધ સંન્યાસિઓના ઉપદેશોનું પાલન કરો, જે ક્ષણિક કઠોર હોય પરંતુ અંતે હિતકારક હોય છે.* 18 ॥

*(પાસે જઈને) શ્રોતાઓ! ધાર્મિક લાભ થાય.*

*રાક્ષસ : ભદન્ત! અમારા પ્રસ્થાન માટે યોગ્ય દિવસનો વિચાર કરો.*

*ક્ષપણક : (નાટકીય રીતે વિચારીને) હે શ્રોતા! મેં શુભ સમય જોયો છે; મધ્યાહનથી પૂર્ણિમાના દિવસ સુધી શુભ તિથિ છે. તમારા માટે ઉત્તરથી દક્ષિણ તરફ મુસાફરી કરવી હોય, તો તમારું નક્ષત્ર પણ દક્ષિણ (અનુકૂળ) છે.*

*જ્યારે સૂર્ય અસ્ત થઈ રહ્યો હોય, ચંદ્ર તેના સંપૂર્ણ વર્તુળ સાથે ઉદય પામ્યો હોય, અને જ્યારે કેતુ ઉદયથી અસ્ત તરફ ગતિ કરી રહ્યો હોય, ત્યારે બુધના લગ્નકાળ દરમિયાન બહાર નીકળવું શુભ છે.* 19 ॥

*રાક્ષસ : ભદન્ત! તો પછી તિથિ પોતે જ અશુદ્ધ છે.*

*ક્ષ*પણક : *હે શ્રાવક!*

*તિથિમાં એક ગુણ છે, નક્ષત્રમાં તિથિ કરતાં ચાર ગણા ગુણ છે અને લગ્નમાં તિથિ કરતાં ચોસઠ ગણા ગુણ છે. આ જ્યોતિષ શાસ્ત્રનો સિદ્ધાંત છે.* 20 ॥

*લગ્ન ભલે ખરાબ હોય, પણ જો કોઈ સૌમ્ય ગ્રહ હોય તો તે પણ શુભ બને છે. ચંદ્રબલ (ચંદ્રગુપ્તની શક્તિ) ની મદદથી તમે લાંબા ગાળાની સફળતા પ્રાપ્ત કરી શકશો.* 21 ॥

*રાક્ષસઃ હે ભદંત! અન્ય જ્યોતિષીઓ સાથે વિચાર કરો.*

*ક્ષપણક : તમે વિચારો. હું મારા ઘરે ચાલ્યો.*

*રાક્ષસ : શું ભદંત ગુસ્સે થઈ ગયા?*

*ક્ષપણક : ભદંત ગુસ્સે નથી.*

*રાક્ષસ : તો પછી કોણ?*

*ક્ષપણક : ભગવાન યમ, જેમણે પોતાનો પક્ષ છોડીને બીજાનો પક્ષ લીધો છે.*

*(આમ કહીને બૌદ્ધ ભિક્ષુ ત્યાંથી ચાલ્યા જાય છે.)*

*રાક્ષસ : પ્રિયંવદક! જાણો કેટલા વાગ્યા?*

*પ્રિયંવદકઃ અમાત્યના આદેશ મુજબ. (આટલું કહીને તે ત્યાંથી નીકળી જાય છે અને ફરી પ્રવેશ કરે છે)*

*ભગવાન સૂર્ય આથમવા જઈ રહ્યો છે.*

*રાક્ષસ : (પોતાના આસન પરથી ઉભા થઈને જોઈ રહ્યો છે) અરે! ભગવાન સૂર્યદેવ આથમવાની તૈયારીમાં છે.હવે :*

*આ બગીચાનો છોડ, ક્ષણભરમાં દેખાતી લાલાશથી મોહિત થઈને, ઉગતા સૂર્યની સામે તેના પાંદડાંની છાયાથી ઝડપથી આગળ દૂર સુધી જઈ જ્યારે અસ્તાચળને છેડે સૂર્યબિંબ ફેંકાય છે ત્યારે આ પાછાં વળે છે.*

*ઉદયાચળ પરથી ઉગતા સૂર્ય તરફ પોતાનો અનુરાગ પ્રગટ કરતાં ઉદ્યાનના વૃક્ષો પાંદડાંની છાયાથી ઝડપથી આગળ દૂર સુધી જઈ જ્યારે અસ્તાચળને છેડે સૂર્યબિંબ*

*ફેંકાય છે ત્યારે આ પાછાં વળે છે અને ફરીથી બીજા પર્વતની ટોચ પર સૂર્યમાં તેનું પ્રતિબિંબ એકત્ર કરે છે. , અને ઘણીવાર સેવકો દ્વારા તેની સેવા કરવામાં આવે છે; જેમ કોઈ માલિકનો મહિમા ઓછો થાય ત્યારે તેને ત્યજી દેવામાં આવે છે, તેવી જ રીતે પડછાયો પર્વતની ટોચ છોડીને પાછો ફરે છે. 22 ॥*

*(બધા આ રીતે જાય છે.)*

**ચોથો અંક સમાપ્ત**

## 15.3 પાંચમો અંક

पञ्चमोऽङ्कः।

(ततः प्रविशति लेखमलङ्करणस्थगिकाञ्च समुद्रामादाय सिद्धार्थकः।)

सिद्धार्थः—आश्चर्यम्! आश्चर्यम्।

बुद्धिजलनिर्झरैः सिच्यमाना देशकालकलशैः।

दर्शयिष्यति कार्यफलं गुरुकं चाणक्यनीतिलता ॥१॥

तद् गृहीतो मयार्यचाणक्येन प्रथमलेखितो लेखः, अमात्यराक्षसःसस्य मुद्रालाञ्छिता इयं आभरणपेटिका। चलितोऽस्मि किल पाटलिपुत्रं, तद् यावत् गच्छामि। (परिक्रम्यावलोक्य च) कथं क्षपणकणकः आगच्छति? यावद अशकुनभूतमस्थ दर्शनं मम संमतमेव। तस्मान्न प्रतिहरामि।

(ततः प्रविशति क्षपणकणकः)

क्षपणक—अर्हतां प्रणमामो ये ते गम्भीरतया बुद्धेः।

लोकोत्तरैर्लोके सिद्धिं मार्गे मार्गयन्ति [v. १.गच्छन्ति] ॥२॥

सिद्धार्थः— भदन्त! प्रणमामि।

क्षपणक—श्रावक! धर्मलाभस्ते भवतु। श्रावक! प्रस्थानसमुद्वहने कृतव्यवसायमिवत्वां पश्यामि।

सिद्धार्थः— कथं भदन्तो जानाति

क्षपणक— श्रावक, किमत्र ज्ञातव्यम्! ननु एष ते मार्गादेशकुशलः शकुनःकरगतो लेखश्च [क्व.मार्गनौकर्णधारो लेख] सूचयति।

सिद्धार्थः — ज्ञातं भदन्ते न देशान्तरं चलितोऽस्मि। तत् कथयतु भदन्त कीदृशोऽद्य दिवसः।

क्षपणक— भदन्त! मुण्डं मुण्डयित्वा [क.१ मुण्डितमुण्डो] त्वं नक्षत्राणि पृच्छसि?

सिद्धार्थः— भदन्त! साम्प्रतमपि किं जातं। कथय। यदि आत्मनः अनुकूलं भवेत् तदा गमिष्यामि, अन्यथा निवर्त्तिष्ये।

क्षपणक— क्षपणकणक, न सांप्रतमेतस्मिन् मलयकेतुकटके अनुकूलं भविष्यति।

सिद्धार्थः—भदन्त ! कथय कुत एतत्।

क्षपणक—श्रावक निशामय। प्रथमं तावदत्र मलयकेतुकटके लोकस्यानिवारितो निर्गमप्रवेश आसीत्। इदानीं इतः प्रत्यासन्ने कुसुमपुरे, न कोऽपि अमुद्रालाञ्छितो निष्क्रमितुं प्रवेष्टुं वा अनुमोद्यते। तद् यदि भागुरायणरायणस्य मुद्रालञ्छितोऽसि तदा गच्छ विश्वस्तः, अन्यथा निवृत्य निरुत्कण्ठं तिष्ठ। मा गुल्मस्थानाधिपैः संयमितकरचरणो राजकुलं प्रवेश्यसे।

सिद्धार्थः—किं न जानाति भदन्तः, यथा अमात्यराक्षसःसस्य सन्निहितः सिद्धार्थकोऽहमिति, तद् अमुद्रालाञ्छितमपि मां निष्क्रामन्तं कस्य शर्क्तिर्निवारयितुम्?

क्षपणक— श्रावक! राक्षसःसस्य पिशाचस्य वा केलिकरो भव। नास्ति पुनस्ते अमुद्रालाञ्छितस्य निष्क्रमणोपायः।

सिद्धार्थः—भदन्त ! न कुप्य, भण मे कार्यसिद्धिर्भवतु इति ।

क्षपणक—श्रावक,! गच्छ, भवतु ते कार्यसिद्धिः। अहमदि भागुरायणरायणात् पाटलिपुत्रं गन्तुं मुद्रां याचे।

(इत्युभौ निष्क्रान्तौ)

इति प्रवेशकः।

(ततः प्रविशति पुरुषेणानुगम्यमानो भागुरायणरायणः)

भागुरायण— (आत्मगतम्) अहो ! वैचित्र्यं आर्यचाणक्यनीतेः!कुतः?

मुहर्लक्ष्योद्भेदा, मुहुरधिगमाभावगहना

मुहुः संपूर्णाङ्गी, मुहुरतिकृशा कार्यवशतः।

मुहुर्नश्यद्बीजा, मुहुरपि बहुप्रापितफले:

त्यहो चित्राकारा नियतिरिव नीतिर्नयविदः॥३॥

(प्रकाशम्) भद्र! भासुरक! न मां दूरीभवन्तमिच्छति कुमारः। अतोऽस्मिन्नेवास्थानमण्डपे विन्यस्यतामासनम्।

पुरुषः— इदमासनम्। उपविशतु आर्यः।

भागुरायणरायण — (उपविश्य) भद्र! भागुरायणरायणसुरक! यः कश्चिन्मुद्रार्थी मां द्रष्टुमिच्छति, स त्वया प्रवेशयितव्यः।

पुरुष— यदार्थ आज्ञापयति (निष्क्रान्त)

भागुरायणरायणु— (स्वगतम्) कष्टमेवमपि नामायमस्मासु स्नेहवान् कुमारो मलयकेतुरतिसंघातव्यः इत्यहो दुष्करम्।

अथवा,

कुले, लज्जायां च स्वयशसि च, माने च विमुखः,

शरीरं विक्रीय क्षणिकमपि लोभाद् धनवति[क्व्चि. क्षणिकधनलोभाद्धनवति]

तदाज्ञां कुर्वाणो हितमहितमित्येतदधुना

विचारातिक्रान्तः किमिति परतन्त्रो विमृशति॥४॥

(ततः प्रविशति प्रतीहार्यनुगतो मलयकेतुः)

मलयकेतु – (स्वगतम् ) अहो राक्षसःसं प्रति मे विकल्पबाहुल्यादाकुला बुद्धिर्न निश्चयमधिगच्छति। कुतः?

भक्त्या नन्दकुलानुरागदृढया नन्दान्वयालम्बिना

किं चाणक्यनिराकृतेन कृतिना मौर्येण संधास्यते।

स्थैर्यं भक्तिगुणस्य वाधिगणयन् [क्व्चि. वा विगणयन् ] किं सत्यसंधो भवेद्।

इत्यारुढकुलालचक्रमिव मे चेतश्चिरं भ्राम्यति॥५॥

(प्रकाशम्) विजये, क्व भागुरायणरायणः?

प्रतीहारी—कुमार! एष खलु कटकान्निष्क्रमितुकामानं मुद्रासंप्रदानमनुतिष्ठति।

मलयकेतु— विजये, मुहूर्त्तं निभृतपदसञ्चारा भव, यावदस्य पराङ्मुखस्यैव पाणिभ्यां नयने पिदधामि।

प्रतीहारी—यत्कुमार आज्ञापयति।

(प्रविश्य) भासुरकः—आर्य एष खलु क्षपणकणकः मुद्रानिमित्तं आर्य प्रेक्षितुमिच्छति।

भागुरायणरायण—प्रवेशय।

भासुरक —तथा (इति निष्क्रान्तः)

(प्रविश्य) क्षपणकणकः— धर्मसिद्धिः श्रावकानां भवतु।

भागुरायण—(नाट्येनावलोक्य स्वगतम्) अये! राक्षसःसस्य मित्रं जीवसिद्धिः। (प्रकाशम्) भदन्त! न खलु राक्षसःसस्य प्रयोजनमेव किञ्चिदुद्दिश्य गम्यते?

क्षपणक— (कर्णौ पिधाय) शान्तं पापं शान्तं पापम्! श्रावक,तत्रैव गमिष्यामि यत्र राक्षसःसस्य पिशाचस्य वा नामापि न श्रूयते।

भागुरायण— भदन्त ! बलीयांस्ते सुहृदि प्रणयकोपः। तत् किमपराद्धं राक्षसःसेन भदन्तस्य?

क्षपणक— श्रावक, न मे किमपि राक्षसःसेनापराद्धम्। स्वयमेव हताशो मन्दभाग्यः आत्मनः कर्मसु लज्जे। [क्व्य. आत्मनोपराध्यामि ]

भागुरायण— भदन्त ! वर्द्धयसि मे कुतूहलम्।

मलयकेतु — (स्वगतम् ) मम च।

भागुरायण— श्रोतुमिच्छामि।

मलयकेतु — (स्वगतम् ) अहमपि।

क्षपणक— श्रावक, किमेतेन अश्रोतव्येन श्रुतेन?

भागुरायण—भदन्त ! यदि रहस्यं, तदा तिष्ठतु।

क्षपणक—श्रावक, न रहस्यं किंतु अतिनृशंसम्।

भागुरायण— तर्हि कथ्यताम्।

क्षपणक— श्रावक, न रहस्यमेतत्। तथापि न कथयिष्यामि।

भागुरायण— भदन्त, अहमपि मुद्रां न दास्यामि।

क्षपणक— (स्वगतम् ) युक्तमिदानीमर्थिने कथयितुम्।

(प्रकाशम्) का गतिः। एष निवेदयामि शृणोतूपासकः। अस्ति तावत् अहमधन्यः प्रथमं पाटलिपुत्रे निवसन् राक्षसःसस्य मित्रत्वप्नुगपतः। तस्मिन्नेवावसरे राक्षसःसेन गूढ विषकन्याप्रयोगमुत्पाद्य घातितो देवः पर्वतेश्वरः।

मलयकेतु — ( सबाष्पमात्मगतम् ) कथम् ? राक्षसःसेन घातितस्तातो न चाणक्येन !

भागुरायण— भदन्त, ततस्ततः?

क्षपणक—ततोहं राक्षसःसस्य मित्रमिति कृत्वा चाणक्यहतकेन। सनिकारं नगरान्निर्वासितः। इदानीमपि राक्षसःसेनानेकाकार्य कुशलेन किमपि तादृशमारभ्यते येनाहं जीवलोकान्निष्कासिष्ये।

भागुरायण— भदन्त। प्रतिश्रुतराज्यार्द्धः['क. १. मयच्छता] संप्रदानमनिच्छता चाणक्यहतकेनेदमकार्यमनुष्ठितं, न राक्षसःसेनेति श्रुतमस्माभिः।

क्षपणक— (कर्णौ पिधाय) शान्तं पापम्! चाणक्येन विषकन्याया नामापि न श्रुतम्।

भागुरायण— भदन्त इयं मुद्रा दीयते, एहि कुमारं श्रावय।

मलयकेतु —

श्रुतं सखे, श्रवणविदारणं वचः

सुहृन्मुखाद्रिपुमधिकृत्य भाषितम्।

पितुर्वधव्यसनमिदं हि येन मे

चिरादपि द्विगुणमिवाद्य वर्द्धते॥६॥

क्षपणक—:(स्वगतम्) अये, श्रुतं मलयकेतुहतकेन। कृतार्थोस्मि। (इति निष्क्रान्तः)

मलयकेतु — (प्रत्यक्षबदाकांशे लक्ष्यं बद्धवा) राक्षसःस! युक्तमिदम्?

मित्रं ममायः [ क्व्य. ममेदः] मिति निर्वृतचित्तवृत्ति

विस्रम्भतस्त्वयि निवेशितसर्वकार्यम्।

तातं निपात्य सह बन्धुजनाक्षितोयैः [ क.१ श्रुतोयैः]

अन्वर्थतोऽपि ननु राक्षसःस! राक्षसःसोऽसि॥७॥

भागुरायण—(स्वगतम्) रक्षणीया राक्षसःसस्य प्राणा इत्यार्यादेशः। भवत्येवं तावत्। (प्रकाशम्) कुमार! अलमावेगेन।आसनस्थं कुमारं किञ्चिद् विज्ञापयितुमिच्छामि।

मलयकेतु — (उपविश्य) सखे! किमसि वक्तुकामः?

भागुरायण—कुमार! इह खलु अर्थशास्त्र व्यवहारिणामर्थवशादरिमित्रोदासीनव्यवस्था, न लौकिकानामिव स्वेच्छावशात्। यतस्तस्मिन् काले सर्वार्थसिद्धिं राजानमिच्छतो राक्षसःसस्य चन्द्रगुप्तादपि बलीयस्तया सुगृहीतनामा देवः पर्वतेश्वर एव अर्थपरिपन्थी महानरातिरासीत्। तस्मिंश्च काले, राक्षसःसेनेदमनुतिष्ठमिति

नास्ति दोष एवात्रेति [क्व्य. नातिदोषमिवात्र ] पश्यामि।

पश्यतु कुमारः—

मित्राणि शत्रुत्वमुपानयन्ती, मित्रत्वमप्यर्थवशाच्च शत्रून्।

नीतिर्नयत्यस्मृतपूर्ववृत्तं जन्मान्तरं जीवत एव पुंसः॥८॥

तदत्र वस्तुन्यनुपालभ्यो राक्षसःस आनन्दराज्यलाभादनुग्राह्यश्च। परतस्तस्य परिग्रहे, परित्यागे वा, कुमारः प्रमाणं भविष्यति।

मलयकेतु — एवं भवतु। सखे, सम्यग् दृष्टवानसि। यतः अमात्यस्य वधे प्रकृतिक्षोभः स्यात्। एवञ्च सन्दिग्धो विजयः स्यादस्माकम्।

(प्रविश्य) पुरुषः—जयतु जयतु कुमारः। आर्य गुल्मस्थानाधिकृतो दीर्घरक्षो (क.द्य. दीर्घचक्षुः) विज्ञापयति एष खलु अस्माभिः कटकान्निष्क्रामन्नगृहीतमुद्रः सलेखः पुरुषो गृहीतः। तत्मक्षीकरोतु एनमार्यः।

भद्र— भद्र प्रवेश्य।

पुरुष — तथा (इति निष्क्रान्तः)

(ततः प्रविशति पुरुषेणानुगम्यमानः संयतः सिद्धार्थः)

सिद्धार्थः—(स्वगतम्)

आनयन्त्यै गुणेषु दोषेषु पराङ्मुखं कुर्वत्यै।

अस्मादृशजनन्यै प्रणमामः स्वामिभक्त्यै॥९॥

पुरुष— (उपसृत्य) आर्य, अयं स पुरुषः।

भागुरायण— (नाट्येनावलोक्य) भद्र ! किमयमागन्तुकः, आहोस्विदिहैव कस्यचित् परिग्रहः?

सिद्धार्थः—आर्य, अहं खलु अमात्यराक्षसःसस्य सेवकः।

भागुरायण—भद्र! तत् किमर्थमगृहीतमुद्रः कटकान्निष्क्रामसि?

सिद्धार्थः— आर्य, कार्यगौरवेण त्वरायितोस्मि।

भागुरायण— कीदृशं तत् कार्यगौरवं यद्राजशासनमुल्लङ्घयति?

मलयकेतु —सखे ! भागुरायणरायण! लेखमपनय।

भागुरायण— (सिद्धार्थःर्थकहस्ताल्लेखं गृहीत्वा मुद्रां दृट्वा) कुमार! अयं लेखः. राक्षसःसनामाङ्कितेयं मुद्रा।

मलयकेतु — मुद्रां परिपालयन्नुद्घाट्य, दर्शय।

भागुरायण— (तथा कृत्वा दर्शयति)

मलयकेतु—(गृहीत्वा वाचयति) स्वस्ति यथास्थानं कुतोऽपि कोऽपि कमपि, पुरुषविशेषमवगमयति। अस्माद्विपक्षं निराकृत्य, दर्शिता सत्यवादिता सत्यवता। साम्प्रतमेतेषामपि प्रथममुपन्यस्तसन्धीनामस्मत्सुहृदां, पूर्वप्रतिज्ञातसन्धिपरिमपणनप्रितपादनेन [क.१ प्रोत्साहनेन] सत्यसन्धः प्रीतिमुत्पादयितुमर्हति। एते ह्येवमुपगृहीताः सन्तः, स्वाश्रयविनाशेनैवोपकारिणमाराधयिष्यन्ति। अविस्मृतमप्येतत् सत्यवतः स्मारयामः। एतेषां मध्ये केचिदरेः कोषदन्तिभ्यामर्थिनः [क्य. कोष दण्डाभ्यां ] केचिद्विषयेणेति। अलङ्कारत्रयञ्च यत् सत्यवतानुप्रेषितं तदुपगतम्। अस्माभिरपि लेखस्याशून्यार्थं किञ्चिदनुप्रेषितं, तदुपगमनीयम्। वाचिकञ्चाप्ततमादस्मात्सिद्धार्थकात् श्रोतव्यमिति।

मलयकेतु — सखे! भागुरायणरायण ! कीदृशो लेखार्थः?

भागुरायण— भद्र! सिद्धार्थक! कस्यायं लेखः?

सिद्धार्थः—आर्य, न जानामि।

भागुरायण— हे धूर्त्त ! लेखो नीयते, नच ज्ञायते कस्येति। सर्वं तावत् तिष्ठतु। वाचिकं त्वत्तः केन श्रोतव्यम्?

सिद्धार्थः— (भयं नाट्येयन) युष्माभिः।

भागुरायण— किमस्माभिः ?

सिद्धार्थः— युष्माभिर्गृहीतो न जानामि किं भणामीति।

भागुरायण— (सक्रोधम्) एष ज्ञास्यसि। भद्र, भासुरक, बहिः० र्नीत्वा, ताड्यतां तावत् यावत् कथयति।

पुरुष— यदार्य आज्ञापयति। (इति सिद्धार्थःर्थकेन सह निष्क्रान्तः)

(पुनः प्रविश्य) आर्य इयं मुद्रालाञ्छिता पेटिका तस्य कक्षातो निपतिता।

भागुरायण—(विलोक्य) कुमार ! इयमपि राक्षसःसमुद्राङ्कितैव

मलयकेतु— अयं लेखस्याशून्यार्थो भविष्यति । इमामपि मुद्रां परिपालयन्नुद्घाट्य दर्शय ।

(भागुरायणरायणस्तथा कृत्वा दर्शयति)

मलयकेतु — (विलोक्य) अये! तदिदमाभरणं, यन्मया स्वशरीरादवतार्य राक्षसःसाय प्रेषितम्। व्यक्तं चन्द्रगुप्तस्यायं लेखः।

भागुरायण— कुमार! एष निर्णीयते संशयः। भद्र। पुनरपि ताड्यताम्।

पुरुष— तथा (इति निष्क्रम्य प्रविश्य) आर्य, एष खलु ताड्यमानः कुमारस्यैव निवेदयामीति भणति।

मलयकेतु — प्रवेशय।

सिद्धार्थः— (पादयोर्निपत्य) अभयेन मे कुमारः प्रसादं करोतु।

मलयकेतु — भद्र! भद्र! अभयमेव परायत्तजनस्य, तन्निवेद्यतां यथावस्थितम्।

सिद्धार्थः—निशामयतु कुमारः। अहं खलु अमात्यराक्षसःसेन इमं लेखं दत्त्वा चन्द्रगुप्तसकाशं प्रेषितः।

मलयकेतु —ःभद्र! वाचिकमिदानीं श्रोतुमिच्छामि।

सिद्धार्थः— कुमार! संदिष्टोऽस्मि अमात्यराक्षसःसेन, यथा एते मम प्रियवयस्याः पञ्च राजानस्त्वया सह समुत्पन्न स्नेहाः। ते यथा, कुलूताधिपश्चित्रवर्मा, मलयजनपदाधिपतिः सिंहनादः, काश्मीरदेशाधिपः पुष्कराक्षसः, सिन्धुराजः सिन्धुसेनः, पारसीकाधिपतिर्मेघाक्ष इति। अत्रैव प्रथमभणितास्त्रयो राजानः मलयकेतोर्विषयं इच्छन्ति इतरौ कोषं हस्तिबलं च।

तद् यथा चाणक्यं निराकृत्य महाभागेन मम प्रीतिरुत्पादिता, तथा एतेषामपि प्रथमभणितोऽर्थः संपादयितव्य इति एतावान् वाकसन्देश इति।

मलयकेतु — (स्वगतम्) कथं चित्रवर्म्मादयोऽपि मह्यमभिद्रुह्यन्ति [क्व्च. मामभिद्रुह्यन्ति] अतएवैतेषां राक्षसःसे निरतिशया प्रीतिः (प्रकाशम्) विजये! अमात्यराक्षसःसं द्रष्टुमिच्छामि।

प्रतीहारी— यत्कुमार आज्ञापयति (इति निष्क्रान्ता)

(ततः प्रविशत्यासनस्थः स्वभनवगतः पुरुषषेणानुगम्यमानः सचिन्तो राक्षसःसः)

राक्षसः— (स्वगतम्) संपूर्णमस्मदबलं चन्द्रगुप्तबलैरिति यत् सत्यं, न मे मनसः शुद्धिरस्ति। कुतः?

साध्ये निश्चितमन्वयेन घटितं बिभ्रत् सपक्षे स्थितिं

व्यावृत्तञ्च विपक्षतो भवति यत् तत् साधनं सिद्धये।

यत् साध्यं स्वयमेव, तुल्यमुभयोः, पक्षे विरुद्धञ्च यत्

तस्याङ्गीकरणेन वादिन इव स्यात् स्वामिनो निग्रहः॥१०॥

अथवा, तैस्तैर्विज्ञातापरागहेतुभिः प्राक्परिगृहीतोपजापैरापूर्णमिति न विकल्पयितुमर्हामि। (प्रकाशम्) प्रियंवदक! उच्यन्तामस्मद्वचनात् कुमारानुयायिनो राजानः, संप्रति दिने दिने प्रत्यासीदति कुसुमपुरम्। अतः परिकल्पितविभागैर्भवद्भिः प्रयाणे प्रयातव्यम्। कथमिति?

प्रस्थातव्यं पुरस्तात् खशमगधगणैर्मामनु व्यूह्य सैन्यैः

गान्धारैर्मध्ययाने सयवनपतिभिः संविधेयः प्रयत्नः।

पश्चाद् गच्छन्तु वीराः शकनरपतयः संवृताश्चीण [क्व्च. श्चेदि] हुणैः

कौलूताद्यश्च शिष्टः पथि परिवृणुयाद्राजलोकः कुमारम्॥११॥

प्रियंवदक —तथा (इति निष्क्रान्तः)

(प्रविश्य) प्रतीहारी— जयतु अमात्यः। इच्छति त्वां कुमारः प्रेक्षितुम्।

राक्षसः— भद्रे! मुहूर्त्तं तिष्ठ। कः कोत्र भोः?

(प्रविश्य) पुरुषः— आज्ञापयतु अमात्यः।

राक्षसः—भद्र! शकटदासं प्रति ब्रूहि यथा परिधाषिता वयमाभरणं कुमारेण, तन्न युक्तमिदानीमस्माभिरनलङ्कृतैः कुमारदर्शनमनुभवितुम्, अतो यद् तदलङ्करणत्रयं क्रीतं तन्मध्यादेकं दीयतामिति।

पुरुष— तथा (इति निष्क्रम्य पुनः प्रविश्य च) अमात्य इदं तदलकरणमं।

राक्षसः— (नाट्ये नावलोक्यात्मानमलङ्कृत्योत्याय च ) भद्रे! राजकुलगामिनं मार्गमादेशय!

प्रतीहारी— एतु एतु अमात्यः।

राक्षसः— (स्वगतम्) अधिकारपदं नाम निर्दोषस्यापि पुरुषस्य महदाशङ्कास्थानम्। कुतः?

भयं तावत् सेव्यादभिनिविशते सेवकजनं

ततः प्रत्यासन्नाद् भवति हृदयेष्वेव निहितम्

अतोऽध्यारूढानां पदनसुजनद्वेषजननं,

मतिः सोच्छ्रायाणां पतनमनुकूलं [क्व्चि.अनुरूप] कलयति॥१२॥

प्रतीहारी— (परिक्रम्य) अमात्य अयं कुमारस्तिष्ठति। उपसर्पत्वेमममात्यः।

राक्षसः—(नाट्येनावलोक्य) अये! कुमारस्तिष्ठति। य एषः

पादाग्रे दृशमवधाय निश्चलन्तीं,

शून्यत्वादपरिगृहीततद्विशेषाम्।

वक्त्रेन्दुं वहति करेण दुर्वहाणां

कार्याणां कृतमिव गौरवेण नम्रम्॥१३॥

उपसृत्य— विजयतां विजयतां कुमारः।

मलयकेतु — आर्य ! अभिवादये । इदमासनमास्यताम्।

राक्षसः—(उपविशति)

मलयकेतु —अमात्य ! चिरमदर्शनेनार्यस्य [क्व्चि. चिरदर्शनेन] वयमुद्विग्नाः।

राक्षसः—कुमार ! प्रयाणे प्रतिविधानमनुतिष्ठता मया, कुमारादयमुपालम्भोऽधिगतः?

मलयकेतु —अमात्य। प्रयाणे कथं प्रतिविहितमिति श्रोतुमिच्छामि।

राक्षसः—कुमारं। एवमादिष्टाः कुमारस्यानुयायिनो राजानः।

(प्रस्थातव्यंमित्यादिश्लोकं (५/११ ) पुनः पठति)

मलयकेतु —(स्वगतम्) विज्ञायते, कथं य एव मद्विनाशेन चन्द्रगुप्तमारधयितुमुद्यतास्त एव मां परिवृण्वन्ति।(प्रकाशम्) आर्य! अस्ति कश्चिद् यः कुसुमपुरं प्रति गच्छति, तत आगच्छति वा।

राक्षसः— कुमार! अवसितमिदानीं गतागतप्रयोजनम्। ननु पञ्चषैरहोभिर्वयमेव तत्र गन्तारः।

मलयकेतु — (स्वगतम्) विज्ञायते (प्रकाशम्) यद्येवं, तत् किमयमार्येण सलेखः पुरुषः कुसुमपुरं प्रस्थापितः?

राक्षसः— (विलोक्य) अये सिद्धार्थकः! भद्र, किमिदम्?

सिद्धार्थः— (सबाष्पं लज्जां नाटयन्) प्रसीदतु अमात्यः। ताड्यमानेन मया न पारितं रहस्यं धारयितुम्।

राक्षसः— भद्र! कीदृशं तत् रहस्यमिति न खल्ववगच्छामि।

सिद्धार्थः— विज्ञापयामि ताड्यमानेन मया। (इत्यर्द्धोक्ते सभयमधोमुखस्तिष्ठति)

मलयकेतु —भागुरायणरायण! स्वामिनः पुरस्ताद् भीतो लज्जितो वा, नैष कथयिष्यति, अतः स्वयमेव आर्याय कथय।

भागुरायण —यदाज्ञापयति कुमारः। अमात्य! एष कथयति, यथाहममात्यराक्षसःसेन लेखं दत्त्वा, वाचिकं च सन्दिश्य चन्द्रगुप्तसकाशं प्रेषित इति।

राक्षसः— भद्र सिद्धार्थःर्थक, अपि सत्यम्?

सिद्धार्थः—(लज्जां नाटयन्) एवं अतिताड्यमानेन मया निवेदितम्।

राक्षसः— कुमार, अनृतमेतत्। ताड्यमानः किं न ब्रूयात्?

मलयकेतु — भागुरायणरायण! दर्शय लेखं, वाचिकं चायमस्मै स्वभृत्यः कथयिष्यति।

(लेखमवलोकयन्। स्वस्ति यथास्थाने कुतोऽपि कोऽपि कमपि पुरुषमवगमयति इति वाचयति)

राक्षसः—कुमार! कुमार! शत्रोः प्रयोग एषः।

मलयकेतु —लेखस्याशून्यार्थमार्येणेदमाभरणमनुप्रेषितम् इति तत् कथं शत्रोः प्रयोग एष स्यात्। (इत्याभरणं दर्शयति)

राक्षसः— (आभरणं निर्वर्ण्य) कुमार! नैतन्मयानुप्रेषितम् एतद्धि कुमारेण मह्यं दत्तं मया च कस्मिंश्चित् परितोषस्थाने सिद्धार्थःर्थकाय दत्तम्।

भागुरायण—भो अमात्य! इदृशस्याभरणविशेषस्य, विशेषतः कुमारेण स्वगात्रादवतार्य, दत्तस्यायं परित्यागभूमिः।

मलयकेतु —वाचिकमप्याप्ततमात् सिद्धार्थकात् श्रोतव्यमिति लिखितमार्येण।

राक्षसः—कुतो वाचिकम्? कस्य वा लेखः? लेख एवास्मदीयो न भवति।

मलयकेतु — इयं तर्हि कस्य मुद्रा?

राक्षसः— कुमार! कपटमुद्रामप्युत्पादयितुं शक्नुवन्ति धूर्त्ताः।

भागुरायण—कुमार! सम्यगमात्यो विज्ञापयति। भद्र। सिद्धार्थक! केनायं लिखितो लेखः।

(सिद्धार्थको राक्षसःसमुखमवलोक्य तूष्णीमधोमुखस्तिष्ठति)

भागुरायण—अलं पुनरात्मानं ताडयित्वा [vl.ताडयितुम्] कथय।

सिद्धार्थ —आर्य, शकटदासेन।

राक्षसः— कुमार यदि शकटदासेन लिखितस्तर्हि मयैव लिखितः।

मलयकेतु — विजये! शकटदासं द्रष्टुमिच्छामि !

प्रतीहारी—यत्कुमार आज्ञापयति !

भागुरायण—(स्वगतम्) न खल्वनिश्चितार्थमार्यचाणक्यमणिधयोऽभिधास्यन्ति, आगत्य शकटदासो वा, सोऽयं लेख इति प्रत्यभिज्ञाय पूर्ववृत्तं प्रकाशयेत्। एवं सति सन्दिहानो मलयकेतुरस्मिन्प्रयोगे श्लथादरो भवेत्। (प्रकाशम्) कुमार! न कदाचिदपि शकटदासोऽमात्यराक्षसःसस्याग्रतो मया लिखित इति प्रतिपत्स्यते, अतोऽन्यलिखितमस्यानीयतां यतो वर्णसंवाद एवैतत् सर्वं विभावयिष्यति।

मलयकेतु — विजये! एवं क्रियताम्!

प्रतीहारी—मुद्रापि?

मलयकेतु —उभयमपि क्रियताम्!

प्रतीहारी—मुद्रापि?

मलयकेतु —उभयमपि क्रियताम्!

प्रतीहारी —यत्कुमार आज्ञापयति!

(निष्क्रम्य पुनः प्रविश्य) कुमार! इदं खलु तत् शकटदासेन स्वहस्तलिखितं पत्रं मुद्रापि।

मलयकेतु — (उभयमपि नाट्येनावलोक्य) आर्य! संवदन्त्यक्षराणि।

राक्षसः—(स्वगतम्) संवदन्त्यक्षराणि, शकटदासस्तु मम मित्रमिति च विसंवदन्त्यक्षराणि, किंतु शकटदासेन?

**स्मृतं स्यात् पुत्रदाराणां विस्मृतस्वामिभक्तिना।**

**चलेष्वर्थेषु लुब्धेन न यशःस्वनपायिषु?॥१४॥**

अथवा, कः सन्देहः?

मुद्रा तस्य कराङ्गुलिप्रणयिनी, सिद्धार्थकस्तत्सुहृत्

तस्यैवापरलेख्यसूचितमिदं पत्रं प्रयोगाश्रयम्।

सुव्यक्तंशकटेन भेदपटुना सन्धाय सार्द्धं परैः

भर्त्तुः स्नेहपराङ्मुखेन, कृपणं प्राणार्थिना चेष्टितम्॥१५॥

मलयकेतु —आर्य, अलङ्कारत्रयं श्रीमता यदनुप्रेषितं, तदुपगतमित्यार्येण यल्लिखितं तन्मध्यादेकं किमिदम्? (निर्वर्ण्यात्मगतम्) कथं तातेन धृतपूर्वमिदमाभरणम्? (प्रकाशम्) आर्य! कुतोऽयमलङ्कारः?

राक्षसः— वणिग्भ्यः क्रयादधिगतः।

मलयकेतु — विजये! अपि प्रत्यभिजानासि भूषणमिदम्?

प्रतीहारी— (निर्वर्ण्य सबाष्पम्) कुमार! कथं न प्रत्यभिजानामि? इदं खलु सुगृहीतनामधेयेन पर्वतेश्वरेण धारितपूर्वम्।

मलयकेतु — (सवाष्पम्) हा तात!

एतानि तानि तव भूषणवल्लभस्य

गात्रोचितानि कुलभूषण, भूषणानि।

यैः शोभितोऽसि, मुखचन्द्रकृतावभासो

नक्षत्रवानिव शरत्समयप्रदोषः॥१६॥

राक्षसः—(स्वगतम्) कथं पर्वतेश्वरेण धृतपूर्वाणीत्याह। (प्रकाशम्) व्यक्तमेतान्यपि तेन चाणक्यप्रयुक्तेन वणिग्जनेनास्मासु विक्रीतानि!

मलयकेतु —आर्य तातेन धृतपूर्वाणामाभरणविशेषाणां विशेषतश्चन्द्रगुप्तहस्तगतानां वणिग्भ्यः क्रयादधिगम इति, न युज्यते एतत् अथवा युज्यते एवैतत्। कुतः!

चन्द्रगुप्तस्य विक्रेतुरधिकं लाभमिच्छतः।

कल्पिता मूल्यमेतेषां क्रूरेण भवता वयम्॥१७॥

राक्षसः—(आत्मगतम्) अहो! सुश्लिष्टोऽभूदेषः प्रयोगः कुतः?

लेखोऽयं न ममेति, नोत्तरमिदं, मुद्रा मदीया यतः

सौहार्द शकटेन खण्डित मिति श्रद्धेयमेतत् कथम्?

मौर्ये भूषणविक्रयं नरपतौ को नाम संभावयेत्?

तस्मात् सम्प्रतिपत्तिरेव हि वरं न ग्राम्यमत्रोत्तरम्॥१८॥

मलयकेतु — एतदार्यं पृच्छामि।

राक्षसः—कुमार य आर्यस्तं पृच्छ। वयमिदानीमनार्याः संवृत्ताः।

मलयकेतु —

मौर्योऽसौ स्वामिपुत्रः, परिचरणपरो मित्रपुत्रस्तवाहं

दाता सोऽर्थस्य तुभ्यं, स्वमतमनुगतस्त्वं तु मह्यं ददासि।

दास्यं सत्कारपूर्वं ननु सचिवपदन्तत्र ते, स्वाम्यपत्र,

स्वार्थे कस्मिन् समीहा पुनरधिकतरे त्वामनार्यं करोति॥१९॥

राक्षसः— कुमार! एवं अयुक्तव्याहारिणा [क.१ अभियुक्तव्यवहारिणा] भवतैव मे निर्णयो दत्तः। कुतः? (मौर्योऽसौ स्वामिपुत्र इति युष्मदस्मदोत्र्यत्ययेन पठति)

मलयकेतु —(लेखमलङ्करणस्यनिकां च विनिर्दिश्य) इदमिदानीं किम?

राक्षसः— (साबष्पम्) विधिविलसितमिदं न चाणक्यस्य। कृतः?

भृत्यत्वे परिभावधामनि सति स्नेहात् प्रभूणां सतां

पुत्रेभ्यः कृतवेदिनां कृताधियां येषां न भिन्ना वयम्।

ते लोकस्य परीक्षकाः क्षितिभृतः पापेन येन क्षताः

स्तस्येदं विपुलं विधेर्विलसित, पुसां प्रयत्नच्छिदः॥२०॥

मलयकेतु —(सक्रोधम्) कथमद्यापि निह्नूयते एवं। विधेर्विलसितमिदं,न लोभस्य? अनार्य,

कन्यां तीव्रविषप्रयोगविषमां कृत्वा, कृतघ्न! त्वया

विस्रम्भप्रवणस्तदा मम पिता नीतः कथाशेषताम्।

सम्प्रत्याहितगौरवेण भवता मन्त्राधिकारे रिपौ

प्रारब्धाः प्रलयाय मांसवदहो [क.. पुनराममांस बदहो] विक्रेतुमेते वयम्॥२१॥

राक्षसः—(स्वगतम्) अयमपरो गण्डस्योपरि विस्फोटः। (प्रकाशम्। कर्णौ पिधाय ) शान्तं पापं, शान्तं पापम्। नाहं पर्वतेश्वरे विषकन्यां प्रयुक्तवान्।

मलयकेतु — केन तर्हि व्यापादितस्तातः?

राक्षसः—दैवमत्र प्रष्टव्यं, न क्षपणकणको जीवसिद्धिः।

राक्षसः— (स्वगतम्) कथं जीवसिद्धिरपि चाणक्यप्रणिधिः। हन्त! हृदयमपि मे रिपुभिः स्वीकृतम्।

मलयकेतु —(सक्रोधम्) आज्ञाप्यतां शिखरसेनः सेनापतिः, ये एतेन राक्षसःसेन सह सौहार्दमुत्पाद्यास्मच्छरीराभिद्रोहेण चन्द्रगुप्तमाराधयितुकामाः पञ्च राजानः कौलतश्चित्रवर्मा, मलयनरपतिः सिंहनादः काश्मीरः पुष्कराक्षसः:, सिन्धुराजः सुषेणः पारसीकाधिराजो मेघनादः इति। तत्र तेषां मध्ये, ये त्रयः प्रधानतमाः प्रथमा मदीयां भूमिं कामयन्ते, ते गम्भीरश्वभ्रमुपनीय पांशुभिः पूर्यन्ताम्। इतरौ तु द्वौ हस्तिबलकामौ हस्तिनैव घात्येतामिति।

पुरुष— तथा (इति निष्क्रान्तः)

मलयकेतु —(सक्रोधम्) राक्षसःस! राक्षसःस! नाहं विस्रम्भघाती राक्षसःसः। मलयकेतुः खल्वहं, तद् गच्छ, समाश्रीयतां सर्वात्मना चन्द्रगुप्त इति।

विष्णुगुप्तञ्च मोर्यञ्च सममप्यागतौ त्वया।

उन्मूलयितुमीशोहं त्रिवर्गमिव दुर्नयः [क्व्च. दुर्णयः ]॥२२॥

भागुरायण— कुमार कृतं कालहरणेन। शीघ्रमेव कुसुमपुरोपरोधाय प्रतिष्ठन्तामस्मदबलानि।

गौडीनां लोध्रधूलीपरिमल बहलान् [क्व्च.धवलान्] धूम्रयन्तःकपोलान्

क्लिश्नन्तः कृष्णिमानं भ्रमरकुलरुचः कुञ्चितस्यालकस्य।

पांशुस्तम्बा बलानां तुरगखुरपुटक्षोद [क्व्च. क्षोभ] लब्धात्मलाभाः

शत्रूणामुत्तमाङ्गे गजमदसलिलच्छिन्नमूलाः पतन्तु॥२३॥

( इति सपरिजनो निर्गतो मलयकेतुः)

राक्षसः—(सावेगम्) हा धिक कष्टम्। तेऽपि हतास्तपस्विनश्चित्रवर्मादयः, तत् कथं सुहन्नाशाय राक्षसःसश्चेष्टते न रिपुविनाशाय, तत् किमिदानी करवाणि मन्दभाग्यः।

किं गच्छामि तपोवनं, न तपसा शाम्येत् सर्वैरं मनः

किं भर्नृननुयामि जीवति रिपौ, स्त्रीणामियं योग्यता।

किंवा खड्गसखः पताम्यरिबले नैतच्च [क.द्य. नैतन्न् ू ह नेदं न ] युक्तंभवेत्,

चेतश्चन्दनदासमोक्षरभसं रुन्ध्यात्कृतघ्नं [क्व्च. कृतज्ञं] न चेत॥२४॥

(इति निष्क्रान्ताः सर्वे)

इति पञ्चमोऽङ्कः।

**પાંચમો અંક**

*(ત્યારબાદ પત્ર અને રાક્ષસની મહોર ધરાવતી ઝવેરાતની પેટી લઈને સિદ્ધાર્થક પ્રવેશ કરે છે.)*

*સિદ્ધાર્થક: આશ્ચર્ય! આશ્ચર્યજનક છે!!*

*દેશ અને કાળરૂપી ઘડાઓથી સિંચિત થઈ રહેલ ચાણક્યની નીતિરૂપી વેલ કોઈ મહાન કાર્યફળ બતાવશે. 1 ॥*

*મેં આર્ય ચાણક્ય દ્વારા લખાવેલ લેખ લીધો છે અને તેના પર અમાત્ય રાક્ષસની મહોર લાગેલી છે અને અમાત્ય રાક્ષસની જ મહોર લાગેલી આ ઝવેરાતની પેટી પણ લીધી છે. ખરેખર તો હું પાટલીપુત્ર જઈ રહ્યો છું, તો જઉં. (આસપાસ ફરી જોઈને) શું ક્ષપણક આવી રહ્યો છે? તો હવે તેના દર્શનથી અશુભ સંકેત બની ગયો છે. તેથી, હું આદિત્યને જોઈને તે ખરાબ શુકન ટાળું છું.*

*(પછી બૌદ્ધ સન્યાસી ક્ષપણક પ્રવેશે છે.)*

*આર્હતોને પ્રણામ કરું છું જેઓ પોતાની બુદ્ધિની ગહનતાથી આ સંસારમાં અલૌકિક માર્ગો દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરે છે. 2 ॥*

*સિદ્ધાર્થક : ભદંત! હું પ્રણામ કરું છું.*

*ક્ષપણક – હે શ્રાવક! તમને ધાર્મિક લાભ મળે. (સિદ્ધાર્થક તરફ જોઈને) શ્રાવક! હું જોઉં છું કે તમારું હૃદય ક્યાંક જવા માટે ઉદ્યત છે.*

*સિદ્ધાર્થઃ ભદંત! તમને આ કેવી રીતે ખબર પડી?*

*ક્ષપણક : ભદંત! આમાં જાણવા જેવું શું છે? આ તમારા માર્ગદર્શક શુકન અને તમારા હાથમાં રહેલા લેખ સૂચવે છે.*

*સિદ્ધાર્થક : ભદંતને ખબર પડી ગઈ છે કે હું પરદેશ જઈ રહ્યો છું. તો મને કહો કે આજનો દિવસ કેવો છે?*

*ક્ષપણક : (હસતાં) હે શ્રાવક! મુંડન કરાવ્યા બાદ નક્ષત્રો વિશે પૂછો છો?*

*સિદ્ધાર્થક – હે બૌદ્ધ સંન્યાસિ! હજુ શું થયું? તો મને કહો. જો નક્ષત્રો અનુકુળ હશે તો હું જઈશ, નહીં તો હું પાછો વળીશ.*

*ક્ષપણક – સાધકોની આ મલયકેતુની સેનામાં અનુકુળ કે પ્રતિકુળ નક્ષત્ર હોવાથી શું થવાનું છે ? વગર મુદ્રા નથી જઈ શકતા.*

*સિદ્ધાર્થ : ભદંત! મને કહો, કેમ?*

*ક્ષપણક : શ્રાવક! સાંભળો. પહેલા, મલયકેતુની સેનામાં લોકો મુક્તપણે આવીઃજઈ શકતા હતા, પરંતુ હવે, કુસુમપુરની નજીક હોવાથી, કોઈ પણ વ્યક્તિ મોહર વગર આવી કે જઈ શકતું નથી. તેથી, જો ભાગુરાયણનું ચલણ ચિહ્નિત થયેલ હોય તો કોઈપણ અવરોધ વિના જાઓ, નહીં તો પાછા ફરો અને જવાની ઈચ્છા રાખશો નહીં. નહિંતર એવું બની શકે છે કે તમને લશ્કરી ચોકીઓના અધિકારીઓ હાથેઃપગે બેડીઓ પહેરાવી બાંધીને રાજકુળ પાસે લઈ જવામાં આવે.*

*સિદ્ધાર્થ : ભદંત! શું તમને ખબર નથી કે હું સિદ્ધાર્થક અમાત્ય રાક્ષસનો વિશ્વાસુ છું. તો પછી મને મુદ્રાથી અમુદ્રિત હોવા છતાં, મને જતા અટકાવવાની તાકાત કોની છે?*

*ક્ષપણક : શ્રાવક! રાક્ષસો હોય કે પિશાચ તમે કોઈપણ માટે મનોરંજનનો સ્રોત હોવ, પરંતુ ચલણના ચિહ્ન વિના તમે અહીંથી ખસી શકતા નથી.*

*સિદ્ધાર્થક : બૌદ્ધ સંન્યાસી! ગુસ્સે ના થાઓ. મારું કાર્ય પૂર્ણ થવું જોઈએ.*

*ક્ષપાણક : શ્રાવક! જા, તારું કામ પૂરું થાય. પાટલીપુત્ર જવા માટે મારે ભાગુરાયણ પાસેથી મુદ્રા લેવી જોઈએ.*

*(બંને જાય છે.)*

*પ્રવેશક સમાપ્ત*

*(ત્યારબાદ ભાગુરાયણ પુરુષ સાથે પ્રવેશ કરે છે.)*

*ભાગુરાયણ : (મનમાં) આર્ય ચાણક્યની કુટનીતિની વિચિત્રતા!*

*આર્ય ચાણક્યની કુટનીતિ વારંવાર પ્રકાશમાં આવે છે. ક્યારેક તે એટલી ગહન થઈ જાય છે કે કોઈ તેને સમજી શકાતું નથી અને ક્યારેક તે ખૂબ જ ક્ષીણ દેખાવા લાગે છે અને ક્યારેક એવું લાગે છે કે તેનું બીજ પણ નાશ પામ્યું છે. ક્યારેક તે બધા તત્ત્વો સાથે જોવા મળે છે અને ક્યારેક તે ઘણી રીતે ફળ આપવાનું શરૂ કરે છે. કુદરતની જેમ, તે બહુરંગી બની ગઈ છે અને તેના વિવિધ સ્વરૂપો છે. ૩ ॥*

*(સ્પષ્ટપણે) પ્રિય ભાસુરક! કુમાર મલયકેતુને મારું દૂર જવું ગમતું નથી, તેથી આ જ સભામંડપમાં મારી બેઠક રાખ.*

*પુરુષ : આ આસન છે, આર્ય કૃપા કરીને બેસો.*

*ભાગુરાયણ : (બેસીને) ભદ્ર ભાસુરક! જો કોઈ વ્યક્તિ મુદ્રા ઈચ્છુક આવે, તો તેને મારી પાસે મોકલવો.*

*પુરુષ : આર્યન જેવી આજ્ઞા. (આટલું કહીને તે ચાલ્યો જાય છે.)*

*ભાગુરાયણ : (મનમાં) મને દુઃખ છે કે એ સ્થિતિમાં પણ રાજકુમાર મલયકેતુને મારા પર આટલો બધો પ્રેમ છે. તેમને છેતરવા કેટલું મુશ્કેલ છે. અથવા :*

*એકવાર, ક્ષણિક સંપત્તિના લોભ માટે, તે કુળ, લજ્જા, કીર્તિ અને માનઃસન્માનથી દૂર થઈ જાય છે અને પોતાના શરીરને ધનવાનોને આધીન બનાવી દે છે અને તેમના આદેશોનું પાલન કરે છે, તો પછી આશ્રિત વ્યક્તિને સારા અને ખરાબ વચ્ચે વિચારવાનો અને ભેદ કરવાનો સમય ક્યાં થી મળે છે? 4 ॥*

*(પછી પ્રતિહારીને અનુસરતો મલયકેતુ પ્રવેશ કરે છે.)*

*મલયકેતુ : (મનમાં) અરે! રાક્ષસ પ્રત્યેના દૃઢ નિશ્ચય અને વિકલ્પની પુષ્કળતાને કારણે મારું મન કંઈપણ નક્કી કરી શકતું નથી. કારણ કે :*

*અરે, રાક્ષસ પ્રત્યેના અનેક તર્ક વિતર્કથી મારી બુદ્ધિ નિશ્ચય કરી શકતી નથી, કેમકે નન્દકુળ તરફના અનુરાગથી દૃઢ ભક્તિને કારણે, નન્દકુળના વંશના સંબંધી મૌર્ય સાથે સફળ બનેલા ચાણક્યને દૂર કરી, શું સંધિ કરશે કે, ભક્તિના ગુણની સ્થિરતાનો ખ્યાલ કરી તે સત્યાચરણી બનશે એમ, આ રીતે મારું બેચેન મન ઘણા સમયથી કુંભાર ચક્રની જેમ ફરતું રહ્યું છે. ૫ ॥*

*(પ્રકટ) વિજયે! ભાગુરાયણ ક્યાં છે?*

*પ્રતિહારી : રાજકુમાર! તે સેના સાથે ગમનાગમન કરતા લોકોને મુદ્રા લગાવીને પરવાનગી આપવાનું કામ કરી રહ્યો છે.*

*મલયકેતુ : વિજયે! હું પાછળથી તેની આંખો બંધ કરું ત્યાં સુધી આ ગમનાગમન કરતા લોકોને થોડીવાર માટે રોકો.*

*પ્રતિહારી – જેવી કુમારની આજ્ઞા.*

ભાસુરક : (પ્રવેશ કરીને) આર્ય! આ બૌદ્ધ સાધુ પરવાનગી મેળવવા માટે તમને મળવા માંગે છે.

ભાગુરાયણ – પ્રવેશ કરાવો.

ભાસુરક: આર્યની આજ્ઞા. (જતો રહે છે.)

ક્ષપણક: (પ્રવેશીને) શ્રાવકોની ધર્મસિદ્ધિ થાય.

ભાગુરાયણ : (નાટકીય રીતે જોઈને, મનમાં) અરે! રાક્ષસનો મિત્ર જીવસિદ્ધિ આવ્યો છે. (પ્રગટ) બૌદ્ધભિક્ષુ! શું તમે રાક્ષસના હેતુથી ક્યાંક નથી જઈ રહ્યા?

ક્ષપણક – (બંને કાન બંધ કરીને) પાપો શાંત થાઓ. શ્રાવક! હું એવી જગ્યાએ જઈ રહ્યો છું જ્યાં રાક્ષસ કે પિશાચનું નામ પણ સાંભળવામાં આવતું નથી.

ભાગુરાયણ : ભદંત! તમને તમારા મિત્ર માટે ખૂબ પ્રેમ છે. તો શું રાક્ષસે મહારાજ સામે કોઈ ગુનો કર્યો છે?

ક્ષપાનક : સાધક! રાક્ષસે મારા પર કોઈ ગુનો કર્યો નથી. હું મારા પોતાના કાર્યોથી શરમ અનુભવી રહ્યો છું કારણ કે હું કમનસીબ છું.

ભાગુરાયણ: ભદંત! તમે મારી જિજ્ઞાસા વધારી રહ્યા છો.

મલયકેતુ: (મનમાં) અને હું પણ.

ભાગુરાયણ: મારે સાંભળવાની ઈચ્છા છે.

મલયકેતુ: (મનમાં) મને પણ.

ક્ષપાનક: સાધક! આ સાંભળવાનો શું ફાયદો, જે સાંભળવા યોગ્ય નથી?

ભાગુરાયણ: ભદંત! જો તે ગુપ્ત હોય તો તેને રહેવા દો.

ક્ષપણક: પૂજક! તે ગુપ્ત નથી.

ભાગુરાયણ: તો કહો.

ક્ષપણક: સાધક! તે ગુપ્ત નથી! છતાં, હું તમને આ અત્યંત ક્રૂર સમાચાર નહીં કહીશ.

ભાગુરાયણ: ભદંત! હું પણ તમને પરવાનગી પત્ર નહીં આપું.

ક્ષપણક: (મનમાં) હવે જે વ્યક્તિ સાંભળવા તૈયાર છે તેને તે કહેવું ઠીક છે.

(પ્રગટ) ન કહેવામાં મારું ક્યાં સામર્થ્ય, હું તમને કહી રહ્યો છું સાંભળો. દુર્ભાગ્યે, કુસુમપુરમાં રહેતા હતા ત્યારે, તે રાક્ષસનો મિત્ર બની ગયો હતો. તે સમયે, રાક્ષસે એક વિશકન્યાનો ઉપયોગ કરીને મહારાજા પર્વતેશ્વરને ગુપ્ત રીતે મરાવી નાખ્યા.

મલયકેતુ: (રડતા, મનમાં) શું મારા પિતાને મારનાર રાક્ષસ હતો, ચાણક્ય નહીં?

ભાગુરાયણ: ભદંત! તે પછી શું થયું?

ક્ષપણક : પછી ચાણક્ય દ્વારા તેનું અપમાન કરવામાં આવ્યું અને રાક્ષસ સાથેની મિત્રતાને કારણે તેને કુસુમપુરમાંથી હાંકી કાઢવામાં આવ્યો. અત્યારે પણ, ઘણા કાર્યોમાં કુશળ રાક્ષસ દ્વારા કેટલાક એવા કામ શરૂ કરવામાં આવી રહ્યા છે, જેના કારણે હું પણ આ દુનિયાથી અલગ થઈ જઈશ (એટલે કે, મારી હત્યા થઈ જશે).

ભાગુરાયણ : ભદંત! 'દુષ્ટ ચાણક્યએ આ દુષ્કર્મ કર્યું કારણ કે તે અગાઉ આપેલા વચન મુજબ અડધું રાજ્ય આપવા માંગતો ન હતો; રાક્ષસ નહીં' : આ અમે સાંભળ્યું છે.

ક્ષપણક : (કાન પર હાથ રાખીને) પાપો શાંત થાય. ચાણક્યને વિશકન્યાનું નામ પણ ખબર નથી. તે જ દુષ્ટ મનના રાક્ષસે આ દુર્ઘટના સર્જી છે.

ભાગુરાયણ : ભદંત! આ દુઃખદ છે. હું તમને આ મુદ્રા આપી રહ્યો છું. ચાલો, આપણે બંને કુમારને આ વાત કહીએ.

મલયકેતુ : હે મિત્ર! મેં એક મિત્ર દ્વારા શત્રુને ઉદ્દેશીને કહેવામાં આવેલા કાનને દુઃખ પહોંચાડનારા શબ્દો સાંભળ્યા. આ કારણે, મારા પિતાની હત્યા અંગેનો મારો જૂનો દુઃખ આજે ફરી બમણો થઈ ગયો છે. 6॥

ક્ષપણકઃ (મનમાં) અરે દુષ્ટ મલયકેતુએ તે સાંભળ્યું. હું કૃતાર્થ થઈ ગયો. (આટલું કહીને તે ચાલ્યો જાય છે.)

મલયકેતુ : (આકાશ તરફ જોઈને) રાક્ષસ! બરાબર છે.

'આ મારો મિત્ર છે' એમ માનીને, બધી જવાબદારીઓ તારા પર છોડી નિશ્ચિંત મનવાળા મારા પિતાને મારા ભાઈઓ અને સગાંઓના આંસુઓ સાથે પાડી દીધા છે, હે રાક્ષસ! તું ખરેખર રાક્ષસ નીકળ્યો. 7 ॥

ભાગુરાયણ : (મનમાં) આર્ય ચાણક્યએ આદેશ આપ્યો છે કે રાક્ષસના જીવનનું રક્ષણ કરવું જ જોઈએ. ઠીક છે, તો તે બનો. (સ્પષ્ટપણે) હે કુમાર! ગુસ્સે ના થાઓ. હું આસન પર બેસેલા કુમાર પાસે નિવેદન કરવા માંગુ છું.

મલયકેતુ : (બેસીને) સખે! તમે શું કહેવા માંગો છો?

ભાગુરાયણ : કુમાર! વાસ્તવમાં, જે લોકો અર્થશાસ્ત્ર અનુસાર વર્તે છે, તેમના માટે હેતુ પર આધારિત ત્રણ પ્રકારની વ્યવસ્થા હોય છે : દુશ્મન, મિત્ર અને ઉદાસીન : અને સામાન્ય લોકોની ઈચ્છા પર આધારિત નહીં. કારણ કે તે સમયે, સ્વયંભૂ રાજા પર્વતેશ્વર, ચંદ્રગુપ્ત કરતાં વધુ શક્તિશાળી હોવાથી, સર્વાર્થસિદ્ધિને રાજા બનાવવા માંગતા રાક્ષસનો મોટો દુશ્મન હતો, અને તેના ઉદ્દેશ્યની સફળતામાં અવરોધો ઉભા કરવાને કારણે, અને તે સમયે રાક્ષસે આ કૃત્ય કર્યું હતું, તેથી મને આમાં તેના તરફથી કોઈ મોટો દોષ દેખાતો નથી. રાજકુમાર! જુઓ :

આ રાજકારણ, પોતાના હેતુ માટે, મિત્રને દુશ્મન અને દુશ્મનને મિત્રમાં ફેરવે છે, અને જીવતા રહીને, વ્યક્તિને એવા જન્મમાં લઈ જાય છે જેની ઘટનાઓ તેને યાદ પણ નથી હોતી. 8 ॥

તેથી, આ સંદર્ભમાં રાક્ષસનો તિરસ્કાર ન કરવો જોઈએ. જ્યાં સુધી તે નંદ સામ્રાજ્યના નિયંત્રણમાં ન આવે ત્યાં સુધી તેના પર કૃપા જળવાઈ રહેવી જોઈએ. આ પછી તમે તેને રાખી શકો છો અથવા છોડી શકો છો.

મલયકેતુ : હે મિત્ર! મને આશા છે. તમે સાચું વિચાર્યું છે. મંત્રીની હત્યાથી લોકો ગુસ્સે થશે અને આ રીતે આપણી જીત પર શંકા રહેશે.

પુરુષ – આર્યની જય થાઓ, આર્ય, લશ્કરી છાવણીમાં નિયુક્ત કરાયેલ અધિકારી દીર્ઘરક્ષ તમને વિનંતી કરી રહ્યો છે : અમે આ માણસને સેના છોડીને જતા પકડ્યો છે, તેની સાથે એક મોહર વગરનો પત્ર હતો. કુમારે પોતે તે જોવું જોઈએ.

ભાગુરાયણ : સરસ! તેને અહીં લાવો.

પુરુષઃ આર્ય જે કંઈ પણ આદેશ આપે. (આટલું કહીને તે ચાલ્યો જાય છે.)

(પછી સિદ્ધાર્થક પ્રવેશ કરે છે, તે માણસ સાથે બંધાયેલો છે.)

સિદ્ધાર્થક : (મનમાં)

દોષો પ્રત્યે વિમુખ થતી, ગુણો પ્રત્યે સંમુખ થતી એવી માતાની સમાન સ્વામિભક્તિને પ્રણામ કરીએ છીએ.9॥

પુરુષ : (નજીક આવીને) આર્ય! આ વ્યક્તિ છે.

ભાગુરાયણ : (નાટકીય રીતે જોઈને) ભદ્ર! શું નવો આવ્યો છે કે કોઈનો આશ્રિત છે?

સિદ્ધાર્થક : આર્ય! હું ખરેખર અમાત્ય રાક્ષસનો સેવક છું.

ભાગુરાયણ : ભદ્ર! તો પછી મુદ્રા લીધા વિના છાવણીથી બાહર કેમ નીકળી રહ્યો હતો?

સિદ્ધાર્થક : આર્ય! કામના મહત્ત્વને કારણે, હું ઉતાવળમાં હતો.

ભાગુરાયણ : એવું કેવું અગત્યનું કામ છે જે રાજાના આદેશનું ઉલ્લંઘન કરી રહ્યો છો.

મલયકેતુઃ સખે ભાગુરાયણ! લેખ લાવો.

ભાગુરાયણઃ (સિદ્ધાર્થકના હાથમાંથી લેખ લઈને અને મહોર જોઈને) કુમાર! આ લેખ છે અને આ રાક્ષસ નામની મુદ્રિત થયેલ છે.

મલયકેતુ : મુદ્રાનું રક્ષણ કરી પત્ર ખોલો અને મને બતાવો.

ભાગુરાયણ – (પત્ર ખોલે છે અને બતાવે છે.)

મલયકેતુ : (પત્ર લઈને વાંચે છે) સ્વસ્તિ, યથાસ્થાને, ક્યાંકથી કોઈક કોઈ પુરુષ વિશેષને જણાવે છે કે, આપણો વિરોધ દૂર કરીને, સત્યવાદી વ્યક્તિએ પોતાની અસાધારણ સત્યતા દર્શાવી છે. હવે, પહેલેથી જેની સાથે સંધિ કરી છે તે અમારા આ મિત્રોને પહેલાં જેની પ્રતિજ્ઞા કરી હતી તે સંધિ પ્રતિપાદિત કરી, પ્રોત્સાહન આપી, રાજી કરવા યોગ્ય છે. આ પ્રમાણે અનુગૃહીત થયેલા તે, પોતાના આશ્રયનો નાશ

*થતાં, ઉપકાર કરનારનો આશ્રય લેશે. સત્યાચરણીથી આ ભૂલાયું નથી છતાં, યાદ કરાવીએ છીએ. આમાંના કેટલાક કોશ અને હસ્તિદળ મેળવવા ઈચ્છુક છે, કેટલાક પ્રદેશ. સત્યાચરણીએ જે પણ અલંકારો મોકલ્યા હતા તે પણ મળ્યા છે. મેં પણ એકલો લેખ ન મોકલાય એટલે, સાથે કશુંક મોકલ્યું છે તે મેળવી લેજો. તમને ખૂબ જ વિશ્વસનીય સિદ્ધાર્થકનો મૌખિક સંદેશ સાંભળવા મળશે.*

*મલયકેતુ* **:** *ભાગુરાયણ! લેખ કેવો છે?*

*ભાગુરાયણ* **:** *ભદ્ર સિદ્ધાર્થકા! આ કોનો પત્ર (લેખ) છે?*

*સિદ્ધાર્થકઃ આર્ય! મને ખબર નથી.*

*ભાગુરાયણ* **:** *હે ધૂર્ત! તારી પાસે લેખ (પત્ર) છે અને તેને ખબર નથી કે તે કોનો પત્ર છે? ઠીક છે, બધું બાજુ પર રાખો, મૌખિક સંદેશ કોને આપવા માંગે છે?*

*સિદ્ધાર્થકઃ (ડરવાનો અભિનય કરીને) ફક્ત તમે જ.*

*ભાગુરાયણ* **:** *અમને?*

*સિદ્ધાર્થક* **:** *મને તમારા લોકોએ પકડી લીધો છે. તો મને ખબર નથી પડતી કે હું શું કહી રહ્યો છું.*

*ભાગુરાયણ* **:** *(ગુસ્સાથી) તને જલ્દી ખબર પડશે. ભાસુરક! તેને બહાર લઈ જઈને ત્યાં સુધી મારો જ્યાં સુધી તે બધું ન કહે.*

*ભાગુરાયણઃ આર્યના આદેશ મુજબ. (આમ કહીને, તે સિદ્ધાર્થક સાથે બહાર જાય છે અને ફરીથી પ્રવેશ કરે છે) આર્ય! જ્યારે તેને મારવામાં આવી રહ્યો હતો, ત્યારે સિક્કાથી ચિહ્નિત આ ઝવેરાતની પેટી તેની બાજુમાંથી પડી ગઈ.*

*ભાગુરાયણ* **:** *(જોઈને) કુમાર! આ પેટી પર રાક્ષસની મહોર પણ છે.*

*મલયકેતુ* **:** *આ પત્ર સાથે મોકલેલો 'પત્રપુષ્પ' જ હોવો જોઈએ. આ પણ ખોલો અને મુદ્રા સાચવીને મને બતાવો.*

**(***ભાગુરાયણ તેને ઉઘાડીને બતાવે છે)*

*મલયકેતુ* **:** *(જોઈને) આહ! આ એ જ આભૂષણ છે જે મેં મારા શરીરપરથી કાઢીને રાક્ષસને મોકલ્યા હતા. આ પત્ર ચંદ્રગુપ્તનો છે તે સ્પષ્ટ છે.*

*ભાગુરાયણ* **:** *કુમાર! બધી શંકાઓ દૂર થાય છે. ભદ્ર! તેને ફરીથી લઈ જાઓ અને મારો.*

*પુરુષ – આર્યની જેવી આજ્ઞા. (આમ કહીને, તે બહાર જાય છે અને ફરીથી અંદર આવે છે) આર્ય! આને ફટકારવામાં આવતા કહી રહ્યો છે કે હું કુમારને બધું કહેવા તૈયાર છું.*

*મલયકેતુ* **:** *લઈ આવો.*

*પુરુષઃ કુમારના આદેશ મુજબ. (આમ કહીને તે ત્યાંથી નીકળી જાય છે અને સિદ્ધાર્થક સાથે પ્રવેશ કરે છે.)*

*સિદ્ધાર્થક: (તેના પગે પડીને) આર્ય, કૃપા કરીને મને અભયદાન આપો.*

*મલયકેતુ : આશ્રિત પુરુષ માટે ચોક્કસપણે અભયદાન છે. તેથી, સંપૂર્ણ વિવરણ વાસ્તવિકતા સાથે જાણવ.*

*સિદ્ધાર્થ: કુમાર, સાંભળો! મને ખરેખર મંત્રી રાક્ષસે ચંદ્રગુપ્ત પાસે મોકલ્યો છે.*

*મલયકેતુ: હવે હું મૌખિક સંદેશ સાંભળવા માંગુ છું.*

*સિદ્ધાર્થકઃ કુમાર! મંત્રી રાક્ષસે મને સંદેશો મોકલ્યો છે કે મારા પ્રિય મિત્ર, આ પાંચ રાજાઓ, કુલૂતના શાસક ચિત્રાવમા, મલય નગરના શાસક સિંહનાદ, કાશ્મીરના શાસક પુષ્કરક્ષ, સિંધુના રાજા સિંધુસેન અને પારસિકના શાસક મેઘાક્ષ તમારી સાથે સંધિ કરી ચૂક્યા છે. આ મિત્ર રાજાઓમાંથી, પહેલા ઉલ્લેખિત ત્રણ રાજાઓ મલયકેતુના રાજ્યની ઈચ્છા ધરાવે છે, બાકીના બે રાજાઓ તિજોરી અને હાથીઓની સેના ઈચ્છે છે. તેથી, ચાણક્યને ગમે તે રીતે દૂર કરીને, જેમ મહારાજાએ મારા માટે પ્રેમ કેળવ્યો છે, તેવી જ રીતે ઉપરોક્ત વસ્તુઓ (ખજાનો, હાથીઓની સેના) આ રાજાઓને પણ આપવી જોઈએ. આ એક એવો સંદેશ છે.*

*મલયકેતુ: (વિચારે છે) શું ચિત્રાવમા અને બીજાઓ પણ મને દગો આપે છે? તેથી જ તેને રાક્ષસ પ્રત્યે ખૂબ પ્રેમ છે. (સ્પષ્ટપણે) વિજયે! મારે અમાત્ય રક્ષાના દર્શન કરવા છે.*

*પ્રતિહારી: કુમારના આદેશ મુજબ. (આટલું કહીને તે જતી રહે છે.)*

(*પછી આસન પર બેઠેલો ચિંતિત રાક્ષસ એક માણસ સાથે તેના મહેલમાં પ્રવેશ કરે છે.)*

*રાક્ષસ: (મનમાં) આપણી લશ્કરી તાકાત ચંદ્રગુપ્તની સેનાથી ભરાઈ ગઈ છે. જો આ સાચું હોય, તો મારું મન શુદ્ધ નથી થઈ રહ્યું. કારણ કે:*

*ન્યાયની વાદ પ્રણાલીમાં, વાદી હંમેશા એવો હેતુનું ચયન કરે છે જે ચોક્કસપણે સાધ્ય સાથે હોય છે, એટલે કે જેની સાધ્ય સાથે નિશ્ચિત વ્યાપ્તિનો સંબંધ હોય છે. જેમ કે ધુમાડાનો અને અગ્નિ સાથે સંબંધ. ઉપરાંત, હેતુ એવું હોવું જોઈએ જે સપક્ષમાં રહેતું હોય અને વિરક્ષમાં ન હોય. જ્યારે આવું થાય છે ત્યારે જ કોઈ સાધન અનુમિતિ કરાવવામાં સફળ થઈ શકે છે. પરંતુ એવો સાધન જે સપક્ષ અને વિપક્ષ બંનેમાં રહેતો હોય અને પક્ષમાં પણ વિરુદ્ધ પડે છે તેવા આશ્રય લેવા વાળા વાદીનો નિગ્રહસ્થાન* (पराजयहेतुः निग्रहस्थानम् : तर्कभाषा, पदा.सं. 16 : *જ્યારે કોઈ તર્ક અથવા વાદઃવિવાદમાં, કોઈ વ્યક્તિ પોતાના તર્કને ખોટી રીતે સમજે છે અથવા સામે પક્ષના તર્કને ખોટો સાબિત કરવામાં અસમર્થ હોય છે, ત્યારે તેને નિગ્રહસ્થાન કહેવામાં આવે છે. આનો અર્થ એ થાય કે વ્યક્તિ વાદઃવિવાદમાં હારી જાય છે.) કરાવી દે છે. એવી*

જ રીતે અમાત્યને પણ સ્વામી માટે એવી સેનાનો (સાધન) ચયન કરવો જોઈએ જે સાધ્ય (વિજય)ને પ્રાપ્ત કરાવવા માટે નિશ્ચિત રૂપે સમર્થ હોય. જે મિત્રો સાથે મળેલી હોય અને શત્રુઓના વિરોધમાં હોય. મિત્રો અને શત્રુઓ સાથે સમાન વ્યવહાર કરવાવાળી પક્ષ (સ્વામી)ના પ્રતિ વિરોધમાં રહેવાવાળી સેનાના આશ્રય લેવાથી સ્વયં સ્વામીની પરાજય થવાની નિશ્ચિત છે.

અથવા જો આપણી પૂર્વોક્ત લશ્કરી દળ એવા સૈનિકોથી બનેલી હોય જેમના ચંદ્રગુપ્તથી અલગ થવાના કારણો જાણીતા હોય અને જેમણે આપણી રાજનીતિ સ્વીકારી લીધી હોય, તો મને કોઈ શંકા પણ ન કરવી જોઈએ. (પ્રગટ) પ્રિયંવાદક! અમારા આદેશ પર, કુમાર મલયકેતુના અનુયાયીઓ એવા રાજાઓને કહો કે હવે પાટલીપુત્ર દિવસેને દિવસે નજીક આવી રહ્યું છે. આખરે, સેનાનું વિભાજન કર્યા પછી, તમારે લોકોએ યુદ્ધના મેદાનમાં નીકળવું જોઈએ. કારણ કે :

ખસા અને મગધન સૈનિકોએ આગળના ભાગમાં એક ટુકડી બનાવીને મારું અનુસરણ કરવું. ગાંધાર સેનાપતિએ યવન સેનાપતિઓ સાથે મળીને આપણી સેનાની વચ્ચે પ્રયાસ કરવો જોઈએ. તેમની પાછળ ચેદી અને હુણ (મ્લેચ્છ વિશેષ) થી યુક્ત વીર નરેશ રહે. કૌતુલ વગેરો શેષ કુમાર મલયકેતુને વીંટાલાઈને ચાલે.11॥

પ્રિયંવદક : અમાત્યની જેવી આજ્ઞા. (આટલું કહીને તે ચાલ્યો જાય છે.)

પ્રતિહારી : (પ્રવેશ) અમાત્યનો વિજય થાઓ, અમાત્ય! કુમાર તમને મળવા માંગે છે.

રાક્ષસ : ભદ્રે! એક ક્ષણ રાહ જુઓ. અરે! અહીં કોઈ છે?

પુરુષ : (પ્રવેશીને) અમાત્ય, આદેશ આપો.

રાક્ષસ : ભદ્ર! શકટદાસને કહો કે કુમારે અમને ઘરેણાં પહેરાવ્યા છે, તેથી ઘરેણાં પહેર્યા વિના કુમારને મળવું યોગ્ય નથી. તો તમે ખરીદેલા ત્રણ ઘરેણાંમાંથી એક મને આપો.

પુરુષ : ઠીક છે. (આમ કહીને તે ત્યાંથી નીકળી જાય છે અને ફરી અંદર આવે છે) અમાત્ય! આ ઘરેણાં છે.

રાક્ષસઃ (નાટ્યમય રીતે, ઘરેણાં પહેરીને ઉભા રહીને) ભદ્રે! મને મહેલનો રસ્તો બતાવો.

પ્રતિહારી : આવો, અમાત્ય આવો.

રાક્ષસ : (તેના મનમાં) સત્તાનું સ્થાન નિર્દોષ વ્યક્તિને પણ ખૂબ જ ડરાવી દે છે. કારણ કે :

સૌ પ્રથમ, ભય માલિક પાસેથી નોકર સુધી પહોંચે છે અને પછી તે માલિકની ખૂબ નજીક રહેલા વ્યક્તિના હૃદયમાં પ્રવેશ કરે છે. ત્યારબાદ, ઉચ્ચ હોદ્દા પર પુરુષોનો

*દરજ્જો દુષ્ટ લોકોના હૃદયમાં નફરત પેદા કરે છે. ઉચ્ચ હોદ્દા પર બેઠેલા લોકોનું મન ફક્ત તેમના પતન વિશે જ વિચારે છે.* 12 ||

*પ્રતિહારીઃ (ફરીને) અમાત્ય ! આ રહ્યો કુમાર, અહીં બેઠા છે. તો, તમે તેમની પાસે જાઓ.*

*રાક્ષસઃ (જોવાનો અભિનય કરીને) આ કુમાર અહીં બેઠા છે. જે, આ માનસિક પ્રવૃત્તિથી મુક્ત હોવાને કારણે, પોતાના વિષય વિશેષને તરફ જોવાને બદલે, પોતાની નીચી નજર અંગૂઠા પર રાખીને અને ચંદ્ર જેવો ચહેરો હથેળી પર રાખીને, મહત્ત્વપૂર્ણ કાર્યના ગુરુત્વાકર્ષણને કારણે નીચે ઝૂકીને સારું લાગે છે.* 13||

(*નજીક જઈને) કુમારનો જય થાઓ.*

*મલયકેતુઃ આર્ય! પ્રણામ સ્વીકાર કરો. આ આસન છે, કૃપા કરીને બેસો.*

(*રાક્ષસ બેસે છે.)*

*મલયકેતુ : અમાત્ય! ઘણા સમયથી દર્શન ન થયા હોવાથી અમને ચિંતા થઈ રહી હતી.*

*રાક્ષસઃ કુમાર! હું સેનાના જવાની વ્યવસ્થા કરવામાં વ્યસ્ત હોવાથી મને કુમાર તરફથી ઠપકો મળી રહ્યો છે.*

*મલયકેતુઃ અમાત્ય! હું સાંભળવા માંગુ છું કે તમે સેનાના કૂચ માટે શું વ્યવસ્થા કરી છે.*

*રાક્ષસ : કુમાર! મેં તમારા અનુયાયી રાજાઓને આદેશ આપ્યો છે કેઃ*

(*'* प्रस्थातव्यम्*' વગેરે* 5.11 *શ્લોક ફરીથી વાંચે છે)*

*મલયકેતુ : (મનમાં) મને ખબર છે. શું એ લોકો જે મારા વિનાશ દ્વારા ચંદ્રગુપ્તની સેવા કરવા તૈયાર છે, શું એ જ લોકો જેમણે મને ચારે બાજુથી ઘેરી લીધો છે, (મોટેથી) આર્ય! શું કોઈ માણસ કુસુમપુર જઈ રહ્યો છે કે ત્યાંથી આવી રહ્યો છે?*

*રાક્ષસ : કુમાર! હાલમાં કુસુમપુર તરફનો વાહનવ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો છે. ખરેખર તો આપણે થોડાક દિવસોમાં જવાના છીએ.*

*મલયકેતુ : (મનમાં) હું સમજી ગયો છું. (મોટેથી) જો એમ હોય તો શું તમે પત્ર વાળી વ્યક્તિને કુસુમપુર મોકલી છે?*

*રાક્ષસ : (જોઈને) અરે! સિદ્ધાર્થકાકા. ભદ્ર! આ શું છે?*

*સિદ્ધાર્થક : (રડતા અને શરમ અનુભવતા હોય તેવું વર્તન કરતા) અમાત્ય પ્રસન્ન રહો, સખત માર ખાધા છતાં હું તમારું રહસ્ય છુપાવી શક્યો નહીં.*

*રાક્ષસ : ભદ્ર! તે રહસ્ય શું છે; હું આ સમજી શકતો નથી.*

સિદ્ધાર્થક: હું તમને કહું છું. માર ખાતી વખતે મેં કહ્યું (તે આ રીતે અધૂરું વાક્ય બોલે છે અને ડરથી મોઢું નીચું રાખીને ઊભો રહે છે.)

મલયકેતુ – ભાગુરાયણ! ડર અને શરમથી, આ વ્યક્તિ સ્વામી સામે કંઈ બોલી શકશે નહીં. તેથી તમારે પોતે જ આર્યને કહો.

ભાગુરાયણ – જેવી આજ્ઞા. અમાત્ય! તે કહી રહ્યો છે કે મંત્રી રાક્ષસે મને એક પત્ર અને મૌખિક સંદેશ મોકલ્યો છે.

રાક્ષસ : ભદ્ર સિદ્ધાર્થક! શું આ સાચું છે?

સિદ્ધાર્થકઃ (શરમ અનુભવવાનો અભિનય કરીને) મેં આમ કહ્યું કારણ કે મને ખૂબ માર મારવામાં આવ્યો હતો.

રાક્ષસ : કુમાર! એ જૂઠું છે. જે વ્યક્તિને માર મારવામાં આવી રહ્યો છે તે કઈ પણ કહી શકે?

મલયકેતુ : ભાગુરાયણ! તેને લેખ બતાવો અને મૌખિક સંદેશ તે નોકર તેને કહેશે.

(ભાગુરાયણ પત્ર જોઈને). 'સ્વસ્તી..., ઈત્યાદિ વાંચે છે.

રાક્ષસઃ કુમાર! આ દુશ્મનનો પ્રયોગ છે.

મલયકેતુ : આર્યએ આ ઘરેણાં મલયકેતુને પત્રની સાથે એક મહત્ત્વપૂર્ણ સંદેશ તરીકે મોકલ્યા હતા. તો દુશ્મન આનો ઉપયોગ કેવી રીતે કરી શકે? (ઝવેરાત બતાવે છે.)

રાક્ષસ : (ઝવેરાત ધ્યાનથી જોયા પછી) કુમાર! મેં આ મોકલ્યું નથી! કારણ કે કુમારે તે મને આપ્યું હતું, અને મેં તે સિદ્ધાર્થકને ઈનામ તરીકે આપ્યું હતું.

ભાગુરાયણ : હે અમાત્ય! આટલા ખાસ આભૂષણનું દાન કેવું છે, અને તે પણ કુમારે પોતાના શરીરમાંથી ઉતારીને આપ્યું છે?

મલયકેતુ : 'મૌખિક સંદેશાઓ પણ એવા વ્યક્તિ પાસેથી સાંભળવા જોઈએ જે સૌથી વધુ વિશ્વસનીય હોય', આર્યએ આ પણ લખ્યું છે.

રાક્ષસ : ક્યાંથી કે કોનો પત્ર સંદેશ? આ પત્ર મારો નથી.

મલયકેતુ : તો પછી આ મુદ્રા કોની છે?

રાક્ષસઃ કુમાર! ઠગનારાઓ કૃત્રિમ મુદ્રા પણ તૈયૈર કરી શકે છે.

ભાગુરાયણ : કુમાર! અમાત્ય સત્ય કહી રહ્યા છે. સિદ્ધાર્થક! આ પત્ર કોણે લખ્યો?

(સિદ્ધાર્થક રાક્ષસના ચહેરા તરફ જુએ છે અને શાંતિથી મોં નીચું રાખીને ઊભો રહે છે.)

ભાગુરાયણ : ફરીથી કેમ માર ખાવા માંગે છે? કહી દે.

સિદ્ધાર્થઃ આર્ય! શકટદાસે.

રાક્ષસઃ કુમાર! ભલે શકટદાસે લખ્યું હોય, મેં તો લખ્યું જ છે.

મલયકેતુઃ વિજયે! શકટદાસને બોલાવો.

પ્રતિહારી : કુમારની જેવી આજ્ઞા.

ભાગુરાયણ : (મનમાં) ચોક્કસ, આર્ય ચાણક્યના જાસૂસો વિચાર્યા વિના કંઈ કહેશે નહીં. અથવા શકટદાસ આવશે અને 'આ એ જ લેખ છે' એમ સમજીને, તે પહેલાની બધી વાતો જાહેર કરશે. જો આવું થશે તો આ નીતિને કારણે શંકાળુ મલયકેતુ નબળો પડી જશે. (પ્રગટ) કુમાર! શકટદાસ કદાચ અમાત્ય રાક્ષસ સમક્ષ સ્વીકારશે નહીં કે તે મારા દ્વારા લખાયેલ છે. તેથી, તેમનો બીજો લેખ પણ મેળવવો જોઈએ, જેમાંથી વર્ણોની સમાનતાથી પોતે જ આ બધું સ્પષ્ટ થઈ જશે.

મલયકેતુઃ વિજયે! એમ કરો.

ભાગુરાયણ : કુમાર! આ મુદ્રા પણ લાવો.

મલયકેતુ : બંને વસ્તુઓ લાવો.

પ્રતિહારી : કુમારના આદેશ મુજબ. (આમ કહીને તે બહાર જાય છે અને ફરી અંદર આવે છે) કુમાર! આ શકટદાસે પોતે લખેલો પત્ર છે અને આ તેની મહોર છે.

મલયકેતુ – (બંને વસ્તુઓ જોવાનો અભિનય કરીને) આર્ય! અક્ષરો સમાન છે.

રાક્ષસ : (મનમાં) અક્ષરો મેળ ખાય છે. શાકટદાસ મારો મિત્ર છે, તેથી જ હું તેને મળી શકતો નથી. તો શું આ પત્ર ફક્ત શકટદાસે જ લખ્યો છે?

પોતાના સ્વામી પ્રત્યેની ભક્તિ ભૂલીને, તે લોભી શકટદાસને નાશવંત સંપત્તિ, પુત્રઃ પત્ની વગેરે યાદ આવ્યા હશે (જેના કારણે તેણે પત્ર લખીને ખોટું કર્યું હશે).14॥

અથવા તેમાં કોઈ શંકા છેઃ

મારું ચલણ હંમેશા શકટદાસ પાસે રહ્યું અને સિદ્ધાર્થક શકટદાસનો પ્રિય મિત્ર છે. તેના બીજા પત્રના હસ્તાક્ષર જેવા જ છે. આ પત્ર દુશ્મન પક્ષે કુટનીતિ દ્વારા લખ્યો છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે શકટદાસ, જે પોતાની પત્ની અને બાળકોની સલામતી ઈચ્છતો હતો અને પોતાના સ્વામી પ્રત્યેની ભક્તિથી દૂર રહ્યો હતો, તેણે ચાલાક દુશ્મનો સાથે સાંઠગાંઠ કરીને અને તેમને પત્રો લખીને ખૂબ જ કૃપણતા સાથે વર્તન કર્યું છે. 15॥

મલયકેતુઃ આર્ય! તમે તમારા પત્રમાં લખ્યું છે કે 'તમે મોકલેલા ત્રણ ઘરેણાં મને મળી ગયા છે'. તો શું આ તે ઘરેણાંમાંથી એક છે (ધ્યાનથી જોયા પછી,મનમાં) શું આ તે ઘરેણું હતું જે પિતાએ પહેલા પહેર્યું હતું? (પ્રકટ) આર્ય! તમને આ ઘરેણાં ક્યાંથી મળ્યા?

રાક્ષસ – વેપારીઓ પાસેથી વેચાતું લીધું.

મલયકેતુઃ વિજયે! શું તમે આ ઘરેણાં ઓળખો છો?

પ્રતિહારી : (ધ્યાનથી જોઈને, રડતા) કુમાર! હું કેમ ઓળખી ન શકું? આ સ્વનામધન્ય મહારાજ પર્વતેશ્વર (તમારા પિતાજી) દ્વારા પહેરવામાં આવતા હતા.

મલયકેતુ : (આંખોમાં આંસુ સાથે) હા પિતાજી.

હે કુલભૂષણ! હે આભૂષણોના પ્રેમી, આ એ જ આભૂષણો છે જે તમારા શરીર પર ધારણ કરેલ છે, જે પહેરવાથી તમે શરદઋતુનાં નક્ષત્રયુક્ત સાંજની જેમ સુંદર દેખાતા હતા, તમારા ચહેરા પર ચંદ્રની જેમ પ્રકાશતા હતો. 16॥

રાક્ષસ : (મનમાં) તમે શું કહ્યું : 'આ ઘરેણાં પર્વતેશ્વર પહેલા પણ પહેરી ચૂક્યા છે?' (પ્રકટ) સ્પષ્ટ છે કે ચાણક્ય દ્વારા નિયુક્ત કરાયેલા કોઈ વેપારીએ તે અમને વેચી દીધા છે.

મલયકેતુ : આર્ય! એ સાચું નથી કે પિતા દ્વારા પહેરવામાં આવતા ખાસ ઘરેણાં ચંદ્રગુપ્તના હાથમાં પહોંચ્યા પછી વેપારીએ ખરીદ્યા હતા. અથવા તે સાચું છેઃ

ક્રૂર હૃદયના તમે વધારે લાભની ઈચ્છા રાખવાવાળા ચંદ્રગુપ્ત જેવા વેપારીથી અમને આ ઘરેણાંની કિંમત બનાવી દીધી છે જે. (આના મૂલ્ય તરીકે અમને ચુકવ્યા છે.) 17॥

રાક્ષસ : (મનમાં) ચાણક્યની કુટનીતિ કુશળતાનો આટલો મજબૂત ઉપયોગ થયો છે તે આશ્ચર્યજનક છે. કારણ કે :

આ લેખ મારો નથી એમ કહેવું યોગ્ય નથી; કારણ કે મુદ્રા મારી છે. શકટદાસ સાથેની મિત્રતાનો અંત આવી ગયો છે, આ નિવેદન પર કોઈ કેવી રીતે વિશ્વાસ કરી શકે? કોણ કલ્પના પણ કરશે કે રાજા ચંદ્રગુપ્તના ઘરેણાં વેચાઈ જશે? તેથી, આ સંદર્ભમાં તેને સ્વીકારવું વધુ સારું છે; અભદ્ર જવાબ આપવો યોગ્ય નથી. 18 ॥

મલયકેતુ : હું આ આર્યને પૂછી રહ્યો છું.

રાક્ષસ : (આંખોમાં આંસુ સાથે) કુમાર! જે કોઈ પણ આર્ય છે તેને પૂછો, હું હવે અનાર્ય બની ગયા છું.

મલયકેતુ : તે મૌર્ય નંદ વંશનો રાજકુમાર છે અને તમારા ચરણોનો આ સેવક, હું તમારા મિત્રનો પુત્ર છું. તે (મૌર્ય) એ છે જે તમને પોતાની ઈચ્છાથી ધન આપે છે અને આ હું છું જેને તમે પોતે ધન આપી રહ્યા છો. ચંદ્રગુપ્ત પાસે સચિવનું પદ ગુલામી જેવું છે અને અહીં તમારું મારા પર સંપૂર્ણ વર્ચસ્વ છે. સારું, આનાથી મોટી બીજી કઈ અભિલાષા તમને અનાર્ય બનાવી રહી છે? 19॥

રાક્ષસ : કુમાર! આવું અનુચિત કથન કહીને તમે પોતે જ નક્કી કર્યું છે કે હું અનાર્ય છું. કારણ કે : ('मौर्योऽसौ स्वामिपुत्र ...' યુષ્મદ્ અને અસ્મદ્ શબ્દો બદલીને આ શ્લોક વાંચે છે)

મલયકેતુ : (લેખ અને ઝવેરાતની પેટી બતાવીને) આ બધું શું છે?

રાક્ષસ : (આંખોમાં આંસુ સાથે) આ બધું વિધિનો વિલાસ છે, કારણ કે :

*બુદ્ધિશાળી અને કૃતજ્ઞ સદાચારી જે નંદ રાજાઓના તિરસ્કૃત પદ પર જેમણે સેવા આપી હોવા છતાં, અમે તેમના પુત્રોથી અલગ નહોતા. જે નંદ રાજા માનવના આચરણને પરખવાવાળા ન્યાય કરવાની ક્ષમતા ધરાવતો હતા, તે જે પાપીથી (ભાગ્ય) હણાયા તે જ પુરુષોના પ્રયત્નોને છેદનારા દૈવનો આ વિપુલ વિલાસ છે.* 20॥

*મલયકેતુ : (ગુસ્સાથી) શું તમે હજુ પણ એ હકીકત છુપાવી રહ્યા છો કે આ બધું મારાથી નહીં, પણ ભાગ્યથી થયું છે? અનાર્ય!*

*હે કૃતઘ્ન! સૌ પ્રથમ, વિશકન્યાનો ઉપયોગ કરીને, તે મારા પિતાનો નાશ કર્યો, જેમને તમારામાં ખૂબ વિશ્વાસ હતો, અને આશ્ચર્યજનક છે કે હવે, મંત્રી બનવાનું સન્માન પ્રાપ્ત કર્યા પછી, તે અમને બધાને માંસની જેમ દુશ્મનને વેચવાનું શરૂ કર્યું છે.* 21॥

*રાક્ષસ : (મનમાં) કપાળ પર આ ગુમડા પર બીજો દુખાવો થયો છે. (પ્રકટ, કાન બંધ કરીને) પાપો શાંત થાય, પાપો શાંત થાય. મેં મહારાજા પર્વતેશ્વર પર વિશકન્યાનો ઉપયોગ કર્યો નથી.*

*મલયકેતુ : તો પછી પિતાને કોણે માર્યો?*

*રાક્ષસ : આ બાબતે ફક્ત ભાગ્યને જ પૂછવું જોઈએ.*

*મલયકેતુ : (ગુસ્સાથી) શું આપણે આ માટે ભાગ્યને પૂછવાનું? ક્ષપાણક જીવસિદ્ધિને નહીં?*

*રાક્ષસ : (મનમાં) શું જીવસિદ્ધિ પણ ચાણક્યનો જાસૂસ છે? મને દુઃખ છે કે મારું હૃદય પણ દુશ્મનોના નિયંત્રણમાં આવી ગયું છે.*

*મલયકેતુ : (ગુસ્સાથી) ભાસુરક! સેનાપતિ શિખરસેનને આદેશ આપો કે કુલૂતદેશના ચિત્રવર્મા, મલયરાજ સિંહનાદ, કાશ્મીરના રાજા પુષ્કરાક્ષ, સિંધુરાજ સુષેણ, પારસીક મેઘાક્ષના રાજા એમ પાંચ રાજાઓ છે, જેઓ આ રાક્ષસ સાથે પ્રેમ કેળવીને આપણા શરીર સામે બળવો કરીને ચંદ્રગુપ્તને ખુશ કરવા તૈયાર છે. આમાંથી, ત્રણ સૌથી મહત્ત્વપૂર્ણ રાજાઓ મારી જમીન (રાજ્ય) પર કબજો કરવા માંગે છે, તેથી તેમને ઊંડા ખાડામાં દાટી દેવા જોઈએ અને માટીથી ઢાંકી દેવા જોઈએ અને બાકીના બે જેઓ હાથીઓની સેના ઈચ્છે છે તેમને હાથીઓના પગ નીચે કચડીને મારી નાખવા જોઈએ.*

*પુરુષ : રાજકુમારના આદેશ મુજબ. (આટલું કહીને તે ચાલ્યો જાય છે.)*

*મલયકેતુ : (ગુસ્સાથી) રાક્ષસ! અરે રાક્ષસ!! હું તારા જેવો વિશ્વાસઘાતી વ્યક્તિ નથી. હું મલયકેતુ છું. માટે તું તેને અહીંથી લઈ જા. અને ચંદ્રગુપ્તની સંપૂર્ણ સેવા કર. જુઓ:*

*જેમ એક દુષ્ટતા ધર્મ, અર્થ અને કામ ત્રણેય અર્થોનો નાશ કરે છે, તેવી જ રીતે હું તમારી સાથે આવેલા ચાણક્ય અને ચંદ્રગુપ્ત બંનેને ઉખેડી નાખવા સક્ષમ છું.* ॥ 22॥

*ભાગુરાયણ : કુમાર! તમારો સમય બગાડો નહીં. આ સમયે, સેનાને કુસુમપુરને ઘેરી લેવાનો આદેશ આપવો જોઈએ.*

*પુષ્પની પુષ્કળ સુગંધવાળી પરાગરજથી ગૌડપ્રદેશની સ્ત્રીઓના કપોલોને શ્યામ કરતા, ભમરાઓની કાન્તિ ધરાવતા વાંકડિયા કેશની શ્યામલતાને હરી લેતા, સૈન્યની ઘોડાઓની ખરીઓથી ખોદાતા ઉત્પન્ન થયેલા ધૂળના ગોટેગોટા, હાથીના મદજળથી કપાઈ ગયેલા મૂળવાળા રાત્રુઓના મસ્તક પર પડે. ॥ 23॥*

(*આમ મલયકેતુ તેના પરિવાર સાથે નીકળી જાય છે.)*

*રાક્ષસ : (ગુસ્સાથી) અરે, ધિક્કાર છે! કષ્ટ થાય છે કે ચિત્રવર્મા વગેરે તપસ્વીઓની પણ હત્યા કરવામાં આવી. તો, શું રાક્ષસનો પ્રયાસ તેના દુશ્મનોને બદલે તેના મિત્રોનો નાશ કરવાનો છે? હવે હું દુષ્ટ રાક્ષસ ફૂટેલા નસીબવાળો શું કરું?*

*શું મારે તપોવનમાં તપ કરવા જવું જોઈએ, પણ વેરથી ભરેલું મન તપથી શાંત થઈ શકતું નથી. શું મારે મારા ભાઈઓ અને સગાંવહાલાં જીવતા હોય ત્યારે તેમનું પાલન કરવું જોઈએ? આ સ્ત્રીઓનું કામ છે. કે પછી મારે તલવાર ઉપાડીને એકલા દુશ્મન દળો પર હુમલો કરવો જોઈએ? પણ આ કરવું પણ યોગ્ય નહીં હોય. મારું બેચેન મન મને મારી મિત્ર ચંદનદાસને મુક્ત કરતા રોકી રહ્યું છે. જો હું મારી જાતને રોકીશ નહીં તો હું કૃતઘ્ન બનીશ. ॥ 24॥*

(*આમ, બધા જાય છે.)*

**પાંચમો અંક સમાપ્ત**

## 15.4 છટ્ઠો અંક

**अथ षष्ठोऽङ्कः।**

(ततः प्रविशत्यलङ्कृतः सहर्षः सिद्धार्थकः)

सिद्धार्थः—

जयति जलदनीलः केशवः केशिघाती

जयति सुजनदृष्टिचन्द्रमाश्चन्द्रगुप्तः।

जयति जयनकार्यं यावत्कृत्वा च सर्वे [क्द्य.सज्जं याबत्कृत्वा सैन्यं?]

प्रतिहतप्रतिपक्षा आर्य चाणक्यनीतिः ||१ ||

यावत् ( क.द्य.तावत) चिरस्य कालस्य प्रियवयस्यं समिद्धार्थकं (क.द्य.सुसिद्धार्थं ) पश्यामि। (परिक्रम्यावलोक्य च) अयं पुनः प्रियवयस्यः सुसिद्धार्थकः इत एवागच्छति। तद् यावदुपसर्पामि।

समिद्धा [क्द्य. सुसिद्धार्थकः]—

संतापे तारेशानां गेहोत्सवे सुखायमानानाम्।

हृदयस्थितानां  विभवा विरहे मित्राणां दूनयन्ति॥२॥

[ क्य. संभाव (तप) यन्ति आपानकेषु, गेहोत्सवे रोदयन्ति।

हृदयास्थितान्यपि विरहे मित्रं मित्राणि  दुर्मनायन्ते]

श्रुतञ्च मया यथा मलयकेतुकटकात् प्रियवयस्यः सिद्धार्थक आगत इति। एनमन्वेषयामि। एष सिद्धार्थकः। अपि सुखं प्रियवयस्यस्य?

सिद्धार्थः— कथं प्रियवयस्यः समिद्धार्थकः। अपि सुखं प्रियवयस्यस्य?

(उभौ अन्योन्यमालिङ्गतः)

समिद्धा— कुतो मे सुखं येन त्वं  चिरकालप्रवासप्रत्यागतोऽपि, न मे गेहमागच्छासि।

सिद्धार्थः— प्रसीदतु प्रसीदतु प्रियवयस्यः। अहं खलु दृष्टमात्र एव आर्यचाणक्येनाज्ञप्तः, यथा  सिद्धार्थःर्थक! गच्छ, इमं वृत्तान्तं प्रियं प्रियदर्शनस्य देवस्य चन्द्रश्रियः निवेदयेति। तत स्तस्य तन्निवेद्य, एवमनुभूतपार्थिवप्रसादः  प्रियवयस्यं प्रेक्षितुं तव गेहे चलितोऽस्मि।

समिद्धा— वयस्य! यदि मे श्रोतव्यं ततः कथय किं तत् प्रियं प्रियदर्शनस्य चन्द्रश्रियः निवेदितमिति।

सिद्धार्थ—प्रियवयस्य! तवापि किमश्रोतव्यमस्ति, तन्निशामय। अस्ति तावत्, आर्यचाणक्यनीतिप्रोहितमतिना मलयकेतुहतकेन निराकृत्य  राक्षसःसं, हताश्चित्रवर्णप्रमुखाः प्रधानाः पञ्च पार्थिवाः। ततोऽसमीक्ष्यकारी एष दुराचार इति कृत्वा उज्झिवा मलयकेतुकटकभूमिं, कुशलतया  भयविलोलशेषसैनिकपरिवारेषु, स्वकं स्वकं विषयमभिप्रस्थितेषु पार्थिवेषु, भद्रभटःपुरुषदत्तःहिङ्गुरातःबलगुप्तःराजसेनःभागुरायणरायणःरोहिताक्षःविजयवर्गःप्रमुखैः संयमितो मलयकेतुः।

समिद्धा—वयस्य! भद्रभटप्रमुखाः किल देवस्य  चन्द्रश्रियः अपरक्ता मलयकेतुं समाश्रिता इति लोके मन्त्र्यते! तत् किं निमित्तमेतत्, कुकवि कृतनाटकस्येव अन्यत् मुखे अन्यत् निर्वहणे इति!

सिद्धार्थः— वयस्य ! शृणु तावत्, देवगत्यै इव अश्रुतमत्यै नम आर्यचाणक्यनीत्यैः

समिद्ध — वयस्य! ततस्ततः?

सिद्धार्थः—वयस्य! ततः प्रभृति,  सारसाधनसमुदायेन इतो निष्क्रम्य आर्यचाणक्येन प्रतिपन्नं सकलराजलोकसहितं अशेषं म्लेच्छबलम्। (क. १. अराजलोकमशेषराजबलम्।)

समिद्ध — वयस्य ! कुत्र  ?

सिद्धार्थ:— यत्रैते:

अतिशयगुरुणा दानदर्पेण दन्तिन:

सजलजलदनीला उद्धमन्तो नदन्ति।

कशाप्रहारभयेन जातकम्पोत्तरङ्गा:

गृहीतजयनशब्दा: संपतन्ति तुरङ्गा:॥३॥

समिद्ध— वयस्य! तावत् सर्वं तिष्ठतु। तथा सर्वलोकस्य प्रत्यक्षमुज्झिताधिकारो भूत्वा, कथमार्यचाणक्य: पुनरपि तदेव मन्त्रिपदमारूढ:?

सिद्धार्थ:—वयस्य! अतिमुग्ध इदानामसि त्वम्।
यस्त्वममात्यराक्षस:सेनाप्यनवगाहितपूर्वामार्यचाणक्य बुद्धिमवगाहितुमिच्छसि।

समिद्ध —वयस्य! अथ अमात्यराक्षस:स इदानीं कुत्र?

सिद्धार्थ—वयस्य! स खलु अमात्यराक्षस:सस्तस्मिन् प्रलयकोलाहले वर्द्धमाने, मलयकेतुकटकान्निष्क्रम्य, उदुम्बर [ क्ष्व.उदुर] नामधेयेन चरेणानुसंधीयमान: इदमेव कुसुमपुरमागत इत्यार्यचाणक्यस्य निवेदितम्।

समिद्ध — तथा नामामात्यराक्षस:सो नन्दराज्यप्रत्यानयने कृतव्यवसायो निष्क्रम्य, साम्प्रतमकृतार्थ: पुनरपि कथमिदं कुसुमपुरमागत:?

सिद्धार्थ:—वयस्य! तर्कयामि, चन्दनदासस्य स्नेहेनेति।

समिद्धा— वयस्य चन्दनदासस्य मोक्षं इव प्रेक्षे।

सिद्धार्थ:—वयस्य! कृतोऽघन्यस्य मोक्ष:? स खलु साम्प्रतमार्यणक्यस्याज्ञक्त्या द्वाभ्यामपि आवाभ्यां वध्यस्थानं प्रवेश्यव्यापादयितव्य:।

समिद्ध (सक्रोधम्)—वयस्य! किमार्य चाणक्यस्य घातकजनोऽन्यो नास्ति, यतोऽस्मानीदृशे नृशंसे कर्मणि नियुनक्ति?

सिद्धार्थ:—वयस्य न जीवलोके जीवितुकाम आर्यचाणक्यस्याज्ञप्तिं प्रतिकूलयति। तदेहि, चण्डालवेशधारिणौ भूत्वा, चन्दनदासं वध्यस्थानं नयाव:।

(इत्युभौ निष्क्रान्तौ)

इति प्रवेशक:

(तत:प्रविशति रज्जुहस्त: पुरुष:)

षड्गुणसंयोगदृढा उपायपरिपाटीघटितपाशमुखी!

चाणक्यनीतिरज्जू रिपुसंयमनोद्यता जयति॥४॥

(परिक्रम्यावलोक्य च) एष स आर्यचाणक्यस्य पुरतः उदुम्बरेण चरेण कथितः प्रदेशः यत्र मया आर्यचाणक्याज्ञप्त्या अमात्यराक्षसःसः प्रेक्षितव्यः। कथमेष खल्वमात्यराक्षसःसः कृतावगुण्ठन इत एवागच्छति। तद् यावदेभिजीर्णोद्यानपादपैरपवारितशरीरः प्रेक्षे कुत्रासनपरिग्रहं करोतीति ? (इति परिक्रम्य तथा स्थितः)

(ततःप्रविशति यथानिर्दिष्टःसशस्त्रो राक्षसःसः)

राक्षसः—(सवाष्पम्) कष्टं भोः कष्टम्!

उच्छिन्नाश्रयकातरेव कुलटा गोत्रान्तरं श्रीर्गता,

तामेवानुगता गतानुगतिकास्त्यक्तानुरागाः प्रजाः।

आप्तैरप्यनवातपौरुषफलैः कार्यस्य धूरुज्झिता,

किं कुर्वन्त्वथवोत्तमाङ्गरहितैः अङ्गैः [नाङ्गैः] चिरं अपि स्थीयते॥५॥

अपि च,

पतिं त्यक्त्वा देवं भुवनपतिमुच्चैरभिजनं

गता छिद्रेण श्रीर्वृषलमविनीतेव वृषली।

स्थिरीभूता चास्मिन् किमिह करवाम स्थिरमपि

प्रयत्नं नो येषां विफलयति दैवं द्विषदिव॥६॥

मया हि,

देवे गते दिवमतद्विधमृत्युयोग्ये

शैलेश्वरे तमधिकृत्य कृतः प्रयत्नः।

तस्मिन् हते तनयमस्य तथाप्यसिद्धिः

दैवं हि नन्दकुलशत्रुरसौ न विप्रः॥७॥

अहो! विवेकशून्यता म्लेच्छस्य! कुतः?

यो नष्टानपि बीज [ क. जीव] नाशमधुना शुश्रूषते स्वामिन—

स्तेषां वैरिभिरक्षतः कथमसौ सन्धास्यते राक्षसःसः

इत्थं वस्तुविवेकमूढमतिना म्लेच्छेन नालोचितं

दैवेनोपहतस्य बुद्धिरथवा सर्वा [ङ्करु. सर्वं ] विपर्यस्यति ॥८॥

तदिदानीमपि तावदरातिहस्तगतो नाशं गच्छेद्राक्षसो, न चन्द्रगुप्तेन सह सन्धिं कुर्यादिति, अथवा काममसत्यसन्ध इति वरमयशोः, न पुनः शत्रुवञ्चनपराभूतः इति।

(समन्तादवलोक्य शास्त्रम्) एतास्तावद् देवस्यपादचङ्क्रमणपरिचयपवित्रीकृततला: कुसुमपुरोपकण्ठभूमय:।

इह हि,

शार्ङ्गज्याकृष्टिमुक्त[क्च. शाङ्गाकर्षावमुक्त] प्रशिथिलकविकाप्रग्रहेणात्र देशे

देवेनाकारि चित्रं प्रजवितुरगं वाणमोक्षश्चलेषु।

अस्यामुद्यानराजौ स्थितमिह कथितं राजभिस्तैर्विनेत्थं

सम्प्रत्यालोक्यमाना: कुसुमपुरभुवो भूयसा दु:खयन्ति ॥९॥

तत् क्व खलु गच्छामि मन्दभाग्य: (विलोक्य) भवतु, दृष्टमेतज्जीर्णोद्यानपत्र प्रविश्य कुतश्चिच्चन्दनदासस्य वृत्तान्तमुपलपस्ये! (परिक्रम्य स्वगतम्) अहो ! अलक्षितोपनिपाता: पुरुषाणां समविषमदशापरिणतयो (च) भवन्ति। कुत:?

पौरैरङ्गुलिभिर्नवेन्दुवदहं निर्दिश्यमान: शनै:

र्यो राजेव पुरा पुरान्निरगमं राज्ञां सहस्त्रैर्वृत:।

भूय: सम्प्रति सोऽहमेव नगरे तत्रैव बन्ध्यश्रमो

जोर्णोद्यानकमेष तस्कर: इव त्रासाद विशामि द्रुतम्॥१०॥

अथवा, येषां प्रसादादिदमासीत् त एव न सन्ति। (नाट्येन प्रविश्य विलोक्य च) अहो ! जीर्णोद्यानस्य रमणीयता। अत्र हि,

विपर्यस्तं सौधं कुलमिव महारम्भरचनं,

सर: शुष्कं साधोर्हृदयमिव नाशेन सुहृदाम्।

फलैर्हीना वृक्षा विगुणनृप [ क्च. विधि ] योगादिव नया:

स्तृणैच्छन्ना भूमिर्मतिरिव कुनीतैरविदुष:॥११॥

अपिचात्र,

क्षताङ्गानां तीक्ष्णै: परशुभिरुदग्रै: क्षितिरुहां (क्च. उदग्रक्लभमृतां)

रुजा कूजन्तीनामविरतकपोतोपरुदितै:।

स्वनिर्मोकच्छेदै: परिचितपरिक्लेशकृपया

श्वसन्त: शाखानां व्रणमिव निबध्नन्ति फणिन:॥१२॥

एते च तपस्विन:

अन्त: शरीरपरिशोषमुपाश्रयन्त:,

( क्य. कीटक्षतिस्रुतिभिरस्रमिवोद्वमन्तः)

छायावियोगमलिना व्यसने निमग्ना,

वृक्षाः श्मशानमुपगन्तुमिव प्रवृत्ताः॥१३॥

तद्यावदस्मिन् विषमदशापरिणामसुलभे भग्नशिलातले मुहूर्त्तमुपविशामि (उपविश्याकण्य च) अये! तत् किमयमाकस्मिकः शङ्खपटहविमिश्रो नान्दीनादः श्रूयते। य एषः,

प्रकुर्वन् श्रोतृणां श्रुतिपथमसारं गुरुतया,

बहुत्वात् प्रासादः सपदि परिपीतोज्झित इव।

असौ नान्दीनादः पटुपटहशङ्खध्वनिमहान्

दिशां दैर्ध्यं द्रष्टुं प्रसरति सकौतूहल इव॥१४॥

विचिन्त्य—आ, ज्ञातम्, एष हि मलयकेतुसंयमनसंजात राजकुलस्य।(इत्यर्द्धोक्ते) मौर्यकुलस्याधिकपरितोषं पिशुनयति। (सवाष्पम्) कष्टं भोः, कष्टम्।

श्राविताऽस्मि श्रियं शत्रोरभिनीय च दर्शितः।

अनुभावयितुं मन्ये, यत्नः सम्प्रति मां विधेः॥१५॥

पुरुष— आसीनोयम्। यावदार्य चाणक्यदेशं संपादयामि। (राक्षसःसमश्यन्निव तस्याग्रतो रज्जुपाशेनात्मान मुद्बध्नति)

राक्षसः—(विलोक्य स्वगतम्) अये! कथमयमात्मानमुदबघ्नाति नूनमहमिव दुःखितस्तपस्वी। भवतु, पृच्छाम्येनम्। (उपसृत्य प्रकाशम्) भद्र! भद्र! किमिदमनुष्ठीयते?

पुरुष— (सबाष्पम् ) आर्य, यत्प्रियवयस्य विनाशदुःखितोऽस्मादृशो मन्दभाग्यः अनुतिष्ठति।

राक्षसः—(स्वगतम्) प्रथममेव तावन्मया ज्ञातं, नूनमहमिवायमार्त्तस्तपस्वी। भवतु, पृच्छाम्येनम्। (प्रकाशम्) भद्र! व्यसनसब्रह्मचारिन्। यदि न गुह्यं नातिभारिकं वा ततः श्रोतुमिच्छामि, किं ते प्राणपरित्यागकारणम्?

पुरुष—(निरूप्य) आर्य! न रहस्यं, न वा अतिगुरुकं,किन्तु न शक्नोमि प्रियवयस्यविनाशदुःखितहृदय एतावन्मात्रमपि मरणस्य कालहरणं कर्तुम्।

राक्षसः— (निःश्वस्यात्मगतम्) कष्टमेतेषु सुहृद्व्यसनेषु परवदुदासीनाः प्रत्यादिश्यामहे वयमनेन। (प्रकाशम्) भद्र! यदि न रहस्यं, नातिगुरु वा, ततः श्रोतुमिच्छामि,

पुरुष—अहो, निर्बन्ध आर्यस्य। का गतिः। एष निवेदयामि। अस्ति तावदत्र नगरे मणिकारश्रेष्ठी विष्णुदासो नाम।

राक्षसः—(स्वगतम्) अस्ति विष्णुदासचन्दनदासस्य परं मित्रम् (प्रकाशम्)किं तस्य?

पुरुष—स मम प्रियवयस्यः।

राक्षसः—(सहर्षमात्मगतम्) अये! प्रियवयस्य इत्याह। हन्त! अत्यन्तसन्निकृष्टसम्बद्धः। ज्ञास्यति चन्दनदासस्य वृत्तान्तम्।

पुरुष— (सवाष्पम्) स संप्रति दत्ताभरणादिविभवः ज्वलनं प्रवेष्टुकामो नगरान्निष्क्रान्तः। अहमपि यावत्तस्य अश्रोतव्यं न शृणोमि तावदात्मानमुद्बध्य व्यापादयितुं जीर्णोद्यानमागतः।

राक्षसः—भद्र! अग्निप्रवेशे तव सुहृदः को हेतुः? किमौषधपथातिगैरुपहतो महाव्याधिभिः?

पुरुष— आर्य, नहि नहि ।

राक्षसः— किमग्निविषकल्पया नरपतेर्निरस्तः क्रुधा—?

पुरुष—आर्य शान्तं पापं शान्तं पापम्। चन्द्रगुप्तस्य जनपदे न नृशंसाप्रतिपत्तिः।

राक्षसः— अलभ्यमनुरक्तवान् कथय किंनुनारीजनम्—?

पुरुष— (कर्णौ पिधाय ) आर्य, शान्तं पापम्। अभूमिः खल्वेष विनयनिधानस्य, वणिग्जनस्य, विशेषतो जिष्णुदासस्य ।

राक्षसः— किमस्य भवतो यथा सुहृद एव नाशोऽवशः ॥ १६ ॥

पुरुष— आर्य, अथ किम् ?

राक्षसः—(सावेगमात्मगतम्) चन्दनदासस्य प्रियसुहृ दिति तद् विनाश एवाग्निप्रवेशहेतुरिति, यत् समाकुलित एवास्मि सुहृत्स्नेहपक्षपणकातिना हृदयेन। (प्रकाशम्) भद्र ! तस्यापि तत्र सुहृदः सुचरितं विस्तरेण श्रोतुमिच्छामि।

पुरुष— आर्य, अतोपरं न शक्नोमि मन्दभाग्यः मरणस्य विघ्नमुत्पादयितुम्।

राक्षसः— श्रवणीयां कथां कथयतु भद्रमुखः।

पुरुष— का गतिः। एष खलु निवेदयामि। निशामयतु आर्यः।

राक्षसः—भद्र ! दत्तावधानोऽस्मि।

पुरुष—अस्त्यत्र नगरे मणिकारश्रेष्ठी चन्दनदासो नाम।

राक्षसः—(सविषादमात्मगतम्) एतत् तदपावृतं अस्मच्छोकदीक्षाद्वारं [क्व्य. अमस्मद्विनाशदीक्षाप्रवेशद्वारं] दैवेन। हृदय स्थिरीभव। किमपि ते कष्टतरमाकर्णनीयम्। (प्रकाशम्) भद्र !. श्रूयते मित्रवत्सलः स साधुः। किं तस्य?

पुरुष— सोऽस्य विष्णुदासस्य प्रियवयस्यो भवति।

राक्षसः— (स्वगतम्) अयमभ्यर्णः शोकवज्रपातो हृदयस्य। (प्रकाशम्) ततस्ततः?

पुरुष — ततो विष्णुदासेन वयस्यस्नेहसदृशमद्य विज्ञप्तचन्द्रगुप्तः।

राक्षसः —कथय किमिति?

पुरुष — देव! अस्ति मे गेहे कुटुम्बभरणपर्याप्ता अर्थवत्ता। तदतेन विनिमयेन मुच्यतां मे प्रियवयस्यः चन्दनदास इति।

राक्षसः — (स्वगतम्) साधु, भो विष्णु साधु, अहो दर्शितो मित्रस्नेहः। कुतः?

पितृन् पुत्राः पुत्रान् परवदभिसन्धाय पितरो,

यदर्थं सौहार्दं, सुहृदि च समुज्झन्ति सुहृदः।

प्रियं मोक्तुं तद्यो व्यसनामिव सद्यो व्यवसितः।

[ क्द्य. प्रियस्यार्थे योसौ व्यसनसहितस्य व्यवसितः?

प्रियं सद्यस्त्यक्तुं व्यसनिनि वयस्ये व्यवसितः]

कृतार्थोऽयं सोऽर्थः स्तव सति वणिक्त्वेऽपि वणिजः॥१७॥

प्रकाशम्— भद्र! ततस्तथाभिहितेन सता किं प्रतिपन्नं मोर्येण?

पुरुष—आर्य! तत एवं भणितेन चन्द्रगुप्तेन प्रतिभणितः श्रेष्ठी विष्णुदासः। विष्णुदास, न मयार्थस्य कारणेन श्रेष्ठी चन्दनदासः संयमितः, किन्तु प्रच्छादितोऽनेन अमात्यराक्षसःसस्य गृहजनो बहुशो याचितेनापि न समर्पित इति। तद् यदि अमात्यराक्षसःसस्य गृहजनं समर्पयति तदस्ति तस्य मोक्षः। अन्यथा, प्राणहरस्तस्य दण्ड इति भणित्वा, वध्यस्थानमानीतः ततो यावदस्य चन्दनदासस्याश्रोतव्यं न शृणोमि तावद्ज्वलनं प्रविशामीति श्रेष्ठी विष्णुदासो नगरान्निर्गतः। अहमपि यावत् प्रियवयस्यस्यश्रोतव्यं न शृणोमि तावदत्मानमुद्बध्य व्यापादयामीति,इदं जीर्णोद्यानमागतोस्मि।

राक्षसः— भद्र, न खलु व्यापादितचन्दनदासः।

पुरुष—अद्य तावत् व्यापाद्यते। स खलु साम्प्रतं पुनः पुनः अमात्यराक्षसःसस्य गृहजने याच्यते। न स मित्रवत्सलतया याच्यमानोऽपि तं समर्पयति। तदेतेन कारणेन भवति तस्य मरणस्य कालहरणम्।

राक्षसः—(सहर्षमात्मगतम्) साधु, वयस्य चन्दनदास साधु।

शिवेरिव समुद्भूतं शरणागतरक्षया!

निचीयते त्वया साधो! यशोऽपि सुहृदा विना(क्द्य. मया )॥१८॥

(प्रकाशम्) भद्र, भद्र, गच्छ शीघ्रमिदानीं विष्णुदासं ज्वलनप्रवेशान्निवारय। अहमपि चन्दनदासं मरणान्मोचयामि।

पुरुष—अथ केन पुनरुपायेन आर्यवन्दनदासं मरणाम्नोचयति?

राक्षसः—(खड्गमाकृप्य) नन्वनेन व्यवसायमहासुहृदानिस्त्रिंशेन। ननु पश्य,

निस्त्रिंशोऽयं सजल [क्द्य. विगत] जलदव्योमसंकाशमूर्त्तिः

र्युद्धश्रद्धापुलकित इव प्राप्तसख्यः करेण।

सत्वोत्कर्षात् समरनिकषे दृष्टसारः परैर्मे

मित्रस्नेहाद् विवशमधुना साहसे मां नियुङ्क्ते॥१९॥[ क्द्य.मित्रस्नेहो विवशमथवा ]

पुरुष—आर्य! एवं श्रेष्टिचन्दनदासजीवितं प्रदानपिशुनितं विषमदशाविपाकनिपतितं न शक्नोमि त्वां निर्णयं प्रतिपंत्तु किं सुगृहीतनामधेया अमात्यराक्षसःसपादा यूयमिति, तत् कुरु मे प्रसादं संशयनिर्णयेन।

राक्षसः— भद्र! सोऽहमनुभूतभर्तृ वंशविनाशः सुहृद्विनाशहेतुरनार्यो गृहीतनामा यथार्थो राक्षसः।

पुरुष— (सहर्षं पुनः पादयोर्निपत्य) आश्चर्यम्। दिष्टया कृतार्थोऽस्मि।

राक्षसः— भद्र! उत्तिष्ठोत्तिष्ठ, कृतमिदानीं कालहरणेन। निवेद्यतां विष्णुदासाय यथैष राक्षसःसश्चन्दनदास मरणान्मोचयति इति (निस्त्रिंशोऽयमित्यादि पठन्नाकृष्टखड्गः परिक्रामसि)

पुरुष— (पादयोर्निपत्य) प्रसीदन्तु प्रसीदन्तु अमात्यराक्षसःसपादाः। अस्ति तावदत्र नगरे प्रथमं चन्द्रगुप्तहतकेनार्य शकटदासोवध्यस्थानं आज्ञप्तः। स च केनापि वध्यस्थानादपहृत्य देशान्तरमपवाहितः। ततश्चन्द्रगुप्तहतकेन कस्मादेष प्रमादः कृतः इति आर्य शकटदासे समुज्ज्वलितो रोषाग्निर्घातकजनवधजलेन निर्वापितः। ततः प्रभृति, घातका य कश्चित् गृहीतशस्त्रं अपूर्वं पुरुषमग्रतः पश्चाद्वा प्रेक्षन्ते तदात्मनो जीवित परिरक्षन्तोऽप्रमत्ता एते वध्यस्थाने वध्यं व्यापादयन्ति। एवं गृहीतशस्त्रैरमात्यपादैः तत्र गच्छद्भिः श्रेष्टिचन्दासस्य वधस्त्वरायितो भवति।

(इति निष्क्रान्तः)

राक्षसः—स्वगतम्। अहो !; दुर्बोधश्चाणक्यवटोर्नीतिमार्गः।कुतः?

यदि स शकटो नीतः शत्रोर्मतेन ममान्तिकं,

किमिति निहस्तेन क्रोधाद् वधाधिकृतो जनः?

अथ न [ क्द्य.कृतकं तादृग्लेखं कथं नु विभावये

दिति मम मतिस्तर्कारूढा न पश्यति निश्चयम्॥२०॥

(विचिन्त्य) तस्मात्,

नायं निस्त्रिंशकालः, प्रथममिह कृते घातकानां विघाते,

नीतिः कालान्तरेण प्रकटयति फलं किं तया कार्यमत्र।

औदासीन्यं न युक्तं प्रियसुहृदि गत मत्कृतामेवघोसं

व्यापत्तिम्। ज्ञातम्। अस्मिन् स्वतनुमहमिमां निष्क्रयं कल्पयामि॥२१॥

(इति निष्क्रान्ताः सर्वे)

इति षष्ठोऽङ्कः ।

**છઠ્ઠો અંક**

*(પછી અલંકૃત સિદ્ધાર્થક પ્રસન્નતા પૂર્વક પ્રવેશ કરે છે.)*

*સિદ્ધાર્થક*: *જે વાદળ જેવા શ્યામ વર્ણના છે અને કેશી રાક્ષસનો વધ કરનાર છે તેવા ભગવાન શ્રી કૃષ્ણનો જય થાય. પ્રજાનો નયનોને જે આહ્લાદિત કરે તેવા ચંદ્ર જેવા મહારાજ ચંદ્રગુપ્તને નમન. વિજયને પ્રાપ્ત કરવા સુધી સમગ્ર સેનાને તૈયાર કરનારા અને શત્રુઓનો નાશ કરનારી આર્ય ચાણક્યની કુટનીતિનો જય થાઓ.* 1 ॥

*તો, ઘણા સમય પછી, આજે મારા પ્રિય મિત્ર સુસિદ્ધાર્થકને જોઉં છું. (આસપાસ ફરીને જોતા) ફરી એકવાર આ પ્રિય મિત્ર સુસિદ્ધાર્થક આ તરફ આવી રહ્યો છે. હું તેની પાસે જાઉં છું.*

*(પછી સુસિદ્ધાર્થ પ્રવેશે છે.)*

*સિદ્ધાર્થક — સંતાપમાં ચંદ્ર, ઘરનાં ઉત્સવોમાં હૃદયમાં રહેનારા પ્રિય મિત્ર, જ્યારે વિરહ થાય ત્યારે દુઃખ આપે છે.* ॥2॥

*મેં સાંભળ્યું છે કે મારો પ્રિય મિત્ર સિદ્ધાર્થક મલયકેતુની સેનામાંથી આવ્યો છે. તો ત્યાં સુધી હું તેને શોધી કાઢું. (આસપાસ ફરીને નજીક આવીને) આ રહ્યો સિદ્ધાર્થક.*

*સિદ્ધાર્થક : (જોઈને) શું પ્રિય સુસિદ્ધાર્થક આ તરફ આવી રહ્યો છે? (નજીક આવીને) પ્રિય મિત્ર! તમે મઝામાં છો?*

*(બંને એકબીજાને ભેટી પડે છે.)*

*સિદ્ધાર્થક : અરે મિત્ર! હું કેવી રીતે ખુશ થઈ શકું કે તમારો મિત્ર, લાંબા સમય પછી વિદેશથી પાછો ફર્યો પણ, મને જાણ કર્યા વિના ચાલ્યો ગયો.*

*સિદ્ધાર્થક : પ્રિય મિત્ર! પ્રસન્ન રહો. મને જોઈને આર્ય ચાણક્યએ આદેશ આપ્યો, સિદ્ધાર્થક! મહારાજા ચંદ્રગુપ્તને જઈને આ સુખદ વાર્તા સંભળાવો. ત્યારબાદ, તેમને*

*પ્રાર્થના કરીને અને મહારાજની કૃપાથી હું મારા પ્રિય મિત્રને મળવા તારા ઘરે જવા નિકળ્યો છું.*

*સિદ્ધાર્થક : પ્રિય મિત્ર! જો સાંભળવા યોગ્ય કોઈ વાર્તા હોય, તો તે મને પણ સંભળાવો. પ્રિયદર્શને ચંદ્રગુપ્તને કઈ સુંદર વાર્તા કહી છે?*

*સિદ્ધાર્થક : પ્રિય વયસ્ય! એવું શું છે જે હું તને કહી શકતો નથી? તો સાંભળ : આર્ય ચાણક્યની નીતિને કારણે, મલયકેતુ, જે જડમતી બન્યો, તેણે રાક્ષસને હાંકી કાઢ્યો અને ચિત્રવર્મા વગેરે જેવા પાંચ મુખ્ય રાજાઓનો વધ કરાવ્યો. પછી 'તે કોઈ પણ વિચાર કર્યા વિના દુષ્કર્મ કરી રહ્યો છે.' આ વિચારીને, પોતાની લશ્કરી છાવણી છોડીને, સેનાના બાકી રહેલા થોડા અંગરક્ષકો, પોતાના રાજ્યની સલામતીની ચિંતા કરીને, પોતાના રાજ્યોમાં પાછા ફર્યો. પછી, ભદ્રભટ, પુરુષદત્ત, હિંગુરાત, રાજસેન, ભગુરાયણ, રોહિતાક્ષ અને વિજયવર્મા વગેરે પ્રમુખોએ મલયકેતુને પકડી લીધો.*

*સિદ્ધાર્થક : મિત્ર! લોકો માને છે કે – ભદ્રભટ વગેરે પ્રમુખોએ ખરેખર મહારાજા ચંદ્રગુપ્તની વિરુદ્ધ થઈ ગયા હતા અને મલયકેતુનો આશ્રય લિધો હતો. તો શા માટે તે એક કુકવિના નાટક જેવું લાગે છે, કે શરૂઆતમાં તે કંઈક છે અને અંતે તે કંઈક બીજું છે?*

*સિદ્ધાર્થકઃ વયસ્ય! સૌ પ્રથમ ભાગ્યગતિની સમાન આર્ય ચાણક્યની કુટનીતિને નમન.*

*સિદ્ધાર્થકઃ મિત્ર! તે પછી શું થયું?*

*સિદ્ધાર્થક : વયસ્ય! તે સમયથી, આર્ય ચાણક્ય શ્રેષ્ઠ યુદ્ધ સામગ્રી સાથે આ નગરમાંથી બહાર આવ્યો અને સમગ્ર શત્રુબળને જેના સેનાપતિનો રાજબળ ક્યાંય દેખાતો ન હતો તેવા સૈન્યને વશમાં કર્યું.*

*સિદ્ધાર્થકઃ વયસ્ય! ક્યાં?*

*સિદ્ધાર્થક : વયસ્ય! જ્યાં આઃ*

*અતિશય મદથી યુક્ત હાથીઓ પાણીથી ભરેલા વાદળોની લીલાને ધારણ કરીને ગરજે છે, ઘોડાઓ ચાબુકના ફટકોથી ડરીને ધ્રૂજતા અને તરંગિત થયા છે. વિજયના નાદ સાથે ઘોડાઓ દોડવા માટે તૈયાર દેખાય રહ્યા છે.॥3॥*

*સિદ્ધાર્થકઃ વયસ્ય! આ બધું રહેવા દો. બધાની સામે પોતાનું પદ છોડી દીધા પછી, આર્ય ચાણક્ય ફરીથી મંત્રી પદ કેવી રીતે સંભાળી શક્યા?*

*સિદ્ધાર્થકઃ વયસ્ય! તું અત્યાર સુધી મૂર્ખ જ રહ્યો છે, જેને અમાત્ય રાક્ષસ સમજી શક્યા ન હતા અને તું આર્ય ચાણક્યની બુદ્ધિમત્તા સમજવા માંગે છે.*

*સિદ્ધાર્થકઃ વયસ્ય! આ સમયે અમાત્ય રાક્ષસ ક્યાં છે?*

*સિદ્ધાર્થકઃ વયસ્ય! જ્યારે જ્યારે આપત્તિનો અવાજ વધી ગયો ત્યારે મલયકેતુની સૈન્ય છાવણી છોડીને ઉદુંબર નામના જાસૂસ સાથે કુસુમપુર આવ્યો છે, એવું આર્ય ચાણક્યને કહેવામાં આવ્યું છે.*

*સિદ્ધાર્થક : વયસ્ય! આ રીતે, જે રાક્ષસ મંત્રી નંદનું રાજ્ય પાછું મેળવવાનો પ્રયાસ કરી રહ્યો હતો, તે નિષ્ફળ ગયા પછી કુસુમપુર પાછો કેવી રીતે આવ્યો?*

*સિદ્ધાર્થકઃ વયસ્ય! મને લાગે છે કે કદાચ ચંદનદાસના સ્નેહને કારણે!*

*સિદ્ધાર્થક : મિત્ર! ખરેખર ચંદનદાસના પ્રેમને કારણે? તો શું ચંદનદાસનું તમે મુક્ત થવાનું વિચારી રહ્યા છો?*

*સિદ્ધાર્થક : મિત્ર! તે દુર્ભાગ્યપૂર્ણ વ્યક્તિ માટે મુક્તિ કેવી રીતે શક્ય છે? આર્ય ચાણક્યના આદેશ મુજબ, આપણને બંનેને વધ્યસ્થળ પર લઈ જઈને તેણે હણવાનો છે.*

*સિદ્ધાર્થક : (ગુસ્સાથી) મિત્ર! શું આર્ય ચાણક્યનો બીજો કોઈ ઘાતક માણસ નથી, કે જેથી કારણે આપણે બંને આ ક્રૂર કૃત્ય કરવા માટે નિયુક્ત કરવામાં આવી રહ્યા છીએ?*

*સિદ્ધાર્થકઃ મિત્ર! આ દુનિયામાં કોણ ટકી રહેવા માંગે છે તે આર્ય ચાણક્યના આદેશનું ઉલ્લંઘન કરી શકે છે? તો ચાલો જઈએ. ચાંડાલનો વેશ ધારણ કરો અને ચંદનદાસને કતલખાને લઈ જઈએ.*

(*આમ કહીને બંને જાય છે.)*

*પ્રવેશક પૂર્ણ થયો.*

(*પછી એક માણસ હાથમાં દોરડું લઈને પ્રવેશ કરે છે)*

*પુરુષ: છ ગુણો (સન્ધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ અને આશ્રય)ના સંયોગથી મજબૂત ઉપાયો (સામ, દામ, દંડ, ભેદ વગેરે) પાશમુખી શત્રુને તત્પરતાથી પકડનારું ચાણક્યનું નીતિદોરડું જય પામે.* ॥ 4 ॥

(*ફરીને અને જોઈને) આ એ જ જગ્યા છે જે જાસૂસ ઉદુંબરે આર્ય ચાણક્યને કહી હતી, જ્યાં મારે આર્ય કૌટિલ્યના આદેશ મુજબ અમાત્ય રાક્ષસને જોવાનું છે. (જોઈને) આ અમાત્ય રાક્ષસ માથું ઢાંકીને આ તરફ આવી રહ્યો છે. તો, ત્યાં સુધી, હું જીર્ણ બગીચામાં વૃક્ષોની પાછળ સંતાઈને જોઉં કે તે ક્યાં બેસે છે? (તે પાછળ ફરીને એમ જ ઊભો રહે છે.)*

(*ત્યારબાદ નિર્દેશ અનુસાર હાથમાં હથિયાર લઈને રાક્ષસ પ્રવેશ કરે છે.)*

*રાક્ષસ : (આંખોમાં આંસુ સાથે) અરે! કષ્ટ થાય છે.*

*પતિ દ્વારા ત્યજી દેવાયેલી કુલટા સ્ત્રીની જેમ, રાજલક્ષ્મી નંદ કુળ છોડીને નીચ મૌર્ય કુળમાં પહોંચી ગઈ છે. અનુયાયીઓએ પણ નંદ પ્રત્યેનો પ્રેમ છોડી દીધો છે અને*

*ફક્ત તેણી (લક્ષ્મી) ને અનુસરવાનું શરૂ કર્યું છે. પોતાનાં મહેનતનું ફળ ન મળતાં, વિશ્વસનીય લોકોએ પણ પોતાની જવાબદારીઓ છોડી દીધી છે. અથવા જો આપણે કંઈક કરીએ તો પણ, તેનાથી શું શક્ય છે? હવે તેઓ સંપૂર્ણપણે નકામા થઈ ગયા છે, જેમ કાપેલા શિર વગરના સાપ સમાન શુન્ય થઈ ચુક્યા છે.* ॥ 5 ॥

*હજી વધુ:*

*ખરાબ ચારિત્ર્ય ધરાવતી શુદ્ર સ્ત્રીની જેમ, લક્ષ્મીએ કુલીન રાજા નંદને છોડી દીધો છે અને કપટથી વૃષલ પાસે પહોંચીને તેની સાથે સ્થાયી થઈ ગઈ છે. હવે આ સંદર્ભમાં, આપણે અહીં રહીને શું કરવું? દુશ્મનની જેમ, ભાગ્ય પણ આપણા પ્રયત્નોને નિષ્ફળ બનાવી રહ્યું છે.* ॥ 6॥

*કારણ કે હું:*

*આ રીતે, જ્યારે મહારાજા નંદ જે અકાળ મૃત્યુને પાત્ર ન હતા, તેમનું અવસાન થયું, ત્યારે તેમણે તે પર્વતેશ્વરનો આશ્રય લીધો અને પ્રયત્નો કર્યા. પછી પર્વતેશ્વરના મૃત્યુ પછી, તેમણે તેમના પુત્ર મલયકેતુની મદદ લીધી. છતાં, હું નિષ્ફળ રહ્યો. કારણ કે ભાગ્ય પોતે નંદ વંશનો દુશ્મન બની ગયું છે, તે બ્રાહ્મણ ચાણક્ય નથી.* ॥ 7 ॥

*અરે! મ્લેચ્છ મલયકેતુની વિવેકશુન્યતા કેવી છે?*

*મહારાજાના સંપૂર્ણ વિનાશ પછી પણ નાશ પામેલા નંદોની સેવા કરતો આ રાક્ષસ (હું) અભિન્ન શરીર હોવા છતાં તે દુશ્મનો સાથે સંધિ કેવી રીતે કરી શકે? જ્ઞાનહીન મનથી મ્લેચ્છ મલયકેતુ આ વિશે વિચારી પણ ન શક્યા. અથવા ભાગ્યથી પીડાતી વ્યક્તિની આખી બુદ્ધિ વિરુદ્ધ થઈ જાય છે.* ॥ 8 ॥

*તેથી, જો રાક્ષસ હજુ પણ દુશ્મનના હાથમાં આવી જાય, તો તે પોતાનો જીવ આપી દેશે પણ ચંદ્રગુપ્ત સાથે સંધિ કરશે નહીં. નહીંતર ખોટું વચન આપવું મારા માટે ખોટું હશે; બદનામ થવું અને દુશ્મનની ભેદનીતિને કારણે હારવું મારા માટે સારું નહીં હોય. કારણ કે અહીં:*

*આ પ્રદેશમાં મહારાજા નંદ જ્યારે ઝડપી ઘોડા પર બેઠા હતા, ત્યારે તેમના હાથથી ધનુષ્ય ખેંચવામાં વ્યસ્ત હતા અને લગામ ઢીલી પડી ગઈ હતી, ત્યારે તેમણે દોડતા પ્રાણીઓ પર વિચિત્ર રીતે તીર છોડ્યા હતા. બગીચાઓની આ હરોળમાં બેઠેલા મહારાજા સાથે બીજા રાજાઓએ વાત કરી હતી. હવે તેમના વિના કુસુમપુરની આ ભૂમી ખૂબ જ ઉજ્જડ લાગે છે અને ભારે દુઃખ થઈ રહ્યું છે.* ॥9॥

*તો આ ખરાબ ભાગ્ય સાથે હું ક્યાં જાઉં? (જોઈને) સારું, આ જીર્ણ કરેલો બગીચો દેખાય છે. મને અહીં જઈને ક્યાંકથી ચંદનદાસના સમાચાર મેળવું. (ફરીને, મનમાં) એ આશ્ચર્યજનક છે કે અનુકૂળ અને પ્રતિકૂળ સંજોગોની વિવિધ અસરો માણસો પર અજાણતાં અનુભવાય છે. કારણ કે : પહેલા જ્યારે હું, હજારો રાજાઓથી ઘેરાયેલો રાક્ષસ બીજના ચંદ્રની જેમ મારી આંગળીઓથી નાગરિકો રાજાની જેમ મને ઈશારો*

*કરતા હતા અને હું ધીમે ધીમે નગરથી નિકળતો હતો, ત્યારે હવે નિરર્થક પ્રયાસ પછી હું ફરીથી ડરથી ઉતાવળમાં ચોરની જેમ પ્રવેશ કરી રહ્યો છું.* ॥10 ॥

*અથવા જેમની કૃપાથી આ બધું અનુભવાઈ રહ્યું હતું તે લોકો હવે રહ્યા નથી. (પ્રવેશ કરીને નાટ્યાત્મક નજરે જોતા) આશ્ચર્યજનક છે કે નવીનીકરણ કરાયેલ બગીચાની સુંદરતા હવે રહી નથી! કારણ કે અહીં:*

*આ નવીનીકરણમાં ખૂબ જ મહેનતથી બનેલો મહેલ નંદકુલની જેમ જ નાશ પામ્યો છે. જેવી રીતે એક સારા માણસનું હૃદય તેના મિત્રોના મૃત્યુ પછી સુકાઈ જાય છે તેવી જ રીતે પાણીથી ભરેલું તળાવ સુકાઈ ગયું છે. જેમ ગુણો વગરના રાજાના શાસનને કારણે નવી પ્રજા ઉદ્યમહીન થઈ જાય છે, તેવી જ રીતે અહીંના વૃક્ષો ફળહીન થઈ ગયા છે. જેમ દુર્નીતિથી મૂર્ખની બુદ્ધિ ઢંકાઈ જાય છે, તેવી જ રીતે આ જર્જરિત બગીચાની જમીન પણ ઘાસથી ઢંકાઈ ગઈ છે.* ॥11॥

*અને અહીં પણ:*

*તીક્ષ્ણ કુહાડીઓ દ્વારા વૃક્ષોની ડાળીઓ કાપવામાં આવતી પીડાને કારણે કબૂતરો સતત દયનીય રડી રહ્યા છે. પોતાના પરિચિતોના દુઃખ પ્રત્યે કરુણાથી ભરાઈ ગયેલા સાપ, જાણે કે સિસકારા કરી રહ્યા હોય અને પોતાની ચામડીના ટુકડા વડે ઘા પર મલમ લગાવી રહ્યા હોય.* ॥12 ॥

*આ બેચારાઓ:*

*આ જર્જરિત બગીચામાં, વૃક્ષો, જે તપસ્વીઓની જેમ અંદરથી સુકાઈ રહ્યા છે, જંતુઓ દ્વારા બનાવેલા છિદ્રોને કારણે સતત વહેતા પ્રવાહીના રૂપમાં આંસુ વહાવી રહ્યા છે, છાંયો વિના, જાણે તેમના પ્રિયજનથી અલગ થવાના શોકમાં, એવું લાગે છે કે જાણે તેઓએ સ્મશાનભૂમિ જવાની તૈયારી કરી લીધી હોય.* ॥ 13॥

*ત્યાં સુધી આ વિચિત્ર પરિસ્થિતિના પરિણામે મળેલા તૂટેલા ખડક પર થોડીવાર બેસીને આરામ કરી લઉં છું. (બેસીને અને સાંભળીને) અરે! શંખ અને ઢોલ સાથે મિશ્રિત નાંદીપાઠનો આ અચાનક અવાજ કેવી રીતે સંભળાઈ રહ્યો છે? આ તો:*

*રણવાદ્યો અને શંખોના અવાજો સાથે આવેલો આ મહાન શુભ ધ્વનિ, ગુરુત્વાકર્ષણને કારણે શ્રોતાઓના કાન સાંભળી શકતા નથી, અને તેની વિપુલતાને કારણે મહેલોમાંથી ઝડપથી બહાર નીકળી ગયો હોય તેવું લાગે છે, જે દિશાઓના વિસ્તરણને જોવા માટે જિજ્ઞાસા પેદા કરે છે.* ॥ 14॥

(*વિચારીને) ઠીક છે, હું સમજી ગયો. મલયકેતુને પકડવાથી ઉદ્ભવેલી (ઈર્ષ્યા સાથે અધૂરું વાક્ય કહીને) મૌર્ય વંશના અધિકારથી રાજવી વર્ગના સંતોષનો સંકેત આપી રહી છે. (આંખોમાં આંસુ સાથે) આહ! પીડા છે, ખૂબ જ પીડા.*

*શત્રુ (ચંદ્રગુપ્ત મૌર્ય)ના ઉદયનું વર્ણન મને કરવામાં આવ્યું છે અને બતાવવામાં આવ્યું છે. મને લાગે છે કે આ ભાગ્યનો પ્રયાસ છે કે હું હમણાં જ તેનો અનુભવ કરાવી શકું.* ॥ 15 ॥

પુરુષ : તે બેસી ગયો છે. તેથી, હવે હું આર્ય ચાણક્યના આદેશનું પાલન કરું. (રાક્ષસને અવગણીને, તે તેના ગળામાં દોરડું બાંધે છે.)

રાક્ષસ : (તેની સામે જોઈને, મનમાં) અરે! પોતાની જાતે ફાંસી કેમ લગાવી રહ્યો છે? આ તપસ્વી ખરેખર મારા જેટલો જ દુઃખી દેખાય છે. સારું, તેને પૂછું. (આગળ વધીને, પ્રકટ) અરે ભાઈ! તમે શું કરી રહ્યા છો?

પુરુષ : (આંખોમાં આંસુ સાથે) આર્ય! મારા જેવો કમનસીબ વ્યક્તિ જ્યારે કોઈ પ્રિય મિત્રના મૃત્યુથી દુઃખી થાય છે ત્યારે જે કંઈ કરે છે (હું પણ એ જ કરી રહ્યો છું).

રાક્ષસ : (મને મનમાં પહેલેથી જ સમજાઈ ગયું હતું કે તે ચોક્કસપણે મારા જેવો જ દુઃખી તપસ્વી છે. સારું, હું તેને પૂછું. (પ્રકટ) ભદ્ર! મારી જેમ દુઃખી! જો છુપાવવા જેવું કંઈ નથી અથવા જો એવું કંઈ નથી જે તમને ખૂબ દુઃખી કરે, તો હું સાંભળવા માંગુ છું કે તમે આત્મહત્યા કેમ કરવા જઈ રહ્યા હતા?

પુરુષ : (જોઈને) આર્ય! આ વાત ગુપ્ત નથી કે અત્યંત પીડાદાયક નથી, પરંતુ એક પ્રિય મિત્રના મૃત્યુના દુઃખથી દુઃખી હૃદય સાથે, હું આત્મહત્યા કરવામાં સહેજ પણ વિલંબ કરવા માંગતો નથી.

રાક્ષસ : (તે ઊંડો નિઃશ્વાસ નાખે છે, મનમાં) મને દુઃખ છે કે આપણા મિત્ર માટે આવી મુશ્કેલીના સમયમાં બીજાઓની જેમ ઉદાસીન વર્તન કરીને તે આપણને શરમમાં મૂકી રહ્યો છે. (પ્રકટ) ભદ્ર! જો તે કોઈ રહસ્ય નથી અથવા તે ખૂબ જ દુઃખદ બાબત નથી, તો હું તે સાંભળવા માંગુ છું. મને કહો : આ દુઃખ કયા ઉપાયથી દૂર થઈ શકે?

પુરુષ : ધન્ય છે આર્ય પ્રત્યેનો આત્યંતિક આગ્રહ. હું તમને કયો ઉપાય જણાવું? આ કુસુમપુર નગરમાં વિષ્ણુદાસ નામનો એક શ્રેષ્ઠ ઝવેરી રહે છે.

રાક્ષસ : (મનમાં) વિષ્ણુદાસ ચંદનદાસનો સૌથી સારો મિત્ર છે. (સ્પષ્ટ પણે) તેના વિશે શું?

પુરુષ : તે મારો પ્રિય મિત્ર છે.

રાક્ષસ : (ખુશીથી, મનમાં) અરે! તેણે મને પ્રિય મિત્ર કહ્યો છે. ખૂબ જ ગાઢ સંબંધ લાગે છે; આહ! તેને ચંદનદાસ વિશેના સમાચાર ખબર હોવા જોઈએ. (ખુલ્લી રીતે) ભાઈ! તેની સાથે શું થયું?

પુરુષ : (આંખોમાં આંસુ સાથે) આ ક્ષણે તે પોતાની બધી સંપત્તિ ગરીબો અને જરૂરિયાતમંદોને આપીને અગ્નિમાં પ્રવેશવાના ઈરાદાથી નગર છોડીને ગયો છે. તેથી, હું પણ મારા મિત્રના મૃત્યુ વિશે સાંભળવા માંગતો નથી : તેથી, હું મારી જાતને દોરડાથી બાંધીને મારી નાખીશ : આ વિચારને ધ્યાનમાં રાખીને, હું જીર્ણોદ્યાનમાં આવ્યો છું.

રાક્ષસ : ભદ્ર! તો પછી તમારા મિત્રના આગમાં પ્રવેશવાનું કારણ શું છે? શું એવો કોઈ ગંભીર રોગ છે જેનો ઈલાજ દવાથી ન થઈ શકે?

પુરુષ : આર્ય! ના. ના.

રાક્ષસ : શું એવું નથી કે તે અગ્નિ અને ઝેર જેવા રાજાના ક્રોધનો ભાગી બન્યો છે?

પુરુષ : આર્ય! પાપ શાંત થાય, પાપ શાંત થાય. ચંદ્રગુપ્તના જિલ્લાઓમાં ક્રૂરતાનું વલણ નથી.

રાક્ષસ : તો શું તેને કોઈ બીજી સ્ત્રી સાથે પ્રેમ થઈ ગયો છે?

પુરુષ : (બંને કાન બંધ કરીને) પાપ શાંત થાય, પાપ શાંત થાય. હકીકતમાં તે છે

વિનયનિધાન સેઠ પર, ખાસ કરીને વિષ્ણુદાસ જેવા વ્યક્તિ પર, બીજી સ્ત્રીને પ્રેમ કરવાનો આરોપ લગાવવો યોગ્ય નથી.

રાક્ષસ : તો, તમારી જેમ, શું તેના મિત્રનો વિનાશ પણ તેના માટે અસહ્ય છે? ॥16॥

પુરુષ : અને બીજું શું?

રાક્ષસ : (ગભરાટ સાથે, મનમાં) ચંદનદાસ તેની પ્રિય મિત્ર છે. જો તે પ્રિય મિત્રનો વિનાશ ખરેખર તેના અગ્નિમાં બળી જવાનું કારણ હોય, તો મિત્રો માટે પ્રેમથી ભરેલું હૃદય ધરાવતું હું પણ ખરેખર દુઃખી છું. (પ્રકટ) ભદ્ર! હું તમારા તે મિત્રના પાત્રનું વર્ણન પણ વિગતવાર સાંભળવા માંગુ છું.

પુરુષઃ આર્ય! મારા મૃત્યુ પર આનાથી વધુ કોઈ ખલેલ હું ઇચ્છતો નથી.

રાક્ષસ : ભદ્ર! મને આ જાણવા લાયક વાત કહો!

પુરુષ : મારે શું કરવું જોઈએ? ઠીક છે, હું તમને કહીશ. સાંભળો.

રાક્ષસ : હું ધ્યાનથી સાંભળું છું.

પુરુષઃ આર્ય જાણે છે કે શ્રેષ્ઠ ઝવેરી શેઠ ચંદનદાસ આ નગરમાં રહે છે.

રાક્ષસ : (દુઃખથી પોતાના મનમાં) દુર્ભાગ્યે અમારા વિનાશની દિક્ષા લેવાનો મુખ્ય દરવાજો ખોલ્યો છે. હે હૃદય! સ્થિર થઈને આનાથી વધારે પીડાકારી સાંભળવાનું છે. (પ્રકટ) ભદ્ર! મેં સાંભળ્યું છે કે તે તો સજ્જન મિત્રપ્રેમી છે. તેની સાથે શું થયું?

પુરુષ : તે આ વિષ્ણુદાસનો પ્રિય મિત્ર છે.

રાક્ષસ : (મનમાં) આતો શીઘ્ર હૃદય પર થનાર શોકનો વજ્રપાત છે. (પ્રકટ) પછી શું થયું?

પુરુષ : પછી વિષ્ણુદાસે પ્રિય મિત્રન હોવાના કારણે ચંદ્રગુપ્તને વિનંતી કરી.

રાક્ષસ : કેવી વિનંતી કરી?

પુરુષ : મહારાજ! મારા પરિવારના ભરણપોષણ કરતા પણ પુષ્કળ ધન છે. આ ધન આપીને મારા પ્રિય મિત્ર ચંદનદાસને મુક્ત કરો.

રાક્ષસ : (મનમાં) ધન્ય છો તમે, વિષ્ણુદાસ! તમે મિત્રતા બતાવી છે. કારણ કેઃ

મિલકત ખાતર, પુત્રો પોતાના પૂર્વજોને મારી નાખે છે અને પૂર્વજો પોતાના પુત્રોને મારી નાખે છે, મિત્રો મિત્રતાનો ત્યાગ કરે છે; વ્યક્તિ વ્યસનની જેમ તરત જ તે પ્રિય મિલકત છોડી દેવા તૈયાર થઈ જાય છે. આમ, તમારું ઘર, વેપારી હોવાને કારણે સ્વાભાવિક રીતે કંજૂસ હોવા છતાં, સફળ બન્યું છે. ॥ 17 ॥

(પ્રકટ) ભદ્ર! તો પછી મૌર્યે પ્રશ્નનો શું જવાબ આપ્યો?

પુરુષ : આર્ય! ત્યારબાદ, ચંદ્રગુપ્તે જીર્ણદાસને કહ્યું : હે જીર્ણદાસ! મેં ધન માટે શેઠ ચંદનદાસની ધરપકડ કરાવી ન હતી, પરંતુ તેણે અમાત્ય રાક્ષસના પરિવારના સભ્યો (પત્ની, બાળકો વગેરે)ને તેમના ઘરમાં છુપાવી દીધા હતા અને ઘણી વાર માંગ્યા છતાં પણ તેમને સોંપ્યા ન હતા. તેથી, જો તે અમાત્ય રાક્ષસના પરિવારના સભ્યો (સ્ત્રીઓ અને પુત્રો) મને સોંપી દે, તો તેને મુક્ત કરી દઈશ, નહીં તો તેને મૃત્યુદંડની સજા આપવામાં આવશે. એટલા માટે ચંદનદાસને વધ્યસ્થાન પર લાવવા આવ્યો છે. મારા પ્રિય મિત્ર ચંદનદાસના દુર્ભાગ્ય (હત્યાનાં સમાચાર) સાંભળું તે પહેલાં, મારે આત્મહત્યા કરી લેવી જોઈએ. આ વિચારીને, જીર્ણદાસ કુસુમપુરથી અગ્નિમાં બળવા માટે નીકળી ગયો. મારા પ્રિય મિત્ર જીર્ણનદાસના દુર્ભાગ્ય (મૃત્યુ) ના સમાચાર સાંભળતા પહેલા મારે પણ આત્મહત્યા કરી લેવી જોઈએ; આ વિચારીને હું જીર્ણોદ્યાનમાં આવ્યો છું.

રાક્ષસ : શું ચંદનદાસની હત્યા તો નથી થઈ ને?

પુરુષ : આર્ય! તેને હજુ સુધી મારવામાં આવ્યો નથી. અત્યાર સુધી તેમને વારંવાર અમાત્ય રાક્ષસના પરિવાર વિશે પૂછવામાં આવી રહ્યું છે. તેના મૈત્રીપૂર્ણ સ્વભાવને કારણે, તે માંગવા છતાં પણ તે પરિવારને સોંપતો નથી. આ કારણોસર તેની હત્યામાં વિલંબ થાય છે.

રાક્ષસ : (ખુશીથી, મનમાં) ધન્ય છે મિત્ર ચંદનદાસ! વારંવાર આભાર.

આશ્રય લેનારાઓના રક્ષણમાંથી જન્મેલા, રાજા શિવીની જેમ તમે મિત્ર વિના પણ ખ્યાતિ પ્રાપ્ત કરી રહ્યા છો. ॥ 18 ॥

(પ્રકટ) ભદ્ર! જાઓ. હવે ઝડપથી જીર્ણદાસને આગ્નિમાં પ્રવેશતા અટકાવો. હું ચંદનદાસને પણ મૃત્યુથી મુક્ત કરું છું.

પુરુષ : તમે કયા ઉપાયથી ચંદનદાસને મુક્ત કરી રહ્યો છે?

રાક્ષસ : (તલવાર ખેંચીને) ચોક્કસ આ તલવાર સાથે, જે યુદ્ધમાં એક મહાન મિત્ર છે. કોઈ શંકા વિના જુઓ :

મારી આ તલવાર, જે સ્વચ્છ આકાશ જેવી આકારની છે, જે હંમેશા મારા હાથમાં રહે છે, જાણે યુદ્ધની શ્રદ્ધાથી રોમાંચિત છે, જેણે પુરુષાર્થની શ્રેષ્ઠતાને કારણે દુશ્મનો સામે યુદ્ધની કસોટીમાં પોતાની શક્તિ દર્શાવી છે, તે હવે મિત્રોના પ્રેમથી (યુદ્ધના) પુરુષાર્થ કરવા માટે પ્રેરિત કરી રહી છે. ॥ 19॥

પુરુષઃ આર્ય! મેં સાંભળ્યું છે કે આ રીતે શેઠ ચંદનદાસનો જીવ બચાવી શકાય છે. પણ હું એક વિચિત્ર પરિસ્થિતિમાં છું અને યોગ્ય નિર્ણય લઈ શકતો નથી. (ધ્યાનથી જોઈને અને તેમના પગ પર પડ્યા પછી) શું તમે જાણીતા નામવાળા અમાત્ય રાક્ષસ છો, તો કૃપા કરીને મારી શંકા દૂર કરો અને મારા પર દયા કરો.

રાક્ષસ : હે સજ્જન! હું એ જ નામવાળો રાક્ષસ છું, જેણે પોતાના સ્વામીના કુળના વિનાશનું દુ:ખ સહન કર્યું છે અને જે પોતાના મિત્રના વિનાશનું કારણ છે.

પુરુષ : (ખુશ થઈને તેના પગે પડીને) આશ્ચર્ય છે, હું ફરીથી કૃતાર્થ થઈ ગયો છું.
રાક્ષસ : ભદ્ર! ઉઠો, ઉઠો, વધુ વિલંબ ન કરો. જીષ્ણુદાસને કહો કે 'રાક્ષસ પોતે ચંદનદાસને મરણમાંથી બચાવા આવી રહ્યો છે. 'निस्त्रिंशोऽयं सजलं... ६.१९' શ્લોકનો પાઠ કરતી વખતે, તે પોતાની તલવાર ખેંચીને ફરે છે.

પુરુષ : (તેમના પગે પડીને) અમાત્ય રાક્ષસ! તમે પ્રસન્ન રહો. થોડા દિવસો પહેલા, આ નગરમાં, દુષ્ટ ચંદ્રગુપ્તે આર્ય શકટદાસને મારી નાખવાનો આદેશ આપ્યો હતો. શકટદાસને વધ્યભૂમિમાંથી કોણે કાઢીને બીજે ક્યાંક મોકલી દીધો. તેથી, આર્ય શકટદાસના વધથી વંચિત રહીને, હત્યારા ચંદ્રગુપ્ત કેમ બેદરકાર હતો તે વિચારીને, તેણે ખૂનીઓના વધના પાણીથી પોતાનો ભડકતો ક્રોધ શાંત કર્યો. ત્યારથી, વધ કરનારાઓ કોઈપણ અજાણ્યા સશસ્ત્ર માણસને જોઈને તેને વધ્યસ્થાનમાં લઈ ગયા વિના, અડધે રસ્તે જ મારી નાખે છે, જ્યારે પોતાના જીવ બચાવવા માટે સાવધાની રાખે છે. તેથી, આ રીતે, જ્યારે અમાત્ય શસ્ત્ર હાથમાં લઈને જશે તો શેઠ ચંદનદાસ ખૂબ જ જલ્દી માર્યો જશે.

(આટલું કહીને તે ચાલ્યો જાય છે.)

રાક્ષસ : (મનમાં) આશ્ચર્યજનક છે! દુષ્ટ ચાણક્યનો નીતિ માર્ગ દરેકની સમજની બહાર છે. કારણ કેઃ

જો તે શકટદાસને દુશ્મનની ચાલાકીથી મારી પાસે લાવવામાં આવ્યો હતો, તો પછી ચંદ્રગુપ્તે ગુસ્સામાં આવીને તે ઘાતક માણસને કેમ મારી નાખ્યો? અથવા જો આ બધું બનાવટી નથી, તો પછી શકટદાસે આવી નીચતા અને ક્રૂરતાનો આશરો કેમ લીધો? મારું મન આવી શંકાઓથી ભરેલું છે અને હું કંઈપણ નક્કી કરવામાં અસમર્થ છું. ॥ 20॥

(વિચારીને) આ કારણોસર :

આ સંદર્ભમાં, પહેલા હત્યારાઓને મારી નાખ્યા પછી તલવાર ઉપાડવી યોગ્ય નથી. રાજકારણ થોડા સમય પછી તેના પરિણામો જાહેર કરશે; પણ તેનાથી કોઈ ફાયદો નથી. મારા કારણે, મારો પ્રિય મિત્ર ચંદનદાસ ખૂબ જ મુશ્કેલીમાં છે, તેથી તેના રક્ષણમાં ઉદાસીનતા દાખવવી યોગ્ય નથી. હવે મને સમજાયું કે આ ચંદનદાસને મુક્ત કરવાના બદલામાં, હું મારું શરીર તેને અર્પણ કરી રહ્યો છું. ॥ 21॥

*(આટલું કહીને, બધા નીકળી જાય છે.)*

**છઠ્ઠો અંક સમાપ્ત**

## 15.5 સાતમો અંક

सप्तमोऽङ्कः।

(ततः प्रविशति चण्डालः)

चाण्डाल—अपसरत हे आर्याः! अपसरत, अपेत अपेत ।

यदि इच्छथ रक्षितुं स्वान् प्राणान् विभवं कुलं कलत्रंच।

तत्परिहरत विषभं [क्य्र.विषमिव] राजापथ्ये सुदूरेण॥१॥

(तत प्रविशति द्वितीयचण्डालानुगतो वध्यवेशधारी शलं स्कन्धेनादाय कुटुम्बिन्या पुत्रेण चानुगम्यमानश्चन्दनदासः)

अपिच :

भवति पुरुषस्य व्याधिर्मरणं वा सेविते अपथ्येऽपि।

राजापथ्ये पुनः सेविते सकलं कुलं म्रियते॥२॥

तदु यदि न प्रत्येय, तदा प्रेक्षध्वम् एनं राजापथ्यकारिणं श्रेष्ठिचन्दनदासं वध्यस्थाननीयमानं सपुत्रकलत्रम्।आर्याः! किं भणथ? अस्त्यस्य चन्दनदासस्य कोपि मोक्षोपाय इति? यदि अमात्यराक्षसःसस्य गृहजनं समर्पयति॥ किं भणथ? एष शरणागतवत्सल आत्मनो जीवितस्य कारणे न इदमकार्यं करिष्यतीति? आर्याः यद्येवं तेन ह्यवधारयत अस्याशुभांगतिम्! किमिदानीं युष्माकं प्रतिकारविचारेण?

चन्दनदास —(सवाष्पम्) हा धिक्, हा धिक्! अस्मादृशानामपि कथं नित्यचारित्रभङ्गमीरुणां चौरजनानामिव मरणं प्राप्तमिति नमः कृतान्तस्य। [क्य्र. अस्मादृशानामवि यतो नित्यं चारित्रभङ्गभीरुणाम्। चौरजनो चितभरणं प्राप्तमिति नमः कृतान्तस्य।] अथवा न नृशंसानां उदसीनेषु इतरेषु वा विशेषोऽस्ति।

तथा हि :

मुक्त्वा आमिषाणि मरणभयेन तृणैर्जीवन्तम्।

व्याधानां मुग्धहारिणं हन्तुं को नाम निर्बन्धः ॥३॥

(समन्तादवलोक्य) भाव, प्रियवयस्य! विष्णुदास! कथं प्रतिवचनमपि मे न प्रतिपद्यम इति। अथवा, दुर्लभाः खलु ते पुरुषाः, तेएतास्मिन् काले दृष्टिपथेऽपि तिष्ठन्ति।

(सवाष्पम्) एतेऽस्मत्प्रियवयस्या अश्रुपातमात्रेण कृतमिवापसलिलाः [ङ्करु. कृतप्रतीहारीकाराः] स्वशरीरर्निवर्त्तमानाः परिबर्द्धमानशोकदानवदना, बाष्पगुर्व्या दृष्ट्या मामनुगच्छन्ति।

चाण्डाल (परिक्रम्यावलोक्यच) आर्य! चन्दनदास! आगतोऽसि वध्यस्थानं, तत् विसर्जय गृहजनम्!

चन्द्रगुप्त —आर्ये! कुटुम्बिनि! निवर्त्तस्व सांप्रतं सपुत्रा! वध्यस्थानं खल्विदम्, अतोऽपरं अभूमिः खलु अनुगन्तुम् !

कुटुम्बिनी (सबष्पं) परलोकं प्रस्थित आर्यः, न पुनर्देशान्तरं, (तदयोग्यमिदानीमेतत् कुलजनस्य निवर्त्तितुम्)

चन्दनदास —आर्ये! सत्यं, मित्रकार्येण मम विनाशो, न पुरुषदोषेण। तद् अलं विषादेन!

कुटुम्बिनी —आर्या! यद्येवं तदनुचितम् इदानीं कुलजनेन निवर्त्ततुम्।

चन्दनदास —अथ किं व्यवसितम् आर्यया ?

कुटुम्बिनी — (संबाष्पं) भर्त्तुश्चरणमनुगच्छन्त्या आत्मानुग्रहो भवतीति।

चन्दनदास — आर्ये! दुर्व्यवसितमिदं ते। तदिदानीमार्यया अश्रुतलोक व्यवहारः कुमारोऽनुग्रहीतव्य इति।

कुटुम्बिनी —अनुगृह्णन्तु एनं प्रसन्ना कुलदेवताः। जात! पुत्रक! प्रणम पश्चिमयोः [vl.अपश्चिमं ूह्  अपश्चिमस्य पितुः पादयोः

पुत्रः— (पादयोर्निपत्य) तात मया तातविरहितेन किमनुष्टातव्यम्?

चन्दनदास —पुत्र! चाणक्यविरहिते देशे वस्तव्यम्।

चण्डालौ— आर्य, चन्दनदास निखातः शूल तत् इदानीं सज्जो भव।

कुटुम्बिनी —आर्याः परित्रायध्वं परित्रायध्वम्।

चन्दनदास — भद्रमुख! मुहुर्त्तं तिष्ठ। अयि जीवितवत्सले! किमत्र आक्रन्दसि? स्वर्गं गतानां तावद्देवा दुःखितं जनं अनुकम्पन्ते। अन्यच्च, मित्र कार्येण मे विनाशः नायुक्तकार्येण, तत्किं हर्षस्थानेपि रुद्यते? स्वर्गं गताः खलु ते देवाः नन्दाः ये दुःखितं जनं प्रतिदिनमनुकम्पन्ते।

प्रथमश्चण्डालः—अरे वेणुवेत्रक! गृहाणेमं चन्दनदासम्। गृहजनः स्वयमेव गमिष्यति।

द्वितीयः— अरे वज्रलोमन् एष गृह्णामि।

चन्दनदास — भद्रमुख! तिष्ठ मुहर्त्तं, यावत् पुत्रकं परिष्वजामि। जात। पुत्रक! अवश्यं भवितव्येऽपि विनाशे मित्रकार्यं समुद्वहमानो विनाशमनुभवामि।

पुत्र—तात। इदं खलु भणितव्यं किं? कुलक्रमः खलु एषोऽस्माकं (इतिपादयोः पतति)

चाण्डाल—अरे गृहाण वज्रलोमन् !

कुटुम्बिनी —आर्या परित्रायध्वम्।

(प्रविश्य अपटीक्षेपेण) राक्षस:सः— भवति! न भेतव्यं भेतव्यम् भो भोःशुलायतनाः [क्व्य. सूनापते सेनापते]न खलु व्यापादनीयचन्दनदासः। कुतः

येन स्वामिकुलं रिपोरिव कुलं दृष्टं विनश्यत् पुरा,

मित्राणां व्यसने महोत्सव इव स्वस्थेन येन स्थितम्।

आत्मा यस्य वधाय वः (च वञ्चना) परिभवक्षेत्रीकृतोऽपि,

प्रियस्तस्येयं मम मृत्यु लोकपदवी वध्यस्त्रगाबध्यताम्॥४॥

चन्दनदास — (विलोक्य सबाष्पम्) अमात्य किमिदंते व्यवसितम्?

राक्षसः—त्वदीय सुचरितैकदेश्यस्यानुकरणं किलैतत्!

चन्दनदास —अमात्य, सर्वमपीमं प्रयासं निष्फलं कुर्वता त्वया किमनुष्ठितम्?

राक्षसः—सखे चन्दनदास, स्वार्थ एवानुष्ठितः। [क्व्य. कृतमुपालम्भेन, स्वार्थप्रधानो हि जीवलोकः। भद्रमुख ! निवेद्यतां तावद् दुरात्मने चाणक्याय।

चण्डालौ—किमिति?

राक्षसः—

दुष्कालेऽपि कलावसज्जनरुचौ प्राणैः परं रक्षता

नीतं येन यशस्विना प्रलघुतामौशीनरीयं यशः।

बुद्धानामपि चेष्टितं सुचरितैः क्लिष्टं विशुद्धात्मना,

पूजार्होऽपि स यत्कृते तव गतः शत्रुत्वमेषोऽस्मि सः॥५॥

प्रथम— अरे बिल्वपत्रक [क.द्य.बिल्वपत्रक], त्वं तावत् श्रेष्ठिचन्दनदासं गृहीत्वा, अस्य श्मशानपादपस्य छायायां मुहूर्त्तं तिष्ठ यावदहम् आर्यचाणक्यस्य निवेदयामि, यथा गृहीतोऽमात्यराक्षसःस इति।

द्वितीय—अरे वज्रलोमन, गच्छ (इति सपुत्रदारेण चन्दनदासेन सह निष्क्रान्तः)

प्रथमः—(राक्षसःसेन सह निष्क्रान्तः)

प्रथमः—(राक्षसःसेन सह परिक्रम्य) केः केऽत्र दौवारिकाणाम्? निवेदयत तावत्, नन्दकुल नग कुलिशस्य मौर्यकुलप्रतिष्ठापकस्य आर्य चाणक्यस्य।

राक्षसः—(स्वगतम्) एतदपि नाम राक्षसःसेन श्रोतव्यम्!

चाण्डाल — एष आर्यनीति संयमित बुद्धिपरिसरः गृहीतः अमात्यराक्षसःसः।

(ततः प्रविशति जवनिकाव्रतशरीरो मुखमात्रदृश्यश्चाणक्यः )

चाणक्यः—भद्र, कथय, कथय,

केनात्तुङ्गशिखाकलापकपिलो बद्धः पटान्ते शिखी?

पाशैः केन सदागतेरगतिता सद्यः समासादिता?

केनानेकपदानवासितसटः सिंहोऽर्पितः पञ्जरे?

भीमः केन चनैकनक्रमको दोर्भ्यां प्रतीर्णोऽर्णवः?॥६॥

चण्डाल— ननु नीति निपुणबुद्धिना आर्येण एव।

चाणक्यः— भद्र मा मैवम्, नन्दकुलद्वेषिणा दैवेनेति ब्रूहि।

राक्षसः— (विलोक्य स्वगतम्) अये! अयं स दुरात्मा, अथवा अयं स महात्मा कोटिल्यः। यतः,

आकरः सर्वशास्त्राणां, रत्नानामिव सागरः!

गुणैर्न परितुष्यामो यस्य मत्सरिणो वयम्॥७॥

चाणक्यः—(विलोक्य महर्षम् आत्मगतम्) अये! अयममात्यराक्षसःसः। येन महात्मना

गुरुभिः कल्पनाक्लेशैर्दीर्घजागरहेतुभिः।

चिरमायासिता सेना वृषलस्य, मतिश्च मे ॥८॥

(अवनिकामपनीयोपसृत्य च) भो भो अमात्यराक्षसःस! विष्णु गुप्तोऽभिवादयते।

राक्षसः— (स्वगतम्) अमात्य इति लज्जाकरमिदमिदानीं विशेषणपदम्। (प्रकाशम्) भो भो विष्णुगुप्त! न मां श्वपाकस्पर्शदूषितं स्प्रष्टुमर्हसि।

चाणक्यः—अमात्य राक्षसःस, नायं श्वपाकः। अयं खलु दृष्टपूर्व एव भवता सिद्धार्थकनामा राजपुरुषः योऽप्यसौद्वितीयः सोऽपि समिद्धार्थकनामा राजपुरुष एव। ताभ्यामेव सह सौहार्दृमुत्पाद्य, शकटदासोऽपि तपस्वीनं तादृशमजान्नेव कपटलेखं मयैव लेखितः।

राक्षसः— (आत्मगतम्) दिष्टया शकटदासं प्रति अपनीतो विकल्पः।

आकरः सर्वशास्त्राणां, रत्नानामिव सागरः!

गुणैर्न परितुष्यामो यस्य मत्सरिणो वयम्॥७॥

चाणक्यः—(विलोक्य महर्षम् आत्मगतम्) अये! अयममात्यराक्षसःसः। येन महात्मना

गुरुभिः कल्पनाक्लेशैर्दीर्घजागरहेतुभिः।

चिरमायासिता सेना वृषलस्य, मतिश्च मे ॥८॥

(अवनिकामपनीयोपसृत्य च) भो भो अमात्यराक्षसःस! विष्णु गुप्तोऽभिवादयते।

राक्षसः— (स्वगतम्) अमात्य इति लज्जाकरमिदमिदानीं विशेषणपदम्। (प्रकाशम्) भो भो विष्णुगुप्त! न मां श्वपाकस्पर्शदूषितं स्प्रष्टुमर्हसि

चाणक्यः—अमात्य राक्षसःस, नायं श्वपाकः। अयं खलु दृष्टपूर्व एव भवता सिद्धार्थकनामा राजपुरुषः योऽप्यसौद्वितीयः सोऽपि समिद्धार्थकनामा राजपुरुष एव। ताभ्यामेव सह सौहार्दमुत्पाद्य, शकटदासोऽपि तपस्वीनं तादृशमजान्नेव कपटलेखं मयैव लेखितः।

राक्षसः— (आत्मगतम्) दिष्टया शकटदासं प्रति अपनीतो विकल्पः।

चाणक्यःक्यः : किं बहुना, सङ्क्षेपतः कथयामिः भृत्या भद्रभटादयः, स च तथा लेखः, स सिद्धार्थकः,

तच्चालङ्करणत्रयं, स भवतो मित्रं भदन्तः किल।

जीर्णोद्यानगतः स चार्तपुरुषः, क्लेशः स च श्रेष्ठिनः,

सर्वं मे : ( इत्यर्द्धाक्ते लज्जां नाटयति )

वृषलस्य वीर ! भवता संयोगमिच्छोर्नयः ॥9 ॥

तदेष वृषलस्त्वां द्रष्टुमागच्छति। पश्यैनम्।

राक्षसःसः: (स्वगतम्) का गतिः ? ( प्रकाशम् ) एष पश्यामि।

( ततः प्रविशति राजा, विभवतश्च परिवारः। )

राजाः (स्वगतम् ) विनैव युद्धादार्येण पराजितं दुर्जयं रिपुकुलमिति लज्जित इवास्मि। मम हिः

फलयोगमवाप्य सायकानामनियोगेन विलक्षतां गतानाम्।

न शुचेव भवत्यधोमुखानां निजतूणीशयनव्रतं प्रतुष्टचे ॥ 10 ॥

अथवाः

विगुणीकृतकार्मुकोऽपि जेतुं भुवि जेतव्यमसौ समर्थ एव।

स्वपतोऽपि ममेव यस्य तन्त्रे गुरवो जाग्रति कार्यजागरूकाः ॥ 11 ॥

(चाणक्यमुपसृत्य) आर्य, चन्द्रगुप्तः प्रणमति।

चाणक्यः—वृषल, सम्पन्नास्ते सर्वाशिषः। तदभिवादयस्व तत्रभवन्तम् अमात्यराक्षसःसम्। पैतृकस्तवायममात्यमुख्यः।

राक्षसः— (स्वगतम्) योजितोऽनेन सम्बन्धः।

राजा—( राक्षसःससुपसृत्य) आर्य! चन्द्रगुप्तोऽहमभिवादये।

राक्षसः—(विलोक्य स्वगतम्) अये! अयं चन्द्रगुप्तः। य एषः:

बाल एव हि लोकेन [क्वच. लोकेस्मिन्] सम्भावित महोदयः।

क्रमेणारूढवान राज्यं, यूथैश्वर्यमिव द्विपः ॥12 ॥

(प्रकाशम्) राजन्! विजयस्व।

राजा— आर्य,

जगतः किं न विजितं मयेति प्रविचिन्त्यताम्।

गुरौ षाङ्गुण्यचिन्तायामार्ये चार्ये च [क.द्य. कार्ये च ह त्वयि च] जाग्रति॥१३॥

राक्षसः—(स्वगतम) स्पृशति मां कौटिल्यशिष्यो भृत्यभावेन, अथवा विनय एव एष चन्द्रगुप्तस्य; मत्सरस्तु मे विपरीत कलयति। सर्वथा स्थाने यशस्वी चाणक्यः। कुतः ?

द्रव्यं जिगीषुमधिगम्य जडात्मनोऽपि

नेतुर्यशस्विनि पदे नियता प्रतिष्ठा।

अद्रव्यमेत्य भुवि शुद्धनयोपि [क्वच.तु विविक्तनयोऽपि ] मन्त्री

शीर्णाश्रयः पतति कूलजवृक्षवृत्तया॥१४॥

चाणक्यः— अमात्य राक्षसःस, अपि इष्यते चन्दनदासस्य जीवितम्?

राक्षसः— भो विष्णुगुप्त! कः सन्देहः।

चाणक्यः—अमात्य राक्षसःस, अगृहीतशस्त्रेण भवताऽनुगृह्यते वृषल इत्यतः संदेहः तद् यदि सत्यमेव चन्दनदासस्य जीवितमिष्यते, ततो गृह्यतामिदं शस्त्रम्।

राक्षसः—भो विष्णुगुप्त! मा मैवम् । अयोग्या वयमेतस्य गृहणे, विशेषतस्त्वा गृहीतस्य शस्त्रस्य।

चाणक्यः—अमात्य राक्षसःस, योग्योऽहमयोग्यो भवानिति कथमेतत् ? पश्य,

अश्वैः सार्द्धमजस्त्रदत्तकविकाक्षामै [क्वच.कविकः क्षामै] रशून्यासनान,

स्नानाहारविहारपानशयनस्वेच्छासुखैर्वजितान्।

माहात्म्यादतिपौरुषस्य मतिमन् दृप्तारिदर्पच्छिदः,

पश्यैतान् परिकल्पनाव्यतिकरप्राच्छूनवंशान् गजान् ॥15॥

अथवा किमनेन। न खलु भवतः शस्त्रग्रहणमन्तरेण चन्दनदासस्य जीवितमस्ति।

राक्षसः–( स्वगतम् )

नन्दस्नेहकणाः स्पृशन्ति हृदये, भृत्यो,ऽस्मि तद्विद्विषां,

ये सिक्ताः स्वयमेव वृद्धिमगमंच्छिन्नास्त एव द्रुमाः।

शस्त्रं मित्रशरीररक्षणकृते व्यापारणीयं, मया

कार्याणां गतयो विधेरपि न यान्त्याज्ञाकरत्वं चिरात् [क.२. यान्त्यालोचनागोचरम्]॥१६॥

(प्रकाशम्) भो विष्णुगुप्त ! नमः सर्वकार्यप्रतिपत्तिहेतवेसुहृत्स्नेहाय। का गतिः। सत्वोऽस्मि।

चाणक्यः—(सहर्ष सस्त्रमर्पयित्वा) वृषल! वृषल! अमात्यराक्षसःसेनेदानीं ग्रहीतशस्त्रेणानुग्रहीतः। दिष्ट्या वर्द्धते भवान्।

राजा— आर्य प्रसाद एष चन्द्रगुप्तेनानुभूयते।

(प्रविश्य) पुरुष— जयतु जयत्वार्यः। आर्य, एष खलु भद्रभटभागुरायणरायणप्रमुखैः संयमितकरचरणो मलयकेतुः प्रतिहारभूमौ व्यवस्थापितः, तस्मादिदं श्रुत्वा आर्यः प्रमाणमिति।

चाणक्यः—भद्र! निवेद्यताममात्यराक्षसःसाय, अयमिदानीं जानीते।

राक्षसः—(स्वगतम्) कथं, दासीकृत्यदानीं विज्ञापनाय मां मुखरीकरोति कौटिल्यः? का गतिः। (प्रकाशम्) राजन्। चन्द्रगुप्त, विदितमेवते यथा वयं मलयकेतौ किञ्चित् कालान्तर मुषिताः, तत् परिरक्ष्यन्तामस्य प्राणाः।

(राजा— चाणक्यसुखमवलोकयति)

चाणक्यः— वृषल! प्रतिमानयितव्योऽयममात्यराक्षसःसस्य प्रथमः प्रणयः। (पुरुषमवलोक्य) भद्र, मद्वचनादुच्यन्तां भद्रभटप्रभृतयः, अमात्यराक्षसःसविज्ञापितो देवश्चन्द्रगुप्तः प्रयच्छति मलयकेतवे पित्र्यमेव विषयम्, अतो गच्छन्तु भवन्तः सहानेन प्रतिष्ठिते चास्मिन् पुनरागन्तव्यम्।

पुरुष— यदार्य आज्ञापयति।

चाणक्यः—तिष्ठ तावत्। भद्र! भद्र! एवमपरमुच्यतां विजयपालो दुर्गपालश्च, अमात्यराक्षसःसस्य ग्रहीतशस्त्रस्य प्रीत्या देवगुप्तः समाज्ञापयति, एष तावत् श्रेष्ठी चन्दनदासः पृथिव्यां सर्वेषु नगरेषु श्रेष्ठिपदमारोप्यतामिति।

पुरुष— यदार्य आज्ञापयति। (इति निष्क्रान्तः)

चाणक्यः— भो राजन् चन्द्रगुप्त! किं ते भूयः प्रियमुपकरोमि।

राजा – किमितःपरं प्रियमस्ति ?

राक्षसः सेन समं मैत्री, राज्ये चारोपिता वयम्।

नन्दाश्चोन्मूलिताः सर्वे, किं कर्त्तव्यमतः परम्?॥१७॥

चाणक्यः— विजये! उच्यन्तां दुर्गपालो विजयपालश्च, अमात्यराक्षसःसपरिग्रहेण प्रीतो देवश्चन्द्रगुप्तः समाज्ञापयति – विना हस्त्यश्वं क्रियतां सर्वबन्धमोक्ष इति, अथवा अमात्यराक्षसःसे नेतरि किं हस्त्यश्वेन प्रयोजनम्? तदिदानीम् सह वाहनहस्तिभ्यां मुच्यतां सर्वबन्धनम्।

पूर्णप्रतिज्ञेन मया केवलं बध्यते शिखा ॥१८॥

(इति शिखां बध्नाति)

प्रतिहारी— यदार्य आज्ञापयति।

चाणक्यः— अमात्यराक्षसःस! तदुच्यतां, किं ते भूयः प्रियमुपकरोमि?

राक्षसः – किमितःपरं प्रियमस्ति ? यदि न परितोषस्तदिदमस्तु।

(भरतवाक्यम्)

वाराहीमात्मयोनेस्तुनुमवनविधावास्थित [क्व. अतनु तनुबलामास्थित] स्यानुरूपां

यस्य प्राग्दन्तकोटिं प्रलयपरिगता शिश्रिये भूतधात्री।

म्लेच्छैरुद्वेज्यमाना भुजयुगमधुना संश्रिता( क्व. पीवरं राजमूर्तेः

स श्रीमद्बन्धुमृत्यश्चिरमवतु महीं पार्थिवश्चन्द्रगुप्तः ॥१९॥

इति निष्क्रान्ताः सर्वे।

(इति सप्तमोऽङ्कः।)

इति श्रीविशाखदत्तविरचितं मुद्राराक्षसःसं नाटकं समाप्तम्।

## સાતમો અંક

*(પછી એક ચાંડાલ પ્રવેશ કરે છે.)*

*ચાંડાલ : આર્યો! દૂર ખસો, આઘા ખસી જાઓ! દૂર રહો.*

*જો તમે તમારા જીવન, સંપત્તિ, કુળ અને પરિવારને બચાવવા માંગતા હો, તો રાજાનો વિરોધ કરવાનો આ વિશ સમાન પ્રયાસ (રાજદ્રોહ) છોડી દો.* ॥ 1 ॥

*અને પણ : અપથ્યનાં સેવનથી માણસ કાં તો બીમાર પડે છે અથવા તે મૃત્યુ પામે છે, પરંતુ રાજદ્રોહ કરવાથી સમગ્ર વંશનો નાશ થાય છે.* ॥ 2 ॥

*તેથી, જો તમે આનું પાલન ન કરો, તો આ દેશદ્રોહી શેઠ ચંદનદાસને તેના પરિવાર સાથે વધ્યસ્થાને લઈ જવામાં આવતા જુઓ. (આકાશમાં) આર્યો! તમે શું કહો છો! ચંદનદાસને મુક્ત કરવાનો ઉપાય છે! આ બેચારા માણસની રાહત માટે શું ઉપાય છે? પણ એ ચોક્કસ છે કે જો તે અમાત્ય રાક્ષસના પરિવારને સોંપી દે (તો તેને મુક્ત કરી શકાય) (ફરીથી આકાશ તરફ જોઈને) તો તમે શું કહો છો કે શરણાગત વત્સલ, તે પોતાના જીવના કારણે આવું અપકૃત્ય કાર્ય કરશે નહીં. આર્યો! જો આવું હોય તો તેને તેનું સૌભાગ્ય માનો. આ સમયે તમારા બદલો લેવા વિશે વિચારવાનો શું ફાયદો?*

*(પછી ચંદનદાસ તેની પત્ની અને પુત્ર સાથે પ્રવેશ કરે છે. તેની પાછળ બીજો એક ચાંડાલ છે જે કતલ કરનારનો પોશાક પહેરેલો છે અને તેના ખભા પર ભાલો છે.)*

*ચંદનદાસ – (આસું સાથે) ધિક્કાર છે! ધિક્કાર છે! આપણા જેવા લોકો, જેઓ હંમેશા ચારિત્ર્યની ખામીઓથી ડરતા હોય છે, તેઓ ચોરની જેમ મૃત્યુનો સામનો કેવી રીતે કરે છે? યમરાજને વંદન. કારણ કે:*

*મૃત્યુના ડરથી માંસ ખાવાનું છોડીને ઘાસ પર જીવતા નિર્દોષ પ્રાણીને મૃગને મારી નાખવાનો શિકારીઓનો આગ્રહ કેવો?* ॥ 3॥

*(આસપાસ જોઈને) ઓ પ્રિય મિત્ર જીર્ણદાસ! તું મારા વચનોનાં જવાબ કેમ નથી આપતો નથી? અથવા આવા લોકો દુર્લભ છે જે આવા સંકટના સમયમાં જોવા મળે છે. (આંખોમાં આંસુ સાથે) હે પ્રિય મિત્ર! ફક્ત આંસુ વહાવીને બદલો લેવા પાછો ફરતો, તેનો ચહેરો ખૂબ જ દુઃખને કારણે મેલો અને તેની આંખો આંસુને કારણે ભારે બનેલી નજરતી મને અનુસરી રહ્યા છે. (આમ કહીને તે આસપાસ ફરવા લાગે છે).*

*ચાંડાલ : (પહોંચીને જોઈને) આર્ય ચંદનદાસ! તમે વધ્યસ્થાન પહોંચી ગયા છો, તેથી તમારા પરિવારના સભ્યોને રજા આપો.*

*ચંદનદાસ આર્યે! કુટુંબિની (ભાર્યા)! તું દીકરા સાથે પાછી ફર. આ વધ્યસ્થાન છે. તેથી હવે આગળ અનુસરવું યોગ્ય નથી.*

*કુટુંબિની : (આંખોમાં આંસુ સાથે) તમે પરલોક ગમન કરી રહ્યા છો, કોઈ પરદેશમાં નહીં. તેથી, પરિવારના સભ્યો માટે આ સમયે પાછા ફરવું યોગ્ય નથી.*

*ચંદનદાસ : આર્યે! આ સાચું છે. મારા મિત્રના રક્ષણ કરવાને કારણે મારો નાશ થઈ રહ્યો છે, કોઈ માણસ સામેના ગુનાને કારણે નહીં. તો તમે ખુશ થવાને બદલે રડી રહ્યા છો કેમ?*

*કુટુંબિની : પ્રિય! જો આવું હોય તો પરિવારના સભ્યો માટે હમણાં પાછા ફરવું અયોગ્ય છે.*

*ચંદનદાસ : તો પછી તમે શું કરવાનું નક્કી કર્યું છે?*

*કુટુંબિની: (આંખોમાં આંસુ સાથે) પતિના ચરણોમાં અનુસરીને હું પણ ધન્ય થાઉં.*

ચંદનદાસ : આર્યે! આ યોગ્ય નથી, હવે તારે આ કુમારનું પાલન કરવું જોઈએ જે લોકાચાર પણ જાણતો નથી.

કુટુંબિની : કુળદેવતાએ આનું ખુશીથી પાલન કરશે. હે જાત! હે દીકરા! છેલ્લી વાર તારા પિતાના ચરણોમાં નમન કર.

પુત્ર : (ચરણોમાં પડીને) હે પિતાજી! તમારાથી અલગ થયા પછી મારે શું કરવું જોઈએ?

ચંદનદાસ : દીકરા! તારે ચાણક્ય ન હોય તેવા દેશમાં રહેવું.

બંને ચાંડાલ : આર્ય ચાંદાલદાસ! શૂળી તૈયાર થઈ ગયી છે. તો હવે તૈયાર થઈ જાઓ.

કુટુંબિની : સજ્જનો! બચાવો! બચાવો!!

ચંદનદાસ : ભદ્રમુખ! એક ક્ષણ રાહ જુઓ. હે જીવનપ્રિયે! તું અહીં કેમ રડે છે અને બૂમો પાડે છે? દેવો સ્વર્ગમાં ગયેલાના કુટુંબ પર દયા રાખતા હોય છે. અને મિત્ર માટે થઈને મારો વિનાશ થાય છે તે કોઈ અયોગ્ય કાર્ય નિમિત્તો નહીં. તો શા હર્ષ સમયે રડે છે.નંદ વંશના તે રાજા જે હંમેશા પીડિત સ્ત્રીઓ પર દયા રાખતા હતા, તેમનું અવસાન થયું છે.

પહેલો ચાંડાલઃ હે વેણુવેત્રક! આ ચંદનદાસને પકડો. પરિવારના સભ્યો પોતાની મેળે ચાલ્યા જશે.

બીજો ચાંડાલઃ હે વજ્રલોમન! હું પકડી રાખું છું.

ચંદનદાસ : ભદ્રમુખ! થોડી વાર રાહ જુઓ, મને મારા દીકરાને ગળે લગાવવા દો. (આમ કહીને, તેમણે પોતાના દીકરાને ભેટી પડ્યો અને તેનું માથું સુંઘ્યું) હે દીકરા! વિનાશ નિશ્ચિત છે, પણ હું મિત્રોના નામે મરી રહ્યો છું.

પુત્ર : પિતાજી! આ વિશે કહેવા જેવું પણ શું છે? આ આપણો પારિવારિક ધર્મ છે.

બીજો ચાંડાલઃ હે વજ્રલોમન! તેને પકડી રાખો.

(બંને ચાંડાલો ચંદનદાસને વધસ્તંભે ચડાવવા માટે પકડી લે છે.)

કુટુમ્બિની : (છાતી કૂટીને) હે આર્યો! મદદ કરો, બચાવો.

રાક્ષસ : (પડદો હટાવીને પ્રવેશ કરે છે) દેવી! ડરશો નહીં, ડરશો નહીં. જેમને ફાંસી આપવાની છે! ચંદનદાસને ના મારશો. કારણ કે :

કોણે અગાઉ નંદ કુળને શત્રુકુળની જેમ નાશ પામતું જોયું છે, કોણે પોતાના મિત્રોની મુશ્કેલીના સમયે પણ ઉત્સવની જેમ સ્વસ્થ રહીને પોતાનો સમય વિતાવ્યો છે, જેને એક પછી એક અપમાન સહન કરવા છતાં પોતાના જીવન પ્રત્યે કોઈ લગાવ નથી. મને નશ્વર લોકમાં મોકલતી આ મૃત્યુની માળા મારા જેવા રાક્ષસના ગળામાં પહેરાવો ॥ 4 ॥

ચંદનદાસ : (આંખોમાં આંસુ સાથે તેમની સામે જોઈને) અમાત્ય! તમે શું કરી રહ્યા છો?

રાક્ષસ : હું ફક્ત તમારા સારા વર્તનના એક ભાગનું અનુકરણ કરી રહ્યો છું.

ચંદનદાસ : અમાત્ય! મારા બધા પ્રયત્નો નિરર્થક બનાવીને અમાત્યએ સારું કર્યું નહીં.

રાક્ષસ : મિત્ર ચંદનદાસ! ફરિયાદ ના કરો! દુનિયા સ્વાર્થી છે. ભદ્રમુખ! દુષ્ટ ચાણક્યને આ વાત કહો.

બંને ચાંડાલ : શું?

રાક્ષસ : જેની ખ્યાતિએ મહારાજા ઉશીનર (શિવિના પિતા) ની ખ્યાતિને દુષ્ટ કળિયુગમાં પોતાના જીવ કરતાં વધુ સુરક્ષિત રાખીને નકામી બનાવી દીધી હતી, જે દુષ્ટો દ્વારા પસંદ કરવામાં આવે છે, તેણે પોતાના શુદ્ધ આત્માના સારા આચરણ દ્વારા બૌદ્ધ સાધુઓના ચારિત્ર્યને પણ તુચ્છ બનાવી દીધા. પૂજનીય હોવા છતાં, જેના માટે હું તમારો દુશ્મન બન્યો, તે જ આ રાક્ષસ હું છું. ॥ 5॥

પ્રથમ : હે વેણુવેત્રક! ત્યાં સુધી તમે શેઠ ચંદનદાસને પકડી લો અને આ સ્મશાનના ઝાડની છાયા નીચે થોડી વાર રાહ જુઓ, ત્યાં સુધી હું આર્ય ચાણક્યને જણાવીશ કે અમાત્ય રાક્ષસ પકડાઈ ગયો છે.

દ્વિતીય : હે વજ્રલોમન! તેમ કરો.

(આમ કહીને તે ચંદનદાસ, તેની પત્ની અને પુત્ર સાથે નીકળી જાય છે.)

પ્રથમ ચાંડાલ : (રાક્ષસ સાથે ફરીને) અહીં દ્વારપાલ કોણ છે? જે નંદ વંશની સેનાને કચડી નાખવામાં વીજળી જેવા છે અને ચંદ્રગુપ્તના વંશની સ્થાપના કરનાર છે તેવા આર્ય ચાણક્યને જણાવો.

રાક્ષસ : (મનમાં) રાક્ષસે પણ આ બધું પણ સાંભળવું પડશે.

ચાંડાલ : આર્યની નીતિ દ્વારા નિયંત્રિત બુદ્ધિ ધરાવતો આ અમાત્ય રાક્ષસ પકડાઈ ગયો છે.

(ત્યારબાદ ચાણક્ય ખુશીથી પ્રવેશ કરે છે, તેના શરીર પર પડદો ઢંકાયેલો હોય છે અને ફક્ત તેનો ચહેરો જ દેખાય છે.)

ચાણક્ય : ભદ્ર! બોલો, બોલો.

ગુલાબી રંગની મહાન અગ્નિ, જે વધતી જ્વાળાઓથી ભરેલી હતી, તેને કોણે પોતાના કપડાંના ખીલા સાથે બાંધી હતી? કયા મહાન પુરુષે સતત ગતિશીલ હવાને જાળી (દોરડા)થી બાંધી હતી અને તરત જ તેને ગતિહીન (સ્થિર) બનાવી દીધી હતી? કયા મહાપુરુષે હાથીના મદજળથી સુગંધિત જડેલા વાળથી સિંહને પાંજરામાં બંધ કર્યો હતો અને જેણે પોતાના હાથ વડે ભયંકર સમુદ્ર પાર કર્યો હતો જેમાં ઘણા સાપ અને મગર ફરતા હતા. ॥ 6॥

*ચાંડાલ : નિઃશંકપણે, નીતિનિપુણ બુદ્ધિવાળા આર્યે.*

*ચાણક્ય : ભદ્ર! એવું નથી. 'નંદ રાજવંશનો દ્વેષ કરનારા દૈવ એમ કહો.*

*રાક્ષસ : (જોઈને મનમાં) અરે! આ એ જ દુષ્ટ આત્મા છે કે આ એ જ મહાત્મા કૌટિલ્ય છે. કારણ કે :*

*રત્નોના સમુદ્ર જેવું અને જે બધા શાસ્ત્રોનું મૂર્ત સ્વરૂપ છે (આ કૌટિલ્ય છે) જેના ગુણોથી ઈર્ષ્યા અને દ્વેષ રાખવા વાળા અમે સંતુષ્ટ નથી.* ॥ 7 ॥

*ચાણક્ય : (જોઈને, ખુશીથી) અરે! આ અમાત્ય રાક્ષસ છે, તે મહાપુરુષ જેણે ચંદ્રગુપ્તની સેના અને મારી બુદ્ધિને લાંબા સમય સુધી કલ્પનાશક્તિ સંબંધિત મોટી મુશ્કેલીઓ ઉભી કરીને મુશ્કેલીમાં મુકી રાખ્યા હતા.* ॥ 8 ॥

*(પડદો હટાવીને નજીક આવીને) હે અમાત્ય રાક્ષસ! હું ચાણક્યને વંદન કરું છું.*

*રાક્ષસ : (મનમાં) 'અમાત્ય' વિશેષણ આ સમયે શરમજનક છે. (પ્રકટ) હે વિષ્ણુગુપ્ત! ચાંડાલના સ્પર્શથી દૂષિત થયેલા મને સ્પર્શ કરશો નહીં.*

*ચાણક્ય : અમાત્ય રાક્ષસ! આ ચાંડાલ નથી. આ ખરેખર સિદ્ધાર્થક નામનો રાજપુરુષ છે જેને તમે પહેલા જોયો હતો. આ બીજો વ્યક્તિ પણ સુસિદ્ધાર્થક નામનો રાજપુરુષ છે. આ બંને સાથે મિત્રતા કરીને, મને શકટદાસ દ્વારા જાણબહાર મેં કૂટપત્ર લખાવ્યો હતો.*

*રાક્ષસ : (મનમાં) સદનસીબે શકટદાસ વિશેની શંકા દૂર થઈ ગઈ.*

*ચાણક્ય : હું વધુ શું કહી શકું, હું ટૂંકમાં વિનંતી કરું છું :*

*ભદ્રભટ વગેરે જેવા રાજપુરુષો, તે પ્રકારના કૂટપત્ર, તે સિદ્ધાર્થક અને પર્વતેશ્વરે અગાઉ પહેરેલા તે ત્રણ ઘરેણાં, તમારો તે મિત્ર ભદંત, જીર્ણોદ્યાનમાં પહોંચેલો તે દુઃખી વ્યક્તિ અને શેઠ ચંદનદાસનું દુઃખ : આ બધું મારા છે (આ અધૂરું વાક્ય બોલ્યા પછી તે શરમ અનુભવવાનો અનુભવ કરે છે.) હે વીર! ચંદ્રગુપ્તનો તમારી સાથે સંબંધ સ્થાપિત કરવો એ મારી કૂટનીતિ હતી.* ॥ 9॥

*તો આ ચંદ્રગુપ્ત તમને મળવા આવી રહ્યો છે. તેમને મળો.*

*રાક્ષસ : (મનમાં) બીજો કયો ઉપાય છે? (પ્રકટ) હું મળું ત્યારે.*

*(પછી રાજા પોતાના સેવકો અને પરિવાર સાથે પ્રવેશ કરે છે.)*

*રાજા : (મનમાં) મને શરમ આવે છે કે આર્યએ કોઈ પણ સંઘર્ષ વિના દુશ્મન બળને હરાવ્યું છે જેને હરાવવું મુશ્કેલ હતું. કારણ કે મારા ચંદ્રગુપ્ત માટે :*

*ભલે તીરો લોખંડના તલવારોથી સજ્જ હોય અથવા દુશ્મનને મારવા માટે ઉપયોગમાં ન લેવાય, છતાં અદ્રશ્ય (શરમમાં છુપાયેલા) રહેવું, શોકમાં ચહેરો લટકાવવો અને તીરોને શાંતિથી તેમના ભાથામાં રાખવાની પ્રતિજ્ઞા લેવી સુખદ નહીં હોય.* ॥ 10 ॥

*અથવા :*

*મારા જેવા જે રાજાના સૂતી વખતે પણ પોતાના રાજ્યના કામકાજમાં સતર્ક ગુરુ (મંત્રીઓ) હોય છે અને જેઓ સતર્ક રહે છે, તે ધનુષ્ય બાંધ્યા વિના પણ પોતાના શત્રુઓને હરાવવા સક્ષમ હોય છે.* ॥ 11॥

*(ચાણક્ય પાસે જઈને) આર્ય ચંદ્રગુપ્ત (હું) તમને નમસ્કાર કરું છું.*

*ચાણક્ય : વૃષલ! તમારા માટેના મારા બધા આશીર્વાદ પૂર્ણ થયા છે. તેથી (હવે) શ્રી અમાત્ય રાક્ષસને પ્રણામ કરો (કારણ કે) તેઓ તમારા પૂર્વજોના પરિવારના મુખ્ય અમાત્ય છે.*

*રાક્ષસ : (મનમાં) તેણે સંબંધ પણ જોડ્યો.*

*રાજાઃ (રાક્ષસ પાસે જઈને) આર્ય! હું ચંદ્રગુપ્ત તમને નમસ્કાર કરું છું.*

*રાક્ષસઃ (જોઈને, મનમાં) અરે! આ ચંદ્રગુપ્ત છે, જે :*

*બાળપણથી જ, આ દુનિયામાં કોઈના મહાન ઉદયની આશા દરેકને બાંધી રાખે છે. તેમણે ધીમે ધીમે મગધ સામ્રાજ્ય પર કબજો જમાવ્યો જેમ હાથી ધીમે ધીમે કોઈ રાષ્ટ્ર પર પ્રભુત્વ મેળવે છે.* ॥ 12 ॥

*(પ્રકટ) રાજા! વિજય મેળવો!*

*રાજા : આર્ય!*

*આદરણીય ગુરુ (ચાણક્ય) અને તમારા સંધિઃવિગ્રહ વગેરે છ ગુણની ચિંતનમાં સતર્ક રહીને જાગો છો ત્યારે દુનિયામાં મેં કઈ કઈ બાબતો જીતી નથી તે ધ્યાનમાં લો.* ॥ 13॥

*રાક્ષસ : (મનમાં) કૌટિલ્યનો શિષ્ય ચંદ્રગુપ્ત મને ગુલામીભરી રીતે સ્પર્શ કરી રહ્યો છે. કે પછી તે ફક્ત તેમની શિષ્ટાચાર છે? 'આ ચંદ્રગુપ્ત છે', મારા આ દ્વેષે હંમેશા વિપરીત બતાવ્યું છે. ખરેખર ચાણક્ય ખ્યાતિને પાત્ર છે. કારણ કે :*

*જીતવાની ઈચ્છાશક્તિ ધરાવતો સક્ષમ રાજા મળે તો મંદબુદ્ધિ મંત્રીનું પણ સ્થાન અને પ્રતિષ્ઠા જળવાઈ રહે છે; અને અસમર્થ રાજા મળે તો શુદ્ધ નીતિઓ ધરાવતો મંત્રી પણ આખરે નદીના કિનારે આવેલા ઝાડની જેમ પડી જાય છે અને અંતે જેનો પાયો ડગમગી જાય છે.* ॥ 14॥

*ચાણક્ય : અમાત્ય રાક્ષસ! શું તમને ચંદનદાસનું જીવન બચાવવા ઈચ્છો છો?*

*રાક્ષસ : હે વિષ્ણુગુપ્ત! આમાં શંકા શું છે?*

*ચાણક્ય : અમાત્ય રાક્ષસ! શંકા એટલા માટે ઊભી થાય છે કારણ કે તમે મંત્રીના પ્રતીકના શસ્ત્રનો ઉપયોગ કર્યા વિના ચંદ્રગુપ્ત પર હુમલો કરી રહ્યા છો. તેથી, આ શસ્ત્રને મંત્રી પદના પ્રતીકના રૂપમાં સ્વીકારો.*

*રાક્ષસ : હે વિષ્ણુગુપ્ત! આવું ના બોલો. અમે મંત્રીપદના પ્રતીકના રૂપમાં આ શસ્ત્ર સ્વીકારી શકતા નથી, ખાસ કરીને તમારા દ્વારા સ્વીકારાયેલ આ શસ્ત્ર.*

ચાણક્ય અમાત્ય રાક્ષસ! હું લાયક છું, તમે અયોગ્ય છો, એ કેવી રીતે ઠીક છે? જુઓ

આ હાથીઓને જુઓ, જેઓ તમારા મહાન પુરુષત્વના મહત્ત્વને કારણે તેમની પીઠ પર સવાર સૈનિકોથી શણગારેલા છે, જેઓ તેમના અભિમાનથી દુશ્મનના ગૌરવનો નાશ કરે છે, અને જેઓ સતત લગામ દ્વારા ખેંચાયેલા રહેવાને કારણે નબળા છે, અને સ્નાન, ખાવા, આરામ કરવા, પીવા, ઊંઘવા અને પોતાના અન્ય આનંદથી વંચિત છે, અને જેમની પીઠ યુદ્ધની સજાને કારણે સૂજી ગઈ છે. ॥ 15 ॥

અથવા હું બીજું શું કહી શકું? ચંદનદાસનો જીવ બચાવવા માટે તમારા મંત્રીનું પ્રતીક હથિયાર સ્વીકારવા સિવાય બીજો કોઈ રસ્તો નથી.

રાક્ષસ : (મનમાં)

(એક બાજુ) નંદરાજાના પ્રેમ અને સ્નેહના કણ કણ હૃદયને સ્પર્શી રહ્યા છે. (બીજી બાજુ) હું તેમના દુશ્મનોનો સેવક બનવાનો છું. શું પોતાના હાથે પાણી પીવડાવેલા વૃક્ષોને પોતાના હાથે કાપવા યોગ્ય છે? હવે મારે મારા મિત્ર (ચંદનદાસ)ના શરીરની રક્ષા માટે શસ્ત્રો ઉપાડવા પડશે. ક્રિયાઓની ગતિ નિયતિની ટીકા કરી શકતી નથી. ॥ 16॥

(પ્રકટ) હે કૌટિલ્ય! તલવાર લાવો. સમસ્ત કાર્યો માટે મિત્રના સ્નેહ માટે પ્રણામ છે. શું તે મારા નિયંત્રણમાં છે? હું શપથગ્રહણ માટે તૈયાર છું.

ચાણક્ય : (ખુશીથી, શસ્ત્ર સોંપીને) વૃષલ! હે વૃષલ!! આ સમયે અમાત્ય રાક્ષસે હથિયાર ઉપાડવાની કૃપા કરી છે. તમારા વિકાસ માટે શુભકામનાઓ.

રાજા : તમારી કૃપાથી જ ચંદ્રગુપ્ત આ બધું અનુભવી રહ્યો છે.

પુરુષ : (પ્રવેશ કરીને) આર્યનો વિજય થાઓ, આર્ય! આ મલયકેતુને ભદ્રભટ વગેરે મુખ્ય સેનાપતિઓ દ્વારા હાથઃપગ બાંધીને દ્વાર પર લાવવામાં આવ્યા છે. હવે આગળ, આર્ય જે કંઈ પણ આદેશ આપે તે કરવું જોઈએ.

ચાણક્ય : હા, મેં સાંભળ્યું. ભદ્ર! અમાત્ય રાક્ષસને કહો કે હવેથી તે ત્યાંના બધા શાહી કાર્યો કરશે.

રાક્ષસ : (મનમાં) શું હવે કૌટિલ્ય મને દાસ બનાવીને જાહેરાત કરવા માટે તેની સાથે વાત કરવા દબાણ કરી રહ્યો છે? મારી ક્ષમતા શું છે? (પ્રકટ) રાજા ચંદ્રગુપ્ત! એ તો બધા જાણે છે કે આપણે મલયકેતુ સાથે થોડા સમય માટે રહ્યા છીએ, તેથી તેનો જીવ બચાવવો જોઈએ.

(રાજા ચાણક્યના ચહેરા તરફ જુએ છે.)

ચાણક્ય : વૃષલ! આ અમાત્ય રાક્ષસની પ્રથમ વિનંતીને સ્વીકાર કરવી જોઈએ. (માણસ તરફ જોઈને) ભદ્ર! મારા આદેશથી, ભદ્રભટ વગેરે સેનાપતિઓને કહો કે અમાત્ય રાક્ષસે રાજા ચંદ્રગુપ્તને વિનંતી કરતાં મહારાજે મલયકેતુને તેમના પિતાનું

અનુગામી રાજ્ય સોંપી રહ્યા છે. તેથી તમે બધા તેની સાથે જાઓ અને એકવાર તે રાજ્યમાં સ્થિર થઈ જાય પછી બધા ફરી પાછા આવો.

પુરુષ – જેવી આજ્ઞા.

ચાણક્ય – ઉભા રહો, સજ્જન! વિજયપાલ નામના કિલ્લાના રક્ષકને પણ આ વાત જણાવો કે અમાત્ય પદના પ્રતીક સાથે શસ્ત્ર ધારણ કરનારા અમાત્ય રાક્ષસથી ખુશ થઈને, મહારાજા ચંદ્રગુપ્ત પૃથ્વી પરના તમામ શહેરોમાં ચંદનદાસ શેઠને શ્રેષ્ઠી પદ પર નિયુક્ત કરવાનો આદેશ આપી રહ્યા છે.

પુરુષ : જેમ તમારી આજ્ઞા આર્ય! (આટલું કહીને તે ચાલ્યો જાય છે.)

ચાણક્ય : હે રાજા ચંદ્રગુપ્ત! તમારે મનપસંદ મારે બીજું શું કરવું જોઈએ?

રાજા : આનાથી વધુ પ્રિય મને શું હોઈ શકે?

તેણે રાક્ષસ સાથે મિત્રતા કરી અને આપણને રાજ્યમાં પુનઃસ્થાપિત કર્યા અને બધા નંદ રાજાઓનો સંપૂર્ણ નાશ કર્યો. મારા માટે આનાથી વધુ પ્રિય ધ્યેય બીજું કયું હોઈ શકે? ॥ 17॥

ચાણક્ય : વિજયે! વિજયપાલ દુર્ગપાલને એ પણ કહો કે રાજા ચંદ્રગુપ્ત, જે અમાત્ય રાક્ષસને મળવાથી પ્રસન્ન થયા છે અને હાથી અને ઘોડા સહિત દરેકને કેદમાંથી મુક્ત કરવાનો આદેશ આપી રહ્યા છે. અમાત્ય રાક્ષસના નેતૃત્વ હેઠળ હાથીઓ અને ઘોડાઓનો હેતુ શું છે? તો હવેઃ

હાથી, ઘોડા વગેરે સહિત બધા વાહનોને બંધનમાંથી મુક્ત કરવા જોઈએ. નંદ વંશનો અંત લાવવાની મારી પ્રતિજ્ઞા પૂર્ણ કર્યા પછી, હું ફક્ત શિખા બાંધી રહ્યો છું. ॥18 ॥

પ્રતિહારી : જેમ તમારી આજ્ઞા આર્ય! (આટલું કહીને તે જતી રહે છે.)

ચાણક્ય : હે અમાત્ય રાક્ષસ! હવે મને કહો; અને શું મારે તમારું મનપસંદ કોઈ કાર્ય કરવું જોઈએ?

રાક્ષસ : આનાથી વધુ પ્રિય મને બીજું શું હોઈ શકે? જો તમે આનાથી સંતુષ્ટ ન હોવ તો આ મારી એક અભિલાષા છેઃ

પહેલાં, પ્રલયથી ઘેરાયેલી પૃથ્વીએ વિપુલવતી અનુરૂપ વારાહીનું રૂપ ધારણ કરી સ્વયંભૂ ભગવાન વિષ્ણુના દાંતનાં અગ્ર ભાગ પર આશ્રય લીધો હતો, હવે, મ્લેચ્છોથી પીડિત પૃથ્વીએ સમ્રાટ ચંદ્રગુપ્તના બાહુઓનો આશ્રય લીધો છે. સમ્રાટ ચંદ્રગુપ્તને તેમના સમૃદ્ધ સંબંધીઓ અને સેવકો દ્વારા લાંબા સમય સુધી રક્ષણ થાઓ. ॥ 19 ॥

(બધા રંગમંચથી ચાલ્યા જાય છે.)

સાતમો અંક સમાપ્ત

વિશાખદત્ત વિરચિત મુદ્રારાક્ષસ નાટક સમાપ્ત.

## 15.6 તમારી પ્રગતિ ચકાસો

1. *રાક્ષસ અને ચંદનદાસની મિત્રતાનું વર્ણન કરો.*

2. *ચાણક્યની કુટનીતિની સમીક્ષા કરો.*

3. *વર્તમાન સંદર્ભમાં મુદ્રારાક્ષસની પ્રાસંગીકતા વર્ણવો.*

4. *વિશાખદત્તની વિદ્વત્તાના પ્રસ્તુત અંકમાં આવેલ ઉદાહરણો જણાવો.*

5. *ચાણક્ય અને ચંદ્રગુપ્તના સંવાદો વર્ણવો.*

## 15.6 તમારી પ્રગતિ ચકાસો

1. *રાક્ષસ અને ચંદનદાસની મિત્રતાનું વર્ણન કરો.*

2. *ચાણક્યની કુટનીતિની સમીક્ષા કરો.*

3. *વર્તમાન સંદર્ભમાં મુદ્રારાક્ષસની પ્રાસંગીકતા વર્ણવો.*

4. *વિશાખદત્તની વિદ્વત્તાના પ્રસ્તુત અંકમાં આવેલ ઉદાહરણો જણાવો.*

5. *ચાણક્ય અને ચંદ્રગુપ્તના સંવાદો વર્ણવો.*

**લેખક : ડૉ. આનંદ પંડ્યા, આસિસ્ટન્ટ પ્રોફેસર**
**એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત**

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**